શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

**ગુરુપ્રાણ આગમ બત્રીસી**

**આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ**
**પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી**

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

अदत्तादाणं अकित्तिकरणं अणज्जं साहुगरहणिज्जं
पियजण मित्त जण भेद विप्पीति कारकं रागदोस बहुलं ॥
प्रश्नव्याकरणसूत्र.
आ. अ. ३

અદત્તાદાન અપયશનું કરનાર અનાર્ય કર્મ છે. તે બધા સાધુ પુરુષો દ્વારા
નિંદ્ય બન્યું છે. એ પ્રિયજન મિત્રજન માં ભેદ અને અપ્રતીતિ ઉત્પન્ન કરનાર છે
અને રાગ દ્વેષથી ખૂબ ભરેલું છે.

पसत्थं सोमं सुभं सिवं सया विसुद्धं
सव्व भव्व जणाणुचिन्नं निस्संकियं निब्भयं ॥
प्रश्न० सं. अ. ४

સૌમ્ય શુભ અને શિવ છે એ પરમ વિશુદ્ધિ =
બ્રહ્મચર્ય વ્રત સદા પ્રશસ્ત સર્વ ભવ્ય પુરુષોને આચીર્ણ છે (તેનું એ જીવન છે)
આત્માની મહાન્ નિર્મલતા છે તેનાથી કોઈને ભય રહેતો નથી.
એ પ્રાણોને વિશ્વાસપાત્ર બનાવે છે

આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

## શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી

સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ

ગણધર રચિત દસમું અંગ

# શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી સુનિતાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ – ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન – ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ – વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ –

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭
ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ –

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન – ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા –

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા – ૩૯૦૦૨૩
ફોન – ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ – ફોન : ૦૭૯–૨૫૬૨૩૮૨૮

સમર્પણ

**સૌરાષ્ટ્ર કેસરી**
**બા. બ્ર. પૂ. ગુરુદેવ**
**શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..**

# સમર્પણ

ગુરુ પ્રાણ જન્મ શતાબ્દી મહોત્સવે
આગમ લેખનના સાંભળ્યા સૂર,
અંતરે ઉછળ્યા આનંદના પૂર.
અષ્ટકર્મને અપ્રમત્તભાવે કરવા ચૂર,
ગુરુકૃપાએ ઝળકી રહે નિજનું નૂર.
પરમ પ્રાણાલયમાં પ્રવેશવા ઉત્સુક એવા
અંતરેશ્વરી ઓ ગુરુ પ્રાણ !
જન્મશતાબ્દી સ્મૃતિરૂપ કરકમલોમાં મારા
પ્રશ્નવ્યાકરણ સૂત્રના અનુવાદનું
સન્મતિભાવે અર્ઘ્ય ધરું છું.

- પૂ. મુક્ત - લીલમ - સન્મતિ શિશુ
સાધ્વી સુનિતા

## તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ*
*ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં*
*ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

## ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતે વર્ધંચ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં । ઇદં મહા કાર્યં પૂજ્ય –
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કાર્યે દોષો ન સ્યાત્ ઇતિ સહ –
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે –
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે –

આનંદ મંગલમ્ ૨૭-૪-૨૦૦૯
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર(૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર(ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર(શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર(ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ

શ્રી ગુરુપ્રાણ

જન્મ શતાબ્દી

જાગૃતતા
આર્જવતા
સજ્જનતા
પ્રસન્નતા
ભવ્યતા
તજ્જ્ઞતા
માર્દવતા
અપ્રમત્તતા
દક્ષતા

સહિષ્ણુતા
લઘુતા
પ્રતિરૂપતા
ઉત્સાહિતા
નમ્રતા
વિભુતા
કૃતજ્ઞતા
પ્રભુતા
પ્રૌઢતા

કરુણતા
સૌમ્યતા
સામ્યતા
શૂરવીરતા
ધીરતા
સ્થિરતા
દયાળુતા
સમયજ્ઞતા
પ્રમોદતા

ગિરાગુરુત્વતા
વ્યવહાર કુશળતા
ઈન્દ્રિય દમનતા
ગરિષ્ઠતા
વિશાળતા
પ્રેમાળતા
નિર્ભયતા
સ્વરમાધુર્ય

આત્મરમણતા
તલ્લીનતા
સત્યવક્તૃત્વતા
પ્રતિભાસંપન્નતા
પવિત્રતા
દાક્ષિણ્યતા
પ્રશમતા
અર્હતા

ક્રાંતિકારકતા
સમન્વયતા
જ્ઞાનોત્સુકતા
લોકપ્રિયતા
આસ્તિક્યતા
જ્ઞાનવૃદ્ધતા
જ્ઞાનદાતા
ક્ષમાશીલતા
શિક્ષાદાતા
વૈરાગ્યવાર્ધક્ય
કૃતાર્થતા
ઉદાસીનતા
તત્ત્વલોકતા
નૈતિકતા
સુવિનીતતા

ઓજસ્વિતા
તેજસ્વિતા
વર્ચસ્વિતા
પ્રવચન પટુતા
ગુણગ્રાહકતા
જ્ઞાનપ્રસારકતા
શ્રદ્ધાળુતા
ઉદારતા

સ્નેહયુક્તતા
ધર્મકલાધરતા
સંગઠનકારકતા
પથપ્રદર્શિતતા
સમ્યક્પરાક્રમતા
સૌષ્ઠવતા
વરિષ્ઠતા
ગંભીરતા

સેવાશીલતા
અકુતૂહલતા
એકાંતપ્રિયતા
અનેકાંતદર્શિતા
વિચક્ષણતા
આરાધકતા
લાવણ્યતા
પરમાર્થતા
કુશલતા

કર્મનિષ્ઠતા
નિર્લેપતા
દિવ્યતા
રોચકતા
વાત્સલ્યતા
ઉપશમતા
નિર્વેદતા
પ્રવિણતા
સમતા
ઉપશાંતતા
વીરતા
પરિપક્વતા
શ્રુતસંપન્નતા
શ્રેષ્ઠતા
ખમીરતા
અમીરતા
ચારિત્ર પરાયણતા

**શતાદિ સદ્‌ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્**

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## માતુશ્રી જ્યોત્સનાબેન મનહરલાલ પૂંજાણી
## સૌ. સ્મિતાબેન હેમેન્દ્રભાઈ પૂંજાણી

પ્રકૃતિની સરળતા, ભદ્રિકતા, નિરભિમાનપણુ, અનુકંપાભાવ, વગેરે સદ્‌ગુણો મનુષ્ય જીવનની મહામૂલી મૂડી છે, તે મૂડી જ મનુષ્યને માટે પરભવનું ભાથુ બની જાય છે.

બાલ્યવયથી જ **તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા.** પ્રતિ અનન્ય શ્રદ્ધાવંતા સૌ. સ્મિતાબેન અને શ્રી હેમેન્દ્રભાઈને આ મૂડી જાણે સહજ રીતે પ્રાપ્ત થઈ હોય તેમ લાગે છે. પુણ્યનો ઉદય, સર્વ પ્રકારની અનુકૂળતા છતાં સરળતા, સહજતા, ભદ્રિકતા, નિરભિમાનતા તે શ્રી હેમેન્દ્રભાઈનો જીવન વ્યવહાર જણાય છે. સદ્‌ગુણી વ્યક્તિને સત્સંગ શીઘ્ર પ્રાપ્ત થાય એટલું જ નહીં સત્સંગ ગમી જાય, પચી જાય અને પરિણમી જાય છે.

શ્રી પૂંજાણી પરિવાર **ગુરુદેવ પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.** ના સમાગમમાં આવ્યો અને ગુણી ગુણને ખેંચી લે છે એ ન્યાયે શ્રી હેમેન્દ્રભાઈના જીવનમાં ગુણવૃદ્ધિ થવા લાગી.

ધર્મશ્રદ્ધા, ગુરુભક્તિ, ગુર્વાજ્ઞા પાલનની તમન્ના, સમર્પણભાવપૂર્વકના પ્રત્યેક વ્યવહારથી તેઓ ગુરુકૃપાને પામી રહ્યા છે. સૌ. સ્મિતાબેન પણ સદાય ધર્મપત્ની બનીને હેમેન્દ્રભાઈની પ્રવૃત્તિને વેગવંતી બનાવી રહ્યા છે. સુપુત્ર જય આ ભૌતિક જગતની ઝાકમજાળની વચ્ચે પણ પપ્પાની જેમ પૂ. ગુરુદેવમાં અનોખી શ્રદ્ધા ધરાવે છે.

તેઓ પૂ. ગુરુદેવના ઉપકારોને સ્મૃતિપટ પર લાવી ૩૯ મા જન્મદિને આગમના શ્રુતાધાર તરીકે લાભ લઈને પૂ. ગુરુદેવને શ્રુતભક્તિની અમૂલ્ય ભેટ આપી રહ્યા છે તથા આ સત્કાર્યથી અનંત ઉપકારી જન્મદાત્રી માતા જ્યોત્સનાબેન, પિતા મનહરભાઈ તથા પુંજાણી કુળને ઉજ્જ્વળ કર્યુ છે. અમે તેઓશ્રીની ગુરુભક્તિ અને શ્રુતભક્તિની અનુમોદના કરીએ છીએ.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય
# સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| પૂ.શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 11 | **અધ્યયન - ૩ : અદત્તાદાન** | |
| પૂ.શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 13 | અધ્યયન પરિચય | ૬૯ |
| પૂ.શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 15 | અદત્તાદાનનું સ્વરૂપ | ૭૧ |
| પુનઃ પ્રકાશકના બે બોલ | 17 | અદત્તાદાનના ત્રીસ નામો | ૭૨ |
| પૂર્વ પ્રકાશકના બે બોલ | 19 | અદત્તાદાનનું આચરણ કરનારા જીવો | ૭૫ |
| અભિગમ | 21 | અદત્તાદાનનું ભયાનક ફળ | ૮૩ |
| સંપાદકીય | 24 | **અધ્યયન - ૪ : અબ્રહ્મચર્ય** | |
| સંપાદન અનુભવો | 27 | અધ્યયન પરિચય | ૧૦૦ |
| અનુવાદિકાની કલમે | 30 | અબ્રહ્મચર્યનું સ્વરૂપ | ૧૦૨ |
| ૩૨ અસ્વાધ્યાય | 44 | અબ્રહ્મના ત્રીસ નામો | ૧૦૩ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | અબ્રહ્મના સેવક જીવો | ૧૦૫ |
| **પ્રથમ શ્રુતસ્કંધ : આશ્રવ દ્વાર** | | અબ્રહ્મચર્યનું ભયાનક ફળ | ૧૨૫ |
| **અધ્યયન - ૧ : હિંસા** | | **અધ્યયન - ૫ : અપરિગ્રહ** | |
| અધ્યયન પરિચય | ૧ | અધ્યયન પરિચય | ૧૨૮ |
| સૂત્ર પ્રારંભ | ૩ | પરિગ્રહનું સ્વરૂપ | ૧૩૧ |
| હિંસા-પ્રાણવધનું સ્વરૂપ | ૬ | પરિગ્રહના ત્રીસ નામો | ૧૩૨ |
| હિંસાના ત્રીસ નામ | ૯ | પરિગ્રહી જીવો-દેવ, મનુષ્ય | ૧૩૬ |
| હિંસક જીવો | ૧૧ | પરિગ્રહનું ભયાનક ફળ | ૧૪૧ |
| હિંસાનું પ્રયોજન | ૧૫ | **બીજો શ્રુતસ્કંધ : સંવરદ્વાર** | |
| હિંસાનું ભયાનક ફળ | ૨૫ | **અધ્યયન - ૧ : અહિંસા મહાવ્રત** | ૧૪૪ |
| **અધ્યયન - ૨ : મૃષાવાદ** | | અધ્યયન પરિચય | ૧૪૪ |
| અધ્યયન પરિચય | ૪૩ | સંવરદ્વાર પ્રારંભ | ૧૪૭ |
| મૃષાવદનું સ્વરૂપ | ૪૫ | અહિંસાના ૬૦ નામ | ૧૪૯ |
| મૃષાવાદના ત્રીસ નામ | ૪૬ | અહિંસાનાં આરાધક મહાપુરુષો | ૧૫૪ |
| મૃષાવાદી જીવો | ૪૮ | અહિંસા મહાવ્રતની પાંચ ભાવના | ૧૬૨ |
| મૃષાવાદનું પ્રયોજન | ૫૮ | **અધ્યયન - ૨ : સત્ય મહાવ્રત** | |
| મૃષાવાદનું ભયાનક ફળ | ૬૫ | અધ્યયન પરિચય | ૧૬૯ |

| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| સત્યનો મહિમા | ૧૭૧ | જિન પ્રજ્ઞપ્ત તેત્રીસ બોલ | ૨૧૬ |
| સત્ય મહાવ્રતની પાંચ ભાવના | ૧૭૭ | અપરિગ્રહ મહાવ્રતના આરાધક | ૨૩૦ |
| **અધ્યયન - ૩ : અચૌર્ય મહાવ્રત** | | સાધુના ઉપકરણ | ૨૩૫ |
| અધ્યયન પરિચય | ૧૮૪ | નિર્ગ્રંથોની ૩૧ ઉપમાઓ | ૨૩૮ |
| અચૌર્યનું સ્વરૂપ | ૧૮૫ | અપરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવના | ૨૪૧ |
| અચૌર્ય મહાવ્રત આરાધનાની વિધિ | ૧૮૬ | **પરિશિષ્ટ -** | |
| અચૌર્ય મહાવ્રતની પાંચ ભાવના | ૧૯૧ | ૧. અકારાદિ ક્રમથી કેટલાક શબ્દોના અર્થ | ૨૫૩ |
| **અધ્યયન - ૪ : બ્રહ્મચર્ય** | | ૨. પ્રશ્નવ્યાકરણ વાર્તાઓ | ૨૬૭ |
| અધ્યયન પરિચય | ૧૯૮ | ૩. સૂત્રોક્ત ગાથાઓ | ૨૮૧ |
| બ્રહ્મચર્યનો મહિમા | ૨૦૦ | ૪. વિવેચિત વિષયોની અકારાદિ | ૨૮૩ |
| મહાવ્રતોનું મૂળ બ્રહ્મચર્ય | ૨૦૪ | અનુક્રમણિકા | |
| બ્રહ્મચર્ય મહાવ્રતની પાંચ ભાવના | ૨૦૬ | | |
| **અધ્યયન - ૫ : અપરિગ્રહ** | | | |
| અધ્યયન પરિચય | ૨૧૪ | | |




# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ  વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ(સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ાા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ',<br>રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


શ્રી ગુરુપ્રાણ પ્રકાશન

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્‌ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ

શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

ખરેખર પ્રશ્નવ્યાકરણ સૂત્ર અદ્‌ભુત શાસ્ત્ર છે. દશમા અંગ તરીકે શાસ્ત્રકારોએ તેને સ્થાન આપ્યું છે તે પણ યથોચિત છે. નવ અંગનું અધ્યયન થયા પછી જ પ્રશ્નવ્યાકરણ જેવું ગહન શાસ્ત્ર અધ્યયન કરતા તે સારી રીતે સમજી શકાય તેમ છે. ખરું પૂછો તો ભાવની દૃષ્ટિએ પ્રશ્નવ્યાકરણ જેટલું સરળ છે તેટલું જ શબ્દની દૃષ્ટિએ કે સાહિત્યની દૃષ્ટિએ કઠણ છે. વીસ–વીસ કે પચ્ચીસ પચ્ચીસ લાઈનના લચ્છાદાર, સાહિત્ય ભાવોથી પરિપૂર્ણ અને સમાસયુક્ત તેમના વાક્યો કાદંબરીની યાદ દેવડાવે છે.

આખું શાસ્ત્ર અસ્ખલિત પ્રવાહ રૂપે નિરૂપાયું છે અર્થાત્ પ્રશ્નવ્યાકરણનું નિરૂપણ શાંત પ્રવાહે વહેતી સરિતા જેવું છે. જેમ બિલોરી કાચ જેવું સ્વચ્છ નિર્મળ જળ હોય તો તેમાં બધા પ્રતિબિંબો દેખાય છે અને પાણીમાં પડેલા પદાર્થો પણ સ્વચ્છ જોઈ શકાય છે તેમ પ્રશ્નવ્યાકરણ રૂપી નિર્મળ જળમાં આ શાસ્ત્રના મુખ્ય ઉદ્દેશ, આશ્રવ અને સંવર, એ બંને ભાવોના સૂક્ષ્મ કણ–કણ નજરે જોઈ શકાય છે. પાઠકને દૃષ્ટિ હોવી જોઈએ. ખરેખર આખું જૈન વાઙ્મય જ અદ્‌ભુત છે અને તેમાંય શ્વેતાંબર જૈન શાસ્ત્રોની નિરૂપણ શૈલી જ અનોખી છે. માગધી ભાષામાં છટાદાર શબ્દોમાં જરા પણ ડગમગ્યા વગરના નિશ્ચિંત રૂપે, જેમ કોઈ કલાકાર આરસના પથ્થરમાં કોતરણી કરે અને પોતે મનમાં ધારેલું દિવ્ય રૂપ પ્રગટ કરે, તેમ જૈન શાસ્ત્રકારોએ જાણે કે સોના ઉપર એક પ્રકારની કોતરણી કરીને સ્પષ્ટ ભાવો ઉપજાવ્યા છે.

પ્રશ્નવ્યાકરણ સૂત્ર એક એવું શાસ્ત્ર છે કે તેમાં જે ભાવોને પ્રગટ કર્યા છે તે ભાવોને લગતા બધા પર્યાયવાચી શબ્દો વિશાળ સંખ્યામાં મૂકીને તે સંબંધી સમગ્ર ભાવોને આવરી લેવાનો અદ્‌ભુત પ્રયાસ કર્યો છે. આપણે ત્યાં કહેવત છે કે "પાંથીએ પાંથીએ તેલ નાંખ્યું છે." પરંતુ આ શાસ્ત્રો વાંચતા તો લાગે છે કે એક–એક વાળને સૂક્ષ્મ રીતે સજાવીને મૂક્યો છે. વ્યાવહારિક ભાવોને આધ્યાત્મિક ભાવો સાથે આવરી લેવાની અદ્‌ભુત કળા શાસ્ત્રોમાં સમાવિષ્ટ કરેલી છે.

ખરું પૂછો તો આપણા શાસ્ત્રોનું મૂલ્યાંકન કલા દષ્ટિએ પણ થવું જોઈએ. એ જ રીતે કાવ્ય રૂપે કે સાહિત્ય રૂપે આ અતિ ઉત્તમ સાહિત્ય છે તેવું આપણા સંતોએ કે અન્ય વિદ્વાનોએ જાણવું અતિ જરૂરી છે. આજે તો એ શંકા થાય છે કે આપણા વર્તમાન પ્રવચનકાર સાધુ–સાધ્વીઓ શાસ્ત્રોને ગહન રીતે વાંચે કે વિચારે છે કે સાધારણ કથાનકો વાંચીને પ્રવચન આપે છે. શાસ્ત્રના બધા ભાવ જો પ્રગટ થાય તો વર્તમાન યુગમાં આપણા શાસ્ત્રો ઘણા જ ઉપયોગી અને સમાજને એક નવી દિશા આપી શકે તેમ છે.

પ્રશ્નવ્યાકરણનો વ્યાવહારિક પક્ષ એક નવી રીતે વર્ણવાયો છે. જગતનો સામાન્ય જનસમૂહ વ્યવહાર દષ્ટિને મુખ્યત્વે સમજે છે, માને છે અને વળગી રહે છે અને વ્યવહાર પક્ષ શુદ્ધ થયા પછી જ અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ થાય છે. આજના સામાન્ય જીવો વ્યવહાર પક્ષને મૂકીને સીધી આત્માની વાતો કરવા લાગ્યા છે; ધ્યાન સમાધિની વાતો કરીને ઊડવા લાગ્યા છે. પરંતુ જે વૃક્ષનું મૂળ મજબૂત ન હોય કે જે પક્ષીની પાંખ મજબૂત ન હોય તે પડી જવાના લક્ષણવાળા છે. તે જ રીતે વ્યવહાર પક્ષની મજબૂતી વિના અથવા વ્યવહાર પક્ષને સમજ્યા વિના, સાધ્યા વિના વાતોમાં આવી જનારા સાધકો પતન તરફ જાય તેમાં નવાઈ નથી.

પ્રશ્નવ્યાકરણનો આખો આશ્રવદ્વાર કેવા–કેવા આશ્રવોથી જીવ ઘેરાય છે તેનું વિશદ વર્ણન કરે છે. આશ્રવદ્વારો બંધ ન થાય કે વધારે સ્થિતિવાળા તીવ્ર કષાયરૂપ આશ્રવોના દરવાજા બંધ ન થાય તો અંદરમાં મેલ આવતો જ રહેવાનો, પાણી ડહોળુ જ રહેવાનું, તેમાં શુદ્ધ જ્ઞાનની કલ્પના જ અસ્થાને છે. ફક્ત જ્ઞાનની વાતો કરનારા કે ધ્યાનની વાતો કરનારા આશ્રવને છોડી સંવરનું અવલંબન ન કરે ત્યાં સુધી તે શુદ્ધ જ્ઞાનનો આસ્વાદ લઈ શકતા નથી. પ્રશ્નવ્યાકરણ સૂત્ર વસ્તુતઃ સાધનાની પાયાની ભૂમિકા જેવું છે અને એક–એક આશ્રવદ્વારનું વિશદ વર્ણન કરી વ્યવહાર જગતમાં ચાલતા બધા અનર્થોને ભિન્ન ભિન્ન શબ્દોથી આવરી લીધા છે. હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ ઈત્યાદિ આશ્રવોને સમજવા માટે એક–એક અવ્રતના ત્રીસ–ત્રીસ નામ આપ્યા છે અર્થાત્ ૩૦ પર્યાય શબ્દોથીસમજાવ્યા છે અને સાહિત્ય અંગે ખૂબ જ વિસ્તારથી વર્ણન કર્યું છે. જેમાંથી આપણે એક અદત્તાદાનનો પેરેગ્રાફ જોશું.(જોકે આ આખો પેરેગ્રાફ શાસ્ત્રના અનુવાદમાં આવી જ જવાનો છે. જેથી ફરીથી લખવાનું પ્રયોજન રહેતું નથી પરંતુ અહીં થોડો ઉલ્લેખ કરી આપણે યાવત્ શબ્દથી પેરેગ્રાફનું સમાપન કરશું.

**जंबु ! तइयं च अदत्तादाणं हरदहमरणभयकलुसतासणपरसंतिगऽभेज्ज लोभमूलं कालविसमसंसियं...जाव चिरपरिचियमणुगतं दुरंतं तइयं अहम्मदारं ॥**

અહીં અદત્તાદાનરૂપ ત્રીજા આશ્રવદ્વારનું ખૂબ જ વિશદ વર્ણન છે. આ બધા વર્ણનો ખૂબ જ સમાસબદ્ધ ભાષામાં કાવ્યમય રીતે કરેલા છે. જેમાં તે વખતના સામાજિક અન્યાયો, જાનવરો ઉપર ગુજારવામાં આવતા ત્રાસ, ચોર તથા હત્યારાને દેવાતા ભયંકર દંડ, આ બધાનું પ્રશ્નવ્યાકરણમાં સ્પષ્ટ ચિત્ર ઉપસાવેલું છે. એ જ રીતે મનુષ્યના મનના માનસિક વિકલ પ્રવાહો, સમાજમાં રહેલી જડ બદીઓનું આશ્રવ દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે. આ બધા આશ્રવદ્વારોને નરકગતિનું કારણ માની વ્યક્તિ અને સમાજને સાવચેત કર્યા છે. પ્રશ્નવ્યાકરણ સૂત્ર જેમ આશ્રવદ્વારોનું વર્ણન કરે છે તેમ સંવરદ્વારોનું પણ વર્ણન કરે છે અને સંવરના નામે વ્યક્તિ તથા સમાજનું ઉત્થાન થાય, ઊંચકોટિની રાજનીતિનો જન્મ થાય તેવી વિશદ વ્યાખ્યા આપવામાં આવી છે. શાસ્ત્રમાં જે રીતે આશ્રવ–સંવર દ્વારોનું વર્ણન છે તે ફક્ત વ્યક્તિલક્ષી નથી પરંતુ સમગ્ર સમાજને સ્પર્શ કરે તેવું છે અને શાસ્ત્રકારની સામાજિક દષ્ટિ પદે પદે પ્રગટ થાય છે. જે લોકો એવો આક્ષેપ કરે છે કે ભારતીય શાસ્ત્રોમાં અને જૈન શાસ્ત્રોમાં ફક્ત વ્યક્તિગત સાધનાનો જ ઉલ્લેખ છે અને આ શાસ્ત્રો સામાજિક વ્યાપક દષ્ટિ ધરાવતા નથી, તે લોકોના આરોપનો પ્રશ્નવ્યાકરણ પૂરેપૂરો પ્રત્યુત્તર આપે છે જે આ શાસ્ત્રને ઊંડાણથી વાંચતા સ્પષ્ટ સમજી શકાય છે.

પ્રશ્નવ્યાકરણ ઉપર આટલું કહ્યા પછી આમુખ પૂરો કરતાં પહેલા શ્રી ત્રિલોકમુનિજી મ. સા. તેમજ વિદ્વાન સાધ્વી રત્નોને હું અહીં શત–શત અભિનંદન આપતા હર્ષનો અનુભવ કરું છું. તેઓએ શાસ્ત્રોને સુંદર રીતે સ્પર્શ કરી સામાન્ય ભાષામાં અનુવાદ કરી અતિ સુંદર પ્રકાશન સાથે સમાજની સામે પ્રગટ કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો છે. સંકલન માટે શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ પણ અભિનંદનને પાત્ર છે. વધારામાં મારે એટલું જ કહેવાનું છે કે વિદ્વાન લેખકોને મારી એ પ્રાર્થના છે કે શાસ્ત્રોની કાવ્ય ભાષાને કાવ્ય દષ્ટિએ મૂલ્યાંકન કરી જ્યાં ઉચિત લાગે ત્યાં એક–એક પેરેગ્રાફ મૂકતા જાય અને **"રસાત્મકમ્ વાક્યં કાવ્યમ્"** એવા રસમય પદોને સાહિત્યની દષ્ટિએ સાથે સાથે ઉજાગર કરતા જાય, ધાર્મિક જનતા સિવાય સાહિત્યકારોને અને ઈતિહાસકારોને સ્પર્શી જાય અને ભાષા શાસ્ત્રીઓને પણ તત્ત્વ પ્રાપ્ત થાય, તેવું જ્ઞાન પીરસતા રહે.

**જયંતમુનિ**
**પેટરબાર**

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

પ્રિય પાઠક,

આ દુનિયા અનેક જાતની અજાયબીઓનો ભંડાર છે. તેમાં અનંત પ્રપંચના મંચ રચાય છે, વિખેરાય છે. મંચ ઉપર બહુરૂપીના ખેલ ખેલાય છે તે નાટક દુઃખાંત અને સુખાંત હોય છે. આ નાટકનો નેતા જે છે તે જ જીવ છે. આવી અનંત જીવરાશિ છે. તેના ભિન્ન ભિન્ન ભેદ પડે છે. કોઈ ઔષધી રૂપમાં ઉત્પન્ન થાય છે તો કોઈ બીમારીના રૂપમાં ઉત્પન્ન થાય છે. કોઈ હારે છે તો કોઈ જીતે છે. ન જાણે આ જીવે હાર–જીતના કેટ કેટલા દાવ ખેલ્યા હશે ? એક બીજાને સહાયક બન્યા હશે કે બાધક બન્યા હશે ? તે અંગે પ્રશ્નોની અનેક હારમાળા ઉત્પન્ન થાય છે, તેનું સમાધાન તો જ્ઞાની જ કરી શકે છે. જ્ઞાની તેને કહેવાય કે જેમણે દુનિયા ડહોળી હોય, તેમની અજાયબીમાં જ અજાણપણે કૂદી પડી ડૂબકી લગાવી હોય, તે ડૂબકીમાં જ જાણપણું લાધ્યું હોય. તે જાણપણામાં યથાર્થ માર્ગ મેળવીને વૈયાકરણ કર્યું હોય, તેઓને જ આખરમાં અપૂર્વમાર્ગ પ્રાપ્ત થાય. એટલે કે ઓઘાદિ સંજ્ઞામાંથી બહાર નીકળી સંજ્ઞાન = સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી અર્હતા કેળવવાના માર્ગ ઉપર આવીને સ્થિત થાય. હું કોણ છું ? તેવા પ્રશ્ન અંગૂષ્ઠથી લઈને છેક પોતાના શરીર સાથે કરતાં કરતાં પ્રશ્ન કરનારનું આલિંગન કરે છે. તે સ્થિરાદષ્ટિમાં પ્રવેશ કરી સ્થિર બની જાય છે અર્થાત્ સમ્યગ્દષ્ટિ બને છે. આવી અર્હતા કેળવતાં અદ્ભુત આનંદ પ્રાપ્ત કરતાં શ્રેણિ માંડી સ્વયંને પૂર્ણ શુદ્ધ, બુદ્ધ રૂપમાં અનંત આનંદને પ્રાપ્ત કરે છે. તેને અરિહંત કહેવાય છે. તે સંપૂર્ણ લોકાલોકનું સ્વરૂપ જ્ઞાતાપણે જાણે છે, અનુભવે છે. આ બધો પ્રપંચ છ દ્રવ્યની પર્યાયોમાંથી રચાયો છે. તેમ લોકોને કથન કરી, કરુણા વરસાવી તરી જવાના ઉપાયો બતાવે છે. તે ઉપાયો ગ્રહણ કરવા માટે ભવરોગથી પીડાતો આત્મા આવે છે. સંસારનો આપઘાત કરવા ત્રણ નિષદ્યા દ્વારા પ્રશ્ન કરે છે. **भंते ! तत्तं किं ?** તત્ત્વ શું છે ? તે વીતરાગ વૈદ્ય ત્રણ ઉપચાર બતાવે છે.

**उपन्नेइ वा, विगमेइ वा, धूवेइ वा** । શ્રોતા આ ત્રણ ઉપાય સાંભળી તેનો ઉપચાર કરે છે. વીતરાગ વૈદ્ય ભવરોગનો સંપૂર્ણ નાશ કરવા બાર ઔષધનું નિર્માણ કરે છે. તેને દ્વાદશાંગી કહેવાય છે. તેના નિર્માતાને ગણધર કહેવાય છે. આ રીતે આગમ આવે છે. આપ્ત વીતરાગ અનંતજ્ઞાની તીર્થંકર પરમાત્મા પાસેથી તેને ઝીલનાર ગણધર પાસેથી પરંપરાએ અંતરમાં વાસ કરી જેઓ તરી ગયા તેઓ પાસેથી આવતાં આવતાં આપણી પાસે બહુ થોડું જાજું આવ્યું અને આજે આપણે ભવરોગ મટાડવા આવા અમૂલ્ય આગમોને ગુરુ પ્રાણ જન્મ શતાબ્દીના નિમિત્તે ગુજરાતી રૂપમાં ઢાળીને પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ છે દસમું અંગ **પ્રશ્નવ્યાકરણ સૂત્ર**. જેમાં જ્ઞાનીએ અનેક પ્રશ્ન કર્યા છે, તેના ઉત્તરો છે. ઘણા વગર પ્રશ્ને ઉત્તર મળ્યા છે, તો કેટલાક પ્રશ્ન અપ્રશ્નના ઉત્તરો છે. વ્યાકરણ = જવાબ આપવો. વાગોળીને ઉત્તર આપે તેને વ્યાકરણ કહેવાય છે. પહેલા તો તેમાં ઘણી બધી વિદ્યાઓ, અનેક વસ્તુઓ, દ્રવ્ય, ગુણ, પર્યાયના ભાવો ભર્યા હતા. હવે તો માત્ર કર્મબંધનના આશ્રવના સ્થાનો અને સંવરના સ્થાનો બતાવી કેટલાક કથાનકો કહેલા છે.

આ આગમ અમારી પ્રશિષ્યા સુનિતાજીએ અનુવાદ કરીને પ્રસ્તુત કર્યું છે. મેં તેનું અવગાહન કર્યું છે. કાયાથી, વચનથી અને મનથી જીવ પ્રચુર પાપકર્મ ઉપાર્જન કરે છે. તે દ્વારો બતાવ્યા છે. પાપના કાર્યો કેવા હોય અને તેને કેમ રોકી શકાય તે માર્ગ જેમાં પૂર્ણ રીતે બતાવ્યો છે. ખૂબ ઊંડાણથી અભ્યાસ કરનારને એક વખત ચિત્કાર થયા વિના ન રહે, તે જરૂર પાછો વળે. પાછો ફરેલો આત્મા કેટલા સુખનો અનુભવ કરે છે, તે કેમ કરાય, તેના ભરચક ઉપાયો બતાવ્યા છે. તેને જ્ઞાની પુરુષો સંવર કહે છે. આ બધા સંવરદ્વાર અપનાવનાર ચોક્કસ તરી જાય છે. તેવી વાતોનું આલેખન છે જેમાં, તેનું નામ છે પ્રશ્નવ્યાકરણ.

તેની સજાવટ કરનાર છે ગીતાર્થ મુનિરાજ શ્રી ત્રિલોકમુનિજી. તેઓનું બહુમાન પૂર્વક શુશ્રૂષા કરી અભિવાદન સહિત વંદન કરું છું તેમજ મારા નાના બંને મહાસતીજી સાધ્વી આરતી અને સાધ્વી સુબોધિકાએ મારા સંપાદન કાર્યમાં પૂર્ણ સહયોગ આપ્યો છે, પોતાના ક્ષયોપશમનો સ્વાધ્યાયમાં સદુપયોગ કર્યો છે તેનો મને આનંદ છે તથા આગમ અવગાહનમાં જે સાધ્વીઓ સહાયક બની છે તેઓ સ્તુત્ય પુરુષાર્થ સદા કરતા રહે તેવી શુભેચ્છા પાઠવું છું અને આર્યા સુનિતાજી ! તમારી સાધક દશા ઊંડાણ સુધી

પહોંચે અને વેશમાત્ર ન રહી જાય, આત્મદેશમાં પ્રવેશ કરી સ્વદેશમાં પાછા ફરી જીવનનું વ્યાકરણ પ્રગટાવી, મોક્ષ મંઝીલ તરફ આગેકૂચ કરે તેવા આશીર્વાદ.

પ્રોફેસર શ્રમણોપાસક શ્રી મુકુંદભાઈ, ભાવથી સેવા આપનાર શ્રી ધીરુભાઈ, પ્રિન્ટ કરી પ્રકાશિત કરનાર નેહલભાઈ, શ્રુતજ્ઞાનાધાર બનનારા દાતાઓ, પ્રકાશિત કરનાર પ્રકાશન સમિતિના સભ્યો, આ કાર્યમાં પૂર્ણ સમર્પિત ભાવે ઉત્સાહ સાથે જોડાયેલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશનના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ શેઠ વગેરે; આ દરેક સહયોગીઓના પુરુષાર્થનું બહુમાન કરી તેઓ પ્રશ્નના ઉત્તર મેળવી સિદ્ધદશા વરવા યોગ્ય બને તેવી ભાવના.

આગમ અવગાહનમાં ઓછું અધિક થયું હોય તો મિચ્છામિ દુક્કડં.

બોધિબીજ દીક્ષા–શિક્ષા દોરે બાંધી, "મુક્ત–લીલમ"તણા તારક થયા,
એવા ગુરુણી "ઉજમ–ફૂલ–અંબામાતા" ને વંદન કરું ભાવ ભર્યા;
વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માંગું પુનઃ ક્ષમાપના,
મંગલ મૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું વિજ્ઞાપના.

**–આર્યા મુક્ત–લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

પ્રત્યેક સંસારી જીવને જન્મ – જીવન અને મૃત્યુનું ચક્ર અનાદિ કાલથી ચાલી રહ્યું છે. પ્રશ્ન થાય કે આ ચક્રને ગતિમાન કોણ કરે છે? અને ક્યા પરિબળો આ ચક્રની ગતિને અટકાવે છે? આ પ્રશ્નોના ઉત્તર દશમા અંગ સૂત્ર શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રમાંથી મળી જાય છે. જન્મ-મૃત્યુના ચક્રને ગતિમાન કરનાર આશ્રવતત્ત્વ છે અને સંવરતત્ત્વ તેની ગતિને રોકે છે.

આશ્રવ એટલે કર્મોનું પ્રવેશ દ્વાર, કર્મોને આવવાનો માર્ગ. હિંસા, અસત્ય, ચોરી આદિ પાપની પ્રવૃત્તિ દ્વારા આત્મામાં સ્પંદન થાય અને સ્પંદિત થયેલા આત્મપ્રદેશો કાર્મણવર્ગણા પર હુમલો કરીને તેને ગ્રહણ કરે છે. ગ્રહણ થયેલી કાર્મણ વર્ગણા અને આત્મપ્રદેશો દૂધ અને પાણીની જેમ એકમેક થઈ જાય છે, તેને કર્મબંધ કહે છે. જે પરિણામોથી કર્મબંધ થયો હોય, તેના સંસ્કારો આત્મપ્રદેશો પર અંકિત થઈ જાય છે. કર્મ પરિપક્વ થઈ બંધ સમયના સંસ્કાર અનુસાર પોતાનું ફળ આપે છે. કર્મ અનુસાર પુનર્જન્મ થાય છે. આ રીતે ચક્ર ગતિમાન થાય છે. જ્યારે આ ચક્રની ગતિને રોકવી હોય, ત્યારે સહુ પ્રથમ કર્મના પ્રવેશદ્વારને બંધ કરવા પડે છે, જેને શાસ્ત્રીય ભાષામાં સંવર કહે છે.

આ શાસ્ત્રમાં આશ્રવ અને સંવરના પાંચ-પાંચ ભેદનું વિસ્તૃત વર્ણન છે. તેમાં હિંસા આદિ પાંચ આશ્રવ, તેના કારણો, તેના દારૂણ પરિણામોનું હૃદયદ્રાવક ચિત્ર છે. જે સાધકોને આશ્રવનિરોધની પ્રેરણા આપે છે.

આશ્રવ અને સંવરનો વિષય જીવનની પ્રત્યેક ઘટનાથી સંબંધિત છે, તેથી શાસ્ત્ર સંપાદન સમયે આ વિષયને સરળતાથી વિસ્તારપૂર્વક સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રથમ આશ્રવદ્વાર-હિંસાના વર્ણનમાં શાસ્ત્રકારે હિંસાનું પ્રયોજન સ્પષ્ટ કર્યું છે. તેના વિવેચનમાં માંસાહારીનું મંતવ્ય, તેઓની મિથ્યા ધારણાનો ઉલ્લેખ કરી શાકાહારની શ્રેષ્ઠતાનું

પ્રતિપાદન કર્યું છે. તે વર્તમાન સમાજને માટે નોંધનીય છે.

મૃષાવાદના વર્ણનમાં શાસ્ત્રકારે ભિન્ન ભિન્ન દાર્શનિકોની મિથ્યા પ્રરૂપણાને મૃષાવાદ રૂપે કહી છે.

અદત્તાદાનના વર્ણનમાં ટીકાના આધારે અદત્ત – ચોરીના ચાર પ્રકારનું કથન કર્યું છે.

અબ્રહ્મચર્ય આશ્રવમાં સૂત્રકારે વિષયવાસનાની પૂર્તિ માટે થયેલા મહાયુધ્ધોનો સંકેત કર્યો છે. પ્રસ્તુત સંસ્કરણના પરિશિષ્ટમાં જેના નિમિત્તે યુદ્ધો થયા છે તેવી તેર કન્યાઓના ચરિત્રો સંક્ષેપમાં આપ્યા છે.

તે જ રીતે પાંચ સંવરદ્વારમાં પણ સમુચિત સ્પષ્ટતા કરી છે.

આ શાસ્ત્રની કેટલીક પ્રતોમાં ચોથા બ્રહ્મચર્ય સંવરદ્વાર અને પાંચમા અપરિગ્રહ સંવરદ્વારની પાંચ ભાવનાના પ્રકરણોમાં તથા શ્રમણો માટે ખાદ્યસામગ્રીનો સંચય ન કરવાના પ્રસંગમાં દારૂ-માંસસૂચક શબ્દોનો પ્રયોગ જોવા મળે છે પરંતુ વિચાર કરતાં અહિંસા પ્રધાન જૈન શ્રમણોને માટે આ શબ્દોનો પ્રયોગ યથાસંગત જણાતો નથી.

પૂ. શ્રી ઘાસીલાલજી મ.સા.ના પ્રશ્નવ્યાકરણસૂત્રના મૂળપાઠમાં આવા અકલ્પનીય શબ્દોનો ઉલ્લેખ નથી તેમ જ અન્ય અનેક પ્રતોમાં પણ આવો પાઠ નથી. પ્રસ્તુત સંસ્કરણમાં પણ દારૂ-માંસ પરક શબ્દોનું ગ્રહણ કર્યું નથી.

શાસ્ત્રોના કઠિન શબ્દો અકારાદિના ક્રમાનુસાર આપી તેના શબ્દાર્થનું પરિશિષ્ટ બનાવ્યું છે. જે મૂળપાઠને સમજવામાં ઉપયોગી થાય છે.

આ રીતે શાસ્ત્રના ભાવોને યથાર્થ રીતે સમજીને પાઠકો સમક્ષ પ્રગટ કરવાનો પુરુષાર્થ કર્યો છે.

અનંત ઉપકારી તપસમ્રાટ ગુરુદેવની અસીમ કૃપાએ, આગમમનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા.ના માર્ગદર્શને, પ્રધાન સંપાદિકા ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ.ના. પાવન સાંનિધ્યે તથા સંપાદકનકાર્યના સાદ્યંત સાક્ષી, મૂકસેવાભાવી ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.ના. સંપૂર્ણ સહયોગે શાસનસેવાના આ મહત્તમ કાર્યમાં અમે સફળતા પ્રાપ્ત કરી શક્યા છીએ, તેવી પળે પળે પ્રતીતિ થતાં તેઓશ્રીના પાવન ચરણોમાં તન-મન અને સમગ્ર જીવન ઝૂકી જાય છે. ગુરુકૂલવાસી પૂ. બિંદુબાઈ

સ્વામી આદિ સર્વ સતિજીઓની સદ્ભાવનાનો સ્વીકાર કરી સર્વ વિરામ પામીએ છીએ.

પ્રાંતે જિનાજ્ઞાથી ઓછી, અધિક કે વિપરીત પ્રરૂપણા થઈ હોય તો પંચ પરમેષ્ઠીની ભગવંતોની સાક્ષીએ ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્...

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઇ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઇ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ - વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી સુનિતાબાઈ મ.

## ઉપલબ્ધ આગમ પરંપરાનો ઈતિહાસ :–

આગમ– **आ समन्तात् गम्यते इति आगमः** । જેના દ્વારા(સત્ય) જણાય તે આગમ.

વિશ્વના પ્રત્યેક સાધકો સત્યની શોધ માટે એકાંત સંયમ અને તપની આરાધના કરે છે. તેના વડે પોતાના આત્માની અનાદિકાલીન વૈષયિક મલિનતાઓ ઉત્પન્ન કરનાર રાગદ્વેષને દૂર કરે છે ત્યારે સ્વયંની જ શુદ્ધ દશાનો અનુભવ કરે છે. સંપૂર્ણ શુદ્ધ આત્મદશા જ ત્રૈકાલિક સત્ય છે. શાશ્વત સત્યને પ્રાપ્ત થયેલી વ્યક્તિ જ અરિહંત પરમાત્મા છે. તે સાક્ષાત્ આગમ સ્વરૂપ છે. તે ઉપરાંત સત્યને પ્રાપ્ત કરવાનો તેઓનો ઉપદેશ પણ આગમ કહેવાય છે. પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત થયા પછી જ અરિહંત પરમાત્મા સર્વ ભાવોને જાણે છે. પરંતુ જેટલું જાણે તેટલું કહી શકતા નથી, કારણ કે ભાષા સીમિત છે અને આયુષ્ય અલ્પ છે. તેમજ તેઓ જેટલું કહે તેટલું શ્રોતાઓ ગ્રહણ કરી શકતા નથી. પરંતુ વિશિષ્ટ અતિશય સંપન્ન ગણધરો તીર્થંકરની વાણીને સૂત્રબદ્ધ કરે છે. તેને પણ આગમ, સિદ્ધાંત અથવા શાસ્ત્ર કહે છે.

આ રીતે આગમ એટલે જિનેશ્વરનું પ્રવચન અથવા આગમ એટલે મોક્ષ માર્ગનું નિરૂપણ. આગમ એટલે અરિહંત પ્રભુની સાધનાનો અર્ક. આગમ એટલે આત્મવિદ્યા કે મોક્ષ વિદ્યાનો મૂળ સ્રોત.

વર્તમાને આપણી સમક્ષ જે ઉપલબ્ધ છે તે અંતિમ તીર્થંકર પ્રભુ મહાવીરના પ્રરૂપિત આગમ ગ્રંથો છે. તીર્થંકરોને પૂર્ણતા પ્રગટ થયા પછી તેમની સહુ પ્રથમ દેશનામાં દીક્ષિત થનાર શિષ્યોમાંથી કેટલાક વિશિષ્ટ બુદ્ધિના ધારક સુયોગ્ય જીવોને દ્વાદશાંગીના બાર અંગ સૂત્રોનું જ્ઞાન થઈ જાય છે. તેને ગણધર પદે સ્થાપિત કરાય છે. તે ગણધરો

બાર અંગસૂત્રોની રચના કરે છે. (શ્રી આચારાંગ સૂત્ર યાવત્ દષ્ટિવાદ સૂત્ર) બાર અંગસૂત્ર મૂળભૂત છે. તેના આધારે પશ્ચાદ્‌વર્તી અનેક આચાર્યો ધર્મગ્રંથોની રચના કરે છે. તેમાં બાર ઉપાંગ સૂત્ર, ચાર મૂળ સૂત્ર, ચાર છેદ સૂત્ર અને આવશ્યક સૂત્ર છે. આ રીતે શ્વેતાંબર સ્થાનકવાસી સંપ્રદાય બત્રીસ આગમ ગ્રંથોને સ્વીકારે છે. શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાય પિસ્તાલીસ આગમ ગ્રંથોને માને છે અને દિગમ્બરો પણ દ્વાદશાંગીને તો સ્વીકારે જ છે. આ રીતે આગમ સંખ્યા વિષયક ભિન્ન ભિન્ન માન્યતાઓ પ્રચલિત છે.

**આગમ સંરક્ષણ :–** પ્રભુ મહાવીરથી પ્રારંભાયેલી આ પાવન શ્રુત પરંપરા લગભગ ૯૮૦ વર્ષ પર્યંત સ્મૃતિ–શ્રુતિ પરંપરાએ જ ચાલતી હતી; ત્યાર પછી કાળના પ્રભાવે, સ્મૃતિ દૌર્બલ્યતાના કારણે ધીમે ધીમે ક્ષીણ થવા લાગી. મહાસાગરનું પાણી સૂકાતાં સૂકાતાં ગાયના પગ ડૂબે તેટલું રહ્યું અર્થાત્ સાગર ખાબોચિયું બની ગયું. તે સાધકોને માટે ચિંતાનો વિષય બની ગયો.

ત્યાર પછી મહાન શ્રુતપારગામી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે વિદ્વાન શ્રમણોનું એક સંમેલન બોલાવ્યું અને સ્મૃતિ–દોષથી નાશ થતાં આગમજ્ઞાનને સુરક્ષિત તેમજ સાચવીને રાખવાનું આહ્‌વાન કર્યું. તે સંમેલનમાં સર્વ સંમતિથી આગમોને લિપિબદ્ધ કરવામાં આવ્યા. જિનવાણીને પુસ્તકારૂઢ કરવાના આ ઐતિહાસિક કાર્યથી વસ્તુતઃ આજની સમગ્ર જ્ઞાનપિપાસુ પ્રજા માટે એક અવર્ણનીય ઉપકાર સિદ્ધ થયો. સંસ્કૃતિ, દર્શન, ધર્મ તથા આત્મવિજ્ઞાનની પ્રાચીનતમ જ્ઞાનધારાને પ્રવાહમાન રાખવાનો આ ઉપક્રમ વીર–નિર્વાણના ૯૮૦ યા ૯૯૩ વર્ષ પછી પ્રાચીન નગરી વલ્લભી(સૌરાષ્ટ્ર)માં આચાર્ય શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના નેતૃત્વમાં સંપન્ન થયો. આગમોને લિપિબદ્ધ કરવાનો તે પ્રથમ પ્રયાસ હતો. આજે પ્રાપ્ત જૈન સૂત્રોનું અંતિમ સ્વરૂપ આ વાચનામાં સંપન્ન કરવામાં આવ્યું હતું.

પુસ્તકારૂઢ થયા પછી આગમોનું સ્વરૂપ મૂળરૂપમાં તો સુરક્ષિત થઈ ગયું. પરંતુ કાળદોષ, શ્રમણસંઘોના આંતરિક મતભેદ, સ્મૃતિ દુર્બળતા, પ્રમાદ તેમજ ભારતભૂમિ પર બહારના આક્રમણોને કારણે વિપુલ જ્ઞાનભંડારોનો નાશ આદિ અનેકાનેક કારણોથી આગમજ્ઞાનની વિપુલ સંપત્તિ નાશ પામી.

વિક્રમની ૧૬મી સદીમાં ક્રાન્તિવીર શ્રી લોકાશાહે આ દિશામાં ક્રાન્તિકારી પ્રયત્ન કર્યો. આગમોના શુદ્ધ મૂળપાઠ અને તેના યથાર્થ અર્થજ્ઞાનને તૈયાર કરવાનો

એક સાહસિક ઉપક્રમ કર્યો. પરંતુ થોડા સમયમાં તેના વિરાટ કાર્યમાં પણ વિઘ્ન આવ્યું. સાંપ્રદાયિક વિદ્વેષ, સૈદ્ધાન્તિક મતભેદ વગેરે પરિબળોએ તેમાં ભાગ ભજવ્યો.

૧૯મી શતાબ્દીનાં પ્રથમ ચરણમાં જ્યારે આગમ–મુદ્રણની પરંપરા ચાલુ થઈ ત્યાર પછી પાઠકોને થોડી સુવિધા પ્રાપ્ત થઈ. ધીરે–ધીરે વિદ્વત્ પ્રયાસોથી આગમોની પ્રાચીન ચૂર્ણિઓ, નિર્યુક્તિઓ, ટીકાઓ આદિ પ્રકાશમાં આવી. તેના આધારે આગમોનો સ્પષ્ટ સુગમ ભાવબોધ સરળભાષામાં પ્રકાશિત થયો. તેમાં આગમ સ્વાધ્યાયી તથા જ્ઞાન–પિપાસુઓને સુવિધા પ્રાપ્ત થઈ. તેના ફળસ્વરૂપે આગમોની પઠન–પાઠનની પ્રવૃત્તિ વધી.

## અંગ આગમોમાં પ્રશ્નવ્યાકરણ સૂત્ર :-

પ્રશ્નવ્યાકરણ સૂત્ર બાર અંગસૂત્રમાં દશમું અંગ છે. સમવાયાંગ, નંદી અને અનુયોગદ્વાર સૂત્રમાં પ્રશ્નવ્યાકરણ માટે **पण्हावागरणाइं** આ પ્રકારે બહુવચનનો પ્રયોગ કર્યો છે. જેનું સંસ્કૃત રૂપ **प्रश्नव्याकरणानि** હોય છે. પરંતુ વર્તમાનમાં ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણ સૂત્રના ઉપસંહારમાં **पण्हावागरण** આ પ્રકારે એક વચનનો જ પ્રયોગ કર્યો છે.

સ્થાનાંગ સૂત્રના દશમા સ્થાનમાં પ્રશ્નવ્યાકરણનું નામ **पण्हावागरणदसा** બતાવ્યું છે. જેનું સંસ્કૃત રૂપ ટીકાકાર અભયદેવ સૂરીએ **प्रश्नव्याकरणदशा** કર્યું છે. પરંતુ આ નામ અધિક પ્રચલિત થયું નથી.

પ્રશ્નવ્યાકરણ આ સમાસયુક્ત શબ્દ છે. તેનો અર્થ થાય છે– પ્રશ્નોનું વ્યાકરણ અર્થાત્ નિર્વચન, ઉત્તર તેમજ નિર્ણય. તેમાં કયા પ્રશ્નોનું વ્યાકરણ આપવામાં આવ્યું હતું; તેનો પરિચય સ્થાનાંગ, સમવાયાંગ,નંદીસૂત્રમાં અને અચેલક પરંપરાના ધવલા આદિ ગ્રંથમાં મળે છે.

સ્થાનાંગ સૂત્રમાં પ્રશ્નવ્યાકરણના દસ અધ્યયનનો ઉલ્લેખ આ પ્રમાણે છે. ઉપમા, સંખ્યા, ઋષિભાષિત, આચાર્યભાષિત, મહાવીરભાષિત, ક્ષૌમકપ્રશ્ન, કોમલપ્રશ્ન, અદ્દાગપ્રશ્ન, અંગુષ્ઠપ્રશ્ન અને બાહુપ્રશ્ન.

સમવાયાંગમાં કહ્યું છે કે પ્રશ્નવ્યાકરણમાં ૧૦૮ પ્રશ્ન, ૧૦૮ અપ્રશ્ન, અને ૧૦૮

પ્રશ્નાપ્રશ્ન છે. જે મંત્રવિદ્યા તેમજ અંગુષ્ઠપ્રશ્ન, બાહુપ્રશ્ન, દર્પણપ્રશ્ન, આદિ વિદ્યાઓથી સંબંધિત છે અને તેના ૪૫ અધ્યયન છે. નંદીસૂત્રમાં પણ કહ્યું છે કે પ્રશ્નવ્યાકરણમાં ૧૦૮ પ્રશ્ન, ૧૦૮ અપ્રશ્ન અને ૧૦૮ પ્રશ્નાપ્રશ્ન છે તથા અંગુષ્ઠપ્રશ્ન, બાહુપ્રશ્ન, દર્પણપ્રશ્ન આદિ વિચિત્ર વિદ્યાતિશયોનું વર્ણન છે. તેમાં ૪૫ અધ્યયન છે.

અચેલક પરંપરાના ધવલા આદિ ગ્રંથોમાં પ્રશ્નવ્યાકરણનો વિષય બતાવતાં કહે છે કે પ્રશ્નવ્યાકરણમાં આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની અને નિર્વેદની; આ ચાર પ્રકારની કથાઓનું વર્ણન છે.

આક્ષેપણી કથામાં છ દ્રવ્યો અને નવ તત્વોનું વર્ણન છે. વિક્ષેપણી કથામાં પરમતનું પ્રતિપાદન કરી ત્યારપછી સ્વમત અર્થાત્ જિનમતની સ્થાપના કરવામાં આવી છે. સંવેદની કથા પુણ્યફળની કથા છે. જેમાં તીર્થંકર, ગણધર, ઋષિ, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, દેવ તેમજ વિદ્યાધરોની ઋદ્ધિનું વર્ણન હોય છે. નિર્વેદની કથામાં પાપફળનું નિરૂપણ હોય છે. માટે તેમાં નરક, તિર્યંચ, કુમાનુષયોનિઓનું વર્ણન છે અને અંગપ્રશ્નો અનુસાર મુષ્ટિ, ચિંતન, લાભ, અલાભ, સુખ, દુઃખ, જીવિત, મરણ, જય, પરાજય, નામ, દ્રવ્ય, આયુ અને સંખ્યાનું પણ નિરૂપણ છે.

ઉપરોકત બન્ને પરંપરાઓમાં બતાવેલા પ્રશ્નવ્યાકરણના વિષય સંકેતથી જાણી શકાય છે કે પ્રશ્ન શબ્દ મંત્રવિદ્યા અને નિમિત્તશાસ્ત્ર આદિના વિષયથી સંબંધ રાખે છે અને ચમત્કારી પ્રશ્નોનું વ્યાકરણ જે સૂત્રમાં વર્ણિત છે તે પ્રશ્નવ્યાકરણ છે. પરંતુ વર્તમાનમાં ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણમાં એવી કોઈ ચર્ચા નથી. માટે અહિંયા પ્રશ્નવ્યાકરણનો સામાન્ય અર્થ જિજ્ઞાસા અને તેનું સમાધાન કરવામાં આવે છે. હિંસા–અહિંસા, સત્ય–અસત્ય, આદિ ધર્માધર્મ રૂપ વિષયોની ચર્ચા જે સૂત્રમાં કરવામાં આવી છે, તે પ્રશ્નવ્યાકરણ છે. આ દષ્ટિથી વર્તમાનમાં ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણનું નામ સાર્થક થાય છે.

સચેલક અને અચેલક બન્ને પરંપરાઓમાં પ્રાચીન પ્રશ્નવ્યાકરણ અંગે જે વિષયનું કથન કર્યું છે અને વર્તમાનમાં જે ઉપલબ્ધ છે, તેને જોતા એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે આ પ્રકારનું પરિવર્તન કોણે કર્યું અને કેમ કર્યું ? તે અંગે વૃત્તિકાર અભયદેવ સૂરી લખે છે કે આગામી સમયના કોઈ અનધિકારી મનુષ્ય ચમત્કારી વિદ્યાઓનો દુરૂપયોગ ન કરે, એ દષ્ટિથી તે વિદ્યાઓ આ સૂત્રમાંથી કાઢી નાંખી અને માત્ર આશ્રવ અને સંવરનો સમાવેશ કોઈ આચાર્યે કરી દીધો હોય. ટીકાકાર આચાર્ય જ્ઞાનવિમલ સૂરિ

પણ ઉપરોક્ત વિચાર સાથે સહમત છે. પરંતુ આ સમાધાન સંતોષપ્રદ નથી. હા, એટલું કહી શકાય કે વર્તમાને ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણ પ્રભુ મહાવીર દ્વારા પ્રતિપાદિત કોઈ પ્રશ્નનો અંશ હોય. "પ્રશ્નવ્યાકરણ" નામવાળી પ્રતિઓ પ્રાચીન ગ્રંથ ભંડારોમાં ઉપલબ્ધ છે. જેમ કે જેસલમેરના ખરતરગચ્છના આચાર્યશાખાના ભંડારમાં "જયપાહુડ–પ્રશ્નવ્યાકરણ" નામની એક તાડપત્રીય પ્રતિ હતી. તે પ્રતિ અશુદ્ધ લખાયેલી હતી અને ક્યાંક–ક્યાંક અક્ષર પણ તૂટતાં હતાં. તેમાં મુનિશ્રી જિનવિજયજીએ યથાયોગ્ય પાઠ સંશોધિત કરી સં. ૨૦૧૫ માં સિંઘી જૈન ગ્રંથમાળાના ગ્રંથાંક ૪૩ ના રૂપમાં પ્રકાશિત કરાવી. તેની પ્રસ્તાવનામાં મુનિશ્રીએ જે સંકેત કર્યો છે તેનો કાંઈક અંશ આ પ્રમાણે છે.

પ્રસ્તુત ગ્રંથ અજ્ઞાત તત્ત્વ અને ભાવોનું જ્ઞાન પ્રાપ્ત કરવા–કરાવવા માટે વિશેષ રહસ્યમય શાસ્ત્ર છે. આ શાસ્ત્રના આધારે કોઈપણ પ્રશ્નકર્તાના લાભ–અલાભ, શુભ–અશુભ, સુખ–દુઃખ એવં જીવન–મરણ આદિ વિષયક ઘણું નિશ્ચિંત એવં તથ્યપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે.

ત્યાર પછી ઉપસંહારમાં મુનિશ્રીએ લખ્યું છે– "આ ગ્રંથનું નામ ટીકાકારે પહેલા **जयपाहुड** અને પછી **प्रश्नव्याकरण** આપ્યું છે. મૂળ ગ્રંથકારે **जयपाहुड** નામ આપ્યું છે અને અંતે પણ " પ્રશ્નવ્યાકરણ સમાપ્તમ્" લખ્યું છે. શરૂઆતમાં ટીકાકારે આ ગ્રંથનું નામ "પ્રશ્નવ્યાકરણ" લખ્યું છે. તેનો ઉલ્લેખ આ પ્રકારે છે. **"महावीराख्यंसि (शि) रस प्रणम्य प्रश्न व्याकरणं शास्त्रं व्याख्यामीति"** તેમાં મૂળ પ્રાકૃત ગાથાઓ ૩૭૮ છે. તેની સાથે સંસ્કૃતટીકા છે. આ પ્રતિ ૨૨૭ પાનામાં વિ.૧૩૩૬ ની ચૈત્રવદી એકમે લખેલી છે. અંતે "ચૂડામણિ–જ્ઞાનદીપક" ગ્રંથ. ૭૩ ગાથાઓની ટીકા સહિત છે. તેના અંતે લખ્યું છે. ' **इति जिनेन्द्रकथितं प्रश्न चूडामणिसार शास्त्र समाप्तम्** '

જિનરત્નકોશના પૃ. ૧૩૩ માં પણ આ નામવાળી એક પ્રતિનો ઉલ્લેખ છે. તેમાં ૨૨૮ ગાથાઓ કહી છે તથા શાંતિનાથ ભંડાર, ખંભાતમાં કેટલીક પ્રતિઓ છે. તેવું કોશથી જાણી શકાય છે. નેપાળના મહારાજાની લાયબ્રેરીમાં પણ પ્રશ્નવ્યાકરણ યા તેની સમાન નામવાળા ગ્રંથની સૂચના મળે છે. તેની વિશેષ જાણકારી અપ્રાપ્ય છે.

ઉપર્યુકત ઉદ્ધરણોથી આપણે એ નિષ્કર્ષ પર પહોંચી શકીએ છીએ કે મૂળ પ્રાચીન પ્રશ્નવ્યાકરણ સૂત્ર ભિન્ન–ભિન્ન વિભાગોમાં વહેંચાઈ ગયું અને પૃથક્–પૃથક્

નામ યુક્ત અનેક ગ્રંથ બની ગયા. સંભવતઃ તેમાં મૂળ પ્રશ્નવ્યાકરણનાં વિષયોની ચર્ચા કરી હોય. જો આ સર્વનું પૂર્વાપર સન્દર્ભની સાથે સમાયોજન કરવામાં આવે તો વિશેષ રહસ્ય પ્રગટ થઈ શકે તેમ છે.

## રચયિતા અને રચના શૈલી :-

પ્રશ્નવ્યાકરણનો આરંભ આ ગાથાથી થાય છે.

**जंबू ! इणमो अण्हय-संवर-विणिच्छयं पवयणस्स णीसंदं**
**वोच्छामि णिच्छयत्थं सुहासियत्थं महेसीहिं ।**

**અર્થ :-** હે જમ્બૂ ! અહીં મહર્ષિ પ્રણીત પ્રવચનસાર રૂપ આશ્રવ અને સંવરનું નિરૂપણ કરીશ.

પ્રસ્તુત ગાથામાં 'આર્ય જંબૂ' સંબોધન કર્યું હોવાથી ટીકાકારે તેનો સંબંધ સુધર્મા સ્વામી સાથે જોડ્યો છે. શ્રી અભયદેવ સૂરિએ પણ તેની ટીકાના ઉપોદ્‌ઘાતમાં આ ગ્રંથના પ્રવક્તા તરીકે સુધર્મા સ્વામીનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ ગાથામાં આવેલું **'महेसीहिं'** પદ સ્પષ્ટ કરે છે કે પ્રસ્તુત રચના સુધર્મા સ્વામીની નથી, કોઈ પશ્ચાદ્‌વર્તી આચાર્યની હોઈ શકે છે. તેમાં સુધર્મા અને જંબૂના સંવાદ રૂપની પ્રાચીન પરંપરાનું અનુકરણમાત્ર કર્યું હોય તેમ પ્રતીત થાય છે.

વર્તમાન પ્રશ્નવ્યાકરણની રચના પદ્ધતિ ઘણી સુઘડ છે. ભાષા અર્ધમાગધી પ્રાકૃત છે, તેની ભાષા સમાસ સંયુક્ત હોવાથી સામાન્ય વાચકો માટે ક્લિષ્ટ બની જાય છે. ક્યાંક, ક્યાંક તો એટલી લાક્ષણિક ભાષાનો ઉપયોગ કરેલ છે કે જેની પ્રતિકૃતિ કાદંબરી આદિ ગ્રંથોમાં જોવા મળે છે. આ તથ્યને સમર્થ વૃત્તિકાર આચાર્ય અભયદેવે પણ પોતાની વૃત્તિના પ્રારંભમાં સ્વીકાર્યું છે.

પ્રસ્તુત પ્રશ્નવ્યાકરણના દસ અધ્યયન છે. આ દસ અધ્યયનોનું વર્ગીકરણ બે પ્રકારે કર્યું છે.

(૧) પ્રશ્નવ્યાકરણના દસ અધ્યયન અને એક શ્રુતસ્કન્ધ છે જે પ્રસ્તુત ઉપસંહાર વચનથી સ્પષ્ટ છે. " **पण्हावागरणे णं एगो सुयक्खंधो दस अज्झयणा** । નન્દી અને

સમવાયાંગ સૂત્રમાં પણ પ્રશ્નવ્યાકરણનો એક શ્રુતસ્કન્ધ માન્ય છે. પરંતુ આચાર્ય અભયદેવે પોતાની વૃત્તિમાં જે ઉપોદ્ઘાત ઉદ્ધૃત કરેલ છે, તેમાં બીજા પ્રકારથી વર્ગીકરણ છે. ત્યાં પ્રશ્નવ્યાકરણના બે શ્રુતસ્કંધ કહ્યા છે અને પ્રત્યેકમાં પાંચ પાંચ અધ્યયનનો ઉલ્લેખ કરેલ છે.– **"दो सुयक्खंधा पण्णत्ता– आसवदारा य संवरदारा य, पढमस्स णं सुयक्खंधस्स...पंचअज्झयणा...दोच्चस्स णं सुयक्खंधस्स पंच अज्झयणा ।**

## પ્રતિપાદ્ય વિષય :–

પ્રસ્તુત પ્રશ્ન વ્યાકરણમાં હિંસાદિ પાંચ આશ્રવો અને અહિંસાદિ પાંચ સંવરોનું વર્ણન છે. એક એક અધ્યયનમાં એક એક વિષય પર વિસ્તૃત વર્ણન છે. પ્રત્યેક વિષયમાં પાંચ દ્વારથી વર્ણન છે. હિંસાનું સ્વરૂપ, હિંસાના પર્યાયવાચી નામ, હિંસાનું પરિણામ, હિંસક જીવ, તે કોની કોની હિંસા કરે છે અને શા માટે કરે છે? (૧) હિંસાનું સ્વરૂપ (૨) હિંસક જીવો (૩) હિંસ્ય જીવો (૪) હિંસાનું કારણ (૫) હિંસાનું ભયંકર પરિણામ. આ પાંચ પ્રકારે સમજતા હિંસાની ભીષણતાનું જીવંત ચિત્ર ઉપસ્થિત થઈ જાય છે.

તેમ જ સૂત્રકારે હિંસાના વર્ણનમાં વૈદિક હિંસા, ધર્મના નામે થતી હિંસા, તે ઉપરાંત જગતમાં થનારી વિવિધ પ્રકારની હિંસક પ્રવૃત્તિનો ઉલ્લેખ કરી સાધકોને તેનાથી નિવૃત્ત થવાની પ્રેરણા આપી છે.

અસત્ય આશ્રવના પ્રકરણમાં સર્વપ્રથમ અસત્યનું સ્વરૂપ બતાવી, અસત્યના ૩૦ સાર્થક નામોનો ઉલ્લેખ કર્યો છે. ત્યાર પછી અસત્ય ભાષણનું પ્રયોજન, અસત્યવાદી અને તેના દુ:ષમ ફળનો નિર્દેશ છે.

સૂત્રકારે અસત્યવાદીના રૂપમાં નિમ્નોક્ત મતોનો ઉલ્લેખ કર્યો છે.

૧, નાસ્તિકવાદી અથવા વામલોકવાદી–ચાર્વાક,
૨, પંચસ્કન્ધવાદી– બૌદ્ધ,
૩, મનોજીવવાદી– મનને જીવ માનનારા,
૪, વાયુજીવવાદી– પ્રાણવાયુને જીવ માનનારા
૫, ઈંડાથી જગતની ઉત્પત્તિ માનનારા,
૬, લોકને સ્વયંભૂકૃત માનનારા,

૭, સંસારને પ્રજાપતિ દ્વારા નિર્મિત માનનારા,
૮, સંસારને ઈશ્વરકૃત માનનારા,
૯, સમસ્ત સંસારને વિષ્ણુમય માનનારા,
૧૦, આત્માને એક અકર્તા, વેદક, નિત્ય, નિષ્ક્રિય, નિર્ગુણ, નિર્લિપ્ત માનનારા,
૧૧, જગતને યાદૃચ્છિક માનનારા,
૧૨, જગતને સ્વભાવ જનિત માનનારા,
૧૩, જગતને દેવકૃત માનનારા,
૧૪, નિયતિવાદી–આજીવક મત,

આ રીતે અસત્યવાદકોના નામોલ્લેખથી વિભિન્ન દાર્શનિકોની જગત વિષયક શું ધારણા હતી, તે જાણીને સાધક સ્વયં સત્ય તત્ત્વને સમજી શકે તે જ શાસ્ત્રકારનો આશય જણાય છે.

(૩) અદત્તાદાન આશ્રવમાં પણ અદત્તાદાનનું સ્વરૂપ, તેના સાર્થક ૩૦ નામ, ચોરી, ચોરીનું પ્રયોજન, સંસારના વિવિધ પ્રસંગે થતી વિવિધ પ્રકારની ચોરી અને તેના દુષ્પરિણામનું દર્શન છે.

(૪) અબ્રહ્મચર્ય આશ્રવમાં સહુ પ્રથમ સર્વ પ્રકારના ભોગસંપન્ન દેવ, દેવી, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, માંડલિક રાજા આદિની ભોગ સામગ્રીનું વર્ણન છે. તેના અંતે કહ્યું છે કે– **ताओ वि उवणमंति मरणधम्मं...कामाणं** તેઓ પણ અતૃપ્ત કામના સાથે મરણને પ્રાપ્ત કરે છે. તે ઉપરાંત અબ્રહ્મની કામનાને પૂર્ણ કરવા સ્ત્રીઓના નિમિત્તે થનારાં યુદ્ધોનો ઉલ્લેખ કરીને શાસ્ત્રકારે સાધકોને નિર્વેદ ભાવ જાગૃત કરાવ્યો છે.

(૫) પરિગ્રહ આશ્રવમાં સંસારમાં જેટલા પ્રકારનો પરિગ્રહ મળે છે તેનું સવિસ્તાર નિરૂપણ કર્યું છે. આ પરિગ્રહ રૂપી પિશાચના પાશમાં સર્વ પ્રાણી બંધાયેલા છે. તેના સમાન લોકમાં અન્ય કોઈ બંધન નથી, છતાં પામર પ્રાણી તેનો અધિકથી અધિક સંચય કરતો રહે છે. શાસ્ત્રકારે પરિગ્રહની ભયંકરતા નીચેના શબ્દોથી પ્રગટ કરી છે.

**अणंत, असरणं, दुरंत, अधुवमणिच्चं, असासयं, पावकम्मणेमं, अवि-किरियव्वं, विणासमूलं, वहबंधपरिकिलेसबहुलं अणंतसंकिलेसकारणं ।**

આ થોડા જ શબ્દોમાં પરિગ્રહનું સમગ્ર ચિત્ર ઉપસી આવે છે. કહ્યું છે કે તેનો અંત નથી, તે કોઈને શરણ દેનાર નથી, દુ:ખદ પરિણામયુક્ત છે; અસ્થિર, અનિત્ય અને અશાશ્વત છે; પાપકર્મોનું મૂળ છે; વિનાશની જડ છે; વધ, બંધ, અને સંક્લેશથી વ્યાપ્ત છે; અનંત ક્લેશ તેની સાથે જોડાયેલ છે.

અંતે વર્ણનનો ઉપસંહાર આ શબ્દોની સાથે કર્યો છે – **मोक्खवर मुत्तिमग्गस्स फलिहभूयो, चरिमं अधम्मदारं समत्तं** અર્થાત્ શ્રેષ્ઠ મોક્ષમાર્ગ માટે આ પરિગ્રહ આગળિયા રૂપ છે.

આ રીતે પ્રથમ શ્રુતસ્કંધના પાંચ અધ્યયનમાં પાંચે આશ્રવ અને તેના પરિણામનું નિરૂપણ છે.

દ્વિતીય શ્રુતસ્કંધમાં આશ્રવ નિરોધ રૂપ પાંચ સંવર, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના સ્વરૂપનું અને તેના સુખદ પરિણામનું સવિસ્તાર નિરૂપણ કર્યું છે.

(૧) અહિંસાના સંવરમાં સૌ પ્રથમ અહિંસાનું સ્વરૂપ, તેના ૬૦ સાર્થક નામો, ભગવતી અહિંસાનો મહિમા અને અંતે અહિંસક વૃત્તિ કેળવવામાં નિમિત્તભૂત પાંચ ભાવનાનું નિરૂપણ છે.

(૨) સત્ય સંવરમાં સત્યના વિવિધ નામાંતરોથી સત્યનું વિરાટ સ્વરૂપ અને દસ પ્રકારના સત્યવચનનું કથન કર્યું છે. તે ઉપરાંત સાધકને માટે સંયમી જીવનમાં બાધક ભાષાનો ત્યાગ અને સંયમી જીવનને પોષક ભાષાના પ્રયોગનું હિતકારી સૂચન છે અને પાંચ ભાવનાનું નિરૂપણ છે.

(૩) અચૌર્ય સંવરમાં અચૌર્યથી સંબંધિત અનુષ્ઠાનોનું વર્ણન કર્યું છે. તેમાં અસ્તેયની સ્થૂલથી લઈને સૂક્ષ્મતમ વ્યાખ્યા કરી છે.

અચૌર્ય માટે પ્રયુક્ત અદત્તાદાનવિરમણ અને દત્તાનુજ્ઞાત આ બે પર્યાયવાચી નામોનું અંતર સ્પષ્ટ કરતાં કહ્યું છે કે અદત્તના મુખ્યતયા પાંચ પ્રકાર છે. દેવઅદત્ત, ગુરુઅદત્ત, રાજઅદત્ત, ગૃહપતિઅદત્ત અને સહધર્મી અદત્ત. આ પાંચ પ્રકારોના અદત્ત સ્થૂલ કે સૂક્ષ્મ રૂપે ગ્રહણ કરાય તો તે અદત્તાદાન છે. આ પ્રકારના અદત્તાદાનનો મન,

વચન, કાયાથી સર્વથા ત્યાગ કરવો અદત્તાદાન વિરમણ કહેવાય છે. દત્તાનુજ્ઞાતમાં દત્ત અને અનુજ્ઞાત આ બે શબ્દ છે. તેનો અર્થ સુગમ છે પરંતુ વ્યંજનિક અર્થ એ છે કે દાતા અને આજ્ઞાદાયક દ્વારા ભક્તિભાવપૂર્વક જે વસ્તુ દેવામાં આવે તથા લેનારની માનસિક સ્વસ્થતા સચવાઈ રહે તે રીતે જે ગ્રહણ થાય તે દત્તાનુજ્ઞાત છે. બીજો અર્થ એ છે કે સ્વામી દ્વારા દેવા પર પણ જેનો ઉપયોગ કરવાની અનુજ્ઞા–આજ્ઞા ગુરુજનોથી પ્રાપ્ત હોય તે જ દત્તાનુજ્ઞાત છે.

(૪) બ્રહ્મચર્ય સંવરમાં બ્રહ્મચર્યના ગૌરવનું પ્રતિભાયુક્ત શબ્દોમાં વિસ્તારથી નિરૂપણ કર્યું છે. તેની સાધના કરનારા સંમાનિત તેમજ પૂજિત હોવાનું નિરૂપણ કર્યું છે. બ્રહ્મચર્ય અને તેની સાધના કરનારાએ, એ બન્નેના મહાત્મ્યદર્શક કેટલાક અંશો આ પ્રમાણે છે.

**सव्वपवित्तं सुनिम्मियसारं सिद्धिविमाणंअवंगुयदारं ।**
**वेर विरामण पज्जवसाणं, सव्वसमुद्दमहोदधितित्थं ॥**

**जेण सुद्धचरिएण भवइ, सुबंभणो सुसमणो सुसाहू ।**
**स इसी स मुणी स संजए स एव भिक्खु जो सुद्धं चरइ बंभचेरं ॥**

તે સિવાય બ્રહ્મચર્ય વિરોધી પ્રવૃત્તિઓનો પણ ઉલ્લેખ કરીને સાધકને સાવધાન કર્યા છે.

(૫) અંતિમ પ્રકરણ અપરિગ્રહ સંવરનું છે, તેમાં અપરિગ્રહવૃત્તિનું સ્વરૂપ, તે વિષયના અનુષ્ઠાનો અને અપરિગ્રહવ્રતધારીઓના સ્વરૂપનું નિરૂપણ છે. તેની પાંચ ભાવનાઓના વર્ણનમાં સર્વ પ્રકારના વિષયોના ત્યાગનો સંકેત કર્યો છે કે –

**मणुण्णामणुण्ण–सुब्भि–दुब्भि–राग–दोस पणिहियप्पा साहू,**
**मणवयकायगुत्ते संवुडेणं पणिहितिंदिए चरेज्ज धम्मं ।**

આ રીતે સંક્ષેપમાં આશ્રવનું પરિણામ સંસાર પરિભ્રમણ અને સંવરનું પરિણામ પરિભ્રમણનો અંત છે. તે વિષયને શાસ્ત્રકારે શાસ્ત્રીય ભાષામાં પ્રસ્તુત કર્યો છે.

## સાહિત્યક–મૂલ્યાંકન :–

કોઈપણ ગ્રંથના પ્રતિપાદ્ય વિષયને અનુરૂપ ભાવ–ભાષાશૈલીનો ઉપયોગ

કરવો તે તેના સાહિત્યક સ્તરના મૂલ્યાંકનની કસોટી છે. આ દષ્ટિથી જ્યારે આપણે પ્રસ્તુત પ્રશ્નવ્યાકરણ સૂત્રનું અવલોકન કરીએ છીએ ત્યારે સ્પષ્ટ થાય છે કે ભારતીય વાઙ્મયમાં તેનું પોતાનું એક અનોખું સ્થાન છે.

## ભાષાશૈલી :–

ભાવાભિવ્યક્તિને માટે થયેલી શબ્દયોજના, પ્રાંજલ અને પ્રભાવક છે. તેના દ્વારા વર્ણ્ય વિષયનું સમગ્ર શબ્દચિત્ર પાઠકની સમક્ષ ઉપસ્થિત થાય છે. તેને માટે આપણે પાંચ આશ્રવો અથવા પાંચ સંવરોમાંથી કોઈપણ એકને ઉદાહરણરૂપે જોઈ શકાય છે. દા.ત. હિંસા આશ્રવની ભીષણતાનો બોધ કરાવા માટે નિમ્ન પ્રકારના કર્કશ વર્ણો અને અક્ષરોનો પ્રયોગ કર્યો છે–

**पावो चंडो .द्दो खुद्दो साहसिओ, अणारिओ णिग्घिणो णिस्संसी महब्भओ पइभओ, अइभओ, बीहणओ, तासणओ, अणज्जो उव्वेयणओ च णिरवयक्खो, णिद्धम्मो णिप्पिवासो, णिक्कलुणो, णिरयवासगमणनिधणो मोहमहाभयपवड्ढओ पयट्टओ, मरणवेमणसो ।**

તેનાથી વિપરીત સત્ય સંવરનું વર્ણન કરવા માટે એવી કોમળ–કાંત પદાવલીનો ઉપયોગ કર્યો છે જે હૃદયસ્પર્શી હોવાની સાથે સાથે માનવ મનમાં નવો ઉલ્લાસ, નવો ઉત્સાહ ઉત્પન્ન કરી દે છે. ઉદાહરણ માટે નિમ્નલિખિત ગદ્યાંશ પર્યાપ્ત છે.

**सच्चवयणं सुद्धं सुचियं सिवं सुजायं सुभासियं सुव्वयं सुकहियं सुदिट्ठं सुपइट्ठियं, सुपइट्ठियजसं सुसंजमियवयणबुइयं, सुरवरनरवसभपवर बलवग सुविहिय जणबहुमयं परम साहुधम्मचरणं तवनियम परिग्गहियं सुगइपहदेसगं च लोगुत्तमं वयमिणं।** સંક્ષેપમાં ભાષા ભાવને અનુરૂપ છે.

## અલંકાર :–

પ્રસ્તુત ગ્રંથમાં સાહિત્યિક અલંકારોનો પણ પ્રયોગ યત્ર તત્ર પ્રતીત થાય છે. મુખ્યતયા ઉપમા અને રૂપક અલંકારોની બહુલતા છે. તેમ છતાં અન્ય અલંકારોનો

ઉપયોગ પણ યથાપ્રસંગે થયો છે. જે આગમ અભ્યાસથી જાણી શકાય છે.

## રસ :-

પ્રસ્તુત ગ્રંથમાં શ્રૃંગાર, વીર, કરુણ, બીભત્સ આદિ સાહિત્યિક સર્વ રસોનો સમાવેશ થયો છે. જેમ કે હિંસા–આશ્રવોના કટુફળોના વર્ણનમાં બીભત્સ અને તેનો ભોગ કરનારાના વર્ણનમાં કરુણરસની અનુભૂતિ થાય છે. પ્રાણી પોતાના ક્ષણિક સ્વાર્થની પૂર્તિ માટે કેટલા–કેટલા બીભત્સ કાર્ય કરી લે છે અને પરિણામની ચિંતા કર્યા વિના જ રૂદ્રતાની ચરમ સ્થિતિને ઉલંઘી જાય છે. પરંતુ ઉદયકાળમાં બનનારી તેની સ્થિતિ કરુણતાની સીમાએ પહોંચી જાય છે. પાઠકના મનમાં એક એવો સ્થાયી નિર્વેદભાવ ઉત્પન્ન થઈ જાય છે કે તે સ્વયં આશ્રવથી મુક્ત થવાનો પ્રયત્ન કરે છે.

બ્રહ્મચર્ય આશ્રવના વર્ણનમાં શ્રૃંગારરસથી પૂરિત અનેક ગદ્યાંશ છે. પરંતુ તેમાં ઉદ્દામ શ્રૃંગાર નથી તે વિરાગભાવથી અનુપ્રાણિત છે. સર્વત્ર નિષ્કર્ષ રૂપે કહ્યું છે કે ઉત્તમમાં ઉત્તમ ભોગ ભોગવનાર પણ અંતે કામભોગોથી અતૃપ્ત રહીને જ મરણ પામે છે.

અહિંસા આદિ પાંચ સંવરોના વર્ણનમાં વીરરસની પ્રધાનતા છે. આત્મ–વિજેતાની અદીનવૃત્તિને પ્રભાવશાળી શબ્દાવલી પ્રકટ કરે છે. સર્વત્ર તેની મનસ્વિતા અને મનોબળની સરળતાનું દિગ્દર્શન કરાવ્યું છે.

આ રીતે પ્રસ્તુત આગમને કોઈ પણ કસોટી પર રાખીયે પરંતુ વાઙ્મયમાં તેનું અનોખું અદ્વિતીય સ્થાન છે. સાહિત્યિક કૃતિ માટે જેટલી વિશેષતાઓ હોવી જોઈએ તે સર્વ તેમાં ઉપલબ્ધ છે.

## પ્રસ્તુત સંસ્કરણ :-

ગુજરાતી ભાષામાં આજ સુધીમાં ઘણું જ સાહિત્ય પ્રકાશિત થયેલ છે. તેમાં મુખ્યત્વે પૂજ્ય આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા. દ્વારા બત્રીસ આગમો સંસ્કૃત ટીકા, હિન્દી અને ગુજરાતીમાં તેના અનુવાદ સહ પ્રકાશિત થયા છે.

વર્તમાન સમાજની માંગને અનુલક્ષીને યુવાચાર્ય શ્રી મધુકર મુનિજી દ્વારા સંપાદિત વિવેચન યુક્ત હિન્દી ભાષાની આગમ બત્રીસીથી પ્રેરણા પામીને, પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે, કંઈક નવીન અને સમાજોપકારક કાર્ય કરવું કે જે ભાવિ પેઢીના માટે યુગો સુધી ઉપયોગી અને ઉપકારી બને, આ મંગલ ભાવનાથી આ પ્રકાશન થઈ રહ્યું છે. વિ. સં. ૨૦૫૨ જૂનાગઢ મુકામે પૂ. તપસ્વી ગુરુદેવ રતિલાલજી મ. સા.ના સાનિધ્યમાં પૂજ્યવરા મંગલમૂર્તિ પૂ.મુક્તાબાઈ મ. પોતાના વિશાળ પરિવાર સાથે પધારેલાં તે સમયે વિદુષી સાધ્વીરત્ના પૂ. ઉષાબાઈ મ.ને અંતઃસ્ફુરણા થઈ. તેમણે પૂ. તપસ્વી ગુરુદેવ અને પૂ. ગુરુણીમૈયા મુક્ત–લીલમ ગુરુણી પાસે ભાવના વ્યક્ત કરી અને તેમની સહર્ષ અનુમતિ મળી ગઈ. પૂજ્ય ગુરુણીમૈયાએ દરેક સાધ્વીની યોગ્યતા જોઈને આ લખાણનું કાર્ય પોતાના સાધ્વી સમુદાયમાં વિભક્ત કર્યું અને સમય જતાં ઘણું ખરું લખાઈ ગયું. પુણ્ય યોગે રાજકોટ રોયલપાર્ક ઉપાશ્રયમાં પૂજ્ય તપસ્વી ગુરુદેવની પાવન નિશ્રામાં સાધુ–સાધ્વી વૃંદનું સામૂહિક ચાતુર્માસ થયું. સ્વ. પૂજ્ય ગુરુદેવ સૌરાષ્ટ્ર કેસરી શ્રી પ્રાણલાલજી મ.સા.ના જન્મ દિવસની ઉજવણીના દિવસે તેમની સ્મૃતિરૂપે આ પ્રકાશન કાર્યનો નિર્ણય થયો. શ્રી રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘે સ્વપ્ન સાકાર કરવાનું બીડું ઝડપ્યું અને તે સમયે ઉદાર દાનવીર શ્રાવક શ્રી રમણિકભાઈ નાગરદાસ શાહ(ભામાશા), રાજકોટ શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ માણેકચંદ શેઠ, જૂનાગઢ સંઘ પ્રમુખશ્રી વૃજલાલ શાંતિલાલ દામાણી, જુનાગઢ સંઘ મંત્રીશ્રી સુરેશચંદ્ર પ્રભુલાલ કામદાર વગેરે ઘણા શ્રાવકોએ મળીને એક પ્રકાશન સમિતિનું નિર્માણ કર્યું અને ઉદાર શ્રીમંતોને આ કાર્યમાં સહયોગ આપવાની પ્રેરણા થઈ. તે જ દિવસે કેટલાક આગમોનાં પ્રકાશન માટે સહયોગ મળી ગયો, ઉત્સાહ વધ્યો અને પૂર જોશથી લેખનકાર્ય આગળ વધવા લાગ્યું.

રાજકોટના ચાતુર્માસમાં જ આસો સુદી ૧૦ "વિજયા દશમી"ના દિવસે આ પ્રકાશન કાર્ય ચાલુ કરવામાં આવ્યું.

મારા અથાગ પુણ્યોદયે મને આ દસમું અંગ પ્રશ્નવ્યાકરણ સૂત્ર લખવાનો સુયોગ સાંપડેલ છે.

આ આગમ સેવાનો આદેશ પૂ. "મુક્ત–લીલમ" ગુરુણી મૈયા પાસેથી મળતાં મેં સહર્ષ આજ્ઞા શિરોધાર્ય કરી અને લખવાનું કાર્ય પ્રારંભ કર્યું, અનુક્રમે અનુવાદનું કાર્ય મારા ક્ષયોપશમ અનુસાર પૂર્ણ કરેલ છે.

આ અનુવાદ કાર્યમાં પૂર્વ પ્રકાશિત થયેલ સૂત્રોનો આધાર લીધેલ છે. જેમાં મુખ્યત્વે બ્યાવરથી પ્રકાશિત પૂજ્ય યુવાચાર્ય શ્રી મધુકર મુનિજીના અને લાડનૂંથી પ્રકાશિત આચાર્ય તુલસી તથા યુવાચાર્ય મહાપ્રાજ્ઞના પ્રશ્નવ્યાકરણ સૂત્રનો ઉપયોગ કર્યો છે, તે માટે તે સર્વ સંપાદકો અને પ્રકાશકોનો પણ હૃદયથી આભાર માનું છું.

આગમ મનીષી પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.એ આ શાસ્ત્રના સંપાદનનું કાર્ય કરવામાં ખૂબ જ જહેમત ઉઠાવેલ છે, પૂરેપૂરો સહયોગ આપી અત્યંત પરિશ્રમ સાથે અપ્રમત્ત દશાથી આ મારા અનુવાદને સૈદ્ધાંતિક દષ્ટિથી તપાસી આગમને અનેરો ઓપ આપેલ છે. તે બદલ તેમની પણ હું ઋણી છું. મારા તેમને લાખ લાખ વંદન.

ભાવયોગિની દાદી ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ. એ મારા લખેલા આ પ્રશ્નવ્યારણ સૂત્રને ખૂબ જીણવટભરી દષ્ટિથી જોઈને મારા ઉપર મહાન ઉપકાર કરેલ છે. તેમના શ્રી ચરણોમાં મારા કોટી કોટી વંદન. તેમજ અમારા ગુરુકુળવાસી સાધ્વી આરતી અને સુબોધિકાએ પણ કેવળ સ્વાધ્યાય રુચિએ આગમનું પૂર્ણ સંશોધન કર્યું છે તે પણ અનુમોદનીય છે.

આ પ્રશ્નવ્યાકરણ સૂત્રનો અનુવાદ કરી રહી છું ત્યારે મમ ગુરુણીમૈયા, વાત્સલ્યદાત્રી પૂ. સન્મતિબાઈ સ્વામીનો ઉપકાર તો કેમ ભૂલાય ? તેમણે મને પ્રત્યેક સમયે અનુકૂળતાનો ઓપ આપ્યો એવા સન્મતિબાઈ સ્વામીનો ખૂબ ખૂબ આભાર સાથે તેમના શ્રીચરણોમાં વંદન.

મારી સાથે રહેનાર સહયોગી ઠાણા વડીલ ગુરુબેન પૂ. મીનળબાઈ સ્વામી તેમજ નાના ઠાણા શ્રી શ્વેતાંસીબાઈ મ. સ. એ મારા સંપૂર્ણ લેખનકાર્યમાં, પ્રુફ સુધારવામાં, રીરાઈટ કરવામાં સમયે સમયે સાથ અને સહકાર આપેલ છે. તેમની આ સમયે ખૂબ ખૂબ કદર કરું છું તથા શુભેચ્છાની લાગણી વ્યક્ત કરું છું.

મેં જે અનુવાદ કર્યો છે તેમાં મારું કાંઈ જ નથી. સર્વ વડીલો અને ગુરુ–ગુરુણીના આશીર્વાદથી જ કાર્ય સંપૂર્ણ થયેલ છે. આ લેખનકાર્યમાં કોઈપણ જાતની ત્રુટિઓ રહી જવા પામી હોય તો વીતરાગ ભગવાનની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં. ભૂલચૂક સુધારી વાંચવા વિનંતી કરું છું.

પૂ. મુક્ત–લીલમ સન્મતિ ગુરુણીના સુશિષ્યા

**સાધ્વી સુનિતા.**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

ગણધર રચિત દસમું અંગ

મૂળપાઠ,

ભાવાર્થ,

વિવેચન,

પરિશિષ્ટ

: અનુવાદિકા :

પૂ. શ્રી સુનિતાબાઈ મ.

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# પ્રથમ શ્રુતસ્કંધ – આશ્રવદ્વાર

## પ્રથમ અધ્યયન

### પરિચય

પ્રથમ શ્રુતસ્કંધનું આ પ્રથમ 'હિંસા' અધ્યયન છે. તેમાં પાંચ આશ્રવ પૈકી પ્રથમ આશ્રવદ્વાર "હિંસા"નું વર્ણન કર્યું છે.

**હિંસાનું સ્વરૂપ :–** કોઈપણ પ્રાણીને ત્રાસ, દુઃખ, પીડા આપવી, તેના કોઈપણ પ્રાણોનો નાશ કરવો તેને હિંસા કહેવાય છે. **"प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा"** પ્રમાદાચરણોથી પ્રાણીના પ્રાણોને નષ્ટ કરવા તે હિંસા છે. હિંસાના સ્વરૂપને સમજાવવા માટે સૂત્રકારે તેના ૨૨ વિશેષણોનો પ્રયોગ કર્યો છે.

કેવળ જીવનો નાશ કરવો તે જ હિંસા નથી પરંતુ આત્માના કાષાયિક પરિણામ જે આત્મગુણોની ઘાત કરે છે તે ભાવહિંસા છે. આમ દ્રવ્યહિંસા અને ભાવહિંસા રૂપ બે પ્રકારની હિંસાને સમજાવવા મૂળ પાઠમાં હિંસાના ૩૦ પર્યાયવાચી નામનો ઉલ્લેખ છે.

**ત્રસ જીવોની હિંસાનું પ્રયોજન :–** વ્યક્તિ વિવિધ હેતુઓ અને સ્વાર્થને કારણે જીવોની હિંસા કરે છે. (૧) ચામડાં, માંસ, લોહી, નખ, દાંત, આંતરડા, શીંગડાં આદિ શરીરના અવયવોને માટે પંચેન્દ્રિય જીવોની ઘાત કરે છે (૨) મધને માટે મધમાખીઓની હિંસા કરે છે (૩) શરીરની સુવિધાને માટે માંકડ, મચ્છર આદિનું હનન કરે છે. આ પ્રકારે પોતાના સ્વાર્થને માટે ઉંદર, ઉધઈ, ધનેડા વગેરે અનાજના જીવ, સર્પ, કૂતરાં, વીંછી આદિ પ્રાણીઓનો વિનાશ કરે છે (૪) રેશમ આદિ વસ્ત્રોને માટે અનેકાનેક બેઈન્દ્રિયાદિ કીડાઓની ઘાત કરે છે (૫) અન્ય અનેક પ્રયોજનોથી ત્રસ પ્રાણીઓની ઘાત કરે છે તથા પૃથ્વી, પાણી આદિ સ્થાવર જીવોના આશ્રયમાં રહેલા અનેક ત્રસ જીવોની જાણતા કે અજાણતાથી હિંસા કરતા રહે છે. તે અજ્ઞાની પ્રાણી આ અસહાય ત્રસ જીવોને, સ્થાવર જીવોને અને સ્થાવરના આશ્રયે રહેલ ત્રસ જીવોને જાણતા નથી.

**સ્થાવર જીવોની હિંસાનું પ્રયોજન :–** (૧) ખેતી માટે કૂવા, વાવડી, તળાવ બનાવવા, મકાન નિર્માણ કરવા, પોતાને ઉપયોગી ઉપકરણ બનાવવા તથા આજીવિકા માટે, ખનિજ પદાર્થોના ઉત્પાદન અથવા વ્યાપાર કરવા માટે પૃથ્વીકાયના જીવોની હિંસા કરવામાં આવે છે. (૨) ભોજન બનાવવામાં, પાણી પીવામાં, સફાઈની પ્રવૃત્તિઓમાં, ગૃહકાર્યોમાં, નાવાદિ ચલાવવામાં, પાણીમાં તરવું આદિથી અપકાયના જીવોની હિંસા કરવામાં આવે છે. (૩) ભોજન બનાવવા માટે દિપક આદિ જલાવવા માટે અને પ્રકાશ કરવાને માટે અથવા ઠંડીમાં તાપવાને માટે તેમજ કોઈપણ પદાર્થને બાળવા માટે અગ્નિકાયના જીવોની વિરાધના(હિંસા) કરવામાં આવે છે. (૪) ધાન્યાદિ સાફ કરવું, હવા નાંખવી, ફૂંક મારવી, હીંચકા ખાવા, વાહનનો ઉપયોગ

અથવા અન્યકાર્ય તથા શારીરિક વિવિધ પ્રવૃત્તિઓથી વાયુકાયની વિરાધના કરવામાં આવે છે. (૫) અનેક ઉપકરણ, શસ્ત્ર, મકાન એવં ભોજનસામગ્રી તથા ઔષધ, ભેષજ આદિને માટે વનસ્પતિના જીવોની વિરાધના કરવામાં આવે છે.

આ પ્રકારે સંસારના સર્વ પ્રાણી પોતાના જીવનની વિવિધ આવશ્યકતાઓને માટે અથવા વિષયોની પૂર્તિ માટે ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે.

**હિંસક જીવો :–** હિતાહિતના વિવેકથી શૂન્ય અજ્ઞાની જીવો સ્વવશ અથવા પરવશપણે, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહને વશીભૂત થઈ, હાસ્ય–વિનોદ હર્ષ, શોકને આધીન થઈ, તેમજ ધર્મલાભના ભ્રમથી ત્રસ, સ્થાવર જીવોની હિંસા કરે છે.

ધીવર, અનાર્ય, મ્લેચ્છ અને ક્ષુદ્ર પ્રાણી પંચેન્દ્રિય પ્રાણીઓની ઘાત કરે છે. અશુભ પરિણામ–લેશ્યાવાળા જીવ પણ સંજ્ઞી, અસંજ્ઞી, પર્યાપ્તા, અપર્યાપ્તા જીવોની હિંસા કરે છે.

**હિંસાનું પરિણામ :–** વિવિધ પ્રકારે હિંસા કરવામાં સંલગ્ન જીવ હિંસક અવસ્થામાં જ મરે તો તેની દુર્ગતિ થાય છે. તે નરકગતિમાં અથવા તિર્યંચગતિ(પશુયોનિ)માં ઉત્પન્ન થાય છે. જ્યાં સંપૂર્ણ જીવન દુઃખમાં જ વ્યતીત કરે છે.

**૧. નરકના દુઃખ :–** નરકમાં નારકી રૂપે તે જીવ ક્ષેત્રવેદના, પરમાધામીકૃત વેદના અને પરસ્પરના વેરના કારણે અનેક પ્રકારના દુઃખ દીર્ઘકાલ પર્યંત ભોગવે છે.

**૨. તિર્યંચ યોનિ(પશુજીવન)ના દુઃખ :–** પાપી જીવ તિર્યંચ યોનિમાં પણ દુઃખોથી વ્યાપ્ત રહે છે. પ્રાણીઓમાં પરસ્પર જન્મજાત વૈરભાવ હોય છે. કૂતરા, બિલાડા, ઉંદર, બાજ આદિ જીવો અન્ય જીવના ભક્ષક બને છે. હિંસક માંસાહારી પ્રાણી તો અન્ય જીવોના ભક્ષણથી જ પોતાનું પોષણ કરે છે. કેટલાક જીવ ભૂખ–તરસ–વ્યાધિથી વેદનાનો અનુભવ કરે છે. સંક્ષેપમાં તેઓ પરવશતાનું મહાન દુઃખ અનુભવે છે.

કેટલાક જીવ માખી, મચ્છર, ભમરા, પતંગિયા આદિ ચૌરેન્દ્રિય યોનિમાં દુઃખ પામે છે. કેટલાક કીડી, મકોડા આદિ તેઈન્દ્રિય જીવ બનીને અજ્ઞાન દશામાં દુઃખ પામતાં જ રહે છે. આ જ પ્રમાણે લટ, ગિંડોલા, કૃમિ આદિ બેઈન્દ્રિય યોનિમાં જીવ દુઃખ પામે છે. પાંચ સ્થાવર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિઓની વિવિધ યોનિઓમાં જીવ બેભાન અવસ્થામાં દુઃખ ભોગવતા રહે છે. પાપકર્મથી ભારે બનેલા તે જીવો કદાચ મનુષ્ય ભવને પ્રાપ્ત કરે તોપણ આંધળા, લંગડા, કુબડા, મૂંગા, બહેરા આદિ રોગોથી વ્યાપ્ત, હીનાંગ, કમજોર, શક્તિહીન, બુદ્ધિહીન, ગરીબ, હીન, દીન થઈ દુઃખ ભોગવે છે.

આ પ્રમાણે હિંસક જીવ અનેક ભવપરંપરા પર્યંત કુગતિઓમાં ભ્રમણ કરીને દુઃખ ભોગવતા રહે છે.

❖❖❖❖❖

# પ્રથમ અધ્યયન

## હિંસા

પ્રશ્નવ્યાકરણ સૂત્રનો પ્રારંભ :–

**१** तेणं कालेणं तेणं समएणं चम्पा णामं णयरी होत्था । पुण्णभद्दे चेइए । वणसंडे । असोगवरपायवे । पुढविसिलापट्टए ।

तत्थ णं चम्पाए णयरीए कोणिए णामं राया होत्था । धारिणी देवी ।

तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी अज्जसुहम्मे णामं थेरे जाइ संपण्णे *जाव* पंचहिं अणगारसएहिं सद्धिं संपरिवुडे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे जेणेव चम्पा णयरी तेणेव उवागच्छइ *जाव* संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।

तेणं कालेण तेणं समएणं अज्जसुहम्मस्स अंतेवासी अज्जजंबू णामं अणगारे कासवगोत्तेणं *जाव* संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।

तए णं से अज्जजंबू जायसड्ढे *जाव* जेणेव सुहम्मे थेरे तेणेव उवागच्छइ उवागच्छित्ता अज्जसुहम्मं थेरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता णच्चासण्णे णाइदूरे विणएणं पंजलिउडे पज्जुवासमाणे एवं वयासी–

जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं णवमस्स अंगस्स अणुत्तरोववाइयदसाणं अयमट्ठे पण्णत्ते, दसमस्स णं अंगस्स पण्हावागरणाणं समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं के अट्ठे पण्णत्ते ?

जंबू ! दसमस्स अंगस्स समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं दो सुयक्खंधा पण्णत्ता– आसवदारा य संवरदारा य ।

पढमस्स णं भंते ! सुयक्खंधस्स समणेणं *जाव* संपत्तेणं कइ अज्झयणा

**पण्णत्ता ?**

**जंबू ! पढमस्स सुयक्खंधस्स समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पंच अज्झयणा पण्णत्ता ।**

**दोच्चस्स णं भंते ! सुयक्खंधस्स ? एवं चेव** *जाव* **पंच अज्झयणा पण्णत्ता।**

**एएसि णं भंते ! अण्हय-संवराणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**तए णं अज्जसुहम्मे थेरे जंबूणामेणं अणगारेणं एवं वुत्ते समाणे जंबू अणगारं एवं वयासी- एवं खलु जंबू !**

**इणमो अण्हय-संवर विणिच्छयं, पवयणस्स णिस्संदं ।**
**वोच्छामि णिच्छयत्थं, सुभासियत्थं महेसीहिं ॥१॥**

**पंचविहो पण्णत्तो, जिणेहिं इह अण्हओ अणाईओ ।**
**हिंसामोसमदत्तं अब्बंभपरिग्गहं चेव ॥२॥**

**जारिसमो जं णामा, जह य कओ जारिसं फलं देइ ।**
**जे वि य करेंति पावा, पाणवहं तं णिसामेह ॥३॥**

**ભાવાર્થ :–** તે કાલે તે સમયે ચંપા નામની નગરી હતી. તે નગરીની બહાર પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું, વનખંડ હતું. તેમાં એક ઉત્તમ અશોકવૃક્ષ હતું અને તેની નીચે એક પૃથ્વીમય શિલા હતી.

તે ચંપા નગરીમાં કોણિક નામના રાજા હતા. તેને ધારિણી નામની પટ્ટરાણી હતી. તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી સ્થવિર આર્ય સુધર્મા સ્વામી વિચરતા હતા. તેઓ જાતિ સંપન્ન ***યાવત્*** પાંચસો અણગારો સહિત, પૂર્વાનુપૂર્વી વિહાર કરતાં, ગ્રામાનુગ્રામ વિચરતાં ચંપા નગરીમાં પધાર્યા અને સંયમ તથા તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

તે કાલે તે સમયે આર્ય સુધર્મા સ્વામીના શિષ્ય કાશ્યપગોત્રીય જંબૂ નામના અણગાર હતા ***યાવત્*** સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરતા હતા.

એકવાર આર્ય જંબૂના મનમાં જિજ્ઞાસા ઉત્પન્ન થઈ ***યાવત્*** તે જ્યાં આર્ય સુધર્મા સ્વામી હતા ત્યાં આવ્યા, આવીને આર્ય સુધર્મા સ્વામીની ત્રણવાર પ્રદક્ષિણા કરી, વંદન નમસ્કાર કર્યા, વંદન અને નમસ્કાર કરીને ન અતિ નજીક ન અતિ દૂર બેસીને વિનયપૂર્વક બન્ને હાથ જોડીને(અંજલિ કરીને) પર્યુપાસના કરતાં આ પ્રમાણે કહ્યું.

ભંતે ! (હે પૂજ્ય) શ્રમણ ભગવાન મહાવીરે નવમા અંગ–અનુત્તરોપપાતિક દશાનો આ(જે મેં

સાંભળ્યો છે તે)અર્થ કહ્યો છે. તો શ્રમણ ભગવાન મહાવીરે દશમા અંગ પ્રશ્નવ્યાકરણનો શું અર્થ કહ્યો છે ?

જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે દશમા અંગના બે શ્રુતસ્કંધ કહ્યા છે. આશ્રવદ્વાર અને સંવરદ્વાર.

હે પૂજ્ય ! શ્રમણ ભગવાન મહાવીરે પ્રથમ શ્રુત સ્કંધના કેટલા અધ્યયન કહ્યા છે ?

હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે પ્રથમ શ્રુત સ્કંધના પાંચ અધ્યયન કહ્યા છે.

હે પૂજ્ય ! બીજા શ્રુતસ્કંધના કેટલા અધ્યયન કહ્યા છે ? એ જ પ્રમાણે છે ***યાવત્*** પાંચ અધ્યયન કહ્યા છે.

હે પૂજ્ય ! શ્રમણ ભગવાન મહાવીરે આશ્રવ અને સંવરનો શું અર્થ કહ્યો છે ?

ત્યાર પછી જંબૂ અણગારે આ પ્રમાણે પૂછ્યું ત્યારે સુધર્મા અણગારે જંબૂ અણગારને આ પ્રમાણે કહ્યું–

હે જંબૂ ! આશ્રવ અને સંવરનો સારી રીતે નિશ્ચય કરાવનાર પ્રવચનનો સાર(અર્થ) હું કહીશ. જે અર્થ મહર્ષિ તીર્થંકરો અને ગણધરો દ્વારા નિશ્ચિત કરેલો છે અને સંભાષિત છે અર્થાત્ સમીચીન રૂપે કહેવામાં આવ્યો છે. [૧]

જિનેશ્વર દેવે આશ્રવના પાંચ પ્રકાર કહ્યા છે– (૧) હિંસા (૨) અસત્ય (૩) અદત્તાદાન (૪) અબ્રહ્મ (૫) પરિગ્રહ. આ પાંચે આશ્રવો જગતમાં અનાદિથી છે. [૨]

પ્રાણવધરૂપ પ્રથમ આશ્રવ જેવો છે, તેના જે નામો છે, જે પ્રકાર અને જે પાપી પ્રાણીઓ દ્વારા તે કરાય છે અને જે પ્રમાણે કરાય છે અને તે જે(ઘોર દુઃખમય) ફળ પ્રદાન કરે છે તે તમે સાંભળો. [૩]

## વિવેચન :-

પ્રસ્તુત પ્રારંભિક ત્રણ ગાથામાં શાસ્ત્રનો પ્રતિપાદ્ય વિષય, શાસ્ત્રની પ્રામાણિકતા, આશ્રવના પ્રકાર, તેનો નામોલ્લેખ તેમજ આશ્રવદ્વારનો વિષયોલ્લેખ કર્યો છે.

**આશ્રવ :– आ अभिविधिना सर्व व्यापक विधित्वेन श्रौति–स्रवति कर्म येभ्यस्ते आश्रवाः** । જેનાથી આત્મપ્રદેશોમાં કર્મ પરમાણુ પ્રવિષ્ટ થાય તેને આશ્રવ કહે છે. જે સમયે આત્મા ક્રોધાદિ અથવા હિંસાદિ ભાવોમાં તન્મય હોય છે તે સમયે આશ્રવની ક્રિયા થાય છે. બંધની પૂર્વ અવસ્થા આશ્રવ છે. કર્મબંધના જે કારણો છે તે આશ્રવ કહેવાય છે.

**આશ્રવ સંખ્યા :–** આશ્રવની સંખ્યા અને નામના વિષયમાં વિવિધ માન્યતાઓ પ્રચલિત છે– (૧) શ્રી સ્થાનાંગ સૂત્રમાં આશ્રવના એક, પાંચ, છ, આઠ, દશ પ્રકાર કહ્યા છે. (૨) શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં આશ્રવના પાંચ પ્રકાર કહ્યા છે. પ્રસ્તુત આગમમાં આશ્રવના પાંચ પ્રકાર કહ્યા છે.

**(૧) એક પ્રકાર–** આશ્રવ એક છે. કર્મના કારણભૂત તત્ત્વની અપેક્ષાએ આશ્રવ એક છે.

**(૨) પાંચ પ્રકાર–** મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ અથવા હિંસા, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ.

**(૩) છ પ્રકાર–** શ્રોતેન્દ્રિય આશ્રવ, ચક્ષુરિન્દ્રિય આશ્રવ, ઘ્રાણેન્દ્રિય આશ્રવ, રસનેન્દ્રિય આશ્રવ, સ્પર્શેન્દ્રિય આશ્રવ, નો ઈન્દ્રિય આશ્રવ.

**(૪) આઠ પ્રકાર–** શ્રોતેન્દ્રિય આશ્રવ ***યાવત્*** સ્પર્શેન્દ્રિય આશ્રવ, મન આશ્રવ, વચન આશ્રવ, કાય આશ્રવ.

**(૫) દશ પ્રકાર–** શ્રોતેન્દ્રિય આશ્રવ ***યાવત્*** કાય આશ્રવ, ઉપકરણ આશ્રવ, શુચિ કુશાગ્ર આશ્રવ.

અન્ય પ્રકારે આશ્રવના બીજા ભેદ પણ થાય છે.

**આશ્રવ પ્રક્રિયાનો પ્રારંભ :–** પ્રત્યેક સંસારી જીવ અનાદિકાલથી રાગ–દ્વેષાદિ પરિણામોથી યુક્ત છે અને આશ્રવની–કર્મ આવવાની પ્રક્રિયા પણ અનાદિકાલથી ચાલુ જ છે. જ્યારે જીવ આશ્રવના કારણભૂત રાગાદિ ભાવોથી સર્વથા મુક્ત બની જાય ત્યારે તે પ્રક્રિયાનો અંત આવે છે અને એક વાર તે પ્રક્રિયાનો સર્વથા અંત થયા પછી પુનઃ તેનો પ્રારંભ થતો નથી. સંવરભાવથી આશ્રવનો નિરોધ–અંત થાય છે.

**આશ્રવ દ્વારનો પ્રતિપાદ્ય વિષય :–** સૂત્રકારે આશ્રવદ્વારના વિષયોનું નિરૂપણ પાંચ પ્રકારે કર્યું છે. (૧) હિંસાદિ આશ્રવોનું સ્વરૂપ (૨) તેના વિવિધ નામ (૩) હિંસાદિ આશ્રવજનક કૃત્યો (૪) હિંસાદિ આશ્રવોનું ફળ (૫) હિંસાદિ આશ્રવોનું સેવન કરનાર પાપી જીવો.

## હિંસા–પ્રાણવધનું સ્વરૂપ :–

**२ पाणवहो णाम एसो जिणेहिं भणिओ– पावो, चंडो, रुद्दो, खुद्दो, साहसिओ, अणारिओ, णिग्घिणो, णिस्संसो, महब्भओ, पइभओ, अइभओ, बीहणओ, तासणओ, अणज्जओ(तज्जणओ), उव्वेयणओ य, णिरवयक्खो, णिद्धम्मो, णिप्पिवासो, णिक्कलुणो, णिरयवासगमणणिधणो, मोहमहब्भयपयट्टओ, मरणवेमणस्सो । एस पढमं अहम्मदारं ॥**

**ભાવાર્થ :–** જિનેશ્વર ભગવંતે પ્રાણવધનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે. આ પ્રાણવધ (૧) પાપરૂપ છે (૨) ચંડ છે તેમજ (૩) રૂદ્ર (૪) ક્ષુદ્ર (૫) સાહસિક (૬) અનાર્ય (૭) નિર્ઘુણ (૮) નૃશંસ (૯) મહાભય (૧૦) પ્રતિભય (૧૧) અતિભય (૧૨) બિહામણો (૧૩) ત્રાસજનક (૧૪) અન્યાય(તર્જના રૂપ) (૧૫) ઉદ્વેગજનક (૧૬) નિરપેક્ષ (૧૭) નિર્ધર્મ (૧૮) નિષ્પિપાસ (૧૯) નિષ્કરુણ (૨૦) નરકવાસ ગમન–નિધન (૨૧) મોહ મહાભય પ્રવર્તક (૨૨) મરણ વૈમનસ્ય રૂપ છે. આ પ્રથમ અધર્મ દ્વારનું સ્વરૂપ છે.

## વિવેચન :–

આ સૂત્રમાં હિંસાના સ્વરૂપ દર્શક અનેક શબ્દોનો ઉલ્લેખ કરીને શાસ્ત્રકારે હિંસાના વિરાટ સ્વરૂપને સ્પષ્ટ કર્યું છે. કાર્ય કારણની પરંપરા અનુસાર કોઈ પણ કાર્યનું અસ્તિત્વ કેવળ અભિવ્યક્તિ કાળમાં જ હોતું નથી પરંતુ કારણ રૂપે ભૂતકાળમાં અને પરિણામ રૂપે ભવિષ્યમાં પણ રહે છે.

હિંસા ક્ષણિક ઘટના નથી. હિંસકકૃત્ય દશ્યકાળમાં–વર્તમાનકાલમાં પ્રગટ થાય છે પણ તેનું ઉપાદાન ભૂતકાળમાં તેમજ તેનું પરિણામ ભવિષ્યમાં વ્યાપ્ત છે અર્થાત્ તેનો પ્રભાવ ત્રૈકાલિક હોય છે.

કોઈ પણ કાર્યની ઉત્પત્તિમાં ઉપાદાન અને નિમિત્ત કારણની આવશ્યક્તા છે. ઉપાદાન કારણ આત્માના જ શુભાશુભ ભાવો છે અને નિમિત્ત કારણ બાહ્ય સંયોગ, વેષ, પરિસ્થિતિ, અન્ય સાધનો વગેરે છે.

હિંસા રૂપ આશ્રવનું ઉપાદાન કારણ આત્માની જ વૈભાવિક પરિણતિ છે. નિમિત્તકારણમાં વિવિધતા હોય છે. નિમિત્તની અપેક્ષાએ ઉપાદાનમાં વૈવિધ્ય પ્રગટ થાય છે. તેથી જ સ્વરૂપની અપેક્ષાએ એક હોવા છતાં હિંસાના અનેક વિશેષણો છે. પ્રત્યેક વિશેષણ રૂપ વિશિષ્ટ શબ્દો હિંસાના સ્વરૂપને જ સ્પષ્ટ કરે છે.

(૧) **पावो** :– હિંસા પાપકર્મના બંધનું કારણ હોવાથી તે પાપરૂપ છે.

(૨) **चंडो** :– કષાયથી ઉગ્ર બનેલ વ્યક્તિજ પ્રાણવધ કરે છે તેથી તે ચંડ રૂપ છે.

(૩) **रुद्दो** :– હિંસા સમયે જીવ રૌદ્ર પરિણામી બની જાય છે માટે હિંસા રૂદ્ર છે.

(૪) **खुद्दो** :– ક્ષુદ્ર વ્યક્તિ જ હિંસા કરે છે તેથી તેને ક્ષુદ્ર કહે છે. સર્વ જીવો પ્રતિ વાત્સલ્યભાવ અહિંસા છે. જ્યારે તે ભાવ સંકીર્ણ બને ત્યારે તેની વિચારધારા સ્વકેન્દ્રિત બની જાય છે અર્થાત્ તે તુચ્છ વૃત્તિવાન કે ક્ષુદ્ર બની જાય છે અને સ્વકેન્દ્રિત વૃત્તિનું પોષણ કરવા તે હિંસાનું આચરણ કરે છે.

(૫) **साहसिओ** :– હિંસાનું કાર્ય વિચાર્યા વિના સહસા થાય છે તેથી તેને સાહસિક કહે છે.

**साहसिकः सहसा अविचार्य कारित्वात्**– વિચાર્યા વિના કાર્ય કરનારને સાહસિક કહે છે. સાહસિક વ્યક્તિ અવિવેકી બની જાય છે અને અવિવેકી જ હિંસા કરે છે.

(૬) **अणारिओ** :– અનાર્ય પુરૂષોદ્વારા આચરિત હોવાથી અથવા હિંસા હેય પ્રવૃતિ હોવાથી તેને અનાર્ય કહેછે.

(૭) **णिग्घिणो** :– હિંસા સમયે પાપ પ્રત્યે તિરસ્કાર થતો નથી, પાપની ઘૃણા રહેતી નથી માટે તેને નિર્ઘૃણ કહે છે.

(૮) **णिस्संसो** :– હિંસા એ દયા હીનતાનું કાર્ય છે, પ્રશસ્ત નથી માટે તે નૃશંસ છે.

(૯) **महब्भओ** :– હિંસાની પ્રક્રિયામાં હિંસક, હિંસ્ય અને હિંસાના કૃત્ય જોનાર ભયભીત થાય છે. આ રીતે હિંસામાં ભય વ્યાપ્ત છે. હિંસા ભયનું કારણ છે તેથી તે મહાભયરૂપ છે. **महाभयहेतुत्वात् महा–भयः ।**

(૧૦) **पइभओ** :– હિંસા પ્રત્યેક પ્રાણીને માટે ભયનું કારણ છે. **प्रति प्राणी भयनिमित्तत्वात् प्रतिभयः ।**

(૧૧) **अइभओ** :– પ્રાણીમાત્રને સર્વથી અધિક મૃત્યુનો ભય છે. તેથી તે અતિભયરૂપ છે. '**एतस्मात् अन्यत् भयं नास्ति, मरणसमं नत्थि भयमिति ।**'

(૧૨) **बीहणओ** :– હિંસા એ બિહામણી ક્રિયા છે.

(૧૩) **तासणओ** :– હિંસા બીજાને ત્રાસ અથવા ક્ષોભ ઉત્પન્ન કરનાર છે માટે તે ત્રાસનક કહેવાય છે.

(૧૪) **अणज्जओ(तज्जणओ)** :– નીતિયુક્ત ન હોવાના કારણે હિંસા અન્યાયરૂપ છે, બીજાને પીડાકારી હોવાના કારણે તર્જનારૂપ છે.

(૧૫) **उव्वेयणओ** :– હૃદયમાં ઉદ્વેગ,ગભરાટ ઉત્પન્ન કરાવે છે, તેથી ઉદ્વેગજનક છે.

(૧૬) **णिरवयक्खो** :– હિંસક પ્રાણી અન્ય પ્રાણીની અપેક્ષાની પરવાહ કરતા નથી, તેને તુચ્છ સમજે છે. પ્રાણઘાત કરવો તે તેના માટે રમત વાત હોય છે, માટે તેને નિરપેક્ષ કહે છે.

(૧૭) **णिद्धम्मो** :– હિંસા ધર્મથી વિપરીત છે. ભલે તે કોઈ લૌકિક કામનાની પૂર્તિ માટે, સદ્‌ગતિની પ્રાપ્તિ માટે અથવા ધર્મના નામે કરવામાં આવે, પ્રત્યેક સ્થિતિમાં તે અધર્મ છે. ધર્મથી વિપરીત છે. **हिंसा नामो भवेतधर्मो न भूतो न भविष्यति** અર્થાત્ હિંસા ત્રિકાળમાં પણ ધર્મ બની શકતી નથી.

(૧૮) **णिप्पिवासो** :– હિંસકના ચિત્તમાં હિંસ્યના જીવનની પિપાસા(ઈચ્છા)હોતી નથી માટે તે નિષ્પિપાસ કહેવાય છે.

(૧૯) **णिक्कलुणो** :– હિંસકના મનમાં કરૂણાભાવ હોતો નથી, તે નિર્દય થઈ જાય છે, માટે તે નિષ્કરુણ છે.

(૨૦) **णिरयवासगमणणिधणो** :– હિંસા નરકગતિની પ્રાપ્તિરૂપ પરિણામવાળી છે. માટે તેને નરકાવાસ ગમન–નિધન કહે છે.

(૨૧) **मोहमहब्भयपयट्टओ** :– હિંસા મૂઢતા અને ઘોર ભયને ઉત્પન્ન કરનારી છે માટે મોહ મહાભય પ્રવર્તક છે.

(૨૨) **मरण वेमणस्स** :– મરણના કારણે જીવો સાથે વૈમનસ્ય ઉત્પન્ન થાય છે.

ઉલ્લિખિત વિશેષણો દ્વારા સૂત્રકારે હિંસાના વાસ્તવિક અને વિરાટ સ્વરૂપને પ્રદર્શિત કરીને તેની

હેયતા પ્રગટ કરી છે.

## હિંસાના ૩૦ નામ :–

**३ तस्स य णामाणि इमाणि गोण्णाणि होंति तीसं, तं जहा– पाणवहं, उम्मूलणा सरीराओ, अवीसंभो, हिंसविहिंसा तहा, अकिच्चं च, घायणा य, मारणा य, वहणा, उद्दवणा, तिवायणा य, आरंभसमारंभो, आउयक्कम्मस्सुवद्दवो भेयणिट्ठवण– गालणा य संवट्टगसंखेवो, मच्चू, असंजमो, कडगमद्दणं, वोरमणं, परभव– संकामकारओ, दुग्गइप्पवाओ, पावकोवो य, पावलोभो, छविच्छेओ, जीवियंतकरणो, भयंकरो, अणकरो, वज्जो, परियावणअण्हओ, विणासो, णिज्जवणा, लुंपणा, गुणाणं विराहणत्ति य । तस्स एयाणि एवमाईणि णामधिज्जाणि होंति तीसं, पाणवहस्स कलुसस्स कडुयफल देसगाइं ॥**

**ભાવાર્થ :–** પ્રાણવધરૂપ હિંસાના વિવિધ અર્થના પ્રતિપાદક ગુણવાચક ત્રીસ નામ છે જેમ કે– (૧) પ્રાણવધ (૨) શરીરથી[જીવોના પ્રાણોનું] ઉન્મૂલન કરવું તે (૩) અવિશ્વાસ (૪) હિંસા વિહિંસા (૫) અકૃત્ય (૬) ઘાતકારી (૭) મારણ (૮) વધકારી (૯) ઉપદ્રવકારી (૧૦) અતિપાતકારી (૧૧) આરંભ–સમારંભ (૧૨) આયુકર્મનો ઉપદ્રવ, ભેદ, નિષ્ઠાપન, ગાલના, સંવર્તક અને સંક્ષેપ (૧૩) મૃત્યુ (૧૪) અસંયમ (૧૫) કટક (સૈન્ય) મર્દન (૧૬) વ્યુપરમણ (૧૭) પરભવ સંક્રામણકારક (૧૮) દુર્ગતિપ્રપાત (૧૯) પાપકોપ (૨૦) પાપલોભ (૨૧) છેદન (૨૨) જીવિત–અંતઃકરણ (૨૩) ભયંકર (૨૪ ) ૠણકર (૨૫) વજ્ર (૨૬) પરિતાપન આશ્રવ (૨૭) વિનાશ (૨૮) નિર્યાપના (૨૯) લુંપના (૩૦) ગુણોની વિરાધના. ઈત્યાદિ ક્લેશયુક્ત પ્રાણવધના કટુફળ નિર્દેશક આ ત્રીસ નામ છે.

## વિવેચન :–

આ સૂત્રમાં પણ પ્રકારાન્તરે હિંસાના કટુફળ નિર્દેશક પર્યાયવાચી ૩૦ નામનું કથન છે. પ્રત્યેક નામમાં દ્રશ્યકાલીન અર્થાત્ અભિવ્યક્ત હિંસાનું જ ચિત્રણ છે. તેમજ તેમાં હિંસાની પ્રવૃત્તિ, તેના કારણ અને તેના પરિણામનું પણ દર્શન થાય છે. યથા–

(૧) **पाणवह :–** જે જીવને જેટલા પ્રાણ હોય છે, તેનું હનન થાય છે, માટે તેને પ્રાણવધ કહે છે.

(૨) **उम्मूलणा सरीराओ :–** (ઉન્મૂલના શરીરાત્)જીવને શરીરથી જૂદો કરવો. પ્રાણીના પ્રાણોનો નાશ થાય છે માટે તે ઉમ્મૂલના શરીર કહેવાય છે.

(૩) **अवीसंभो :–** (અવિશ્રમ્ભ)અવિશ્વાસ, હિંસક વ્યક્તિ પર કોઈને વિશ્વાસ આવતો નથી. તે અવિશ્વાસજનક છે માટે અવિશ્રમ્ભ છે.

(૪) **हिंसविहिंसा (हिंस्यविहिंसा)**:– જેની હિંસા કરવામાં આવે છે, તેના પ્રાણોને હણી નાંખે છે, તેથી તેને હિંસ્યવિહિંસા કહે છે.

(૫) **अकिच्चं (अकृत्यम्)** :– સત્પુરુષો દ્વારા કરવા યોગ્ય કાર્ય ન હોવાથી હિંસા અકૃત્ય–કુકૃત્ય રૂપ છે.

(૬) **घायणा** :– પ્રાણોની ઘાત કરવા રૂપ હોવાથી તેને ઘાતકારી કહે છે.

(૭) **मारणा** :– હિંસા મરણને ઉત્પન્ન કરનારી હોવાથી તેને મારણા કહે છે.

(૮) **वहणा** :– હણવારૂપ હોવાથી તેને વધકારી કહે છે.

(૯) **उद्दवणा** : અન્યને પીડા પહોંચાડવાના કારણે તે ઉપદ્રવરૂપ છે.

(૧૦) **तिवायणा (त्रिपातना)** :– મન–વચન–કાયા અથવા શરીર આયુષ્ય એવં ઈન્દ્રિય આ ત્રણનું પતન થવાના કારણે તે ત્રિપાતના છે. અહીં "નિવાયણા" પાઠ પણ પ્રાપ્ત થાય છે પરંતુ અર્થમાં સમાનતા છે.

(૧૧) **आरंभ–समारंभो** :– જીવોને કષ્ટ પહોંચાડવાના કારણે અથવા તેને મારવાના કારણે હિંસાને આરંભ સમારંભ કહેલ છે. જ્યાં આરંભ–સમારંભ છે ત્યાં હિંસા અનિવાર્ય છે.

(૧૨) **आउयक्कम्मस्स उवद्दवो, भेयणिट्ठवणगालणा य संवट्टग संखेवो** :– **(आयुः कर्मणःउपद्रवः भेदनिष्ठापन गालना संवर्तक संक्षेपः)** આયુષ્ય કર્મનું ઉપદ્રવણ કરવું, ભેદન કરવું, નિષ્ઠાપન કરવું, ગાળવું–ક્ષય કરવો, સંવર્તક(નાશ) કરવો અથવા આયુષ્યને સંક્ષિપ્ત કરવું. લાંબા કાળ સુધી ભોગવવા યોગ્ય આયુષ્યને અલ્પ સમયમાં ભોગવવા યોગ્ય બનાવી લેવું.

(૧૩) **मच्चू** :– મૃત્યુનું કારણ હોવાથી અથવા મૃત્યુરૂપ હોવાથી હિંસા તે મૃત્યુ છે.

(૧૪) **असंजमो** :– જ્યાં સુધી પ્રાણી સંયમ ભાવમાં રહે છે ત્યાં સુધી હિંસા થતી નથી. અસંયમની સ્થિતિમાં જ હિંસા થાય છે માટે તે અસંયમ છે.

(૧૫) **कडगमद्दण** :– (કટકમર્દન) સેના દ્વારા આક્રમણ કરીને પ્રાણનો વધ કરવો અથવા સેનાના વધ કરવા રૂપ હોવાથી તેને કટકમર્દન કહે છે.

(૧૬) **वोरमण** :– (વ્યુપરમણ)–પ્રાણોને જીવથી જુદા કરવારૂપ હોવાથી તેને વ્યુપરમણ કહે છે.

(૧૭) **परभव संकामकारओ** :– (પરભવ સંક્રમકારક) વર્તમાન ભવથી અલગ કરીને પરભવમાં પહોંચાડવાના કારણે તેને પરભવ સંક્રમકારક કહે છે.

(૧૮) **दुग्गइप्पवाओ :–** (દુર્ગતિપ્રપાત) નરકાદિ દુર્ગતિમાં પાડનાર હોવાથી તેને દુર્ગતિપ્રપાત કહે છે.

(૧૯) **पावकोवो :–** (પાપ કોપ)હિંસા પાપરૂપ છે કારણ કે તેના આદિ મધ્ય અને અંત અશુભ છે. આવેગમય સંસ્કારોનો ઉદય તે કષાયરૂપ છે. કષાય વિના હિંસાનો સંભવ નથી, માટે હિંસાને પાપકોપ કહે છે.

(૨૦) **पावलोभो :–** (પાપલોભ) હિંસા પાપ પ્રત્યે લોભ, આકર્ષણ, પ્રીતિ વધારનાર છે, તેથી તેને પાપલોભ કહે છે.

(૨૧) **छविच्छेओ :–** (છવિચ્છેદ) હિંસા દ્વારા વિદ્યમાન શરીરનું છેદન થવાથી તેને છવિચ્છેદ કહે છે.

(૨૨) **जीवियंतकरणो :–** (જીવિતાંતકરણ) જીવનનો અંત કરનાર હોવાથી જીવિયંતકરણરૂપ છે.

(૨૩) **भयंकरो :–** (ભયંકર) ભયને ઉત્પન્ન કરનાર હોવાથી ભયંકર છે.

(૨૪) **अणकरो :–** (ઋણકર) હિંસા કરવી તે કરજ–ઋણ કરવા તુલ્ય છે. ભવિષ્યમાં જેને ભોગવીને ઘોર કષ્ટ સહન કરવું પડે છે તેથી તેને ઋણકર કહે છે.

(૨૫) **वज्जो :–** (વજ્ર–વર્જ્ય) હિંસા જીવને વજ્રની જેમ ભારે બનાવી અધોગતિમાં લઈ જાય છે તેથી વજ્ર કહે છે અને આર્યપુરુષો દ્વારા ત્યાજ્ય હોવાથી વર્જ્ય કહે છે.

(૨૬) **परियावण–अण्हओ :–** (પરિતાપન–આસ્રવ) પ્રાણીઓને પરિતાપના પહોંચાડે છે અને તેના ક્રૂર પરિણામ કર્મના આશ્રવનું કારણ છે તેથી તેને પરિતાપન આશ્રવ કહે છે.

(૨૭) **विणासो :–** (વિનાશ) પ્રાણોનો વિનાશ થતો હોવાથી તેને વિનાશ કહે છે.

(૨૮) **णिज्जवणा :–** (નિર્યાપના) પ્રાણોની સમાપ્તિનું કારણ હોવાથી તેને નિર્યાપના કહે છે.

(૨૯) **लुंपणा :–** (લુમ્પના) પ્રાણોનો લોપ થતો હોવાથી તેને લુંપના કહે છે.

(૩૦) **गुणाणं विराहणा :–** (ગુણોની વિરાધના) હિંસા, મરનાર અને મારનાર બન્નેના સદ્‌ગુણોને વિનષ્ટ કરે છે, માટે તેને ગુણ વિરાધના કહે છે.

## હિંસક જીવો :–

**૪ तं च पुण करेंति केइ पावा असंजया अविरया अणिहुयपरिणामदुप्पयोगा पाणवहं भयंकरं बहुविहं बहुप्पगारं परदुक्खुप्पायणसत्ता इमेहिं तसथावरेहिं जीवेहिं पडिणिविट्ठा । किं ते ?**

**ભાવાર્થ :–** કેટલાક પાપી, અસંયમી, અવિરતિ, તપશ્ચર્યાના અનુષ્ઠાનથી રહિત, અનુપશાંત પરિણામ વાળા, મન–વચન–કાયાના દુષ્ટ વ્યાપારવાળા, બીજા પ્રાણીઓને પીડા પહોંચાડવામાં આસક્ત, ત્રસ અને સ્થાવર જીવો પ્રતિ દ્વેષી જીવો અનેક પ્રકારે, જુદા–જુદા ભેદ–પ્રભેદોથી ભયંકર પ્રાણવધ–હિંસા કર્યા કરે છે. તે કયા જીવોની હિંસા કરે છે ? (સૂત્રકારે તેનો ઉત્તર પછીના સૂત્રો દ્વારા આપ્યો છે.)

### હિંસ્ય જલચર જીવ :–

**૫** **पाठीण–तिमि–तिमिंगल–अणेगझस–विविहजाइमंडुक्क–दुविहकच्छभ–णक्क–मगर दुविहगाह–दिलिवेढय–मंडुय–सीमागार–पुलुय–सुंसुमार–बहुप्पगारा जलयरविहाणा कते य एवमाई ।**

**ભાવાર્થ** :– પાઠીન–એક વિશેષ પ્રકારની માછલી, તિમિ– મોટા માછલાં, તિમિંઘલ–મહામત્સ્ય, અનેક પ્રકારની ઝસ–માછલીઓ, અનેક પ્રકારનાં દેડકાં, બે પ્રકારના કાચબા–અસ્થિકાચબો અને માંસ કાચબો, બે પ્રકારના મગર–સુંડામગર અને મત્સ્યમગર, શુંડાગાર અને અશુંડાગાર એમ બે પ્રકારના ગ્રાહ(એક વિશિષ્ટ જલચર જીવ), દિલિવેષ્ટ–પૂંછડાથી લપેટનારા જળજંતુ, મંડુક, સીમાકાર, પુલક, સુંસુમાર ઈત્યાદિ અનેકાનેક પ્રકારના જલચર જીવોની ઘાત કરે છે.

### વિવેચન :–

પાપી, કરુણાહીન પુરુષો પોતાના સુખ માટે અન્ય અનેક પ્રાણીઓની હિંસા કરે છે. તેમાં ઉપરોક્ત સૂત્રમાં કેટલાક જલચર જીવોનો નામોલ્લેખ છે. જે મૂળપાઠથી જ સ્પષ્ટ છે.

### સ્થળચર ચતુષ્પદ જીવ :–

**૬** **कुरंग–रुरु–सरस–चमर–संबर–उरब्भ–ससय–पसय–गोण–रोहिय–हय–गय– खर–करभ–खग्ग–वाणर–गवय–विग–सियाल–कोल–मज्जार–कोलसुणग–सिरियंदल–गावत्त कोकंतिय–गोकण्ण–मिय–महिस–वियग्घ–छगल–दीविय– साण–तरच्छ–अच्छ–भल्ल–सद्दूल–सीह–चिल्लला–चउप्पयविहाणाकए य एवमाई ।**

**ભાવાર્થ** :– કુરંગ–હરણ, રુરુ–મૃગનો એક પ્રકાર, સરભ–અષ્ટાપદ, ચમર–નીલગાય, સંબર–સાબર, ઉરભ્ર–ઘેંટા, સસગ–સસલા, પસય–પ્રશય(વન્યપશુ વિશેષ),ગોણ–બળદ, રોહિય– પશુવિશેષ, ઘોડા, હાથી, ગધેડા, કરભ–ઊંટ, ખડ્ગ–ગેંડા, વાનર, ગવય–રોઝ, વૃક–વરુ, શિયાળ, કોલ–ડુક્કર, બિલાડો, કોલશુનક– મોટાશુવર, શ્રીકંદલક અને આર્વત નામક ખરીવાળા પશુ, લોમડી, ગોકર્ણ(પશુ વિશેષ), મૃગ, ભેંસ, વાઘ, બકરા, દ્વીપિક(માંસાહારી શિકારી પશુ), સાણ–જંગલી કૂતરા, તરક્ષ, જરખ, રીંછ, શાર્દૂલ–સિંહ– કેસરીસિંહ, ચિત્તા–નખવાળા એક વિશિષ્ટ પશુ ઈત્યાદિ ચતુષ્પદ પ્રાણીની હિંસા કરે છે.

### વિવેચન :–

સૂત્રોક્ત સ્થલચર જીવોના નામ બહુધા પ્રસિદ્ધ છે અને કેટલાક અપ્રસિદ્ધ નામો છે.

**સરભ** :– મોટા શરીરવાળું વન્ય પ્રાણી છે. જે પોતાની પીઠ પર હાથીને પણ ઉપાડી લે છે. તેને પરાસર

પણ કહે છે.

**खड्ग :–** જેના બંને પાછળના ભાગમાં પાંખોની જેમ ચામડી હોય છે અને મસ્તક પર એક શિંગડું હોય છે.

**ઉરપરિસર્પ જીવ :–**

**૭ अयगर–गोणस–वराहि–मउलि–काओदर–दब्भपुप्फ–आसालिय–महोरगोर–गविहाणाकए य एवमाई ।**

**ભાવાર્થ :–** અજગર, ગોણસ–ફેણવગરનાસર્પ વિશેષ, વરાહી–દષ્ટિવિષ સર્પ જેના નેત્રોમાં વિષ રહે છે, મુકુલી– ફેણવાળો સર્પ, કાકોદર–સામાન્ય સર્પ, દર્ભપુષ્પ એક પ્રકારનો દર્વીકર સર્પ, આસાલિક–સર્પ વિશેષ, મહોરગ–વિશાળ કાય સર્પ. આ સર્વ અને આ પ્રકારના અન્ય ઉરપરિસર્પ જીવોનો વધ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઉરપરિસર્પ જીવોના કેટલાક નામોનો ઉલ્લેખ છે. ઉરપરિસર્પ –જે છાતીના ભાગનો આધાર લઈને ચાલે છે, તે બાર યોજન લાંબો હોય છે, તે સમૂર્ચ્છિમ છે, તેનું આયુષ્ય માત્ર એક અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. જ્યારે કોઈ ચક્રવર્તી અથવા વાસુદેવનો વિનાશ થવાનો હોય, ત્યારે તેની સેનાના પડાવ નીચે અથવા કોઈ નગર આદિના વિનાશના સમયે અશાલિક નગરની નીચે ઉત્પન્ન થાય છે. અંતર્મુહૂર્તમાં મૃત્યુ પામતાં પૃથ્વીના તે ભાગમાં પોલાણ થઈ જાય છે અને ગામ કે નગર પોલાણમાં સમાઈ જાય છે, નષ્ટ થઈ જાય છે.

મહોરગ સર્પ ઉત્કૃષ્ટ એક હજાર જોજન લાંબો હોય છે અને અઢી દ્વીપની બહાર હોય છે. પરંતુ જો તે અઢીદ્વીપની અંદર હોય તો જ મનુષ્ય તેનો વધ કરી શકે.માટે અહીં મધ્યમ અવગાહનાવાળા મહોરગ જીવ સમજવા જોઈએ, તે અઢીદ્વીપમાં થાય છે.

**ભુજપરિસર્પ :–**

**૮ छीरल–सरंब–सेह–सेल्लग–गोधा–उंदुर–णउल–सरड–जाहग–मुगुंस–खाडहिल–वाउप्पिय घिरोलिया सिरीसिवगणे य एवमाई ।**

**ભાવાર્થ :–** (૧) ક્ષીરલ– એક વિશિષ્ટ જીવ જે ભુજાઓના સહારે ચાલે છે (૨) સરંબ (૩) શેળો– જેના શરીર પર મોટા–મોટા કાળા સફેદ રંગના કાંટા હોય છે (૪) ચંદન ઘો (૫) ઘોયરો (૬) ઉંદર (૭) નોળિયો (૮) કાકીડો–જે પોતાનો રંગ બદલવામાં સમર્થ હોય છે (૯) કાંટાથી ઢંકાયેલ એક વિશેષ જીવ (૧૦) ખિસકોલી (૧૧) છછુંદર (૧૨) વાયુપ્રિય જીવ વિશેષ અથવા વાતોત્પતિકા–લોકોને ગમે તેવુ જંતુ વિશેષ (૧૩) ગૃહ કોકીલા–ગરોળી ઈત્યાદિ અનેક પ્રકારના ભુજપરિસર્પ જીવોનો વધ કરે છે.

**વિવેચન :–**

પરિસર્પ બે પ્રકારના હોય છે. ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ. ભુજપરિસર્પ ભુજાથી–પોતાના નાના–નાના પગોથી ચાલે છે. ઉરપરિસર્પને તેવું કોઈ અંગ ન હોવાથી તે છાતીથી ચાલે છે.

**ખેચર જીવ :–**

**९ कादंबक–बक–बलाका–सारस–आडासेईय–कुलल–वंजुल–पारिप्पव–कीर–सउण–दीविय–हंस–धत्तरिट्ठग–भास–कुलीकोस–कोंच–दगतुंड–ढेणियालग–सुईमुह–कविल–पिंगलक्खग–कारंडग– चक्कवाग– उक्कोस–गरुल–पिंगुल–सुय–बरहिण–मयणसाल–णंदीमुह– णंदमाणग–कोरंग– भिंगारग–कोणालग– जीवजीवग–तित्तिर वट्टग–लावग–कपिंजलग– कवोतग–पारेवग–चिडिग–ढिंक–कुक्कड– वेसर–मयूरग– चउरग–हयपोंडरीय– करकरग–चीरल्ल–सेण–वायस–विहग–सेयचास (विहग–सेण सिणचास) वग्गुलि–चम्मट्ठिल–विययपक्खी–समुग्गपक्खी खहयर–विहाणाकए य एवमाई ।**

**ભાવાર્થ :–** કાદમ્બક–વિશેષ પ્રકારનો હંસ, બક–પક્ષી વિશેષ, બલાકા–બગલા, સારસ, આડાસેતીય, કુલલ, વંજુલ, પરિપ્લવ, પોપટ, શકુન–તેતર, દ્વીપિક–એક પ્રકારની કાળી ચકલી, શ્વેતહંસ, ધાર્તરાષ્ટ–કાળા મોઢા અને કાળા પગવાળા હંસ, ભાસક, કુટીક્રોશ, ક્રૌંચ, જલકુકડી, ઢેલિયાણ–મયૂરી, સૂચીમુખ–સુઘરી, કોયલ, પિંગલાક્ષ, કારંકડ, ચક્રવાક–ચકલા, ઉક્કોસ, ગરુડ, પિંગલ–લાલ રંગનો પોપટ, શુક–લાલ ચાંચવાળો પોપટ, મોર, મદનશાલિકા–મેના, નંદીમુખ, નંદમાનક–બે અંગુલ શરીર પ્રમાણવાળા અને ભૂમિ પર કૂદનારા વિશિષ્ટ પક્ષી, કોરંગ, ભૃંગારક–ભિંગોડી, કુણાલક, જીવજીવક–ચાતક, તેતર, વર્તક, લાવક, કપિંજલ, કબૂતર, પારાવત(વિશિષ્ટ પ્રકારનું કબૂતર), ચકલી, ઢિંક, કૂકડા, મેસર, મયુર–મોર, ચકોર, હૃદપુંડરિક(જલીયપક્ષી), કરક, ચીરલ–સમડી, બાજ, વાયસ–કાગડા, વિહગ (એક વિશિષ્ટ જાતિનું પક્ષી), શ્વેતચાસ, વલ્ગુલી, ચામાચીડીયા, વિતતપક્ષી, સમુદ્ગપક્ષી ઈત્યાદિ અનેક જાતના પક્ષીઓની હિંસા કરે છે.

**અન્ય વિવિધ પ્રાણી :–**

**१० जल–थल–खग–चारिणो उ पंचिंदियपसुगणे बिय–तिय–चउरिंदिए विविहे जीवे पियजीविए मरणदुक्खपडिकूले वराए हणंति बहुसंकिलिट्ठकम्मा ।**

**ભાવાર્થ :–** જલ–સ્થલ અને આકાશમાં વિચરણ કરનારા, પંચેન્દ્રિય પ્રાણી તથા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અથવા ચૌરેન્દ્રિયપ્રાણી અનેકાનેક પ્રકારના છે. આ સર્વ પ્રાણીઓને જીવન પ્રિય છે. મરણનું દુઃખ પ્રતિકૂળ

છે છતાં અત્યંત સંકિલષ્ટકર્મી પાપી પુરુષ આ બિચારા દીન–હીન પ્રાણીઓનો વધ કરે છે.

### વિવેચન :–

જગતમાં અગણિત પ્રાણીઓ છે. તેની ગણના સર્વજ્ઞ સિવાય અન્ય માટે શક્ય નથી અને તેનો નામનિર્દેશ તો સર્વજ્ઞ માટે પણ શક્ય નથી. તેથી અનેક સ્થાને વર્ગીકરણનો સિદ્ધાંત અપનાવી કથન કરાય છે. અહીં પણ હિંસ્ય જીવોનું કથન તિર્યંચ ત્રસ જીવોના માધ્યમથી કર્યું છે. તિર્યંચ ત્રસ જીવનાં બે ભેદ છે. વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય. વિકલેન્દ્રિય–અધુરી ઈન્દ્રિયવાળા જીવો, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય. પંચેન્દ્રિયના પાંચ ભેદ–જલચર ***યાવત્*** ખેચર. અહીં એકેન્દ્રિય–સ્થાવર જીવોની વિવક્ષા કરી નથી.

આ સર્વ પ્રાણીઓને જીવન પ્રિય છે. મરણ અપ્રિય છે. તેમ છતાં ક્રૂર પ્રાણી પોતાના સ્વાર્થ માટે અન્ય જીવોની હિંસા કરે છે.

### હિંસાનું પ્રયોજન :–

**૧૧ इमेहिं विविहेहिं कारणेहिं, किं ते ? चम्म–वसा–मंस–मेय–सोणिय–जग–फिप्फिस–मत्थुलुंग–हियंत–पित्त–फोफस–दंतट्ठा–अट्ठिमिंज–णह–णयण–कण्ण–ण्हारुणि–णक्क–धमणि–सिंग–दाढि–पिच्छ–विस–विसाण–वालहेउं ।**

**हिंसंति य भमर–महुकरिगणे रसेसु गिद्धा तहेव तेइंदिए सरीरोवगरणट्ठ–याए, किवणे बेइंदिए बहवे वत्थोहर–परिमंडणट्ठा ।**

**ભાવાર્થ :–** આ અનેક કારણોથી હિંસા કરાય છે, તે કારણો કયા છે ? ચામડા, ચરબી, માંસ, મેદ, લોહી, જઠર(યકૃત), ફેફસા, મસ્તક(મગજ), હૃદય, આંતરડા, પિત્તાશય, ફોફસ(શરીરનું એક વિશિષ્ટ પ્રકારનું અવયવ), દાંત, હાડકાં, અસ્થિમજ્જા, નખ, આંખ, કાન, સ્નાયુ, નાક, ધમની(નાડી), શિંગડા, દાઢ, પાંખ, વિષ, હાથીદાંત તથા શૂકરદાંત અને વાળને માટે હિંસક પ્રાણી જીવોની હિંસા કરે છે.

રસાસક્ત મનુષ્ય મધને માટે ભમરા અને મધમાખીની હિંસા કરે છે; શારીરિક સુખ અથવા દુઃખ નિવારણ કરવાને માટે માંકડ, જૂ આદિ તેઈન્દ્રિય જીવોનો વધ કરે છે; શરીર વિભૂષાર્થે, રેશમી વસ્ત્રોને માટે દીન એવા કીડા, પતંગિયા આદિ બેઈન્દ્રિય જીવોની ઘાત કરે છે.

### વિવેચન :–

ઉપરોક્ત સૂત્રોમાં હિંસાના અનેક કારણોનો ઉલ્લેખ છે. માનવી વૃત્તિઓના પોષણ માટે અને મોજ શોખ માટે ક્રૂર રીતે અનેક જીવોની ઘાત કરે છે. વર્તમાને તેનું પ્રમાણ દિન પ્રતિદિન વધતું જાય છે.

અનેક પ્રકારના વાદ્યો, ચપ્પલ, બટવા, ઘડિયાળના પટ્ટા, કમરપટ્ટા, પેટી, બેગ, થેલા, આદિ ચામડાની અનેક વસ્તુઓ ઉપયોગમાં લેવાય છે, તેના માટે પંચેન્દ્રિય જીવોનો વધ કરવામાં આવે છે. આ

વસ્તુઓ માટે મુલાયમ ચામડાંની આવશ્યક્તા રહે અને તે સ્વાભાવિક રૂપે મરેલા પશુઓથી પ્રાપ્ત થતા નથી. સ્વાભાવિક રૂપે મરેલ પશુની ચામડી અપેક્ષાકૃત કઠોર હોય છે. અત્યંત મુલાયમ ચામડા માટે તો બહુધા નાના બચ્ચા અથવા ગર્ભસ્થ બચ્ચા વધ કરવો પડે છે. પહેલા ગાય–ભેંસ આદિનો વધ કરી પછી તેના પેટને ચીરી ગર્ભમાં રહેલ બચ્ચાને કાઢી તેની ચામડી ઉતારવી એ કેટલું નિર્દયતા પૂર્ણ કાર્ય છે ! આ નિર્દયતાની સામે રાક્ષસવૃત્તિ પણ શરમાઈ જાય છે. ! આ વસ્તુઓનો ઉપયોગ કરનારા પણ આ અમાનવીય, ઘોર પાપ માટે જવાબદાર છે. જો તેઓ આ વસ્તુઓનો ઉપયોગ ન કરે તો આવી હિંસા થવાનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી. આધુનિક કાળમાં માંસાહાર નિરંતર વધી રહેલ છે. અનેક લોકોની એમ ધારણા છે કે પૃથ્વી પર વધતી જતી મનુષ્ય સંખ્યાને જોતાં માંસ ભોજન અનિવાર્ય છે. માત્ર નિરામિષ ભોજન, અન્ન, શાક, આદિની ઉપજ ઓછી છે, જેથી મનુષ્યોને આહારની સામગ્રી પર્યાપ્ત ન થાય. આ ધારણા સંપૂર્ણ ભ્રમપૂર્ણ છે. ડો. તારાચંદ ગંગવાલનું કથન છે કે "પરિક્ષણ યા પ્રયોગના આધારે સિદ્ધ થઈ ગયું છે કે એક પાઉંડ માંસ પ્રાપ્ત કરવા માટે લગભગ સોળ પાઉન્ડ અન્ન પશુઓને ખવડાવવામાં આવે છે."

ડોકટર ગંગવાલનું વક્તવ્ય છે કે કેટલાક લોકોનીધારણા મુજબ શરીરને સબળ અને સશક્ત બનાવવાને માટે માંસાહાર જરૂરી છે. કેટલાક લોકોની એવી શ્રદ્ધા છે કે શરીરમાં જે ચીજની ઉણપ હોય તેનું સેવન કરવાથી તેની પૂર્તિ થઈ જાય છે. શરીર પુષ્ટિ માટે માંસ જરૂરી છે. આ તર્કના આધારે જ ઘણા લોકો માંસાહારની ઉપયોગિતા સિદ્ધ કરે છે. પરંતુ તેની વાસ્તવિકતા જાણવાને માટે શરીરમાં ભોજનની થતી પ્રક્રિયાને સમજી લેવી જોઈએ. આપણે ગ્રહણ કરેલા ભોજનની શરીરથી ગતિવિધિઓના સંચાલનને માટે આવશ્યક ઊર્જા અથવા શક્તિ પ્રાપ્ત થઈ શકે. આ ઊર્જા નો મુખ્ય સ્રોત છે વાયુ અને સૂર્ય. પ્રાણવાયુ અથવા ઓક્સિજનથી જ આપણા ભોજનની પાચનક્રિયા–ઓકસાઈડેશન સંપન્ન થઈ ઊર્જા પ્રાપ્ત થાય છે. આ પ્રાણવાયુ (ઓક્સિજન) પ્રકૃતિ દ્વારા આપણને પ્રાપ્ત થાય છે, વાયુમાં લગભગ પાંચમો ભાગ પ્રાણવાયુનો જ હોય છે.

શક્તિનો બીજો સ્રોત છે સૂર્ય, વેદોમાં અનેક મંત્રોદ્વારા સૂર્યની સ્તુતિ કરવામાં આવે છે. કારણ કે તે જીવનદાતા છે. સૂર્યથી જ આખું વનસ્પતિજગત ઉત્પન્ન થાય છે અને જીવતું રહે છે. આ જ વનસ્પતિઓ અથવા ખાદ્યાન્નથી આપણે જીવનને માટે સત્વ પ્રાપ્ત કરીએ છીએ. માંસાહાર કરનારા પણ અંતે તો સૂર્યની શક્તિ પર જ નિર્ભર રહે છે. પશુ–પક્ષીઓ પણ વનસ્પતિઓ ખાઈને જ વધે છે અને જીવે છે. આ પ્રકારે ગરમી, પ્રકાશ, વિદ્યુત, રાસાયણિક યા યાંત્રિક ઊર્જા પણ વાસ્તવમાં સૂર્યથી જ પ્રાપ્ત થાય છે.

આ પ્રકારે આપણા અસ્તિત્વને માટે અનિવાર્ય પદાર્થ વાયુ, ઊર્જા, ખનિજ, વિટામિન, પાણી અને વાયુ છે. ઊર્જાને માટે "કેલેરી" શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. તે કાર્બોહાઈડ્રેટ, ચરબી, અને પ્રોટીનથી પ્રાપ્ત હોય છે.(એક લીટર પાણીને ૧૫ થી ૧૬ ડીગ્રી સેન્ટીગ્રેડસુધી ગરમ કરવા માટે જેટલી ગરમી અથવા ઊર્જાની જરૂર હોય છે. તેને એક કેલેરી કહેવામાં આવે છે.) એકગ્રામ કાર્બોહાઈડ્રેટથી ૪ કેલેરી, ૧ ગ્રામ ચરબીથી ૯ કેલેરી, અને એક ગ્રામ પ્રોટીનથી ૪ કેલેરી પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે શરીરમાં ઊર્જા અથવા શક્તિને માટે ચરબી અને કાર્બોહાઈડ્રેટ અતિ આવશ્યક છે.

આપણું ભોજન મુખ્યત્વે આ ત્રણ તત્ત્વોના સંયોગથી જ થાય છે. ભોજન કર્યા પછી શરીરની અંદર થનારી રાસાયણિક ક્રિયાઓથી જ આ ત્રણ તત્ત્વ પ્રાપ્ત થાય છે. એક કૂતરાને કૂતરાનું માંસ ખવડાવી મોટો કરી શકાતો નથી, કારણ કે આ માંસને પણ એ પ્રકારની શારીરિક રાસાયણિક ક્રિયામાંથી પસાર થવું પડે છે. માટે આ ધારણા સર્વથા ભ્રાંત છે કે માંસાહારથી શરીરમાં સીધી માંસવૃદ્ધિ થાય છે.

જ્યારે શરીરમાં માંસ અને વનસ્પતિ બંને પ્રકારનો આહાર કરવાથી સમાન રાસાયણિક પ્રક્રિયા થાય છે. તો પછી આપણે એ સમજવું જોઈએ કે કયા પદાર્થથી શરીરને શીઘ્ર અને સરળતાથી આવશ્યક પોષક તત્ત્વ પ્રાપ્ત થઈ શકે છે.

સાધારણ રીતે એક વ્યક્તિને બિલકુલ આરામની સ્થિતિમાં પ્રતિ કલાકે ૭૦ કેલેરીની જરૂર છે. એક દિવસમાં લગભગ ૧૭૦૦ કેલેરીની જરૂર છે. જ્યારે વ્યક્તિ કામ કરે છે ત્યારે તેની કેલેરીની આવશ્યકતા વધી જાય છે અને ઉઠવા, બેસવા, અન્ય ક્રિયા કરવામાં પણ ઊર્જાની જરૂર પડે છે. માટે સામાન્ય પુરુષોને માટે ૨૪૦૦, સ્ત્રીઓને માટે ૨૨૦૦ અને નાના બાળકોને ૧૨૦૦ થી ૨૨૦૦ કેલેરીની પ્રતિદિન જરૂર રહે છે.

કેલેરીનો સર્વથી સસ્તો અને સરળ સ્રોત કાર્બોહાઈડ્રેટ છે. તે અનાજ, દાળ, સાકર, ફળ યા વનસ્પતિઓમાંથી પ્રાપ્ત કરી શકાય છે.

તેથી સ્વસ્થ અને તંદુરસ્ત ભોજન માટે માંસનો પ્રયોગ અનિવાર્ય નથી. જે તત્ત્વ સામિષ આહારથી પ્રાપ્ત કરી શકાય છે તેટલા જ અને ક્યારેક તો તેનાથી અધિક માત્રામાં પોષક તત્ત્વ અનાજ, દાળ અને દૂધ ઈત્યાદિથી પ્રાપ્ત કરી શકાય છે. શરીરની આવશ્યકતાને માટે માંસનું ભોજન કદાપિ અનિવાર્ય નથી.

**શાકાહારી નિર્જીવ ઈંડા :–** આજકાલ શાકાહારી ઈંડાનું ચલણ વધતું જાય છે. અમુક એવું કહે છે કે ઈંડા પૂર્ણ ભોજન છે અર્થાત્ તેમાં એમીનો એસિડ છે. જે શરીરને માટે આવશ્યક છે. પરંતુ દૂધ પણ સર્વ તત્ત્વથી ભરપૂર છે. જે શારીરિક ક્રિયાઓ માટે અનિવાર્ય છે. જ્યારે બીજા પદાર્થથી આવશ્યક એમીનો એસિડ પ્રાપ્ત કરી શકાય છે તો પછી ઈંડા ખાવાની શું જરૂર છે ?

ઈંડાની ચરબીમાં કોલોસ્ટ્રોલની માત્રા અધિક હોય છે અને શરીરમાં કોલોસ્ટ્રોલની માત્રા વધી જવાથી હૃદયરોગ, હૃદયઘાત આદિ રોગ થાય છે.

ઈંડામાં વિટામીન "સી" નથી. તેની પૂર્તિ માટે ઈંડાની સાથે અન્ય પદાર્થોનું સેવન જરૂરી છે. જ્યારે દૂધ સર્વ આવશ્યક તત્વોથી ભરપૂર છે. વૈજ્ઞાનિકો દ્વારા સિદ્ધ થઈ ગયેલ છે કે જો શાકાહારી ઈંડાને પણ વિભિન્ન પ્રકારથી ઉત્તેજિત કરવામાં આવે તો જીવતા પ્રાણીની જેમ જ ક્રિયાઓ થવા લાગે છે તેથી બચ્ચા ન દેનાર ઈંડામાં જીવ નથી તેમ કહેવું ખોટું છે. માટે અહિંસામાં વિશ્વાસ કરનાર લોકોએ શાકાહારી ઈંડાનો પણ ત્યાગ કરવો જોઈએ.

અંતે ડો. મહોદય કહે છે કે પ્રારંભમાં આદિ માનવ જંગલી પશુઓને મારીને પોતાનું પેટ ભરતો હતો. જેમ જેમ તેનામાં સભ્યતાનો વિકાસ થતો ગયો તેમ તેમ તે માંસાહારથી દૂર થતો ગયો. પરંતુ આજે આપણું ભાગ્યનું ચક્ર વિપરીત દિશામાં ગતિ કરી રહ્યું છે. જેથી માંસાહાર વધી રહ્યો છે. આ આપણી પ્રગતિ નહીં પરંતુ અધોગતિ જ છે. આપણી પાશવી વૃત્તિનું પ્રગટીકરણ છે. વિવેકી મનુષ્યોને હિંસક કાર્યો કરવા અનાચરણીય છે.

## પાંચ સ્થાવર જીવોની હિંસા :-

**૧૨ अण्णेहि य एवमाइएहिं बहूहिं कारणसएहिं अबुहा इह हिंसंति तसे पाणे । इमेय-एगिंदिए बहवे वराए तसे य अण्णे तयस्सिए चेव तणुसरीरे समारंभंति । अत्ताणे, असरणे, अणाहे, अबंधवे, कम्मणिगडबद्धे, अकुसलपरिणाममंदबुद्धिजण दुव्विजाणए, पुढविमए, पुढविसंसिए, जलमए, जलगए, अणलाणिल-तण-वणस्सइगणणिस्सिए य तम्मयतज्जिए चेव तयाहारे तप्परिणय-वण्ण-गंध-रस-फासबोंदिरूवे अचक्खुसे चक्खुसे य तसकाइए असंखे । थावरकाए य सुहुम-बायर-पत्तेय-सरीरणामसाहारणे अणंते हणंति अविजाणओ य परिजाणओ य जीवे इमेहिं विविहेहिं कारणेहिं ।**

**ભાવાર્થ :-** હીન બુદ્ધિવાળા અજ્ઞાની, પાપીલોકો પૂર્વોક્ત તથા અન્ય અનેકાનેક પ્રયોજનોથી બે ઈન્દ્રિય વગેરે ત્રસ જીવોની ઘાત કરે છે તથા ઘણા એકેન્દ્રિય જીવોનો, બિચારા ત્રસ જીવોનો અને તેના આશ્રયે રહેલા અન્ય સૂક્ષ્મ શરીરી ત્રસ જીવોનો સમારંભ કરે છે. એ પ્રાણીઓ ત્રાણ રહિત છે. તેની પાસે પોતાની રક્ષાનું સાધન નથી તેથી અશરણ છે. તેને કોઈ આશ્રય દેનાર નથી તેથી તેઓ અનાથ છે. સહાયકના અભાવે અબાંધવ છે. બિચારા પોતાના કરેલા કર્મોની બેડીઓમાં જકડાયેલ છે. અંતઃકરણની વૃત્તિઓ અકુશળ અશુભ હોય છે. તે મંદ બુદ્ધિવાળા લોકો પૃથ્વીકાય તથા પૃથ્વીકાયને આશ્રયે રહેલ અન્ય સ્થાવર-ત્રસ જીવોને જાણતા નથી. તે જ રીતે તેમને પાણી તથા પાણી આશ્રિત જીવો, અગ્નિ, વાયુ, તૃણ, વનસ્પતિ જીવ તથા તદાશ્રિત જીવોનું પરિજ્ઞાન નથી. પૃથ્વી આદિના આશ્રયે રહેલ જીવો તે પૃથ્વી આદિમય હોય છે, તેનો જ આહાર કરે છે અને તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તન્મય હોય છે. તેઓમાંથી કોઈ પ્રાણીના શરીર ચક્ષુગ્રાહ્ય હોય છે, કોઈના શરીર ચક્ષુ ગ્રાહ્ય હોતા નથી એવા અસંખ્ય ત્રસકાયિક જીવોની તથા અનંત સૂક્ષ્મ, બાદર, પ્રત્યેક શરીરી અને સાધારણ શરીરી, સ્થાવરકાય જીવોને જાણી જોઈ ને કે અજાણપણે ઉપરોક્ત વિવિધ કારણોથી હિંસા કરે છે.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં સ્થાવર પ્રાણીઓની દીનતા, અનાથતા, અશરણતા આદિ પ્રદર્શિત કરી સૂત્રકારે

તેના પ્રત્યે કરુણા ભાવ જાગૃત કર્યો છે. ત્યાર પછી જીવોની વિવિધતા પ્રદર્શિત કરી છે.

જે જીવ પૃથ્વીને પોતાનું શરીર બનાવીને રહે છે અર્થાત્ પૃથ્વી જ જેનું શરીર છે તે પૃથ્વીકાય અથવા પૃથ્વીકાયિક કહેવાય છે. આ પ્રમાણે જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જ જેનું શરીર છે, તે ક્રમશઃ જલકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક કહેવાય છે.

જ્યારે કોઈ મનુષ્ય પૃથ્વીકાય આદિની હિંસા કરે છે ત્યારે તે ફક્ત પૃથ્વીકાયની જ હિંસા કરતો નથી પરંતુ તેના આશ્રયે રહેલા અનેકવિધ અન્ય સ્થાવર અને ત્રસકાયિક જીવોની પણ હિંસા કરે છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુમાં અસંખ્યાત જીવ છે. વનસ્પતિમાં અનંત જીવ છે. તેને આશ્રયે અસંખ્યાત ત્રસ જીવ રહે છે. પાણીના એક બિંદુમાં વૈજ્ઞાનિકો ૩૬૦૦૦ જીવો કહ્યા છે, તે જલકાયિક નથી, જલને આશ્રિત રહેલા ત્રસ જીવ છે. અપકાયના જીવો તો અસંખ્યાત છે, જેને વૈજ્ઞાનિકો જાણી કે જોઈ શકતા નથી.

## પૃથ્વીકાયની હિંસાનું કારણ :–

**१३ किं ते ? करिसण पोक्खरिणी–वावि–वप्पिणि–कूव–सर–तलाग–चिइ–वेदि खाइय–आराम–विहार–थूभ–पागार–दार–गोउर–अट्टालग–चरिया– सेउ–संकम– पासाय–विकप्प–भवण–घर–सरण–लयण–आवण–चेइय– देवकुल–चित्तसभा– पवा– आयतणा–वसह–भूमिघर–मंडवाण कए भायणभंडोवगरणस्स य विविहस्स य अट्ठाए पुढविं हिंसंति मंदबुद्धिया ।**

**ભાવાર્થ :–** પૃથ્વીકાયિક જીવોની હિંસાના કારણ કયા છે ? કૃષિ, પુષ્કરિણી(કમળોથી યુક્ત વાવ), વાવડી, ક્યારી, કૂવો, સરોવર, તળાવ, ભીંત, વેદિકા, ખાઈ, આરામ(બગીચો), વિહાર, સ્તૂપ,પ્રાકાર, દ્વાર, ગોપુર(નગરદ્વાર), અટારી, ચરિકા, (નગર અને પ્રાકારની વચ્ચેનો આઠ હાથ પ્રમાણ માર્ગ), સેતુ, પુલ, સંક્રમ(ઊંચી–નીચી ભૂમિને પાર કરવાનો માર્ગ), પ્રાસાદ–મહેલ, વિકલ્પ–એક વિશેષ પ્રકારનો પ્રાસાદ, ભવન, ગૃહ, સરણ–ઝૂંપડી, લયન–(પર્વત ખોદીને બનાવવામાં આવેલ સ્થાન વિશેષ), દુકાન, ચૈત્ય, (ચિતા પર બનાવવામાં આવેલ ચબૂતરો, છતરી અથવા સ્મારક), દેવકુળ–શિખરયુક્ત દેવાલય, ચિત્રસભા, પરબ, આયતન–લાંબા માર્ગમાં વિશ્રામ સ્થાન, દેવસ્થાન, આવસથ–તાપસોનું સ્થાન, ભૂમિગૃહ–ભોંયરા, મંડપ આદિને માટે તથા અનેક પ્રકારના ભાજન–પાત્ર–વાસણ આદિ ઉપકરણોને માટે મંદબુદ્ધિજન પૃથ્વીકાયની હિંસા કરે છે.

## અપકાય જીવોની હિંસાનું કારણ :–

**१४ जलं च मज्जण–पाण–भोयण–वत्थधोवण–सोयमाइएहिं ।**

**ભાવાર્થ :–** મજ્જન–સ્નાન, પાન–પીણા, ભોજન, વસ્ત્ર ધોવા તેમજ શૌચ–શરીર, ઘર આદિની શુદ્ધિ, ઈત્યાદિ કારણોથી જલકાયિક જીવોની હિંસા કરે છે.

### તેઉકાયની હિંસાનું કારણ :–

**१५ पयण–पयावण–जलावण–विदंसणेहिं अगणिं ।**

**ભાવાર્થ :–** ભોજન આદિ બનાવવા, બનાવરાવવા, અગ્નિ પ્રગટાવવા તથા પ્રકાશ કરવા માટે અગ્નિકાયના જીવોની હિંસા કરવામાં આવે છે.

### વાઉકાયની હિંસાનું કારણ :–

**१६ सुप्प–वियण–तालयंट–पेहुण–मुह–करयल–सागपत्त–वत्थमाईएहिं अणिलं हिंसंति ।**

**ભાવાર્થ :–** સૂપડું– ધાન્ય આદિ ઝાટકવા, સાફ કરવાના ઉપકરણ, વિજન–પંખા, તાલવૃન્ત–તાડનો પંખો, મયૂરપંખ આદિથી વીંઝવાથી, મુખથી ફૂંક મારવાથી, હાથતાળી વગાડવાથી, પવન નાંખવાથી, સાગ આદિના પત્રથી પવન નાંખવાથી અથવા શાકના પાંદડા ઝાટકવાથી તથા વસ્ત્રખંડ આદિ વીંઝવાથી વાયુકાયના જીવોની હિંસા થાય છે.

### વનસ્પતિકાય ની હિંસાનું કારણ :–

**१७ अगार–परियार–भक्ख–भोयण–सयणासण–फलक–मूसल–उक्खल–ततवि–ततातोज्ज–वहण–वाहण–मंडव–विविह–भवण–तोरण–विडंग–देवकुल– जालय–द्धचंद–णिज्जूहग–चंदसालिय–वेतिय–णिस्सेणि–दोणी चंगेरी–खील–मंडव–सभा–पवाव–सहागंध–मल्लाणुलेवणं–अंबर–जुहणंगल–मइय–कुलिय–संदण–सीयारह–सगड–जाण–जोग्ग अट्टालग–चरिय–दार–गोउर–फलिहा–जंत–सूलिय–लउड–मुसंढि–सयग्घी–बहुपहरणा–वरणुवक्खराणकए–अण्णेहिं य एवमाइएहिं बहूहिं कारणसएहिं हिंसइ ते तरुगणे भणियाभणिए य एवमाई ।**

**ભાવાર્થ :–** અગાર–ગૃહ, પરિચાર–તલવારના મ્યાનાદિ, ભક્ષ્ય–મોદક આદિ, ભોજન, શયન, આસન, ફલક–પાટ–પાટિયા, મૂસલ–સાંબેલું, ઓખલી–ખાંડણીયો, તત–વીણા આદિ, વિતત–ઢોલ આદિ આતોદ્ય–વાદ્ય વિશેષ, વહન–નૌકા આદિ, વાહન–રથ–ગાડી આદિ, મંડપ, અનેક પ્રકારના ભવન, તોરણ, વિટંક–કબૂતરોને બેસવાનું સ્થાન અથવા છજું, દેવકુલ, જાલક–ઝરૂખા, અર્ધ ચન્દ્રના આકારની બારી અથવા સોપાન, નિર્યૂહક– દ્વારશાખા, ચન્દ્રશાળા–અટારી, વેદી, નિઃસરણી, દ્રોણી–નાની નૌકા,

ચંગેરી–મોટી નૌકા અથવા ફૂલોની ટોપલી, ખૂંટી, સ્તંભ, સભાગાર, પાણીની પરબ, આવસથ–આશ્રમ(મઠ), ગંધ, ફૂલની માળા, વિલેપન, વસ્ત્ર, યુગ–ધૂંસર, હળ, મતિક–ખેતર ખેડ્યા પછી ઢેફા ફોડવા માટે લાંબુ કાષ્ઠ નિર્મિત ઉપકરણ વિશેષ, કુલિક–વિશેષ પ્રકારનું હળ, સ્યંદન–યુદ્ધનો રથ, શિબિકા–પાલખી, રથ, શકટ–ગાડુ, યાન, યુગ્ય–બે હાથનું લાંબુ પહોળું વેદિકા યુક્ત યાન વિશેષ, અટ્ટાલિકા–કિલ્લા ઉપરનું સ્થાન, ચરિકા–નગર અને કિલ્લાની મધ્યનો આઠ હાથનો પહોળો માર્ગ, દ્વાર, ગોપુર, અર્ગલા, અરહટ આદિ, શૂળી, લાઠી, મુસંઢી, શતઘ્ની–તોપ અથવા મહાશિલા જેનાથી સેંકડોનું હનન થઈ શકે તથા અનેક પ્રકારના શસ્ત્ર, ઢાંકણ અને અન્ય ઉપકરણ બનાવવા માટે તથા અન્ય કથિત અકથિત સેંકડો પ્રયોજનોથી જ્ઞાની–અજ્ઞાનીજન વનસ્પતિકાયની હિંસા કરે છે.

## હિંસક જીવોનો દ્રષ્ટિકોણ :–

**૧૮ सत्ते सत्तपरिवज्जिया उवहणंति दढमूढा दारुणमई कोहा माणा माया लोहा हस्स रई अरई सोय वेयत्थी जीय–धम्मत्थकामहेउं सवसा अवसा अट्ठा अणट्ठाए य तसपाणे थावरे य हिंसइ मंदबुद्धी ।**

**सवसा हणंति, अवसा हणंति ,सवसा अवसा दुहओ हणंति, अट्ठा हणंति, अणट्ठा हणंति, अट्ठा अणट्ठा दुहओ हणंति, हस्सा हणंति, वेरा हणंति, रईय हणंति, हस्सा–वेरा–रईय हणंति, कुद्धा हणंति लुद्धा हणंति, मुद्धा हणंति, कुद्धा लुद्धा मुद्धा हणंति, अत्था हणंति, धम्मा हणंति, कामा हणंति, अत्था धम्मा कामा हणंति ।**

**ભાવાર્થ :–** જે શક્તિમાન કે શક્તિહીન છે તે દઢમૂઢ–હિતાહિતના વિવેકથી સર્વથા શૂન્ય–અજ્ઞાની, દારુણ મતિવાળા જીવો, સત્વહીન–દીન એવા પૃથ્વીકાયાદિ જીવોની હિંસા કરે છે. તે મંદબુદ્ધિ પુરુષ ક્રોધ–માન– માયા–લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોકથી, વેદાનુષ્ઠાનના અર્થી વેદોક્ત ધર્મક્રિયા માટે, જીવન માટે, ધર્મ માટે, અર્થ માટે, કામ માટે, સ્વવશપણે, પરવશપણે, પ્રયોજનપૂર્વક અથવા નિપ્રયોજને, ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. તે સ્વવશપણે–સ્વતંત્રતાપૂર્વક ઘાત કરે, પરવશ થઈને ઘાત કરે છે, સ્વવશ અને પરવશ બંને પ્રકારે ઘાત કરે છે. સપ્રયોજન ઘાત કરે છે, નિષ્પ્રયોજન ઘાત કરે છે, સપ્રયોજન અને નિષ્પ્રયોજન બંને પ્રકારે ઘાત કરે છે, હાસ્ય–વિનોદથી ઘાત કરે છે, વૈરથી ઘાત કરે છે. રતિ–આનંદથી ઘાત કરે છે, હાસ્ય, વૈર, રતિથી ઘાત કરે છે, ક્રુદ્ધ બનીને, લુબ્ધ બનીને, મુગ્ધ બનીને ઘાત કરે છે, ક્રુદ્ધ–લુબ્ધ–મુગ્ધ બનીને ઘાત કરે છે. અર્થને માટે, ધર્મને માટે, કામભોગને માટે ઘાત કરે છે તથા ધર્મ–અર્થ–કામભોગ ત્રણેને માટે ઘાત કરે છે.

## વિવેચન :–

જગતના વિભિન્ન પ્રાણીઓ વિવિધ પ્રયોજનથી હિંસા કરે છે. પૂર્વના સૂત્રોમાં હિંસાના બાહ્ય

કૃત્યો–મકાન બનાવવા, કૂવા બનાવવા આદિનો ઉલ્લેખ છે અને અહીં હિંસાના આભ્યંતર કારણો–ક્રોધાદિ કષાયો, હાસ્ય, રતિ, અરતિ આદિનું કથન છે.

જ્યારે ક્રોધાદિ વૈભાવિક પરિણામોથી જીવની વૃત્તિ મલિન બને છે ત્યારે તે હિંસા કરે છે. જ્યારે વૃત્તિમાં મલિનતા ન હોય ત્યારે હિંસાનું આચરણ થતું નથી. પ્રમાદ કે અજ્ઞાનવશ હિંસા થાય છે. કેટલાક જીવો ધર્મને માટે, ધર્મના નામે નિષ્પ્રયોજન હિંસા કરે છે; હોમ, હવનાદિમાં પશુઓની આહૂતિ આપવી વગેરે ક્રિયાકાંડને ધર્મ સમજે છે પરંતુ આ પ્રકારના કાર્યોમાં મિથ્યાત્વની જ પ્રધાનતા છે, વિવેકનો સર્વથા અભાવ છે.

તાત્પર્ય એ છે કે કોઈ પણ કારણથી, કોઈ પણ પ્રયોજનની સિદ્ધિ માટે હિંસા કરાય તે એકાંતે પાપ જ છે. તેનાથી આત્માનું હિત કદાપિ થતું જ નથી.

**હિંસક જન :–**

**૧૯ कयरे ते ? जे ते सोयरिया मच्छबंधा साउणिया वाहा कूरकम्मा वाउरिया दीविय– बंधणप्पओग–तप्पगल–जाल वीरल्लगायसीदब्भ–वग्गुरा–कूडछेलियाहत्था हरिएसा साउणिया य वीदंसगपासहत्था वणचरगा लुद्धगा महुघाया पोयघाया एणीयारा पएणीयारा सर–दह–दीहिय–तलाग–पल्लल–परिगालण–मलण–सोत्तबंधण–सलिलासयसोसगा–विसगरलस्स य दायगा उत्तणवल्लर–दवग्गि–णिद्दया पलीवगा कूर कम्मकारी ।**

**ભાવાર્થ :–** તે હિંસકપ્રાણી કોણ છે ?

શૌકરિક– શૂકરોનો શિકાર કરનાર, મત્સ્યબંધક–માછલીઓને જાળમાં બાંધીને મારનાર, શકુનિક–જાળમાં ફસાવીને પક્ષીઓનો વધ કરનાર, વ્યાધ–મૃગો, હરણોને ફસાવીને મારનાર, ક્રૂરકર્માવાગુરિક–જાળમાં મૃગ આદિને ફસાવવાને માટે ફરનાર, જે મૃગાદિને મારવાને માટે ચિત્તા, બંધન–પ્રયોગ, આદિ ઉપાય કરનાર, માછલીઓ પકડવાને માટે તપ્ર એટલે નાનીનૌકા દ્વારા સમુદ્રમાં જઈ ગલ–માંસ, લોટ લગાડેલ કાંટા દ્વારા માછલી પકડનારા વીરલ્લક–બાજપક્ષી, બકરી, ચિત્તા આદિને પડકવાને માટે પિંજરા આદિમાં રાખેલી અથવા કોઈ સ્થાન પર બાંધેલી બકરી અથવા બોકડો આદિને મારવા માટે લોઢાની જાળ, દર્ભ અથવા દર્ભ નિર્મિત રસ્સી, કૂટપાશ. આ સર્વ સાધનોને હાથમાં લઈને ફરનાર–આ સાધનોનો પ્રયોગ કરનાર, હરિકેશ–ચાંડાલ, ચિડીમાર, બાજપક્ષી તથા જાળને રાખનાર વનચર–ભીલ આદિ વનવાસી, મધમાખીનો ઘાત કરનારા, પોતઘાતક–પક્ષીઓનાં બચ્ચાનો ઘાત કરનાર, મૃગોને આકર્ષિત કરવાને માટે હરણીને લઈ ફરનારા, અનેક હરણીઓનું પાલન કરનાર;

સરોવર, હ્રદ, વાપી, તળાવ, પલ્લવ–ક્ષુદ્ર જળાશય વગેરેને મત્સ્ય શંખ આદિ પ્રાપ્ત કરવા માટે

ખાલી કરનાર; પાણી કાઢી, પાણીના આવાગમનનો માર્ગ રોકી, જળાશયને કોઈપણ ઉપાયે સૂકવનાર; વિષ અથવા ગરલ–અન્ય વસ્તુમાં મળેલ વિષને ખવડાવનાર; ઉગેલ તૃણ–ઘાસ, એવં ખેતરને, નિર્દયતા પૂર્વક બાળનાર, આ સર્વ ક્રૂરકર્મી છે. (જે અનેક પ્રકારનાં પ્રાણીઓનો ઘાત કરે છે).

### વિવેચન :-

પ્રારંભમાં ત્રીજી ગાથામાં હિંસા આદિ પાપોનું વિવેચન કરવાને માટે જે ક્રમ નિર્ધારિત કરેલ હતો, તે અનુસાર પહેલા હિંસાનાં ફળનું કથન કરવું જોઈએ પરંતુ પ્રસ્તુતમાં આ ક્રમમાં પરિવર્તન છે. તેનું કારણ તેની અલ્પ વકતવ્યતા છે. હિંસકોનું કથન કરીને પછી વિસ્તારથી હિંસાના ફળનું નિરૂપણ કરવામાં આવશે. સૂત્રનો અર્થ સુગમ છે.

### હિંસક જાતિઓ :-

**૨૦ इमे य बहवे मिलक्खुजाई, के ते ? सक–जवण–सबर–बब्बर–गाय–मुरुं–डोद–भडग–तित्तिय पक्कणिय–कुलक्ख–गोड–सीहल–पारस–कोचंध–दविल–बिल्लल–पुलिंद–अरोस–डोंब–पोक्कण–गंधहारग– बहलीय–जल्ल–रोम–मास–बउस–मलया–चुंचुया य चूलिया कोंकणगा–मेत्त पण्हव–मालव–महुर–आभासिय–अणक्ख–चीण–लासिय–खस–खासिया–णेहुर–मरहट्ठ–मुट्ठिय–आरब–डोबिलग–कुहण–केकय–हूण–रोमग–रुरु–मरुया–चिलायविसयवासी य पावमइणो ।**

**ભાવાર્થ :–** (પૂર્વોક્ત હિંસા કરનાર સિવાય)ઘણા પ્રકારની મ્લેચ્છ જાતિ પણ છે જે હિંસક છે. તે જાતિઓ કઈ છે ?

શક, યવન, શબર, બબ્બર કાય(ગાય), મરુંડ, ઉદ, ભડક, તિત્તિક, પક્કણિક, કુલાક્ષ, ગૌડ, સિંહલ,પારસ, કૌંચ, આંધ્ર, દ્રવિડ, વિલ્વલ, પુલિંદ, આરોષ, ડૌંબ, પોંકણ, ગાન્ધાર, બહલીક, જલ્લ, રોમ, માસ, બકુશ, મલય, ચુંચુક, ચૂલિક, કોંકણ, મેદ, પન્હવ, માલવ, મહુર, આભાષિક, અણક્ક, ચીન, લ્હાસિક, ખસ, ખાસિક, નેહુર, મહારાષ્ટ્ર, મૌષ્ટિક, આરબ, ડોબલિક, કુહણ, કૈકય, હૂણ, રોમક, રુરુ, મરુજ, ચિલાત વગેરે વિભિન્ન દેશના નામવાળી આ જાતિઓ પાપ બુદ્ધિવાળી છે તે હિંસામાં પ્રવૃત્ત રહે છે.

**૨૧ जलयर–थलयर–सणप्फ–योरग–खहयर–संडासतुंड– जीवोवग्घायजीवी सण्णी य असण्णिणो पज्जत्ते अपज्जत्ते य असुभलेस्स– परिणामे एए अण्णे य एवमाई करेंति पाणाइवायकरणं ।**

**पावा पावाभिगमा पावरुई पाणवहकयरई पाणवहरुवाणुट्ठाणा पाणवहकहासु अभिरमंता तुट्ठा पावं करेत्तु होंति य बहुप्पगारं ।**

**ભાવાર્થ** :– આ પૂર્વોક્ત વિવિધ દેશો અને જાતિઓના લોકો તથા તે સિવાય જળચર, સ્થળચર, સનખપદ, ઉરગ, નભશ્ચર, સાણસી જેવી ચાંચવાળા આદિ પ્રાણીવધથી જીવન ચલાવનારા સંજ્ઞી, અસંજ્ઞી, પર્યાપ્ત અને અપર્યાપ્ત અશુભ લેશ્યા પરિણામવાળા તથા એવા અન્ય હિંસક પ્રાણી, જીવોની ઘાત કરે છે.

તે પાપી લોકો પાપને જ ગ્રહણ કરવા યોગ્ય માને છે. પાપમાં જ તેની રુચિ–પ્રીતિ હોય છે. તે પ્રાણીઓની ઘાત કરી પ્રસન્નતાનો અનુભવ કરે છે. તેનું અનુષ્ઠાન–કર્તવ્ય પ્રાણીવધ કરવાનું જ હોય છે. પ્રાણીહિંસાની કથા–વાર્તામાં જ તે આનંદ માને છે. તે અનેક પ્રકારનાં પાપોનું આચરણ કરીને સંતોષનો અનુભવ કરે છે.

## વિવેચન :–

સૂત્ર ૨૦માં જે જાતિઓના નામનો નિર્દેશ કર્યો છે, તે પ્રાયઃ દેશ–સાપેક્ષ છે. તેમાંની કેટલીક જાતિ ભારતની અંતર્ગત છે અને કેટલીક ભારત બહારની છે. કોઈ નામ પરિચિત છે તો કેટલાક નામ ટીકાકારના સમયમાં પણ અપરિચિત જ હતા. કેટલીક જાતિના વિષયમાં આધુનિક વિદ્વાનોએ જે શોધ કરેલ છે, તે આ પ્રકારે છે–

**શક** :– આ સોવિયાના અથવા કેસ્પિયન સાગરના પૂર્વમાં સ્થિત પ્રદેશના નિવાસી હતા, ઈસુની પ્રથમ શતાબ્દીમાં તેઓએ તક્ષશિલા, મથુરા તથા ઉજ્જૈન પર પોતાનો પ્રભાવ જમાવી દીધો હતો. ચોથી શતાબ્દી સુધી પશ્ચિમી ભારત પર તેઓ રાજ્ય કરતા રહ્યા.

**બર્બર** :– ઉત્તર પશ્ચિમી સીમાંત પ્રદેશથી લઈને અરબી સાગર સુધી આ જાતિ ફેલાયેલી હતી.

**શબર** :– ડો. ડી.સી. સરકારે તેને ગંજમ અને વિશાખાપટ્ટણના શાવર લોકોની સમાન માનેલ છે. ડો. બા. સી. લા. તેને દક્ષિણની જંગલ પ્રદેશની જાતિ માને છે. "**पउमचरिउं**" માં આને હિમાલયના પર્વતીય પ્રદેશનાં નિવાસી કહ્યા છે. "**एतरेयबाह्मण**" માં એને દસ્યુઓના રૂપમાં આંધ્ર, પુલિંદ અને પુંડ્રોની સાથે વર્ગીકૃત કરેલ છે.

**યવન** :– તેનું નિવાસસ્થાન કાબુલ નદીની ઘાટી અને કંધાર દેશ હતો. ત્યાર પછી તેઓ ઉત્તર–પશ્ચિમી ભાગમાં રહ્યા. કાલીદાસના મતાનુસાર યવનરાજ્ય સિંધુ નદીના દક્ષિણી કિનારા પર હતું.

**સનખપદ** :– જેના પગના આગળના ભાગમાં નખ હોય તે સિંહ, ચિત્તા આદિ.

**સંજ્ઞી** :– સંજ્ઞા અર્થાત્ વિશિષ્ટ ચેતના, ભૂત–ભવિષ્યનો, હિતાહિતનો વિચાર કરવાની શક્તિ જે પ્રાણીઓને પ્રાપ્ત છે, તે સંજ્ઞી અથવા જેને મન હોય તે સંજ્ઞી કહેવાય છે. આવા પ્રાણીઓ પંચેન્દ્રિયમાં જ હોય છે.

**અસંજ્ઞી** :– જેને મન નથી તેને અસંજ્ઞી કહે છે. એક ઈન્દ્રિયવાળા જીવોથી લઈને ચાર ઈન્દ્રિયવાળા સર્વ જીવ અસંજ્ઞી છે. તેમનામાં મનન–ચિંતન કરવાની કોઈ વિશિષ્ટ શક્તિ હોતી નથી. પંચેન્દ્રિય જીવોમાં કોઈ–સંજ્ઞી અને કોઈ અસંજ્ઞી હોય છે.

**પર્યાપ્ત :–** પર્યાપ્ત શબ્દનો અર્થ પૂર્ણતા છે. જે જીવોને સ્વયોગ્ય પૂર્ણતા પ્રાપ્ત થઈ ગઈ છે, તે પર્યાપ્ત અને જેને સ્વયોગ્ય પૂર્ણતા પ્રાપ્ત નથી થઈ તે અપર્યાપ્ત કહેવાય છે.

પર્યાપ્તિઓ છ પ્રકારની છે. (૧) આહાર પર્યાપ્તિ (૨) શરીર પર્યાપ્તિ (૩) ઈન્દ્રિય પર્યાપ્તિ (૪) શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ (૫) ભાષાપર્યાપ્તિ (૬) મન પર્યાપ્તિ. તેમાં એકેન્દ્રિય જીવોમાં પ્રારંભની ચાર, બેઈન્દ્રિયથી લઈ અસંજ્ઞી પંચેન્દ્રિયમાં પાંચ અને સંજ્ઞી પંચેન્દ્રિયમાં છ પર્યાપ્તિઓ હોય છે. સર્વ પર્યાપ્તિનો પ્રારંભ તો એક સાથે જ થઈ જાય છે પરંતુ પૂર્ણતા ક્રમથી થાય છે. [પર્યાપ્તિના વિસ્તૃત વિવેચન માટે જુઓ પ્રજ્ઞાપના સૂત્ર]

સૂત્ર નિર્દિષ્ટ સર્વ પ્રદેશો અને તેમાં વસનાર જાતિઓનો પરિચય આપવો શક્ય નથી. વિશેષ જિજ્ઞાસુ પાઠક અન્યત્ર જોઈ તેનો પરિચય પ્રાપ્ત કરી શકે છે. આ સૂત્રોમાં શાસ્ત્રકારે વિવિધ પ્રકારે હિંસક, હિંસ્ય અને હિંસાની વિરાટતાનું દર્શન કરાવ્યું છે.

## હિંસાનું ભયાનક ફળ :–

**૨૨ तस्स य पावस्स फलविवागं अयाणमाणा वड्ढंति महब्भयं अविस्सामवेयणं दीहकाल बहुदुक्खसंकडं णरयतिरिक्खजोणिं ।**

**ભાવાર્થ :–** તે મૂઢ હિંસક લોકો પાપના–હિંસાના ફળને નહીં જાણતા અત્યંત ભયાનક, અવિશ્રાંત–નિરંતર દુઃખદ વેદનાવાળી તેમજ દીર્ઘકાલ પર્યંત ઘણા દુઃખોથી વ્યાપ્ત નરકયોનિ અને તિર્યંચયોનિ યોગ્ય ભવોની વૃદ્ધિ કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં હિંસાના દુષ્ટ ફળને પ્રદર્શિત કર્યું છે. અશુભ ભાવે થયેલી કોઈ પણ પ્રવૃત્તિનું ફળ અશુભ જ હોય તે સહજ છે. સૂત્રકારે હિંસાનું પરિણામ નરક અને તિર્યંચગતિની પ્રાપ્તિ કહી છે. તે બંને ગતિ અત્યંત ભયજનક, દુઃખજનક, ત્રાસજનક છે.

**તિર્યંચગતિ :–** (તેની પરિધિ વ્યાપક છે) એકેન્દ્રિયથી ચોરેન્દ્રિય જીવો તિર્યંચગતિના છે. પંચેન્દ્રિય જાતિમાં પણ તિર્યંચગતિ હોય છે. તેમાં પંચેન્દ્રિય તિર્યંચ–પશુ–પક્ષી આદિના દુઃખો પ્રત્યક્ષ છે. એકેન્દ્રિય જીવોની ચેતના અત્યંત અવ્યક્ત હોવાથી તેના દુઃખને આપણે જાણી શકતા નથી. તેમ છતાં તે જીવો પણ છેદન, ભેદન, જન્મ, મરણનું મહાદુઃખ અનુભવે છે. સાધારણ શરીરી જીવોને સાધારણ શરીરનું, આહારાદિ પ્રત્યેક સાધારણ ક્રિયાનું અને એક શ્વાસમાં ૧૭ વાર જન્મ મરણનું દુઃખ ભોગવવું પડે છે. જે આગમ પ્રમાણથી સિદ્ધ છે. તિર્યંચગતિમાં પરાધીનતાનું મહાન દુઃખ છે.

**નરકગતિઃ–** એકાંત દુઃખમય છે. સંપૂર્ણ જીવન દરમ્યાન અંશ માત્ર પણ શાતાનો અનુભવ થતો નથી. હવે પછીના સૂત્રમાં શાસ્ત્રકાર સ્વયં નરકગતિની ભયાનકતાનું વિસ્તૃત વર્ણન કરે છે.

**નરક વર્ણન :-**

**२३ इओ आउक्खए चुया असुभकम्मबहुला उववज्जंति णरएसु हुलियं महा-लएसु वयरामय कुड्ड-रुद्द-णिस्संधि-दार-विरहिय-णिम्मद्दव-भूमितल-खरामरिस- विसम-णिरय-घरचारएसु महोसिण सयावतत्त दुग्गंध-विस्स-उव्वेय-जणगेसु बीभच्छदरिसणिज्जेसु णिच्चं हिमपडलसीयलेसु कालोभासेसु य भीम-गंभीर-लोम- हरिसणेसु णिरभिरामेसु णिप्पडियार-वाहिरोगजरापीलिएसु अईव णिच्चंधयार तिमिसेसु पइभएसु ववगय- गह-चंद-सूर-णक्खत्तजोइसेसु मेय वसा मंसपडल पोच्चड-पूय-रुहिरुक्किण्ण विलीण-चिक्कण-रसिया वावण्णकुहिय चिक्खल्ल- कद्दमेसु-कुकूलाणल-पलित्तजालमुम्मुर-असिक्खुरकरवत्त धारासु णिसिय विच्छुय-डंक- णिवायोवम्म-फरिस अइदुस्सहेसु य, अत्ताणा असरणा कडुयदुक्ख परितावणेसु अणुबद्ध-णिरंतर-वेयणेसु-जमपुरिस-संकुलेसु ।**

**ભાવાર્થ :-** તે હિંસક, પાપીજન આ મનુષ્ય ભવનું આયુષ્ય સમાપ્ત થાય ત્યારે, મૃત્યુને પ્રાપ્ત થઈ અશુભકર્મોની બહુલતાના કારણે શીઘ્ર(સીધા જ) નરકમાં ઉત્પન્ન થાય છે.

જે નરક ઘણી વિશાળ–વિસ્તૃત છે. તેની ભીંત વજ્રમય છે. તે ભીંતમાં કોઈ સંધિ કે છિદ્ર નથી. ત્યાંથી બહાર નીકળવાનું કોઈ દ્વાર નથી. ત્યાંની ભૂમિ કોમળતા રહિત છે, કઠોર છે, અત્યંત કઠોર છે. તે નરકરૂપી કારાગાર વિષમ છે. ત્યાં નરકાવાસ અત્યંત ગરમ એવં તપ્ત રહે છે. તે જીવ ત્યાં દુર્ગંધને કારણે હંમેશાં ઉદ્વિગ્ન અને ગભરાયેલા હોય છે. ત્યાંનું દશ્ય અત્યંત (બીભત્સ) છે. તે જોતાં જ ભયાનક દેખાય છે. નરકના કેટલાક સ્થાનોમાં જ્યાં ઠંડીની પ્રધાનતા છે. તે હિમાલયથી વધુ ઠંડો છે. તે નરક અત્યંત ભયંકર છે. ગંભીર અને રુંવાટા ઉભા કરી દેનાર છે, અરમણીય–ઘૃણાસ્પદ છે. તે જેનો પ્રતિકાર ન થઈ શકે તેવા અસાધ્ય કુષ્ઠ આદિ વ્યાધિઓ, રોગો એવં દુઃખથી પીડા પહોંચાડનાર છે. ત્યાં હંમેશા અંધકાર રહેવાના કારણે પ્રત્યેક વસ્તુ ઘણીજ ભયાનક લાગે છે. ગ્રહ, નક્ષત્ર, ચંદ્રમા, સૂર્ય, આદિની જ્યોતિ(પ્રકાશ)નો ત્યાં અભાવ છે. મેદ, વસા–ચરબી, માંસના ઢગલા હોવાથી તે સ્થાન અત્યંત ઘૃણાસ્પદ છે. રસી અને લોહી વહેવાથી ત્યાંની ભૂમિ ભીની અને ચીકણી રહે છે અને કીચડ જેવું લાગે છે. ઉષ્ણ પ્રધાન સ્થાનોનો સ્પર્શ બળતા છાણા(કરીષ)ની અગ્નિ યા ખેરની અગ્નિ ની સમાન ઉષ્ણ તથા તલવાર, અસ્ત્ર અથવા કરવતની ધાર સમાન તીક્ષ્ણ છે. તેનો સ્પર્શ વીંછીના ડંખથી પણ અધિક વેદના ઉત્પન્ન કરાવનાર અતિશય દુઃસહ્ય છે. ત્યાં નારકજીવ ત્રાણ અને શરણથી રહિત છે. તે નરક કટુ ફળદાયક દુઃખોને કારણે ઘોર પરિતાપ ઉત્પન્ન કરનાર છે. ત્યાં નિરંતર દુઃખ હોય છે, દુઃખરૂપ વેદના છે. ત્યાં યમપુરુષ અર્થાત્ પંદર પ્રકારના પરમાધામી દેવો હોય છે તે નારકોને ભયંકર યાતનાઓ આપે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં નારકોની વેદનાનું કથન કર્યું છે. તેમાં સહુ પ્રથમ ત્યાંની ક્ષેત્ર વેદનાને સ્પષ્ટ કરવા ત્યાંની ભૂમિનું વર્ણન કર્યું છે.

**નરકભૂમિ–ક્ષેત્રવેદના :–** તે ક્ષેત્ર અત્યંત વિસ્તૃત છે. ત્યાંની ભૂમિ કઠોર, ઊંચી–નીચી, વિષમ છે. ત્યાંનો સ્પર્શ અત્યંત કષ્ટકારી છે. ત્યાંની ભૂમિના સ્પર્શથી હજારો વીંછીઓ એક સાથે ડંખતા હોય તેવી તીવ્ર વેદનાનો અનુભવ થાય છે; ત્યાંની ભૂમિ લોહી, માંસ અને ચરબીના કારણે પંકિલ–કીચડમય છે. જોકે ત્યાં ઔદારિક શરીરી જીવો નથી. તેમ છતાં ત્યાંના પુદ્‌ગલના જ તથાપ્રકારના પરિણમનના કારણે લોહી–માંસ જેવું પ્રતીત થાય છે. તેની દુર્ગંધ અસહ્ય છે.

જ્યાં ઉષ્ણ સ્પર્શ હોય ત્યાં ખેરના અંગારાથી અનંતગુણી અધિક ઉષ્ણતા હોય અને શીત સ્પર્શ હોય ત્યાં હિમાલયથી અનંતગુણી અધિક શીતવેદના હોય છે. ત્યાંની ઉષ્ણ અને શીત વેદના વચનાતીત છે. ત્યાં સૂર્ય ચંદ્ર આદિનો પ્રકાશ નથી તેથી ઘોર અંધકાર હોય છે.

**દેવકૃત વેદના :–** ત્યાં પંદર પ્રકારના પરમાધામી દેવો નારકોને ભયંકર ત્રાસ આપે છે. મૂળ પાઠમાં જેનો ઉલ્લેખ **જમ પુરિસ–યમ પુરુષ** તરીકે કર્યો છે. તે આ પ્રકારે છે.

**(૧) અમ્બ(અંબ) :–** તે નારકોને ઉપર આકાશમાં લઈ જઈ એકદમ નીચે ફેંકે છે.

**(૨) અમ્બરીષ :–** (અંબરીશ) છરી આદિ શસ્ત્રોથી નારકોના શરીરના ટુકડે ટુકડાં કરી ભઠ્ઠીમાં પકાવવા યોગ્ય બનાવે છે.

**(૩) શ્યામ :–** તે ચાબુકના પ્રહારથી અથવા લાતોથી, ઘૂસ્તાથી, નારકોને મારે છે અને દુઃખજનક જગ્યામાં ફેંકી દે છે.

**(૪) શબલ :–** તે નારક જીવોના શરીરમાંથી, આંતરડા,નસો, અને કાળજા આદિને બહાર કાઢે છે.

**(૫) રુદ્ર :–** ભાલા, બરછી, આદિ ધારદાર શસ્ત્રોમાં નારકોને પરોવે છે. તેને રૌદ્ર પણ કહે છે. તે અતિ ભયંકર હોય છે.

**(૬) ઉપરુદ્ર :–** (વૈરુદ્ર) તે નારકોના અંગોપાંગને ભયંકર રીતે ચીરે છે.

**(૭) કાલ :–** તે નારકોને કડાઈમાં પકાવે છે.

**(૮) મહાકાલ :–** તે નારકોના માંસના ટુકડે–ટુકડા કરી તેને જબરદસ્તી(પરાણે)થી ખવડાવે છે.

**(૯) અસિપત્ર :–** તે પોતાની વૈક્રિય શક્તિદ્વારા તલવાર જેવા તીક્ષ્ણ પાંદડાવાળા વૃક્ષોનું વન બનાવીને તેના પાંદડા નારકો ઉપર ફેંકે છે અને નારકોના શરીરનાં તલ તલ જેવડાં નાના–નાના ટુકડાં કરી નાંખે છે.

**(૧૦) ધનુષ :–** તે ધનુષથી તીક્ષ્ણ બાણ ફેંકી નારકોના કાન–નાક આદિ અવયવોનું છેદન કરે છે.

**(૧૧) કુમ્ભ :–** તે નારકોને કુંભીઓમાં પકાવે છે.

**(૧૨) બાલુ :–** (વાલુ) તે વૈક્રિય લબ્ધિ દ્વારા બનાવેલ કદંબ–રેતી અથવા વજ્રની રેતીમાં નારકોને ચણા

આદિની જેમ શેકે છે.
**(૧૩) વૈતરણી :–** તે યમપુરુષ માંસ, લોહી, રસી અને ઓગાળેલા તાંબા, સીસા આદિ અતિ ઉષ્ણ પદાર્થોથી ઉકળતી–બે કાંઠામાં વહેતી વૈતરણી નદીમાં નારકોને ફેંકી દે છે અને પરાણે તરાવે છે.
**(૧૪) ખરસ્વર :–** તે વજ્રમય તીક્ષ્ણ કાંટાઓથી વ્યાપ્ત, શાલ્મલી વૃક્ષ ઉપર ચડાવી કરુણ આક્રંદ કરતા નારકોને ચારેબાજુ ખેંચે છે.
**(૧૫) મહાઘોષ :–** તે ભયભીત થઈ અથવા અસહ્ય યાતનાથી બચવાની ઈચ્છાથી ભાગતા નારકી જીવોને વાડામાં બાંધી દે છે અને ભયાનક અવાજ કરીને તેને રોકે છે.

પરમાધામી દેવો ઉપરાંત પૂર્વભવના વૈરી નારકો પરસ્પર એકબીજાને ત્રાસ આપે છે. આવી ઘોરતમ વેદનાને અનુભવતા તે જીવોને કોઈ ત્રાણ કે શરણરૂપ નથી.

## નારકોનું બીભત્સ શરીર :-

**૨૪ तत्थ य अंतोमुहुत्तलद्धिभवपच्चएणं णिवत्तंति उ ते सरीरं हुंडं बीभच्छदरिसणिज्जं बीहणगं अट्ठि–ण्हारु–णह–रोम–वज्जियं असुभगं दुक्खविसहं ।**

**तओ य पज्जत्तिमुवगया इंदिएहिं पंचहिं वेएंति असुहाए वेयणाए उज्जल– बल विउलुक्कड खर–फरुस–पयंड–घोर–बीहणगदारुणाए ॥**

**ભાવાર્થ :–** તે પાપી જીવ નરકમાં ઉત્પન્ન થતાં જ અંતર્મુહૂર્તમાં(વૈક્રિય)ભવપ્રત્યયિક લબ્ધિથી પોતાના શરીરનું નિર્માણ કરી લે છે. તેનું શરીર હુંડસંસ્થાન–બેડોળ આકૃતિવાળું, જોવામાં બીભત્સ–ઘૃણિત, ભયાનક, અસ્થિઓ, નસો, નખો, અને રૂંવાટાથી રહિત, અશુભ અને દુઃખોને સહન કરવામાં સક્ષમ હોય છે.

શરીરનું નિર્માણ થઈ ગયા પછી અને પર્યાપ્તિઓથી પૂર્ણ થયા પછી, પાંચે ઈન્દ્રિયોથી અશુભ વેદનાનું વેદન કરે છે. તેની વેદના ઉજજવલ, બલવતી, વિપુલ, ઉત્કટ, કઠોર, પરુષ, પ્રચંડ, ઘોર, બીહામણી–ડરાવે તેવી અને દારુણ હોય છે.

## વિવેચન :- નારકીની વેદના

વેદનાનો સામાન્ય અર્થ છે–વેદન કરવું, અનુભવ કરવો, તે પ્રાયઃ બે પ્રકારની હોય છે. શાતાવેદના અને અશાતાવેદના. અનુકૂળ, ઈષ્ટ અથવા સુખરૂપ વેદનાને શાતાવેદના કહેવાય છે અને પ્રતિકૂળ, અનિષ્ટ અથવા દુઃખરૂપ વેદનાને અશાતાવેદના કહેવાય છે. નારકજીવોને અશાતા વેદના જ હોય છે. તે અશાતા વેદનાનો પ્રકર્ષ પ્રગટ કરવાને માટે શાસ્ત્રકારે અનેક વિશેષણનો પ્રયોગ કરેલ છે. આ વિશેષણોમાં એકાર્થકતાનો આભાસ થાય છે. પરંતુ **शब्दभेदादर्थ भेदः** અર્થાત્ શબ્દના ભેદથી અર્થમાં ભેદ થઈ જાય છે. આ નિયમ અનુસાર પ્રત્યેક શબ્દના અર્થમાં વિશેષતા–ભિન્નતા છે. જે આ પ્રકારે છે.

**उज्जल** (ઉજ્જવલ) ઉજળી અર્થાત્ સુખરૂપ વિપક્ષના લેશમાત્રથી રહિત– જેમાં સુખનો અંશ માત્ર નથી.

**बल–विउल** (બળવિપુલ)= પ્રતિકાર ન થઈ શકવાના કારણે અતિશય બળવાન તેમજ સમગ્ર શરીરમાં વ્યાપ્ત રહેવાના કારણે વિપુલ.

**उक्कड** (ઉત્કટ) = ચરમ સીમાને પ્રાપ્ત. પાઠાંતર છે– **कक्खड** = કર્કશ

**खर फरुष** = કઠોર શિલા આદિના પડવાથી જેવી વેદના થાય તેવી વેદના હોવાથી ખર તથા કુષ્માંડના પાંદડા સમાન કર્કશ સ્પર્શવાળા પદાર્થોથી જે વેદના થાય તેવી હોવાથી પરુષ–કઠોર.

**पयंड** (પ્રચંડ) = તુરત જ સમગ્ર શરીરમાં વ્યાપ્ત થઈ જનાર.

**घोर** = જીવનનો અંત કરી નાખે તેવીઘોર વેદના હોય છે. ઔદારિક શરીર હોય તો આ વેદનાથી જીવનનો નાશ થઈ જાય પરતું નારકો વૈક્રિય શરીરવાળા હોય છે. તેથી આ વેદનાને નિંરતર સહન કરવા છતાં પણ તેના જીવનનો અંત થતો નથી.

**बीहणग** (ભીષણ) = ભયાનક, ભયજનક.

**दारुण** = અત્યંત વિકટ, ઘોર.

અહીં એ ધ્યાનમાં રાખવું જોઈએ કે દેવોની જેમ નારકોને પણ ભવ પ્રત્યયિક વૈક્રિયશરીર હોય છે. આયુષ્ય પૂર્ણ થયા વિના અકાળમાં આ શરીરનો અંત આવતો નથી, પરમાધામી દેવો તેના શરીરના ટુકડે–ટુકડા કરી નાંખે તોપણ તે પારાની જેમ ફરી જોડાઈ જાય છે.

### નારકોના લોમહર્ષક દુઃખ :–

**૨૫ किं ते ? कंदुमहाकुंभिए पयण–पउलण–तवग–तलण–भट्ठभज्जणाणि य लोहकडाहु– कढणाणि य कोट्टबलि करण–कोट्टणाणि य सामलितिक्खग्ग– लोहकंटग–अभिसरणा–पसरणाणि फालणविदारणाणि य अवकोडक बंधणाणि लट्ठिसयतालणाणि य गलगंबलुल्लंबणाणि सूलग्गभेयणाणि य आएसपवंचणाणि खिंसणविमाणणाणि विघुट्ठपणिज्जणाणि वज्झसयमाइकाणि य ।**

**ભાવાર્થ :–** નારકો જે વેદના ભોગવે છે, તે કેવી છે ?

નારક જીવોને કંદુ–કડાઈ જેવા પહોળા મુખવાળા પાત્રમાં અને મહાકુંભી–ઘડા જેવા સાંકડા મુખવાળા મહાપાત્રમાં પકાવવામાં, સીસાની જેમ ઓગાળવામાં, તેલના તાવડામાં તળવામાં, ચણાની જેમ ભૂંજવામાં આવે છે; લોઢાની કડાઈમાં શેરડીના રસની જેમ ખૂબ ઉકાળવામાં આવે છે. બકરાની જેમ બલિ ચડાવવામાં આવે છે.તેના શરીરના ટુકડે–ટુકડા કરવામાં આવે છે. લોઢાના તીક્ષ્ણ શૂળની સમાન,

તીક્ષ્ણ કાંટાવાળા શાલ્મલિવૃક્ષના કાંટા પર તેને ઘસડવામાં આવે છે. વસ્ત્રની જેમ ફાડવામાં આવે છે. લાકડાની સમાન તેને ચીરવામાં આવે છે. તેના હાથ અને પગ જકડી લેવામાં આવે છે. સેંકડો લાકડીઓથી તેના પર પ્રહાર કરવામાં આવે છે. ગળામાં ફાંસી નાંખી તેને લટકાવવામાં આવે છે. તેના શરીરને શૂળીના અગ્રભાગથી ભેદવામાં આવે છે. તેને ખોટા આદેશ દઈ ઠગવામાં આવે છે, તેની ભત્સર્ના કરવામાં આવે છે, અપમાનિત કરવામાં આવે છે. પૂર્વભવમાં કરેલા ઘોર પાપો યાદ કરાવી, વધભૂમિમાં ઘસડી જવામાં આવે છે. વધ્ય જીવોને જે દુઃખો આપવામાં આવે તેવા સેંકડો પ્રકારના દુઃખ તેને દેવામાં આવે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પરમાધામી દેવો દ્વારા અપાતી ભયાનક યાતનાઓનું દિગ્દર્શન છે.

પરમાધામી જીવ જ્યારે નારકોને પીડા ઉત્પન્ન કરે છે ત્યારે તે તેના પૂર્વકૃત પાપોની ઉદ્‌ઘોષણા પણ કરે છે. તેઓને તેના કરેલા પાપોનું સ્મરણ કરાવે છે, નારકોના પૂર્વકૃત પાપ જે કોટિના હોય છે, પ્રાયઃ તેવા પ્રકારની યાતના તેઓને દેવામાં આવે છે. જેમ કે– જે લોકોએ પૂર્વભવમાં જીવતા મરઘા–મરઘીને ઉકળતા પાણીમાં નાંખીને ઉકાળ્યા હોય, તેને કંદુ અને મહાકુંભીમાં ઉકાળવામાં આવે છે. જે પાપીજીવોએ અન્ય જીવોનો વધ કરીને માંસ કાપ્યું હોય, શેક્યું હોય, તેને તે પ્રકારે કાપવામાં આવે છે. જે જીવોએ દેવી–દેવતા આગળ બકરાં આદિ પ્રાણીઓનો વધ કર્યો હોય તેને બલિની જેમ વધેરવામાં આવે છે. આ જ રીતે પ્રાયઃ અન્ય વેદનાઓના વિષયમાં જાણી લેવું જોઈએ.

**નારકોની જીવનપર્યંત વેદના :–**

**૨૬ एवं ते पुव्वकम्मकयसंचयोवतत्ता णिरयग्गिमहग्गिसंपलित्ता गाढदुक्खं महब्भयं कक्कसं असायं सारीरं माणसं य तिव्वं दुविहं वेएंति वेयणं पावकम्मकारी बहूणि पलिओवम-सागरोवमाणि कलुणं पालेंति ते अहाउयं जमकाइयतासिया य सद्दं करेंति भीया ।**

**ભાવાર્થ :–** આ પ્રકારે તે નારક જીવ પૂર્વજન્મમાં કરેલા કર્મોના સંચયથી સંતપ્ત રહે છે. મહા–અગ્નિ સમાન નરકની અગ્નિની તીવ્રતાથી તેઓ બળતા રહે છે. તે પાપકૃત્ય કરનારા જીવ પ્રગાઢ દુઃખમય, ઘોર, ભયાવહ, અતિશય કર્કશ, શારીરિક અને માનસિક બંને પ્રકારની અશાતારૂપ વેદનાનો અનુભવ કરતા રહે છે. અનેક પલ્યોપમ અને સાગરોપમ કાલ સુધી તેઓ કરુણાજનક–દીન અવસ્થામાં આ વેદના ભોગવે છે. આયુષ્ય પર્યંત તે યમકાયિક[પરમાધામી] દેવો દ્વારા ત્રાસ પ્રાપ્ત કર્યા કરે છે અને દુસ્સહ વેદનાથી ભયભીત થઈ ચિત્કાર–ચીસો પાડે છે અને રોવે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત પાઠમાં નારકોનાં સબંધમાં **अहाउयं** પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ પદ સૂચિત

કરે છે કે જેમ સામાન્ય મનુષ્ય અને તિર્યંચ ઉપઘાતનું નિમિત પ્રાપ્ત થવાથી અકાળે મૃત્યુ પામે છે અર્થાત્ દીર્ઘકાળ સુધી ભોગવવા યોગ્ય આયુષ્યને અલ્પ સમયમાં, ભોગવીને સમાપ્ત કરે છે, તેમ નારકોમાં હોતું નથી. તેનું આયુષ્ય નિરુપક્રમી હોય છે. જેટલું આયુષ્ય બાંધ્યુ હોય, તેટલું ભોગવવું જ પડે છે. તેમાં ફેરફાર થતો નથી.

નારકજીવ અનેકાનેક પલ્યોપમ અને સાગરોપમ સુધી નિરંતર ઉપરોક્ત વેદનાઓ ભોગવતા રહે છે. નારકોનું આયુષ્ય મનુષ્ય અને તિર્યંચની અપેક્ષાએ દીર્ઘકાલનું હોય છે. તેના આયુષ્યની ગણતરી પલ્યોપમ અને સાગરોપમ દ્વારા થાય છે. [પલ્યોપમ અને સાગરોપમના વિસ્તૃત વિવેચન માટે જૂઓ અનુયોગદ્વાર સૂત્ર]

### નારકોનો કરુણ ચિત્કાર :–

**૨૭ किं ते ? अवि भाव(ग) सामि भाय बप्प ताय जियवं ! मुय मे मरामि दुब्बलो वाहिपीलिओऽहं किं दाणिऽसि एवं दारुणो णिद्दय ? मा देहि मे पहारे, उस्सासेयं मुहुतं मे देहि, पसायं करेह, मा रुस वीसमामि, गेविज्जं मुयह मे मरामि गाढं तण्हाइओ अहं देहि पाणीयं ।**

**ભાવાર્થ :–** નારકીઓ કેવી રાડો પાડે છે ?

હે મહાભાગ ! હે સ્વામિન્ ! હે ભાઈ ! અરે બાપ !(પિતાજી !), હે તાત ! હે વિજેતા ! મને છોડી દો, હું મરી રહ્યો છું, હું દુર્બળ છું, વ્યાધિથી પીડિત છું. તમે અત્યારે કેમ ક્રૂર અને નિર્દય થઈ રહ્યા છો ! મારા ઉપર પ્રહાર ન કરો, થોડી વાર તો છોડો, શ્વાસ લેવા દ્યો ! દયા કરો, રોષ ન કરો, હું જરાક વિશ્રામ કરી લઉં, મારું ગળુ છોડી દો, હું મરી રહ્યો છું, હું તરસથી પીડા પામું છું, થોડું પાણી આપો.

**૨૮ हंता पिय इमं जलं विमलं सीयलं त्ति घेतूण य णरयपाला तवियं तउयं से दिंति कलसेण अंजलीसु दट्ठूण य तं पवेवियंगोवंगा अंसुपगलंतपप्पुयच्छा छिण्णा तण्हाइयम्ह कलुणाणि जंपमाणा विप्पेक्खंता दिसोदिसिं अत्ताणा असरणा अणाहा अबंधवा बंधुविप्पहूणा विपलायंति य मिया इव वेगेण भयुव्विग्गा ।**

**ભાવાર્થ :–** હા તમને તરસ લાગી છે ને ! તો લો આ નિર્મળ અને શીતલ પાણી પીવો, આ પ્રમાણે કહી નરકપાલ અર્થાત્ પરમાધામી અસુર દેવો નારકોને પકડી તપ્ત સીસુ–સીસાનો રસ કળશમાં ભરીને તેની અંજલિમાં નાંખે છે. તેને જોતાં જ તેના અંગોપાંગ ધ્રૂજવા લાગે છે, તેની આંખોમાંથી આંસુ ટપકવા લાગે છે, અમારી તરસ શાંત થઈ ગઈ છે. આ પ્રમાણે કરુણાપૂર્વક વચન બોલતા, ભાગતા, તે બચવા માટે ચારે દિશાઓમાં જોવા લાગે છે, અંતે તે રક્ષણ રહિત, શરણરહિત, અનાથ, બંધુથી રહિત, સહાયક ભાઈઓથી વંચિત અને ભયથી ઉદ્વિગ્ન તે નારકીઓ હરણની જેમ વેગપૂર્વક ભાગે છે.

**२९** **घेत्तुणबला पलायमाणाणं णिरणुकंपा मुहं विहाडेत्तु लोहदंडेहिं कलकलण्हं वयणसि छुभंति केइ जमकाइया हसंता । तेण दड्ढा संता रसंति य भीमाइं विस्सराइं रुवंति य कलुणगाइं पारेवयगा व एवं पलविय-विलावकलुण-कंदिय-बहुरुण्णरुइयसद्दो परिदेवियरुद्धबद्धय णारयारवसंकुलो णीसिट्ठो । रसिय-भणिय-कुविय-उक्कूइय-णिरयपाल तज्जियं, गिण्हक्कम पहर छिंद भिंद उप्पाडेह उक्खणाहि कत्ताहि विकत्ताहि य भंज हण विहण विच्छुब्भोच्छुब्भ आकड्ढ-विकड्ढ।**

**किं ण जंपसिं ? सराहि पावकम्माइं दुक्कयाइं एवं वयणमहप्पगब्भो पडिसुयासद्दसंकुलो तासओ सया णिरयगोयराणं महाणगरडज्झमाणसरिसो णिग्घोसो, सुच्चइ अणिट्ठो तहियं णेरइयाणं जाइज्जंताणं जायणाहिं ।**

**ભાવાર્થ :-** નિર્દય, હાંસી કરતા પરમાધામી દેવો ભાગતા તે નારક જીવોને બળજબરીથી પકડી, લોઢાના દંડાથી તેનું મોઢુ ફાડી, તેમાં ઉકળતુ સીસુ રેડે છે. ઉકળતું સીસુ રેડાતા તે નારકો બળતરાથી ભયંકર આર્તનાદ કરે છે, રાડો પાડે છે. તે કબૂતરની જેમ કરુણ આક્રંદ કરે છે, આ રીતે પ્રલાપ અને વિલાપ કરે છે, ચિત્કાર કરતાં આંસુ વહાવે છે, વિલાપ કરે છે, વાડામાં બકરાદિને રોકીને બાંધે છે તેમ નરકપાલ તેને રોકે, બાંધે ત્યારે તે આર્તનાદ કરે છે, હાહાકાર કરે છે, બબડે છે, શબ્દ કરે છે. આ રીતે રસિત, ભણિત, કુજિત, ઉત્કૂજિત નરકપાલ ક્રોધિત થઈ અને ઊંચા અવાજથી તેને ધમકાવે છે. પકડો, મારો, પ્રહાર કરો, છેદી નાંખો, ભેદી નાંખો, તેની ચામડી ઉતારો, કાન, નાકાદિ ઈન્દ્રિયો મૂળમાંથી કાપી નાખો, ટુકડા કરી નાંખો, ચૂરેચૂરા કરી નાખો, હનન કરો, ફરી પાછા અધિક હનન કરો. તેના મોઢામાં (ગરમાગરમ) સીસુ રેડો, કૂવા વગેરેમાં ફેંકો, ઊંચે ઉછાળો, વાળાદિ ખેંચીને જમીનમાં ઘસડો, ઊંધા કરો, વધારે ઘસેડો.આવા શબ્દો બોલી તે નરકપાલો નારકીને વધુ દુઃખ આપે છે.

નરકપાલ ફટકારતા કહે છે– બોલતા કેમ નથી ? તમારા પાપકર્મોનું, તમારા કુકર્મોનું સ્મરણ કરો. આ પ્રકારે નરકપાલોની અત્યંત કર્કશ ધ્વનિની ત્યાં પ્રતિધ્વનિ થાય છે. નારકજીવોને માટે તે હમેશા ત્રાસજનક હોય છે. જેમ કોઈ મહાનગરમાં આગ લાગે ત્યારે ભારે કોલાહલ થાય તેમ નિરંતર યાતનાઓ ભોગવતા નારકોનો અનિષ્ટ નિર્ઘોષ ત્યાં સંભાળાતો રહે છે.

**વિવેચન :-**

પ્રસ્તુત ત્રણ સૂત્રોમાં નારકોની ઉત્કૃષ્ટ ત્રાસજનક વેદનાનું નિરૂપણ છે. જે મૂળપાઠથી સ્પષ્ટ છે. અહીં કર્મનો અબાધિત સિદ્ધાંત ઉપસી આવે છે. જે વ્યક્તિ જેવા કર્મો કરે તેવા જ ફળ તેને ભોગવવા પડે છે. કર્મફળના વેદનમાં કોઈ ત્રાણ કે શરણરૂપ થઈ શકતું નથી. શાસ્ત્રકારે હિંસાજનક કર્મોનું દારુણ ફળ નારકોની વેદના દ્વારા સમજાવ્યું છે. નારકીય જીવોની ઘોરાતિઘોર યાતનાઓનું શબ્દ–ચિત્ર કેટલું ભીષણ છે ? જ્યારે ગળુ તીવ્ર તરસથી સુકાઈ ગયું હોય ત્યારે તેને ઉકાળેલ ગરમાગરમ સીસુ અંજલિમાં આપવું

અને જ્યારે તે આર્તનાદ કરી ભાગે ત્યારે જબરદસ્તીથી લોઢાના દંડથી તેનું મોઢું ફાડી, તેને પીવડાવવું કેટલું કરુણ છે ! એ વ્યથાનો કેમ પાર આવે ! પરતું પૂર્વભવમાં ઘોરાતિઘોર પાપ કરનાર નારકોને આ પ્રકારની યાતના લાંબા સમય સુધી ભોગવવી જ પડે છે. વસ્તુતઃ તેના પૂર્વકૃત દુષ્ટ કર્મ જ તેની આ અસાધારણ વ્યથાઓનું પ્રધાન કારણ છે.

## નારકોની વિવિધ પીડાઓ :–

**૩૦** **किं ते ? असिवण–दब्भवण–जंतपत्थर–सूइतलक्खार–वावि– कलकलंत–वेयरणि कलंबवालुया–जलियगुहणिरुंभणं उसिणोसिण–कंटइल्ल दुग्गम–रहजोयण तत्तलोहमग्गगमण– वाहणाणि ।**

**ભાવાર્થ :–** તે [નારકોની] યાતનાઓ કેવી છે.?

નારકોને અસિવનમાં અર્થાત્ તલવારની તીક્ષ્ણ ધાર સમાન પાંદડાવાળા વૃક્ષોના વનમાં, તીક્ષ્ણ ધારવાળા દર્ભ–ડાભના વનમાં, યંત્ર પ્રસ્તરમાં, સોયની અણી જેવા અતિ તીક્ષ્ણ કાંટાઓના સ્પર્શવાળી ભૂમિ પર, ક્ષારયુક્ત પાણીવાળી વાવમાં, કલ કલ અવાજ સાથે વહેતી વૈતરણી નદીની કદંબ પુષ્પની સમાન અત્યંત તપેલી લાલરેતીમાં અને બળતી ગુફામાં રોકવામાં આવે છે. અત્યંત ઉષ્ણ અને કાંટાવાળા દુર્ગમ–વિષમ, માર્ગમાં રથમાં બળદોની જેમ જોતરીને લોઢાયુક્ત ઉષ્ણમાર્ગમાં ચલાવવામાં આવે છે અને ખૂબ ભાર વહન કરાવવામાં આવે છે.

## નારકોના શસ્ત્ર :–

**૩૧** **इमेहिं विविहेहिं आउहे हिं–किं ते ?**

**मुग्गर–मुसुंढि–करकय–सत्ति–हल–गय–मूसल–चक्क–कोंत–तोमर–सूल–लउड–भिंडिमालसद्धल–पट्टिस–चम्मेट्ठ–दुहण–मुट्ठिय–असि–खेडग–खग्ग–चाव–णाराय–कणग–कप्पिणि–वासि–परसु–टंक–तिक्ख–णिम्मल–अण्णेहिं य एवमाइएहिं असुभेहिं वेउव्विएहिं पहरणसएहिं अणुबद्धतिव्ववेरा परोप्परवेयणं उदीरेंति अभिहणंता ।**

**तत्थ य मोग्गर–पहारचुण्णिय–मुसुंढि–संभग्ग–महियदेहा जंतोवपीलणफुरंतकप्पिया के इत्थ सचम्मका विगत्ता णिम्मूलुल्लूण कण्णोट्ठणासिका छिण्णहत्थपाया, असि–करकय–तिक्ख–कोंत– परसुप्पहारफालिया–वासीसंतच्छितंगमंगा कलकल– माण–खार– परिसित्त– गाढडज्झंतगत्ता कुंतग्ग– भिण्ण– जज्जरिय–सव्वदेहा विलोलंति महीतले विसूणियंगमंगा ।**

**ભાવાર્થ** :– નારકોમાં પરસ્પર તીવ્ર વેરભાવ હોય છે. તે અશુભ વૈક્રિય લબ્ધિથી નિર્મિત વિવિધ શસ્ત્રોથી પરસ્પર–એકબીજાને વેદના ઉત્પન્ન કરે છે. તે વિવિધ પ્રકારનાં આયુધો કયા કયા છે ?

મુદ્‌ગર, મુસુંઢિ, કરવત, શક્તિ–ત્રિશૂળ, હળ, ગદા, મુસળ–સાંબેલુ, ચક્ર, કુંત–ભાલા, તોમર–બાણનો એક પ્રકાર, શૂળ–તીક્ષ્ણ ધારવાળા લોઢાના કાંટાવાળું શસ્ત્ર. લાકડી, ભિંડિમાર–પાણ, સદ્ધલ–એક વિશેષ પ્રકારનું ભાલું, પટ્ટિસ–શસ્ત્ર વિશેષ, ચમ્મેટ્ઠ– ચામડાથી મઢેલ પાષાણ વિશેષ ,ગોફણ, દુઘણ–વૃક્ષને પણ પાડી શકે તેવું શસ્ત્ર વિશેષ, મૌષ્ટિક–મુષ્ટીપ્રમાણ પાષાણ, અસિ–તલવાર, ખેટક–ઢાલ, ખડ્‌ગ–તલવાર, ચાપ–ધનુષ, નારાચ–લોઢાનું બાણ, કનક–એક પ્રકારનું બાણ, કપ્પિણી (કર્તિકા)–કાતર, વસૂલા–લાકડી છોલવાનું હથિયાર, પરશુ અને ટાંકણું આ સર્વ અસ્ત્ર–શસ્ત્ર, તીક્ષ્ણ અને નિર્મલ શાણ પર ચઢે તેવા ચમકદાર હોય છે. આ તથા અન્યને દુઃખદાયક, વૈક્રિય શક્તિથી નિર્મિત સેંકડો શસ્ત્રોથી પરસ્પર–એકબીજાને મારતાં, પૂર્વના તીવ્ર વેરથી યુક્ત નારકીઓ વેદનાની ઉદીરણા કરે છે.

મુદ્‌ગરના પ્રહારોથી નારકોના શરીરના ચૂરા કરવામાં આવે છે, મુસુંઢિથી ભેદવામાં આવે છે, નાથવામાં આવે છે. ઘાણી આદિ યંત્રોથી પીલાવાના કારણે ફફડતા તેના શરીરના ટુકડા કરવામાં આવે છે. વિકૃત કરવામાં આવે છે. તેમના કાન, હોઠ, નાક અને હાથ–પગ મૂળમાંથી કાપવામાં આવે છે. તેઓને તલવાર, કરવત, તીક્ષ્ણ ભાલા એવં ફરસીથી ફાડવામાં આવે છે; વસુલાથી છોલી નાંખવામાં આવે છે. તેના શરીર પર ઉકળતું ક્ષાર યુક્ત પાણી નાંખી તેઓને બાળવામાં આવે છે, ભાલાની અણીથી તેના ટુકડા કરવામાં આવે છે. આ પ્રકારે તેના સમગ્ર શરીરને જર્જરિત કરવામાં આવે છે. તેનું શરીર સોજી જાય છે અને તે પૃથ્વી પર આળોટવા લાગે છે.

**વિવેચન** :–

પ્રસ્તુત સૂત્રમાં નારકોની ત્રણ પ્રકારની વેદનામાંથી પરસ્પર અપાતી વેદનાનું તાદશ્ય નિરૂપણ છે. નારકોનું શરીર જન્મસિદ્ધ વૈક્રિય હોવાથી તેના ટુકડા કરાય, શેકાય, તળાય કે ગમે તે પ્રક્રિયા થાય છતાં તેનો નાશ થતો નથી. તેનું વૈક્રિય શરીર તેને વિશેષ દુઃખકારક છે. (નારકોની વેદનાનાં વિશેષ વર્ણન માટે જુઓ : સૂયગડાંગ સૂત્ર ૧/૫)

### વૈક્રિયકૃત હિંસક પશુ પક્ષી :–

**૩૨ तत्थ य विग–सुणग–सियाल–काक–मज्जार–सरभ–दीविय–वियग्घ–सद्दूल–सीह–दप्पिय खुहाभिभूएहिं णिच्चकालमणसिएहिं घोरा रसमाण–भीमरूवेहिं अक्कमित्ता दढदाढागाढ–डक्क–कड्ढिय सुतिक्ख–णह– फालिय–उद्धदेहा–विच्छिप्पंते समंतओ विमुक्कसंधिबंधणा वियंगियंगमंगा कंक–कुरर–गिद्ध–घोर–कट्ठवायसगणेहि य पुणो खरथिरदढणक्ख–लोहतुंडेहिं ओवइत्ता**

**पक्खाहय–तिक्ख–णक्ख–विक्किण्ण–जिब्भंछिय–णयणणिद्दओलुग्गविगय–वयणा उक्कोसंता य उप्पयंता णिपयंता भमंता ।**

**ભાવાર્થ :–** નરકમાં અભિમાનયુક્ત મદોન્મત, ભૂખથી પીડિત–જેને બિલકૂલ ખોરાક મળ્યો નથી તેવા, ભયાવહ–ઘોરગર્જના કરતાં, ભયંકર વરુ, શિકારી કૂતરાં, શિયાળ, કાગડાં, બિલાડી, અષ્ટાપદ, ચિત્તા, વાઘ, કેશરીસિંહ અને સિંહ નારકો પર આક્રમણ કરે છે. તેઓ પોતાની મજબૂત દાઢોથી નારકોનાં શરીર કાપે છે, ખેંચે છે, અત્યંત જીણા અણીદાર નખોથી ફાડી તેના માંસના ટુકડા ચારે બાજુ ફેંકી દે છે. નારકના શરીરના સાંધા ઢીલા પડી જાય, તેના અંગોપાંગ વિકૃત થઈ જાય, ત્યારે દઢ અને તીક્ષ્ણ દાઢો, નખો અને લોઢા સમાન અણીદાર ચાંચવાળા કંક, કુરર અને ગીધ આદિ પક્ષી તથા ઘોર કષ્ટ દેનારા કાક પક્ષીઓના ઝૂંડ, કઠોર, મજબૂત તથા સ્થિર લોહમય ચાંચોથી(તે નારકો ઉપર) તૂટી પડે છે. તેને પોતાની પાંખોથી આઘાત પહોંચાડે છે, તીક્ષ્ણ નખોથી તેની જીભ બહાર ખેંચે છે અને આંખોમાં ચાંચો મારે છે. નિર્દયતાપૂર્વક તેના મોઢાને વિકૃત બનાવે છે. આ પ્રકારની યાતનાથી પીડિત તે નારક જીવ રુદન કરે છે ત્યારે ક્યારેક તેને ઉપર ઉછાળી પાછા નીચે પટકે છે તો ક્યારેક ગોળ–ગોળ ફેરવે છે.

## વિવેચન :–

વસ્તુતઃ નરકમાં વરુ, બિલાડા, સિંહ, વાઘ, તિર્યંચ ચતુષ્પદ આદિ હોતા નથી પરંતુ પરમાધામી દેવો જ નારકોને ત્રાસ દેવા માટે પોતાની વૈક્રિય શક્તિથી તેવા રૂપ બનાવે છે. વૈક્રિય શરીરધારી નારકીઓ જ પરસ્પરના વેરભાવથી પ્રેરાઈ વિવિધ રૂપો બનાવી, એક બીજાને વેદના આપે છે. આ ભયાનક યાતનાઓનું વર્ણન કરવાનું શાસ્ત્રકારનું એક માત્ર પ્રયોજન છે કે મનુષ્ય હિંસારૂપ દુષ્કર્મોથી બચે અને તેના ફળસ્વરૂપ થનારી યાતનાઓનું ભાજન ન બને.

## નારકોની ગતિ :–

**૩૨ पुव्वकम्मोदयोवगया, पच्छाणुसएणं(पच्छाणुतावेणं)डज्झमाणा णिंदंता पुरेकडाइं कम्माइं पावगाइं, तहिं तहिं तारिसाणि ओसण्णचिक्कणाइं दुक्खाइं अणुभवित्ता तओ य आउक्खएणं उव्वट्टिया समाणा बहवे गच्छंति तिरियवसहिं दुक्खुत्तरं सुदारुणं जम्मण मरण–जरावाहि–परियट्टणारहट्टं जल थल–खहयर परोप्पर–विहिंसण पवंचं। इमं च जगपागडं वरागा दुक्खं पावेंति दीहकालं ।**

**ભાવાર્થ :–** તે નારકી જીવ પૂર્વોપાર્જિત પાપ કર્મોને આધીન થયેલા, પશ્ચાત્તાપની આગથી બળતાં તે તે પ્રકારનાં પૂર્વકૃત કર્મોની નિંદા કરતાં, અત્યંત ચિકણાં, મુશ્કેલીથી છૂટનારાં નિકાચિત કર્મોને ભોગવી, ત્યાર પછી નરકનું આયુષ્ય ક્ષય થવા પર, નરકભૂમિમાંથી નીકળી ઘણા જીવ તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે. તેની તે તિર્યંચયોનિ પણ અતિશય દુઃખોથી પરિપૂર્ણ અને દારુણ કષ્ટવાળી હોય છે. જન્મ, મરણ,

જરા અને વ્યાધિનું ચક્ર તેમાં ફરતું રહે છે. તેમાં જળચર, સ્થળચર, ખેચરના પારસ્પરિક ઘાત– પ્રત્યાઘાતનું દુષ્ચક્ર ચાલુ રહે છે. તિર્યંચગતિના દુઃખ તો જગતમાં પ્રત્યક્ષ છે. નરકમાંથી નીકળીને તે બિચારા જીવ તિર્યંચયોનીમાં દીર્ઘકાલ પર્યંત દુઃખને પ્રાપ્ત કરે છે.

## વિવેચન :–

આ સૂત્રમાં શાસ્ત્રકારે હિંસાના પરિણામોની પરંપરાનું દર્શન કરાવ્યું છે. હિંસાના પરિણામ સ્વરૂપ તે જીવ નરકના ઘોર દુઃખને દીર્ઘકાલ પર્યંત ભોગવે છે. નરકનું આયુષ્ય પૂર્ણ થયા પછી તે જીવ પ્રાયઃ તિર્યંચગતિમાં જન્મ ધારણ કરે છે. તિર્યંચગતિમાં પણ તે કૂતરાં, બિલાડા, સિંહ, વાઘ, ચિત્તા, દીપડા આદિ રૂપે જ જન્મે છે. ત્યાં પણ તેની હિંસકવૃત્તિ રહે છે.

## તિર્યંચયોનિનાં દુઃખ :–

**૩૪ किं ते ? सीउण्ह–तण्हा–खुह–वेयण–अप्पईकार–अडवि–जम्मणणिच्च–भउव्विग्ग–वास–जग्गण–वह–बंधण–ताडण–अंकण–णिवायण–अट्ठिभंजण–णासाभेयप्पहार दूमण–छविच्छेयण–अभिओग–पावण कसंकुसारणिवाय दमणाणि– वाहणाणि य ।**

**मायापिइ–विप्पओग–सोय–परिपीलणाणि य सत्थग्गि–विसाभिघाय– गल–गवलावलण–मारणाणि य गलजालुच्छिप्पणाणि य पउलण– विकप्पणाणि य जावज्जीविगबंधणाणि य, पंजरणिरोहणाणि य संज्जूहणिग्घाडणाणि य धमणाणि य दोहणाणि य कुदंडगलबंधाणाणि य वाडगपरिवारणाणि य पंकजलणिमज्जणाणि य वारिप्पवेसणाणि य ओवायणिभंग–विसमणिवडणदवग्गिजालदहणाई य ।**

**एयं ते दुक्खसयसंपलित्ता णरगाओ आगया इहं सावसेसकम्मा तिरिक्ख पंचिंदिएसु पाविंति पावकारी कम्माणि पमाय रागदोसबहुसंचियाइं अईव अस्साय–कक्कसाइं ।**

**ભાવાર્થ :–** તે તિર્યંચયોનીના દુઃખ કેવા છે ?

શીત(ઠંડી), ઉષ્ણ (ગરમી), તૃષા(તરસ), ક્ષુધા(ભૂખ), વેદનાનો અપ્રતિકાર, જંગલમાં જન્મ લેવો, નિરંતર ભયથી ગભરાતા રહેવું, જાગરણ, વધ, બંધન, તાડન, લોઢાની શલાકા, ચીપીયા આદિને ગરમ કરી નિશાન કરવા, ખાડા આદિમાં પાડવા, હાડકાંનું ભાંગવું, નાક છેદન, ચાબુક, પ્રહાર, સંતાપ, છવિચ્છેદ(અંગોપાંગને છેદાવા), ભારવહન આદિ કામોમાં જોડાવું ; કોરડા(ચાબુક) અંકુશ અને આરા–ડંડાના આગળના ભાગમાં લાગેલી અણીદાર ખીલી આદિથી કષ્ટ પામવું, ભાર વહન કરવો આદિ અનેક

પ્રકારના દુઃખ તિર્યંચ યોનીમાં સહન કરવા પડે છે.

માતા–પિતાનો વિયોગ, કાન–નાકાદિની છેદનક્રિયા વગેરેથી શોકાતુર બનવું, શસ્ત્ર, અગ્નિ, વિષ વગેરે પ્રયોગ દ્વારા અભિઘાત પામવો, ગર્દન–ગળું, શિંગડા મરડાઈ જવાથી મરણ થવું, કાંટા કે જાળ દ્વારા માછલાનું પાણીમાંથી બહાર નીકળી તરફડવું, કપાવું, જીવનપર્યંત બંધનમાં રહેવું, પીંજરામાં પુરાઈ રહેવું, સ્વસમૂહથી જુદા પડવું, અગ્નિમાં નાંખીને અણીદાર સળિયા વડે વીંધાવું, દોહાવું, ડંડાથી ગળાનું બંધાવું, વાડામાં ગોંધાય રહેવું, કીચડવાળા પાણીમાં ડૂબવું, પાણીમાં ઘસેડાવું, ખાડામાં પડવું, વિસમ સ્થાનમાં પડવું, દાવાનળમાં બળી મરવું વગેરે કષ્ટોથી પરિપૂર્ણ તિર્યંચગતિમાં દુઃખો ભોગવે છે.

આ રીતે હિંસાનું પાપ કરનાર પાપી જીવ સેંકડો પીડાઓથી પીડિત થઈને, શેષ રહેલા કર્મોને ભોગવવા માટે નરકગતિમાંથી પંચેન્દ્રિય તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે. ત્યાં પ્રમાદ અને રાગ–દ્વેષ દ્વારા સંચિત ઘણાં પાપકારી કર્મોના ઉદયે અત્યંત કર્કશ અશાતા વેદનાને ભોગવે છે.

## વિવેચન :–

નારકોની ઉત્પત્તિ પ્રાયઃ પંચેન્દ્રિય તિર્યંચ ગતિમાં થાય છે. તેનું કારણ પ્રસ્તુત સૂત્રમાં સ્પષ્ટ કર્યું છે.

તિર્યંચગતિના દુઃખો પ્રત્યક્ષ છે, મનુષ્યો દુઃખથી મુક્ત થવા અને સુખને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરી શકે છે. જ્યારે તિર્યંચોને પરાધીન પણે તે દુઃખો ભોગવવા જ પડે છે. માર, પીટ, વધ, બંધન, અંગોપાગ છેદન, ભાર વહન આદિ યાતનાઓ તેને સહન કરવી પડે છે.

હિંસા આદિના ઘોર પાપ કરનાર જીવ નરકગતિમાં ઉત્પન્ન થાય છે અને દીર્ઘકાલ પર્યંત ભયંકર વેદના ભોગવે છે. તેમ છતાં તે અશુભ કર્મો શેષ રહે તો તેને ભોગવવા માટે જીવને તિર્યંચ પંચેન્દ્રિયમાં જન્મ ધારણ કરવો પડે છે. આ તથ્યને પ્રગટ કરવા શાસ્ત્રકારે **सावसेसकम्मा** શબ્દ પ્રયોગ કર્યો છે.

પ્રશ્ન થાય છે કે ૩૩ સાગરોપમ પર્યંત ઘોર યાતનાનું વેદન કરવા છતાં કર્મો શેષ કેમ રહે છે ?

**पमाय राग दोस बहुसंचियाइं**– પ્રમાદ, તીવ્રરાગ અને દ્વેષ જન્ય કર્મો દીર્ઘકાલની સ્થિતિના હોય છે. આયુષ્ય કર્મથી અધિક સ્થિતિના કર્મો હોવાથી આયુષ્ય પૂર્ણ થવા છતાં કર્મો શેષ રહી જાય છે.

તાત્પર્ય એ છે કે **कडाण कम्माण न मोक्ख अत्थि** કૃત કર્મો ભોગવ્યા વિના મુક્તિ નથી. જીવ ગમે ત્યાં જાય, કૃત કર્મોનું પરિણામ તેને ભોગવવું જ પડે છે.

તિર્યંચ પંચેન્દ્રિય જાતિમાં પણ કર્મો શેષ રહે, તે ઉપરાંત ત્યાં પુનઃ તથા પ્રકારના અશુભકર્મોનો જ બંધ થાય તો તે જીવ વિકલેન્દ્રિય કે એકેન્દ્રિય જાતિમાં ઉત્પન્ન થાય છે.

## ચોરેન્દ્રિય જીવોનું દુઃખ :–

**૩૫ भमरमसगमच्छिमाइएसु य जाइकुलकोडिसयसहस्सेहिं णवहिं–चउरिंदियाणं**

**तहिं तहिं चेव जम्मणमरणाणि अणुहवंता कालं संखिज्जं भमंति णेरइयसमाणतिव्व दुक्खा, फरिसरसण-घाण-चक्खुसहिया ।**

**ભાવાર્થ :-** ચાર ઈન્દ્રિયવાળા ભમરાં, મશક-ડાંસ, માખી આદિ પર્યાયોમાં તેની નવ લાખ, કુલકોટિઓમાં વારંવાર જન્મ-મરણ(ના દુઃખો)નો અનુભવ કરતાં સંખ્યાત કાળ- સંખ્યાત હજાર વર્ષ સુધી ભ્રમણ કરે છે. ત્યાં પણ તેને નારકોની સમાન તીવ્ર દુઃખ ભોગવવું પડે છે. અચોરેન્દ્રિય જીવ સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુથી યુક્ત હોય છે.

## તેઈન્દ્રિય જીવોના દુઃખ :-

**૩૬ तहेव तेइंदिएसु कुंथु पिप्पीलिया अंधिकादिएसु य जाइकुलकोडिसय -सहस्सेहिं अट्ठहिं अणूणएहिं तेइंदियाणं तहिं तहिं चेव जम्मणमरणाणि अणुहवंता कालं संखेज्जगं भमंति णेरइयसमाण तिव्वदुक्खा फरिस- रसण- घाण-संपउत्ता।**

**ભાવાર્થ :-** આ પ્રમાણે કંથવા, કીડી, અંધિકા-દીમક આદિ તેઈન્દ્રિય જીવ, તેની આઠ લાખ કુલકોટિઓમાં વારંવાર જન્મ-મરણના દુઃખોનો અનુભવ કરતાં, સંખ્યાત કાલ- સંખ્યાત હજાર વર્ષ સુધી ભ્રમણ કરે છે, ત્યાં પણ તેને નારકોની સમાન તીવ્ર દુઃખ ભોગવવું પડે છે. આ તેઈન્દ્રિય જીવ સ્પર્શ, રસ અને ઘ્રાણથી યુક્ત હોય છે.

## બેઈન્દ્રિય જીવોના દુઃખ :-

**૩૭ गंडूलय-जलूय-किमिय-चंदणगमाइएसु य जाइकुलकोडिसयसहस्सेहिं सत्तहिं अणूणएहिं बेइंदियाणं तहिं तहिं चेव जम्मणमरणाणि अणुहवंता कालं संखेज्जगं भमंति णेरइयसमाण-तिव्वदुक्खा फरिस-रसण-संपउत्ता ।**

**ભાવાર્થ :-** ગિંગોડા, જળો, કૃમિ, ચંદન આદિ બેઈન્દ્રિય જીવોની સાત લાખ કુલકોટિમાં ત્યાંના ત્યાં જન્મ-મરણની વેદનાનો અનુભવ કરતાં સંખ્યાત હજારો વર્ષ સુધી ભ્રમણ કરે છે. ત્યાં તેને નારકોની સમાન તીવ્ર દુઃખ ભોગવવુ પડે છે. આ બેઈન્દ્રિય જીવ સ્પર્શ અને રસના આ બેઈન્દ્રિયવાળા હોય છે.

## એકેન્દ્રિય જીવોના દુઃખ :-

**૩૮ पत्ता एगिंदियत्तणं वि य पुढवि-जल-जलण-मारुय-वणप्फइ-सुहुम बायरं च पज्जत्तमपज्जतं पत्तेयसरीरणाम-साहारणं च पत्तेयसरीरजीविएसु य तत्थवि कालमसंखेज्जगं भमंति अणंतकालं च अणंतकाए फासिंदिय भावसंपउत्ता दुक्ख समुदयं इमं अणिट्ठं पावंति पुणो पुणो तहिं तहिं चेव परभव तरुगणगहणे ।**

**ભાવાર્થ** :– એકેન્દ્રિય અવસ્થાને પ્રાપ્ત જીવો પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયના સૂક્ષ્મ અને બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત, પ્રત્યેક અને સાધારણ શરીરમાં ઉત્પન્ન થાય છે. પ્રત્યેક શરીરી જીવોમાં અસંખ્યાતકાલ અને સાધારણ શરીરી જીવોમાં અનંતકાલ પર્યંત પરિભ્રમણ કર્યા કરે છે. આ સર્વ જીવને એક સ્પર્શેન્દ્રિય હોય છે. તેના દુઃખો ઘણા અનિષ્ટ છે.વનસ્પતિકાયરૂપ એકેન્દ્રિય જીવ ફરી ફરી ત્યાં જ જન્મ ધારણ કરે છે.

**૩૬ कुद्दाल–कुलिय–दालण–सलिल–मलण–खुंभण–रुंभण–अणलाणिल–विविह–सत्थघट्टण–परोप्पराभिहणणमारणविराहणाणि य अकामकाइंपरप्प–ओगोदीरणाहि य कज्जप्पओयणेहिं य पेस्सपसुणिमित्तं ओसहाहारमाइएहिं उक्खणण उक्कत्थण–पयण कुट्टण–पीसण–पिट्टण–भज्जण–गालण–आमोडण सडण– फुडण–भंजण– छेयण–तच्छण–विलुंचण–पत्तज्झोडण–अग्गिदहणाइयाइं, एवं ते भवपरंपरा दुक्ख समणुबद्धा अडंति संसारबीहणकरे जीवा पाणाइवायणिरया अणंतकालं ।**

**ભાવાર્થ** :– [સૂત્રકાર પૃથ્વી આદિ જીવોની વેદનાનું કથન કરે છે.]કોદાળી અને હળથી પૃથ્વીનું વિદારિત થવું, પાણીનું મંથિત થવું, ભરાયેલા પાણીને બહાર કાઢવું અને અગ્નિ તથા વાયુનું વિવિધ પ્રકારના શસ્ત્રોથી આહત થવું, પરસ્પરના આઘાતોથી આહત થવું–એક બીજાથી પીડિત થવું,મરાવું. તે દુઃખો તે જીવોને અપ્રિય હોય છે. પાપી જીવો પાપ શા માટે કરે છે ? પોતાને કોઈ પણ પ્રયોજન ન હોય તોપણ બીજાના કહેવાથી અથવા પોતાના આવશ્યક કાર્યોને કારણે તેઓ પાપ કરે છે. તે પાપકાર્યો કયા છે ? નોકરો તથા ગાય–ભેંસ આદિ પશુઓની ઔષધિ અને આહારાદિ માટે પૃથ્વી ખોદાવવી, ઉત્કથન–વૃક્ષાદિની છાલ ઉતારવી, રાંધવુ, ખાંડવું, પીસવું, માર મારવો, ભટ્ઠીમાં શેકવું, ગાલન– લતા, ગુલ્મ આદિમાંથી રસ કાઢવો, આમોડન–મરડવું, સડવું, સ્વયં તૂટી જવું, છેદવું, છોલવું, રૂંવાટા ઉખેડવા, પાંદડા આદિ દૂર કરવા, ફળ, ફૂલ, પાન આદિ પાડવા, અગ્નિ સળગાવવી ઈત્યાદિ.આ પ્રકારે ભવ પરંપરામાં અનુબદ્ધ હિંસાકારી પાપી જીવ ભયંકર સંસારમાં અનંત કાળ સુધી પરિભ્રમણ કરે છે.

**વિવેચન :–**

હિંસાજન્ય કુકર્મોની પરંપરા કેટલો કાલ ચાલે છે તેનું નિદર્શન કરતા શાસ્ત્રકારે વિકલેન્દ્રિય અને એકેન્દ્રિય જીવોની જાતિ, કુલકોટિ, તેના ભેદ–પ્રભેદનો ઉલ્લેખ કર્યો છે.

ઈન્દ્રિયોના આધારે તિર્યંચગતિના પાંચ ભેદ થાય છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચોરેન્દ્રિય, પંચેન્દ્રિય. જે મૂળ પાઠથી સ્પષ્ટ છે. તે હિંસક જીવ હિંસા જન્ય પાપનું પરિણામ ભોગવવા માટે, વિકલેન્દ્રિયમાં સંખ્યાત હજાર વર્ષ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને પ્રત્યેક વનસ્પતિમાં અસંખ્યાત કાલ, અને સાધારણ વનસ્પતિકાયમાં અનંતકાલ જન્મ–મરણ કરે છે. તે નરકના અતિથિ બન્યા પછી, પાપ કર્મોનું ફળ ભોગવતા, કર્મો શેષ રહી જવાના કારણે તિર્યંચ પંચેન્દ્રિય પર્યાયમાં, વિકલેન્દ્રિય અવસ્થામાં

અને પછી એકેન્દ્રિય અવસ્થામાં ઉત્પન્ન થાય છે. જ્યારે તે પૃથ્વીકાયમાં જન્મ લે છે ત્યારે તેઓને કોદાળી, પાવડા, હળ આદિ દ્વારા વિદારણ કરવાથી જે કષ્ટ પ્રાપ્ત થાય તે ભોગવવું પડે છે. પાણીમાં જન્મ લે તો તેનું મંથન, વિલોડન આદિ કરાય છે. તેઉકાય અને વાઉકાયના જીવો સ્વકાય શસ્ત્રો અને પરકાય શસ્ત્રોથી વિવિધ પ્રકારે આઘાત પામે છે. વનસ્પતિ કાયના જીવોને ઉખેડીને ફેંકી દેવામાં આવે છે; પકાવવામાં આવે છે; કૂટવામાં, પીસવામાં આવે છે; આગમાં બાળવામાં આવે છે અને પાણીમાં ગાળી નાંખવામાં આવે છે; સડાવવામાં આવે છે; તેનું છેદન, ભેદન આદિ કરવામાં આવે છે; ફળ, ફૂલ, પત્ર આદિ તોડવામાં આવે છે. આ પ્રમાણે અનેકાનેક પ્રકારની યાતનાઓ વનસ્પતિકાયના જીવોને સહન કરવી પડે છે. વનસ્પતિકાયના જીવોને વનસ્પતિકાયમાં જ વારંવાર જન્મ–મરણ કરતાં કરતાં અનંત સમય સુધી આ પ્રકારની વેદનાઓ ભોગવવી પડે છે.

### મનુષ્યભવના દુઃખ :–

**૪૦ जे वि य इह माणुसत्तणं आगया कहिं वि णरगा उव्वट्टिया अधण्णा, ते वि य दीसंति पायसो विकयविगलरुवा खुज्जा वडभा य वामणा बहिरा काणा कुंटा पंगुला विगला य मूका य मम्मणा य अंधयगा एगचक्खू विणिहय–संचिल्लया वाहिरोगपीलिय–अप्पाउय–सत्थवज्झबाला कुलक्खण उक्किण्णदेहा दुब्बल–कुसंघयण कुप्पमाण–कुसंठिया कुरूवा किविणा य हीणा हीणसत्ता णिच्चं सोक्खपरिवज्जिया असुहदुक्खभागी णरगाओ इहं सावसेसकम्मा उव्वट्टिया समाणा । एवं णरगं तिरिक्खजोणिं कुमाणुसत्तं च हिंडमाणा पावंति अणंताइं दुक्खाइं पावकारी ।**

**ભાવાર્થ** :– તે અધન્ય(હિંસાનું ઘોર પાપ કરનાર) જીવ નરકમાંથી નીકળીને કોઈ પણ પ્રકારે મનુષ્ય પર્યાયમાં ઉત્પન્ન થાય છે પરંતુ પ્રાયઃ તે વિકૃત અને અપૂર્ણ સ્વરૂપવાળા કૂબડા, ખૂંધયુક્ત, ઠીંગણા, બહેરા, કાણા, ઠૂંઠા, લંગડા, હીન અંગવાળા, મુંગા–અસ્પષ્ટ ઉચ્ચારણવાળા, આંધળા, એક આંખે કાણા, ચપટાં નેત્રવાળા, પિશાચગ્રસ્ત, કુષ્ઠ આદિ વ્યાધિઓ અને જ્વર આદિ રોગોથી અથવા માનસિક અને શારીરીક રોગોથી પીડિત અલ્પ આયુષ્યવાળા, શસ્ત્રથી વધ કરવા યોગ્ય, અજ્ઞાની, અશુભ લક્ષણથીયુક્ત–અશુભ રેખાઓથી યુક્ત શરીરવાળા, દુર્બળ, અપ્રશસ્ત સંઘયણવાળા, બેડોળ અંગોપાંગવાળા, અપ્રશસ્ત સંસ્થાનવાળા, કુરૂપ, કૃપણ–દીન, હીન, સત્વહીન, હંમેશાં સુખથી વંચિત અને દુઃખોના પાત્ર બને છે. આ પ્રકારે હિંસારૂપ પાપકર્મ કરનાર પ્રાણી નરક અને તિર્યંચ યોનિમાં તથા કુમાનુષ અવસ્થામાં ભટકતાં અનંત દુઃખ પ્રાપ્ત કરે છે.

### વિવેચન :–

પાપી જીવ નરકમાંથી નીકળીને સીધા મનુષ્યમાં અને તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં પણ તેની કેવી દુર્દશા થાય છે તેનું કથન ઉપરોક્ત સૂત્રમાં કર્યું છે. નરકમાંથી નીકળીને મનુષ્ય થનાર

પ્રત્યેક મનુષ્યની દુર્દશા જ થાય છે તેવું એકાંત નથી. તેથી જ સૂત્રકારે પ્રાયઃ (પાયસો)શબ્દ પ્રયોગ કર્યો છે અને સ્પષ્ટ વર્ણન પણ કર્યું છે કે– **सावसेसकम्मा** જેના કર્મો શેષ રહ્યા હોય તે જીવોની જ દુર્દશા થાય છે. જે જીવોના અશુભ કર્મો ક્ષય થઈ જાય તે જીવ નરકમાંથી નીકળીને મનુષ્ય ગતિમાં આવીને આદર, સત્કારને પણ પામે છે. કોઈ જીવ ઉચ્ચ પદને પ્રાપ્ત કરી શકે છે તેમજ કોઈક જીવ તીર્થંકર પદને પણ પ્રાપ્ત કરી શકે છે.

**હિંસાનો ઉપસંહાર :-**

**૪૧ एसो सो पाणवहस्स फलविवागो । इहलोइओ परलोइओ अप्पसुहो बहुदुक्खो महब्भयो बहुरयप्पगाढो दारुणो कक्कसो असाओ वाससहस्सेहिं मुंचइ, ण य अवेदयित्ता अत्थि हु मोक्खो त्ति,**

**एवमाहंसु णायकुलणंदणो महप्पा जिणो उ वीरवरणामधेज्जो, कहेसी य पाणवहस्स फलविवागं । एसो सो पाणवहो चंडो रुद्दो खुद्दो अणारिओ णिग्घिणो णिसंसो महब्भओ बीहणओ तासणओ अणज्जाओ उव्वेयणओ य णिरवयक्खो णिद्धम्मो णिप्पिवासो णिक्कलुणो णिरयवासगमणणिधणो मोहमहब्भयपवड्ढओ मरणवेमणंसो । त्ति बेमि ॥**

**॥ पढमं अहम्मदारं सम्मतं ॥**

**ભાવાર્થ :–** પ્રાણવધનું આ ફલવિપાક પરિણામ છે. જે આ લોક અને પરલોકમાં(નરકાદિભવમાં) ભોગવવો પડે છે. આ વિપાકમાં અલ્પ સુખ અને (ભવ–ભવાંતરમાં) મહાદુઃખ છે, મહાન ભયને ઉત્પન્ન કરનાર છે અને અત્યંત ગાઢ કર્મરૂપી રજથી યુક્ત છે, અત્યંત દારુણ છે, અત્યંત કઠોર છે અને અત્યંત અશાતાને ઉત્પન્ન કરનાર છે. હજારો વર્ષો પછી તેમાંથી છુટકારો પ્રાપ્ત થઈ શકે પરંતુ તેને ભોગવ્યા વિના છુટકારો થતો નથી.

જ્ઞાતકુલ નન્દન, શ્રેષ્ઠનામથી વિખ્યાત મહાત્મા મહાવીર તીર્થંકર પ્રભુએ પ્રાણાતિપાતનું આ ફળ પ્રતિપાદિત કર્યું છે. આ પ્રાણવધ ચંડ, રૌદ્ર, ક્ષુદ્ર અને અનાર્ય માણસો દ્વારા આચરણીય છે; ઘૃણા રહિત, નૃશંસ, મહાભયોનું કારણ, ભયાનક, ત્રાસજનક અને અન્યાય રૂપ છે. તે પ્રાણીવધ ઉદ્વેગજનક, બીજાના પ્રાણોની પરવાહ ન કરનાર, ધર્મ રહિત, સ્નેહથી શૂન્ય, કરુણાહીન છે; મોહરૂપી મહાભયને વધારનાર અને મરણના કારણે ઉત્પન્ન થનાર દીનતાના જનક છે. તેનું અંતિમ પરિણામ નરક ગમન છે.

શ્રી સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને કહ્યું– શ્રમણ ભગવાન મહાવીર પાસેથી સાંભળ્યું છે. તે જ મેં તારી સમક્ષ પ્રતિપાદન કર્યું છે. [ આ રીતે **ત્તિ બેમિ**નો અર્થ સર્વ અધ્યયનોમાં સમજવો જોઈએ. ]

**॥ પ્રથમ અધર્મદ્વાર સમાપ્ત ॥**

**વિવેચન :-**

આ રીતે હિંસાના પરિણામનું રોમાંચકારી વર્ણન શાસ્ત્રકારે કર્યું છે. સંક્ષેપમાં હિંસા અલ્પ સુખ અને મહાદુઃખનું કારણ છે. તેથી આર્ય પુરુષો દ્વારા આચરણીય નથી.

પૂર્વોક્ત કથનની પ્રામાણિકતા અને વિશ્વસનીયતા પ્રગટ કરવા માટે શાસ્ત્રકારે કહ્યું છે કે જ્ઞાતકુલનંદન જિનેશ્વર મહાવીરે આ પ્રકારની પ્રરૂપણા કરી છે. પ્રભુ મહાવીર જિનેશ્વર હતા, રાગદ્વેષથી રહિત હતા. અસત્ય ભાષણનું કોઈ કારણ તેમનામાં ન હતું. તેથી તેઓનું કથન સંપૂર્ણ સત્ય છે, તેમ સ્વીકારી સૂત્રોક્ત ઉપદેશનું આચરણ કરવું જોઈએ.

**॥ અધ્યયન-૧ સંપૂર્ણ ॥**

# બીજું અધ્યયન

## પરિચય

પ્રથમ શ્રુતસ્કંધનું આ બીજું 'મૃષાવાદ' અધ્યયન છે. તેમાં બીજા આશ્રવદ્વાર "મૃષાવાદ(જૂઠ)"નું વર્ણન છે. આ વર્ણનમાં સૂત્રકારે મૃષાવાદનું સ્વરૂપ, તેના પર્યાયવાચી નામ, મૃષાવાદી, મૃષાવાદનું પ્રયોજન અને મૃષાવાદના દુષ્પરિણામ આ પાંચ દ્વારોથી નિરૂપણ કર્યું છે.

**મૃષાવાદનું સ્વરૂપ :–** અસત્ય વચન મિથ્યાવચન રૂપ છે. તે વ્યથા ઉત્પાદક, દુઃખોત્પાદક, અપયશકારી તેમજ વૈરને ઉત્પન્ન કરનાર છે. મૃષાવાદ હર્ષ, શોક, રાગ, દ્વેષ અને માનસિક સંક્લેશને દેનાર, શુભફળથી રહિત, ધૂર્તતા યુક્ત અને અવિશ્વસનીય વચનોવાળા, નીચજનોથી સેવિત છે. તે અસત્ય વચન નૃશંસ, ક્રૂર, નિંદિત અને અપ્રીતિકારક છે. મૃષાવાદ સમસ્ત સાધુજનો અને સત્પુરુષો દ્વારા નિંદિત છે, બીજાને પીડા કરનાર છે. તે દુર્ગતિવર્ધક અને ભવ ભ્રમણ કરાવનાર છે.

મૃષાવાદની વ્યાપકતા પ્રગટ કરવા શાસ્ત્રકારે તેના ૩૦ પર્યાયવાચી નામનું કથન કર્યું છે. આ નામોથી અસત્યના અનેક રૂપ પ્રગટ થાય છે.

**મૃષાવાદી :–** પાપી, સંયમ વિહીન, અવિરત, કપટ કરનાર, કુટિલ, ક્રોધ, લોભ, હાસ્ય, ભયને આધીન બનેલા લોકો અસત્ય બોલે છે.

નાસ્તિકવાદી, શૂન્યવાદી, પંચસ્કંધવાદી, બૌદ્ધ, મનજીવવાદી(મનને જીવ માનનારા), વાયુજીવવાદી(આત્માને હવા–વાયુરૂપ માનનારા), ઈંડાથી સંસારની ઉત્પત્તિ માનનાર, અસદ્ભાવવાદી (સમસ્ત સંસારને માયાજાળ માનનારા), ઈશ્વરકર્તૃત્વવાદી, એકાત્મવાદી, અકર્તૃત્વવાદી, યદૃચ્છાવાદી, સ્વભાવવાદી, નિયતિવાદી, પુરુષાર્થવાદી, કાલવાદી, આ સર્વ મિથ્યાવાદી, અનર્ગલ, અતર્ક સંગત એકાંતિક ભાષણ કરવાના કારણે મિથ્યાભાષી છે.

અન્ય પર મિથ્યા આક્ષેપ આપનાર વ્યક્તિ, ઈર્ષ્યા, દ્વેષવશ, સ્વાર્થવશ જૂઠું બોલે છે. તે ગુણોની પરવાહ કર્યા વગર અસત્ય ભાષણમાં કુશળ હોય છે.

**મૃષાવાદનું પ્રયોજન :–** કેટલાક લોકો ધન માટે, કન્યા માટે, ભૂમિ માટે, પશુઓ માટે, જૂઠું બોલે છે, જૂઠી સાક્ષી આપે છે.

કેટલાક લોકો પાપકારી સલાહ અથવા પાપકાર્યોના પ્રેરણાત્મક વચન બોલીને હિંસાને પ્રોત્સાહન આપે છે. તેના તે હિંસક વચન પણ અસત્ય વચન છે કારણ કે પરપીડાકારી વચન અસત્ય જ કહેવાય છે.

કેટલાક લોકો લોભથી, ક્રૂરતાથી અને સ્વાર્થથી હિંસક આદેશ, ઉપદેશ કે નિર્દેશ કરે છે. તેની ગણના પણ અસત્ય વચનમાં જ થાય છે.

યુદ્ધ સંબંધી આદેશ, પ્રતિઆદેશ રૂપ વચન પણ અલીક વચનમાં જ સમાવિષ્ટ થાય છે.

આ સર્વ અસત્ય એવં હિંસક વચન, (બીજા)આશ્રવરૂપ છે અને તે જીવને વિવિધ ગતિઓમાં યાતનાઓનો અનુભવ કરાવે છે.

**મૃષાવાદનું ભયાનક ફળ :–** અસત્યવચન, હિંસકવચન, અસત્યાક્ષેપ આદિનો પ્રયોગ કરનાર નરકાદિ દુર્ગતિઓની યાતનાઓ લાંબાકાળ સુધી પ્રાપ્ત કરે છે.

તે મનુષ્ય ભવમાં પરાધીન, ભોગોપભોગની સામગ્રીથી રહિત અને રોગમય જીવન પામે છે. તે ઉપરાંત તે લોકોત્તર આગમ સિદ્ધાંતોના શ્રવણ અને જ્ઞાનથી રહિત અને ધર્મબુદ્ધિથી રહિત જીવન પામે છે.

અસત્ય બોલનારા અંતે અપમાન, નિંદા, દોષારોપણ અને ચુગલીને પ્રાપ્ત કરે છે. ગુરુજનો, બંધુઓ, સ્વજનો, મિત્રો દ્વારા તીક્ષ્ણ વચનોથી અનાદર પામતા રહે છે, મનને સંતાપિત કરનાર, આરોપો, મિથ્યારોપોને પ્રાપ્ત કરે છે.

તાત્પર્ય એ છે કે તે મૃષાવાદી આદર કે સન્માન પામતા નથી; શરીરથી, વચનથી, આકુળ વ્યાકુળ રહે છે તેઓ ખોટા દોષારોપણ કરી સંતાપ, સંક્લેશની જ્વાળાઓમાં હંમેશાં બળતા રહે છે. તે ભવપરંપરામાં દીનતા અને દરિદ્રતાને જ પામે છે. તેઓ લોકમાં પણ ઘૃણા અને નિંદાનાપાત્ર બની રહે છે. તેને આવા દારુણ દુઃખ અનેક ભવો સુધી ભોગવવા પડે છે.

મૃષાવાદના આવા કટુ પરિણામને જાણી વિવેકી પુરુષોએ ક્ષણિક સંતુષ્ટિ આપનાર અસત્યાચરણને પૂર્ણ રૂપે તિલાંજલી આપવી જોઈએ.

❖❖❖❖❖

# બીજું અધ્યયન

## મૃષાવાદ

**મૃષાવાદનું સ્વરૂપ :**

**૧ जंबू ! बिइयं अलियवयणं लहुसग–लहुचवल–भणियं भयंकरं दुहकरं अयसकरं वेरकरगं अरइ–रइ–रागदोस–मणसंकिलेस–वियरणं अलियणियडिसाइ–जोयबहुलं णीयजण–णिसेवियं णिस्संसं अप्पच्चयकारगं परमसाहुगरहणिज्जं परपीलाकारगं परमकिण्हलेस्ससेवियं दुग्गइविणिवायविवड्ढणं भवपुणब्भवकरं चिरपरिचिय–मणुगयं दुरंतं बिइयं अहम्मदारं ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! બીજું આશ્રવદ્વાર અલીકવચન–મિથ્યાભાષણ છે. આ મિથ્યાભાષણ ગુણ ગૌરવથી રહિત, તુચ્છ, ઉતાવળા અને ચંચળ લોકો દ્વારા બોલાય છે. તે સ્વ–પરને ભય ઉત્પન્ન કરનાર, દુઃખકર, અપયશકર અને વૈર ઉત્પન્ન કરનાર છે. તે અરતિ, રતિ, રાગદ્વેષ અને માનસિક સંકલેશ દેનાર છે; શુભફળથી રહિત છે; ધૂર્તતા અને અવિશ્વસનીય વચનોની પ્રચુરતા દેનાર છે. હલ્કા માણસો તેનું સેવન કરે છે. તે નૃશંસ, ક્રૂર અથવા નિંદનીય છે; વિશ્વસનીયતાનું વિઘાતક હોવાથી અપ્રતીતિકારક છે; ઉત્તમ સાધુજનો–સત્ પુરૂષો દ્વારા નિંદનીય છે; પરને પીડા ઉત્પન્ન કરનાર છે; ઉત્કૃષ્ટ કૃષ્ણલેશ્યી જીવો દ્વારા સેવિત છે. તે દુર્ગતિના દુઃખોને વધારનાર અને વારંવાર દુર્ગતિમાં લઈ જનાર છે. ભવ પુનર્ભવ કરાવનાર અર્થાત્ જન્મ–મરણની વૃદ્ધિ કરાવનાર તે ચિર પરિચિત છે અર્થાત્ અનાદિકાળથી જીવ તેનો અભ્યાસી છે. તે નિરંતર સાથે રહેનાર છે અને ઘણી મુશ્કેલીથી તેનો અંત થાય છે અથવા તેનું પરિણામ ઘણું ખરાબ હોય છે. આ બીજું અધર્મ દ્વાર છે.

**વિવેચન :**

પ્રસ્તુત સૂત્રમાં આશ્રવના બીજા ભેદ મૃષાવાદનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે, મૃષાભાષી જીવો અને તેના પરિણામને પ્રદર્શિત કર્યું છે.

**મૃષાવાદ ભાષક જીવો :–** જે વ્યક્તિ ગુણવાન નથી; જે ક્ષુદ્ર, હીન કે તુચ્છ બુદ્ધિવાળા, ચંચળ ચિત્તવાળા, શીઘ્ર આવેશ અને આવેગમાં આવી જનાર, અશુભ પરિણામી, તેમજ જે પોતાના વચનનું

મૂલ્ય સમજતા ન હોય તે જ મૃષાવાદનું ભાષણ કરે છે.

**મૃષાવાદીનો પ્રપંચ :–** મૃષાવાદને છુપાવવા માયા–છળ–કપટ વગેરે પ્રપંચો કરવા જ પડે છે. એક અસત્યને ઢાંકવા અનેક વાર અસત્યનું આચરણ કરવું પડે છે.

**મૃષાવાદનું પરિણામ :–** તેઓ અન્ય લોકોના વિશ્વાસનું પાત્ર બનતા નથી. જેની સાથે મૃષાવાદનું આચરણ કરે છે તેની સાથે વેરનો બંધ કરે છે, આ લોકમાં તે નિંદિત થાય છે અને પરલોકમાં દુર્ગતિને પ્રાપ્ત કરે છે. તેઓ અનંત જન્મ–મરણની પરંપરાને વધારે છે.

**મૃષાવાદના ૩૦ નામ :–**

**૨ तस्स य णामाणि गोण्णाणि होंति तीसं । तं जहा– अलियं, सढं, अणज्जं, मायामोसो, असंतगं, कूडकवडमवत्थुगं च, णिरत्थयमवत्थयं च, विद्देसगरहणिज्जं, अणुज्जगं, कक्कणा य, वंचणा य, मिच्छापच्छाकडं च, साई उ, उच्छण्णं, उक्कूलं च, अट्टं, अब्भक्खाणं च, किव्विसं, वलयं, गहणं च, मम्मणं च, णूमं, णियई, अपच्चओ, असम्मओ, असच्चसंधत्तणं, विवक्खो, अवहीयं, उवहिअसुद्धं, अवलोवोत्ति य । तस्स एयाणि एवमाइयाणि णामधेज्जाणि होंति तीसं, सावज्जस्स अलियस्स वइजोगस्स अणेगाइं ।**

**ભાવાર્થ :–** આ અસત્યના ગુણનિષ્પન્ન અર્થાત્ સાર્થક ૩૦ નામ આ પ્રમાણે છે– ૧. અલીક ૨. શઠ ૩. અનાર્ય ૪. માયા–મૃષા ૫. અસત્ ૬. કૂડકપટ–અવસ્તુક ૭. નિરર્થક–અપાર્થક ૮. વિદ્વેષ– ગર્હણીય ૯. અનૃજુક ૧૦. કલ્કના ૧૧. વંચના, ૧૨. મિથ્યા પશ્ચાત્કૃત ૧૩. સાતિ ૧૪. ઓચ્છન્ન, ૧૫. ઉત્કૂલ ૧૬. આર્ત ૧૭. અભ્યાખ્યાન ૧૮. કિલ્વિષ ૧૯. વલય ૨૦. ગહન ૨૧. મન્મન ૨૨. નૂમ ૨૩. નિકૃતિ ૨૪. અપ્રત્યય ૨૫. અસમય ૨૬. અસત્ય સંઘત્વ ૨૭. વિપક્ષ ૨૮. અપધીક ૨૯. ઉપધિ–અશુદ્ધ ૩૦. અપલોપ ઈત્યાદિ. તે સાવદ્ય અસત્ય વચનયોગના અનેક પ્રકારના આ ત્રીસ નામ છે.

**વિવેચન :**

પ્રસ્તુત સૂત્રમાં મૃષાવાદના સ્વરૂપ દર્શક ૩૦ નામનું કથન છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

(૧) **अलियं** :– અસત્ય વચન હોવાથી તેને અલીક કહે છે.

(૨) **सढो** :– ધૂર્તજનો દ્વારા આચરિત હોવાથી તેને શઠ કહે છે.

(૩) **अणज्जं** :– અનાર્ય પુરુષો દ્વારા ભાષણ થતું હોવાથી તેને અનાર્ય કહે છે.

(૪) **मायामोसो** :– અસત્ય ભાષણ માયા પૂર્વક થાય છે તેથી તેને માયામૃષા કહે છે.

(૫) **असंतगं** :– અસત્ય ભાષણમાં જે પદાર્થોનું કથન કરાય તે યથાર્થ સ્વરૂપે થતું નથી તેથી તેને અસત્ક કહે છે.

(૬) **कूडकवडमवत्थुगं** :– અન્યની વંચના માટે તેમાં ન્યૂનાધિક બોલવું પડે છે તેથી તેને કૂટકપટાવસ્તુક કહે છે.

(૭) **णिरत्थयमवत्थयं** :– તે ભાષણ સત્ય રહિત હોવાથી નિરર્થક છે અને તે વાચ્ય, વાચકના સંબંધ રહિત હોવાથી અવાસ્તવિક–અયથાર્થ છે.

(૮) **विद्देसगरहणिज्जं** :– તે દ્વેષપૂર્ણ અને ગર્હણીય હોવાથી તેને વિદ્વેષ ગર્હણીય કહે છે.

(૯) **अणुज्जुगं** :– તેમાં ભાવોની સરળતા ન હોવાથી તેને અનૃજુક કહે છે.

(૧૦) **कक्कणा** :– તે એક પ્રકારનું પાપ હોવાથી તેને કલ્કના કહે છે.

(૧૧) **वंचना** :– તે અન્યની પ્રતારણા–વંચના રૂપ હોવાથી તેને વંચના કહે છે.

(૧૨) **मिच्छापच्छाकडं** :– મિથ્યા સમજીને સજ્જનો તેનો તિરસ્કાર કરે છે તેથી તેને મિથ્યાપશ્ચાત્કૃત કહે છે અથવા જેની પહેલાં અને પછી મિથ્યાભાષણ કરવું પડે છે. તેથી તેને મિથ્યાપશ્ચાત્કૃત કહે છે.

(૧૩) **साई** :– અવિશ્વાસજનક હોવાથી તેને સાતિ કહે છે.

(૧૪) **उच्छण्णं** :– પોતાના દોષો અને અન્યના ગુણોને ઢાંકતુ હોવાથી તેને ઓછન્ન કહે છે.

(૧૫) **उक्कूलं** :– સન્માર્ગ રૂપ કિનારાથી ભ્રષ્ટ કરે છે તેથી તેને ઉત્કૂલ કહે છે.

(૧૬) **अट्टं** :– આર્તધ્યાનના હેતુરૂપ હોવાથી તેને આર્ત કહે છે.

(૧૭) **अब्भक्खाणं** :– તેના દ્વારા અવિદ્યમાન દોષોનું આરોપણ કરાય છે તેથી તેને અભ્યાખ્યાન કહે છે.

(૧૮) **किव्विसं** :– તે હિંસાદી પાપનું કારણ હોવાથી તેને કિલ્વિષ કહે છે.

(૧૯) **वलयं** :– વલયની જેમ કુટિલ હોવાથી તેને વલય કહે છે.

(૨૦) **गहणं** :– સમજવામાં અત્યંત ગહન હોવાથી તેને ગહન કહે છે.

(૨૧) **मम्मणं** :– તેમાં વાસ્તવિકતા પ્રગટ ન થવાથી તેને મન્મન કહે છે.

(૨૨) **णूमं** :– ગુણોને ઢાંકનાર હોવાથી તેને નૂમં કહે છે.

(૨૩) **णिययी** :– પોતાની માયાને ઢાંકનાર હોવાથી તેને નિકૃતિ કહે છે.

(૨૪) **अपच्चओ** :– સજ્જનો માટે વિશ્વસનીય ન હોવાથી તેને અપ્રત્યય–અવિશ્વાસ કહે છે.

(૨૫) **असम्मओ** :– સજ્જન પુરુષોને સંમત ન હોવાથી તેને અસંમત કહે છે.

(૨૬) **असच्चसंघत्तणं** :– મૃષાવાદની પરંપરાને વધારનાર હોવાથી તેને અસત્ય સંઘાત કહે છે.

(૨૭) **विवक्खो** :– સત્યનું વિપક્ષી હોવાથી તેને વિપક્ષ કહે છે.

(૨૮) **अवहीयं** :– કપટનું ધામ હોવાથી તેને ઔપધિક કહે છે.

(૨૯) **उवहिअसुद्धं** :– માયાચારના સેવનથી અશુદ્ધ બનતું હોવાથી તેને ઉપધિ અશુદ્ધ કહે છે.

(૩૦) **अवलोवो** :– વસ્તુના વાસ્તવિક સ્વરૂપનો લોપ થતો હોવાથી તેને અપલોપ કહે છે.

ઉપરોક્ત નામોના સ્પષ્ટીકરણથી મૃષાવાદની વ્યાપકતા પ્રગટ થાય છે.

## મૃષાવાદી જીવો :–

**૩** **तं च पुण वयंति केई अलियं पावा असंजया अविरया कवडकुडिलकडुय-चडुलभावा कुद्धा लुद्धा भया य हस्सट्ठिया य सक्खी चोरा चारभडा खंडरक्खा जियजुयकरा य गहियगहणा कक्ककुरुगकारगा, कुलिंगी उवहिया वाणियगा य कूडतुलकूडमाणी कूडकाहावणोवजीविया पडगार-कलायकारुइज्जा वंचणपरा चारियचाडुयार-णगरगुत्तिय-परिचारगा दुट्ठवाइसूयगअणबलभणिया य पुव्वकालिय-वयणदच्छा साहसिया लहुस्सगा असच्चा गारविया असच्चट्ठावणाहिचित्ता उच्चच्छंदा अणिग्गहा अणियत्ता छंदेणमुक्कवाया भवंति अलियाहिं जे अविरया ।**

**ભાવાર્થ** :– આ અસત્યને બોલનારા કેટલાક મૃષાવાદી પાપી, અસંયત, અવિરત–સર્વ વિરતિ અને દેશ વિરતિથી રહિત, કપટના કારણે કુટિલ, કટુ અને ચંચળ ચિત્તવાળા, ક્રોધી, લોભી, ભયભીત અને અન્યને ભય ઉપજાવનાર, હાંસી મજાક કરનાર, ખોટી સાક્ષી દેનાર, ચોર, ગુપ્તચર–જાસુસ, ખંડરક્ષ–કરજ વસૂલ કરનાર, જુગારમાં હારેલા, ગિરવે રાખનાર માણસનું હજમ કરનાર, કપટથી કોઈપણ વાત વધારી વધારીને કહેનાર, ખોટો મત આપનાર, કુલિંગી–વેષધારી, છળ કરનાર, વણિક, ખોટા તોલ અને માપ કરનાર, નકલી સિક્કાથી આજીવિકા ચલાવનાર, બીજાને ઠગનાર વણકર, સુવર્ણકાર વગેરે કારીગર, ખુશામત કરનાર, નગરરક્ષક, પરિચારક–વિષય ભોગના ગુલામ, ખોટો પક્ષ લેનાર, ચુગલી કરનાર, કરજદાર, કોઈના બોલતાં પહેલાં જ તેના અભિપ્રાયને તોડનાર, સાહસિક–વગર વિચાર્યે પ્રવૃત્તિ કરનાર, નિઃસત્વ, અધમ, હીન, સત્પુરુષોનું અહિત કરનાર, અહંકારી, અસત્યની સ્થાપનામાં ચિત્તને જોડનાર, પોતાનો ઉત્કર્ષ બતાવનાર, નિરંકુશ, નિયમ રહિત, વિચાર્યા વિના ગમે તેમ બોલનાર, અસત્યથી અવિરત લોકો જ મિથ્યાભાષણ કરે છે.

## વિવેચન :–

અહીં સૂત્રકારે અસત્ય ભાષણ કરનારનું વિસ્તૃત વર્ણન કર્યું છે. જે મૂળપાઠથી સ્પષ્ટ છે.

અસંયત અને અવિરત જીવો જ અસત્યનું ભાષણ કરે છે. અસત્ય ભાષણના મૂળ ચાર કારણ છે. ક્રોધ, લોભ, ભય અને હાસ્ય. ક્રોધિત વ્યક્તિ વિચાર અને વિવેકથી રહિત બની જાય છે. ક્રોધ એક પ્રકારનો ઉન્માદ છે. ઉન્માદમાં તે ગમે તેમ બોલે છે. લોભથી ગ્રસિત વ્યક્તિને અસત્ય ભાષણમાં ક્ષોભ કે સંકોચ થતો નથી. તે પોતાની ઈચ્છાની પૂર્તિ માટે ગમે તે પ્રયત્ન કરે છે. ભયભીત વ્યક્તિ પોતાના દુષ્કર્મથી

બચવા માટે અસત્યનો આશ્રય લે છે અને હાસ્ય અને વિનોદનો મૂળાધાર અસત્ય જ છે. તેથી હાંસી–મજાકમાં વ્યક્તિ અસત્ય ભાષણ કરે છે.

સૂત્રમાં કથિત જુગારી, શિકારી, વ્યભિચારી, ચોર લૂંટારા વગેરે અસત્ય ભાષણ કરે છે. ગમે તે વ્યક્તિ અસત્ય ભાષણ કરે પરંતુ તેમાં ઉપરોક્ત ચાર કારણમાંથી કોઈ પણ એક કારણ અવશ્ય હોય છે.

## નાસ્તિકવાદી–મૃષાવાદી :–

**૪ अवरे णत्थिगवाइणो वामलोयवाई भणंति– सुण्णं ति । णत्थि जीवो । ण जाइ इह परे वा लोए । ण य किंचिवि फुसइ पुण्णपावं । णत्थि फलं सुकयदुक्कयाणं पंचमहाभूइयं सरीरं भासंतिह वायजोगजुत्तं । पंच य खंधे भणंति केइ, मणं य मणजीविया वदंति, वाउजीवोत्ति एवमाहंसु, सरीरं साइयं सणिधणं, इहे भवे एगभवे, तस्स विप्पणासम्मि सव्वणासोत्ति, एवं जंपंति मुसावाई । तम्हा दाणवय–पोसहाणं–तव–संजम–बंभचेर–कल्लाणमाइयाणं णत्थि फलं, ण वि य पाणवहे अलियवयणं ण चेव चोरिक्ककरणं परदारसेवणं वा सप- रिग्गह- पावकम्मकरणं वि णत्थि किंचि ण णेरइय–तिरिय–मणुयाणजोणी, ण देवलोगो वा अत्थि, ण य अत्थि सिद्धिगमणं, अम्मापियरो वि णत्थि, ण वि अत्थि पुरिसकारो, पच्चक्खाणमवि णत्थि, ण वि अत्थि कालमच्चू य, अरिहंता चक्कवट्टी बलदेवा वासुदेवा णत्थि, णेवत्थि केइ रिसओ धम्माधम्मफलं च, णवि अत्थि किंचि बहुयं च थोवगं वा, तम्हा एवं विजाणिऊण जहा सुबहु इंदियाणुकूलेसु सव्वविसएसु वट्टह, णत्थि काइ किरिया वा अकिरिया वा एवं भणंति णत्थिगवाइणो वामलोयवाई ।**

**ભાવાર્થ :–** ઉપરોક્ત મૃષાવાદી સિવાય બીજા અનેક નાસ્તિકવાદીઓ પણ મૃષાવાદી છે. તેઓ વિદ્યમાન વસ્તુઓને પણ અવાસ્તવિક કહેવાના કારણે અને લોક વિરૂદ્ધ માન્યતાના કારણે "વામલોકવાદી" કહેવાય છે. તેઓનું કથન આ પ્રમાણે છે– આ જગત શૂન્ય(સર્વથા અસત્) છે. જીવનું અસ્તિત્વ નથી, તે મનુષ્યભવમાં અથવા દેવાદિ પરભવમાં જતો નથી. તે પુણ્ય–પાપનો જરા પણ સ્પર્શ કરતો નથી. સુકૃતપુણ્ય અથવા દુષ્કૃતપાપનું(સુખ–દુઃખ રૂપ) ફળ પણ નથી. આ શરીર પાંચ ભૂતો(પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ)થી બનેલું છે. વાયુના નિમિત્તથી તે સર્વ ક્રિયા કરે છે કે શ્વાસોચ્છ્‌વાસની હવા જ જીવ છે તેમ આ લોકમાં કોઈ કહે છે.

કોઈ બૌદ્ધ પાંચ સ્કંધો (રૂપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા અને સંસ્કાર)નું કથન કરે છે. કોઈ મનને જ જીવ માને છે. કોઈ વાયુને જ જીવ રૂપે સ્વીકારે છે. કેટલાકનું મંતવ્ય છે કે શરીર સાદિ અને સાંત છે. શરીર

ઉત્પન્ન થઈ અને વિનાશ પામે છે. આ ભવ જ એક માત્ર ભવ છે. આ ભવનો સમૂલ નાશ થવા પર સર્વનાશ થઈ જાય છે અર્થાત્ આત્મા જેવી કોઈ વસ્તુ શેષ રહેતી નથી. આ કારણે દાન દેવું, વ્રત પચ્ચક્ખાણ કરવા, પૌષધની આરાધના કરવી, તપસ્યા કરવી, સંયમનું આચરણ કરવું, બ્રહ્મચર્યનું પાલન કરવું આદિ કલ્યાણકારી અનુષ્ઠાનોનું ફળ નથી. પ્રાણવધ અને અસત્યભાષણ પણ અશુભ–ફળદાયક નથી. ચોરી અને પરસ્ત્રીસેવન તે પાપ નથી. પરિગ્રહ અને અન્ય પાપકર્મ પણ નિષ્ફળ છે અર્થાત્ તેનું પણ કોઈ અશુભ ફળ નથી. નારકો, તિર્યંચો અને મનુષ્યોની યોનીઓ નથી. દેવલોક પણ નથી. મોક્ષગમન અર્થાત્ મુક્તિ પણ નથી, માતા–પિતા પણ નથી. પુરૂષાર્થ પણ નથી. કાર્યની સિદ્ધિમાં પુરુષાર્થ કારણ નથી. પ્રત્યાખ્યાન અને ત્યાગ પણ નથી. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ નથી. મૃત્યુ નથી. અરિહંત, ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ પણ નથી. કોઈ ઋષિ નથી, કોઈ મુનિ નથી. ધર્મ અને અધર્મનું અલ્પ કે અધિક કિંચિત્ માત્ર પણ ફળ નથી. આવું જાણી ઈન્દ્રિયોને અનુકૂળ(રુચિકર) સર્વ વિષયોમાં પ્રવૃત્ત કરો. કોઈ શુભ કે અશુભ ક્રિયા નથી અને કોઈ અક્રિયા પણ નથી. આ પ્રકારે લોક–વિપરીત માન્યતા ધરાવનારા, નાસ્તિક વિચારધારાનું અનુસરણ કરતાં આ પ્રકારનું કથન કરે છે.

## વિવેચન :

પ્રસ્તુત સૂત્રમાં નાસ્તિકવાદીઓની માન્યતાનું દિગ્દર્શન કરાવ્યું છે. અનેક લોકો પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે, પોતાના વિચારોનો આગ્રહ રાખે છે અને અનેક પ્રકારે અસત્ પ્રરૂપણા કરે છે. તેમાં અનેક મત–મતાંતર પ્રવર્તે છે.

**(૧) શૂન્યવાદ :–** તેઓના મતે આ સંપૂર્ણ જગત સ્વપ્ન સૃષ્ટિ સમ શૂન્ય છે. પ્રાણી પોતાની ભ્રાંતિના કારણે અનેકવિધ પદાર્થોના અસ્તિત્વને સ્વીકારે છે. જગત શૂન્ય હોવાથી પુણ્ય–પાપ, તેનું ફળ વગેરે કાંઈ જ નથી.

અહીં વિચારણીય છે કે શૂન્યવાદીઓના મતે જગત શૂન્ય છે તો શૂન્યવાદી સ્વયં શૂન્ય છે કે અશૂન્ય ? જો શૂન્ય હોય તો કોઈ પ્રકારનો તર્ક સંભવિત નથી અને અશૂન્ય હોય તો શૂન્યવાદનું ખંડન થઈ જાય છે. તેથી શૂન્યવાદ સંગત નથી.

**(૨) અનાત્મવાદ :–** તેઓના મતે આત્માની કોઈ ત્રૈકાલિક સત્તા નથી. પાંચ ભૂતના સમાગમે ચૈતન્ય ઉત્પન્ન થાય છે અને પંચ મહાભૂત વિલીન થાય ત્યારે આત્માનો પણ વિલય થાય છે. આત્માનો નાશ થતાં પુનર્જન્મ કે પુણ્ય–પાપના ફળનું અસ્તિત્વ રહેતું નથી.

આ માન્યતા પણ તર્ક સંગત નથી. પ્રત્યક્ષ અનુમાન અને આગમ પ્રમાણથી આત્માની ત્રૈકાલિક સત્તા સિદ્ધ થાય છે. પાંચ ભૂતના સંયોગે ચૈતન્યની ઉત્પત્તિ થાય છે તે કથન ઉચિત નથી. કારણ કે પાંચ ભૂતમાં ચૈતન્યનો અંશ હોય તો જ તેના સમાગમે ચૈતન્યની ઉત્પત્તિ થાય. જેવું કારણ તેવું જ કાર્ય ઉત્પન્ન થાય છે. જો પાંચ ભૂતમાં ચૈતન્યનો અંશ ન હોય છતાં તેના સમાગમે ચૈતન્ય ઉત્પન્ન થાય તો રેતીમાંથી પણ તેલ નીકળવું જોઈએ. પરંતુ તે સર્વથા અશક્ય છે.

પ્રત્યક્ષાદિ પ્રમાણથી આત્માની સિદ્ધિ થઈ શકે છે. જેમ કે 'હું સુખી છું, દુઃખી છું' આ પ્રકારના કથનમાં આત્માની સિદ્ધિ થાય છે. આત્મા વિના જડ પદાર્થને સુખ કે દુઃખનો અનુભવ થતો નથી.

**અનુમાન–** એક જ માતા–પિતાના બે સંતાનોમાં ભિન્નતા પ્રતીત થાય છે અને તે ભિન્નતામાં પૂર્વકૃત કર્મ જ કારણ છે. પૂર્વ જન્મના કર્મની સિદ્ધિ થતાં તે કર્મના કર્તા અને ભોક્તા આત્મતત્ત્વનું સહેજે અનુમાન કરી શકાય છે.

**આગમ– 'एगे आया'** જેવા આગમ વાક્યો આત્મ તત્ત્વને સિદ્ધ કરે છે.

**(૩) બૌદ્ધવાદ–સ્કંધવાદ :–** બૌદ્ધો આત્માને સ્વીકારે છે પરંતુ સર્વ જગત ક્ષણિક છે તેમ આત્માને પણ ક્ષણિક માને છે. ક્ષણે ક્ષણે પ્રત્યેક પદાર્થ નાશ પામે છે. પરંતુ તેની સંતાન પરંપરા નિરંતર ચાલુ છે. પ્રત્યેક ક્ષણ તેના જેવી જ અન્ય ક્ષણને ઉત્પન્ન કરીને નાશ પામે છે. તેથી આપણને જગત પ્રતીત થાય છે. બૌદ્ધો પાંચ પ્રકારના સ્કંધનો સ્વીકાર કરે છે– (૧) રૂપ (૨) વેદના (૩) વિજ્ઞાન (૪) સંજ્ઞા અને (૫) સંસ્કાર.

(૧) રૂપ–પૃથ્વી–પાણી આદિ તથા તેના રૂપ–રસ આદિ. (૨) વેદના–સુખ–દુઃખ આદિનો અનુભવ. (૩) વિજ્ઞાન–વિશિષ્ટ જ્ઞાન અર્થાત્ રૂપ, રસ, ઘટ–પટ આદિનું જ્ઞાન. (૪) સંજ્ઞા–પ્રતીત થનારા પદાર્થોનું અભિધાન–નામ. (૫) સંસ્કાર–પુણ્યપાપ આદિ ધર્મસમુદાય.

બૌદ્ધદર્શન અનુસાર સમસ્ત જગત આ પાંચ સ્કંધોનો જ પ્રપંચ છે. તે સિવાય આત્માનું કોઈ અસ્તિત્વ નથી. આ પાંચ સ્કંધ ક્ષણિક છે.

બૌદ્ધોમાં ચાર પરંપરાઓ છે (૧) વૈભાષિક (૨) સૌત્રાંતિક (૩) યોગાચાર (૪) માધ્યમિક. વૈભાષિકો સર્વ પદાર્થના અસ્તિત્વને સ્વીકારે છે પરંતુ સર્વ પદાર્થને ક્ષણિક માને છે. ક્ષણક્ષણમાં આત્માનો વિનાશ થતો રહે છે. તેની સંતાન પરંપરા નિરંતર ચાલુ રહે છે. આ સંતાન પરંપરાનો સર્વથા ઉચ્છેદ થઈ જવો તે મોક્ષ છે. સૌત્રાંતિક સંપ્રદાય અનુસાર જગતના પદાર્થોનું પ્રત્યક્ષ થતું નથી. તેને અનુમાન દ્વારા જ જાણી શકાય છે. યોગાચાર પદાર્થોને અસત્ માનીને ફક્ત જ્ઞાનની જ સત્તાનો સ્વીકાર કરે છે અને તે જ્ઞાન પણ ક્ષણિક છે. માધ્યમિક સંપ્રદાય આ સર્વથી આગળ વધી જ્ઞાનની સત્તા પણ માનતા નથી, તે શૂન્યવાદી છે. ન જ્ઞાન છે, ન જ્ઞેય છે. શૂન્યવાદ અનુસાર વસ્તુ સત્ નથી, અસત્ પણ નથી, સત્–અસત્ પણ નથી, સતાસત્ પણ નથી. તત્ત્વ આ ચારે કોટિઓથી વિમુક્ત છે.

વાયુજીવવાદ–વાયુ–પ્રાણવાયુનો જ જીવ રૂપે સ્વીકાર કરે છે. તેમનું કથન છે કે જ્યાં સુધી શ્વાસોચ્છ્વાસ ચાલુ રહે છે, ત્યાં સુધી જીવન છે અને શ્વાસોચ્છ્વાસનો અંત થવો તે જ જીવનનો અંત થઈ જવો છે. ત્યાર પછી પરલોકમાં જનાર કોઈ જીવાત્મા નથી. વિચાર કરતાં ઉપરોક્ત માન્યતાઓ સંગત જણાતી નથી.

## અસદ્ભાવવાદીનો મત :–

**૫ इमं वि बितियं कुदंसणं असब्भाववाइणो पण्णवेंति मूढा– संभूओ अंडगाओ**

**लोगो । संयभुणा सयं य णिम्मिओ । एवं एयं अलियं पयंपंति ।**

**ભાવાર્થ :–** (વામલોકવાદી નાસ્તિકો સિવાય) કોઈ–કોઈ અસદ્‌ભાવવાદી–મિથ્યાવાદી, મૂઢજન, કુદર્શન–મિથ્યામતવાળા આ પ્રકારે કહે છે– આ લોક ઈંડાથી પ્રગટ થયો છે. આ લોકનું નિર્માણ સ્વયં સ્વયંભૂએ કર્યું છે. આ પ્રકારે તે મિથ્યા કથન કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક બે માન્યતાનો ઉલ્લેખ કર્યો છે.

અંડ સૃષ્ટિના મુખ્ય બે પ્રકાર છે, એક પ્રકાર છાંદોગ્યોપનિષદમાં નિરૂપિત છે અને બીજો મનુસ્મૃતિમાં છે.

(૧) છાન્દોગ્યોપનિષદ અનુસાર સૃષ્ટિ પહેલા પ્રલયકાળમાં આ જગત અસત્ અર્થાત્ અવ્યક્ત હતું. તે પછી તે સત્ અર્થાત્ નામરૂપ કાર્યની તરફ અભિમુખ થયું. ત્યાર પછી તે અંકુરિત બીજની સમાન સ્થૂળ બન્યું. આગળ જતાં આ જગત ઈંડાના રૂપમાં બની ગયું. એક વર્ષ સુધી તે ઈંડાના રૂપમાં બની રહયું, એક વર્ષ પછી તે ઈંડુ ફૂટયું. ઈંડાના ટુકડામાંથી એક ચાંદીનો અને બીજો સોનાનો બન્યો. જે ટુકડો ચાંદીનો હતો તેનાથી આ પૃથ્વી બની અને સોનાના ટુકડામાંથી ઉર્ધ્વલોક સ્વર્ગ બન્યું. ગર્ભનો જે જરાયુ–વેસ્ટન હતો, તેનાથી પર્વત બન્યો અને જે સૂક્ષ્મ વેસ્ટન હતું તે મેઘ અને તુષારના રૂપમાં પરિણત થઈ ગયું. તેની ધમનીઓ નદીઓ બની ગઈ. જે પ્રવાહી હતું તે સમુદ્ર બની ગયો. ઈંડાની અંદરથી જે ગર્ભરૂપમાં ઉત્પન્ન થયો તે આદિત્ય બન્યો.

(૨) મનુસ્મૃતિ અનુસાર પહેલા આ જગત અંધકાર રૂપ હતું. તે તર્ક અને વિચારથી અતીત અને સંપૂર્ણરૂપથી અજ્ઞાત હતું.

ત્યારે અવ્યક્ત રહેલા ભગવાન સ્વયંભૂ પાંચ મહાભૂતોને પ્રગટ કરતા સ્વયં પ્રગટ થયા. અતિન્દ્રિય, સૂક્ષ્મ, સનાતન, અવ્યકત, અંતરયામી અને અચિન્ત્ય પરમાત્મા છે તે સ્વયં આ પ્રમાણે પ્રગટ થયા.

તેણે ધ્યાન કરીને પોતાના શરીરમાંથી અનેક પ્રકારના જીવોને બનાવવાની ઈચ્છાથી સર્વ પ્રથમ પાણીનું નિર્માણ કર્યું અને તેમાં બીજ નાખી દીધું.

તે બીજ સૂર્યની સમાન પ્રતિભાસંપન્ન સુવર્ણમય ઈંડુ બની ગયું. તેમાંથી સર્વ લોકના પિતામહ બ્રહ્મા સ્વયં પ્રગટ થયા.

એક વર્ષ સુધી આ ઈંડામાં રહીને ભગવાને સ્વયં જ પોતાના ધ્યાનથી તે ઈંડાના બે ટુકડા કર્યા. આ બે ટુકડાથી તેણે સ્વર્ગ અને પૃથ્વીનું નિર્માણ કર્યું. મધ્યભાગથી આકાશ, આઠ દિશાઓ અને જલનું શાશ્વત સ્થાન નિર્માણ કર્યુ. આ ક્રમ અનુસાર પહેલા ભગવાન સ્વયંભૂ પ્રગટ થયા અને જગતને બનાવવાની ઈચ્છાથી પોતાના શરીરથી પાણી ઉત્પન્ન કર્યું. પછી તેમાં બીજ નાંખવાથી તે ઈંડા આકારનું થઈ ગયું.

બ્રહ્મા અથવા નારાયણે તેને ફોડી નાખ્યું. જેનાથી સમસ્ત સંસાર પ્રગટ થયો.

આ સર્વ માન્યતાઓને જોતાં તે તર્કસંગત જણાતી નથી. તેથી તેની પરિગણના મૃષાવાદમાં થાય છે. વાસ્તવમાં છ દ્રવ્યથી યુક્ત લોક અનાદિ અને અનંત છે તેની ઉત્પત્તિ કે નાશ નથી. તે દ્રવ્ય રૂપે નિત્ય અને પર્યાયરૂપે અનિત્ય છે.

## પ્રજાપતિનું સૃષ્ટિ સર્જન :–

**६ पयावइणा इस्सरेण य कयं ति केई । एवं विण्हुमयं कसिणमेव य जगं ति केई । एवमेगे वयंति मोसं– एगे आया अकारओ वेदओ य सुकयस्स दुक्कयस्स य करणाणि कारणाणि सव्वहा सव्वहिं च णिच्चो य णिक्किओ णिग्गुणो य अणुवलेवओ त्ति विय एवमाहंसु असब्भावं ।**

**ભાવાર્થ :–** કોઈ કહે છે કે આ જગત પ્રજાપતિ અથવા મહેશ્વરે બનાવ્યું છે. કોઈનું કહેવું છે કે આ સમસ્ત જગત વિષ્ણુમય છે. કેટલાક(વેદાન્તી)મૃષા કથન કરે છે કે આત્મા એક જ છે. જગત મિથ્યા છે. સાંખ્ય મતાનુસાર આત્મા અકર્તા છે પરંતુ ઉપચારથી પુણ્ય અને પાપના ફળનો ભોક્તા છે. સર્વપ્રકારે તથા સર્વ દેશકાળમાં ઈન્દ્રિયો જ કારણ છે. આત્મા એકાન્ત નિત્ય છે, નિષ્ક્રિય છે, નિર્ગુણ છે અને નિર્લેપ છે. અસદ્ભાવવાદી આ પ્રકારે પ્રરૂપણા કરે છે.

## વિવેચન :

પ્રસ્તુત સૂત્રમાં મૃષાવાદના પ્રસંગમાં અનેક મિથ્યા માન્યતાઓનો ઉલ્લેખ કર્યો છે. કારણ કે તે અસંગત અને અસત્પ્રરુપણ છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**પ્રજાપતિ સૃષ્ટિ :–** મનુસ્મૃતિમાં કહેલ છે બ્રહ્માએ પોતાના શરીરના બે ટુકડા કર્યા એક ટુકડાને પુરુષ રૂપે, બીજા ટુકડાને સ્ત્રી રૂપે બનાવ્યો. પછી સ્ત્રીમાં વિરાટ પુરુષનું નિર્માણ કર્યુ. આ વિરાટ પુરુષે તપ કરી જેનું નિર્માણ કર્યું, તે હું છું. માટે હે શ્રેષ્ઠ બ્રાહ્મણો ! સૃષ્ટિના નિર્માણકર્તા મને સમજો. મનુ કહે છે કે દુષ્કર તપ કરીને પ્રજાનું સર્જન કરવાની ઈચ્છાથી મેં પ્રારંભથી દશ મહર્ષિ પ્રજાપતિઓને ઉત્પન્ન કર્યા. તે પ્રજાપતિઓના નામ આ પ્રમાણે છે. (૧) મરીચિ (૨) અત્રિ (૩) અંગિરસ (૪) પુલસ્ત્ય (૫) પુલહ (૬) ક્રતુ (૭) પ્રચેતસ (૮) વશિષ્ટ (૯) ભૃગુ (૧૦) નારદ.

**ઈશ્વર સૃષ્ટિ :–** કેટલાક લોકો એક અદ્વિતીય, સર્વ વ્યાપી, નિત્ય, સ્વતંત્ર, સર્વતંત્ર, ઈશ્વર દ્વારા સૃષ્ટિનું નિર્માણ માને છે. જગત રચનાનું ઉપાદાન કારણ ઈશ્વર નથી પરંતુ નિમિત્ત કારણ છે. શુભાશુભ કર્મ ફળના પ્રદાતા ઈશ્વર જ છે. ઈશ્વર દ્વારા પ્રેરિત થઈને જ જીવ સ્વર્ગ કે નરકમાં જાય છે.

આ રીતે સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક ત્રણ માન્યતાઓનો અહીં ઉલ્લેખ કર્યો છે. પરંતુ તે ત્રણ

માન્યતા અસત્ છે, મિથ્યા છે. વાસ્તવમાં આ જગત અનાદિકાલથી છે અને અનાદિકાલ સુધી રહેશે, તેની ઉત્પત્તિ કે નાશ થતો નથી.

આ વિશાળ અને વિરાટ જગતમાં મૂળભૂત તત્ત્વ જીવ અને અજીવ છે. આ બંને તત્ત્વો ક્યારે ય સર્વથા ઉત્પન્ન થતા નથી અને તેનો ક્યારે ય સર્વથા નાશ પણ થતો નથી. જગતનું એક પણ પરમાણુ સત્‌માંથી અસત્ કે અસત્‌થી સત્ થઈ શકે નહીં. સાધારણ રીતે લોકમાં જે ઉત્પાદ અને વિનાશ કહેવાય છે, તે વિદ્યમાન પદાર્થોની અવસ્થાઓનું પરિવર્તન માત્ર છે. પ્રત્યેક કાર્યનું ઉપાદાન કારણ પહેલા જ વિદ્યમાન રહે છે. આ તથ્ય ભારતીય દર્શન અને વિજ્ઞાન દ્વારા સ્વીકૃત છે.

ઈંડાથી જગતની ઉત્પત્તિ કહેનારને વિચારવું જોઈએ કે જયારે પાંચ ભૂતોની સત્તા ન હતી તો અકસ્માત ઈંડાની ઉત્પત્તિ ક્યાંથી થઈ ?

ઈંડાને ઉત્પન્ન થવા માટે પૃથ્વી, પાણી, તેજની જરૂર છે અને રહેવાને માટે આકાશ પણ આવશ્યક છે. તેથી દેવ અને મનુષ્ય આદિ પણ અચાનક કઈ રીતે ઉત્પન્ન થઈ ગયા !

વિષ્ણુમય જગતની માન્યતા પણ કપોલ(મોઢામાં આવે તેમ બોલવું) કલ્પના સિવાય બીજું કાંઈ નથી ! જ્યારે જગત ન હતુ, તો વિષ્ણુજી કયાં રહેતા હતા ? તેને જગત રચનાની ઈચ્છા અને પ્રેરણા કેમ થઈ ? જો તે ઘોર અંધકારમાં રહેતાં હતાં, તેના સિવાય કાંઈપણ ન હતું તો તેઓએ આટલા વિરાટ જગતની સૃષ્ટિ કઈ રીતે કરી ?

સૃષ્ટિના વિષયમાં અન્ય મંતવ્ય પણ અહીં પ્રગટ કર્યું છે. પરંતુ તેની વિસ્તૃત ચર્ચા કરવી અહિંયા અપ્રાસંગિક છે. પ્રસ્તુતમાં એટલું જ જાણી લેવું પર્યાપ્ત છે કે સૃષ્ટિની રચના સંબંધી સમસ્ત કલ્પનાઓ અસત્ય છે. જગત અનાદિ અને અનંત છે. ઈશ્વર તો પરમ વીતરાગ, સર્વજ્ઞ અને કૃતકૃત્ય છે. જે આત્મા આધ્યાત્મિક વિકાસની ચરમસીમા પ્રાપ્ત કરી ચૂકેલ છે. જેણે શુદ્ધ આત્મ સ્વરૂપ પ્રગટ કર્યું છે. તે જ આત્મા પરમાત્મા છે, ઈશ્વર છે. તેણે જગતની રચના કે સંચાલનની ઝંઝટમાં પડવાની જરૂર નથી. સૃષ્ટિના રચયિતા અને નિયંત્રક માનવાથી ઈશ્વરમાં અનેક દોષોની ઉત્પત્તિ થાય છે. જેમ કે– જો તે દયાળુ છે તો દુઃખી જીવોની સૃષ્ટિ કેમ બનાવે છે ? ઈશ્વર કેટલાકને નરકમાં મોકલે છે, કેટલાકને અન્ય પ્રકારે સજા આપી પીડા પહોંચાડે છે, કેટલાકને સ્વર્ગમાં મોકલે છે. આવી સ્થિતિમાં એને કરુણાવાન કેમ કહી શકાય ? જો આ સર્વ ઈશ્વરની ક્રીડા છે, લીલા છે, તો પછી તેમનામાં અને બાળકમાં શું અંતર ? આ રીતે આ કલ્પના ઈશ્વરના સ્વરૂપને દૂષિત કરનારી છે. માટે આ સર્વ મૃષાવાદ(અસત્ય) છે.

**એકાત્મવાદ :–** પ્રસ્તુત સૂત્રમાં એકાત્મવાદની માન્યતાનો ઉલ્લેખ કરીને તેને મૃષાવાદ કહી છે. આ વેદાંતદર્શનની માન્યતા છે. જો કે જૈન આગમોમાં પણ સંગ્રહનયના દષ્ટિકોણથી આત્માના એકત્વનું કથન કર્યું છે. પરંતુ વ્યવહાર આદિ અન્ય નયોની અપેક્ષાએ આત્મામાં ભિન્નતા પણ પ્રતિપાદિત કરી છે. દ્રવ્યની અપેક્ષાથી અનંતાનંત આત્માઓ છે. તે સર્વ જુદા–જુદા, એક બીજાથી અસંબદ્ધ–સ્વતંત્ર છે. એકાંતરૂપે આત્માને એક માનવો તે પ્રત્યક્ષથી અને યુક્તિઓથી પણ બાધિત છે. મનુષ્ય, પશુ, પક્ષી,

કીડી, મકોડા, વનસ્પતિ, આદિ આત્માનું અનેકત્વ પ્રત્યક્ષ સિદ્ધ છે. જો આત્મા એક જ હોય તો એકનું મરણ થતાં બધાનું મરણ અને એકનો જન્મ થતાં બધાનો જન્મ થવો જોઈએ. એકના સુખી અને દુઃખી થવા પર બધા સુખી અથવા દુઃખી થવા જોઈએ. કોઈના પુણ્ય–પાપ જુદા ન હોવા જોઈએ. તે સિવાય પિતા–પુત્રમાં, પત્ની–પુત્રીમાં, માતા આદિમાં પણ ભેદ ન હોવો જોઈએ. આ રીતે એકાત્મવાદમાં સર્વ લૌકિક અને લોકોત્તર વ્યવસ્થાઓ નષ્ટ થઈ જાય છે. માટે એકાત્મવાદ પણ મૃષાવાદ છે.

વેદાન્તીઓનું કથન છે કે બ્રહ્મસ્વરૂપ આત્મા એક જ છે, જગત મિથ્યા છે. પ્રત્યેક પ્રાણીઓમાં એક જ ભૂતાત્મા છે, તે જ જલચન્દ્રની જેમ અનેક રૂપે પ્રતીત થાય છે.

**અકર્તુવાદ :– अकर्ता निर्गुण भोक्ता आत्मा सांख्यदर्शने** । સાંખ્ય મતાનુસારે આત્મા અકર્તા, નિર્ગુણ, ભોક્તા, અમૂર્ત, નિત્ય અને સર્વ વ્યાપક છે.

તે કહે છે– આત્મા બંધાયેલ નથી, તેનો મોક્ષ થતો નથી. તેનું પરિભ્રમણ નથી. તે એક ભવથી બીજા ભવમાં જતો નથી. માત્ર વિવિધ પુરુષોને આશ્રિત પ્રકૃતિનો જ સંસાર, બંધ અને મોક્ષ થાય છે.

**સાંખ્યમત :–** આ મતમાં મૌલિક તત્વો બે છે. પુરુષ અર્થાત્ આત્મા તથા પ્રધાન અર્થાત્ પ્રકૃતિ. સૃષ્ટિના આવિર્ભાવના સમયે પ્રકૃતિમાંથી બુદ્ધિતત્ત્વ, બુદ્ધિથી અહંકાર, અહંકારથી પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ તન્માત્રા અર્થાત્ રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ તથા આ પાંચ તન્માત્રામાંથી પૃથ્વી આદિ પાંચ મહાભૂતોનો ઉદ્ભવ થાય છે. આ સાંખ્ય સૃષ્ટિની પ્રક્રિયા છે.

સાંખ્ય મતાનુસાર પુરુષ(આત્મા)નિત્ય વ્યાપક અને નિષ્ક્રિય છે. માટે તે અકર્તા પણ છે.

વિચારણીય એ છે કે જો આત્મા કર્તા નથી. તો ભોક્તા કેવી રીતે બની શકે ? જેણે શુભ યા અશુભ કર્મ કર્યા નથી તે તેનું ફળ કેમ ભોગવે છે ?

પુરુષ ચેતન અને પ્રકૃતિ જડ છે અને પ્રકૃતિનો જ સંસાર કે બંધ અને મોક્ષ થાય છે.

જડ પ્રકૃતિમાં બંધ, મોક્ષ અને સંસાર માનવો મૃષાવાદ છે. તેનાથી બુદ્ધિની ઉત્પત્તિ કહેવી પણ વિરુદ્ધ છે.

સાંખ્યમતમાં ઈન્દ્રિયોને પાપ–પુણ્યનું કારણ માન્યુ છે. પરંતુ વાક્–પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ નામની તેણે માનેલી પાંચ કર્મેન્દ્રિય જડ છે. તે પાપ–પુણ્યનું ઉપાર્જન કરી શકતી નથી. સ્પર્શન આદિ પાંચ જ્ઞાનેન્દ્રિયો પણ દ્રવ્ય અને ભાવના ભેદથી બે–બે પ્રકારની છે. દ્રવ્યેન્દ્રિયો જડ છે. તે પણ પાપ–પુણ્યનું કારણ થઈ શકતી નથી. ભાવેન્દ્રિયો આત્માથી કથંચિત્ અભિન્ન છે. તેથી તેને કારણ માની શકાય નહીં.

આત્માને એકાંત નિત્ય–કૂટસ્થ અપરિણામી, નિષ્ક્રિય, નિર્ગુણ અને નિર્લેપ માનવો તે પણ અપ્રમાણિક છે. જ્યારે આત્મા સુખ–દુખનો ભોક્તા છે, તો અવશ્ય જ તેમાં પરિણમન માનવું પડશે.

અન્યથા ક્યારેક સુખનો ભોક્તા અને ક્યારેક દુઃખનો ભોક્તા કેવી રીતે હોઈ શકે ? જો એકાંત અપરિણામી હોય તો જે સુખી છે તે સદા સુખી રહેવો જોઈએ અને જે દુઃખી છે તે સદા દુઃખી રહેવો જોઈએ. આ અનિષ્ટાપત્તિને ટાળવાને માટે સાંખ્ય કહી શકે છે કે આત્મા પરમાર્થતઃ ભોક્તા નથી. બુદ્ધિ સુખ–દુઃખને ભોગવે છે અને તેના પ્રતિબિંબ માત્રથી આત્મા (પુરુષ) પોતે સુખ–દુઃખનો અનુભવ કરે છે. પરંતુ આ કથન સંગત નથી, કારણ કે બુદ્ધિ જડ પ્રકૃતિથી ઉત્પન્ન થવાના કારણે જડ છે અને જડને સુખ–દુઃખનો અનુભવ થઈ શકતો નથી. જે સ્વભાવથી જડ છે તે પુરુષના સંસર્ગથી પણ ચેતનાવાન થઈ શકતી નથી.

આત્માને ક્રિયા રહિત માનવો તે પ્રત્યક્ષથી બાધિત છે. તેમાં ગમનાગમન, જાણવું–જોવું–આદિ ક્રિયાઓ, સુખ–દુઃખ, હર્ષ–વિષાદ આદિની અનુભૂતિરૂપ ક્રિયાઓ પ્રત્યક્ષ જોઈ શકાય છે.

વસ્તુતઃ આત્મા ચેતન છે. દ્રવ્યથી નિત્ય–અપરિણામી હોવા છતાં પર્યાયથી કથંચિત્ અનિત્ય–પરિણામી છે. પોતાના શુભ અને અશુભ કર્મોનો કર્તા છે અને તેના ફળ સ્વરૂપ સુખ–દુઃખનો ભોક્તા છે માટે તે સંપૂર્ણ નિષ્ક્રિય અને નિર્ગુણ થઈ શકતો નથી.

આ રીતે પ્રસ્તુત સૂત્રમાં જગતની ઉત્પત્તિ અને આત્મા સંબંધી મૃષાવાદનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

### યદચ્છાવાદી સ્વભાવવાદી અને નિયતિવાદી :–

**૭ जं वि इहं किंचि जीवलोए दीसइ सुकयं वा दुकयं वा एयं जदिच्छाए वा सहावेण वावि दइवतप्पभावओ वावि भवइ । णत्थेत्थ किंचि कयगं तत्तं लक्खणविहाणणियतीए कारियं, एवं केइ जंपंति । इड्ढि–रस–सायागारवपरा बहवे करणालसा परूवेंति धम्मवीमंसएणं मोसं ।**

**ભાવાર્થ :–** આ લોકમાં જે કાંઈ સુકૃત યા દુષ્કૃત દષ્ટિગોચર થાય છે તે સર્વ યદચ્છાથી–સ્વભાવથી અથવા દૈવતપ્રભાવથી–વિવિધ પ્રભાવથી જ થાય છે. આ લોકમાં એવું કાંઈ નથી જે પુરૂષાર્થથી કરેલું તત્ત્વ(સત્ય) હોય. લક્ષણ(વસ્તુરૂપ)અને ભેદોની કર્ત્રી નિયતિ જ છે. કેટલાક ઋદ્ધિ, રસ અને શાતાના ગૌરવ(અહંકાર)થી લિપ્ત અથવા તેમાં અનુરક્ત બનેલા અને ક્રિયા કરવામાં આળસુ, ધર્મની મીમાંસા (વિચારણા) કરતાં આ પ્રમાણે મિથ્યારૂપ પ્રરૂપણા કરે છે.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં એકાંત યદચ્છાવાદી, સ્વભાવવાદી, દેવ અથવા દૈવતવાદી એવં નિયતિવાદીના મંતવ્યોનો ઉલ્લેખ કરીને તેને અસત્ય બતાવવામાં આવ્યું છે.

**યદચ્છાવાદ :–** યદચ્છાનું મંતવ્ય છે કે– પ્રાણીઓને જે સુખ યા દુઃખ થાય છે તે સર્વ અચાનક(એકાએક) જ ઉપસ્થિત થઈ જાય છે. જેમ એક કાગડો આકાશમાં ઊડતાં–ઊડતાં અચાનક(એકાએક) કોઈ ઝાડ

નીચે પહોંચ્યો અને અકસ્માત્(અચાનક) જ તાડનું ફળ તૂટીને પડયું અને કાગડો તેનાથી ઘાયલ થઈ ગયો. તેમાં કાગડાનું ઘાયલ થવાનું કે તાડફળનું ઘાયલ કરવાનું લક્ષ ન હતું. તેમ છતાં સર્વ કાંઈ અચાનક થઈ ગયું. આ પ્રમાણે જગતમાં જે ઘટનાઓ ઘટિત થાય છે, તે સર્વ ઈરાદા વિના જ ઘટિત થઈ જાય છે. બુદ્ધિપૂર્વક કાંઈપણ થતું નથી, માટે આપણે પ્રયત્ન અને પુરુષાર્થનું અભિમાન કરવું નકામું છે.

**સ્વભાવવાદ :–** પદાર્થનું સ્વતઃ જ અમુક રૂપમાં પરિણમન થવું સ્વભાવવાદ કહેવાય છે. સ્વભાવવાદીઓનું કથન છે– જગતમાં જે કાંઈ થાય છે તે સ્વભાવથી–પોતાની મેળે જ થઈ જાય છે. મનુષ્યના કરવાથી કાંઈપણ થતું નથી. કાંટામાં તીક્ષ્ણતા કોણ ઉત્પન્ન કરે છે ? કોણ તેને અણીદાર બનાવે છે ? પશુઓ અને પક્ષીઓના જે વિવિધ આકાર, રૂપ આદિ દષ્ટિગોચર થાય છે, તે બનાવનાર કોણ છે ? વસ્તુતઃ આ બધુ સ્વભાવથી જ થાય છે. કાંટા સ્વભાવથી જ અણીદાર હોય છે અને પશુ–પક્ષીઓનાં વિવિધ રૂપ પણ સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે. તેમાં કોઈની ઈચ્છા, પ્રયત્ન કે પુરુષાર્થ કામ આવતો નથી. આ પ્રકારે જગતના સમસ્ત કાર્યકલાપ સ્વભાવથી જ થઈ રહેલ છે. પુરુષાર્થને કોઈ સ્થાન નથી. લાખ પ્રયત્ન કરવા છતાં પણ કોઈ વસ્તુના સ્વભાવમાં જરા પણ પરિવર્તન થઈ શકતું નથી.

**વિધિવાદ :–** જગતમાં કેટલાક લોકો એકાંત વિધિવાદ–ભાગ્યવાદનું સમર્થન કરે છે. તેનું કથન છે કે પ્રાણીઓને જે સુખ–દુઃખ થાય છે; જે હર્ષ–વિષાદના પ્રસંગ ઉપસ્થિત થાય છે તે ઈચ્છાથી કે સ્વભાવથી થતા નથી પરંતુ વિધિ, ભાગ્ય અથવા દૈવથી થાય છે. દૈવની અનુકૂળતા હોય તો પુરુષાર્થ કર્યા વગર જ ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ થઈ જાય છે અને જ્યારે ભાગ્ય પ્રતિકૂળ થાય છે ત્યારે હજાર–હજાર પ્રયત્ન કરવા છતાં પ્રાપ્તિ થતી નથી. માટે સંસારમાં સુખ–દુઃખનો નિર્માતા ભાગ્ય જ છે.

**નિયતિવાદ :–** ભવિતવ્યતા અથવા હોનહારને નિયતિ કહેવાય છે. કેટલાક પ્રમાદી મનુષ્ય ભવિતવ્યતાના સહારે નિશ્ચિંત રહેવાનું કહે છે, તેનું કથન છે કે– અંતે આપણા વિચારવાથી અને કરવાથી શું થવાનું છે ? જે થવાનું હોય તે થઈને જ રહે છે અને નથી થવાનું તે ક્યારે ય થતું નથી.

યદ્યપિ મૂળપાઠમાં પુરુષાર્થવાદનો નામ ઉલ્લેખ નથી. તોપણ અનેક લોકો એકાંત પુરુષાર્થવાદી છે. તેનો મત પણ મૃષાવાદની અંતર્ગત છે. કોઈ કાલવાદી પણ છે, ઉપલક્ષણથી અહિંયા તેનું પણ ગ્રહણ કરી લેવું જોઈએ.

**પુરુષાર્થવાદ :–** એકાંત પુરુષાર્થવાદી સ્વભાવ, ભાગ્ય આદિનો નિષેધ કરી કેવળ પુરુષાર્થથી જ સર્વ પ્રકારની કાર્ય સિદ્ધિનો સ્વીકાર કરે છે. તેનું કથન છે કે લક્ષ્મી ઉદ્યોગી માણસને જ પ્રાપ્ત થાય છે, લક્ષ્મીની પ્રાપ્તિ ભાગ્યથી થાય છે એવું કહેનારા પુરુષ કાયર છે. માટે ભાગ્યને ઠોકર મારી પોતાની શક્તિ અનુસાર પુરુષાર્થ કરો.

**કાલવાદ :–** એકાંત કાલવાદીઓનું કથન છે કે સ્વભાવતઃ નિયતિ, પુરુષાર્થ આદિ નહીં પરંતુ કાળથી જ કાર્યની સિદ્ધિ થાય છે. સર્વ કારણ વિદ્યમાન હોવા છતાં જ્યાં સુધી કાળ પાકતો નથી ત્યાં સુધી કાર્ય થતું નથી. અમુક સમય પછી જ ઘઉં, ચણા આદિ ધાન્યની ઉત્પત્તિ થાય છે. સમય થવા પર જ ઠંડી–ગરમી,

વર્ષા આદિ થાય છે. માટે એક માત્ર કારણ કાલ જ છે.

આ સર્વ એકાંત મૃષાવાદ છે. વાસ્તવમાં કાળ, સ્વભાવ, નિયતિ, ભાગ્ય અને પુરુષાર્થ આ સર્વે કાર્ય સિદ્ધિના યથાયોગ્ય સમ્મિલિત કારણો છે. કાર્યસિદ્ધિ એક કારણથી નહિ પરંતુ સમગ્ર કારણોના સમૂહથી થાય છે. કાલ આદિ એક–એક કારણ અપૂર્ણ હોવાથી કાર્ય સિદ્ધિનું સમર્થ કારણ નથી. કહેવાય છે કે–

**कालो सहाव नियई, पुव्वकयं पुरिसकारणेगंता ।**
**मिच्छतं ते चेव उ, समासओ होंति सम्मतं ॥**

કાલ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત (દૈવ–વિધિ) અને પુરુષાકારને એકાંત કારણ માનવા અર્થાત્ પાંચમાંથી કોઈપણ એક કારણનો સ્વીકાર કરવો અને શેષ કારણ ન માનવા તે મિથ્યાત્વ છે. આ સર્વ મળીને જ કાર્ય સિદ્ધ થાય છે. આવી માન્યતા જ સમ્યક્ત્વ છે.

### મૃષાવાદનું પ્રયોજન :–

**૮ अवरे अहम्मओ रायदुट्ठं अब्भक्खाणं भणंति अलियं– चोरोत्ति अचोरयं करेंतं, डामरिउत्ति वि य एमेव उदासीणं, दुस्सीलोत्ति य परदारं गच्छइत्ति मइलिंति सीलकलियं, अयं वि गुरुतप्पओत्ति । अण्णे एमेव भणंति उवहणंता मित्तकलत्ताइं सेवंति अयं वि लुत्तधम्मो, इमोवि विस्संभवाइओ पावकम्मकारी अगम्मगामी अयं दुरप्पा बहुएसु च पावगेसु जुत्तोत्ति एवं जंपंति मच्छरी । भद्दगे वा गुणकित्ति णेह परलोय–णिप्पिवासा । एवं ते अलियवयणदच्छा परदोसुप्पायणप्पसत्ता वेढेंति अक्खाइयबीएणं अप्पाणं कम्मबंधणेण मुहरी असमिक्खियप्पलावी ।**

**ભાવાર્થ :–** કેટલાક લોકો રાજ્ય વિરુદ્ધ મિથ્યાદોષારોપણ કરે છે. જેમકે ચોરી ન કરનારાને ચોર કહે છે. ઉદાસીનને–લડાઈ, ઝગડાં ન કરનારને લડાઈખોર કે ઝગડાખોર કહે છે. સુશીલ–શીલવાનને દુશીલ–વ્યભિચારી કહે છે. "આ પરસ્ત્રીગામી છે", આવું કહીને તેને બદનામ કરે છે. તેના પર એવો દોષારોપણ કરે છે કે તે તો ગુરુપત્નીની સાથે અનુચિત સંબંધ રાખે છે. કોઈની કીર્તિ અથવા આજીવિકાને નષ્ટ કરવાને માટે મિથ્યા દોષારોપણ કરે છે કે આ પોતાના મિત્રની પત્નીઓનું સેવન કરે છે. આ ધર્મહીન છે, આ વિશ્વાસઘાતી છે, પાપકર્મ કરે છે, નહીં કરવા યોગ્ય કૃત્ય કરે છે, આ અગમ્યગામી છે અર્થાત્ બહેન, પુત્રવધૂ, આદિ અગમ્ય સ્ત્રીઓની સાથે સહવાસ કરે છે, આ દુષ્ટાત્મા છે, ઘણા જ પાપકર્મો કરનાર છે, આ પ્રકારે ઈર્ષ્યાળુ લોકો મિથ્યા પ્રલાપ કરે છે. ભદ્ર પુરુષના પરોપકાર, ક્ષમા આદિ ગુણોની તથા કીર્તિ, સ્નેહ અને પરભવની લેશમાત્ર પરવાહ ન કરનારા તે અસત્યવાદી, અસત્ય ભાષણ કરવામાં કુશળ, બીજાઓના દોષોને પ્રગટ કરવામાં રત રહે છે. તે વિચાર્યા વિના બોલનાર, અક્ષય દુઃખોના કારણભૂત,

અત્યંત દઢ કર્મબંધનોથી પોતાના આત્માને વેષ્ટિત–બદ્ધ કરે છે.

**વિવેચન :–**

શાસ્ત્રકાર અસત્યની વ્યાપકતાનું દિગ્દર્શન કરાવે છે, મનુષ્ય કઈ રીતે અને કેવા કારણોથી અસત્ય ભાષણ કરે છે તેનું સ્પષ્ટીકરણ કરીને મનુષ્યની દૂષિત ચિત્તવૃત્તિને પ્રગટ કરી છે. ઈર્ષાને વશ થઈને અન્ય પર અસત્ય દોષારોપણ કરે છે અને ક્ષણિક આનંદ માણે છે. તેની તે વૃત્તિ અને પ્રવૃત્તિ તેને ઘોર કર્મબંધન કરાવે છે.

## લોભજન્ય અનર્થકારી અસત્ય :–

**૯ णिक्खेवे अवहरंति परस्स अत्थम्मि गढियगिद्धा अभिजुंजंति य परं असंतएहिं । लुद्धा य करेंति कूडसक्खित्तणं असच्चा अत्थालियं च कण्णालियं च भोमालियं च तह गवालियं च गरुयं भणंति अहरगइगमणं । अण्णं पि य जाइरूव कुल सीलपच्चयं मायाणिउणं चवलपिसुणं परमट्ठभेयगमसंतगं विद्देसमणत्थकारगं पावकम्ममूलं दुद्दिट्ठं दुस्सुयं अमुणियं णिल्लज्जं लोयगरहणिज्जं वहबंध–परिकिलेसबहुलं जरामरणदुक्खसोयणिम्मं असुद्धपरिणामसंकिलिट्ठं भणंति ।**

**ભાવાર્થ :–** પરાયા ધનમાં અત્યંત આસક્ત તે(મૃષાવાદી–લોભી) નિક્ષેપ(ધરોહર) થાપણને પચાવી લે છે તથા બીજાને એવા દોષોથી દૂષિત કરે છે, જે દોષ તેનામાં વિદ્યમાન નથી. ધનના લોભી જૂઠી સાક્ષી આપે છે. તે અસત્યભાષી ધનને માટે, કન્યાને માટે, ભૂમિને માટે તથા ગાય–બળદ આદિ પશુઓને માટે અધોગતિમાં લઈ જનાર અસત્યભાષણ કરે છે. તે સિવાય તે મૃષાવાદી જાતિ, રૂપ, કુળ અને શીલના વિષયમાં અસત્ય ભાષણ કરે છે. માયામાં કુશળ, બીજાના અસદ્‌ગુણોનું પ્રકાશન કરનાર, સદ્‌ગુણોના વિનાશક, પુણ્ય–પાપના સ્વરૂપથી અજાણ, અસત્ય આચરણ પરાયણ લોકો અન્યાન્ય પ્રકારે પણ અસત્ય બોલે છે. તે માયાના કારણે ગુણહીન છે, ચપળતાથી યુક્ત છે, પૈશુન્યથી પરિપૂર્ણ છે, પરમાર્થને નષ્ટ કરનાર છે. અસત્ય અર્થવાળા અથવા સત્યથી હીન, દ્વેષમય, અપ્રિય, અનર્થકારી પાપકર્મોનું મૂળ મિથ્યાદર્શનથી યુક્ત છે. તે સમ્યગ્ અનુભવથી રહિત, સમ્યગ્જ્ઞાનથી શૂન્ય, વિચારહીન, લજ્જાહીન, લોકગર્હિત, વધ, બંધન આદિ રૂપ ક્લેશોથી પરિપૂર્ણ, જરા, મૃત્યુ, દુઃખ અને શોકના કારણ રૂપ છે. અશુદ્ધ પરિણામોને કારણે સંકલેશથી યુક્ત છે.

**વિવેચન :–**

શાસ્ત્રકાર અસત્ય ભાષણના કારણોના કથન સાથે ક્રમશઃ તેના દુષ્પરિણામને પ્રગટ કરે છે.

ધનના લોભી ધનને માટે, ભૂમિને માટે, કન્યાને માટે, ગોધન માટે અસત્ય ભાષણ કરે છે, તેના

પરિણામ સ્વરૂપે આત્મગુણોને આવરિત કરે છે. તેઓ સમ્યગ્જ્ઞાન આદિ સાધના માર્ગથી દૂર થાય છે. જન્મ, જરા, મરણની પરંપરાની વૃદ્ધિ કરે છે. મલિન પરિણામોથી અનેક પ્રકારે સંક્લેશને પામે છે.

**ઉભય ઘાતક :–**

**१० अलियाहिसंधि–सण्णिविट्ठा असंतगुणुदीरया य संतगुणणासगा य हिंसाभूओ– वघाइयं अलियं संपउत्ता वयणं सावज्जमकुसलं साहुगरहणिज्जं अहम्मजणणं भणंति, अणभिगय–पुण्णपावा पुणो वि अहिगरण–किरिया–पवत्तगा बहुविहं अणत्थं अवमद्दं अप्पणो परस्स य करेंति ।**

**ભાવાર્થ :–** જે લોકો મિથ્યા અભિપ્રાયમાં સન્નિવિષ્ટ છે; જે અસત્–અવિદ્યમાન ગુણોની ઉદીરણા કરનારા અર્થાત્ જે ગુણ નથી, તે ગુણ છે તેમ કહેનારા, વિદ્યમાન ગુણોનો નાશ કરનાર છે. બીજાઓમાં રહેલા ગુણોને આચ્છાદિત કરનારા છે; હિંસા કરી પ્રાણીઓનો ઉપઘાત કરે છે; જે અસત્યભાષણ કરવામાં પ્રવૃત્ત છે; તેવા લોકો સાવદ્ય–પાપમય, અકુશળ, અહિતકર, સત્ પુરુષો દ્વારા ગર્હિત અને અધર્મજનક વચનોનો પ્રયોગ કરે છે. આવા મનુષ્ય પુણ્ય અને પાપના સ્વરૂપથી(અનભિજ્ઞ) અજાણ હોય છે, તે ફરીથી અધિકરણો અર્થાત્ પાપના સાધનો, શસ્ત્ર નિર્માણ આદિ ક્રિયામાં પ્રવૃત્તિ કરનાર છે. તે પોતાનો અને અન્યનો અનેક પ્રકારે અનર્થ અને વિનાશ કરે છે.

**વિવેચન :–**

જેનો આશય જ અસત્યથી પરિપૂર્ણ હોય છે તે અનેકાનેક પ્રકારે સત્યને ઢાંકવાનો અને અસત્યને પ્રકટ કરવાનો પ્રયત્ન કરે છે. તેઓ પોતાના દોષોને છુપાવી ગુણોને પ્રગટ કરે છે અને અન્યના ગુણ ઢાંકી દોષને પ્રગટ કરે છે.

મૃષાવાદી અસત્ય ભાષણ કરી પરનું જ અહિત, વિનાશ કે અનર્થ કરતા નથી પરંતુ પોતાનું પણ અહિત, વિનાશ અને અનર્થ કરે છે. મૃષાવાદના પાપનું સેવન કરવાનો વિચાર મનમાં જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે આત્મા મલિન થઈ જાય છે અને પાપકર્મના બંધનો પ્રારંભ થઈ જાય છે. મૃષાવાદ દ્વારા બીજાનો વિશ્વાસઘાત કરીને કદાચિત્ બીજાનું અહિત કરી શકે અથવા ન કરી શકે પરંતુ પાપમય વિચાર તેમજ આચારથી પોતાનું અહિત તો નિશ્ચિત રૂપે કરે જ છે. આત્મહિત માટે પણ મૃષાવાદનો પરિત્યાગ કરવો આવશ્યક છે.

**પાપ પ્રેરક :–**

**११ एमेव जंपमाणा महिससूकरे य साहिंति घायगाणं, ससयपसयरोहिए य साहिंति वागुराणं, तित्तिर–वट्टग–लावगे य कविंजल–कवोयगे य साहिंति साउणीणं,**

**झस–मगर–कच्छभे य साहिंति मच्छियाणं, संखंके खुल्लए य साहिंति मगराणं, अयगर–गोणसमंडलिदव्वीकरे मउली य साहिंति वालवीणं, गोहा–सेहग–सल्लग–सरडगे य साहिंति लुद्धगाणं, गयकुलवाणरकुले य साहिंति पासियाणं, सुग–बरहिण–मयणसाल–कोइल–हंसकुले सारसे य साहिंति पोसगाणं, वहबंधजायणं च साहिंति गोम्मियाणं, धण–धण्ण–गवेलए य साहिंति तक्कराणं, गामागर –णगरपट्टणे य साहिंति चारियाणं, पारघाइय पंथघाइयाओ य साहिति गंठिभेयाणं, कयं च चोरियं साहिंति णगरगुत्तियाणं । लंछण–णिलंछण –धमण–दूहण–पोषण –वणण–दवण–वाहणाइयाइं साहिंति बहूणि गोमियाणं, धाउ–मणि–सिल–प्पवाल –रयणागरे य साहिंति आगरीणं, पुप्फविहिं फलविहिं च साहिंति मालियाणं, अग्घमहुकोसए य साहिंति वणचराणं ।**

**ભાવાર્થ :–** તે મૃષાવાદી માણસ ઘાત કરનારને ભેંસ અને શૂકર બતાવે છે. શિકારીઓને સસલા, પસય–મૃગ વિશેષ કે મૃગશિશુ અને રોહિત બતાવે છે. તેતર, બતક અને લાવક તથા કપિંજલ અને કબુતર બતાવે છે; માછીમારોને માછલીઓ, મગર અને કાચબા બતાવે છે.

ધીવરોને શંખ(બેઈન્દ્રિય જીવ)અંક–જલજંતુ વિશેષ અને ક્ષુલ્લક–કોડીના જીવ બતાવે છે, સપેરા–સાપ પકડનારને અજગર, ગોણસ, મંડલી અને દર્વીકર જાતિના સર્પો તથા મકુલી–ફેણ વગરના સર્પો બતાવે છે. લુબ્ધકોને ઘો, શલ્લકી અને કાકીડા બતાવે છે. પાશિકા–પાશ દ્વારા પકડનારને ગજકુલ અને વાનરકુલ અર્થાત્ હાથીઓના અને વાંદરાઓના ઝૂંડ બતાવે છે. પોષકો–પક્ષીઓને પકડીને પૂરી રાખનારને પોપટ, મોર, મેના, કોયલ, હંસના કુળ તથા સારસ પક્ષી બતાવે છે. આરક્ષકો–કારાગાર આદિના રક્ષકોને વધ, બંધન અને યાતના દેવાનો ઉપાય બતાવે છે. ચોરોને ધન, ધાન્ય અને ગાય, બળદ આદિ પશુઓ બતાવીને ચોરીની પ્રેરણા આપે છે. ગુપ્તચરોને ગ્રામ, નગર, આકર અને પતન આદિ વસ્તીઓ બતાવે છે. ગ્રંથિ ભેદકો–ગાંઠ કાપનારાને(ખિસ્સાકાતરુંને) રસ્તાના અંત ભાગમાં અથવા વચમાં મારવા–લૂંટવા તેમજ તેના ગુપ્ત રહસ્ય આદિની શીખ આપે છે. નગરરક્ષકો–કોટવાળો આદિ પોલિસ કર્મચારીઓને કરેલી ચોરીનો ભેદ બતાવે છે. તેઓ ગોવાળોને લાંછન–કાન આદિ કાપવું અથવા નિશાન બનાવવું; નપુંસક કરવું; ધમણ–ભેંસ આદિના શરીરમાં હવા ભરવી(જેનાથી તે દૂધ અધિક આપે) દોહવું, પોષવું–જુવાર આદિ ખવડાવી પુષ્ટ કરવું; વાછરડાને બીજી ગાયની સાથે લઈ જઈને ગાયને ધોખો દેવો અર્થાત્ તે ગાય બીજા વાછરડાને પોતાનું સમજી સ્તનપાન કરાવે, એવી ભ્રાંતિમાં નાંખવી; પીડા પહોંચાડવી; વાહન ગાડી આદિમાં જોડવું ઈત્યાદિ અનેકાનેક પાપ–પૂર્ણ કાર્ય કહે અથવા શીખવાડે છે. તે સિવાય તે મૃષાવાદી માણસ ખાણના માલિકોને ગૈરિક આદિ ધાતુઓ બતાવે છે; ચંદ્રકાંત આદિ મણિઓ બતાવે છે. શિલાપ્રવાલ મૂંગા અને અન્ય રત્ન બતાવે છે; માળીઓને પુષ્પો અને ફળોના પ્રકાર બતાવે છે તથા વનચરો–ભીલ આદિ વનવાસીઓને મધનું મૂલ્ય અને મધપૂડો બતાવે છે અર્થાત્ મધનું મૂલ્ય બતાવીને તેને પ્રાપ્ત કરવાનો

ઉપાય શીખવાડે છે.

**१२ जंताइं विसाइं मूलकम्मं आहेवण–आविंधण–अभिओग–मंतोसहिप्पओगे चोरिय–परदार–गमण–बहुपावकम्मकरणं उक्खंधे, गामघाइयाओ वणदहण–तलाग–भेयणाणि बुद्धिविसविणासणाणि वसीकरणमाइयाइं भय मरण–किलेसदोसजणणाणि भावबहुसंकिलिट्ठमलिणाणि भूयघाओवघाइयाइं सच्चाइं वि ताइं हिंसगाइं वयणाइं उदाहरंति ।**

**ભાવાર્થ :–** મૃષાવાદી મારણ, મોહન, ઉચ્ચાટન આદિને માટે(લેખિત) યંત્રો યા પશુ–પક્ષીઓને પકડવાના યંત્રો; સંખિયા–સોમલ–વિષ આદિ તથા ગર્ભપાત આદિ મૂલકર્મને માટે જડીબુટ્ટીઓના પ્રયોગ; આક્ષેપણ–મંત્ર આદિ દ્વારા નગરમાં ક્ષોભ યા વિદ્વેષ ઉત્પન્ન કરવો અથવા આવર્ધન–મંત્રબળથી ધન આદિ ખેંચવું; આભિયોગ–દ્રવ્ય અને ભાવથી વશીકરણ મંત્રો અને ઔષધિઓનો પ્રયોગ કરી ચોરી, પરસ્ત્રીગમન કરવું આદિ ઘણાં જ પાપકર્મોના ઉપદેશ તથા કપટથી શત્રુસેનાની શક્તિને નષ્ટ કરવી અથવા કચડી નાખવી; ગ્રામઘાત–ગામને નષ્ટ કરી દેવા; જંગલમાં આગ લગાવી દેવી; તળાવ આદિ જળાશયોને સૂકવી દેવા; બુદ્ધિના વિષયભૂત વિજ્ઞાન આદિ અથવા બુદ્ધિ અને સ્પર્શ, રસ આદિ વિષયોનો વિનાશ; વશીકરણ આદિ, ભય, મરણ, ક્લેશ અને દુઃખ ઉત્પન્ન કરનારા; અત્યંત ક્લેશ થવાને કારણે મલિન જીવોનો ઘાત અને ઉપઘાત કરનારા વચન બોલે છે. આ વાક્ય પ્રયોગો તથ્ય(યથાર્થ) હોય તોપણ પ્રાણીઓની ઘાત કરનારા હોવાથી અસત્ય વચન જ કહેવાય છે.

**વિવેચન :–**

મૃષાવાદી સ્વ–પર બંનેના વિઘાતક કેવી રીતે થાય છે ? તે તથ્યને આ બે સૂત્રોમાં સ્પષ્ટ કર્યું છે.

અસત્યના સ્વરૂપની સ્પષ્ટતા માટે સત્ય કોને કહેવાય ? તે જાણવું જરૂરી છે. **'सदभ्यो हितम् सत्यम्'** । સત્ પુરુષોને હિતકારી હોય તે સત્ય છે. કયારે ક કોઈ સત્ય ઘટના હોય તેમ છતાં તેના કથનથી અન્યના પ્રાણ જોખમમાં મૂકાતા હોય, અન્યનું અહિત થતું હોય, તો જ્ઞાની પુરુષ તે પ્રકારની ભાષાને અસત્ય ભાષા કહે છે.

સૂત્રોક્ત પ્રત્યેક ઉદાહરણોમાં હિંસક ભાષાનો જ પ્રયોગ છે. મંત્ર, તંત્ર, યંત્રનો પ્રયોગ કરી અન્યનું અનિષ્ટ કરવું; જંગલોને બાળવા; ગ્રામઘાત; પશુ–પક્ષીનો ઘાત થાય તેવા ઉપદેશ આપવા વગેરે ભાષા મૃષા છે. સત્યની કસોટી અહિંસા છે. જે વચન અહિંસાનું બાધક ન હોય, તેનો જ પ્રયોગ કરવો જોઈએ. પરમાર્થમાર્ગનું ભેદક ન હોય તેવા વચનનો જ પ્રયોગ કરવો જોઈએ. પરંતુ મૂઢ વ્યક્તિ પોતાના તુચ્છ સ્વાર્થ માટે ઉપરોક્ત ભાષાનો પ્રયોગ કરી ગાઢ કર્મોનો બંધ કરે છે.

**હિંસક આદેશ :–**

**१३ पुट्ठा वा अपुट्ठा वा परतत्तियवावडा य असमिक्खियभासिणो उवदिसंति,**

**सहसा उट्टा गोणा गवया दमंतु, परिणयवया अस्सा हत्थी गवेलग–कुक्कुडा य किज्जंतु, किणावेह य विक्केह पयह य, सयणस्स देह, पियह खायह, दासी– दास–भयग भाइल्लगा य सिस्सा य पेसगजणो कम्मकरा य किंकरा य एए सयणपरिजणो य कीस अच्छंति ? भारिया भे करित्तु कम्मं, गहणाइं वणाइं खेत्त– खिलभूमिवल्लराइं उत्तणघणसंकडाइं डज्झंतु सूडिज्जंतु य, रुक्खा भिज्जंतु जंत– भंडाइयस्स उवहिस्स कारणाए बहुविहस्स य अट्ठाए, उच्छू दुज्जंतु, पीलिज्जंतु य तिला, पयावेह य इट्ठकाउ मम घरट्ठयाए, खेत्ताइं कसह, कसावेह य, लहुं गाम– आगर–णगर–खेड–कब्बडे णिवेसेह, अडवीदेसेसु विउलसीमे पुप्फाणि य फलाणि य कंदमूलाइं कालपत्ताइं गिण्हेह, करेह संचयं परिजणट्ठयाए साली वीही जवा य लुच्चंतु मलिज्जंतु उप्पणिज्जंतु य लहुं य पविसंतु य कोट्ठागारं ।**

**ભાવાર્થ :–** અન્ય પ્રાણીઓને સંતાપ અથવા પીડા પ્રદાન કરવામાં પ્રવૃત્ત, વિચાર્યા વિના ભાષણ કરનારા લોકો કોઈના પૂછવા પર અથવા પૂછયા વિના એકાએક(પોતાની પટુતા પ્રગટ કરવાને માટે) બીજાઓને આ પ્રકારે પ્રેરણા કરે કે ઊંટોનું, બળદોનું, રોઝોનું દમન કરો; વય પ્રાપ્ત–પરિણત આયુવાળા આ ઘોડાને, હાથીને, ઘેટાંને અથવા મરઘાને ખરીદો, ખરીદાવો, વહેંચી દો; પકાવવા યોગ્ય વસ્તુઓને પકાવો; સ્વજનોને આપી દો. પીણા–મદિરા આદિ પીવા યોગ્ય પદાર્થનું પાન કરો. ખાવા યોગ્ય પદાર્થને ખાઓ. દાસી, દાસ, નોકર, ભૃત્ય–ભોજન દઈને રાખવામાં આવેલા સેવકો, ભાગીદાર, શિષ્ય, કર્મ કરનાર–નિયત સમય સુધી આજ્ઞા પાળનારા; કિંકર– શું કરું ? આ પ્રકારે પૂછીને કાર્ય કરનાર; આ સર્વ પ્રકારના કર્મચારી તથા આ સ્વજન પરિજન વગેરે સર્વ કેમ કામ વિના બેઠા છે ? આ ભરણ–પોષણ કરવા યોગ્ય છે અર્થાત્ તેનો પગાર આદિ ચૂકવી દો. તમે તમારું કામ કરો, આ સઘન વન, ખેતર,ખેડ્યા વિનાની જમીન, વિશિષ્ટ પ્રકારના ખેતર, ઉગેલા ઘાસથી ભરાઈ ગયા છે; તેને બાળી નાખો, ઘાસ કપાવી નાંખો અથવા નિંદામણ કરો. યંત્રો–ઘાણી, ગાડી આદિ ભાંડ–કૂંડા આદિ ઉપકરણો માટે અને નાના પ્રકારના પ્રયોજનો માટે વૃક્ષોને કપાવો; ઈક્ષુ–શેરડીને કપાવો; તલને પીલો, તેનું તેલ કઢાવો; મારું ઘર બનાવવાને માટે ઈંટોને પકાવો; ખેતર ખેડો અથવા ખેડાવો; જલ્દીથી ગ્રામ, આકર(ખાણોવાળી વસ્તી)નગર, ખેડ અને કર્બટ–કુનગર, લઘુનગર, અટવી પ્રદેશમાં વિસ્તૃત સીમાવાળા ગામ આદિ વસાવો. પુષ્પો અને ફળોને તથા પ્રાપ્ત કાળ અર્થાત્ જેને તોડવાનો સમય થઈ ચૂકયો છે તેવા કંદ અને મૂળને ગ્રહણ કરો. પોતાના પરિજનોને માટે તેનો સંચય કરો, શાલી–ધાન્ય–વ્રીહિ અનાજ આદિ અને જુવારને લણો, તેને મસળીને દાણા અલગ કરો, પવનથી સાફ કરો, દાણાને ભૂસાથી પૃથક કરો અને શીઘ્ર કોઠારમાં ભરો.

**વિવેચન :–**

પ્રસ્તુત પાઠમાં અનેકાનેક સાવદ્ય કાર્યોના આદેશનો ઉલ્લેખ કર્યો છે. વિવેકહીન માણસ કોઈ

પૂછે અથવા ન પૂછે તોપણ પોતાના સ્વાર્થને માટે અથવા સ્વાર્થ વિના પણ કેવળ પોતાની ચતુરાઈ, વ્યવહાર કુશળતા અને પ્રૌઢતા પ્રગટ કરવાને માટે અનેક પ્રાણીઓને પીડા ઉપજે, પરિતાપ પહોંચે, તેની હિંસા થાય, વિવિધ પ્રકારના આરંભ–સમારંભ થાય તેવા આદેશો આપે છે.

અનેક લોકો આ પ્રકારના વચન–પ્રયોગમાં કોઈ દોષ જ સમજતા નથી, તેથી નિઃશંક થઈ તે પ્રકારની ભાષાનો પ્રયોગ કરે છે. એવા અજ્ઞ પ્રાણીઓને વાસ્તવિકતા સમજાવવાને માટે સૂત્રકારે વિસ્તારથી આ અસત્ય વચનોનો ઉલ્લેખ કર્યો છે અને આગળ પણ કરે છે.

## યુદ્ધ આદિના ઉપદેશ–આદેશ :

**१४ अप्पमहउक्कोसगा य हम्मंतु पोयसत्था, सेण्णा णिज्जाउ, जाउ डमरं, घोरा वट्टंतु य संगामा, पवहंतु य सगडवाहणाइं, उवणयणं चोलगं विवाहो जण्णो अमुगम्मि य होउ दिवसेसु करणेसु मुहुत्तेसु णक्खत्तेसु तिहिसु य, अज्ज होउ ण्हवणं मुइयं बहुखज्जपिज्जकलियं कोउगं विण्हावणगं, संतिकम्माणि कुणह, ससि–रवि–गहोवराग–विसमेसु सज्जणपरियणस्स य णियगस्स य जीवियस्स परिरक्खणट्ठयाए पडिसीसगाइं य देह, देह य सीसोवहारे, विविहोसहिमज्जमंस– भक्खण्ण–पाण–मल्लाणुलेवणपईवजलि–उज्जलसुगंधि–धूवावगार–पुप्फ–फल– समिद्धे पायच्छित्ते करेह, पाणाइवायकरणेणं बहुविहेणं विवरीउप्पायदुस्सुमिण–पावसउण–असोमग्गहचरिय–अमंगल–णिमित्त–पडिघायहेउं, वित्तिच्छेयं करेह, मा देह किंचि दाणं, सुट्ठु हओ सुट्ठु छिण्णो भिण्णोत्ति उवदिसंता एवं विहं करेंति अलियं मणेण वायाए कम्मुणा य अकुसला अणज्जा अलियाणा अलियधम्मणिरया अलियासु कहासु अभिरमंता तुट्ठा अलियं करेत्तु होइ य बहुप्पयारं ।**

**ભાવાર્થ :–** નાના, મધ્યમ અને મોટા નૌકાદળ અથવા નૌકાવ્યાપારીઓ અથવા નૌકાયાત્રીઓના સમૂહને નષ્ટ કરો. સેના(યુદ્ધાદિ માટે) પ્રયાણ કરે, સંગ્રામ ભૂમિમાં જાય, ઘોર યુદ્ધનો પ્રારંભ થાય, ગાડી અને નૌકા આદિ વાહનો ચાલતા થાય. ઉપનયન(યજ્ઞોપવીત) સંસ્કાર, ચોલક–શિશુના મુંડન સંસ્કાર, વિવાહ સંસ્કાર, યજ્ઞ આ સર્વ કાર્ય અમુક દિવસોમાં, બાલવ આદિ કરણોમાં, અમૃતસિદ્ધિ આદિ મુહૂર્તોમાં, અશ્વિની, પુષ્ય આદિ નક્ષત્રોમાં અને નંદા આદિ તિથિઓમાં કરો. આજે સૌભાગ્યને માટે સ્નાન કરો અથવા સૌભાગ્ય અને સમૃદ્ધિને માટે પ્રમોદ સ્નાન કરો. આજે આનંદ પૂર્વક ઘણા વિપુલ માત્રામાં ખાદ્યપદાર્થ એવં મદિરા આદિ પેય પદાર્થો તૈયાર કરાવો, ભોજનની સાથે સૌભાગ્યવૃદ્ધિ અથવા પુત્રાદિની પ્રાપ્તિ માટે વધૂ આદિને સ્નાન કરાવો તથા કૌતુક કરો, સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ અને અશુભ સ્વપ્નના ફળનું નિવારણ કરવા માટે મંત્રાદિથી સંસ્કારિત જળથી સ્નાન અને શાંતિકર્મ કરો. પોતાના સ્વજનો–પરિજનો

અથવા પોતાના જીવનની રક્ષા માટે કૃત્રિમ–લોટ આદિથી બનાવેલ પ્રતિશીર્ષક(મસ્તક)ચંડી આદિ દેવીઓને ભેટ ચડાવો અથવા કોઈના મસ્તકની ભેટ ચડાવો, અનેક પ્રકારની ઔષધિઓ, મદ્ય, માંસ, મિષ્ટાન, અન્નપાન, પુષ્પમાલા, ચંદનલેપન, ઉબટન, દીપક, સુગંધિત ધૂપ, પુષ્પો તથા ફળોથી પરિપૂર્ણ બકરા આદિ પશુઓના મસ્તકની વિધિસહિત બલિ આપો, વિવિધ પ્રકારની હિંસા કરીને અશુભ–સૂચક ઉત્પાત, પ્રકૃતિ–વિકાર, દુઃસ્વપ્ન, અપશુકન, ક્રૂર ગ્રહોનો પ્રકોપ, અમંગલ સૂચક અંગસ્ફૂરણ–ભુજા આદિ અવયવોનું ફરકવું આદિના ફળને નષ્ટ કરવાને માટે પ્રાયશ્ચિત્ત કરો. અમુકની આજીવિકા નષ્ટ (સમાપ્ત) કરી દ્યો. કોઈને કાંઈ પણ દાન ન આપો, તે મરી ગયો તે સારું થયું. તેને કાપી નાખવામાં આવ્યો તે ઠીક થયું. તેના ટુકડે–ટુકડા કરી દેવામાં આવ્યા તે સારું થયું.

આ રીતે કોઈના ન પૂછવા પર પણ આદેશ–ઉપદેશ અથવા કથન કરતાં મન, વચન, કાયાથી મિથ્યા આચરણ કરનાર, અકુશળ, અનાર્ય, મિથ્યામતોનું અનુસરણ કરનાર, મિથ્યા ભાષણ કરે છે. એવા મિથ્યાધર્મમાં નિરત, મિથ્યા કથાઓમાં રમણ કરતા લોકો અનેક પ્રકારે અસત્યનું સેવન કરી સંતોષનો અનુભવ કરે છે.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પણ અનેક હિંસક આદેશોનું જ કથન છે. લોકમાં અનેક પ્રકારની અંધશ્રદ્ધા પ્રચલિત છે. સુખને માટે યજ્ઞયાગ, શાંતિકર્મ, ધૂપ, દીપ, બલિદાન દેવું, અમુક નક્ષત્ર, કરણ યોગની વિશેષતા બતાવી સ્નાનાદિ કરવા, આવી વિધ–વિધ હિંસક પ્રવૃત્તિઓ થઈ રહી છે. જ્ઞાનીજનો તેવા મિથ્યા આદેશ–ઉપદેશની પરિગણના મૃષાવાદમાં જ કરે છે. તેથી તથાપ્રકારના આદેશ વચન કે ઉપદેશ વચનનો ત્યાગ કરવો જોઈએ.

### મૃષાવાદનું ભયાનક ફળ :–

**१५ तस्स य अलियस्स फलविवागं अयाणमाणा वड्ढेंति महब्भयं अविस्सामवेयणं दीहकालं बहुदुक्खसंकडं णरयतिरियजोणिं । तेण य अलिएण समणुबद्धा आइद्धा पुणब्भवंधयारे भमंति भीमे दुग्गइवसहिमुवगया । ते य दीसंति इह दुग्गया दुरंता परवस्सा अत्थभोगपरिवज्जिया असुहिया फुडियच्छवि–बीभच्छ–विवण्णा, खरफरुसविरत्तज्झामज्झुसिरा, णिच्छाया, लल्लविफलवाया, असक्कयमसक्कया अगंधा अचेयणा दुभगा अकंता काकस्सरा हीणभिण्णघोसा विहिंसा जडबहिरंधया य मम्मणा अंकतविकयकरणा, णीया णीयजणणिसेविणो लोगगरहणिज्जा भिच्चा असरिसजणस्स पेस्सा दुम्मेहा लोय–वेय–अज्झप्पसमयसुइवज्जिया, णरा धम्म– बुद्धिवियला ।**

**अलिएण य ते पडज्झमाणा असंतएण य अवमाणणपिट्ठिमंसाहिक्खेव पिसुण–**

**भेयण–गुरुबंधव–सयण–मित्तवक्खारणाइयाइं अब्भक्खाणाइं बहुविहाइं पार्वेति अमणोरमाइं हिययमणदूमगाइं जावज्जीवं दुरुद्धराइं अणिट्ठ–खरफरुसवयण तज्जण–णिब्भच्छणदीणवयणविमणा कुभोयणा कुवाससा कुवसहीसु किलिस्संता णेव सुहं णेव णिव्वुइं उवलभंति अच्चंत–विउलदुक्खसयसंपलित्ता ।**

**ભાવાર્થ :–** પૂર્વોક્ત મિથ્યાભાષણના ફળવિપાકથી અજ્ઞાત તે મૃષાવાદી નરક અને તિર્યંચ યોનીની વૃદ્ધિ કરે છે. જે અત્યંત ભયંકર છે, જેમાં વિશ્રામરહિત–નિરંતર વેદના ભોગવવી પડે છે અને જે દીર્ઘકાળ સુધી ઘણા દુઃખોથી પરિપૂર્ણ છે.(નરક–તિર્યંચ યોનીઓમાં પણ લાંબા સમય સુધી ઘોર દુઃખોનો અનુભવ કરીને શેષ રહેલા કર્મોને ભોગવવા માટે)મૃષાવાદમાં નિરંતર લીન જીવ પુનર્ભવમાં ભયંકર અંધકારમાં ભટકે છે અને દુર્ગતિ પ્રાપ્ત કરે છે. જેનો અંત ઘણી મુશ્કેલીથી થાય છે. તે મૃષાવાદી મનુષ્ય ભવમાં પણ પરાધીન તેમજ અર્થ અને ભોગોથી પરિવર્જિત થાય છે. તે સદા દુઃખી રહે છે. તેની ચામડી પગમાં વાઢીયા પડી જવાથી, દાદ, ખુજલી આદિથી ફાટેલી રહે છે. તે ભયાનક, વિવર્ણ–કુરૂપ, કઠોર સ્પર્શ વાળા, રતિ વિહીન, બેચેન, મલિન, સારહીન શરીરવાળા અને શોભા–કાંતિથી રહિત હોય છે. તે અસ્પષ્ટ અને વિફળ વાણીવાળા હોય છે અર્થાત્ તે સ્પષ્ટ ઉચ્ચારણ કરી શકતા નથી અને તેની વાણી સફળ હોતી નથી. તે સંસ્કાર રહિત[ગમાર]અને સત્કારથી રહિત હોય છે. તે દુર્ગંધથી વ્યાપ્ત, વિશિષ્ટ ચેતનાથી રહિત, અભાગી, અકાંત–અનિચ્છનીય, અકમનીય, કાગડાની જેમ અનિષ્ટ સ્વરવાળા, ધીમા અને ફાટેલા અવાજવાળા, વિહિંસ્ય–અન્ય દ્વારા વિશેષરૂપે સતાવવામાં આવેલા, જડ, બધિર, અંધ, મૂંગા અને અસ્પષ્ટ ઉચ્ચારણ કરનારા, તોતડી બોલી બોલનારા, અમનોજ્ઞ તથા વિકૃત ઈન્દ્રિયવાળા, જાતિ, કુલ, ગોત્ર તથા કાર્યોથી નીચ અને નીચજનો દ્વારા સેવિત હોય છે અર્થાત્ તેઓને હલકા માણસોના દાસ બનવું પડે છે. તે લોકમાં ગર્હાને પાત્ર બને છે. તે ભૃત્ય–ચાકર થાય છે અને અસદૃશ–અસમાન વિરુદ્ધ આચાર–વિચાર વાળા લોકોના આજ્ઞાપાલક હોય છે. તે દુર્બુદ્ધિ હોય છે. લૌકિક શાસ્ત્ર–મહાભારત, રામાયણ, વેદ–ઋગ્વેદ આદિ, આધ્યાત્મિક શાસ્ત્ર–કર્મગ્રંથ તથા સમય–આગમો અથવા સિદ્ધાંતોના શ્રવણ તેમજ જ્ઞાનથી રહિત હોય છે. તે ધર્મ બુદ્ધિથી રહિત હોય છે.

અશુભ અથવા અનુપશાંત અસત્યની અગ્નિથી બળતાં તે મૃષાવાદી અપમાન,પીઠ પાછળ થનારી નિંદા, આક્ષેપ, દોષારોપણ, ચાડી ચુગલી, પરસ્પરની ફાટફૂટ અથવા પ્રેમ સંબંધોનો ભંગ આદિની સ્થિતિ પ્રાપ્ત કરે છે. તે ગુરુજનો, બંધુજનો, સ્વજનો તથા મિત્રજનોના તીક્ષ્ણ વચનોથી અનાદર પામે છે. તે અમનોરમ, હૃદય અને મનને સંતાપ દેનારા તથા જીવનપર્યંત કઠિનાઈથી દૂર થનારા અનેક પ્રકારના મિથ્યા આરોપોને પ્રાપ્ત કરે છે. તે અનિષ્ટ, અપ્રિય, તીક્ષ્ણ, કઠોર અને મર્મવેધી વચનોથી તર્જના અને તિરસ્કારના કારણે દીન મુખવાળા અને ખિન્ન ચિત્તવાળા થાય છે. તે કુભોજની અને મેલા ફાટેલા વસ્ત્રો વાળા હોય છે અર્થાત્ મૃષાવાદના પરિણામ સ્વરૂપ તેઓને સારું ભોજન પ્રાપ્ત થતું નથી, પહેરવા ઓઢવા માટે સારાં વસ્ત્રો મળતાં નથી. તેઓ નિકૃષ્ટ વસ્તીમાં ક્લેશ પામે છે. ન તો તેઓને શારીરિક સુખ પ્રાપ્ત થાય છે કે ન તો માનસિક શાંતિ મળે છે. તે વિશાળ, વિપુલ, સેંકડો દુઃખોથી સંતપ્ત રહે છે અર્થાત્ મૃષાવાદ

પાપના દુઃખદાયક ફળ ભોગવતા રહે છે.

**વિવેચન :–**

શાસ્ત્રકારે અનેક પ્રકારે, વિવિધ દષ્ટાંતોના માધ્યમથી મૃષાવાદના સ્વરૂપને સ્પષ્ટ કરી, આ સૂત્રમાં તેના ભયંકર પરિણામને પ્રગટ કરી, તેના ત્યાગની પવિત્ર પ્રેરણા આપી છે.

**મૃષાવાદનું દુષ્પરિણામ :–** હિંસાના પરિણામની સમાન મૃષાવાદના પરિણામે પણ દીર્ઘકાલ પર્યંત નરક અને તિર્યંચગતિના દુઃખો ભોગવવા પડે છે. કેટલાક જીવો શેષ કર્મો ભોગવવા માટે મનુષ્ય ગતિમાં જન્મ ધારણ કરે છે પરંતુ તેને જાતિ, કુળ, બલ, રૂપ વગેરેની હીનતા પ્રાપ્ત થાય છે. પૂર્વજન્મમાં વચનયોગનો દુષ્પ્રયોગ કર્યો હોવાથી તેના ફલ સ્વરૂપે તે જીવોનો જ્યાં જન્મ થાય ત્યાં વચનયોગની પ્રાપ્તિ થતી નથી અર્થાત્ તે જીવો એકેન્દ્રિય જાતિમાં ઉત્પન્ન થાય છે અને મનુષ્યયોનિમાં વચન યોગની પ્રાપ્તિ થાય તોપણ અત્યંત હીનકોટિનો વચનયોગ પ્રાપ્ત થાય છે અર્થાત્ તે જીવો મૂંગા અથવા તોતડી બોલીવાળા થાય છે, અનેક સ્થાને અપમાન અને તિરસ્કારને પ્રાપ્ત થાય છે. તેઓ જ્યાં રહે ત્યાં અધમાવસ્થાને જ પામે છે. આ રીતે દીર્ઘકાલ પર્યંત શારીરિક અને માનસિક દુઃસહ્ય દુઃખોને ભોગવે છે.

આ રીતે શાસ્ત્રકાર પ્રસંગોપાત કર્મના અબાધિત સિદ્ધાંતને જ સમજાવે છે. જે જીવ જેવા કર્મ કરે, તેવા જ ફળ તેને ભોગવવા પડે છે.

**અસત્ય વચન ઉપસંહાર :–**

**१६ एसो सो अलियवयणस्स फलविवाओ इहलोइओ परलोइओ अप्पसुहो बहुदुक्खो महब्भओ बहुरयप्पगाढो दारुणो कक्कओ असाओ वास–सहस्सेहिं मुच्चइ, ण अवेयइत्ता अत्थि हु मोक्खोत्ति ।**

**एवमाहंसु णायकुलणंदणो महप्पा जिणो उ वीरवरणामधेज्जो कहेसी य अलियवयणस्स फलविवागं ।**

**एयं तं बिईयं पि अलियवयणं लहुसग–लहु–चवल–भणियं भयंकरं दुहकरं अयसकरं वेरकरगं अरइ–रइ–राग–दोस–मणसंकिलेस–वियरणं अलिय–णियडि–साइजोगबहुलं णीयजणणिसेवियं णिस्संसं अप्पच्चयकारगं परमसाहुगरहणिज्जं परपीलाकारगं परमकण्हलेस्ससहियं दुग्गइ–विणिवाय–वड्ढणं पुणब्भवकरं चिर–परिचियमणुगयं दुरंतं । त्ति बेमि ॥**

**॥ बिइयं अहम्मदारं समत्तं ॥**

**ભાવાર્થ :–** મૃષાવાદનું આ ફલવિપાક પરિણામ છે, જે આ લોક અને પરલોકમાં(નરકાદિ ભવમાં) ભોગવવું પડે છે. તેમાં અલ્પસુખ અને મહાઃદુઃખ છે. તે અત્યંત ભયાનક છે, અત્યંત ગાઢ કર્મ રૂપી રજથી

યુક્ત છે, અત્યંત દારુણ છે, કઠોર છે, અત્યંત અશાતાને ઉત્પન્ન કરનાર છે. હજારો વર્ષો પછી તેમાંથી છુટકારો પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ તેને ભોગવ્યા વિના છુટકારો થતો નથી.

જ્ઞાતકુલનંદન મહાન આત્મા શ્રેષ્ઠ મહાવીર નામથી વિખ્યાત જિનેશ્વર દેવે મૃષાવાદનું આ ફળ પ્રતિપાદિત કર્યું છે.

આ બીજો અધર્મદ્વાર મૃષાવાદ છે. સામાન્યથી સામાન્ય એવા તુચ્છ અને ચંચળ પ્રકૃતિના લોકો દ્વારા સેવિત છે. આ મૃષાવાદ ભયંકર છે, દુઃખકર છે, અપયશકર છે, વૈરનું કારણ છે, અરતિ–રતિ, રાગ–દ્વેષ તેમજ માનસિક સંક્લેશને ઉત્પન્ન કરનાર છે. આ અસત્ય, અલીક–નિષ્ફળ, કપટ અને અવિશ્વાસની બહુલતાવાળું છે. હલકા માણસો તેનું સેવન કરે છે. તે નૃશંસ–નિર્દય છે. તે અવિશ્વાસકારક છે–મૃષાવાદીની વાત પર કોઈ વિશ્વાસ કરતા નથી. મૃષાવાદ પરમ સાધુજનો–શ્રેષ્ઠ પુરુષો દ્વારા નિંદનીય છે; પીડા ઉત્પન્ન કરનાર અને પરમ કૃષ્ણલેશ્યાથી સંયુક્ત છે; દુર્ગતિ–અધોગતિનું કારણ છે અર્થાત્ અસત્ય ભાષણથી અધઃપતન થાય છે. તે ફરી–ફરી જન્મ–મરણનું કારણ છે, ચિરકાલથી પરિચિત છે અર્થાત્ અનાદિ કાળથી લોકો તેનું સેવન કરી રહ્યા છે, માટે અનુગત છે, તેનો અંત મુશ્કેલીથી થાય છે અથવા તેનું પરિણામ દુઃખમય જ હોય છે.

## ॥ બીજું અધર્મદ્વાર સમાપ્ત ॥

## વિવેચન :–

પ્રસ્તુત પાઠમાં સૂત્રકારે મૃષાવાદનાં કટુફળ વિપાકનો ઉપસંહાર કરતા ત્રણ વાતોનો વિશેષ રૂપથી ઉલ્લેખ કર્યો છે.

(૧) પૂર્વોક્ત કથન જિનેશ્વર મહાવીરે કર્યું છે તેથી પ્રામાણિક અને વિશ્વસનીય છે.

(૨) મૃષાવાદના ફળને હજારો વર્ષો સુધી ભોગવવું પડે છે. મૂળ પાઠમાં **वाससहस्सेहि** પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ પદ દીર્ઘ સમયનું વાચક છે. જેમ "મુહૂર્ત" શબ્દ અલ્પકાળનો વાચક છે તેવી જ રીતે **वाससहस्सेहिं** પદ દીર્ઘ સમયનું વાચક છે અથવા "સહસ્ર" શબ્દમાં બહુવચનનો પ્રયોગ કરીને સૂત્રકારે દીર્ઘ સમયના ફળ ભોગનો અભિપ્રાય પ્રગટ કર્યો છે.

(૩) અહીં કર્મફળની અવશ્યમેવ ઉપભોગ્યતા પ્રગટ કરી છે. અસત્ય ભાષણનું દારુણ દુઃખમય ફળ ભોગવ્યા વિના જીવને તેનાથી છુટકારો મળતો નથી. તે કર્મફળ(વિપાક) **बहुरयप्पगाढो** ઘણાં ગાઢાં અને ચીકણાં હોય છે માટે તે વિપાકોદયથી જ ભોગવવાં પડે છે.

બીજા આશ્રવદ્વાર–મૃષાવાદનો ઉપસંહાર કરતા સૂત્રકારે ફરી ફરી મૃષાવાદથી થતા અનર્થોનું દર્શન કરાવી સાધકને તે પાપ પ્રતિ નિર્વેદભાવ જાગૃત કર્યો છે.

## ॥ અધ્યયન–૨ સંપૂર્ણ ॥

# ત્રીજું અધ્યયન

## પરિચય

આ ત્રીજું 'અદત્તાદાન' અધ્યયન છે. તેમાં ત્રીજા આશ્રવદ્વાર "અદત્તાદાન(ચોરી)"નું પૂર્વવત્ પાંચ દ્વારથી વર્ણન છે.

**અદત્તાદાન–ચોરીનું સ્વરૂપ :–** અદત્ત + આદાન = નહીં દીધેલું ગ્રહણ કરવું તેને અદત્તાદાન કહે છે. જે વસ્તુ વાસ્તવમાં આપણી નથી, પરાયી છે તે તેના સ્વામીની સ્વીકૃતિ કે અનુમતિ વિના લઈ લેવી અને પોતાની માલિકીની કરી લેવી તે અદત્તાદાન છે, ચૌર્યકર્મ છે. તે ત્રીજું અધર્મદ્વાર અથવા આશ્રવદ્વાર છે. મૂર્ચ્છા અને લોભ અદત્તાદાનનું મૂળ છે. તે પ્રિયજનોમાં, મિત્રોમાં વેરભાવ, લડાઈ ઝગડાં, યુદ્ધ આદિને ઉત્પન્ન કરે છે.

આ અધ્યયનમાં ૩૦ પર્યાયવાચી નામોથી ચૌર્યકર્મની વ્યાપકતાનું નિરૂપણ કર્યું છે. લોભ, તૃષ્ણા વગેરે વૃત્તિથી કેવી કેવી રીતે ચોર ચોરી કરે છે તેનું વર્ણન આ અધ્યયનમાં છે.

**ચૌર્યકર્મના વિવિધ પ્રકાર :–** (૧) કોઈ છુપાઈને ચોરી કરે. કોઈ સામેથી આક્રમણ કરીને ચોરી કરે. કોઈ મંત્ર પ્રયોગ કરીને ચોરી કરે છે. કોઈ ધન લૂંટે, કોઈ પશુ, તો કોઈ સ્ત્રીઓ અથવા પુરુષોનું અપહરણ કરે છે. કોઈ રસ્તે ચાલનારાને લૂંટે, તો કોઈ શસ્ત્રોના બળે રાજખજાનાને લૂંટે છે.

(૨) મહાન ઐશ્વર્યના સ્વામી, રાજાઓ પણ અસંતોષ વૃતિના શિકાર થઈને લાલસાથી બીજાના રાજ્ય પર આક્રમણ કરી મહાસંગ્રામ દ્વારા જનસંહાર કરાવી બીજાનું ધન લૂંટી આનંદ માને છે.

(૩) જંગલમાં, પહાડોમાં, અટવીમાં રહેનાર સેંકડો સશસ્ત્ર ચોર હોય છે. તે આસપાસના રાજ્યોમાં ચોરી કરે છે, મનુષ્યોની ઘાત કરે છે. યથાસમયે રાજસત્તાનો સામનો કરી, પરાસ્ત કરી રાજ્ય લૂંટે છે.

(૪) કેટલાક ડાકુઓ બીજાના ધન માટે આક્રમણ કરે છે. સામુદ્રીડાકુ જહાજોને લૂંટે છે.

(૫) કોઈ દયા વગરના શૂન્યહૃદયી લોકો ગામ, નગર આદિને લૂંટી, મારી ઉજ્જડ કરે છે.

**ચૌર્યકર્મનું પરિણામ :–** ચોરી કરતા પકડાય જાય ત્યારે ચોરોને બંધન, માર સહન કરવો પડે છે, જેલમાં પૂરાવું પડે અને ત્યાં અનેક પ્રકારના કષ્ટ સહન કરવા પડે છે. સોય ભોંકાવવી, ઊંધા લટકાવવા, ચામડી ઉતેડવી, અંગોપાંગનું છેદન, તે ઉપરાંત ફાંસી આદિ અનેક પ્રકારની સજા ચોરને ભોગવવી પડે છે. આ રીતે મનુષ્ય લોકમાં તે દુર્દશા પ્રાપ્ત કરે છે. તે સિવાય પાપકર્મનો સંચય કરી ચોર નરકગતિમાં ઉત્પન્ન થાય છે ત્યાં અનેક પ્રકારની વેદના પામીને, તિર્યંચગતિમાં જન્મ ધારણ કરે છે. આ રીતે નરક અને

તિર્યંચગતિના દુઃખો ભોગવતાં શેષ કર્મો ભોગવવા ક્યારેક મનુષ્ય જન્મ ધારણ કરે છે પરંતુ ત્યાં તેને ધનાદિ સાધન–સામગ્રીનો અભાવ જ રહે છે, તે દીનતાપૂર્વક જીવન વ્યતીત કરે છે.

આ રીતે અદત્ત આશ્રવ અને તેના કટુ પરિણામને જાણીને વિવેકી પુરુષોએ સુખી થવા માટે પરધન ધૂળ સમાન સમજીને પ્રામાણિકતા–નીતિથી પ્રાપ્ત સંપત્તિમાં જ સંતુષ્ટ અને સુખી રહેવું જોઈએ. કદાચ મોત સ્વીકાર કરવું પડે તો પણ ચૌર્ય કર્મનો સ્વીકાર કરવો ન જોઈએ.

❖❖❖❖❖

# ત્રીજું અધ્યયન

## અદત્તાદાન

**અદત્તાદાનનું સ્વરૂપ :-**

**१ जंबू ! तइयं च अदिण्णादाणं हर–दह–मरणभय–कलुस–तासण–परसं–तिग–अभेज्ज–लोभ–मूलं कालविसमसंसियं अहोऽच्छिण्ण तण्हपत्थाण–पत्थो– इमइयं अकित्तिकरणं अण्णज्जं छिद्दमंतर–विहुर–वसण–मग्गण–उस्सव मत्तप्पमत्त पसुत्त–वंचणक्खिवण–घायणपरं अणिहुयपरिणामं तक्कर– जणबहुमयं अकलुणं रायपुरिस–रक्खियं सया साहु–गरहणिज्जं पियजण– मित्तजण–भेय–विप्पिइकारगं रागदोसबहुलं पुणो य उप्पूरसमरसंगामडमर–कलिकलहवेहकरणं दुग्गइविणिवा य वड्ढणं भवपुणब्भवकरं चिरपरिचिय मणुगयं दुरंतं । तइयं अहम्मदारं ।**

**ભાવાર્થ :–** શ્રી સુધર્માસ્વામીએ પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહ્યું– હે જંબૂ! ત્રીજું અધર્મદ્વાર અદત્તાદાન છે. આ અદત્તાદાન બીજાના પદાર્થના હરણરૂપ છે. હૃદયને બાળનારું છે. મરણ અને ભયરૂપ અથવા મરણના ભયરૂપ છે. પાપમય હોવાથી કલુષિત અને ત્રાસજનક છે. બીજાના ધન આદિમાં આસક્તિ અને લોભ જ તેનું મૂળ છે. વિષમકાળ = અર્ધીરાત અને વિષમસ્થાન–પર્વત, સઘન વન આદિ સ્થાનોને આશ્રિત છે અર્થાત્ ચોરી કરનારા વિષમકાળ અને વિષમદેશની શોધમાં રહે છે. જેની વિષયવાસના નષ્ટ થઈ નથી એવા લોકો જ અધોગતિમાં લઈ જનારી બુદ્ધિ દ્વારા આ અદત્તાદાનમાં પ્રવૃત્ત થાય છે. અદત્તાદાન અપયશનું કારણ છે, અનાર્ય પુરુષો દ્વારા આચરિત છે. વિપત્તિને શોધનાર તે ચોર છિદ્ર–ઘરનું પ્રવેશદ્વાર, અંતર–ચોરીને અનુકૂળ સમય, વિધુર–ચોરીથી થતા કષ્ટની પ્રાપ્તિરૂપ આપત્તિ, વ્યસન–રાજાદિ દ્વારા કરાયેલ ઉપદ્રવોની માર્ગણા–શોધને માટે તૈયાર રહે છે. ઉત્સવોના અવસરે મદિરા આદિના નશામાં બેભાન, અસાવધાન તથા સૂતેલા મનુષ્યને ઠગવા માટે, આક્ષેપણ–મંત્ર, ઔષધિ દ્વારા ચિત્તમાં વ્યાકુળતા ઉત્પન્ન કરવા માટે અને ઘાત કરવા માટે તત્પર રહે છે. આ ચૌર્યકર્મ અશાંત પરિણામવાળા ચોરો દ્વારા બહુમત–અત્યંત માન્ય છે. આ કરુણાહીન કૃત્ય નિર્દયતાથી પરિપૂર્ણ છે. ચૌર્યકર્મ રાજપુરુષો દ્વારા રોકવામાં આવે છે. તે હંમેશાં સત્પુરુષો દ્વારા નિંદિત છે. પ્રિયજનો તથા મિત્રજનોમાં(પરસ્પર) ફૂટ તથા અપ્રીતિ ઉત્પન્ન કરનાર છે. રાગ અને દ્વેષની બહુલતાવાળું છે. તે બહુલતાથી મનુષ્યોનો નાશ કરનાર સંગ્રામો, ડમરો–સ્વચક્ર પરચક્ર સંબંધી વિપ્લવો, લડાઈ–ઝગડાં, તકરારો અને પશ્ચાત્તાપનું કારણ છે.

દુર્ગતિ–પતનમાં વૃદ્ધિ કરનાર, ભવ, પુનર્ભવ, વારંવાર જન્મ, મરણ કરાવનાર, ચિરકાળથી પરિચિત, આત્માની સાથે લાગેલું, જીવોને અનુગત–અનુસરનાર અને પરિણામમાં દારુણ અને અંતે દુઃખદાયી છે. આ ત્રીજું અધર્મદ્વાર–અદત્તાદાન છે.

## વિવેચન :-

આશ્રવ દ્વારના કથનમાં અદત્તાદાનનું ત્રીજું સ્થાન છે. મૃષાવાદ અને અદત્તાદાનને ઘનિષ્ઠ સંબંધ છે. અદત્તાદાન લેનાર પ્રાયઃ અસત્ય ભાષણ કરે છે. શાસ્ત્રકારે આ સૂત્રમાં અદત્તાદાનનું સ્વરૂપ અને તેનાથી થતા અનર્થોનું દર્શન કરાવ્યું છે.

**અદત્તાદાન :–** જે વસ્તુ વાસ્તવમાં આપણી નથી, પરાયી છે, તેને તેના માલિકની સ્વીકૃતિ અથવા અનુમતિ વિના લેવી, તે અદત્તાદાન કહેવાય છે.

**અદત્તાદાનના પ્રકાર :–** આચાર્ય શ્રી અભયદેવ સૂરીએ ટીકામાં ચાર પ્રકારના અદત્તનું કથન કર્યું છે. **सामीजीवादत्तं तित्थयरेण तहेव य गुरुहिं ।** અદત્તાદાનના ચાર પ્રકાર છે. **(૧) સ્વામી અદત્ત :–** સ્વામી–માલિકની આજ્ઞા વિના વસ્તુ લેવી તે. **(૨) જીવ અદત્ત :–** જીવની આજ્ઞા વિના તેના પ્રાણોનું હરણ કરવું અર્થાત્ તેની હિંસા કરવી. **(૩) તીર્થંકર અદત્ત :–** તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું. **(૪) ગુરુ અદત્ત :–** ગુરુની આજ્ઞાનો ભંગ કરવો. ગુરુને પૂછ્યા વિના કાર્ય કરવું તે.

શ્રી ભગવતી સૂત્ર શતક–૧૬, ઉ.૨ માં પાંચ પ્રકારના અવગ્રહનું કથન છે. દેવ, ગુરુ, રાજા, ગાથાપતિ અને સાધર્મિક અવગ્રહ. આ પાંચ પ્રકારના અવગ્રહનું ઉલ્લંઘન કરવું તેને ચોરી કહે છે. આ અપેક્ષાએ અદત્તાદાનના પાંચ પ્રકાર થાય છે.

જે વસ્તુને ગ્રહણ કરવી લોકમાં ચોરી કહેવાય, રાજ્ય શાસન તરફથી દંડ મળે તેવી વસ્તુના ગ્રહણને સ્થૂલ અદત્તાદાન કહે છે. મહાવ્રતી સાધુ સર્વ પ્રકારના અદત્તના ત્યાગી હોય છે. તે તુચ્છ વસ્તુ પણ આજ્ઞા વિના ગ્રહણ કરતા નથી જ્યારે ગૃહસ્થ–શ્રાવકો સ્થૂલ અદત્તાદાનનો ત્યાગ કરે છે.

**અદત્તાદાનથી થતા અનર્થો :–** અદત્તાદાન તે અનાર્યકર્મ છે, સત્ પુરુષો દ્વારા નિંદિત છે, મિત્રોમાં શત્રુતા ઉત્પન્ન કરે છે. અનેક પ્રકારના વેર–ઝેર અશાંતિ ઉત્પન્ન કરે છે. તેના પરિણામે જીવ અધોગતિનો યાત્રી બને છે.

## અદત્તાદાનના ૩૦ નામ :-

**२ तस्स य णामाणि गोण्णाणि होंति तीसं, तं जहा– चोरिक्कं, परहडं, अदत्तं, कूरिकडं, परलाभो, असंजमो, परधणम्मि गेही, लोलिक्कं, तक्करत्तणं त्ति य, अवहारो, हत्थलहुत्तणं, पावकम्मकरणं, तेणिक्कं, हरणविप्पणासो, आदियणा, लुंपणा धणाणं, अपच्चओ, अवीलो, अक्खेवो, खेवो, विक्खेवो, कूडया, कुलमसी**

**य, कंखा, लालप्पणपत्थणा य, आससणाय वसणं, इच्छामुच्छा य, तण्हागेही, णियडिकम्मं, अप्परच्छं ति य । तस्स एयाणि एवमाईणि णामधेज्जाणि होंति तीसं अदिण्णादाणस्स पावकलिकलुस–कम्मबहुलस्स अणेगाइं ।**

**ભાવાર્થ :–** તેના ત્રીસ નામ છે, તે આ પ્રમાણે છે (૧) ચોરિક્ક (૨) પરહૃત (૩) અદત્ત (૪) કુરિકૃતમ (૫) પરલાભ (૬) અસંયમ (૭) પરધન ગૃદ્ધિ (૮) લોલિક્ક (૯) તસ્કરત્વ (૧૦) અપહાર (૧૧) હસ્ત લઘુત્વ (૧૨) પાપકર્મકરણ (૧૩) સ્તેનિકા (૧૪) હરણ વિપ્રણાશ (૧૫) આદાન (૧૬) લુંપના (૧૭) અપ્રત્યય (૧૮) અવપીડ (૧૯) આક્ષેપ (૨૦) ક્ષેપ (૨૧) વિક્ષેપ (૨૨) કૂટતા (૨૩) કુલમષિ (૨૪) કાંક્ષા (૨૫) લાલપન–પ્રાર્થના (૨૬) વ્યસન (૨૭) ઈચ્છામૂર્ચ્છા (૨૮) તૃષ્ણા ગૃદ્ધિ (૨૯) નિકૃતિકર્મ (૩૦) અપરોક્ષ ઈત્યાદિ. જેમાં પાપકર્મ, યુદ્ધ, મિત્રદ્રોહ આદિ મલિન કાર્યોની બહુલતા છે તેવા અદત્તા દાનના અનેક પ્રકારના આ ત્રીસ નામ છે.

## વિવેચન :–

સૂત્ર કથિત અદત્તાદાનના ગુણ નિષ્પન્ન ત્રીસ નામોનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

(૧) **चोरिक्कं** :– બીજાની વસ્તુ ચોરી લેવી.

(૨) **परहडं** :– બીજાની પાસેથી વસ્તુનું હરણ કરી લેવું

(૩) **अदत्तं** :– સ્વામીના આપ્યા વગર લેવું

(૪) **कूरिकडं** :– ક્રૂર કર્મ કરવાવાળા લોકો દ્વારા આચરિત કર્મ.

(૫) **परलाभो** :– બીજાના શ્રમથી ઉપાર્જિત વસ્તુ લઈ લેવી.

(૬) **असंजमो** :– ચોરી કરવાથી અસંયમ થાય છે માટે તેને અસંયમ કહે છે.

(૭) **परधणम्मि गेही** :– બીજાના ધનમાં આસક્તિ, લોભ, લાલચ, થાય તો જ ચોરી કરી શકાય માટે તેને પરધન ગૃદ્ધિ કહેવામાં આવે છે.

(૮) **लोलिक्कं** :– બીજાની વસ્તુ સંબંધી લોલુપતા હોય તે જ ચોરી કરે છે તેથી તેને લોલિક્ય કહે છે.

(૯) **तक्करत्तणं** :– તસ્કર–ચોરનું કામ હોવાથી તેને તસ્કરત્વ કહે છે.

(૧૦) **अवहारो** :– સ્વામીની ઈચ્છા વિના ગ્રહણ થાય છે તેથી તેને અપહાર કહે છે.

(૧૧) **हत्थलहुत्तणं** :– ચોરી કરવાના કારણે જેનો હાથ કુત્સિત છે અથવા તે હાથની ચાલાકીરૂપ છે. તેથી તેને હસ્તલઘુત્વ કહે છે

(૧૨) **पावकम्मकरणं** :– ચોરી પાપકર્મ છે. તેથી તેને પાપકર્મકરણ કહે છે.

(૧૩) **तेणिक्कं** :– ચોર અથવા ચોરનું કાર્ય હોવાથી તેને સ્તેનિકા કહે છે.

(૧૪) **हरणविप्पणासो** :– પરાયી વસ્તુને હરણ કરી તેને નષ્ટ કરવા રૂપ હોવાથી તેને હરણવિપ્રણાશ

કહે છે.

(૧૫) **आदियणा** :– બીજાના ધનને લઈ લેવા રૂપ હોવાથી તેને આદાન કહે છે.

(૧૬) **लुंपणा** :– બીજાના ધનને લુપ્ત કરવા રૂપ હોવાથી તેને લુમ્પના કહે છે.

(૧૭) **अपच्चओ** :– અવિશ્વાસનું કારણ હોવાથી તેને અપ્રત્યય કહે છે.

(૧૮) **अवीलो** :– બીજાને પીડા ઉપજાવવી. જે વ્યક્તિને ત્યાં ચોરી કરવામાં આવે તે વ્યક્તિને પીડા અવશ્ય થાય છે.

(૧૯) **अक्खेवो** :– પરકીય દ્રવ્ય કે તેના સ્વામી પર તૂટી પડવું તેને આક્ષેપ કહે છે.

(૨૦) **खेवो** :– કોઈની વસ્તુ છીનવી લેવા રૂપ હોવાથી તેને ક્ષેપ કહે છે.

(૨૧) **विक्खेवो** :– બીજાની વસ્તુ લઈ ગમે ત્યાં ફેંકી દેવી અથવા નષ્ટ કરી નાંખવી તેને વિક્ષેપ કહે છે.

(૨૨) **कूडया** :– ત્રાજવા, તોલા, માપ આદિમાં અનીતિ કરવી. લેવાને માટે મોટા અને દેવાને માટે નાના તોલ–માપ આદિનો પ્રયોગ કરવો. તેને કૂટતા કહે છે.

(૨૩) **कुलमसि** :– કુલને મલિન–કલંકિત કરનાર પ્રવૃત્તિ હોવાથી તેને કુલમષિ કહે છે.

(૨૪) **कंखा** :– તીવ્ર ઈચ્છા થવા પર ચોરી થાય છે. માટે ચોરીનું મૂળ કારણ કાંક્ષા હોવાથી તે કાંક્ષા કહેવાય છે.

(૨૫) **लालप्पण पत्थणा** :– નિંદિત લાભની અભિલાષા કરવાથી તેને લાલપન પ્રાર્થના કહે છે.

(૨૬) **आससणा य वसणं** :– વિપત્તિઓનું કારણ હોવાથી તેને ભયજનક વ્યસન કહે છે અર્થાત્ ભયંકર લત(આદત)કહે છે.

(૨૭) **इच्छामुच्छा** :– બીજાના ધનમાં અથવા વસ્તુમાં ઈચ્છા એવં આસક્તિ થવાના કારણે તેને ઈચ્છા–મૂર્ચ્છા કહે છે.

(૨૮) **तण्हागेहि** :– પ્રાપ્ત થયેલ દ્રવ્ય પર મોહ અને અપ્રાપ્તિની ઈચ્છારૂપ હોવાથી તેને તૃષ્ણાગૃદ્ધિ કહે છે.

(૨૯) **णियडीकम्मं** :– તે કપટપૂર્વક કરવામાં આવે છે. માટે તેને નિકૃતિકર્મ છે.

(૩૦) **अप्परच्छंति** :– બીજાઓની નજર ચૂકવીને આ કાર્ય કરવામાં આવે છે. માટે તેને અપરાક્ષ કહે છે.

અદત્તાદાનના પૂર્વોક્ત પર્યાયવાચી નામોથી તેની વ્યાપકતાનો પરિબોધ થાય છે. આગમોમાં અનેક પ્રકારના ચોરનો ઉલ્લેખ મળે છે.

**तवतेणे वयतेणे, रूवतेणे य जे णरे ।**
**आयारभावतेणे य, कुव्वइ देव किव्विसं ।।** –(दशवैकालिक, अ. ५, गा.४६)

જે સાધુ તપનાચોર, વ્રતનાચોર, રૂપનાચોર અથવા આચારના ચોર અને ભાવના ચોર હોય છે તે તપ અને સંયમના પ્રભાવથી જો દેવગતિ પ્રાપ્ત કરે તો ત્યાં પણ તેને કિલ્વિષી દેવ રૂપે ઉત્પન્ન થવું પડે છે. તે દેવ નિમ્ન કોટિના અને અછૂત સમાન હોય છે.

### અદત્તાદાનનું આચરણ કરનારા જીવો :-

**૩** **ते पुण करेंति चोरियं तक्करा परदव्वहरा छेया, कयकरणलद्ध–लक्खा साहसिया लहुस्सगा अइमहिच्छलोभगत्था दद्दरओवीलका य गेहिया अहिमरा अणभंजगा भग्गसंधिया रायदुट्ठकारी य विसयणिच्छूढ–लोकबज्झा, उद्दोहग– गामघायग– पुरघायग– पंथघायग–आलीवग तित्थभेया लहुहत्थसंपउत्ता जूयकरा खंडरक्ख–त्थीचोर– पुरिसचोर–संधिच्छेया य, गंथीभेयग–परधणहरण लोमावहारा अक्खेव–हडकारगा णिम्मद्दगगूढचोरग–गोचोरग–अस्सचोरग– दासीचोरा य एकचोरा ओकड्ढग– संपदायग– उच्छिंपग–सत्थघायग बिलकोरीकारगा य णिग्गाहविप्पलुंपगा बहुविहतेणिक्कहरणबुद्धी, एए अण्णे य एवमाई परस्स दव्वाहि जे अविरया ।**

**ભાવાર્થ :–** તે ચોર પૂર્વોક્ત પ્રકારે ચોરી કરવામાં અને બીજાના દ્રવ્યનું હરણ કરવામાં કુશળ હોય છે, તેઓએ અનેક વખત ચોરી કરી હોવાથી અવસરને જાણનાર હોય છે, સાહસી–પરિણામની અવગણના કરી ચોરી કરવામાં પ્રવૃત્ત થનારા, તુચ્છ હૃદયવાળા, અત્યંત મોટી ઈચ્છા અને લોભથી ગ્રસ્ત હોય છે, વચનોના આડંબરથી પોતાની સ્વાભાવિકતાને છુપાવનારા હોય છે, બીજાને લજ્જિત કરનાર હોય છે. જે બીજાના ઘર આદિમાં આસક્ત હોય છે, સામેથી સીધો પ્રહાર કરનાર હોય છે અથવા સામે આવેલાને મારનાર હોય છે. તે ઋણને ચૂકવતા નથી, કરેલી સંધિ અથવા પ્રતિજ્ઞાનો કે વાયદાનો ભંગ કરનાર હોય છે. તે રાજભંડાર આદિ લૂંટીને અથવા અન્ય પ્રકારે રાજા, રાજ્યશાસનનું અનિષ્ટ કરનાર હોય છે. દેશનિકાલ કરવાના કારણે તે જનતા દ્વારા બહિષ્કૃત હોય છે, ઘાતક હોય છે અથવા ઉપદ્રવ કરનાર હોય છે, ગ્રામઘાતક, નગરઘાતક, રસ્તામાં મુસાફરોને લૂંટનાર અથવા મારનાર હોય છે. આગ લગાવનાર અને તીર્થમાં ભેદ કરાવનાર હોય છે. તે જાદુગરની જેમ હાથચાલાકી કરનાર–ખિસ્સાકાતરુ, જુગારી, ખંડરક્ષ–કોટવાળ, સ્ત્રીચોર અથવા સ્ત્રીની વસ્તુને ચોરનાર હોય છે અથવા સ્ત્રીઓના વેશ ધારણ કરી ચોરી કરે છે. જે પુરુષની વસ્તુનું અથવા પુરુષનું અપહરણ કરે છે. જે ખાતર પાડનાર, ગાંઠ કાપનાર, બીજાના ધનનું હરણ કરનાર હોય છે. તે નિર્દયતાથી આંતક ફેલાવે છે, જે વશીકરણ આદિનો પ્રયોગ કરી ધનાદિનું અપહરણ કરે છે, બળાત્કારથી હરણ કહે છે, હંમેશાં બીજાઓના ઉપમર્દક, ગુપ્તચર, ગાયની ચોરી કરનાર, અશ્વની ચોરી કરનાર, દાસીની ચોરી કરનાર, એકલો જઈને ચોરીકરનાર, આકર્ષક–બીજાના ઘરમાંથી ચોરી કરવા માટે બીજા ચોરનો સાથ લઈને ચોરી કરનાર અથવા ચોરેલા દ્રવ્યને અન્ય સ્થાને લઈ જનાર અથવા ચોરોને સહાયતા કરનાર, ચોરને ભોજન દેનાર અથવા છુપાઈને ચોરી કરનાર, સાર્થ– સમૂહને લૂંટનારા, બીજાને દગો દેનારા અથવા બનાવટી અવાજમાં બોલનારા, રાજા દ્વારા નિગૃહિત, દંડિત એવં છળપૂર્વક રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર, અનેકાનેક પ્રકારની ચોરી કરીને પરકીય દ્રવ્યને હરણ કરવાની બુદ્ધિવાળા એવા ચોર અને એવી જ જાતના બીજા લોકો જે અદત્તાદાનના ત્યાગી થયા નથી, જેનામાં પરકીય ધન પ્રત્યેની લાલસા વિદ્યમાન છે તેવા લોકો ચોરીના કાર્યમાં પ્રવૃત્ત રહે છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં ચોરી કરનારા કેવી શ્રેણિના હોય છે તે કેવી કેવી રીતે ચોરી કરે છે, તેનું નિરૂપણ કર્યું છે. કોઈ છુપાઈને ચોરી કરે છે તો કોઈ સામેથી પ્રહાર કરીને આક્રમણ કરે છે; કોઈ વશીકરણમંત્ર આદિનો પ્રયોગ કરીને બીજાઓને લૂંટે છે તો કોઈ ગાય, ભેંસ, બળદ, ઊંટ, ઘોડા આદિ પશુઓનું હરણ કરે છે. ઉપરાંત સ્ત્રીઓ અને પુરુષોનું પણ અપહરણ કરે છે. કોઈ પથિકોને લૂંટે છે, તો કોઈ રાજ્યના ખજાનાને લૂંટે છે. આધુનિક કાળમાં બેંક આદિને પણ શસ્ત્રોના બળથી લૂંટી લે છે.

તાત્પર્ય એ છે કે પ્રાચીન કાળમાં પ્રચલિત શાસ્ત્રોક્ત ચોરી, લૂંટ, અપહરણ આદિ અદ્યતન કાળમાં પણ પ્રચલિત છે, લોક પ્રસિદ્ધ છે તેની વ્યાખ્યા કરવી આવશ્યક નથી.

**खंडरक्ख** :– ચોર, લુંટારા વગેરેના પાઠની વચ્ચે આ શબ્દ છે. આ સૂત્રમાં વિવિધ પ્રકારના ચોરોના જ નામ કહ્યા છે. તેની વચ્ચે આ **खंडरक्ख** શબ્દ છે. તેનો કોઈ પ્રાસંગિક અર્થ થાય તેમ નથી. માટે ક્યારેક લિપિદોષથી તે શબ્દનો આ સૂત્રમાં પ્રવેશ થયો હોય એવી સંભાવના થાય છે. પરંતુ ટીકાકાર શ્રી અભયદેવ સૂરીએ આ શબ્દને રાખીને કોટવાલ અર્થ કર્યો છે તેનું અનુસરણ કરી પ્રસ્તુત સંસ્કરણમાં મૂળપાઠ અને અર્થ કર્યો છે.

**અદત્તાદાનનું મૂળ – અસંતોષ :–**

**૪ विउलबलपरिग्गहा य बहवे रायाणो परधणम्मि गिद्धा सए व दव्वे असंतुट्ठा परविसए अभिहणंति ते लुद्धा परधणस्स कज्जे चउरंगविभत्त–बलसमग्गा णिच्छिय वर–जोहजुद्धसद्धिय अहमहमितिदप्पिएहिं सेण्णेहिं संपरिवुडा पउम–सगड सूइ चक्क–सागर–गरुलवूहाइएहिं अणिएहिं उत्थरंता अभिभूय हरंति परधणाइं।**

**ભાવાર્થ** :– વિપુલબલ–સેના અને પરિગ્રહ–ધનાદિ સંપતિ અથવા પરિવાર સંપન્ન અનેક રાજા પોતાના દ્રવ્યથી સંતોષ ન પામતા, બીજાના ધનમાં આસક્ત બની બીજા રાજાઓના દેશ, પ્રદેશ પર આક્રમણ કરે છે. તે લોભીરાજા બીજાના ધનાદિને હડપ કરવાના ઉદ્દેશથી રથસેના, ગજસેના, અશ્વસેના અને પાયદલસેના આ પ્રકારે ચતુરંગિણી સેનાની સાથે અભિયાન કરે છે. તે દઢ નિશ્ચયવાળા, શ્રેષ્ઠ યોદ્ધાઓથી તથા "હું પહેલા લડીશ" તેવા અભિમાની સૈનિકોથી ઘેરાયેલા હોય છે, તે કમલપત્રના આકારના પદ્મપત્ર વ્યૂહ, બળદગાડીના આકારના શકટવ્યૂહ, સોયના આકારના શૂચીવ્યૂહ, ચક્રના આકારના ચક્રવ્યૂહ, સમુદ્રના આકારના સાગર વ્યૂહ, ગરુડ આકારના ગરુડવ્યૂહ, આવી વિવિધ પ્રકારની વ્યૂહરચનાવાળી સેના દ્વારા વિરોધી રાજાની સેનાને ઘેરી લે છે અર્થાત્ પોતાની વિશાળ સેનાથી વિપક્ષી સેનાને ઘેરી લઈ, તેને પરાજિત કરી ધન સંપતિનું હરણ કરી લે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અદત્તાદાનનું મૂળ કારણ અસંતોષ છે, તે સ્પષ્ટ કર્યુ છે. પ્રાપ્ત ધન સંપતિ તથા

ભોગ–ઉપભોગના અન્ય સાધનોમાં સંતોષ ન થવો અને પરકીય વસ્તુઓમાં આસક્તિ રહેવી તે અદત્તાદાનના આચરણનું મૂળ કારણ છે. અસંતોષ અને તૃષ્ણાની આગ જેના હૃદયમાં પ્રજ્જવલિત છે તે વિપુલ સામગ્રી, ઐશ્વર્ય તેમજ ધનાદિ વિદ્યમાન હોવા છતાં પણ શાંતિનો અનુભવ કરી શકતા નથી. જેમ આગ લાકડાથી શાંત થતી નથી તેમ અસંતોષ અને તૃષ્ણાની આગ વસ્તુની પ્રાપ્તિ થવા છતાં શાંત થતી નથી પરંતુ વધતી જાય છે. **जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ** । જ્યાં લાભ થાય, ત્યાં લોભ થાય છે. લાભથી લોભની વૃદ્ધિ થાય છે. સર્વ પ્રકારે સાધન સંપન્ન રાજા પણ તેમાં અપવાદ નથી. તે અન્યના ધનની આસક્તિ અને તૃષ્ણાના કારણે, લોભાંધ બનીને મહાયુદ્ધ કરે છે. તેથી અદત્તાદાનનો ત્યાગ કરનારાઓએ પ્રાપ્ત સાધન સામગ્રીમાં સંતોષ રાખવો જોઈએ.

### યુદ્ધને માટે શસ્ત્રસજ્જ :–

**૫ अवरे रणसीसलद्धलक्खा संगामंसि अइवयंति सण्णद्धबद्धपरियर–उप्पीलिय–चिंधपट्ट गहियाउह–पहरणा माढिवर–वम्मगुंडिया, आविद्धजालिया कवयकंकडइया उरसिरमुहबद्ध कंठतोणमाइयवरफलगरचियपहकर– सरहसखरचाव करकरंछिय–सुणिसिय–सरवरिसचडकरगमुयंत–घणचंडवेगधारा णिवायमग्गे अणेगधणुमंडलग्गसंधित–उच्छलियसत्तिकणग वामकरगहिय–खेडग णिम्मल णिक्किट्ठखग्ग पहरंत–कोंत तोमर चक्क गया परसु मूसल–लंगल सूल लउल भिंडमालसब्बल पट्टिस चम्मेट्ठ दुघण मोट्ठिय मोग्गर वरफलिह जंत पत्थर दुहण तोण कुवेणी पीढकलिए ईलीपहरण मिलिमिलिमिलंतखिप्पंत–विज्जुज्जल–विरचिय समप्पह णभतले फुडपहरणे महारणसंखभेरि–वरतूर–पउरपडुपडहाहयणिणाय–गंभीरणंदिय पक्खुभिय विउलघोसे, हय गय रह जोह तुरिय पसरिय–रउद्धत–तमंधकार बहुले कायर णर णयण हिययवाउलकरे ।**

**ભાવાર્થ** :– અન્ય કેટલાક રાજા યુદ્ધભૂમિમાં અગ્રિમ પંક્તિમાં લડીને વિજય પ્રાપ્ત કરનાર, કમર કસેલા, બખ્તર ધારણ કરેલા, અને વિશેષપ્રકારના પરિચય સૂચક બિલ્લા મસ્તક પર બાંધેલા, અસ્ત્ર શસ્ત્રોને ધારણ કરેલા, પ્રતિપક્ષના પ્રહારથી બચવાને માટે ઢાલથી અને ઉત્તમ કવચથી શરીરને વેષ્ટિત કરેલા, લોખંડનું બખતર પહેરેલા, કવચ પર લોઢાના કાંટા લગાડેલા, વક્ષસ્થળની સાથે ઉર્ધ્વમુખી બાણોની થેલી કંઠમાં બાંધેલા, હાથમાં શસ્ત્ર અને ઢાલ લીધેલા, સૈન્ય દળની રણોચિત રચના કરેલા, કઠોર ધનુષને હાથમાં પકડેલા રાજાઓ યુદ્ધમાં ઉતરે છે. હર્ષયુક્ત હાથથી બાણોને ખેંચીને પ્રચંડ વેગથી છોડવામાં આવેલા બાણોના મૂશળધાર વરસાદથી માર્ગ રોકાઈ ગયેલ છે એવા યુદ્ધમાં અનેક ધનુષ્યો, બે ધારી તલવારો, ફેંકવાને માટે કાઢેલા ત્રિશૂલો, બાણો, ડાબા હાથમાં પકડેલ ઢાલો, મ્યાનથી કાઢેલી ચમકતી તલવારો, પ્રહાર કરતા ભાલાઓ, તોમર નામના શસ્ત્રો, ચક્રો, ગદાઓ, કુહાડીઓ, મૂસલો, હળો, શૂળો,

લાઠીઓ, ભિંડમાલો, શબ્બલો–લોઢાના વલ્લમો, પટ્ટિસ નામના શસ્ત્રો, ચર્મબદ્ધ પાષાણો, દ્રુઘણો–વિશેષ પ્રકારના ભાલા, મુષ્ટીમાં આવી શકે તેવા એક પ્રકારના શસ્ત્રો, મુદ્ગરો, વર પરિઘો–લોહબદ્ધ લાઠીઓ અથવા પ્રબલ આગલો, યંત્રપ્રસ્તરો–ગોફણો, દ્રુઘણો, બાણોના તૂણીરો, કુવેણી–ધારદાર બાણો અને પીઠ યંત્રોથી યુક્ત તથા બે ધારી તલવારો અને ચમકતા શસ્ત્રોથી આકાશતળ વિજળીની સમાન ઉજ્જવળ, તેજયુક્ત બની જાય છે. આ સંગ્રામમાં પ્રગટ શસ્ત્રપ્રહાર થાય છે. જે મહાયુદ્ધમાં વગાડવામાં આવતા શંખો, ભેરીઓ, ઉત્તમ વાદ્યો, અત્યંત સ્પષ્ટ ધ્વનિવાળા ઢોલોના ગંભીર અવાજથી વીરપુરુષ હર્ષિત હોય છે અને કાયર પુરુષો ક્ષોભ–ગભરાટ પામે છે, તે ભયથી ધ્રૂજી ઉઠે છે. યુદ્ધભૂમિમાં કોલાહલ મચી જાય છે. ઘોડા, હાથી અને પાયદળ સેનાઓના શીઘ્રતાથી ચાલવાના કારણે, ચારે તરફ ઉડતી ધૂળથી ત્યાં સઘન અંધકાર વ્યાપ્ત રહે છે. તે યુદ્ધ કાયર પુરુષોના નેત્રો અને હૃદયોને આકુળ–વ્યાકુળ બનાવી દે છે.

**યુદ્ધસ્થળની બિભત્સતા :-**

**૬ विलुलियउक्कड–वर–मउड–तिरीड–कुंडलोडुदामाडोविया पागड–पडाग–उसियज्झय–वेजयंति–चामरचलंत–छत्तंधयारगंभीरे हयहेसिय–हत्थिगुलुगुलाइय–रहघणघणाइय–पाइक्कहरहराइय–अप्फोडिय–सीहणाया, छेलिय विघुट्ठुक्कुट्ठ–कंठकयसद्दभीमगज्जिए, सयराह–हसंत–रुसंत कलकलरवे आसूणिय–वयणरुद्दे–भीमदसणाधरोट्ठगाढदट्ठे सप्पहारणुज्जयकरे अमरिसवसतिव्वरत्त णिद्दारितच्छे वेरदिट्ठि–कुद्ध–चेट्ठिय–तिवलि–कुडिलभिउडि–कयणिलाडे, वहपरिणय–णरसहस्स–विक्कमवियंभियबले । वग्गंत–तुरंगरहपहाविय समरभडा, आवडियछेयलाघव–पहारसाहिया समूसविय बाहु–जुयलं मुक्कट्टहासपुक्कंतबोल बहुले । फल–फलगावरणगहिय– गयवरपत्थेंत–दरियभडखल–परोप्परपलग्ग–जुद्धगव्विय विउसिय वरासि रोस– तुरियअभिमुह–पहरेंतछिण्णकरिकर–विभंगियकरे अवइद्ध णिसुद्धभिण्ण फालिय पगलिय रुहिरकयभूमिकद्दम–चिलिचिल्लपहे कुच्छिदालिय गलंतरुलिंत णिभेलितंत–फुरुफुरंत–अविगल–मम्माहय–विकय–गाढदिण्णपहार–मुच्छित रुलंत विब्भलविलावकलुणे, हयजोह–भमंत–तुरग–उद्दाम मत्त कुंजर–परिसंकियजण णिव्वुक्कच्छिण्णधय भग्गरहवरणट्ठसिरकरि कलेवराकिण्ण–पतित–पहरण–विकिण्णाभरण–भूमिभागे, णच्चंतकबंधपउरभयंकर–वायस–परिलेंत गिद्धमंडल भमंतच्छायंधकार–गंभीरे । वसुवसुहविकंपितव्व पच्चक्खपिउवणं परमरुद्दबीहणगं दुप्पवेसतरगं अहिवयंति संगामसंकडं परधणं महंता ।**

**ભાવાર્થ :–** ઢીલા હોવાના કારણે ચંચળ અને ઉન્નત ઉત્તમ મુકુટો, તિરીટો–ત્રણ શિખરોવાળા તાજ,

કુંડલો તથા માલાકાર નક્ષત્ર નામના આભૂષણોથી આ યુદ્ધ આડંબરયુક્ત થાય છે. દૂર હોવા છતાં સ્પષ્ટ દેખાતી એવી પતાકાઓ, ઊંચી રાખેલી ફરકતી ધજાઓ, વિજયને સૂચિત કરનારી વૈજયંતિ પતાકાઓ તથા ચંચળ એવા ચામરો અને છત્રોથી કરાયેલ અંધકારને કારણે તે ગંભીર પ્રતીત થાયછે. અશ્વોના હણહણાટથી, હાથીઓના ગુલગુલાટથી, રથોના રણઝણાટથી,પાયદળના સૈનિકોના હરહરાટ–ઘડબડાટથી, તાલીઓના ગડગડાટથી, સિંહનાદની ધ્વનિઓથી, સીટી વગાડવાના અવાજથી, રેરેની ચીસોના અવાજથી અને એક સાથે ઉત્પન્ન થનારી હજારો કંઠોની ધ્વનિથી ત્યાં મેઘગર્જના સમાન ભયંકર ગર્જના થાય છે. તેમાં એક સાથે હસવાનો, રોવાનો અને કણસવાનો અવાજ થતો રહે છે. મોઢું ફૂલાવી, આંસુ વહાવતા બોલવાના કારણે તે રૌદ્ર હોય છે. તે યુદ્ધમાં પોતાના અધરોષ્ઠને દઢતાથી કરડી રહેલા યોદ્ધાઓના હાથ દઢપ્રહારો કરવા માટે તત્પર રહે છે. ક્રોધની તીવ્રતાના કારણે યોદ્ધાઓના નેત્ર રક્તવર્ણના હોય છે. વૈરમય દષ્ટિના કારણે ક્રોધ પરિપૂર્ણ ચેષ્ટાઓથી તેની ભંવરો ખેંચાયેલી રહે છે અને તેના કારણે તેના લલાટ પર ત્રણ ભૃકુટી ચડેલી રહે છે. તે યુદ્ધમાં મારો, કાપો કરતા હજારો યોદ્ધાઓના પરાક્રમે સૈનિકોના પરાક્રમની વૃદ્ધિ થઈ જાય છે. હણહણતા અશ્વો અને રથો દ્વારા ચારેબાજુ ભમતા યુદ્ધવીરો, સમરભટો તથા શસ્ત્રચલાવવામાં કુશળ અને સજેલા હાથોવાળા સૈનિક બંને ભ્રમરો ઉપર ચડાવી, ખડખડાટ અટ્ટહાસ્ય કરતા, કિલકિલાટ કરતા, ચમકતી ઢાલ તેમજ કવચ ધારણ કરતા, મદોન્મત હાથીઓ પર આરૂઢ થઈ પ્રસ્થાન કરતા યોદ્ધાઓની સામે ઝઝૂમે છે.

યુદ્ધકળામાં કુશળતાના કારણે અહંકારી યોદ્ધાઓ પોત–પોતાની તલવારો મ્યાનોમાંથી કાઢીને સ્ફૂર્તિપૂર્વક, રોષપૂર્વક પરસ્પર એકબીજા પર પ્રહાર કરે છે, હાથીઓની સૂંઢ કાપે છે, જેનાથી તેના હાથ કપાઈ જાય છે. આવા ભયાનક યુદ્ધમાં મુદ્‌ગર આદિ દ્વારા મરાયેલા, કપાયેલા, વિદારિત થયેલા હાથી આદિ પશુઓ અને મનુષ્યોના વહેતા લોહીથી માર્ગ કીચડમય બની જાય છે. કુક્ષીના ફાટી જવાથી ભૂમિપર વિખરાયેલા એવં બહાર નીકળેલા આંતરડામાંથી લોહી નીકળતું રહે છે તથા તડફડતા, વિકલ, મર્માહત, ખરાબ રીતથી કાપેલા, પ્રગાઢ પ્રહારોથી બેહોશ બનેલા, ગબડતા વિહ્વળ મનુષ્યોના વિલાપના કારણે તે યુદ્ધ ઘણું જ કરૂણાજનક હોય છે. આ યુદ્ધમાં મરાયેલ યોદ્ધાઓના ભટકતા અશ્વો, મદોન્મત્ત હાથી અને ભયભીત મનુષ્ય, મૂળથી કપાયેલી ધ્વજાઓ, તૂટેલા રથ, કપાઈ ગયેલા મસ્તક, હાથીઓના કલેવર, નષ્ટ થયેલા શસ્ત્ર–અસ્ત્ર અને વિખરાયેલા આભૂષણ જયાં–ત્યાં પડેલા હોય છે. મૃત કલેવર પર મંડલાકારે–ગોળાકારે ઉડતા ઝૂંડોના ઝૂંડ કાગડા અને ગીધના પડછાયાના કારણે અંધકાર છવાયેલી યુદ્ધભૂમિ ગંભીર અને ભયાવહ બની જાય છે. આ ઘોર સંગ્રામમાં રાજા ફકત સેનાને જ યુદ્ધમાં મોકલતા નથી પરંતુ દેવલોક અને પૃથ્વીને વિકસિત કરતા બીજાના ધનની કામના કરનાર તે રાજા સાક્ષાત્ સ્મશાન સમાન અતીવ રૌદ્ર હોવાના કારણે ભયાનક અને જેમાં પ્રવેશ કરવો અત્યંત મુશ્કેલ છે એવા સંગ્રામરૂપ સંકટમાં સામે ચાલીને પ્રવેશ કરે છે .

## વિવેચન :–

પ્રસ્તુત પાઠમાં સંગ્રામની ભયાનકતાનું સ્પષ્ટચિત્ર ઉપસ્થિત કર્યુ છે. પર–ધનના ઈચ્છુક રાજાઓ

કેવી રીતે નર–સંહારને માટે તત્પર થઈ જાય છે, તેનું જીવંત વર્ણન છે. અદત્તાદાનના ઈચ્છુક વ્યક્તિ કેવા ઘોર કૃત્ય કરવા પ્રેરાય છે તે જોઈ શકાય છે.

**વનવાસી ચોર :–**

**૭ अवरे पाइक्कचोरसंघा सेणावइ–चोरवंद–पागड्डिका य अडवी–देसदुग्गवासी कालहरित रत्तपीतसुक्किल–अणेगसयचिंध पट्टबद्धा परविसए अभिहणंति लुद्धा धणस्स कज्जे ।**

**ભાવાર્થ :–** તે સિવાય પગે ચાલીને ચોરી કરનાર ચોરનો સમૂહ પણ હોય છે. ઘણા એવા ચોર સેનાપતિ પણ હોય છે કે જે ચોરને પ્રોત્સાહિત કરે છે. ચોરનો આ સમૂહ અટવી પ્રદેશમાં રહે છે. તેના કાળા, લીલા, લાલ, પીળા અને શ્વેત રંગના સેંકડો ચિહ્નો હોય છે. જેને તે પોતાના મસ્તક પર બાંધે છે. પરધનના લોભી તે ચોર સમુદાય બીજા પ્રદેશમાં જઈને ધનનું અપહરણ કરે છે અને મનુષ્યોનો ઘાત કરે છે.

**વિવેચન :–**

જ્ઞાતાસૂત્ર આદિ કથાત્મક આગમોમાં અનેક ચોરો અને સેનાપતિઓનું વિસ્તૃત વર્ણન ઉપલબ્ધ છે, જે વિષમ અટવીમાં નિવાસ કરતા અને લૂંટ–ફાટ કરતા હતા. પાંચસો–પાંચસો સશસ્ત્ર ચોર તેના દળમાં રહેતા હતા જે મરવા અને મારવામાં સદા તૈયાર રહેતા. તેનું સૈન્યબળ એટલું સબળ રહેતું કે તે રાજ્યની સેનાને પણ પરાજિત કરી દેતા. પ્રસ્તુત સૂત્રમાં તેવા જ ચોરો–સેનાપતિઓનો ઉલ્લેખ કર્યો છે.

**સમુદ્ર લૂંટારા :–**

**૮ रयणागरसागरं उम्मीसहस्समाला–उलाउल–वितोयपोत–कलकलेंत–कलियं पायालसहस्स–वायवसवेगसलिल–उद्धम्ममाणदगरयरयंधकारं वरफेणपउर–धवल–पुलंपुल–समुट्ठियट्टहासं मारुयविच्छुभमाणपाणियं जल–मालुप्पीलहुलियं अवि य समंतओ खुभिय–लुलिय–खोखुब्भमाण–पक्खलियचलिय–विउलजलचक्कवाल– महाणईवेगतुरियआपूरमाणगंभीर–विउल–आवत्त–चवल–भममाणगुप्पमाणुच्छलंत पच्चोणियत्त–पाणिय–पधावियखर–फरुस–पयंडवाउलियसलिल–फुट्टंत वीइ–कल्लोल संकुलं महामगरमच्छ–कच्छभोहार–गाह–तिमि सुंसुमार–सावय–समाहय–समुद्धायमाणक–पूरघोरपउरं कायरजणहिययकंपणं घोरमारसंतं महब्भयं भयंकरं पइभयं उत्तासणगं अणोरपारं आगासं चेव णिरवलंबं । उप्पाइयपवण–धणिय–**

**णोल्लिय उवरुवरितरंगदरिय–अइवेग–वेगं चक्खुपहमुच्छरंतं कत्थइ–गंभीर–विउल– गज्जिय–गुंजिय– णिग्घायगरुयणिवडिय– सुदीहणीहारि– दूरसुच्चंत–गंभीर धुगुधुगंतसद्दं पडिपह रुंभंत–जक्ख–रक्खस–कुहंड– पिसायरुसिय–तज्जाय–उवसग्ग–सहस्स संकुलं बहूप्पाइयभूयं विरइयबलिहोम–धूवउवयारदिण्ण–रुहिरच्चणा करणपयत–जोगपययचरियं परियंत–जुगंत कालकप्पोवमं दुरंतं महाणईणईवई–महाभीमदरिस –णिज्जं दुरणुच्चरं विसमप्पवेसं दुक्खुत्तारं दुरासयं लवणसलिलपुण्णं असियसिय– समूसियगेहि हत्थंतरकेहिं वाहणेहिं अइवइत्ता समुद्दमज्झे हणंति, गंतूण जणस्स पोए परदव्वहरा णरा ।**

**ભાવાર્થ :–** (પૂર્વોક્ત ચોર સિવાય બીજા અન્ય પ્રકારના લૂંટારા પણ હોય છે જે ધનની લાલચથી સમુદ્રમાં લૂંટ ચલાવે છે. અહીં તેનું દિગ્દર્શન કરાવ્યું છે.) તે લૂંટારા રત્નાકર–સમુદ્રમાં ચઢાઈ કરે છે. તે સમુદ્ર કેવો હોય છે ? તે સમુદ્ર હજારો મોજાઓના આક્રમણથી નાશ પામતા વ્યાપારીઓના જહાજમાં બેઠેલા આકુળ–વ્યાકુળમનુષ્યોના ચીત્કારોથી યુક્ત હોય છે. સહસ્ર પાતાળ કળશોના વાયુથી ક્ષુબ્ધ, વેગપૂર્વક ઉપર ઉછળતા જળકણોથી અંધકારમય હોય છે. નિરંતર પ્રચુર માત્રામાં ઊઠનારા શ્વેતવર્ણના ફીણ જ માનો તે સમુદ્રનો અટ્ટહાસ છે. ત્યાં પવનની પ્રબળ થપાટોથી જળમાં ખળભળાટ થતો જ રહે છે. પાણીની તરંગ માળાઓ તીવ્ર વેગની સાથે તરંગિત થાય છે. ચારે બાજુ તોફાની હવાઓ તેને ક્ષુભિત કરતી હોય છે. તે સમુદ્ર પવનના આઘાતથી કિનારાની સાથે ટકરાતા જળ પ્રવાહથી તથા મગરમચ્છ આદિ જલીય જંતુઓના કારણે અત્યંત ચંચળ થઈ જાય છે. વચ્ચે ઉભરાતા, ઊપર ઊઠેલા પર્વતોની સાથે ટકરાતા અને વહેતા અથાહ જળ સમૂહથી યુક્ત છે. ગંગા આદિ મહાનદીઓના વેગથી તે શીઘ્ર સંપૂર્ણ ભરાઈ જાય છે. તેના ગંભીર અને અથાહ ભંવરોમાં જલજંતુ વ્યાકુળ થતા, ઉપર–નીચે ઉછળે છે, જે વેગવાન અત્યંત પ્રચંડ ખળભળી રહેલ પાણીમાંથી ઊઠનારી લહેરોથી વ્યાપ્ત છે. મહાકાય મગરમચ્છો, કાચબાઓ, ઓહમ્ નામના જલીય જંતુઓ, મોટી માછલીઓ, સુંસુમારો તેમજ શ્વાપદ નામના પાણીના જીવો પરસ્પર ટકરાવાથી તથા એક બીજાને ગળી જવા માટે દોડવાથી તે સમુદ્ર અત્યંત ઘોર–ભયાનક હોય છે. તેને જોતાં જ કાયર માણસોના હૃદય કંપી જાય છે. તે ઘણો જ ભયાનક અને પ્રતિક્ષણ ભય ઉત્પન્ન કરાવનાર છે, અતિશય ઉદ્વેગજનક છે. તેનો કિનારો ક્યાં ય દેખાતો નથી. તે આકાશની સમાન નિરાલંબન છે. ઉત્પાતથી ઉત્પન્ન થનારી, પવનથી પ્રેરિત લહેરોના વેગથી તે નેત્રપથને આચ્છાદિત કરી દે છે.

તે સમુદ્રમાં ક્યાંક–ક્યાંક ગંભીર મેઘગર્જનાની સમાન ગૂંજતી, વ્યંતર દેવે કરેલી ઘોર ધ્વનિ સમાન તથા તે ધ્વનિથી ઉત્પન્ન થઈ દૂર–દૂર સુધી સાંભળવામાં આવતી પ્રતિધ્વનિસમાન ગંભીર અને ધુક્–ધુક્ કરતી ધ્વનિ સંભળાય છે. જે પ્રતિપથ–પ્રત્યેક માર્ગમાં બાધક બનનાર, યક્ષ, રાક્ષસ, કુષ્માંડ તેમજ પિશાચ જાતિના કોપિત વ્યંતરદેવો દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલ હજારો ઉત્પાતો, ઉપદ્રવોથી પરિપૂર્ણ છે. તે બલિ, હોમ અને ધૂપ દ્વારા કરવામાં આવતી દેવતાની પૂજા અને લોહીથી કરવામાં આવતી અર્ચનામાં

પ્રયત્નશીલ અને સામુદ્રિક વ્યાપારમાં નિરત નૌકા–વણિકો(જહાજના વેપારીઓ) દ્વારા સેવિત છે. તે પ્રલયકાળના કલ્પ સમાન છે. તેનો પાર પામવો ઘણો જ કઠિન છે. તે ગંગા આદિ મહા નદીઓના અધિપતિ હોવાના કારણે અત્યંત ભયાનક છે. તેમાં યાત્રા કરવી તે અનેક સંકટોથી પરિપૂર્ણ છે. તેમાં પ્રવેશ મેળવવો પણ મુશ્કેલ છે. તેને પાર કરવો, કિનારે પહોંચવું પણ મુશ્કેલ છે ત્યાં સુધી કે તેનો આશ્રય લેવો પણ દુઃખમય છે. તે ખારા પાણીથી પરિપૂર્ણ હોય છે.

એવા સમુદ્રમાં બીજાના દ્રવ્યનું હરણ કરનાર–ડાકુ–ચાંચીયા, ઉપર ઉઠેલી કાળી અને સફેદ ધ્વજાવાળા, અતિ વેગપૂર્વક ચાલનારા, હલેસા મારનારાઓથી સજ્જિત જહાજો દ્વારા આક્રમણ કરીને સમુદ્રની મધ્યમાં જઈ, સામુદ્રિક વ્યાપારીઓના જહાજોને નષ્ટ કરે છે.

## વિવેચન :-

આ પાઠમાં સમુદ્રનું વર્ણન કાવ્યાત્મક શૈલીમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

ધનના લોભથી પ્રેરિત થઈને વણિક–જન સમુદ્રયાત્રા કરતા હતા અને એક દેશનો માલ બીજા દેશમાં લઈ જઈને વેચતા હતા.

પ્રસ્તુત પાઠથી સ્પષ્ટ થાય છે કે સમુદ્રયાત્રામાં પ્રાકૃતિક અથવા દૈવિક પ્રકોપ સિવાય પણ એક મોટો ભય રહેતો હતો, તે ભય માનવીય અર્થાત્ સમુદ્રના લૂંટારાનો હતો. આ લૂંટારા પોતાના જીવના જોખમે લૂંટવા અને મારવા માટે ભયંકર સાગરમાં પ્રવેશ કરતા હતા. તે નૌકા સહિત વણિકોને લૂંટતા હતા અને તેના ધનનું અને ક્યારેક તેના પ્રાણોનું પણ અપહરણ કરતા હતા. પરધનની આસક્તિ કેવી ભયંકર છે, તેનું દર્શન સૂત્રકારે આ સૂત્ર દ્વારા કરાવ્યું છે.

## ગ્રામ આદિ લૂંટનારા :-

**૧ णिरणुकंपा णिरवयक्खा गामागर–णगर–खेड–कब्बड–मडंब दोणमुह पट्टणा सम–णिगमजणवए य धणसमिद्धे हणंति थिरहियय–छिण्ण लज्जा बंदिग्गह–गोग्गहे य गिण्हंति दारुणमई णिक्किवा णियं हणंति छिंदंति गेहसंधिं णिक्खित्ताणि य हरंति धणधण्णदव्वजायाणि जणवय–कुलाणं णिग्घिणमई परस्स दव्वाहिं जे अविरया ।**

**ભાવાર્થ :–** જેનું હૃદય અનુકંપાથી શૂન્ય છે, જે આ લોક પરલોકની પરવાહ કરતા નથી એવા લોકો ધનથી સમૃદ્ધ ગ્રામ,આકર,નગર, ખેટ, કર્બટ, મંડબ, પતન, દ્રોણમુખ, આશ્રમ, નિગમ અને દેશને નષ્ટ કરે છે. તે કઠોર હૃદયવાળા, નિહિત સ્વાર્થવાળા, નિર્લજ્જ લોકો માનવોને બંધનગ્રસ્ત બનાવી તેમની ગાયો આદિને હરણ કરીને લઈ જાય છે. દારૂણ મતિવાળા, કૃપાવગરના, નિર્દય એવા તે લુંટારા પોતાના

આત્મીયજનોની પણ ઘાત કરે છે. તે ગૃહોની સંધિને છેદે છે અર્થાત્ દિવાલમાં બાકોરું કરે છે.

બીજાના દ્રવ્યોથી વિરત–વિમુખ–નિવૃત્ત નથી એવા નિર્દય બુદ્ધિવાળા તે ચોર, લોકોના ઘરોમાં રહેલા ધન, ધાન્ય અને અન્ય પ્રકારના સમૂહોનું હરણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચોરની મનોવૃત્તિ કેવી છે ? તેનું દર્શન કરાવ્યું છે. જે નિર્દય, અનુકંપાહીન, અદત્તાદાનના દુષ્ફળની પરવાહ ન કરનારા, પરલોકના ડરથી રહિત હોય તે જ આ કુકૃત્યો કરે છે.

પ્રાચીન કાળમાં પણ લોકોની અનેક શ્રેણીઓ તેની લાયકાત અથવા વિશિષ્ટતાઓના આધારે નિર્ધારિત કરવામાં આવતી હતી. તેમાંથી કેટલાક નામોનો પ્રસ્તુત પાઠમાં ઉલ્લેખ થયેલ છે. જેનો આશય આ પ્રમાણે છે.

(૧) **ગ્રામ :–** નાની વસ્તી, જ્યાં ખેડૂતો વધારે પ્રમાણમાં હોય.

(૨) **આકર :–** જ્યાં સુવર્ણ, ચાંદી, ત્રાંબા આદિની ખાણ હોય.

(૩) **નગર(નકર) :–** જ્યાં કોઈ પ્રકારનો કરવેરો લેવાતો ન હોય.

(૪) **ખેડ(ખેટ) :–** ધૂળના પ્રાકારથી વેષ્ટિત સ્થાન, વસ્તી.

(૫) **કબ્બડ(કર્બટ) :–** જ્યાં થોડાક મનુષ્ય રહેતા હોય–કુનગર.

(૬) **મડંબ :–** જેની આસપાસ કોઈ ગામ–વસ્તી ન હોય.

(૭) **દ્રોણમુખ–** જ્યાં જળમાર્ગ અને સ્થળમાર્ગથી જઈ શકાય તેવી વસ્તી.

(૮) **પત્તન(પાટન) :–** જ્યાં જળમાર્ગ અથવા સ્થળમાર્ગથી સામાન–વસ્તુઓ આવે છે તેવી વસ્તી.

(૯) **આશ્રમ :–** જ્યાં તાપસજનોનો નિવાસ હોય.

(૧૦) **નિગમ :–** જ્યાં વણિકજન, વ્યાપારીવર્ગ વધારે રહે છે.

(૧૧) **જનપદ :–** દેશ, પ્રદેશ.

**અદત્તાદાનનું ભયાનક ફળ :–**

**૧૦ तहेव केई अदिण्णादाणं गवेसमाणा कालाकालेसु संचरंता चियकापज्जलिय– सरस–दर–दड्ढ कड्ढियकलेवरे रुहिरलित्तवयण–अक्खय– खाइयपीय– डाइणिभमंत– भयंकरं जंबुयक्खिक्खियंते घूयकयघोरसद्दे वेयालुट्ठिय–णिसुद्ध–कहकहिय– पहसिय–बीहणग–णिरभिरामे अइदुब्भिगंध–बीभच्छदरिसणिज्जे सुसाणवण–**

**सुण्णघर लेण-अंतरावण-गिरिकंदर-विसमसावय समाकुलासु वसहीसु किलिस्संता सीयातव-सोसियसरीरा दड्ढच्छवी णिरयतिरिय-भवसंकड-दुक्ख संभार वेय-णिज्जाणि पावकम्माणि संचिणंता, दुल्लहभक्खण्ण-पाणभोयणा पिवासिया झुंझिया किलंता मंस-कुणिमकंदमूल जं किंचि कयाहारा उव्विग्गा उप्पुया असरणा अडवीवासं उवेंति वालसय-संकणिज्जं ।**

**ભાવાર્થ** :- આ પ્રકારે કેટલાક (ચોર) અદત્તાદાનની ગવેષણા કરતાં કાળ અને અકાળ અર્થાત્ સમય અને કસમય અર્ધરાત્રિ આદિ વિષમકાળમાં સ્મશાનાદિ સ્થાનોમાં ભટકતા રહે છે. ત્યાં ચિતાઓમાં બળી રહેલી, લોહી આદિથી યુક્ત અડધી બળેલી અને ખેંચી લીધેલી લાશો પડેલી હોય છે. લોહીથી લથપથ મૃત શરીરોને પૂર્ણ રૂપે ખાઈને અને લોહી પીને ચારેબાજુ ફરતી ડાકણોના કારણે તે અત્યંત ભયાનક જણાય છે. ત્યાં શિયાળ-ગીધડા, ઘુવડોનો ડરામણો અવાજ થઈ રહ્યો છે. ભયોત્પાદક તેમજ વિદ્રુપ પિશાચોના ખડખડાટ હાસ્યથી તે અતિશય ભયાનક અને અસુંદર દેખાય છે અને તે તીવ્ર દુર્ગંધથી વ્યાપ્ત તેમજ ઘૃણાજનક હોવાના કારણે ભીષણ દેખાય છે.

તે ચોરો આવા સ્મશાનવત્ સ્થાનો સિવાય વનોમાં, શૂન્યઘરોમાં, લયનો-શિલામય ઘરોમાં, માર્ગમાં બનાવેલી દુકાનોમાં, પર્વતોની ગુફાઓમાં, વિષમ સ્થાનોમાં અને સિંહ-વાઘ આદિ હિંસક પ્રાણીઓથી વ્યાપ્ત સ્થાનોમાં (રાજદંડથી બચવાના ઉદ્દેશ્યથી) ડરપૂર્વક, ક્લેશ ભોગવતાં ચારે બાજુ ફર્યા કરે છે. તેના શરીરની ચામડી ઠંડી અને ગરમીથી શુષ્ક થઈ જાય છે. ઠંડી-ગરમીની તીવ્રતાથી તેની ચામડી બળી જાય છે, ચહેરાની કાંતિ મંદ થઈ જાય છે. તે નરકભવમાં અને તિર્યંચભવમાં ભોગવવા યોગ્ય પાપકર્મનો સંચય કરે છે અર્થાત્ અદત્તાદાનનું પાપ એટલું તીવ્ર હોય છે કે નરકની અને તિર્યંચગતિની તીવ્ર વેદનાઓને નિરંતર ભોગવ્યા વગર છુટકારો મળતો નથી. તેઓને ખાવા યોગ્ય અન્ન અને પાણી પણ દુર્લભ હોય છે. તેઓ ક્યારેક તરસથી પીડિત રહે છે; ક્યારેક ભૂખથી પીડિત રહે છે; ક્યારેક માંસ, મૃત શરીર, ક્યારેક કંદમૂળ આદિ ખાઈ આનંદ માને છે. તે નિરંતર ઉદ્વિગ્ન રહે છે, હંમેશાં ઉત્કંઠિત રહે છે. તેનું કોઈ શરણ કે રક્ષક હોતું નથી. આ પ્રકારે તે જંગલમાં રહે છે, જેમાં સેંકડો સર્પો(અજગરો, વરૂ, સિંહ, વાઘ) આદિનો ભય રહે છે અર્થાત્ તે જંગલ ઝેરીલા અને હિંસક જંતુઓને કારણે હંમેશાં શંકાશીલ બની રહે છે.

**૧૧ अयसकरा तक्करा भयंकरा कास हरामोत्ति अज्ज दव्वं इति सामत्थं करेंति गुज्झं । बहुयस्स जणस्स कज्जकरणेसु विग्घकरा मत्तपमत्तपसुत्त- वीसत्थ-छिद्दघाई वसणब्भुदएसु हरणबुद्धी विगव्व रुहिरमहिया परेंति णरवइ-मज्जायमइक्कंता सज्जण जणदुगंछिया सकम्मेहिं पावकम्मकारी असुभपरिणाया य दुक्खभागी णिच्चाविल दुहमणिव्वुइमणा इहलोए चेव किलिस्संता परदव्वहरा णरा वसण सय समावण्णा।**

**ભાવાર્થ** :- અકીર્તિકર, અપયશજનક કામ કરનારા તે ભયંકર ચોર ગુપ્ત મંત્રણા કે વિચારણા કરતા

રહે છે કે આજે કોના દ્રવ્યનું હરણ કરવું ? તે ઘણા મનુષ્યોના કાર્યમાં વિઘ્નકારી હોય છે. તે મત્ત–નશાને કારણે બેભાન અથવા પ્રમાદમાં સૂતેલા અને વિશ્વાસ રાખનારા લોકોની અવસર જોઈ ઘાત કરી નાખે છે. વ્યસન–સંકટ, વિપત્તિ અને અભ્યુદય–હર્ષ આદિના પ્રસંગોમાં ચોરી કરવાની બુદ્ધિવાળા હોય છે. (વૃક) વરુઓની જેમ લોહી–પિપાસુ થઈ સર્વત્ર ભટકતા રહે છે. તે રાજાઓ, રાજ્યશાસનની મર્યાદાઓનું અતિક્રમણ કરનારા, સજ્જન પુરુષો દ્વારા નિંદિત તેમજ પાપકર્મ કરનાર(ચોર) પોતાના જ કરેલાં દુષ્કર્મોના કારણે અશુભ પરિણામવાળા અને દુઃખના ભાગીદાર થાય છે. હંમેશાં વ્યાકુળ, દુઃખમય, અશાંતિયુક્ત ચિત્તવાળા, બીજાના દ્રવ્યનું હરણ કરનારા(ચોર)આ ભવમાં સેંકડો કષ્ટોથી ઘેરાઈને ક્લેશ પામે છે.

## ચોર્ય કર્મનું દુષ્પરિણામ :-

**૧૨ तहेव केइ परस्स दव्वं गवेसमाणा गहिया य हया य बद्धरुद्धा य तुरियं अइधाडिया पुरवरं समप्पिया चोरग्गह–चारभडचाडुकराण तेहि य कप्पडप्पहार–णिद्दयआरक्खिय–खरफरुसवयण–तज्जण–गलच्छल्लुच्छल्लणाहिं विमणा, चारगवसहिं पवेसिया णिरयवसहिसरिसं तत्थवि गोमियप्पहार दूमणणिब्भच्छण–कडुयवयण–भेसणगभयाभिभूया अक्खित्त–णियंसणा मलिणदंडिखंड–णिवसणा उक्कोडालंचपास– मग्गणपरायणेहिं दुक्खसमुदीरणेहिं गोम्मियभडेहिं विविहेहिं बंधणेहिं ।**

**ભાવાર્થ :–** પૂર્વોક્ત બીજાના ધનની(દ્રવ્યની)શોધમાં ફરતા રહેતા કેટલાક ચોર(આરક્ષકો, પોલીસ દ્વારા) પકડાઈ જાય છે અને તેને મારવામાં આવે છે, બંધનોથી બાંધવામાં અને કારાગારમાં કેદ કરવામાં, નગરજનો સમક્ષ આખા શહેરમાં ફેરવવામાં આવે છે, મોટા નગરોના પોલિસ આદિ અધિકારીઓને સોંપી દેવામાં આવે છે. ચોકીદાર, ગુપ્તચર, ચાબુકોના પ્રહારથી, તીક્ષ્ણ અને કઠોર વચનોની ધાક–ધમકીથી તથા ગળુ દબાવવાથી, આ પ્રકારની અપમાનજનક ક્રિયાથી, પ્રહારોથી તેનું મન ખેદયુક્ત બની જાય છે. તે ચોરોને નરકાવાસ જેવા કારાવાસમાં પરાણે પૂરવામાં આવે છે. ત્યાં પણ તે કારાગારના અધિકારીઓ દ્વારા વિવિધ પ્રકારના પ્રહારો, અનેક પ્રકારની યાતનાઓ, તર્જનાઓ, કટુવચનો તેમજ ભય ઉત્પાદક વચનોથી ભયભીત થઈને દુઃખી થાય છે. તેના પહેરવાના–ઓઢવાના વસ્ત્ર ખેંચી લેવામાં આવે છે. ત્યાં તેને મેલાં, કરચલીયુક્ત, ફાટેલા વસ્ત્ર પહેરવા મળે છે. વારંવાર તે કેદી પાસેથી લાંચ–રૂશ્વત માંગવામાં તત્પર એવા કારાગારના રક્ષકો દ્વારા અનેક પ્રકારના બંધનોથી તેને બાંધવામાં આવે છે.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં ચૌર્યરૂપ પાપકર્મ કરનારાની દુર્દશાને પ્રગટ કરી છે. અદત્તાદાન કરનારની આ પ્રકારની દુર્દશા લોકમાં પ્રત્યક્ષ જોઈ શકાય છે.

**ચોરને બાંધવાના બંધન :–**

**૧૩** किं ते ? हडि–णिगड–बालरज्जुय–कुदंडग–वरत्त–लोहसंकल–हत्थंदुय वज्झपट्ट–दामक–णिक्कोडणेहिं अण्णेहि य एवमाइएहिं गोम्मिगभंडोवगरणेहिं दुक्खसमुदीरणेहिं संकोडणमोडणाहिं वज्झंति मंदपुण्णा । संपुड–कवाड–लोहपंजर भूमिघर–णिरोह–कूव चारग–कीलग–जुय–चक्कविततबंधण–खंभालण–उद्धचलण–बंधणविहम्मणाहि य विहेडयंता अवकोडगगाढ–उर–सिरबद्ध–उद्धपूरिय फुरंत–उर–कडगमोडणा–मेडणाहिं बद्धा य णीससंता सीसावेढ उरुयावल–चप्पडग–संधिबंधण–तत्तसलाग–सूइयाकोडणाणि तच्छणविमाणणाणि य खारकडुय–तित्त– णावणजायणा– कारणसयाणि बहुयाणि पावियंता उरक्खोडी–दिण्ण–गाढपेल्लण– अट्ठिगसंभग्गसपंसुलिगा गलकालकलोहदंड–उर–उदर वत्थि–पट्ठि परिपीलिया मत्थंत हिययसंचुण्णियंगमंगा आणत्तीकिंकरेहिं ।

केई अविराहिय–वेरिएहिं जमपुरिस–सण्णिहेहिं पहया ते तत्थ मंदपुण्णा चडवेला–वज्झपट्टपाराइं छिव–कस–लत्तवरत्त–णेत्तप्पहारसयतालियंगमंगा किवणा लंबंतचम्मवणवेयणविमुहियमणा घणकोट्टिम–णियलजुयलसंकोडियमोडिया य कीरंति णिरुच्चारा असंचरणा, एया अण्णा य एवमाईओ वेयणाओ पावा पावेंति।

**ભાવાર્થ :–** પ્રશ્ન– ચોરને બાંધવાના બંધનો કયા છે ?

ઉત્તર– હડી–લાકડાની બેડી, જે ચોરને એક પગમાં પહેરાવવામાં આવે છે. લોઢાની બેડી, ગાય આદિના વાળમાંથી બનાવેલું દોરડું, જેને છેડે લાકડું હોય તેવો દોરડાનો ફાંસલો બાંધવામાં આવે છે, ચામડામાંથી બનેલી મોટી રસ્સી(દોરી), લોઢાની સાંકળ, હાથકડી, ચામડાનો પટ્ટો, પગ બાંધવાની રસ્સી તથા નિષ્કોડન–એક વિશેષ પ્રકારનું બંધન, આ સર્વ તથા આ પ્રકારના અન્ય અન્ય દુઃખજનક સાધનો દ્વારા જેલના કર્મચારીઓ તે ચોરોને બાંધીને પીડા પહોંચાડે છે. તે કમનસીબ ચોરના શરીરને મરડીને જકડી દેવામાં આવે છે. કેદીને કોટડી(કાલ–કોઠડી)માં નાંખી કમાડ–દરવાજા બંધ કરી દેવા, લોઢાના પિંજરામાં નાખી દેવા, ભૂમિગૃહ(ભોંયરૂં) તલઘરમાં બંધ કરી દેવા, કૂવામાં ઉતારવા, કારાગૃહમાં સાંકળથી બાંધવા, અંગોમાં ખીલા ઠોકવા, તેના ખંભા પર ધૂંસર રાખી તેને ગાડામાં જોતરવા, ગાડીના પૈડા સાથે બાંધી દેવા, બાહુ, જાંઘ અને મસ્તકને ખેંચીને બાંધી દેવા, ઈત્યાદિ બંધન છે. અધર્મી–જેલના અધિકારીઓ દ્વારા આ પ્રકારના બંધનથી ચોરને બાંધવામાં આવે છે, પીડિત કરવામાં આવે છે.

તે અદત્તાદાન–ચોરી કરનારાની ગરદન નીચી કરીને, છાતી અને માથુ ખેંચીને બાંધી દે છે ત્યારે તે નિશ્વાસ છોડે છે અથવા કસીને બાંધવાના કારણે તેનો શ્વાસ રોકાઈ જાય છે અથવા આંખો બહાર

નીકળી જાય છે. તેની છાતી ધડક–ધડક થવા લાગે છે. તેના અંગ મરડી નાંખવામાં આવે છે. તેને વારંવાર ઉંધા કરવામાં આવે છે. તે અશુભ વિચારોમાં ડૂબ્યાં રહે છે અને ઠંડા શ્વાસ છોડે છે.

ચોરને આ પ્રમાણે યાતના દેવામાં આવે છે– કારાગારના અધિકારીઓની આજ્ઞાનું પાલન કરનારા કર્મચારી ચામડાની દોરીથી તેનું મસ્તક ખેંચીને બાંધી દે છે. બન્ને જાંઘને ચીરી નાંખે છે અથવા વાળી દે છે. ઘુંટણ, કોણી, કાંડુ આદિ કાષ્ટમય યંત્રથી બાંધવામાં આવે છે. તપાવેલા લોઢાના સળીયા અને સોઈઓ શરીરમાં ચૂભાવવામાં આવે છે. વસૂલાથી લાકડાની જેમ તેનું શરીર છોલવામાં આવે છે. મર્મસ્થળોને પીડિત કરવામાં આવે છે. લવણ આદિ ક્ષારપદાર્થ, લીમડા આદિ કડવા પદાર્થ અને લાલ મરચાં આદિ તીખા પદાર્થ, તેના કોમળ અંગો પર છાંટવામાં આવે છે. આ પ્રકારે પીડા પહોંચાડવાના સેંકડો ઉપાયો–પ્રકારો દ્વારા યાતનાઓ પ્રાપ્ત કરે છે.

તેમજ છાતી પર લાકડું રાખી, જોરથી દબાવવાથી અથવા લાકડા દ્વારા મારવાથી તેના હાડકાં ભાંગી જાય અને પાંસળી ઢીલી પડી જાય છે. માછલી પકડવાના કાંટાની સમાન ઘાતક, કાળા લોઢાનો અણીદાર દંડ તેની છાતી, પેટ, ગુદા અને પીઠમાં ભોંકવાથી તે અત્યંત પીડાનો અનુભવ કરે છે. અદત્તાદાન કરનારનું હૃદય વલોવી નાંખવામાં આવે છે અને તેના અંગ–પ્રત્યંગને છેદવામાં આવે છે.

વેરી બનેલા પોલિસ અથવા યમદૂતોની સમાન કારાગારના કર્મચારી તેને મારે છે. આ પ્રકારે તે અભાગી, મંદપુણ્યચોરને કારાગારમાં થપ્પડો, મુક્કીઓ, ચર્મપટ્ટાઓ, લોઢાના કુશો, લોઢાના તીક્ષ્ણ શસ્ત્રો, ચાબૂકો, લાતો, મોટા દોરડાં અને નેતરની સોટીના સેંકડો પ્રહારોથી ત્રાસ દઈ પીડિત કરવામાં આવે છે. શરીર પરના ઘાની વેદનાથી તે બિચારા ચોરોના મન ઉદાસ બની જાય છે, મૂઢ બની જાય છે. લોઢાના ઘણથી કૂટી–કૂટીને બનાવેલી બન્ને બેડીઓ પહેરાવી રાખવાના કારણે તેના અંગ સૂકાઈ જાય છે, શિથિલ બની જાય છે. તેને નિરુચ્ચાર કરી દેવામાં આવે છે અર્થાત્ તેનું બોલવાનું બંધ કરી દેવામાં આવે છે. તે ફરી શકતા નથી. તેનું ચાલવાનું– ફરવાનું રોકી દેવામાં આવે છે. પાપી પુરુષ આ અને આવા પ્રકારની અનેક વેદનાઓ પ્રાપ્ત કરે છે.

## આરક્ષકોની કુશળતા :-

**૧૪ अदंतिंदिया वसट्टा बहुमोहमोहिया परधणम्मि लुद्धा फासिंदिय–विसय–तिव्वगिद्धा इत्थिगयरूवसद्दरसगंधइट्ठरइमहियभोगतण्हाइया य धणतोसगा गहिया य जे णरगणा, पुणरवि ते कम्मदुव्वियद्धा उवणीया रायकिंकराण तेसिं वहसत्थग पाढयाणं विलउलीकारगाणं लंचसयगेण्हगाणं कूडकवडमाया णियडी–आयरण पणिहि –वंचणविसारयाणं बहुविहअलियसयजंपगाणं, परलोय–परम्मुहाणं णिरयगइ गामियाणं तेहिं आणत्त–जीयदंडा तुरियं उग्घाडिया पुरवरे सिंघाडग–तिय–चउक्क–चच्चर–चउम्मुहमहापहपहेसु वेत–दंड–लउड– कट्ठलेट्ठु–पत्थर पणालिपणोल्लिमुट्ठि**

**–लया–पायपण्हि–जाणु–कोप्पर– पहार– संभग्ग–महियगत्ता ।**

**ભાવાર્થ :–** જેઓએ પોતાની ઈન્દ્રિયોનું દમન કર્યું નથી પરંતુ સ્વયં ઈન્દ્રિયોના દાસ બની ગયા છે, જે તીવ્ર આસક્તિના કારણે મૂઢ–હિતાહિતના વિવેકથી રહિત બની ગયા છે, બીજાના ધનમાં લુબ્ધ છે, જે સ્પર્શેન્દ્રિયના વિષયમાં તીવ્ર ગૃદ્ધ છે, સ્ત્રી સંબંધી રૂપ, શબ્દ, રસ અને ગંધમાં ઈષ્ટ રતિ તથા ઈષ્ટભોગની તૃષ્ણાથી વ્યાકુળ બનેલા છે, જે માત્ર ધનની પ્રાપ્તિમાં જ સંતોષ માને છે, એવા મનુષ્યગણ–ચોર, રાજાના પુરુષો દ્વારા પકડી લેવામાં આવે છે છતાં પણ (પહેલાં એવી યાતનાઓ ભોગવવા છતાં પણ) તે પાપકર્મના પરિણામને સમજતા નથી. તે રાજપુરુષ અર્થાત્ આરક્ષક–પોલિસ, વધ શાસ્ત્રના જાણકાર હોય છે. વધની વિવિધ પ્રકારની વિધિઓમાં વિશારદ હોય છે. અન્યાયયુક્ત કર્મ કરનારને અથવા ચોરોને ગિરફતાર કરવામાં ચતુર હોય છે. તે તાત્કાલિક સમજી જાય છે કે આ ચોર અથવા લંપટ છે. તે સેંકડોવાર લાંચ–રૂશ્વત લે છે. જૂઠ, કપટ, માયા, નિકૃતિ(ગાઢ માયા) કરી વેશપરિવર્તન આદિ કરી ચોરને પકડવામાં તથા તેનો અપરાધ સ્વીકાર કરાવવામાં અત્યંત કુશળ હોય છે. ગુપ્તચરના કામમાં અતિ ચતુર હોય છે. તે નરકગામી, પરલોકથી વિમુખ એવં અનેક પ્રકારે સેંકડો અસત્ય ભાષણ કરનાર ચોરને તે આરક્ષક સરકારી કર્મચારીઓ સમક્ષ ઉપસ્થિત કરી દે છે.

રાજકીય પુરુષો દ્વારા તે ચોરને પ્રાણદંડની સજા દેવામાં આવે છે, તેને નગરમાં શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ અને પથ આદિ સ્થાનોમાં જનસાધારણની સામે પ્રગટરૂપે લઈ જવામાં આવે છે. ત્યાર પછી નેતરની સોટીથી, ડંડાથી, લાઠીઓથી, લાકડીઓથી, ઢેફાથી, પથ્થરોથી, લાંબી લાકડીથી(એક વિશેષ પ્રકારની લાઠીથી), મુક્કાથી, લતાઓથી, લાતોથી, ઘુંટણોથી, કોણીઓથી માર મારી તેના હાડકાં ભાંગી નાંખવામાં આવે છે.

## વિવેચન :–

પ્રસ્તુત પાઠમાં ચોરોની યાતનાઓનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેમજ ચોરીના મૂળ કારણનો નિર્દેશ કર્યો છે. તેના મુખ્ય કારણ આ પ્રમાણે છે– (૧) ઈન્દ્રિયોને વશમાં ન રાખવી. (૨) પર ધનનો લોભ અથવા આસક્તિ. (૩) પરસ્ત્રીનો અનુરાગ [પરસ્ત્રીનું સેવન કરવું તેમાં અબ્રહ્મના દોષ સાથે અદત્તાદાનનો પણ દોષ લાગે છે કારણ કે પરસ્ત્રી અદત્ત છે.] ઉપરોક્ત કારણોને વશ થઈને જીવ અદત્તાદાન માટે પ્રેરાય છે.

મૂળપાઠમાં કેટલાક સ્થળોનો ઉલ્લેખ થયેલ છે. તેના અર્થ આ પ્રમાણે છે. શ્રૃંગાટક– સિંઘોડાના આકારનો ત્રિકોણનો માર્ગ. ત્રિક– જ્યાં ત્રણ રસ્તા મળતા હોય. ચતુષ્ક– ચોક, બે માર્ગ જ્યાં ક્રોસ થાય. ચત્વર– જ્યાં ચારથી અધિક માર્ગ મળતા હોય. ચતુર્મુખ– ચારે દિશાઓમાં જવાનો માર્ગ જ્યાંથી નીકળે. મહાપથ– પહોળી સડક, રાજમાર્ગ. પથ– સાધારણ રસ્તો.

## ચોરને મૃત્યુ દંડ :–

**૧૫ अट्ठारसकम्मकारणा जाइयंगमंगा कलुणा सुक्कोट्ठकंठ–गलक–तालु–जीहा**

**जायंता पाणीयं विगय–जीवियासा तण्हाइया वरागा तं पि य ण लभंति वज्झपुरिसेहिं धाडियंता । तत्थ य खर–फरुस–पडहघट्टिय–कूडग्गहगाढरुट्ठणिसट्ठपरामुट्ठा वज्झयर–कुडिजुयणियत्था सुरत्तकणवीर–गहियविमुक्क–कंठे–गुण– वज्झदूयआ–विद्धमल्ल दामा, मरणभयुप्पण्णसेय–आयतणेहुत्तुपियकिलिण्णगत्ता चुण्णगुंडिय सरीर रयरेणुभरियकेसा कुसुंभगोकिण्णमुद्धया छिण्ण–जीवियासा घुण्णंता वज्झ याणभीया तिलं तिलं चेव छिज्जमाणा सरीरविक्किकत्तलोहिओलित्ता कागणि–मंसाणि–खावियंता पावा खरफरुसएहिं तालिज्जमाणदेहा, वातिग–णरणारीसंपरिवुडा पेच्छिज्जंता य णगरजणेण वज्झणेवत्थिया पणेज्जंति णयरमज्झेण किवणकलुणा अत्ताणा असरणा अणाहा अबंधवा बंधुविप्पहीणा विपेक्खंता दिसोदिसिं मरण–भयुव्विगा आघायणपडिदुवार–संपाविया अधण्णा सूलग्गविलग्गभिण्णदेहा ।**

**ભાવાર્થ** :– અઢાર પ્રકારના ચોરોને અથવા અઢાર પ્રકારે ચોરી કરવાના કારણે તેના અંગોને પીડિત કરવામાં આવે છે. તેની દશા અત્યંત કરુણાજનક હોય છે. તેના હોઠ, કંઠ,ગળું, તાળવું અને જીભ સૂકાઈ જાય છે. તેના જીવનની આશા નષ્ટ થઈ જાય છે. તે બિચારા તરસથી પીડિત થઈ પાણી માગે છે પરંતુ તેને મળતું નથી. કારાગારમાં વધને માટે નિયુક્ત પુરુષ તેને ધક્કા મારીને અથવા ઘસડીને લઈ જાય છે. અત્યંત કર્કશ, પટહ, ઢોલ વગાડતા રાજકર્મચારીઓ દ્વારા ધક્કા મારી લઈ જવાય છે તથા તીવ્ર ક્રોધથી ભરેલા રાજપુરુષો દ્વારા ફાંસી અથવા શૂળી પર ચઢાવવાને માટે દઢતા પૂર્વક પકડાય છે તે અત્યંત અપમાનિત થાય છે. તેને પ્રાણદંડ પ્રાપ્ત મનુષ્યોને યોગ્ય બે વસ્ત્ર પહેરાવવામાં આવે છે. તેને રક્તકરેણના પુષ્પની માળા ગળામાં પહેરાવવામાં આવે છે. તેથી તે વધ્યદૂત પ્રતીત થાય છે અર્થાત્ તે સૂચિત કરે છે કે આ પુરુષને તુરત જ મૃત્યુદંડ દેવામાં આવશે. મૃત્યુના ભયના કારણે તેના શરીરમાંથી પરસેવો છૂટે છે. આ પરસેવાની ચિકાશથી તેના બધા અંગો ભિંજાઈ જાય છે. તેનું આખું શરીર ચીકણું–ચીકણું થઈ જાય છે. તેના મોઢે તથા શરીરે મેષ લગાડવામાં આવે છે. હવાથી ઉડીને ચોંટેલી ધૂળથી તેના વાળ રૂક્ષ તેમજ ધૂળથી ભરેલા થઈ જાય છે. તેના મસ્તકના વાળોને કસુંબી–લાલ રંગથી રંગી નાખવામાં આવે છે. તેના જીવનની આશા નાશ પામે છે. ઘણાં જ ભયભીત હોવાના કારણે તે લથડતા ચાલે છે. તેને ચક્કર આવવા લાગે છે અને તે વધકો(જલ્લાદો)થી ભયભીત રહે છે. તેના શરીરનું છેદન–ભેદન કરવામાં આવે છે. તેના જ શરીરમાંથી કાપેલા અને લોહીથી લિપ્ત માંસના નાના–નાના ટુકડા કરી તેને જ ખવડાવવામાં આવે છે. કઠોર અને કર્કશ સ્પર્શવાળા પથ્થર આદિથી તેને પીટવામાં આવે છે. આ ભયાનક દશ્યને જોવાને માટે ઉત્સુક પાગલો જેવા સ્ત્રી–પુરુષોની ભીડથી તે ઘેરાઈ જાય છે. નાગરિકજન તેને (આ અવસ્થામાં) જોવે છે. મૃત્યુદંડ પ્રાપ્ત કેદીનો પોશાક તેને પહેરાવવામાં આવે છે અને નગરની મધ્યમાંથી લઈ જવામાં આવે છે. તે સમયે તે ચોર દીન–હીન, અત્યંત દયાજનક દેખાય છે. રક્ષણ રહિત, અશરણ, અનાથ, અબંધુ, બાંધવરહિત, મિત્રો દ્વારા ત્યજાયેલ તે કોઈ સહાયક–સંરક્ષક મળી જાય તેવી આશાથી ચારેબાજુ જુએ છે.

સામે ઉપસ્થિત મોતના ભયથી અત્યંત ઉદ્વિગ્ન હોય છે. ત્યાર પછી તેને આઘાતન–વધસ્થળ પર પહોંચાડી દેવામાં આવે છે અને તે અભાગીને શૂળી પર ચડાવી દેવામાં આવે છે. જેનાથી તેનું શરીર ચિરાઈ જાય છે.

## વિવેચન :–

પ્રાચીન કાળમાં ચોરી કરવી કેટલો મોટો અપરાધ માનવામાં આવતો હતો અને ચોરી કરનારને કેટલો ભીષણ દંડ દેવામાં આવતો હતો ? તે ઉપરોક્ત વર્ણનથી સ્પષ્ટ થઈ જાય છે. આધુનિક કાળમાં પણ ચોરોને ભયંકરમાં ભયંકર યાતના ભોગવવી પડે છે.

પ્રસ્તુત પાઠમાં અઢાર પ્રકારના ચોરો તથા **ચોરીના પ્રકારો**નો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અઢાર આ પ્રમાણે છે.

**भलनं कुशलं तर्जा, राजभागोऽवलोकनम् ।**
**अमार्गदर्शनं शय्या, पदभंगस्तथैव च ॥१॥**
**विश्रामः पादपतनमासनं गोपनं तथा ।**
**खण्डस्य खादनं चैव, तथाऽन्यन्मोहराजिकम् ॥२॥**
**पथ्याग्न्युदकरज्जूनां प्रदानं ज्ञानपूर्वकम् ।**
**एता प्रसूतयो ज्ञेया अष्टादश मनीषिभिः ॥३॥**

(૧) ભલન :– ડરે છે શું ? હું બધું સંભાળી લઈશ. તમારો વાળ વાંકો નહિં થવા દઉં. આ પ્રકારે કહીને ચોરને પ્રોત્સાહન દેવું તે ભલન કહેવાય છે.

(૨) કુશલ :– ચોર મળે ત્યારે તેને (ક્ષેમકુશળ) ખુશીખબર પૂછવા.

(૩) તર્જા :– ચોરને ચોરી કરવા માટે હાથ આદિનો સંકેત કરવો.

(૪) રાજભાગ :– રાજાનો કર આપવો નહિ, ટેક્ષ છુપાવવો.

(૫) અવલોકન :– ચોર માટે સંધિ આદિ જોવું અથવા ચોરી કરતાં જોઈને મૌન રહેવું.

(૬) અમાર્ગ દર્શન :– ચોરની શોધ કરનારને ખોટો (વિપરીત) માર્ગ બતાવવો.

(૭) શય્યા :– ચોરને સૂવા માટે પથારી આપવી.

(૮) પદભંગ :– ચોરના પદચિહ્નને ભૂંસી નાખવા.

(૯) વિશ્રામ :– ચોરને ઘરમાં છુપાવવો અથવા વિશ્રામ દેવો.

(૧૦) પાદપતન :– ચોરને નમસ્કાર કરવા, સન્માન આપવું.

(૧૧) આસન :– ચોરને બેસવા માટે આસન આપવું.

(૧૨) ગોપન :– ચોરને છુપાવવા, છુપાવીને રાખવા.

(૧૩) ખંડખાદન :– ચોરને પકવાન આદિ ખવડાવવા.

(૧૪)અન્યન્મોહરાજિક :– ચોરને છૂપી રીતે આવશ્યક વસ્તુ મોકલવી.

(૧૫) પથ્યદાન :– થાક દૂર કરવા માટે ગરમપાણી–તેલ આદિ આપવું.

(૧૬) અગ્નિદાન :– ભોજન આદિ બનાવવાને માટે ચોરને અગ્નિ આપવી.

(૧૭) ઉદકદાન :– ચોરને પીવા માટે ઠંડુ પાણી આપવું.

(૧૮) રજ્જુપ્રદાન :– ચોરને ચોરી કરવા માટે અથવા ચોરી કરીને લાવેલા પશુને બાંધવા માટે દોરી કે દોરડાં દેવા. ચોરીના આ અઢાર પ્રસ્તુત કારણ છે.

તેથી સ્પષ્ટ થાય છે કે ખરેખર ચોરી કરનાર જ ચોર નથી. પરંતુ ચોરીમાં પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રૂપે સહાય કરવી, સલાહ દેવી, ઉત્તેજના આપવી, ચોરનો આદર સત્કાર કરવો આદિ પણ ચોરીની અંતર્ગત જ છે, જેમકે–

**चौरश्चौरार्पको मंत्री, भेदज्ञः काणकक्रयी ।**
**अन्नदः स्थानदश्चैव, चोरः सप्तविधः स्मृतः ॥**

(૧) સ્વયં ચોરી કરનારા, (૨) ચોરી કરાવનારા, (૩) ચોરી કરવાની સલાહ દેનારા, (૪) ભેદ બતાવનારા, કેવી રીતે ક્યારે અને ક્યા પ્રકારે ચોરી કરવી ઈત્યાદિ બતાવનારા, (૫) ચોરીનો માલ (ઓછી કિંમતમાં)ખરીદનારા, (૬) ચોરને ખાવાની સામગ્રી દેનારા, જંગલ આદિ સ્થાનોમાં રસોઈ પહોંચાડનારા, (૭) ચોરને છુપાવવા સ્થાન દેનારા. આ સાત પ્રકારના ચોર કહેવાય છે.

## ચોરોને દેવામાં આવતી ભીષણ યાતનાઓ :-

**१६ ते य तत्थ कीरंति परिकप्पियंगमंगा उल्लंविज्जंति रुक्खासालासु केइ कलुणाइं विलवमाणा, अवरे चउरंगधणियबद्धा पव्वयकडगा पमुच्चंते दूरपातबहुवि-समपत्थरसहा, अण्णे य गय–चलण–मलणणिम्मद्दिया कीरंति पावकारी अट्ठारस-खंडिया य कीरंति मुंडपरसूहिं केइ उक्कत्तकण्णोट्ठणासा उप्पाडियणयण–दसण-वसणा, जिब्भिंदियछिया छिण्ण–कण्णसिरा पणिज्जंते छिज्जंते य असिणा णिव्वि-सया छिण्णहत्थपाया पमुच्चंते, जावज्जीवबंधणा य कीरंति, केइ परदव्वहरणलुद्धा कारग्गलणियल–जुयलरुद्धा चारगाए हतसारा सयणविप्पमुक्का मित्तजणणिरक्खिया णिरासा बहुजण–धिक्कार–सद्द–लज्जाविया अलज्जा अणुबद्धखुहा पारद्धा सीउण्ह–तण्ह–वेयण–दुहट्टघट्टिया विवण्णमुह विच्छविया विहलमइल–दुब्बला किलंता कासंता वाहिया य आमाभिभूयगत्ता परूढ–णह–केस–मंसु–रोमा छगमुत्तम्मिणियगम्मि खुत्ता । तत्थेव मया अकामगा बंधिऊण पाएसु कड्डिया**

**खाइयाए छूढा, तत्थ य विग-सुणग-सियाल- कोल- मज्जारवंद- संसडासगतुंड- पक्खिगण-विविह- मुहसयल- विलुत्तगत्ता कयविहंगा, केइ किमिणा य कुहियदेहा अणिट्ठवयणेहिं सप्पमाणा सुट्ठु कयं जं मउत्ति पावो तुट्ठेणं जणेण हम्ममाणा लज्जावणगा य होंति सयणस्स वि य दीहकालं ।**

**ભાવાર્થ :–** ત્યાં વધ ભૂમિમાં તેના (કોઈ–કોઈ ચોરોના) અંગ પ્રત્યંગ કાપવામાં આવે છે, તેના ટુકડા કરવામાં આવે છે. તેને વૃક્ષની ડાળી પર લટકાવવામાં આવે છે. તેના ચારે અંગો–બન્ને હાથ અને બન્ને પગ ખેંચીને બાંધવામાં આવે છે. કોઈને પર્વતની ટોચ ઉપરથી નીચે પછાડવામાં આવે છે, ઘણી ઊંચાઈ ઉપરથી પછાડવાના કારણે તેને વિષમ–ધારદાર પથ્થરોની ચોટ સહન કરવી પડે છે. કોઈને હાથીના પગ નીચે કચડવામાં આવે છે. આ અદત્તાદાનનું પાપ કરનારાને કુંઠિત ધારવાળી કુહાડી આદિથી ૧૮ સ્થાનોમાં ખંડિત કરવામાં આવે છે. કાન,નાક, હોઠ કાપવામાં આવે છે, આંખ ફોડવામાં આવે છે. ઘણાના દાંત અને અંડકોશ છેદવામાં આવે છે. જીભ ખેંચીને બહાર કાઢવામાં આવે છે. શિરાઓ કાપવામાં આવે છે. પછી વધ ભૂમિમાં તલવારથી કાપી તેનો વધ કરવામાં આવે છે. કોઈ ચોરના હાથ અને પગ કાપી તેને નિર્વાસિત કરી દેવામાં આવે છે અર્થાત્ દેશવટો આપવામાં આવે છે. કેટલાક ચોરને આજીવન–મૃત્યુપર્યંત કારાગારમાં રાખવામાં આવે છે. બીજાના દ્રવ્યનું અપહરણ કરવામાં લુબ્ધ કેટલાક ચોરોને કારાગારમાં સાંકળ બાંધી અને બન્ને પગમાં બેડીઓ નાંખવામાં આવે છે. કારાગારમાં બંધનગ્રસ્ત બનાવી તેનું ધન લઈ લેવામાં આવે છે.

સ્વજનો તે ચોરનો ત્યાગ કરી દે છે. રાજકોપના ભયથી કોઈ સ્વજન તેની સાથે સંબંધ રાખતા નથી. મિત્રવર્ગ તેની રક્ષા કરતા નથી. સર્વ દ્વારા તે તિરસ્કારને પાત્ર બને છે. તે ચારે બાજુથી નિરાશ થઈ જાય છે. ઘણા લોકો, "ધિક્કાર છે તમને" આ પ્રકારે કહે છે. તેથી તે લજ્જિત થાય છે અથવા તે પોતાના કાળા કામના કારણે પોતાના પરિવારને લજ્જિત કરે છે. તે લજ્જાહીન મનુષ્યોને નિરંતર ભૂખ્યા મરવું પડે છે. ચોરીના તે અપરાધી, ઠંડી, ગરમી અને તરસની પીડાથી તરફડતા ચીંચીયારી કરે છે. તેનું મુખ(ચહેરો) વિવર્ણ–શોષાઈ ગયેલું અને તેજ વગરનું થઈ જાય છે. તે હંમેશાં વિહ્વળ, મલિન અને દુર્બળ બની જાય છે, થાકેલા–હારેલા અથવા કરમાયેલા રહે છે. ઉધરસ વગેરે અનેક રોગોથી ઘેરાયેલા રહે છે અથવા ભોજન સારી રીતે ન પચવાના કારણે તેનું શરીર પીડિત રહે છે. તેના નખ, કેશ અને દાઢી, મૂછોના વાળ તથા રૂંવાટા વધી જાય છે. તે કારાગારમાં પોતાના જ મળમૂત્રમાં લેપાયેલા રહે છે. (કારણ કે મળમૂત્ર ત્યાગવાને માટે તેને ક્યાં ય બીજા સ્થાને જવા દેવામાં આવતા નથી.)

જ્યારે આ પ્રકારની અસહ્ય વેદનાઓના કારણે તે મરવાની ઈચ્છા ન હોવા છતાં પણ મરણને પ્રાપ્ત થઈ જાય છે ત્યારે તેના મૃતદેહને પગમાં દોરી બાંધી કારાગારમાંથી બહાર કાઢવામાં આવે છે અને ખાડામાં ફેંકી દેવામાં આવે છે. ત્યાર પછી વરુ, કૂતરા, શિયાળ શૂકર, બિલાડી વગેરેના સમૂહ તથા સાણસી સમાન મોઢાવાળા અન્ય પક્ષીઓ તે શબને પીંખી નાખે છે, તે મૃતદેહને પક્ષી–ગીધ આદિ ખાઈ જાય છે, તે મૃત કલેવરોમાં કીડા પડી જાય છે, તે મૃતદેહ સડી જાય છે. તે મૃતદેહ ઉત્પન્ન થયેલા કીડાઓથી દુર્ગંધયુક્ત થઈ જાય છે. (આ રીતે મૃત્યુ પછી પણ તેની આવી દુર્દશા થાય છે છતાં પણ તેનો અંત આવતો

નથી) ત્યાર પછી પણ અનિષ્ટ વચનોથી લોકો તેની નિંદા કરે છે, તેને ધિક્કારે છે કે સારું થયું આ પાપી મરી ગયો અથવા મારી નંખાયો. તેના મૃત્યુથી સંતુષ્ટ થયેલા લોકો તેની નિંદા કરે છે. આ પ્રકારે તે પાપી ચોર પોતાના મોત પછી પણ લાંબા સમય સુધી પોતાના સ્વજનોને લજ્જિત કરતા રહે છે.

## પાપ અને દુર્ગતિની પરંપરા :–

**૧૭ मया संता पुणो परलोग–समावण्णा णरए गच्छंति णिरभिरामे अंगार–पलित्त–ककप्प अच्चत्थ–सीयवेयण–अस्साउदिण्ण–सययदुक्ख–सय–समभिद्दुए, तओ वि उव्वट्टिया समाणा पुणो वि पवज्जंति तिरियजोणिं तहिं पि णिरयोवमं अणुहवंति वेयणं, ते अणंतकालेण जइ णाम कहिं वि मणुयभावं लभंति णेगेहिं णिरयगइ– गमण–तिरिय–भव–सयसहस्स–परियट्टेहिं ।**

**तत्थ वि य भवंतऽणारिया णीय–कुल–समुप्पण्णा आरियजणे वि लोगवज्झा तिरिक्खभूया य अकुसला कामभोगतिसिया जहिं णिबंधंति णिरयवत्तणिभवप्प–वंचकरण–पणोल्लि पुणो वि संसारावत्तणेममूले धम्मसुइ– विवज्जिया अणज्जा कूरा मिच्छत्तसुइपवण्णा य होंति एगंत–दंड–रुइणो वेढेंता कोसिकारकीडोव्व अप्पगं अट्ठकम्मतंतु–घणबंधणेणं ।**

**ભાવાર્થ :–** (ચોર પોતાના દુઃખમય જીવનનો અંત થવા પર) પરલોકને પ્રાપ્ત થઈ નરકમાં ઉત્પન્ન થાય છે. નરક નિરભિરામ–સુંદરતા રહિત છે અને આગથી બળતા ઘરની જેમ અત્યંત ઉષ્ણ વેદનાયુક્ત અથવા અત્યંત શીતવેદના યુક્ત હોય છે. ત્યાં તે તીવ્ર અશાતા વેદનીય કર્મની ઉદીરણાના કારણે સેંકડો દુઃખોથી ઘેરાયેલા છે. નરકમાંથી નીકળીને તે ફરી તિર્યંચ યોનીમાં જન્મ લે છે. ત્યાં પણ તે નરક જેવી અશાતા વેદનાનો અનુભવ કરે છે. તે તિર્યંચ યોનિમાં અનંતકાળ સુધી પરિભ્રમણ કરે છે, અનેકવાર નરકગતિ અને લાખોવાર તિર્યંચ ગતિમાં જન્મ–મરણ કરતાં–કરતાં ગમે તે રીતે જો મનુષ્ય ભવ પ્રાપ્ત કરી લે તો ત્યાં પણ નીચકુળમાં ઉત્પન્ન થાય છે અને અનાર્ય થાય છે. કદાચિત્ આર્યકુળમાં જન્મ થાય તોપણ ત્યાં લોકોથી બહિષ્કૃત થાય છે, પશુઓ જેવું જીવન પસાર કરે છે. તે કુશળતાથી રહિત અર્થાત્ વિવેક વગરના હોય છે. તે પુનઃ પ્રાપ્ત મનુષ્યભવમાં કામભોગોની અતિશય તૃષ્ણા અને અનેકવાર નરકભવોમાં ઉત્પન્ન થવાના કુસંસ્કારના કારણે નરકગતિમાં ઉત્પન્ન થવા યોગ્ય પાપ પ્રવૃત્તિમાં રત રહે છે અને સંસાર ચક્રમાં પરિભ્રમણ કરાવનાર અશુભ કર્મોનો બંધ કરે છે. તે ધર્મશાસ્ત્રના શ્રવણથી વંચિત રહે છે. પાપકર્મમાં પ્રવૃત્ત રહેવાને કારણે ધર્મશાસ્ત્રનું શ્રવણ કરવાની રુચિ જ તેના હૃદયમાં ઉત્પન્ન થતી નથી. તે અનાર્ય પુરુષ, ક્રૂર, અસત્ય, નિર્દય મિથ્યાત્વના પોષક શાસ્ત્રોને અંગીકાર કરે છે. એકાંત હિંસામાં જ તેની રુચિ હોય છે. આ પ્રકારે રેશમના કીડાની જેમ તે આઠ કર્મરૂપી તંતુઓથી પોતાના આત્માને પ્રગાઢ બંધનોમાં જકડી લે છે.

## વિવેચન :-

અદત્તાદાન પાપના ફળસ્વરૂપ જીવની તે જ ભવ સંબંધી વ્યથાઓનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યા પછી શાસ્ત્રકારે પરભવ સંબંધી દુર્દશાનું દિગ્દર્શન કરાવ્યું છે. ચોરીનું ફળ ભોગવવાને માટે ચોરને નરકમાં ઉત્પન્ન થવું પડે છે. નારક જીવ નરકથી છુટકારો પામીને પછીના ભવમાં નરકમાં ઉત્પન્ન થતા નથી, માટે ચોરનો જીવ તિર્યંચ યોનિમાં જન્મ લે છે. ત્યાં પણ તેને નરક જેટલું કષ્ટ ભોગવવું પડે છે. તિર્યંચ ગતિમાંથી તે જીવ ફરીને તિર્યંચ થઈ શકે છે માટે તે વારંવાર તિર્યંચોમાં અને વચ્ચે–વચ્ચે નરકગતિમાં જન્મ લેતો રહે છે. આમ જન્મ–મરણ કરતાં કરતાં અનંતકાળ વ્યતીત થઈ જાય છે. ત્યાર પછી ક્યારે ક કોઈ પુણ્ય પ્રભાવે મનુષ્યગતિ પ્રાપ્ત કરે તોપણ નીચ કુળમાં જન્મ લે છે અને પશુઓ જેવું જીવન પસાર કરે છે. તેની રુચિ પાપકર્મમાં જ રહે છે.

પાપી જીવ પોતાના આત્માને કેવા પ્રકારે કર્મથી વેષ્ટિત કરે છે. તે માટે સૂત્રમાં રેશમી કીડાની સુંદર ઉપમા આપવામાં આવેલ છે. તે કીડા પોતાની જ લાળથી પોતે પોતાને વેષ્ટિત કરનાર કોશનું નિર્માણ કરે છે. આ રીતે કીડા પોતે પોતાના માટે જ બંધન તૈયાર કરે છે. તે જ રીતે પાપી જીવ સ્વયં પોતાના કરેલા કર્મો દ્વારા બંધાઈ જાય છે. આ રીતે અદત્તા દાનના પરિણામની પરંપરા અનંતકાલ પર્યંત ચાલે છે.

### સંસાર સાગર :-

**१८** **एवं णरग–तिरय–णर–अमर–गमण–पेरंतचक्कवालं जम्मजरामरणकरणगंभीर दुक्ख पक्खुभियपउरसलिलं संजोगवियोगवीची–चिंतापसंग–पसरिय–वह–बंध–महल्ल–विपुलकल्लोलं कलुणविलविय–लोभ–कलकलिंत–बोलबहुलं–अवमाणण–फेणं तिव्वखिंसणपुलंपुलप्पभूय–रोग–वेयण पराभव–विणिवायफरुस–धरिसण–समावडिय–कढिणकम्मपत्थर–तरंग–रंगंत–णिच्च–मच्चु–भयतोयपट्ठं कसाय– पायालसंकुलं भव–सयसहस्सजलसंचयं अणंतं उव्वेणयं अणोरपारं महब्भयं भयंकरं– पइभयंअपरिमियमहिच्छ–कलुस– मइ–वाउवेगउद्धम्ममाणं आसापिवास पायाल–काम–रइ–रागदोस–बंधण–बहुविहसंकप्पविउलदगरयरयंधकारं मोहमहावत्त भोगभममाणगुप्पमाणुच्छलंत–बहुगब्भवासपच्चोणियत्तपाणियं–पहाविय–वसणसमावण्ण रुण्ण–चंडमारुयसमाहया मणुण्णवीची–वाकुलियभग्ग–फुट्टंतऽणिट्ठ– कल्लोलसंकुलजलं पमायबहुचंडदुट्ठसावय–समाहयउद्धाय–माणगपूरघोर–विद्धंसणत्थबहुलं । अण्णाणभमंत–मच्छपरिहत्थं अणिहुतिंदिय महामगरतुरिय–चरिय– खोखुब्भमाण–**

संतावणिचयचलंत–चवल–चंचल–अत्ताण असरण–पुव्वकयकम्मसंचयोदिण्ण–वज्जवेइज्जमाण–दुहसय–विवाग–घुण्णंतजल– समूहं ।

इड्ढि–रस–साय–गारवोहार–गहिय–कम्मपडिबद्ध–सत्तकड्ढिज्जमाण–णिरयत–लहुत्तसण्णविसण्णबहुलं अरइ–रइ–भय–विसाय–सोगमिच्छत्तसेलसंकडं अणाइ–संताण–कम्मबंधणकिलेस चिक्खिल्लसुदुत्तारं अमर–णर–तिरिय–णिरयगइ–गमण–कुडिलपरियत्त–विपुलवेलं हिंसालिय–अदत्तादाण मेहुणपरिग्गहारंभ–करणकारावणाणुमोयण–अट्ठविह अणिट्ठकम्मपिंडिय–गुरुभारोक्कंतदुग्ग–जलोघ–दूरपणोलिज्जमाण–उम्मुग्ग–णिमग्ग–दुल्लभतलं सारीरमणोमयाणि दुक्खाणि उप्पियंता सायस्सायपरितावणमयं उब्बुड्डणिब्बुड्डयं करेंता चउरंतमहंत–मणवयग्गं रुद्दं संसारसागरं अट्ठियं अणालंबणमपइठाण–मप्पमेयं चुलसीइ–जोणि सयसहस्सगुविलं अणालोकमंधयारं अणंतकालं णिच्चं उत्तत्थसुण्णभयसण्णसंपउत्ता वसंति उव्विग्ग– वासवसहिं ।

जहिं आउयं णिबंधंति पावकम्मकारी, बंधव–जण–सयण–मित्तपरिवज्जिया अणिट्ठा भवंति अणाइज्जदुव्विणीया कुठाणासण–कुसेज्ज–कुभोयणा असुइणो कुसंघयण–कुप्पमाण–कुसंठिया, कुरूवा बहु–कोह–माण–माया–लोहा बहुमोहा धम्मसण्ण–सम्मत्त–परिब्भट्ठा दारिद्दोवद्दवाभिभूया णिच्चं परकम्मकारिणो जीवणत्थर– हिया किविणा परपिंड–तक्कगा दुक्खलद्धाहारा अरस–विरस–तुच्छ–कय– कुच्छिपूरा परस्स पेच्छंता रिद्धि–सक्कार–भोयणविसेस–समुदयविहिं णिंदंता अप्पगं कयंतं च परिवयंता इह य पुरेकडाइं कम्माइं पावगाइं, विमणसो सोएण डज्झमाणा परिभूया होंति सत्तपरिवज्जिया य, छोभा सिप्पकला समय–सत्थ–परिवज्जिया जहाजायपसुभूया अवियत्ता णिच्च–णीय–कम्मोवजीविणो लोयकुच्छणिज्जा मोघमणोरहा णिरासबहुला ।

**भावार्थ :–** (બંધનોથી જકડાયેલ તે જીવ અનંતકાળ સુધી સંસાર સાગરમાં જ પરિભ્રમણ કરતો રહે છે.) સંસાર સાગરનું સ્વરૂપ કેવું છે ?

નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં ગમનાગમન કરવું તે સંસાર સાગરની બાહ્ય પરિધિ છે. જન્મ, જરા અને મરણજન્ય ગંભીર દુઃખ રૂપી જળથી તે ભરેલો છે. તેમાં સંયોગ, વિયોગરૂપી લહેરો ઊઠે છે. વિવિધ પ્રકારનો શોક સમૂહ જ તેનો વિસ્તાર છે. વધ અને બંધન રૂપી મોટા વિશાળ મોજા છે. કરુણાજનક

વિલાપનો પ્રચુર અવાજ છે. અપમાનરૂપી ફીણથી યુક્ત છે. તીવ્ર નિંદા, નિરંતર ઉત્પન્ન થતી વેદના, પ્રાયઃ અનાદરની પ્રાપ્તિ, કઠોર વચનો દ્વારા નિર્ભર્ત્સના–ધિક્કાર વગેરે જેના ઉદયથી પ્રાપ્ત થાય છે, તેવા જ્ઞાનાવરણીયાદિ ક્લિષ્ટ કર્મરૂપી પાષાણથી– ચટ્ટાનોથી ઉત્પન્ન થયેલા તરંગોથી જે ચંચળ છે, અવશ્યંભાવી મૃત્યુના ભયરૂપી તળ યુક્ત છે. કષાય રૂપી પાતાળ કળશોથી યુક્ત છે. લાખો ભવની પરંપરા જ તેની જળરાશિ છે. અનંત જીવોની અપેક્ષાએ તે અનંત છે. આધિ વ્યાધિ આદિ સેંકડો દુઃખોથી યુક્ત હોવાથી ઉદ્વેગજનક છે. તે અસીમ, અપાર છે, દુસ્તર હોવાથી મહાભય રૂપ છે. ૧૪૮ કર્મ પ્રકૃતિરૂપ મહામત્સ્ય, મગર આદિ જળચર જીવોથી વ્યાપ્ત હોવાના કારણે ભયંકર છે. પ્રત્યેક જીવને માટે ભયજનક છે. અપરિમિત તથા મહાન વિષયવાસના અને મલિન મતિરૂપ, વાયુના વેગથી વધતી જતી આશા, તૃષ્ણા અને પિપાસા રૂપ પાતાળથી યુક્ત છે. શબ્દાદિ વિષયોમાં અભિરૂચિરૂપ કામરતિ, અનુકૂળ વિષયોમાં પ્રીતિરૂપ રાગ, પ્રતિકૂળ વિષયોમાં અપ્રીતિરૂપ દ્વેષના અંધકારથી તે વ્યાપ્ત છે. મોહરૂપ મહાવમળો તેમાં ઉત્પન્ન થાય છે. ભોગરૂપી તે આવર્ત–વમળોમાં જીવો ભ્રમણ કરી રહ્યા છે, વ્યાકુળ થઈ રહ્યા છે, ઉછળી રહ્યા છે. તે સંસાર સાગરમાં મનુષ્ય, પશુ, પક્ષી આદિ વિવિધ પ્રકારના જીવો જન્મ મરણ કરે છે. અનેક દુઃખોથી પીડાતાં પ્રાણીઓના રુદનરૂપ પ્રચંડ વાયુથી પરસ્પર અથડાતા, અમનોજ્ઞ, દુઃખોની પરંપરા રૂપ તરંગોથી તે સંસાર સાગર ખળભળી રહ્યો છે. તરંગોની સાથે અથડાવાથી જુદા પડેલા અનિષ્ટ પરપોટાથી વ્યાપ્ત એવા જન્મ, જરા, મરણરૂપ જળથી ભરેલો છે. પ્રમાદરૂપી અત્યંત પ્રચંડ અને દુષ્ટ હિંસક જંતુઓ દ્વારા આઘાત પામેલા અને આમ તેમ ભટકતા પ્રાણીઓના સમૂહનો નાશ કરનાર અનર્થોથી પરિપૂર્ણ છે. તેમાં અજ્ઞાનરૂપ મહામત્સ્ય છે. અનુપશાંત ઈન્દ્રિયોરૂપ મહામગરોના ઝડપી હલન ચલનથી તે અત્યંત ખળ ભળે છે. દુઃખરૂપ વડવાનલનો સંતાપ તેમાં નિત્ય વ્યાપેલો હોય છે. તે નિરંતર પરિવર્તનશીલ છે અને પૂર્વકૃત કર્મોના સંચય રૂપ છે. ત્રાણ–શરણ રહિત જીવો અને પાપકર્મોના ઉદયને ભોગવવા રૂપ સેંકડો દુઃખ તેના વહેતા જળ સમાન છે.

ઋદ્ધિ, રસ અને શાતા ગૌરવરૂપ જલજંતુ વિશેષથી તે સંસાર ભરેલો છે. જ્ઞાનાવરણીયાદિ કર્મોથી બંધાયેલ પ્રાણી તેમાં સપડાઈ જાય છે. પૂર્વકૃત કર્મો દ્વારા દોરડાથી બાંધેલા કાષ્ઠની જેમ તે પ્રાણીઓ નરકની તરફ ખેંચાઈ રહ્યા છે. નરકાભિમુખ થવાના  કારણે તે પ્રાણીઓ ખિન્ન અને અતિશય શોકયુક્ત છે.

અરતિ–રતિ, ભય, વિષાદ, શોક તથા મિથ્યાત્વરૂપ પર્વતોથી તે વિષમ બનેલો છે. ક્લેશરૂપ કીચડથી તે દુસ્તર છે. ચાર ગતિનું પરિભ્રમણ તે સમુદ્રની ભરતી છે. હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, આરંભ કરવો, કરાવવો અને તેની અનુમોદનાથી સંચિત આઠ કર્મોના ભારથી ભારે બનેલા તથા દુઃખરૂપ જળ સમૂહમાં અત્યંત નિમગ્ન–પાણીમાં ડૂબતાં પ્રાણીઓને માટે સંસાર સમુદ્ર અલભ્ય તળ વાળો છે અર્થાત્ તેના તળને પ્રાપ્ત કરવું દુર્લભ છે. તેમાં માનવી શારીરિક અને માનસિક દુઃખ અનુભવે છે. શાતારૂપ ઉન્મજ્જન[પાણીની ઉપર આવવું] અને અશાતારૂપ નિમજ્જન [ડૂબવું] કરવામાં લીન બનેલા તે જીવો નરકાદિ ગતિરૂપ ચાર વિભાગવાળા તથા જન્મ–મરણાદિ દુઃખોથી મહાન, અંતરહિત, ભયજનક સંસાર સાગરમાં વસે છે. તે જીવ સંયમ રહિત છે, તેનું કોઈ આલંબન નથી, કોઈ આધાર નથી. છદ્મસ્થોની અપેક્ષાએ અપ્રમેય છે અથવા જેને માપી શકાતો નથી તેથી અપ્રમેય છે. ૮૪ લાખ

જીવયોનિઓથી યુક્ત, પ્રકાશ રહિત, અંધકાર યુક્ત આ સંસારમાં અનંતકાલ સુધી સદા ભયભીત બનેલા, કિંકર્તવ્યતાથી વિમૂઢ બનેલા, ભયસંજ્ઞા આદિ ચારે સંજ્ઞાયુક્ત બનેલા જીવો ઉદ્વિગ્ન–દુઃખિયારાઓના વાસ સમાન આ સંસારમાં વસે છે.

આ સંસારમાં પાપકર્મ કરનારા પ્રાણી જ્યાં જે ગામ, કુલ આદિનું આયુષ્ય બાંધે છે, ત્યાં જ તે બંધુ, બાંધવો, સ્વજનો અને મિત્રજનોથી તિરસ્કૃત થાય છે. તે સર્વને માટે અનિષ્ટ હોય છે. તેના વચનને કોઈ ગ્રહણ કરતું નથી. તે દુર્વિનીત–દુરાચારી હોય છે, તેને રહેવાને માટે ખરાબ સ્થાન, બેસવાને માટે ખરાબ આસન, સૂવાને માટે કુશય્યા, ખાવાને માટે ખરાબ ભોજન મળે છે. તે અશુચિમય–અપવિત્ર અથવા ગંદા રહે છે અથવા અશ્રુતિ–શાસ્ત્રજ્ઞાન વગરના હોય છે. તેને કુસંઘયણ હોય છે, તેનું શરીર પ્રમાણસર હોતું નથી. તેના શરીરની આકૃતિ બેડોળ હોય છે, તે કુરૂપ હોય છે. તેનામાં ક્રોધ, માન, માયા, લોભ તીવ્ર હોય છે. તીવ્ર કષાયી હોય છે અને મોહ આસક્તિની તીવ્રતા હોય છે. તે અત્યંત આસક્તિયુક્ત હોય છે, ઘોર અજ્ઞાની હોય છે. તેનામાં ધર્મસંજ્ઞા–ધાર્મિક સમજણ હોતી નથી. તે સમ્યક્દર્શનથી રહિત છે. તેને દરિદ્રતાનું કષ્ટ સદા સતાવતું રહે છે. તે સદા પરકર્મકારી–પરાધીનપણે કામ કરે છે, નોકર–ચાકર રૂપે જ જીંદગી પસાર કરે છે, કૃપણ–રંક– દીન–દરિદ્ર રહે છે, પરદત્ત ભોજનની ઈચ્છા રાખનાર હોય છે. તે મુશ્કેલીથી દુઃખપૂર્વક આહાર મેળવે છે અને તે કોઈ પ્રકારે લુખા, સૂકા, નીરસ એવં નિસ્સાર ભોજનથી પેટ ભરે છે. તે બીજાઓના વૈભવ, સત્કાર, સન્માન, ભોજન વસ્ત્ર આદિ સમુદય–અભ્યુદય જોઈને તે પોતાની નિંદા કરે છે, પોતાના દુર્ભાગ્યની નિંદા કરે છે; ઉદાસીન, શોકની આગમાં બળતા લજ્જિત–તિરસ્કૃત થાય છે. તેમજ તે સત્યહીન, ક્ષોભગ્રસ્ત, તથા ચિત્રકલા આદિ શિલ્પજ્ઞાનથી રહિત, વિદ્યાઓથી શૂન્ય અને સિદ્ધાંત–શાસ્ત્રના જ્ઞાનથી શૂન્ય હોય છે. તે યથાજાત અજ્ઞાની પશુ સમાન જડ બુદ્ધિથી યુક્ત, અવિશ્વસનીય અથવા અપ્રતીતિ ઉત્પન્ન કરનાર હોય છે. તે સદા હલકા કાર્ય કરી પોતાની આજીવિકા ચલાવે છે, પેટ ભરે છે. તે લોકનિંદિત, અસફળ મનોરથવાળા, નિરાશાથી ગ્રસ્ત હોય છે.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં સાગરની વ્યાપકતા, મહાનતા, અસીમતા, ગંભીરતા, ભયાનકતા વગેરે અનેક વિશેષતાઓને સંસાર સાથે સરખાવી, સંસાર સાગરનું તાદશ્ય ચિત્ર ખડું કર્યું છે. પ્રત્યેક ઉપમા સૂત્રપાઠથી જ સ્પષ્ટ છે.

**૧૯ आसापास–पडिबद्धपाणा अत्थोपायाण–काम–सोक्खे य लोयसारे होंति अपच्चंतगा(अफलवंतगा)य सुट्‌ठु वि य उज्जमंता, तद्दिवसुज्जुत्त–कम्मकय–दुक्खसंठविय–सित्थपिंडसंचयपरा, पक्खीण दव्वसारा, णिच्चं अधुव–धण–धण्णकोस–परिभोग विवज्जिया, रहिय–कामभोग–परिभोग–सव्वसोक्खा परसिरि–भोगोवभोग–णिस्साण–मग्गणपरायणा वरागा अकामियाए विणेंति दुक्खं, णेव सुहं णेव णिव्वुइं उवलभंति अच्चंतविउल–दुक्खसय–संपलित्ता परस्स दव्वेहिं**

**जे अविरया ।**

**ભાવાર્થ :–** અદત્તાદાનનું પાપ કરનારા પ્રાણી ભવાંતરમાં પણ અનેક પ્રકારની આશાઓ, કામનાઓ અને તૃષ્ણાઓના પાશમાં બંધાઈ રહે છે. લોકમાં સારભૂત મનાતા અર્થ ઉપાર્જન તેમજ કામભોગ સંબંધી સુખને માટે પ્રબળ પ્રયત્ન કરવા છતાં પણ તેને સફળતા પ્રાપ્ત થતી નથી. તેને હમેશા ઉદ્યમ કરવા છતાં પણ ઘણી મુશ્કેલીથી સિક્થપિંડ અર્થાત્ ચારે બાજુ વેરાયેલું, ફેંકી દીધેલું ભોજન જ પ્રાપ્ત થાય છે. તે પ્રક્ષીણ દ્રવ્યસાર હોય છે અર્થાત્ કદાચિત્ કોઈ ઉત્તમ દ્રવ્ય મળી જાય તો તે પણ નષ્ટ થઈ જાય છે અથવા તેના એકઠા કરેલા દાણાં પણ ક્ષીણ થઈ જાય છે. અસ્થિર ધન,ધાન્ય અને કોશના પરિભોગથી તે હંમેશાં વંચિત રહે છે. કામ એટલે શબ્દ અને રૂપ, ભોગ એટલે ગંધ, સ્પર્શ અને રસ તેના ભોગ ઉપભોગથી પ્રાપ્ત થનારા સમસ્ત સુખથી તે વંચિત રહે છે. બીજાની લક્ષ્મીના ભોગ–ઉપભોગને પોતાને આધીન બનાવવાના પ્રયાસમાં તત્પર રહેવા છતાં, દરિદ્રતા ન ઈચ્છવા છતાં પણ કેવળ દુઃખના જ ભાગીદાર થાય છે. તેઓને સુખ મળતું નથી, શાંતિ–માનસિક સ્વસ્થતા અથવા સંતોષ પણ મળતો નથી. જે બીજાના દ્રવ્યોથી–પદાર્થોથી વિરક્ત થયા નથી અર્થાત્ જેઓએ અદત્તાદાનનો પરિત્યાગ કર્યો નથી, તે અત્યંત અને વિપુલ સેંકડો દુઃખોની અગ્નિમાં બળતા રહે છે.

**ચૌર્યકર્મ ઉપસંહાર :–**

**२० एसो सो अदिण्णादाणस्स फलविवागो, इहलोइओ अप्पसुहो बहुदुक्खो महब्भओ बहुरयप्पगाढो दारुणो कक्कसो असाओ वाससहस्सेहिं मुच्चइ, ण य अवेयलत्ता अत्थि उ मोक्खोत्ति ।**

**एवमाहंसु णायकुल-णंदणो महप्पा जिणो उ वीरवर-णामधेज्जो कहेसी य अदिण्णादाणस्स फलविवागं । एयं तं तइयं पि अदिण्णादाणं- हर-दह-मरण-भय- कलुसतासण-परसंतिकभेज्ज लोहमूलं एवं** *जाव* **चिरपरिचियमणुगयं दुरंतं । त्ति बेमि ॥**

**॥ तइयं अहम्मदारं समत्तं ॥**

**ભાવાર્થ :–** અદત્તાદાનનું આ ફલવિપાક–પરિણામ છે, જે આ લોક અને પરલોકમાં(નરકાદિ ભવમાં) ભોગવવું પડે છે. તેમાં અલ્પસુખ અને મહાઃદુઃખ છે. તે અત્યંત ભયાનક છે, અત્યંત ગાઢ કર્મ રૂપી રજથી યુક્ત છે, અત્યંત દારુણ છે, કઠોર છે, અત્યંત અશાતાને ઉત્પન્ન કરનાર છે. હજારો વર્ષો પછી તેમાંથી છુટકારો પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ તેને ભોગવ્યા વિના છુટકારો થતો નથી.

જ્ઞાતકુલનંદન મહાન આત્મા શ્રેષ્ઠ મહાવીર નામથી વિખ્યાત જિનેશ્વર દેવે અદત્તાદાનનું આ ફળ પ્રતિપાદિત કર્યું છે.

આ અદત્તાદાન પરધન, અપહરણ, દહન, મૃત્યુ, ભય, મલિનતા, ત્રાસ, રૌદ્રધ્યાન એવં લોભનું મૂળ છે. આ પ્રકારે તે ***યાવત્*** દીર્ઘકાલથી પરિચિત–અભ્યસ્ત અને અનુગત છે, તેનો અંત મુશ્કેલીથી થાય છે.

## ॥ ત્રીજું અધર્મદ્વાર સમાપ્ત ॥

## વિવેચન :–

મૂળપાઠનો આશય સ્પષ્ટ છે. મૂળમાં અદત્તાદાનના ફળ વિપાકને **अप्पसुहो** કહેવામાં આવેલ છે. આ પાઠ હિંસા આદિના ફળ વિપાકના વિષયમાં પણ પ્રયુક્ત થયેલ છે. "અલ્પ" શબ્દના બે અર્થ ઘટિત થાય છે. અભાવ અને થોડું. અહિંયા બન્ને અર્થ ઘટિત થાય છે અર્થાત્ અદત્તાદાનનું ફળ સુખથી રહિત છે. જે પૂર્વના વિસ્તૃત વર્ણનથી સ્પષ્ટ છે. જ્યારે "અલ્પ"નો અર્થ "થોડો" એ પ્રમાણે કરવાથી તેનો અર્થ, લેશમાત્ર, નામમાત્ર થાય છે. પહાડ જેવડાં દુઃખોની તુલનામાં તે સુખ રાઈ બરાબર છે.

અહિંયા અર્થ અને કામભોગને લોકમાં "સાર" કહ્યા છે. તે સામાન્ય સાંસારિક પ્રાણીઓની દષ્ટિએ સમજવું જોઈએ. પારમાર્થિક દષ્ટિથી તો અર્થ–અનર્થોનું મૂળ છે અને કામભોગ આશીવિષ સર્પ સમાન છે.

પ્રસ્તુત ઉપસંહાર સૂત્રમાં અદત્તાદાન આશ્રવનો ઉપસંહાર કર્યો છે. તેમાં તેના ફળ વિપાકની દારુણતા પ્રગટ કરી છે. પ્રાયઃ પ્રાણાતિપાત અને મૃષાવાદની સમાન છે. તે કથન શ્રી જિનેશ્વર પ્રભુ મહાવીરે કર્યું છે. આ આશ્રવ સંસારી પ્રાણીઓને માટે ચિર પરિચિત છે, અનાદિકાલથી જીવની સાથે છે, જન્મ મરણની પરંપરા વધારે છે અને દુરંત–અત્યંત પ્રયત્ન પૂર્વક તેનો અંત થઈ શકે છે. અદત્તાદનના આ પ્રકારના સ્વરૂપને સમજીને મોક્ષાર્થી સાધકે વિવેક પૂર્વક તેનો ત્યાગ કરવો જોઈએ.

## ॥ અધ્યયન–૩ સંપૂર્ણ ॥

# ચોથું અધ્યયન

## પરિચય

પ્રથમ શ્રુતસ્કંધનું આ ચોથું અબ્રહ્મચર્ય અધ્યયન છે. તેમાં ચોથા આશ્રવદ્વાર "અબ્રહ્મચર્ય"નું વર્ણન છે. તેમાં પણ અબ્રહ્મનું સ્વરૂપ, તેના પર્યાયવાચી નામ, અબ્રહ્મચર્યભાવોની ઉત્પત્તિ, અબ્રહ્મસેવી, અબ્રહ્મચર્યનું દુષ્પરિણામ આદિ પૂર્વવત્ દ્વારથી વર્ણન છે.

**અબ્રહ્મચર્યનું સ્વરૂપ :–** અબ્રહ્મ–કુશીલ. બ્રહ્મસ્વરૂપ આત્મભાવમાં રમણતા કરવી તે બ્રહ્મચર્ય અને તે ભાવથી ચ્યુત થઈ ઈન્દ્રિયોના વિષયમાં રમણતા કરવી, તેમાં મગ્ન થવું તે અબ્રહ્મ–કુશીલ છે. દેવો, મનુષ્યો, પશુઓ આદિ સંસારના સમસ્ત પ્રાણીઓ ઉપર તેનું સામ્રાજ્ય છે. સર્વ પ્રાણી તેની ઈચ્છા–અભિલાષાથી વ્યાપ્ત છે. તે પ્રાણીઓને ફસાવવામાં કીચડ સમાન છે, પાશ અને જાલની સમાન છે. તેનું વિશેષ વર્ણન આ પ્રમાણે છે– આત્માને પતિત કરાવનાર અને સંસારને વધારનાર છે. તે અબ્રહ્મ મોહ કર્મની સંતતિને વધારનાર, તપસંયમના વિઘાતક, નિમ્નજનો દ્વારા સેવિત છે અને જરા, મરણ, રોગ, શોકનું ભાજન છે. વીતરાગ એવં વીતરાગના માર્ગ પર ચાલનાર શ્રમણ–શ્રમણીઓને માટે તે ત્યાજ્ય તેમજ નિંદિત છે. તે વધ–બંધનની દશાઓને પ્રાપ્ત કરાવનાર, સંસાર પ્રવાહના વર્ધક એવં પોષક છે. અનાદિ પરિચિત એવું તે અબ્રહ્મ અભ્યસ્ત દૂષણ છે. તેનો ત્યાગ કરી અને તેના પાલનમાં સફળ થવું અત્યંત દુષ્કર છે. સ્ત્રી વેદ, પુરુષવેદ અને નપુંસકવેદ તેના ચિહ્ન છે. કર્તવ્યના બોધને, હિતાહિતના વિવેકને નષ્ટ કરાવનાર છે. બુદ્ધિને વિપરીત અથવા ભ્રષ્ટ કરાવનાર છે. અધર્મનું મૂળ તેમજ મોક્ષ સાધનાનું વિરોધી છે.

અબ્રહ્મના ભાવો વિવિધ પ્રકારે પ્રગટ થાય છે, તે ભાવને પ્રગટ કરવા શાસ્ત્રકારે તેના ૩૦ પર્યાયવાચી નામો દર્શાવ્યા છે.

**અબ્રહ્મભાવોની ઉત્પત્તિ :–** અબ્રહ્મચર્યનું મૂળ મનમાં ઉત્પન્ન થતો એક વિશેષ પ્રકારનો વિકારભાવ છે. આ વિકારભાવ વેદ મોહકર્મના ઉદયથી અને આહાર, રૂપ, સ્ત્રી સંયોગ આદિ નિમિત્તોથી ઉત્પન્ન થાય છે. કુસંગતથી પણ વિકારભાવોને બળ મળે છે.

શરીર પુષ્ટ થાય, ઈન્દ્રિયો બળવાન બને તોપણ કામ વાસનાના વિકારભાવો ઉત્પન્ન થઈ શકે છે. માટે બ્રહ્મચર્યની આરાધના કરનાર સાધકોએ વિવિધ તપશ્ચર્યા દ્વારા ઈન્દ્રિયો પર નિયંત્રણ રાખી, રસનેન્દ્રિયને સંયમિત કરી, પૌષ્ટિક આહારનો ત્યાગ કરવો અનિવાર્ય છે.

**અબ્રહ્મસેવી :–** કામવાસનામાં ફસાયેલા, મોહિત મતિવાળા ચારે જાતિના દેવ–ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક તથા મનુષ્ય અને તિર્યંચ જલચર, સ્થળચર, ખેચર આ સર્વ સ્ત્રી પુરુષ રૂપે પરસ્પર

મૈથુન(અબ્રહ્મ) સેવન કરે છે અને આત્માને મોહનીય કર્મના બંધનમાં ગ્રસ્ત કરે છે.

મનુષ્યોમાં મહાઋદ્ધિ અને ઐશ્વર્યના સ્વામી રાજા, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, માંડલિક રાજા આદિ વિપુલ ભોગોપભોગની સામગ્રીથી સંપન્ન ક્રોડપૂર્વના આયુષ્ય પર્યંત કુશીલનું સેવન કરવા છતાં પણ અતૃપ્ત રહીને જ મરણને પ્રાપ્ત થાય છે. યુગલિક મનુષ્ય જેનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનું હોય છે; તેમાં પણ સંપૂર્ણ યૌવન અવસ્થા રહે છે; તેને રોગ, વૃદ્ધત્વ, વ્યાપાર, ખેતી આદિ કોઈ વિઘ્ન નથી; અસંખ્ય વર્ષો સુધી વિષય ભોગોનું સેવન કરવા છતાં પણ તે અતૃપ્ત અવસ્થામાં જ મૃત્યુને પ્રાપ્ત થાય છે.

સ્ત્રીના નિમિત્તથી પુરુષને અને પુરુષના નિમિત્તથી સ્ત્રીને વિકારભાવોની ઉત્પત્તિ થાય છે. મૈથુન વાસનામાં આસક્ત પરસ્ત્રીગામી પુરુષ પોતાના નિયમ, સમાજની મર્યાદા, આચાર–વિચારનો ભંગ કરી દે છે. સંયમમાં લીન બ્રહ્મચારી પુરુષ પણ મૈથુન સંજ્ઞાને વશીભૂત થઈ ક્ષણભરમાં ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય છે. યશસ્વી અને પ્રસિદ્ધ બ્રહ્મચારી પણ કુશીલ સેવનથી અપયશ અને અપકીર્તિના ભાગી બની જાય છે. પરસ્ત્રીગામી આ લોક, પરલોક બંને બગાડે છે અર્થાત્ સર્વત્ર ભય આક્રાંત તેમજ દુઃખમય અવસ્થામાં સમય પસાર કરે છે. દા. ત. રાવણ, મણિરથ, પદ્મરથ આદિ.

પ્રાચીન સમયમાં અબ્રહ્મને કારણે સ્ત્રીઓને માટે મોટા મોટા યુદ્ધ થયા છે, લોહીની નદીઓ વહેલી છે. દા.ત. સીતા, દ્રૌપદી, રુક્મણી, પદ્માવતી, તારા, કંચના, અહલ્યા, સુવર્ણગુલિકા, વિધુન્મતિ, રોહિણી આદિ. તે સિવાય અન્ય પણ અનેક સેંકડો ક્લેશ, દ્વંદ્વ યુદ્ધો પણ મૈથુન તેમજ સ્ત્રીઓના નિમિત્તથી થયા છે અને થતાં જ રહે છે.

**અબ્રહ્મચર્યનું દુષ્પરિણામ :–** મોહને વશીભૂત પ્રાણી અબ્રહ્મમાં આસક્ત થઈ મૃત્યુ સમયે અશુભ પરિણામોથી નરક અને તિર્યંચગતિમાં જાય છે. જ્યાં વિભિન્ન ભયંકર વેદનાઓનો અનુભવ કરે છે. તે ચારગતિ, ચોવીસ દંડકરૂપ સંસાર અટવીમાં વારંવાર પરિભ્રમણ કરે છે. અબ્રહ્મનું ફળ અતિશય દુઃખજનક છે, ક્ષણ માત્રનું સુખ છે અને અપાર દુઃખોનું ભાજન છે.

પરસ્ત્રીગામી પ્રાણી અબ્રહ્મના સેવનથી પોતાની શાંતિનો ભંગ કરે છે; તે નિંદિત થાય છે; દુષ્ટ રીતે વધ, બંધન આદિ અવસ્થાને પ્રાપ્ત થાય છે; નરકગતિના મહેમાન બને છે. તે ભવોભવ અબ્રહ્મની તૃષ્ણામાં પડી રહે છે તેમજ ભોગ સામગ્રીથી વંચિત રહે છે. તે દીર્ઘકાળ સુધી અનેક પ્રકારની ભીષણ દુસ્સહ યાતનાઓ ભોગવે છે. દુઃખવિપાક સૂત્રમાં પણ અબ્રહ્મચર્યના દારુણ વિપાકને અનેક કથાઓ દ્વારા સમજાવ્યો છે.

અબ્રહ્મચર્યના પરિણામોને જાણી શાશ્વત સુખ ઈચ્છનારે ઈન્દ્રિય સંયમ, મનોસંયમ રાખી, વિકારભાવો ઉપર વિજય મેળવી, બ્રહ્મચર્યની સાધના–આરાધના કરવી જોઈએ.

❖❖❖❖❖

# ચોથું અધ્યયન

## અબ્રહ્મચર્ય

### અબ્રહ્મચર્યનું સ્વરૂપ :-

**૧** जंबू ! अबंभं च चउत्थं सदेवमणुयासुरस्स लोगस्स पत्थणिज्जं पंकपणय-पासजालभूयं थीपुरिसणपुंसगवेयचिंधं तवसंजमबंभचेरविग्घं भेयाययणबहुपमायमूलं कायरकापुरिससेवियं सुयण-जण-वज्जणिज्जं उड्ढ-णरय-तिरिय-तिल्लोकपइट्ठाणं जरामरणरोगसोगबहुलं वधबंधविघाय- दुव्विघायं दंसणचरित्तमोहस्स हेउभूयं चिरपरिगय-मणुगयं दुरंतं चउत्थं अहम्मदारं ॥

**ભાવાર્થ :-** હે જંબૂ ! ચોથું આશ્રવદ્વાર અબ્રહ્મચર્ય છે. તે અબ્રહ્મચર્ય દેવો, મનુષ્યો અને અસુરો સહિત સમસ્ત લોક અર્થાત્ સંસારનાં સર્વ પ્રાણીઓ દ્વારા પ્રાર્થનીય છે અર્થાત્ સંસારનાં સર્વ પ્રાણી તેની ઈચ્છા અથવા અભિલાષા કરે છે. તે પ્રાણીઓને ફસાવનાર પંક-કીચડ સમાન, પનક-શેવાળ સમાન, જાળ સમાન છે. સ્ત્રીવેદ, પુરુષ વેદ અને નપુંસકવેદ તેનું ચિહ્ન છે. આ અબ્રહ્મચર્ય તપશ્ચર્યા, સંયમ અને બ્રહ્મચર્યને માટે વિઘ્ન સ્વરૂપ છે; સદાચાર, સમ્યક્ચારિત્રનું વિનાશક અને પ્રમાદનું મૂળ છે. કાયરો અને સત્વહીન પ્રાણીઓ દ્વારા તેનું સેવન કરાય છે. સજ્જનો-પાપથી વિરત સાધક પુરુષો દ્વારા તે વર્જનીય છે. ઉર્ધ્વલોક-દેવલોક, નરકલોક-અધોલોક અને તિરછા લોક-મધ્યલોક, આ ત્રણે લોકમાં તેનો પ્રસાર છે. તે રોગ, વૃદ્ધાવસ્થા, મૃત્યુ અને શોકને વધારનાર છે. મારવું, બંધનોમાં નાંખવા અને પ્રાણરહિત કરી દેવા છતાં તેનો અંત આવતો નથી. તે દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયનું મૂળ કારણ છે. અનાદિ કાળથી પરિચિત છે અને હંમેશાં સાથે રહેલું છે. તે દુરંત છે અર્થાત્ મુશ્કેલીથી, તીવ્ર મનોબળ, દૃઢસંકલ્પ, ઉગ્રતપસ્યા આદિ સાધનાથી જ તેનો અંત આવે છે. એવું આ અબ્રહ્મ નામનું ચોથું અધર્મદ્વાર છે.

### વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે ક્રમ પ્રાપ્ત ચોથા અબ્રહ્મચર્ય આશ્રવનું, તેની વ્યાપકતાનું અને તેના પરિણામનું કથન કર્યું છે.

**અબ્રહ્મચર્ય :-** બ્રહ્મચર્ય એટલે બ્રહ્મ સ્વરૂપ આત્મામાં રમણ કરવું. બ્રહ્મચર્યનો અભાવ તે અબ્રહ્મચર્ય છે. જે મૈથુન રૂપે લોકમાં પ્રસિદ્ધ છે.

**અબ્રહ્મચર્યની વ્યાપકતા :–** દેવ, મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવોમાં તેનું એકછત્રી સામ્રાજ્ય છે. જેની ચેતના અત્યંત અવિકસિત છે તેવા એકેન્દ્રિય જીવોમાં પણ સંજ્ઞા રૂપે, વૃત્તિરૂપે અને આંશિક પ્રવૃત્તિરૂપે વિદ્યમાન છે. સ્ત્રી, પુરુષ અને નંપુસક વેદમાં તેનો ઉદય હોય છે.

**અબ્રહ્મચર્યનું પરિણામ :–** તે અનેક અનર્થોનું સર્જન કરે છે, તેના પરિણામે જીવ જન્મ–મરણ, વધ, બંધનની પરંપરાને વધારે છે. સાત્વિક પુરુષ દઢ સંકલ્પ પૂર્વક જ તેનો ત્યાગ કરી શકે છે. કાયર પુરુષો તેમાં ચલિત થઈ જાય છે.

**અબ્રહ્મના ૩૦ નામ :–**

**૨ तस्स य णामाणि गोण्णाणि इमाणि होंति तीसं, तं जहा– अबंभं, मेहुणं, चरंतं, संसग्गि, सेवणाहिगारो, संकप्पो, बाहणा पयाणं, दप्पो, मोहो, मणसंखोभो, अणिग्गहो, वुग्गहो, विघाओ, विभंगो, विब्भमो, अहम्मो, असीलया, गामधम्मतित्ती, रई, रागचिंता, कामभोगमारो, वेरं, रहस्सं, गुज्झं, बहुमाणो, बंभचेरविग्घो, वावत्ती, विराहणा, पसंगो, कामगुणोत्ति य । तस्स एयाणि एवमाईणि णामधेज्जाणि होंति तीसं ।**

**ભાવાર્થ :–** અબ્રહ્મચર્યના ગુણ નિષ્પન્ન અર્થાત્ સાર્થક ત્રીસ નામ છે, તે આ પ્રમાણે છે– (૧) અબ્રહ્મ (૨) મૈથુન (૩) ચરંત (૪) સંસર્ગિ (૫) સેવનાધિકાર (૬) સંકલ્પી (૭) બાધનાપદ (૮) દર્પ (૯) મૂઢતા (૧૦) મનઃસંક્ષોભ (૧૧) અનિગ્રહ (૧૨) વિગ્રહ (૧૩) વિઘાત (૧૪) વિભંગ (૧૫) વિભ્રમ (૧૬) અધર્મ (૧૭) અશીલતા (૧૮) ગામધર્મતપ્તિ (૧૯) રતિ (૨૦) રાગચિંતા (૨૧) કામભોગ માર (૨૨) વૈર (૨૩) રહસ્ય (૨૪) ગુહ્ય (૨૫) બહુમાન (૨૬) બ્રહ્મચર્યવિઘ્ન (૨૭) વ્યાપત્તિ (૨૮) વિરાધના (૨૯) પ્રસંગ (૩૦) કામગુણ, ઈત્યાદિ. તે અબ્રહ્મના આ ત્રીસ નામ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અબ્રહ્મચર્યના ગુણનિષ્પન્ન ત્રીસ નામનું કથન કર્યું છે, તેને વિસ્તારથી વિચારતાં અબ્રહ્મચર્યનું સ્વરૂપ સ્પષ્ટ થઈ જાય છે.

૧. **अबंभं** :– અકુશળ અનુષ્ઠાન, અશુભ આચરણ હોવાથી તેને અબ્રહ્મ કહે છે.

૨. **मेहुणं** :– મિથુન અર્થાત્ નર–નારીના સંયોગથી થનારું કૃત્ય હોવાથી તેને મૈથુન કહે છે.

૩. **चरंतं** :– સમગ્ર સંસારમાં વ્યાપ્ત હોવાથી તેને ચરંત કહે છે.

૪. **संसग्गि** :– સ્ત્રીઓ અને પુરુષના સંસર્ગથી ઉત્પન્ન થાય છે તેથી તેને સંસર્ગ કહે છે.

૫. **सेयणाहिगारो** :– ચોરી આદિ અન્ય પાપકર્મોનું પ્રેરક હોવાથી તેને સેવનાધિકાર કહે છે.

૬. **संकप्पो** :– માનસિક સંકલ્પથી ઉત્પન્ન થતું હોવાથી તેને સંકલ્પી કહે છે.

૭. **बाधणापयाणं** :– પદ અર્થાત્ સંયમ સ્થાનોને બાધિત કરનાર અથવા **'बाघना प्रजानाम्'** પ્રજા અર્થાત્ સર્વસાધારણને દુઃખી કરનારું કૃત્ય હોવાથી તેને બાધનાપદ કહે છે.

૮. **दप्पो** :– શરીર અને ઈન્દ્રિયોનો દર્પ વિશેષ પુષ્ટ થવાથી ઉત્પન્ન થતું હોવાથી તેને દર્પ કહે છે.

૯. **मोहो** :– (અજ્ઞાનતા) અવિવેક–હિતાહિતના વિવેકને નષ્ટ કરીને વ્યક્તિને મૂઢ બનાવે છે. તેથી તેને મોહ કહે છે.

૧૦. **मणसंखोभो** :– માનસિક ક્ષોભથી ઉત્પન્ન થાય છે અથવા મનમાં ક્ષોભ, ઉદ્વેગ ઉત્પન્ન કરે છે અથવા મનને ચલાયમાન કરતું હોવાથી તેને મનઃસંક્ષોભ કહે છે.

૧૧. **अणिग्गहो** :– મનોનિગ્રહ ન કરવાથી ઉત્પન્ન થતું હોવાથી તેને અનિગ્રહ કહે છે.

૧૨. **वुग्गहो** :– લડાઈ–ઝગડા ક્લેશ ઉત્પન્ન કરાવનાર અથવા વિપરીત ગ્રહ–આગ્રહ અભિનિવેશથી ઉત્પન્ન થાય છે તેથી તેને વિગ્રહ કહે છે.

૧૩. **विघाओ** :– આત્માના ગુણોનું ઘાતક છે. તેથી તેને વિઘાત કહે છે.

૧૪. **विभंगो** :– સંયમ આદિ સદગુણોનો ભંગ કરનાર છે. તેથી તેને વિભંગ કહે છે.

૧૫. **विब्भमो** :– ભ્રમનો ઉત્પાદક અર્થાત્ અહિતમાં હિતની બુદ્ધિ ઉત્પન્ન કરે છે. તેથી તેને વિભ્રમ કહે છે.

૧૬. **अहम्मो** :– પાપનું કારણ છે. તેથી તેને અધર્મ કહે છે.

૧૭. **असीलया** :– શીલનું ઘાતક, સદાચરણનું વિરોધી છે. તેથી તેને અશીલતા કહે છે.

૧૮. **गामधम्मतित्ती** :– ઈન્દ્રિયોના વિષયભૂત શબ્દાદિ કામ–ભોગોની અને ગવેષણા સેવનરૂપ હોવાથી તેને ગામધર્મતૃપ્તિ કહે છે.

૧૯. **रई** :– ક્રીડા –સંભોગ કરવારૂપ હોવાથી તેને રતિ કહે છે.

૨૦. **रागचिंता** :– નર–નારીના શ્રૃંગાર હાવ–ભાવ વિલાસ આદિના ચિંતનથી ઉત્પન્ન થાય છે. તેથી તેને રાગચિંતા કહે છે.

૨૧. **कामभोगमारो** :– કામ ભોગોની આસક્તિથી થનારા મૃત્યુનું કારણ બની શકે છે. તેથી તેને કામભોગમાર કહે છે.

૨૨. **वेरं** :– વેર વિરોધનો હેતુ હોવાથી તેને વૈર કહે છે.

૨૩. **रहस्सं** :– એકાંતમાં કરવામાં આવતું કૃત્ય હોવાથી તેને રહસ્ય કહે છે.

૨૪. **गुज्झं** :– છુપાઈને કરવામાં આવતું યા છુપાવવા યોગ્ય કર્મ હોવાથી તેને ગુહ્ય કહે છે.

૨૫. **बहुमाणो** :– સંસારી જીવો દ્વારા બહુમાન્ય હોવાથી તેને બહુમાન્ય કહે છે.

૨૬. **बंभचेरविग्घो** :– બ્રહ્મચર્યના પાલનમાં વિઘ્ન કરનાર છે. તેથી તેને બ્રહ્મચર્ય વિઘ્ન કહે છે.

૨૭. **वावत्ती** :– આત્માના સ્વાભાવિક ગુણોનું વિનાશક હોવાથી તેને વ્યાપત્તિ કહે છે.

૨૮. **विराहणा** :– સમ્યક્ ચારિત્રની વિરાધના કરનારું કૃત્ય છે. તેથી તેને વિરાધના કહે છે.
૨૯. **पसंगो** :– આસક્તિનું પ્રબળ કારણ હોવાથી તેને પ્રસંગ કહે છે.
૩૦. **कामगुणो** :– કામ વાસનાનું કાર્ય હોવાથી તેને કામગુણ કહે છે.

**વિવેચન :–**

પૂર્વોક્ત ત્રીસ નામને વિચારતા સ્પષ્ટ થાય છે કે અબ્રહ્મચર્યસેવનનું મૂળ મનમાં ઉત્પન્ન થનાર એક વિશેષ પ્રકારનો વિકાર છે. માટે તેને "મનોજ્ઞ" પણ કહેલ છે. તે ઉત્પન્ન થતાં જ મનને ડહોળી નાખે છે. આ કારણે તેનું નામ 'મન્મથ' પણ છે. મનમાં ઉત્પન્ન થનાર આ વિકાર શુદ્ધ આત્મસ્વરૂપની ઉપલબ્ધિમાં બાધક છે, તે ચારિત્રમાં વિઘ્ન ઉપસ્થિત કરે છે.

જ્યારે ઈન્દ્રિયો બળવાન બની જાય, શરીર પુષ્ટ થઈ જાય, ત્યારે જ કામવાસના ઉત્પન્ન થઈ શકે છે. દર્પ નામથી આ સ્પષ્ટ થાય છે. તેથી પૂર્ણ બ્રહ્મચર્યની આરાધના કરનારા સાધક વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરીને પોતાની ઈન્દ્રિયોને નિયંત્રિત રાખે છે અને પોતાના શરીરને પણ બલિષ્ટ બનાવતા નથી. તેના માટે રસનેન્દ્રિય પર નિયંત્રણ રાખવું અને પૌષ્ટિક આહારનો ત્યાગ કરવો અનિવાર્ય જ છે.

ત્રીસ નામોમાં એક નામ સંસર્ગી પણ છે. તેનાથી ધ્વનિત થાય છે કે અબ્રહ્મચર્યના પાપથી બચવા માટે વિજાતીય સંસર્ગથી દૂર રહેવું જોઈએ. વિજાતીય સંસર્ગ કામ વાસનાને ઉત્પન્ન કરે છે.

અબ્રહ્મચર્યના મોહ, વિગ્રહ, વિઘાત, વિભ્રમ, વ્યાપત્તિ, બાધનાપદ આદિ જે નામ છે તેનાથી જાણી શકાય છે કે આ વિકાર મનમાં વિપરીત ભાવનાઓ ઉત્પન્ન કરે છે. કામને વશીભૂત થયેલ પ્રાણી મૂઢ બની જાય છે. તે હિતાહિતને, કર્તવ્ય અકર્તવ્યને, શ્રેય–અશ્રેયને યથાર્થ રૂપે સમજી શકતા નથી. તેનો વિવેક નષ્ટ થઈ જાય છે. તેનો વિચાર વિપરીત દિશા પકડી લે છે, તેના શીલ–સદાચાર– સંયમનો વિનાશ થઈ જાય છે.

વિગ્રહિક અને 'વેર' નામથી સ્પષ્ટ થાય છે કે અબ્રહ્મચર્ય લડાઈ, ઝગડા, યુદ્ધ, ક્લેશ આદિનું કારણ છે. પ્રાચીન કાળમાં કામવાસનાને કારણે અનેકાનેક યુદ્ધો થયેલા છે. જેમાં હજારો, લાખો મનુષ્યોનું લોહી રેડાયેલ છે. શાસ્ત્રકારે સ્વયં આગળ એવા અનેક ઉદાહરણ પ્રગટ કર્યા છે. આધુનિક કાળમાં પણ અબ્રહ્મ સેવનની કુવૃત્તિના કારણે અનેક પ્રકારના લડાઈ ઝગડા થતા જ રહે છે, હત્યાઓ પણ થતી રહી છે.

આ રીતે પૂર્વોક્ત ત્રીસ નામ અબ્રહ્મચર્યના સ્વરૂપને અને તેનાથી થનારા ભીષણ અનર્થોને પણ સૂચિત કરે છે.

## અબ્રહ્મચર્યના સેવક જીવો :–

**૩** **तं च पुण णिसेवंति सुरगणा सअच्छरा मोहमोहियमई असुर–भुयग–गरुल–**

**विज्जु जलण–दीव–उदहि–दिसि–पवण–थणिया, अणवण्णिय–पणवण्णिय–इसि वाइय–भूयवाइय कंदिय महाकंदिय–कहंड–पयंगदेवा, पिसाय–भूय–जक्ख–रक्खसकिण्णर–किंपुरिस–महोरग गंधव्वा, तिरिय–जोइस–विमाणवासि– मणुयगणा, जलयर–थलयर–खहयरा, मोहपडिबद्धचित्ता अवितण्हा कामभोगतिसिया, तण्हाए बलवईए महईए समभिभूया गढिया य अइमुच्छिया य अबंभे उस्सण्णा तामसेण भावेण अणुम्मुक्का दंसण–चरित्तमोहस्स पंजरं पिव करेंति अण्णोण्णं सेवमाणा।**

**ભાવાર્થ :–** અપ્સરાઓ–દેવાંગનાઓ સહિત સુરગણ–વૈમાનિક દેવો તે અબ્રહ્મ નામના પાપાશ્રવનું સેવન કરે છે. જેની બુદ્ધિ મોહના ઉદયથી મૂઢ બની ગઈ છે તેવા અસુરકુમાર, ભુજંગ–નાગકુમાર, ગરૂડકુમાર– સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, પવનકુમાર તથા સ્તનિતકુમાર. આ દશ પ્રકારના ભવનવાસી દેવ અબ્રહ્મનું સેવન કરે છે.

અણપન્નિક, પણપન્નિક, ઋષિવાદિક, ભૂતવાદિક, કન્દિત, મહાકન્દિત, કુષ્માન્ડ અને પતંગદેવ પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિમ્પુરુષ, મહોરગ અને ગાંધર્વ આ આઠ પ્રકારના વ્યંતર દેવ છે. તે સિવાય મધ્યલોકમાં વિમાનોમાં નિવાસ કરનાર જ્યોતિષ્ક દેવ, મનુષ્યગણ તથા જલચર, સ્થલચર અને ખેચર આકાશમાં ઉડનારા પક્ષી [આ પંચેન્દ્રિય તિર્યંચ જીવ] અબ્રહ્મનું સેવન કરે છે.

જેનું ચિત્ત મોહથી ગ્રસ્ત(પ્રતિબદ્ધ)છે, જેને પ્રાપ્ત કામ–ભોગ સંબંધી તૃષ્ણાનો અંત થયો નથી, જે અપ્રાપ્ત કામ ભોગોને માટે તૃષાતુર છે, જે પ્રગાઢ અને મહાન તૃષ્ણાથી દુષ્ટ રીતે પરાજિત છે, જેના માનસને પ્રબળ કામલાલસાએ પરાજિત કર્યું છે, જે વિષયોમાં અત્યંત આસક્ત–મૂર્ચ્છિત છે. જેને કામ વાસનાની તીવ્રતાથી થનારા દુષ્પરિણામોનું ભાન નથી, જે અબ્રહ્મના કીચડમાં ફસાયેલા છે અને જે તામસભાવ–અજ્ઞાનરૂપ જડતાથી મુક્ત થયા નથી તેવા [દેવ–મનુષ્ય– તિર્યંચ] પરસ્પર નર–નારીના રૂપમાં મૈથુનનું સેવન કરતા પોતાના આત્માને દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મના પિંજરામાં નાંખે છે અર્થાત્ તે પોતે પોતાને મોહનીય કર્મના બંધનથી ગ્રસ્ત કરે છે.

## વિવેચન :–

પૂર્વોક્ત સૂત્રમાં અબ્રહ્મનું સેવનકરનાર સાંસારિક–પ્રાણીઓનું કથન કર્યું છે. વૈમાનિક, જ્યોતિષ્ક, ભવનવાસી અને વ્યંતર આ ચારે નિકાયોના દેવો, મનુષ્યો તથા જલચર, સ્થળચર અને ખેચર તિર્યંચ વગેરે સર્વ પ્રાણીઓ કામવાસનાથી યુક્ત છે.

પ્રસ્તુત પાઠમાં અબ્રહ્મચર્યનું સેવન કરનાર જીવોના કથનમાં સર્વ પ્રથમ દેવોનો ઉલ્લેખ કર્યો છે. તેનું કારણ એ છે કે અન્ય ગતિના જીવોની અપેક્ષાએ દેવોમાં કામવાસના વિશેષ હોય છે. તે અનેક પ્રકારે વિષય સેવન કરે છે. શ્રી સ્થાનાંગ સૂત્રમાં તેનું વિસ્તૃત વિવેચન છે. અધિક વિષય સેવનનું કારણ તેનું

સુખમય જીવન છે. વૈક્રિયશક્તિ પણ તેમાં સહાયક હોય છે.

અત્રે એ ધ્યાન રાખવું આવશ્યક છે કે વૈમાનિક દેવોના બે પ્રકાર છે. કલ્પોપપન્ન અને કલ્પાતીત. બાર દેવલોક સુધીના દેવ કલ્પોપપન્ન અને ગ્રૈવેયક વિમાનો તથા અનુત્તર વિમાનોના દેવ કલ્પાતીત હોય છે. અબ્રહ્મનું સેવન કલ્પોપપન્ન દેવો સુધી સીમિત છે. કલ્પાતીત દેવ અપ્રવિચાર–મૈથુન સેવનથી રહિત હોય છે. તેથી જ મૂળપાઠમાં **मोह–मोहियमई** [જેની મતિ મોહથી મૂઢ બની છે તેવા દેવો] વિશેષણનો પ્રયોગ કરેલ છે. જો કે કલ્પાતીત દેવોમાં પણ મોહની વિદ્યમાનતા છે છતાંપણ તેની મંદતાને કારણે તે મૈથુન પ્રવૃત્તિથી વિરત હોય છે.

આ રીતે દેવ, મનુષ્ય અને તિર્યંચ અબ્રહ્મ નામના આશ્રવનું સેવન કરે છે.

### ચક્રવર્તીનો વિશિષ્ટ ભોગ :–

**૪ भुज्जो य असुर–सुर–तिरिय–मणुयभोग–रइविहार–संपउत्ता य चक्कवट्टी सुर–णरवइ–सक्कया सुरवरुव्व देवलोए ।**

**ભાવાર્થ :–** અસુર–વ્યંતર દેવો, સુરો, યક્ષો, તિર્યંચો, મનુષ્યો અને ભોગોમાં રતિપૂર્વક વિહાર કરતા, વિવિધ પ્રકારની કામક્રીડામાં પ્રવૃત્ત, દેવતાઓ, ઈન્દ્રો અને નૃપતિઓ વડે સન્માનિત તેવા ચક્રવર્તી પણ કામભોગથી તૃપ્ત થતા નથી. દેવલોકના મહર્દ્ધિક દેવોની જેમ તે સુખ ભોગવ્યા જ કરે છે.

### ચક્રવર્તીનો રાજ્ય વિસ્તાર :–

**૫ भरह–णग–णगर–णिगम–जणवय–पुरवर–दोणमुह–खेड–कब्बड–मडंब–संवाह पट्टणसहस्समंडियं थिमियमेयणियं एगच्छत्तं ससागरं भुंजिऊण वसुहं ।**

**ભાવાર્થ :–** ભરતક્ષેત્રમાં પર્વતો, નગરો, નિગમો, વ્યાપાર કરનારી વસ્તીઓ–જનપદો, રાજધાની આદિ વિશિષ્ટ નગરો, દ્રોણમુખ–જ્યાં જળમાર્ગ અને સ્થળમાર્ગ બન્નેથી જઈ શકાય તેવા સ્થાનો, ખેટ–ધૂળ ના પ્રાકારવાળી વસ્તીઓ, કર્બટો–કસ્બા, મડંબો–જેની આસપાસ દૂર સુધી કોઈ વસ્તી ન હોય તેવા સ્થાનો, સંબાહો–છાવણીઓ, પટ્ટણ–વ્યાપાર પ્રધાન નગરી, એવી હજારો નગરીઓથી સુશોભિત અને સુરક્ષિત, સ્થિર લોકોના નિવાસવાળી, એકછત્ર અધિપત્યવાળી, સમુદ્રપર્યંત પૃથ્વીનો ઉપભોગ ચક્રવર્તી કરે છે.

### ચક્રવર્તીના વિશેષણ :–

**૬ णरसीहा णरवई णरिंदा णरवसहा मरुयवसहकप्पा अब्भहियं रायतेयलच्छीए**

**दिप्पमाणा सोमा रायवंसतिलगा ।**

**ભાવાર્થ :–** જે ચક્રવર્તી મનુષ્યોમાં સિંહની સમાન શૂરવીર, નૃપતિ, નરેન્દ્ર–મનુષ્યોમાં સર્વથી અધિક ઐશ્વર્યશાળી, નરવૃષભ–સ્વીકાર કરેલી જવાબદારી નિભાવવામાં સમર્થ એવા મરુભૂમિના વૃષભ સમાન સામર્થ્યવાન, અત્યધિક રાજ–તેજ રૂપી લક્ષ્મી વૈભવથી દેદીપ્યમાન, સૌમ્ય–શાંત અને નિરોગી છે. તે રાજવંશોમાં તિલકની સમાન શ્રેષ્ઠ છે.

**ચક્રવર્તીના શુભ લક્ષણ :–**

**૭ रवि–ससि–संख–वरचक्क–सोत्थिय–पडाग–जव–मच्छ–कुम्म–रहवर–भग भवण–विमाण–तुरय–तोरण–गोपुर मणिरयण–णंदियावत्त–मुसल–णंगल सुरइय वरकप्परुक्ख मिगवइ–भद्दासण–सुरुचिथूभ–वरमउडसरिय–कुंडल–कुंजर–वरवसह–दीव मंदर गरुलज्झय–इदंकेउ–दप्पण–अट्ठावय चाव–बाण– णक्खत्त–मेहमेहल–वीणा जुग–छत्त दाम–दामिणि कमंडलुं–कमल–घंटा–वरपोय–सूइ–सागर–कुमुदागर–मगर–हार–गागर–णेउर णग–णगर वइर किण्णर–मयूर–वररायहंस–सारस–चकोर–चक्कवाग–मिहुण–चामर–खेडग–पव्वीसग विपंचि–वरता–लियंट–सिरियाभिसेय–मेइणि–खग्गं–कुस–विमल–कलस–भिंगार–वद्धमाणग पसत्थ–उत्तम विभत्तवरपुरिसलक्खणधरा ।**

**ભાવાર્થ :–** સૂર્ય, ચંદ્ર, શંખ, શ્રેષ્ઠ, ચક્ર, સ્વસ્તિક, પતાકા, યવ, મત્સ્ય, કાચબો, ઉત્તમરથ, ભગ–યોનિ, ભવન, વિમાન, અશ્વ, તોરણ, નગરદ્વાર, મણિરત્ન, નંદાવર્ત, સ્વસ્તિક, મૂસળ, હળ, સુંદર, સુરચિત, કલ્પવૃક્ષ, સિંહ, ભદ્રાસન, સુરુચિ–એક પ્રકારનું આભૂષણ, સ્તૂપ, ઉત્તમ મુકુટ, મુક્તાવલી હાર, કુંડળ, કુંજર, સુંદર વૃષભ, દ્વીપ, મેરૂ પર્વત, ગરુડ, ધ્વજા, ઈન્દ્રધ્વજ, દર્પણ, અષ્ટાપદ–પર્વત અથવા ચોપાટ રમવાનું સાધન, ચાપ–ધનુષ્ય, બાણ, નક્ષત્ર, મેઘ, મેખલા, વીણા, ગાડાનો ધુંસર, છત્ર, દામ–માળા, દામિની–માળાનો સમૂહ, કમંડળ, કમળ, ઘંટ, નૌકા, સોય, સમુદ્ર, કુમુદવન, મગર, હાર, ગાગર–સ્ત્રીઓનું એક પ્રકારનું આભૂષણ, નૂપુર, પર્વત, નગર, વજ્ર, કિન્નર જાતિના વ્યંતર દેવ વિશેષ અથવા વાદ્ય વિશેષ, મયૂર, ઉત્તમ રાજહંસ, સારસ, ચકોર, ચક્રવાક યુગલ, ચામર, ઢાલ, વાજુ, વિપંચિ–સાત તારવાળી વીણા, શ્રેષ્ઠ પંખા, લક્ષ્મીનો અભિષેક, પૃથ્વી, તલવાર, અંકુશ, નિર્મળ કળશ, ભૃંગાર–ઝારી, વર્ધમાનક આ સર્વ શ્રેષ્ઠ–પુરુષના પ્રશસ્ત લક્ષણો છે. ચક્રવર્તી તેને ધારણ કરે છે.

**વિવેચન :–**

ચક્રવર્તીના આ લક્ષણોની સંખ્યાનો નિર્દેશ અહીં મૂળપાઠમાં કે વિવેચનમાં નથી. પુરુષના શુભ

લક્ષણ ૩૨, ૧૦૮, ૧૦૦૮ હોય છે પરંતુ આ પાઠના લક્ષણોની ગણતરી કરતાં કોઈ પણ સંખ્યા મળતી નથી.

**ચક્રવર્તીની ઋદ્ધિ :–**

**૮** **बत्तीसं वररायसहस्साणुजायमग्गा चउसट्ठिसहस्सपवरजुवतीण- णयणकंता रत्ताभा पउमपम्ह कोरंटगदामचंपक-सुतविय-वरकणकणिहसवण्णा सुवण्णा सुजायसव्वंगसुंदरंगा महग्घवरपट्टणुग्गयविचित्तरागएणिमेणिणिम्मिय-दुगुल्लवर-चीणपट्टकोसेज्ज-सोणिसुत्तगविभूसियंगा, वरसुरभि गंधवरचुण्णवास-वरकुसुम-भरियसिरया कप्पियछेयायरियसुकयरइयमालकडगंगयतुडियपवर भूसणपिणद्धदेहा एकावलिकंठसुरइयवच्छा पालंब-पलंबमाणसुकयपडउत्तरिज्जमुद्दिया -पिंगलंगुलिया उज्जल-णेवत्थरइयचेल्लगविरायमाणा, तेएण दिवाकरोव्व दित्ता, सारयणव थणियमहु-रगंभीरणिद्धघोसाउप्पण्णसमत्त-रयण-चक्करयणप्पहाणा णव णिहिवइणो समिद्धकोसा चाउरंता चाउराहिं सेणाहिं समणुजाइज्जमाणमग्गा तुरयवई गयवई रहवई णरवई विपुलकुलविस्सुयजसा सारयससिसकलसोमवयणा सूरा तिलोक्क- णिग्गयभावलद्धसद्दा समत्तभरहाहिवा णरिंदा ससेल-वण-काणणं च हिमवंतसागरंतं धीरा भुत्तूण भरहवासं जियसत्तू पवररायसीहा पुव्वकडतवप्पभावा णिविट्ठसंचियसुहा, अणेगवाससयमायुवंतो भज्जाहि य जणवयप्पहाणाहिं लालियंता अतुल सद्द-फरिस-रस-रूव-गंधे य अणुभवेत्ता ते वि उवणमंति मरणधम्मं अवितत्ता कामाणं ।**

**ભાવાર્થ :–** બત્રીસ હજાર શ્રેષ્ઠ મુકુટબદ્ધ રાજા, માર્ગમાં તેની (ચક્રવર્તીની) પાછળ–પાછળ ચાલે છે. તે ચોંસઠ હજાર શ્રેષ્ઠ મહારાણીઓની આંખોને પ્રિય હોય છે. તેના શરીરની કાંતિ રક્તવર્ણી હોય છે. તે કમળના ગર્ભ–મધ્યભાગ, ચંપાના ફૂલો, કોરંટકની માળા અને તપેલા સોનાની કસોટીપર ખેંચેલી રેખાની સમાન ગૌરવર્ણવાળા હોય છે. તેના સર્વ અંગોપાંગ અત્યંત સુંદર અને સુડોળ હોય છે. મોટા–મોટા પત્તનોમાં બનાવેલા વિવિધ રંગોની હરણી તથા ખાસ જાતિની હરણીના ચામડા સમાન કોમળ અને બહુમૂલ્ય વલ્કલથી અથવા હરણીના ચામડાથી બનેલ વસ્ત્રોથી તથા ચીની વસ્ત્રોથી, રેશમીવસ્ત્રોથી તથા કટિસૂત્રથી–કંદોરાથી તેનું શરીર સુશોભિત હોય છે. તેનું મસ્તક ઉત્તમ સુગંધથી, શ્રેષ્ઠ ચૂર્ણની સુગંધથી અને ઉત્તમ ફૂલોથી સુશોભિત હોય છે. કુશળ કલાચાર્યો, શિલ્પીઓ દ્વારા નિપુણતા પૂર્વક બનાવેલી, સુખ દેનારી, આનંદ દેનારી માળા, કડા, બાજુબંધ તુટિક તથા અન્ય ઉત્તમ આભૂષણોને તે શરીર પર ધારણ કરે છે. એકાવલી હારથી તેનો કંઠ સુશોભિત રહે છે. તે લાંબી લટકતી ધોતી અને ઉત્તરીયવસ્ત્ર પહેરે છે. તેની આંગળીઓ અંગૂઠીઓથી પીળી રહે છે. તે ઉજ્જવળ આનંદદાયક અને ચળકતા પોશાકથી

અત્યંત શોભાયમાન હોય છે. તેજસ્વિતાથી તે સૂર્ય સમાન ચમકે છે. તેનો પડકાર શરદઋતુના નવામેઘની ધ્વનિ સમાન મધુર, ગંભીર અને સ્નિગ્ધ હોય છે.

તે પ્રાપ્ત થયેલા ચૌદ રત્નોથી અને ચક્ર રત્નથી પુરુષોમાં શ્રેષ્ઠ ગણાય છે. તે નવનિધિઓના અધિપતિ હોય છે. તેનો કોશાગાર અત્યંત ભરપૂર હોય છે. તેના રાજ્યની સીમા ચાતુરન્ત હોય છે અર્થાત્ ત્રણ દિશામાં સમુદ્રસુધી અને એક દિશામાં હિમવાન પર્વત સુધી હોય છે. ચતુરંગિણીસેના–ગજસેના, અશ્વસેના, રથસેના, અને પદાતિસેના તેના માર્ગને અનુસરે છે. તે અશ્વોના અધિપતિ, હાથીઓના અધિપતિ, રથોના અધિપતિ, અને મનુષ્યોના અધિપતિ હોય છે. તે ઉચ્ચ કુળના તથા વિશ્રુત અર્થાત્ દૂર દૂર સુધી ફેલાયેલા યશ વાળા હોય છે. તેનું મુખ શરદ ઋતુના પૂર્ણ ચંદ્રમા સમાન હોય છે. તે શૂરવીર હોય છે. તેનો પ્રભાવ ત્રણે લોકમાં ફેલાયેલ હોય છે અને ચારે બાજુ તેનો જય–જયકાર થાય છે. તે સંપૂર્ણ છ ખંડવાળા ભરતક્ષેત્રના અધિપતિ ધીર, સમસ્ત શત્રુઓના વિજેતા, મોટા મોટા રાજાઓમાં સિંહની સમાન, પૂર્વ જન્મમાં કરેલ તપના પ્રભાવથી પ્રાપ્ત થયેલા સંચિત સુખને ભોગવનાર, અનેક વર્ષશત અર્થાત્ સેંકડો વર્ષના આયુષ્યવાન અને મનુષ્યોમાં ઈન્દ્ર ચક્રવર્તી હોય છે. પર્વતો, વનો અને જંગલો સહિત ઉત્તર દિશામાં હિમવાન નામનો વર્ષધર પર્વત અને શેષ ત્રણ દિશાઓમાં લવણ સમુદ્રપર્યંત સમગ્ર ભરતક્ષેત્રનો ઉપભોગ કરવા છતાં પણ, જનપદોમાં પ્રધાન–ઉત્તમ પત્નીઓ સાથે ભોગ–વિલાસ કરતાં જેની તુલના ન કરી શકાય એવા શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, અને ગંધ સંબંધી કામ–ભોગોનો અનુભવ કરવા છતાં તે કામભોગોથી તૃપ્ત થયા વિના જ મૃત્યુને પ્રાપ્ત થઈ જાય છે અર્થાત્ ઉત્કૃષ્ટ ઈન્દ્રિયોના સુખભોગવટામાં તૃપ્ત કરવાની તાકાત નથી. કારણ કે પૌદ્ગલિક સુખ ક્ષણભંગુર છે.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે ચક્રવર્તીની મહાઋદ્ધિનું નિરૂપણ કરીને કામભોગની અતૃપ્તિને પ્રદર્શિત કરી છે.

**ચક્રવર્તીની ઋદ્ધિ :–** છ ખંડના ૩૨૦૦૦ મુગટબંધી રાજાઓના અધિપતિ, ૬૪૦૦૦ દેવાંગના સમ રાણીઓ, ચૌદ રત્ન, નવનિધિ, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ અશ્વ, ૯૬ ક્રોડ પાયદળના સ્વામી હોય છે.

દીર્ઘકાલ પર્યંત ૬૪૦૦૦ પ્રિય પત્નીઓ સાથે પાંચે ઈન્દ્રિયોના અનુકૂળ ભોગોને ભોગવે છે. તેમ છતાં તેની વાસના શાંત થતી નથી. અતૃપ્તિ સાથે જ તેની જીવન લીલા સંકેલાય જાય છે.

શાસ્ત્રકાર અબ્રહ્મચર્યનું ભયાનક સ્વરૂપ સમજાવી રહ્યા છે. કામભોગના સેવનથી કોઈને કદાપિ તૃપ્તિ થઈ નથી, થતી નથી કે થશે પણ નહીં.

**न जातु कामः कामानामुपभोगे न शाम्यति ।**
**हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥**

જેમ આગમાં ઘી નાંખવાથી અગ્નિ વિશેષ પ્રજ્વલિત થાય છે, શાંત થતી નથી. તે જ રીતે કામભોગથી વાસના કદાપિ શાંત થતી નથી.

ચક્રવર્તી સમાન વિપુલતમ ભોગોથી પણ સંસારી જીવને તૃપ્તિ થતી નથી. તો સામાન્ય માનવોના ભોગોપાભોગના સાધનોથી તૃપ્તિ કઈ રીતે થઈ શકે ? આ તથ્યને પ્રકાશિત કરવાનું સૂત્રકારનું એક માત્ર લક્ષ્ય છે કે આવા કામભોગનો ત્યાગ કરી સુજ્ઞ જીવો કર્મબંધથી વિરામ પામે. [ચક્રવર્તીની ઋદ્ધિના વિસ્તૃત વિવેચન માટે જુઓ–શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર]

## વાસુદેવ અને બલદેવની ઋદ્ધિ અને શૌર્ય :-

**९** भुज्जो बलदेव–वासुदेवा य पवरपुरिसा महाबलपरक्कमा महाधणुवियट्टगा महासत्तसागरा दुद्धरा धणुद्धरा णरवसहा रामकेसवा भायरो सपरिसा वसुदेव–समुद्दविजयमाइयदसाराणं पज्जुण्ण–पईव–संब–अणिरुद्ध णिसह–उम्मुय–सारण–गय–सुमुह–दुम्मुहाईण जायवाणं अद्धुट्ठाण वि कुमारकोडीणं हिययदइया देवीए रोहिणीए देवीए देवकीए य आणंद–हिययभावणंदणकरा सोलस रायवर–सहस्साणुजायमग्गा सोलसदेवीसहस्सवर–णयणहिययदइया णाणामणिकणगरयण–मोत्तियपवाल–धणधण्णसंचय–रिद्धिसमिद्धकोसा हयगयरहसहस्स–सामी गामा–गर–णगर–खेड कब्बड–मंडब–दोणमुह–पट्टणासम–संबाह–सहस्सथिमिय–णिव्वुयपमु–इयजण–विविहसस्स णिप्फज्ज माणमेइणि सरसरिय तलाग–सेलकाणणआरामुज्जा– णमणाभिरामपरिमंडियस्स दाहिणड्ढवेयड्ढ गिरिविभत्तस्स लवण–जलहि–परिगयस्स छव्विहकालगुणकाम–जुत्तस्स अद्धभरहस्स सामिगा ।

धीरकित्तिपुरिसा ओहबला अइबला अणिहया अपराजियसत्तु मद्दणरिपु सहस्समाणमहणा साणुक्कोस्सा अमच्छरी अचवला अचंडा मियमंजुलपलावा हसिय– गंभीरमहुरभणिया अब्भुवगयवच्छला सरण्णा । लक्खणवंजणगुणोववेया माणुम्माण–पमाण पडिपुण्णसुजायसव्वंगसुंदरंगा ससिसोमागारकंतपियदंसणा अमरिसणा पयंड–डंडप्पयार–गंभीरदरिसणिज्जा तालद्धउव्विद्धगरुलकेऊ बलवग–गज्जंत–दरियदप्पिय मुट्ठियचाणूरमूरगा रिट्ठवसहघाइणो केसरिमुहविप्फाडगा दरियणागदप्पमहणा जमल– ज्जुणभंजगा महासउणिपूयणारिवू कंसमउडमोडगा जरासंधमाणमहणा ।

तेहि य अविरलसमसहियचंदमंडलसमप्पभेहिं सूरमिरीयकवयं विणिम्मुयंतेहिं सपडि दंडेहिं, आयवत्तेहिं धरिज्जंतेहिं विरायंता । ताहि य पवरगिरिकुहरविहरण–

समुद्धियाहिं णिरुवहयचमरपच्छिमसरीरसंजायाहिं अमइलसेयकमलविमुकुलज्जलिय-रययगिरिसिहर विमलससिकिरण-सरिसकलहोयणिम्मलाहिं पवणाहयचवलचलिय-सललियपणच्चियवीइपसरियखीरोदगपवरसागरुप्पूरचंचलाहिं माणससरपसरपरिचि-यावासविसदवेसाहिं कणगगिरिसिहरसंसिताहिं उवायप्पायचवलजयिणसिग्घवेगाहिं हंसवधूयाहिं चेव कलिया, णाणामणिकणगमहरिहतवणिज्जुज्जलविचित्तडंडाहिं सलिलयाहिं णरवइसिरिसमुदयप्पगासणकरीहिं वरपट्टणुग्गयाहिं समिद्धराय-कुलसेवियाहिं कालागुरुपवरकुंदरुक्कतुरुक्कधूववसवास- विसदगंधुद्धुयाभिरामाहिं चिल्लिगाहिं उभओपासं वि चामराहिं उक्खिप्पमाणाहिं सुहसीयलवाय वीइयंगा।

अजिया अजियरहा हलमूसलकणगपाणी संखचक्कगयसत्तिणंदगधरा पवरुज्जलसुकयविमल कोथूभतिरीडधारी कुंडलउज्जोवियाणणा पुंडरीयणयणा एगावलीकंठरइयवच्छा सिरिवच्छसुलंछणा वरजसा सव्वोउय-सुरभिकुसुमसुरइय पलंबसोहंत वियसंत चित्तवणमालरइयवच्छा अट्ठसयविभत्तलक्खण पसत्थ-सुंदरविराइयंगमंगा मत्तगयवरिंद-ललिय विक्कम विलसियगई कडिसुत्तग णील पीय-कोसिज्जवाससा पवरदित्ततेया सारय-णव-थणिय-महुर गंभीरणिद्धघोसा णरसीहा सीहविक्कमगई अत्थमियपवररायसीहा सोमा बारवइपुण्णचंदा पुव्वकय-तवप्पभावा णिविट्ठसंचियसुहा अणेगवाससयमाउवंता भज्जाहि य जणवयप्पहाणाहिं लालियंता अउल-सद्दफरिसरसरूवगंधे अणुहवित्ता, ते वि उवणमंति मरणधम्मं अवितत्ता कामाणं ।

**भावार्थ :-** બળદેવ તથા વાસુદેવ જેવા વિશિષ્ટ ઐશ્વર્યશાળી તેમજ ઉત્તમોત્તમ કામ-ભોગોના ઉપભોક્તા પણ જીવનના અંત સુધી ભોગ ભોગવવા છતાં પણ સંતોષ પામતા નથી. બળદેવ અને વાસુદેવ, પુરુષોમાં અત્યંત શ્રેષ્ઠ હોય છે, મહાન બળવાન અને ઉત્તમ પરાક્રમી હોય છે. મહાન(સારંગ આદિ) ધનુષોને ચડાવનાર, મહાન સત્વના સાગર, શત્રુઓ દ્વારા અપરાજેય, ધનુર્ધારી, મનુષ્યોમાં ધોરી બળદ સમાન, સ્વીકારેલ જવાબદારી-ભારને સફળતાપૂર્વક નિર્વાહ કરનાર, રામ-બળદેવ અને કેશવ-વાસુદેવ (શ્રીકૃષ્ણ)આ બંને ભાઈઓ વિશાળ પરિવાર સહિત હોય છે. તે વસુદેવ, સમુદ્ર વિજય આદિ દર્શાહ-માનનીય પુરુષોના તથા પ્રદ્યુમ્ન, પ્રતિવ, શમ્બ, અનિરુદ્ધ, નિષધ, ઉલ્મુક, સારણ, ગજ, સુમુખ, દુર્મુખ આદિ યાદવો અને સાડા ત્રણ કરોડ કુમારોના હૃદયોને પ્રિય હોય છે. તે દેવી-મહારાણી રોહિણીના તથા મહારાણી દેવકીના હૃદયમાં આનંદ ઉત્પન્ન કરનાર હોય છે. સોળહજાર મુકુટબંધ રાજા તેનું અનુસરણ કરે છે. તે સોળહજાર સુનયના મહારાણીઓના હૃદયને પ્રિય હોય છે. તેના ભંડાર વિવિધ મણિઓ, સુવર્ણો, રત્નો, મોતી, મૂંગા, ધન અને ધાન્યના સંચયરૂપી ઋદ્ધિથી સદા ભરપૂર રહે છે. તે સહસ્ર હાથીઓ,

ઘોડાઓ અને રથોના અધિપતિ હોય છે. તેના સહસ્ર ગામો, આકરો, નગરો, ખેટો, કર્બટો, મડમ્બો, દ્રોણમુખો, પટ્ટનો, આશ્રમો, સંબાહોની સુરક્ષાને માટે નિર્મિત કિલ્લામાં; સ્વસ્થ, સ્થિર, શાંત અને પ્રમુદિત માનવો નિવાસ કરે છે. જ્યાં વિવિધ પ્રકારનાં ધાન્ય ઉપજાવનારી ભૂમિ હોય છે; જ્યાં મોટા તેમજ સુંદર સરોવરો છે, નદીઓ છે; નાના–નાના તળાવો છે, પર્વત છે, વન છે, દંપતિઓને ક્રીડા કરવા યોગ્ય બગીચા છે, ઉદ્યાન છે; તેવા અનેક પ્રકારના ગામ–નગરોના તે સ્વામી હોય છે. તે વૈતાઢ્ય પર્વત દ્વારા વિભક્ત લવણ સમુદ્રથી ઘેરાયેલ દક્ષિણાર્ધ અર્ધ–ભરત ક્ષેત્રના અધિપતિ હોય છે. (તાત્પર્ય એ છે કે ભરતક્ષેત્રના છ ખંડ છે. તેની મધ્યમાં પૂર્વ પશ્ચિમ લાંબો વૈતાઢ્ય પર્વત છે, તેનાથી ભરતક્ષેત્રના બે ભાગ થાય છે, દક્ષિણાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધ. બંને વિભાગમાં ત્રણ–ત્રણ ખંડ હોય છે. વાસુદેવ દક્ષિણાર્દ્ધ ત્રણ ખંડના અધિપતિ હોય છે.) તે ક્ષેત્ર છએ ઋતુઓને અનુરૂપ અત્યંત સુખથી યુક્ત હોય છે.

બળદેવ અને વાસુદેવ ધૈર્યવાન અને કીર્તિમાન હોય છે. જેની ધીરજ અક્ષય હોય છે અને દૂર દૂર સુધી તેનો યશ ફેલાયેલ હોય છે. તે ઓઘબલી હોય છે અર્થાત્ તેનું બળ પ્રવાહરૂપે નિરંતર રહે છે, નાશ પામતું નથી. તે સાધારણ માનવોની અપેક્ષાએ અત્યધિક બળવાન હોય છે. તેને કોઈ પીડિત કરી શકતા નથી. તે શત્રુઓ દ્વારા ક્યારે ય પરાજિત થતા નથી પરંતુ સહસ્ર શત્રુઓના માન–મર્દન કરનાર હોય છે. તે દયાળુ, નિરાભિમાની, ગુણગ્રાહી, ચપળતાથી રહિત, વિનાકારણે ક્રોધ ન કરનાર, પરિમિત અને મધુર વચન બોલનાર હોય છે. તે હાસ્યયુક્ત, ગંભીર અને મધુર વાણીનો પ્રયોગ કરનાર હોય છે. તે અભ્યુપગત અર્થાત્ સામે આવેલા વ્યક્તિ પ્રતિ વાત્સલ્યતા રાખનાર તથા શરણે આવેલાની રક્ષા કરનાર હોય છે. તેનું સમગ્ર શરીર સામુદ્રિક શાસ્ત્રમાં બતાવેલ ઉત્તમ ચિહ્નોથી, વ્યંજનોથી, તલ, મસા આદિથી તથા શૌર્યાદિ ગુણોથી સંપન્ન હોય છે. માન અને ઉન્માનથી પ્રમાણસર તથા ઈન્દ્રિયો અને અવયવોથી પ્રતિપૂર્ણ હોવાના કારણે તેના શરીરના સર્વ અંગોપાંગ સુડોળ હોય છે. તેની આકૃતિ ચંદ્રની સમાન સૌમ્ય હોય છે અને તે અત્યન્ત પ્રિય, દર્શનીય અને મનોહર હોય છે. તે અપરાધને સહન કરી શકતા નથી અથવા પોતાના કર્તવ્ય પાલનમાં પ્રમાદ કરતા નથી. તે પ્રચંડ–ઉગ્ર દંડનું વિધાન કરનારા અથવા બળવાન સેનાના ધારક અને ગંભીર મુદ્રાવાળા હોય છે. બળદેવની ઊંચી ધ્વજા તાડ વૃક્ષના ચિહ્નથી અને વાસુદેવની ધ્વજા ગરૂડના ચિહ્નથી અંકિત હોય છે. ગર્જના કરી રહેલ અભિમાનીઓમાં પણ અભિમાની મુષ્ટિક અને ચાણુર નામના પહેલવાનોના અભિમાનનું ખંડન કરનાર, રિષ્ટ નામના બલીવર્દ–સાંઢનો ઘાત કરનાર, કેસરીસિંહના મુખને ફાડનાર, ઝેરી કાળી નાગના વિષનું દમન કરનાર, વૈક્રિય લબ્ધિથી વૃક્ષ રૂપે ઊભેલા યમલ અને અર્જુનને નષ્ટ કરનાર, મહાશકુનિ અને પૂતના નામના વિદ્યાધારીઓના શત્રુ, કંસના મુગુટને મરડી નાખનાર અર્થાત્ કંસને પકડીને નીચે પછાડીને તેના મુગુટને ભંગ કરી દેનાર, જરાસંધ જેવા પ્રતાપી રાજાનું માન ભંગ કરનાર હોય છે.

તે સઘન, સમાન અને ઉંચી શલાકાઓથી નિર્મિત તથા ચંદ્રમંડળની સમાન–કાંતિયુક્ત સૂર્યના કિરણોની સમાન ચારે તરફ ફેલાયેલા, કિરણોરૂપી કવચને વિખેરનાર અનેક પ્રકારના પ્રતિદંડોથી યુક્ત છત્રોને ધારણ કરવાથી અત્યંત શોભાયમાન હોય છે. તેની બંને બાજુ (વીંઝાઈ રહેલા ચામરોથી) સુખદ અને શીતલ પવન કરવામા આવે છે. તે[ચામર] શ્રેષ્ઠ પર્વતોની ગુફામાં પાર્વત્ય પ્રદેશોમાં વિચરણ કરનાર

ચમરી ગાયોના પૂંછડામાં ઉત્પન્ન થયેલ તાજા; શ્વેત કમલ સમાન, ઉજ્જવલ સ્વચ્છ, રજતગિરિના શિખર અને નિર્મલ ચંદ્રના કિરણો સમાન વર્ણવાળા તથા ચાંદી સમાન નિર્મળ હોય છે; પવનથી પ્રતાડિત ચપળતાથી ચાલનાર; લીલા પૂર્વક નૃત્ય કરતાં અને લહેરોના પ્રસાર તથા સુંદર ક્ષીરસાગરના સલિલપ્રવાહ સમાન ચંચળ હોય છે તેમજ તે માનસરોવરના વિસ્તારમાં પરિચિત આવાસવાળી,શ્વેતવર્ણવાળી, સુવર્ણ ગિરિ[મેરૂ પર્વત]પર સ્થિત તથા ઉપર નીચે જવા–આવવામાં અત્યંત ચંચળ–વેગ યુક્ત હંસલીઓ સમાન હોય છે. વિવિધ પ્રકારના મણિઓની કાંતિથી તથા તપ્ત સુવર્ણની પ્રભાથી ઉજ્જવળ અને રંગબેરંગી લાગે છે. તે લાલિત્યથી યુક્ત અને નરપતિઓની લક્ષ્મીના અભ્યુદયને પ્રકાશિત કરે છે. તે શિલ્પ પ્રધાન પતનો અને નગરોમાં નિર્મિત હોય છે અને સમૃદ્ધશાળી રાજકુળોમાં તેનો ઉપયોગ કરવામાં આવે છે. તે ચામર કાળુ, અગરુ, ઉત્તમ કુંદરૂક, ચીડની લાકડી તેમજ તુરૂષ્ક, લોબાનના ધૂપના કારણે ઉત્પન્ન થનારી સુગંધના સમૂહથી સુગંધિત હોય છે. આવા ચામર બળદેવ અને વાસુદેવની બંને તરફ વીંજવામાં આવે છે. જેનાથી સુખપ્રદ તથા શીતલ પવનનો પ્રસાર થાય છે.

તે બળદેવ અને વાસુદેવ અપરાજિત હોય છે અર્થાત્ કોઈ દ્વારા જીતી શકાતા નથી. તેના રથ અપરાજીત હોય છે. બળદેવ હાથમાં હળ, મૂસળ અને બાણ ધારણ કરે છે અને વાસુદેવ પંચજન્યશંખ, સુદર્શન ચક્ર, કૌમુદીગદા, શક્તિ વિશેષ અને નંદક નામનું ખડ્ગ ધારણ કરે છે. અત્યંત ઉજ્જવળ તેમજ સુનિર્મિત કૌસ્તુભમણિ અને મુગટને ધારણ કરે છે. કુંડલોની તેજસ્વિતાથી તેનું મુખમંડલ પ્રકાશિત થતું રહે છે. તેના નેત્ર પુંડરિક–શ્વેત કમળની સમાન વિકસિત હોય છે. તેના કંઠ અને વક્ષસ્થળ પર એકાવલી હાર શોભતો રહે છે, તેના વક્ષસ્થળમાં શ્રીવત્સનું સુંદર ચિહ્ન હોય છે. તે ઉત્તમ અને યશસ્વી હોય છે. સર્વૠતુઓના સુગંધમય ફૂલોથી ગૂંથેલી લાંબી શોભાયુક્ત અને વિકસિત વનમાળાથી તેનું વક્ષસ્થળ શોભાયમાન રહે છે. તેના અંગ ઉપાંગ એકસો આઠ માંગલિક તથા સુંદર લક્ષણો–ચિહ્નોથી સુશોભિત હોયછે. તેની ગતિ મદોન્મત ઉત્તમ હાથીની ગતિ સમાન લલિત અને વિલાસમય હોય છે. તેની કમર કંદોરાથી શોભિત હોય છે અને તે લીલા તથા પીળા વસ્ત્રોને ધારણ કરે છે અર્થાત્ બલદેવ લીલા અને વાસુદેવ પીળા રેશમી વસ્ત્રને ધારણ કરે છે. તે પ્રખર તથા દેદીપ્યમાન તેજથી બિરાજમાન હોય છે. તેનો અવાજ શરદ ૠતુના નવા મેઘની ગર્જના સમાન મધુર, ગંભીર અને સ્નિગ્ધ હોય છે. તે પુરુષોમાં સિંહ સમાન[પ્રચંડ પરાક્રમના ધણી]હોય છે. તેની ગતિ સિંહ સમાન પરાક્રમપૂર્ણ હોય છે. તે મોટા મોટા રાજ–સિંહોના તેજને અસ્ત કરનાર છે અથવા યુદ્ધમાં તેની જીવનલીલાને સમાપ્ત કરી દેનાર હોય છતાં પ્રકૃતિથી સૌમ્ય–શાંત–સાત્વિક હોય છે. તે દ્વારકા નગરીના નગરજનોને માટે પૂર્ણ ચંદ્ર સમાન આનંદદાયક હોય છે, પૂર્વ જન્મકૃત તપના પ્રભાવથી સંપન્ન હોય છે. તે પૂર્વ સંચિત ઈન્દ્રિય સુખોના ઉપભોક્તા અને સેંકડો વર્ષોના આયુષ્યવાળા હોય છે. આવા બલદેવ અને વાસુદેવ વિવિધ દેશોની ઉત્તમ પત્નીઓની સાથે ભોગ વિલાસ ભોગવે છે; અનુપમ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધરૂપ ઈન્દ્રિય વિષયોનો અનુભવ કરે છે પરંતુ તે પણ કામભોગથી તૃપ્ત થયા વિના જ મૃત્યુને પ્રાપ્ત કરે છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે વાસુદેવ અને બલદેવની મહત્તમ ૠદ્ધિનું વર્ણન કરીને કામભોગની

અતૃપ્તતાનું દર્શન કરાવ્યું છે.

**વાસુદેવ–બલદેવની ઋદ્ધિ :–** વાસુદેવ અને બલદેવ બંને ભાઈઓ હોય છે. એક અવસર્પિણીકાલમાં ૧૨ ચક્રવર્તી થાય. તેમ નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને નવ બલદેવ થાય છે. વાસુદેવ પ્રતિવાસુદેવ પર વિજય પ્રાપ્ત કરી તેનું રાજ્ય ભોગવે છે. ચક્રવર્તીની ઋદ્ધિથી અર્ધી ઋદ્ધિ વાસુદેવની હોય છે. ચક્રવર્તી છ ખંડના અધિપતિ–સમ્રાટ હોય છે તો વાસુદેવ ત્રણ ખંડના સ્વામી હોય છે. વાસુદેવ ૧૬૦૦૦ રાજાના અધિપતિ, ૧૬૦૦૦ રાણીઓના સ્વામી હોય છે. આ પ્રકારે અન્ય વિષયોમાં જાણી લેવું જોઈએ.

બલરામ અને શ્રીકૃષ્ણ નામના અંતિમ બલદેવ અને વાસુદેવ થઈ ગયા. સૂત્રમાં તત્ સંબંધિત વર્ણન છે.

આ બન્ને પ્રશસ્ત પુરુષ યાદવકુળના ભૂષણ હતા. આ કુળમાં દશ દશાર હતા. જેના નામ આ પ્રમાણે છે– (૧) સમુદ્રવિજય, (૨) અક્ષોભ્ય, (૩) સ્તિમિત, (૪) સાગર, (૫) હિમવાન, (૬) અચલ, (૭) ધારણ, (૮) પૂરણ, (૯) અભિચંદ્ર, (૧૦) વાસુદેવ.

આ પરિવારમાં ૫૬ કરોડ યાદવ હતા, તેમાં સાડા ત્રણ કરોડ પ્રદ્યુમ્ન આદિ કુમાર હતા. બલરામની માતાનું નામ રોહિણી અને શ્રીકૃષ્ણની માતાનું નામ દેવકી હતું. તેના શસ્ત્રો તથા વસ્ત્રોના વર્ણાદિનું વર્ણન મૂળપાઠથી જ સ્પષ્ટ છે.

બળદેવે મુષ્ટિક નામના મલ્લનું હનન કર્યું અને શ્રીકૃષ્ણએ ચાણુર મલ્લનો વધ કર્યો હતો. રિષ્ટ નામના સાંઢને મારવો, કાલિય નાગને નાથવો, યમલાર્જુનને હણવા, મહાશકુની અને પુતના નામની વિદ્યાધરીઓનો અંત કરવો, કંસ–વધ અને જરાસંઘના માનનું મર્દન કરવું આદિ ઘટનાઓનો ઉલ્લેખ બલરામ અને શ્રીકૃષ્ણથી સંબંધિત છે. આવા પરાક્રમી વ્યક્તિઓ–હસ્તિઓનું દમન કરવાનું સામર્થ્ય બળદેવો અને વાસુદેવોમાં હોય છે. તે અસાધરણ બળ, પ્રતાપ અને પરાક્રમના સ્વામી પણ ભોગોપ ભોગથી સંતોષ પામતા નથી, અતૃપ્ત રહીને જ મરણને પ્રાપ્ત થાય છે.

## માંડલિક રાજાઓની અતૃપ્તિ :–

**૧૦ भुज्जो मंडलिय–णरवरिंदा सबला सअंतेउरा सपरिसा सपुरोहियामच्च–दंडणायग सेणावइ–मंतणीइ–कुसला णाणामणिरयणविपुल– धणधण्णसंचयणिही–समिद्धकोसा रज्जसिरिं विउलमणुहवित्ता विक्कोसंता बलेण मत्ता ते वि उवणमंति मरणधम्मं अवितत्ता कामाणं ।**

**ભાવાર્થ :–** બળદેવ અને વાસુદેવના સિવાય માંડલિક રાજા પણ હોય છે. તે પણ સબળ–બળવાન અથવા સૈન્યસંપન્ન હોય છે. તેનું અંતઃપુર–રાણીવાસ વિશાળ હોય છે. તે સપરિષદ–પરિવાર અથવા પરિષદોથી યુક્ત હોય છે. શાંતિ કર્મ કરનાર–પુરોહિતો, અમાત્યો–મંત્રીઓ, દંડાધિકારીઓ, દંડ નાયકો,

સેનાપતિઓ સાથે ગુપ્ત મંત્રણા કરવામાં અને નીતિમાં જે નિપુણ હોય છે. આ સર્વથી યુક્ત હોય છે. તેના ભંડાર અનેક પ્રકારના મણિઓથી, રત્નોથી, વિપુલ ધન અને ધાન્યથી સમૃદ્ધ હોય છે. તે પોતાની વિપુલ રાજ્યલક્ષ્મીનો અનુભવ કરી અર્થાત્ ભોગોપભોગ કરી, પોતાના શત્રુઓનો પરાભવ કરી, તેના પર આક્રોશ કરતાં પોતાનો ઉત્કર્ષ કરે છે અથવા અક્ષય ભંડારના સ્વામી થઈ (પોતાના) બળમાં ઉન્મત રહે છે. તે પોતાની શક્તિના અભિમાનમાં ગર્વિષ્ટ બની જાય છે. એવા માંડલિક રાજા પણ કામભોગોથી તૃપ્ત થયા નથી. તે પણ અતૃપ્ત રહીને જ કાળધર્મ–મૃત્યુને પ્રાપ્ત થઈ જાય છે.

**વિવેચન :–**

કોઈ મોટા સામ્રાજ્યની અંતર્ગત એક પ્રદેશના અધિપતિને માંડલિક રાજા કહેવાય છે. માંડલિક રાજાને માટે પ્રયુક્ત વિશેષણ સુગમતાથી સમજી શકાય છે.

### અકર્મભૂમિજ મનુષ્યોની શરીરસંપદા અને ભોગઅતૃપ્તિ :–

**११** भुज्जो उत्तरकुरु–देवकुरु–वणविवर–पायचारिणो णरगणा भोगुत्तमा भोग लक्खणधरा भोगसस्सिरीया पसत्थसोमपडिपुण्णरूवदरिसणिज्जा सुजाय सव्वंग–सुंदरंगा रत्तुप्पलपत्तकंतकरचरण–कोमलतला सुपइट्ठियकुम्मचारुचलणा अणु–पुव्वसुसंहतंगुलीया उण्णयतणुतंबणिद्धणक्खा संठियसुसिलिट्ठगूढगुंफा एणी कुरुविंद वत्तवट्टाणुपुव्विजंघा समुग्गणिसग्गगूढजाणू वरवारणमत्त तुल्लविक्कम–विलासिय गई वरतुरगसुजायगुज्झदेसा आइण्णहयव्वणिरुवलेवा पमुइयवरतुरग सीहअइरेग–वट्टियकडी गंगावत्तदाहिणावत्त तरंगभंगुर–रविकिरण–बोहियविकोसायं तपम्ह–गंभीर वियडणाभी साहत सोणंदमुसल दप्पण णिगरियवरकण गच्छरुसरिस–वरवइर–वलियमज्झा, उज्जुगसम सहिय–जच्चतणुकसिणणिद्ध–आइज्ज–लडहसूमाल–मउयरोमराई, झसविहग सुजाय पीणकुच्छी झसोयरा पम्हवियडणाभी संणयपासा संगयपासा सुंदरपासा सुजायपासा मियमाइयपीणरइयपासा अकरंडुय कणगरुयग–णिम्मलसुजायणिरुवहयदेहधारी, कणगसिलातल पसत्थसमतलउवइय वित्थिण–पिहुलवच्छा, जुयसण्णिभपीणरइय पीवरपउट्ठ संठिय सुसिलिट्ठविसिट्ठलट्ठ–सुणिचियघणथिरसुबद्धसंधी, पुरवर फलिहवट्टिय–भुया ।

भुयईसरविउलभोगआयाणफलिहउच्छूढदीहबाहू, रत्ततलोवतियमउयमंसल सुजाय–लक्खणपसत्थ–अच्छिद्दजालपाणी, पीवरसुजायकोमलवरंगुली, तंबत लिणसुइरुइलणिद्धणखा, णिद्धपाणिलेहा चंदपाणिलेहा, सूरपाणिलेहा, संखपाणिलेहा,

चक्कपाणिलेहा, दिसासोवत्थियपाणिलेहा, रविससि संखवरचक्कदिसा सोवत्थिय-विभत्तसुविरइयपाणिलेहा वरमहिसवराहसीहसद्दूलरिसहणागवरपडिपुण्ण विउल-खंधा, चउरंगुलसुप्पमाणकंबुवरसरिसग्गीवा, अवट्ठियसुविभत्तचित्तमंसू, उवचिय मंसलपसत्थसददूलविउलहणुया, ओयवियसिलप्पवालबिंबफलसण्णिभाधरोट्ठा, पंडुरससिसकलविमलसंखगोखीरफेणकुंददगरयमुणालियाधवलदंतसेढी, अखंडदंता अप्फुडियदंता अविरलदंता सुणिद्धदंता सुजायदंता एगदंतसेढिव्व अणेगदंता हुयवह–णिद्धंतधोयतत्ततवणिज्जरत्ततला तालुजीहा, गरुलायतउज्जुतुंगणासा, अवदालिय–पोंडरीयणयणा, कोकासियधवलपत्तलच्छा आणामियचाव-रुइलकिण्हब्भराजिसंठिय– संगयायय–सुजायभुमगा, अल्लीणपमाणजुत्तसवणा, सुसवणा, पीणमंसल कवोल– देसभागा, अचिरुग्गयबालचंदसंठियमहाणिडाला, उडुवइरिव पडिपुण्ण सोमवयणा, छत्तागारुत्तमंगदेसा, घणणिचिय–सुबद्ध-लक्खणुण्णय–कूडागारणिभ– पिंडियग्गसिरा, हुयवहणिद्धंतधोयतत्ततवणिज्ज-रत्तकेसंतकेसभूमी सामली पोंड घण णिचिय– छोडियमिउविसदपसत्थसुहु-मलक्खणसुगंधिसुंदरभुयमोयग भिंगणीलकज्जल पहट्ठभमरगण-णिद्धणिगुरुंबणिचियकुंचियपयाहिणावत्तसमुद्धसिरया, सुजायसुविभत्त–संगयंगा ।

लक्खणवंजणगुणोववेया पसत्थबत्तीसलक्खणधरा हंसस्सरा कुंचस्सरा दुंदुभिस्सरा सीहस्सरा उज्जस्सरा मेहस्सरा सुस्सरा सुस्सरणिग्घोसा वज्जरिसहणाराय संघयणा समचउरंससंठाणसंठिया छायाउज्जोवियंगमंगा पसत्थच्छवी णिरातंका कंकग्गहणी कवोयपरिणामा सउणिपोसपिट्ठंतरोरुपरिणया पउमुप्पलसरिसगंधुस्सास सुरभिवयणा अणुलोमवाउवेगा अवदायणिद्धकाला विग्गगहियउण्णयकुच्छी अमयरस फलाहारा तिगाउयसमूसिया तिपलिओवमट्ठिइया तिण्णि य पलिओवमाइं परमाउं पालइत्ता ते वि उवणमंति मरणधम्मं अवितत्ता कामाणं ।

**ભાવાર્થ :–** આ પ્રકારે દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રના વનોમાં અને ગુફાઓમાં પગે વિચરણ કરનારા યુગલિક મનુષ્ય હોય છે. તે ઉત્તમ ભોગો અને ભોગસાધનોથી સંપન્ન હોય છે, પ્રશસ્ત લક્ષણો આદિના ધારક હોય છે. તે પ્રશસ્ત, મંગલમય, સૌમ્ય અને રૂપ સંપન્ન હોવાના કારણે દર્શનીય હોય છે. સર્વ અવયવો ઉત્તમ હોવાથી સર્વાંગસુંદર શરીરના ધારક હોય છે. તેની હથેળીઓ અને પગોના તલભાગ, તાળવા, લાલકમળના પાંદડાની જેમ લાલિમાયુક્ત અને કોમળ હોય છે. તેના પગ કાચબાની સમાન સુસ્થિત અને સુંદર આકૃતિવાળા હોય છે. તેની આંગળીઓ અનુક્રમથી નાની–મોટી સુસંહત, સઘન–છિદ્ર

રહિત હોય છે. તેના નખ ઉન્નત, ઉપરઉઠેલા, પાતળા, લાલવર્ણના અને ચમકદાર હોય છે. તેની બંને ઘૂંટી સપ્રમાણ, પુષ્ટ, સંહત તથા ગુપ્ત હોય છે. તેની જંઘાઓ હરણોની જંઘા સમાન તથા કરૂવિંદ નામક તૃણ અને વૃત–સૂતરકાતવાની તકલી સમાન ક્રમશઃ વર્તુલ અને સ્થૂલ હોય છે. તેના ઘુટણો ડબ્બા અને તેના ઢાંકણની સંધિની સમાન ગૂઢ હોય છે.[તે સ્વભાવતઃ માંસલ પુષ્ટ હોવાથી જોઈ શકાતા નથી.] તેની ચાલ મદોન્મત ઉત્તમ હસ્તિની સમાન વિક્રમ અને વિલાસથી યુક્ત હોય છે અર્થાત્ તે મદોન્મત હાથીની સમાન મસ્ત અને ધીરગતિથી ચાલે છે. તેનો ગુહ્યદેશ–ગુપ્તાંગ ઉત્તમ જાતિના ઘોડાના ગુપ્તાંગની સમાન સુનિર્મિત અને ગુપ્ત હોય છે. જેમ ઉત્તમ જાતિના ઘોડાનો ગુદાભાગ મળથી લિપ્ત થતો નથી તે પ્રકારે યુગલ પુરુષોનો ગુદાભાગ પણ મળના લેપથી રહિત હોય છે.

તેનો કટિભાગ–કમરનો ભાગ હૃષ્ટ–પુષ્ટ, શ્રેષ્ઠ અને સિંહની કમરથી પણ અધિક ગોળાકાર હોય છે. તેની નાભિ ગંગાનદીના ભંવર તથા દક્ષિણાવર્ત તરંગોના સમૂહની સમાન ગોળ તથા સૂર્ય કિરણોથી વિકસિત કમળની જેમ ગંભીર અને વિશાળ હોય છે. તેના શરીરનો મધ્યભાગ ભેગીકરેલ ત્રિકાષ્ઠિકા–મૂસલ, દર્પણ, દંડયુક્ત અને શુદ્ધકરેલા ઉત્તમ સુવર્ણથી નિર્મિત તલવારની મુઠ અને શ્રેષ્ઠ વજ્રની સમાન કૃશ–પાતળો હોય છે. તેની રોમરાજી સીધી, સમાન, પરસ્પર ઘનીભૂત થયેલી, સ્વભાવથી બારીક, કાળી, સુંવાળી, પ્રશસ્ત, સૌભાગ્યશાળી, સુકુમાર અને સુકોમળ હોય છે. તે મત્સ્ય અને વિહગપક્ષીની કુક્ષી સમાન ઉત્તમ રચનાથી યુક્ત કુક્ષિવાળા, ઝષોદર– મત્સ્ય જેવા પેટવાળા હોય છે. તેની નાભિ કમળની સમાન ગંભીર હોય છે. પાર્શ્વભાગ નીચેની તરફ ઝૂકેલો હોય છે. તે સંગત–સુંદર અને સુજાત પોતાને યોગ્ય ગુણોથી સંપન્ન હોય છે. તે પાર્શ્વપ્રમાણોપેત એવં પરિપુષ્ટ હોય છે. તે એવા દેહના ધારક હોય છે તથા જે સુવર્ણના આભૂષણની સમાન નિર્મલ કાંતિયુક્ત, સુંદર રચનાયુક્ત અને નિરુપહત્ અર્થાત્ રોગાદિના ઉપદ્રવથી રહિત હોય છે.

તેનું વક્ષસ્થળ સુવર્ણ શિલા જેવું પ્રશસ્ત, સમતલ, ઉપચિત, પુષ્ટ અને વિશાળ હોય છે. તેના ખભા ધુંસર જેવા સ્થૂલ, પુષ્ટ રમણીય હોય છે તથા હાડકાના સાંધાઓ અત્યંત સુડોળ, સુગઠિત, સુંદર, માંસલ અને નસોથી દઢ બનેલા હોય છે. તેની ભૂજા સર્પરાજના વિશાળ શરીર જેવી, પોતાના સ્થાનથી પૃથક્ કરેલી પરિઘા– ભોગળો સમાન દીર્ઘ–લાંબી હોય છે. તેના હાથ લાલ હથેળીઓવાળા, પરિપુષ્ટ, કોમલ, માંસલ, સુંદર રચનાયુક્ત, શુભલક્ષણોથી યુક્ત અને છેદરહિત હોય છે. તેના હાથોની આંગળીઓ પુષ્ટ, સુરચિત, કોમળ અને શ્રેષ્ઠ હોય છે. તેના નખ તામ્રવર્ણા, પાતળા, સ્વચ્છ, રૂચિર, સુંદર, ચીકણા હોય છે. તેના હાથની રેખાઓ ચીકણી તથા ચંદ્રની જેમ અથવા ચંદ્રથી અંકિત, સૂર્ય સમાન ચમકદાર અથવા સૂર્યથી અંકિત, શંખ સમાન અથવા શંખના ચિહ્નથી યુક્ત ચક્ર સમાન યા ચક્રના ચિહ્નથી યુક્ત, દક્ષિણાવર્ત સ્વસ્તિકના ચિહ્નથી અંકિત, સૂર્ય, ચંદ્ર, શંખ, ઉત્તમ ચક્ર આદિ શુભ ચિહ્નથી યુક્ત, સુરચિત હોય છે. તેના ખંભા ઉત્તમ પાડા, શૂકર, સિંહ, વાઘ સાંઢ અને ગજના સ્કંધની જેમ પરિપુષ્ટ હોય છે.

તેની ગ્રીવા ચાર અંગુલ પ્રમાણ પરિમિત અને શંખ જેવી હોય છે. તેની દાઢી, મુછો અવસ્થિત–ન ઘટનારી, ન વધનારી હોય છે અર્થાત્ સદા એક સરખી રહે છે તથા સુવિભક્ત અને સુશોભિત હોય છે. તેના હોઠની નીચેનો ભાગ પુષ્ટ, માંસયુક્ત, સુંદર તથા સિંહની દાઢી સમાન વિસ્તીર્ણ હોય છે, તેના હોઠ

સંશુદ્ધ કાચમણિ, મૂંગામણિ અને બિમ્બફળની સમાન લાલિમાયુક્ત હોય છે. તેના દાંતોની પંક્તિ ચંદ્ર ખંડ જેવી નિર્મલ, શંખ, ગાયના દૂધ જેવી, નદીના જળના ફીણ જેવી, શ્વેત પુષ્પ, જલકણ તથા કમળની નાળ સમાન ધવલ–શ્વેત હોય છે. તેના દાંત અખંડ હોય છે, એક–બીજા ચોંટેલા હોય છે, અતીવ–સ્નિગ્ધ ચીકણા હોય છે અને સુજાત સુરચિત હોય છે. તે બત્રીસ દાંતવાળા હોય છે. તેના તાળવા અને જીભ અગ્નિમાં તપાવેલ અને ફરી ધોયેલ સ્વચ્છ સુવર્ણની સમાન લાલ હોય છે. તેની નાસિકા ગરૂડની સમાન લાંબી, સીધી અને ઊંચી હોય છે. તેના નેત્ર પુંડરિક, શ્વેત કમળની સમાન વિકસિત, પ્રમુદિત અને ધવલ હોય છે. તેની ભ્રમરો થોડી નીચે ઝૂકાવેલ ધનુષની સમાન મનોરમ અને કૃષ્ણ હોય છે. અભ્રરાજી–વાદળોની રેખાની સમાન કાળી, ઉચિત માત્રામાં લાંબી અને સુંદર હોય છે.

તેના કાન સ્તબ્ધ અને ઊચિત પ્રમાણોપેત હોય છે અને સાંભળવાની શક્તિ ઉત્તમ હોય છે. તેનો કપોલભાગ તથા તેની આસપાસનો ભાગ પરિપુષ્ટ તથા માંસલ હોય છે. તેનું લલાટ અષ્ટમીના ચન્દ્રના આકારનું તથા વિશાળ હોય છે. તેનું મુખમંડલ પૂર્ણ ચંદ્રમા સમાન સૌમ્ય હોય છે. તેનું મસ્તક છત્રના આકારનું ગોળ અને ઉન્નત હોય છે. તેના મસ્તકનો અગ્રભાગ મુદ્ગર સમાન સુદૃઢ નસોથી આબદ્ધ, પ્રશસ્ત લક્ષણોથી સુશોભિત, ઉન્નત, શિખરયુક્ત ભવનની સમાન અને ગોળાકાર પિંડ જેવો હોય છે. તેના મસ્તકની ચામડી અગ્નિમાં તપાવેલ શુદ્ધ સુવર્ણ સમાન લાલિમાયુક્ત હોય છે. તેના મસ્તકના વાળ શાલ્મલી વૃક્ષના ફળની સમાન સઘન, સૂક્ષ્મ સુસ્પષ્ટ, માંગલિક, સ્નિગ્ધ, ઉત્તમ લક્ષણોથી યુક્ત, સુવાસિત, સુંદર,નીલમણિ અને કાજલ સમાન, કૃષ્ણ વર્ણવાળા તથા હર્ષિત ભ્રમરોના ઝૂંડની સમાન કાળી કાંતિથીયુક્ત, ગુચ્છારૂપ કુંચિત, ઘુંઘરાળા, દક્ષિણાવર્ત–જમણીતરફ વળેલા હોય છે. તેના અંગ સુડોળ સુવિભક્ત, યથાસ્થાન અને સુંદર હોય છે.

તે યુગલિક ઉત્તમલક્ષણો તલ આદિ વ્યંજનો તથા ગુણોથી[લક્ષણો અને વ્યંજનોના ગુણોથી] સંપન્ન હોય છે. તે પ્રશસ્ત શુભ માંગલિક બત્રીસ લક્ષણોના ધારક હોય છે. તે હંસ, ક્રૌંચપક્ષી, દુન્દુભિ અને સિંહની સમાન સ્પષ્ટ અવાજવાળા હોય છે. તેનો સ્વર ઓઘ હોય છે અર્થાત્ અવિચ્છિન્ન અને અત્રુટિત હોય છે. તેનો સ્વર મેઘગર્જના જેવો હોય છે માટે કાનોને પ્રિય લાગે છે. તેના સ્વર અને વ્યંજન બંને સુંદર હોય છે. તે વજ્રઋષભનારાચસંઘયણ અને સમચતુરસ્ર સંસ્થાનના ધારક હોય છે. તેના અંગ પ્રત્યંગ તેજથી દેદીપ્યમાન રહે છે. તેના શરીરની ચામડી સુંદર હોય છે. તે નિરોગી હોય છે. તેઓનું મળ દ્વાર કંકપક્ષીની ગુદા સમાન નીરોગી હોય છે, કબૂતર જેવું તેઓનું આહાર પરિણમન–મલ નિસર્ગ હોય છે. પક્ષીની જેમ તેમના અપાનદ્વાર, પિટ્ઠંતર = અપાનદ્વારની બન્ને બાજુના પાર્શ્વભાગ અને ઉરુ = સાથળ વગેરે મળથી નિર્લેપ રહે છે. કમલ અને ઉત્પલ–નીલ કમલની સુગંધ સમાન મનોહર ગંધથી તેનો શ્વાસ અને મુખ સુગંધિત રહે છે. તેના શરીરના વાયુનો વેગ સદા અનુકૂળ રહે છે. તે ગૌરવર્ણ, સ્નિગ્ધ શ્યામ હોય છે અર્થાત્ કોઈ ગૌર વર્ણવાળા અને કોઈ શ્યામ વર્ણવાળા યુગલિક હોય છે. તેનું પેટ શરીરને અનુરૂપ ઉન્નત હોય છે. તે અમૃતની સમાન રસયુક્ત ફળનો આહાર કરે છે. તેના શરીરની ઊંચાઈ ત્રણ ગાઉની અને આયુષ્ય ત્રણ પલ્યોપમનું હોય છે. પૂર્ણ ત્રણ પલ્યોપમનું આયુ ભોગવીને તે અકર્મભૂમિ ભોગભૂમિના મનુષ્ય(અંતિમ ક્ષણ સુધી) કામભોગોથી અતૃપ્ત રહીને જ મૃત્યુને પ્રાપ્ત થઈ જાય છે.

## વિવેચન :-

કામભોગની અતૃપ્તતાને સમજાવવા સૂત્રકારે ક્રમશઃ આ લોકના સાધન સંપન્ન દેવો, ચક્રવર્તી, વાસુદેવ બલદેવ, માંડલિક રાજાના ભોગનું વર્ણન કર્યું. આ સૂત્રમાં ભોગભૂમિમાં જ વસતા યુગલિક મનુષ્યોના ભોગનું નિરૂપણ કર્યું છે.

**ભોગભૂમિ :–** મનુષ્યના ૧૦૧ ક્ષેત્રોમાં ૧૫ ક્ષેત્રો કર્મભૂમિના છે. શેષ ૮૬ ક્ષેત્રો અકર્મભૂમિના છે. જેમાં અસિ, મસિ કે કૃષિ કોઈ પણ પ્રકારના કર્મોને સ્થાન નથી. ત્યાંના માનવો પુણ્યવાન છે. તેઓ સહજ અને પ્રાકૃતિક જીવન જીવે છે. દશ પ્રકારના કલ્પવૃક્ષો તેને ઈન્દ્રિય સંબંધી મનવાંછિત સુખ પ્રદાન કરે છે. કલ્પ વૃક્ષોથી જ તેમની આવશ્યક્તાની પૂર્તિ થઈ જાય છે. તેને ભોગોપભોગના કોઈ પણ સાધનની અછત રહેતી નથી.

આટલા દીર્ઘકાલ પર્યંત પાંચે ઈન્દ્રિયોના અનુકૂળ વિષયો ભોગવવા છતાં તેને તૃપ્તિ થતી નથી. અતૃપ્તપણે જ તેનું મૃત્યુ થઈ જાય છે.

**कंकग्गहणी :–** આ શબ્દમાં કંક અને ગહણી શબ્દ છે. અહીં કંક એટલે પક્ષી છે અને ગહણીનો અર્થ ગુદા–મલદ્વાર છે અર્થાત્ યુગલિકનું મલદ્વાર કંકપક્ષીની ગુદા સમાન નિરુપલેપ હોય છે. અહીં આચાર્ય વિમલ સૂરિએ ટીકામાં ગહણી શબ્દને આહાર ગ્રહણ સૂચક બતાવીને કંકપક્ષીના અલ્પાહારથી યુગલિકનો અલ્પાહારી હોવાનો નિર્દેશ કર્યો છે. પરંતુ ઔપપાતિક સૂત્ર અને પ્રસ્તુત સૂત્રના પ્રાચીન ટીકાકારે એવો અર્થ કર્યો નથી. જિજ્ઞાસુઓએ ઔપપાતિક સૂત્રમાં ભગવાન મહાવીરના આ વિશેષણોનો અર્થ જોવો જોઈએ.

## અકર્મભૂમિની નારીઓની શરીરસંપદા અને અતૃપ્તિ :-

**१२** **पमया वि य तेसिं होंति सोम्मा सुजायसव्वंगसुंदरीओ पहाणमहिलागुणेहिं जुत्ता अइकंतविसप्पमाण–मउयसुकुमालकुम्मसंठिय–सिलिट्ठचलणा उज्जुमउय–पीवर सुसंहतंगुलीओ अब्भुण्णय–रइय–तलिण–तंबसुइणिद्धणखा रोमरहियवट्टसंठिय–अजहण्णपसत्थलक्खण अकोप्पजंघजुयला सुणिम्मियसुणिगूढजाणू मंसलपसत्थ–सुबद्धसंधी कयलीखंभाइरेकसंठियणिव्वणसुकुमालमउयकोमलअविरलसमसहिय–सुजायवट्टपीवरणिरंतरोरू अट्ठावयवीइपट्ठसंठ्ठियपसत्थ–विच्छिण्णपिहुलसोणी वयणायामप्पमाणदुगुणिय विसालमंसलसुबद्धजहणवरधारिणीओ ।**

**वज्जविराइयपसत्थलक्खणणिरोदरीओ तिवलिवलियतणुणमियमज्झियाओ उज्जुयसमसहिय जच्चतणु–कसिणणिद्ध–आइज्जलडहसुकुमालमउयसुविभत्तरोमराई**

गंगावत्तगपयाहिणा–वत्ततरंग भंगरविकिरणतरुणबोहियअकोसायंत पउम–गंभीर–वियडणाभी अणुब्भडपसत्थसुजायपीणकुच्छी, सण्णयपासा सुजायपासा संगयपासा मियमाियियपीणरइयपासा, अकरंडुयकणगरुयगणिम्मल–सुजायणिरुवहयगायलट्ठी कंचणकलसपमाण–समसहियलट्ठचुचुयआमेलग–जमलजुयलवट्टिय–पयोहराओ, भुयंगअणुपुव्वतणुयगोपुच्छ–वट्टसमसहियणमियआइज्जलडहबाहा तंबणहा मंसलग्गहत्था कोमलपीवरवरंगुलिया णिद्धपाणिलेहा ससिसूरसंखचक्कवर सोत्थिय विभत्तसुविरइय पाणिलेहा ।

पीणुण्णयकक्खवत्थीप्पएसपडिपुण्ण–गलकवोला, चउरंगुलसुप्पमाणकंबुवर सरिसगीवा, मंसलसंठियपसत्थहणुया, दालिमपुप्फप्पगासपीवरपलंब कुंचियवराधरा, सुंदरोत्तरोट्ठा, दधिदगरयकुंदचंदवासंतिमउलअच्छिद्दविमलदसणा रत्तुप्पलपउमपत्त–सुकुमालतालुजीहा कणवीरमउलअकुडिल अब्भुण्णय–उज्जुतुंग–णासा, सारयणव–कमल–कुमुयकुवलयदलणिगरसरिस– लक्खणपसत्थ–अजिम्हकंतणयणा आणामिय–चावरुइल–किण्हब्भराइसंगयसुजायतणुकसिणणिद्ध–भुमगा, अल्लीणपमाणजुत्त–सवणा, सुस्सवणा, पीणमट्ठगंडलेहा, चउरंगुल–विसालसमणिडाला, कोमुइरयणियर–विमलपडिपुण्ण सोमवयणा, छत्तुण्णयउत्तमंगा, अकविलसुसिणिद्धदीहसिरया ।

छत्त–ज्झय–जूव–थूभ– दामिणि–कमंडलु–कलस–वावि–सोत्थिय–पडाग–जव मच्छ–कुम्भ–रहवर–मकरज्झय–अंक–थाल–अंकुस–अट्ठावय–सुपइट्ठअमरसिरिया–भिसेय तोरण–मेइणि–उदहिवर–पवरभवण–गिरिवर–वरायंस–सुललियगय–उसभ– सीह–चामरपसत्थ–बत्तीसलक्खणधरीओ ।

हंससरिसगईओ कोइलमहुयरिगिराओ कंता सव्वस्स अणुमयाओ ववगय वलिपलितवंग–दुव्वण–वाहि–दोहग्ग–सोयमुक्काओ, उच्चतेण य णराण थोवूण–मूसियाओ सिंगारागार चारुवेसा, सुंदरथणजहण–वयणकरचरण–णयणा लावण्ण–रूवजोव्वणगुणोववेया णंदण वणविवर–चारिणीओ अच्छाराओव्व उत्तरकुरु–माणुसच्छराओ अच्छेरगपेच्छणिज्जियाओ तिण्णि य पलिओवमाइं परमाउं पालइत्ता ताओ वि उवणमंति मरणधम्मं अवितित्ता कामाणं ।

**ભાવાર્થ :–** તે યુગોલિકોની સ્ત્રીઓ પણ સૌમ્ય એવં સાત્વિક સ્વભાવવાળી હોય છે. સુજાત, સર્વાંગથી સુંદર હોય છે. સ્ત્રીઓના સર્વપ્રધાન શ્રેષ્ઠ ગુણોથી યુક્ત હોય છે. તેના ચરણ–પગ અત્યંત રમણીય,

શરીરના બંધારણમાં ઉચિત પ્રમાણવાળા, ચાલવા સમયે પણ અતિ કોમળ, કાચબા સમાન ઉન્નત અને મનોજ્ઞ હોય છે. તેની આંગળીઓ સીધી, કોમળ, પુષ્ટ અને સુસંહત હોય છે. તેના નખો ઉન્નત, પ્રસન્નતા જનક, પાતળા, નિર્મળ અને ચમકદાર હોય છે. તેના પગની ઘૂંટી સુઘટિત સુશ્લિષ્ઠ અને માંસલ હોય છે. તેની બન્ને જંઘાઓ રૂંવાટા રહિત ગોળાકાર, શ્રેષ્ઠ માંગલિક લક્ષણોથી સંપન્ન અને રમણીય હોય છે. તેના ઘૂંટણો–ગોઠણ સુંદર રૂપથી નિર્મિત તથા માંસયુકત હોવાના કારણે નિગૂઢ હોય છે. તેના સાંધાઓ માંસયુક્ત, પ્રશસ્ત તથા નસોથી સુબદ્ધ હોય છે. તેની ઉપરની જંઘા–સાથળ કદલી–સ્તંભથી પણ અધિક સુંદર આકારની, કોઈપણ ઘાવ આદિથી રહિત, સુકુમાર, કોમળ, અંતરરહિત, સમાન, પ્રમાણોપેત, સુંદર લક્ષણોથી યુક્ત, સુજાત, ગોળાકાર અને પુષ્ટ હોય છે. તેની કમ્મર અષ્ટાપદ–દ્યૂતવિશેષની વીચીઓની સમાન તરંગાકૃતિ રેખાઓથી યુક્ત, ફલક સમાન શ્રેષ્ઠ અને ફેલાયેલી હોય છે. તે મુખની લંબાઈના પ્રમાણથી અર્થાત્ ૧૨ અંગુલથી બમણી અર્થાત્ ચોવીશ અંગુલ પ્રમાણ વિશાળ, માંસલ–પુષ્ટ શ્રેષ્ઠ જઘન કટિપ્રદેશથી નીચેના ભાગને ધારણ કરનારી હોય છે.

તેનું પેટ વજ્ર સમાન(વચ્ચેથી પાતળું) શોભાયમાન, શુભલક્ષણોથી સંપન્ન અને કૃશ હોય છે. તેના શરીરનો મધ્યભાગ ત્રિવલી–ત્રણ રેખાઓથી યુક્ત, કૃશ અને નમેલો–ઝૂકેલો હોય છે. તેની રોમરાજી સીધી, એકસરખી, પરસ્પર મળેલી સ્વાભાવિક બારીક, કાળી મુલાયમ, પ્રશસ્ત, લલિત, સુકુમાર, કોમળ અને સુવિભક્ત, યથાસ્થાને ગોઠવાયેલી હોય છે. તેની નાભિ ગંગાનદીના વમળોની સમાન દક્ષિણાવર્ત, તરંગમાળા જેવી, સૂર્યના કિરણોથી તાજા ખીલેલા અને નહીં કરમાયેલા કમળ સમાન ગંભીર અને વિશાળ હોય છે. તેની કુક્ષિ અનુદ્ભટ–અનુન્નત, પ્રશસ્ત, સુંદર અને પુષ્ટ હોય છે. તેનો પાર્શ્વભાગ સન્નત–ઉચિત પ્રમાણમાં નીચે ઝૂકેલ, સુગઠિત અને સંગત હોય છે તથા પ્રમાણોપેત, ઉચિતમાત્રામાં રચિત, પુષ્ટ અને રતિદ અર્થાત્ પ્રસન્નતાપ્રદ હોય છે. તેની ગાત્રયષ્ટિ પીઠના ઉન્નત હાડકાથી રહિત, શુદ્ધ સુવર્ણથી નિર્મિત રુચકનામના આભૂષણ સમાન નિર્મલ અને સુવર્ણના તેજ સમાન, સુગઠિત તથા નિરોગી હોય છે. તેના બન્ને પયોધર–સ્તન સુવર્ણના બે કળશોની સમાન, પ્રમાણયુક્ત, ઉન્નત, કઠોર તથા મનોહર ચૂચુ–પયોધરના મુખવાળા તથા ગોળાકાર હોય છે. તેની ભુજાઓ સર્પની આકૃતિ સમાન ક્રમશઃ પાતળી, ગાયના પૂંછ સમાન ગોળાકાર, એકસરખી, શિથિલતાથી રહિત, સારી રીતે નિર્માણ કરેલ, સુભગ એવં લલિત હોય છે. તેના નખો તામ્રવર્ણ–લાલિમાયુક્ત હોય છે. તેના અગ્રહસ્ત–કાંડા અથવા હથેળી માંસલ પુષ્ટ હોય છે. તેની આંગળીઓ કોમળ અને પુષ્ટ હોય છે. તેની હસ્તરેખાઓ સ્નિગ્ધ–ચીકણી હોય છે તથા ચંદ્ર, સૂર્ય, શંખ, ચક્ર અને સ્વસ્તિકના ચિહ્નોથી યુક્ત તેમજ સુનિર્મિત હોય છે.

તેની કાંખ તથા મલોત્સર્ગસ્થાન પુષ્ટ તથા ઉન્નત હોય છે. તેમજ કપાળ, પરિપૂર્ણ તથા ગોળાકાર હોય છે. તેની ગ્રીવા ચાર અંગુલ પ્રમાણ અને ઉત્તમ શંખ જેવી હોય છે. તેની દાઢી માંસથી પુષ્ટ, સુસ્થિર તથા પ્રશસ્ત હોય છે. તેના(અધરોષ્ઠ) નીચેના હોઠ દાડમના ખીલેલા ફૂલ જેવા લાલ, કાંતિમય, પુષ્ટ, થોડાલાંબા, સંકોચાયેલા અને ઉત્તમ હોય છે. તેના (ઉત્તરોષ્ઠ) ઉપરના હોઠ પણ સુંદર હોય છે. તેના દાંત દહીં, જલબિંદુ, કુંદના ફૂલ, ચંદ્રમા અને ચમેલીની કળીની સમાન સફેદ, અંતરરહિત એક–બીજાથી સુનિહિત અને ઉજજવળ હોય છે. તેનું તાળવું અને જીભ રક્તકમળની જેમ લાલ તથા કમળપત્રની

સમાન કોમળ હોય છે. તેનું નાક કરેણની કળી સમાન, વક્રતાથી રહિત, આગળથી ઉન્નત સીધું અને ઊંચું હોય છે. તેના નેત્ર શરદઋતુના સૂર્ય વિકાસી નવીન કમળ, ચંદ્ર વિકાસી કુમુદ તથા કુવલય–નીલકમલના પત્રોના સમૂહ સમાન, શુભલક્ષણોથી યુક્ત, કુટિલતા–ત્રિરછાપણાથી રહિત અને કમનીય હોય છે. તેની ભ્રમર થોડા નમેલા ધનુષની સમાન મનોહર, કૃષ્ણવર્ણા અભ્રરાજિ–વાદળોની સમાન સુંદર, પાતળી, કાળી અને સ્નિગ્ધ હોય છે. તેના કાન સુંદર આકારવાળા અને સમુચિત પ્રમાણથી યુક્ત હોય છે. તેના કાનોની શ્રવણશક્તિ સુંદર હોય છે. તેની કપાળની રેખા પુષ્ટ, સ્વચ્છ અને ચીકણી હોય છે. તેનું લલાટ ચાર આંગળ વિસ્તારવાળું અને એકસરખા માપવાળું હોય છે. તેનું મુખ ચાંદનીયુક્ત નિર્મળ અને સંપૂર્ણ ચંદ્રમાની સમાન ગોળાકાર તેમજ સૌમ્ય હોય છે. તેનું મસ્તક છત્રની સમાન ઉન્નત હોય છે. તેના મસ્તકના વાળ કાળા ચીકણા અને લાંબા–લાંબા હોય છે.

તે નિમ્નલિખિત બત્રીસ લક્ષણોથી સંપન્ન હોય છે. ૧, છત્ર ૨, ધ્વજા ૩, યજ્ઞસ્તંભ ૪, સ્તૂપ ૫, દામિની માળા ૬, કમંડલુ ૭, કળશ ૮, વાપી ૯, સ્વસ્તિક ૧૦, પતાકા ૧૧,યવ ૧૨, મત્સ્ય ૧૩, કચ્છપ ૧૪, પ્રધાનરથ ૧૫, મકરધ્વજ (કામદેવ) ૧૬, વજ ૧૭, થાળ ૧૮, અંકુશ ૧૯, અષ્ટાપદ–જુગાર રમવાનો પટ્ટ અથવા વસ્ત્ર. ૨૦, સ્થાપનિકા–ઠવણી ૨૧, દેવ ૨૨, લક્ષ્મીનો અભિષેક ૨૩, તોરણ ૨૪, પૃથ્વી ૨૫, સમુદ્ર ૨૬, શ્રેષ્ઠભવન ૨૭, શ્રેષ્ઠપર્વત ૨૮,ઉત્તમદર્પણ ૨૯, ક્રીડા કરતો હાથી ૩૦, વૃષભ ૩૧, સિંહ ૩૨, ચામર.

તેની ચાલ હંસ જેવી અને વાણી કોયલના સ્વરની જેમ મધુર હોય છે. તે કમનીય, તેજથી યુક્ત અને સર્વને પ્રિય લાગે છે. તેના શરીર પર કરચલી પડતી નથી. તેના વાળ સફેદ થતા નથી. તેના અંગમાં કોઈ પ્રકારની હીનતા આવતી નથી, કુરૂપતા આવતી નથી, તે વ્યાધિ, દુર્ભાગ્ય, સૌભાગ્યહીનતા અને શોક ચિંતાથી મુક્ત રહે છે. તેણીની ઊંચાઈ પુરુષોથી થોડી ઓછી હોય છે. શ્રૃંગારના આગાર–ઘર સમાન અને સુંદર વેશભૂષાથી સુશોભિત હોય છે. તેના સ્તન, જંઘા, મુખ(ચહેરો), હાથ–પગ અને નેત્ર સર્વ અંગો અત્યંત સુંદર હોય છે. તેણી લાવણ્ય, રૂપ અને યૌવનના ગુણોથી સંપન્ન હોય છે. નંદનવન પ્રદેશમાં વિચરણ કરનારી અપ્સરાઓ સરખી ઉત્તરકુરૂ ભોગભૂમિક્ષેત્રના યુગલિક મનુષ્યોની અપ્સરાઓ હોય છે. તેણી આશ્ચર્યજનક અને દર્શનીય હોય છે. તેણી ત્રણ પલ્યોપમનું ઉત્કૃષ્ટ મનુષ્યાયુ ભોગવીને ત્રણ પલ્યોપમ જેટલા દીર્ઘકાલ સુધી મનગમતા માનવીય ભોગોપભોગનો ભોગવટો કરવા છતાં કામભોગોથી સંતુષ્ટ ન થતાં અતૃપ્ત રહીને જ મૃત્યુને પ્રાપ્ત થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત પાઠમાં ભોગભૂમિની નારીઓનું વિસ્તૃત વર્ણન કર્યુ છે. આ વર્ણનમાં તેના શરીરનું નખશિખ વર્ણન છે. અકર્મભૂમિની સ્ત્રીઓનું ત્રણ પલ્યોપમનું આયુષ્ય હોય છે. આ જીવન મર્યાદા મનુષ્યોને માટે અધિકતમ છે. આટલા લાંબા સમય સુધી તેનું યૌવન અખંડિત રહે છે, તેને વૃદ્ધત્વ આવતું નથી. જીવન પર્યંત તે આનંદપૂર્વક ભોગ વિલાસમાં મગ્ન રહે છે છતાં અંતે ભોગોથી અતૃપ્ત જ રહીને મૃત્યુ પામે છે.

## પરસ્ત્રીમાં લુબ્ધ જીવોની દુર્દશા –

**૧૩ मेहुणसण्णासंपगिद्धा य मोहभरिया सत्थेहिं हणंति एक्कमेक्कं । विसय-विसउदीरएसु अवरे परदारेहिं हम्मंति विसुणिया धणणासं सयणविप्पणासं य पाउणंति । परस्स दाराओ जे अवरिया मेहुणसण्णासंपगिद्धा य मोहभरिया अस्सा हत्थी गवा य महिसा मिगा य मारेंति एक्कमेक्कं । मणुयगणा वाणरा य पक्खी य विरुज्झंति, मित्ताणि खिप्पं हवंति सत्तू । समए धम्मे गणे य भिंदति पारदारी । धम्मगुणरया य बंभयारी खणेण उल्लोट्टए चरित्ताओ । जसमंतो सुव्वया य पावेंति अयसकित्तिं । रोगत्ता वाहिया पवड्ढेंति रोगवाही । दुवे य लोया दुआराहगा हवंति- इहलोए चेव परलोए, परस्स दाराओ जे अविरया । तहेव केइ परस्स दारं गवेसमाणा गहिया य हया य बद्धरुद्धा य एवं** *जाव* **गच्छंति विउल मोहाभिभूय-सण्णा।**

**ભાવાર્થ :–** જે માનવ મૈથુન સંજ્ઞામાં–વાસનામાં અત્યંત આસક્ત હોય છે અને મોહભૂત મૂઢતા અથવા કામ–વાસનાથી ભરેલા હોય છે, તે પરસ્પર શસ્ત્રોથી એક બીજા ઉપર ઘા કરે છે. કોઈ વિષયરૂપી વિષની ઉદીરણા કરનારી, વધારનારી બીજાની સ્ત્રીઓમાં પ્રવૃત્ત થઈ અથવા વિષય વાસનાને વશીભૂત તે પરસ્ત્રીઓમાં પ્રવૃત્ત થઈ બીજાઓ દ્વારા મરાય છે. જો પરસ્ત્રીગમનતા પ્રગટ થઈ જાય તો રાજા દ્વારા ધનનો વિનાશ અને સ્વજનો–આત્મીયજનોનો સર્વથા નાશ થાય છે અર્થાત્ તેની સંપતિ અને કુટુંબનો નાશ થઈ જાય છે.

જે પરસ્ત્રીઓથી વિરત નથી અને મૈથુન સેવનની વાસનામાં અત્યંત આસક્ત છે અને મોહથી ભરપૂર છે એવા (મનુષ્યો તથા)ઘોડા, હાથી, બળદ, ભેંસ અને મૃગ વન્ય પશુ પરસ્પર લડીને એકબીજાને મારી નાખે છે.

મનુષ્યગણ, વાંદરા અને પક્ષીગણ મૈથુન સંજ્ઞાને કારણે પરસ્પર વિરોધી બની જાય છે. મિત્ર શત્રુ બની જાય છે. પરસ્ત્રીગામી પુરુષ સમય–સિદ્ધાંતો યા શપથોનો; અહિંસા, સત્ય આદિ ધર્મોની સમાચારીનો તથા ગણ–સમાન આચાર–વિચારવાળા સમૂહનો અથવા સમાજની મર્યાદાઓનો ભંગ કરે છે. ધર્મ અને સંયમ આદિ ગુણોમાં નિરત બ્રહ્મચારી પુરુષ પણ મૈથુન સંજ્ઞાને વશીભૂત થઈ ક્ષણમાત્રમાં ચારિત્ર–સંયમથી ભ્રષ્ટ થઈ જાય છે; મોટા દાનેશ્વરી અને વ્રતોને યથાતથ્ય રૂપે પાલન કરનાર પણ અપયશ અને અપકીર્તિના ભાગી બની જાય છે. ક્ષય આદિ રોગોથી ઘેરાયેલ તથા કોઢ આદિ વ્યાધિઓથી પીડિત પ્રાણી મૈથુન સંજ્ઞાની તીવ્રતાની ખરાબ આદતથી રોગ અને વ્યાધિને વધારે છે અર્થાત્ મૈથુન સેવનની અધિકતા રોગોને અને ચિંતાઓને વધારે છે.

જે મનુષ્ય પરસ્ત્રીથી વિરક્ત નથી, તે આ લોક અને પરલોક બંને લોકમાં વિરાધક થાય છે. આ પ્રકારે જેની બુદ્ધિ તીવ્ર મોહ અથવા મોહનીય કર્મના ઉદયથી નષ્ટ થઈ જાય છે તે પરસ્ત્રીની ગવેષણામાં

પકડાઈ જતાં વધ બંધન આદિ ઈહલૌકિક યાતનાઓને ભોગવે છે અને મૃત્યુ પામતા પરલોકમાં ***યાવત્*** (ત્રીજા અધ્યયનની જેમ)અધોગતિને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં સામાન્યતયા મૈથુનસંજ્ઞાથી ઉત્પન્ન થનાર અનેક અનર્થોનો ઉલ્લેખ કર્યો છે અને વિશેષરૂપે પરસ્ત્રીગમનના દુષ્પરિણામ પ્રગટ કર્યા છે. માનવના મનમાં જ્યારે મૈથુનસંજ્ઞા તીવ્ર બને છે ત્યારે તેની મતિ વિપરીત થઈ જાય છે અને તેનો વિવેક, કર્તવ્ય–અકર્તવ્યનો બોધ નષ્ટ થઈ જાય છે. તે પોતાના હિતાહિતનો, ભવિષ્યમાં થનાર ભયાનક પરિણામોનો સમ્યક્ વિચાર કરવામાં અસમર્થ બની જાય છે. આ જ કારણથી તેને વિષયાંધ કહેલ છે. તે સમયે તેને પોતાના યશ, કુળ, શીલ આદિનો અંશમાત્ર પણ વિચાર હોતો નથી કહ્યું છે કે–

**धर्म–शीलं कुलाचारं, शौर्यं स्नेहं च मानवाः**
**तावदेव ह्यपेक्षन्ते, यावन्न स्त्रीवशो भवेत् ॥**

અર્થાત્ મનુષ્ય પોતાના ધર્મની, પોતાના શીલની, શૌર્ય અને સ્નેહની ત્યાં સુધી પરવાહ કરે છે જ્યાં સુધી તે સ્ત્રીને વશીભૂત થતા નથી.

સૂત્રમાં **"विसय विसस्स उदीरएसु"**કહીને સ્ત્રીઓને વિષયરૂપી વિષની ઉદીરણા કરનાર કહેલ છે. આ કથન પુરુષવર્ગ પર પણ સમાન રૂપે લાગુ પડે છે અર્થાત્ પુરુષ સ્ત્રીજનોમાં વિષય–વિષની ઉદીરણા કરાવનાર હોય છે. આ કથનનો અભિપ્રાય એ છે કે જેમ સ્ત્રીના દર્શન, સાનિધ્ય, સંસ્પર્શ, આદિ પુરુષની કામવાસનાના ઉદયમાં નિમિત્ત બને છે. તેમ પુરુષના દર્શન, સાનિધ્ય, સંસ્પર્શ આદિ સ્ત્રીઓની વાસનાની ઉદીરણામાં નિમિત્ત બને છે. સ્ત્રી અને પુરુષ બન્ને એક–બીજાની વાસના વૃદ્ધિમાં બાહ્ય નિમિત્ત કારણ બની શકે છે. ઉપાદાન કારણ પુરુષનો અથવા સ્ત્રીનો આત્મા સ્વયં જ છે. અંતરંગ કારણ વેદમોહનીય આદિનો ઉદય છે તથા બહિરંગ કારણ સ્ત્રી–પુરુષનું શરીર આદિ છે. બાહ્ય નિમિત્ત પ્રાપ્ત થતાં વેદ–મોહનીયની ઉદીરણા થાય છે.

**અબ્રહ્મચર્યનું ભયાનક ફળ :–**

**१४ मेहुणमूलं य सुव्वए तत्थ तत्थ वुत्तपुव्वा संगामा बहुजणक्खयकरा सीयाए दोवईए कए, रुप्पिणीए, पउमावईए, ताराए, कंचणाए, रत्तसुभद्दाए, अहिल्लियाए, सुवण्णगुलियाए, किण्णरीए, सुरूवविज्जुमईए, रोहिणीए य, अण्णेसु य एवमाइ–एसु बहवे महिलाकएसु सुव्वंति अइक्कंता संगामा गामधम्ममूला ।**

**अबंभसेविणो इहलोए ताव णट्ठा, परलोए वि य णट्ठा महया मोहतिमिसंधयारे घोरे तसथावरसुहुमबायरेसु पज्जत्तमपज्जत्त–साहारणसरीरपत्तेयसरीरेसु य**

**अंडय पोयय-जराउय- रसय-संसेइम सम्मुच्छिम-उब्भियउववाइएसु य, णरयतिरियदेव माणुसेसु, जरामरणरोगसोगबहुले, पलिओवमसागरोवमाइं अणाईयं अणवदग्गं दीहमद्धं चाउरंत संसार-कंतारं अणुपरियट्टंति जीवा मोहवससण्णिविट्ठा ।**

**ભાવાર્થ :–** (૧) સીતા, (૨) દ્રૌપદી, (૩) રુક્ષ્મણિ, (૪) પદ્માવતી, (૫) તારા, (૬) કંચના, (૭) રક્તસુભદ્રા, (૮) અહલ્યા, (૯) સુવર્ણગુલિકા, (૧૦) કિન્નરી, (૧૧) સુરૂપ વિદ્યુન્મતિ (૧૨) રોહિણીને માટે પૂર્વકાલમાં મનુષ્યોનો સંહાર કરનારા, વિભિન્ન ગ્રંથોમાં વર્ણિત જે યુદ્ધો થયેલા સાંભળવામાં આવે છે, તેનું મૂળ કારણ મૈથુન જ હતું. મૈથુનસંબંધી વાસનાને કારણે આ સર્વ મહાયુદ્ધો થયા છે. તેના સિવાય અન્ય પણ અનેક સ્ત્રીઓના નિમિત્તથી ઈન્દ્રિય વિષયમૂલક અન્ય યુદ્ધો પણ થયા છે.

અબ્રહ્મનું સેવન કરનાર આ લોકમાં તો નષ્ટ થાય જ છે, તે પરલોકમાં પણ નષ્ટ થાય છે. મોહ વશીભૂત પ્રાણી ત્રસ અને સ્થાવર; સૂક્ષ્મ અને બાદર; પર્યાપ્ત અને અપર્યાપ્ત; સાધારણ અને પ્રત્યેક શરીરી જીવોમાં અંડજ–ઈંડાથી ઉત્પન્ન થનાર, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદિમ, ઉદ્‌ભિજજ અને ઔપપાતિક જીવોમાં; આ પ્રકારે નરક, તિર્યંચ, દેવ અને મનુષ્યગતિના જીવોમાં જરા, મરણ, રોગ અને શોકની પ્રધાનતાવાળા મોહરૂપી અંધકારથી વ્યાપ્ત અને ઘોર, દારૂણ પરલોકમાં અનેક પલ્યોપમ અને સાગરોપમ જેટલા સુદીર્ઘ સમય સુધી નષ્ટ–વિનિષ્ટ થતા રહે છે. તેઓ દારુણ દશા ભોગવે છે તથા અનાદિ અને અનંત દીર્ઘ માર્ગયુક્ત અને ચાર ગતિરૂપ સંસારકાંતારમાં વારંવાર પરિભ્રમણ કરતા રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રાચીન કાળમાં સ્ત્રીઓના નિમિત્તે થયેલ સંગ્રામોનો ઉલ્લેખ કરતાં સીતા, દ્રૌપદી આદિ નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરંતુ તે સિવાય સેંકડો અન્ય ઉદાહરણ ઈતિહાસમાં વિદ્યમાન છે. પરસ્ત્રી લંપટતાને કારણે થતા અત્યાચારો આજે પણ જોઈ શકાય છે.

અબ્રહ્મચર્યનું સેવન અનેક અનર્થોનું સર્જન કરે છે, તેમાં પણ પરસ્ત્રીગમન અત્યંત અનર્થકારી છે. તે આત્મા કલુષિત બને છે. અબ્રહ્મનું એક પાપ સેવન અન્ય અનેક પાપપ્રવૃત્તિમાં પ્રેરક બને છે. તેથી જ તેને અધર્મનું મૂળ કહ્યું છે. તેની પાપ પ્રવૃત્તિ અનેક જીવોના જીવનનો નાશ કરે છે. તેનો આ લોક અને પરલોક દુઃખપૂર્ણ બની જાય છે.

તે જીવ ચારગતિ રૂપ સંસારમાં અનંતકાલ સુધી પરિભ્રમણ કરી જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ અનંત દુઃખોને ભોગવે છે.

સૂત્રકારે સંસારી જીવોના ભેદ–પ્રભેદ વિવિધ અપેક્ષાએ કર્યા છે. (૧) ત્રસ–સ્થાવર (૨) સૂક્ષ્મ–બાદર (૩) પર્યાપ્તા, અપર્યાપ્તા (૪) પ્રત્યેક અને સાધારણશરીરી (૫) અંડજ, પોતજ, ગર્ભજ, રસજ, ઉદ્‌ભિજજ, સંમૂર્ચ્છિમ અને ઔપપાતિક જીવોમાં (૬) નરક, તિર્યંચ, દેવ અને મનુષ્ય ગતિમાં સંસારી જીવો જન્મ મરણ કરે છે. જીવના ભેદ પ્રભેદના વિશેષ સ્પષ્ટીકરણ માટે જૂઓ પ્રજ્ઞાપનાસૂત્ર. પ્રત્યેક

વર્ગીકરણમાં પ્રત્યેક સંસારી જીવોનો સમાવેશ થઈ જાય છે.

**અબ્રહ્મચર્યનો ઉપસંહાર :–**

**૧૫** **एसो सो अबंभस्स फलविवागो इहलोइओ परलोइओ य अप्पसुहो बहुदुक्खो महब्भओ बहुरयप्पगाढो दारुणो कक्कसो असाओ वाससहस्सेहिं मुच्चइ, ण य अवेयइत्ता अत्थि हु मोक्खोत्ति ।**

**एवमाहंसु णायकुलणंदणो महप्पा जिणो उ वीरवरणामधिज्जो कहेसी य अबंभस्स फलविवागं एयं । तं अबंभं वि चउत्थं सदेवमाणुयासुरस्सलोयस्स पत्थणिज्जं** *जाव* **चिरपरिचियमणुगयं दुरंतं । त्ति बेमि ॥**

**॥ चउत्थं अहम्मदारं समत्तं ॥**

**ભાવાર્થ :–** અબ્રહ્મરૂપ અધર્મોનો આ ફળ–વિપાક છે, જે આ લોકમાં અને પરલોકમાં ભોગવવો પડે છે, અલ્પસુખ અને મહાદુ:ખદાયી છે. આ ફળવિપાક અત્યંત ભયંકર છે અને પ્રગાઢ પાપ–રજથી સંયુક્ત છે; અત્યંત ભયંકર અને કઠોર છે; અશાતાજનક છે. હજારો વર્ષે અર્થાત્ દીર્ઘકાળ પછી તેમાંથી છૂટકારો મળે છે પરંતુ તેને ભોગવ્યા વિના છુટકારો પ્રાપ્ત થતો નથી. જ્ઞાતકુલનંદન મહાન આત્મા શ્રેષ્ઠ મહાવીર નામથી વિખ્યાત જિનેશ્વર દેવે અબ્રહ્મચર્યનું આ ફળ પ્રતિપાદિત કર્યું છે.

આ ચોથો આશ્રવ અબ્રહ્મચર્ય દેવતા, મનુષ્ય અને અસુર સહિત લોકના સર્વ પ્રાણીઓ દ્વારા પ્રાર્થનીય છે ***યાવત્*** દીર્ઘકાલથી પરિચિત–અભ્યસ્ત અને અનુગત છે, દુરંત છે, દુ:ખપ્રદ છે અને ઘણી મુશ્કેલીથી તેનો અંત આવે છે.

**॥ ચોથું અધર્મદ્વાર સમાપ્ત ॥**

**વિવેચન :–**

ચતુર્થ આશ્રવ દ્વારનો ઉપસંહાર કરતા સૂત્રકારે અબ્રહ્મના ફળની દારુણતા અને ભયાનકતા પ્રગટ કરી છે. તેમજ સૂત્રોક્ત કથન પ્રભુ મહાવીરનું છે તેમ કહીને તેની પૂર્ણ પ્રામાણિકતાને પ્રગટ કરી છે.

સૂત્રમાં આવેલ **જાવ** પદના પાઠની પૂર્તિ આ જ અધ્યયનના પ્રથમ સૂત્રમાં છે.

**॥ અધ્યયન–૪ સંપૂર્ણ ॥**

# પાંચમું અધ્યયન

## પરિચય

આ અધ્યયનનું નામ 'પરિગ્રહ' છે. તેમાં પરિગ્રહનું સ્વરૂપ, તેના પર્યાયવાચી નામ, પરિગ્રહી વ્યક્તિ, તેઓના પ્રયોજન અને પરિગ્રહના દારુણ પરિણામનું વર્ણન પૂર્વવત્ પાંચ દ્વારથી કર્યું છે.

**પરિગ્રહનું સ્વરૂપ :–** જીવને ગ્રહી–જકડી રાખે તેને પરિગ્રહ કહે છે. જમીન, ધન, સંપત્તિ, ખેતી, સોના, ચાંદી, હીરા, ઝવેરાત, મકાન, દુકાન, સ્ત્રી, પુત્ર આદિ સચિત્ત અને અચિત્ત પદાર્થ પ્રાણીઓને ગ્રહી–જકડી લે છે. તેથી તેને પરિગ્રહ કહે છે. આ પરિગ્રહ સ્થાનોમાં લાભની સાથે લોભ સંજ્ઞાની વૃદ્ધિ થતી રહે છે. આખા જગતનું ધન કોઈ લોભી વ્યક્તિને મળી જાય તોપણ તેને સંતોષ થતો નથી. અગ્નિમાં જેમ જેમ ઘી આદિ સામગ્રી નાખવામાં આવે તેમ તે વૃદ્ધિ પામે છે તેવી જ રીતે જેમ લાભ થાય તેમ લોભ વધે છે. પરિગ્રહ મોક્ષ માટે આગળિયા સમાન અને મમત્વનું મૂળ છે. લોભાંધ વ્યક્તિ હિતાહિતનો વિવેક ખોઈ બેસે છે. ભાઈ ભાઈમાં, મિત્ર મિત્રમાં, પિતા પુત્રમાં અને શેઠ નોકરમાં, તે વેરની વૃદ્ધિ કરાવનાર છે. હિંસા અને મહાસંગ્રામનું તે નિમિત્ત છે.

**પરિગ્રહના ૩૦ પર્યાયવાચી નામ :– मूच्छा परिग्गहो वुत्तो ।** મૂર્છાભાવ તે પરિગ્રહ છે. મૂર્છાભાવનું પરિણમન વસ્તુનો સંગ્રહ કરાવે છે અને સંગૃહિત પદાર્થ પર મૂર્ચ્છાનો ભાવ જાગૃત થાય છે. બંને પરસ્પર સાપેક્ષ છે. તેની વિશાળતાનું દર્શન કરાવવા શાસ્ત્રકારે તેના ૩૦ નામનું કથન કર્યું છે.

આ સાર્થક નામોમાં બન્ને પ્રકારનાં દ્રવ્ય અને ભાવ પરિગ્રહનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ત્રીસ નામ પરિગ્રહના વિરાટ રૂપને સૂચિત કરે છે. શાંતિ, સંતોષ, સમાધિથી જીવન વ્યતીત કરવા ઈચ્છતી વ્યક્તિએ પરિગ્રહના આ જુદા જુદા રૂપોને સારી રીતે સમજીને ત્યાગ કરવો જોઈએ.

**પરિગ્રહધારી :–** (૧) ચારે જાતિના ૯૯ પ્રકારના દેવ મહાન ઋદ્ધિના ધારક છે. તેમાં પણ ઈન્દ્ર, સામાનિક, ત્રાયત્રિંશક, લોકપાલ, અહમેંન્દ્ર આદિ વિશેષ ઐશ્વર્યના સ્વામી છે. દેવગણ પણ પોતપોતાની પરિષદ સહિત, પરિવાર સહિત વિશાળ પરિગ્રહના સ્વામી છે. તેના ભવન, વિમાન, આવાસ, યાન, વાહન, શય્યા, ભદ્રાસન, સિંહાસન, વસ્ત્ર, આભૂષણ, શસ્ત્ર, અનેક પ્રકારના મણિરત્ન તેમજ લબ્ધિસંપન્ન અપ્સરાઓ (દેવીઓ)આદિ તેના સ્વામીત્વમાં હોય છે અને તેમાં તે મૂર્ચ્છિત હોય છે.

(૨) ચૈત્યસ્તૂપ, માણવક સ્તંભ, ગામ, નગર, ઉદ્યાન, જંગલ, દેવાલય, સરોવર, તળાવ, વાવડી, પરબ અને વસ્તી આદિ સ્થાનોને કેટલાક દેવો મમત્વપૂર્વક સ્વીકાર કરે છે.

(૩) આ દેવોમાંથી કોઈ દેવ તિર્યક્ લોકના વર્ષધર(વિશાળ) ક્ષેત્ર, દ્વીપસમુદ્ર, નદી, પર્વત, ઈક્ષુકાર, દધિમુખ,

શૈલ, કૂટ આદિમાં રહે છે. મહાન ઋદ્ધિના સ્વામી એવા આ દેવો વિપુલ ઐશ્વર્યનો અનુભવ, ઉપભોગ, અસંખ્ય વર્ષો સુધી કરવા છતાં તૃપ્ત થતા નથી. અતૃપ્તાવસ્થામાં જ ત્યાંથી મરીને બીજી ગતિઓમાં ચાલ્યા જાય છે. પરિગ્રહની લાલસામાં દેવગણ પણ તૃપ્ત થઈ શકતા નથી તો મનુષ્યો અથવા બીજા પ્રાણીઓનું તો કહેવું જ શું ?

(૪) અકર્મભૂમિમાં રહેનારા યુગલિક મનુષ્ય અને કર્મભૂમિમાં રહેનારા ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, માંડલિક રાજા, સામાન્ય રાજા, રાજ્યકર્મચારી, મંત્રી, રાજકુમાર, શેઠ, શાહૂકાર, સેનાપતિ, પુરોહિત, સાર્થવાહ આદિ મહાન ઋદ્ધિ, સંપત્તિ અને મનોજ્ઞ ભોગોપભોગની સામગ્રીથી સંપન્ન હોય છે. તેઓ મનોહર–મનોજ્ઞ લલનાઓ અને પુત્ર પરિવારથી સંપન્ન હોય છે. તેઓ ધન–ધાન્ય, પશુ, ભંડાર, વ્યાપાર, જમીન, જાયદાદ, આભૂષણ, વસ્ત્ર, હીરા, પન્ના, માણેક, મોતી, સોનું, ચાંદી, ઝવેરાત, યાન, વાહન, રથ, પાલખી આદિ સુખ સામગ્રી અને ભોગસામગ્રથી પણ સંપન્ન હોય છે. દાસ–દાસી, નોકર આદિ તેની સેવામાં હાજર રહે છે. તે મહાપરિગ્રહના સ્વામીની મમત્વ, લોભ, લાલસાની અગ્નિ શાંત થતી નથી અને અંતે અતૃપ્તપણે જ મૃત્યુ પામે છે.

(૫) અનેક સામાન્ય મનુષ્ય, તિર્યંચ પણ પોતપોતાને પ્રાપ્ત પરિગ્રહ, ધન, સંપત્તિ, કુટુંબ, પરિવાર, સ્ત્રી, પુત્ર, સુખ, ભોગસામગ્રી, ખાન, પાન, વસ્ત્ર, ઉપકરણ, મકાન, દુકાન આદિમાં મમત્વ મૂર્ચ્છા રાખે છે. તેને હંમેશાં અપ્રાપ્તની લાલસા રહે છે. આ લાલસાની લાય શાંત ન થવાથી તે મહાપરિગ્રહી કહેવાય છે અને અતૃપ્તપણે મરે છે.

(૬) કેટલાક લોકો પરિગ્રહ માટે ૬૪ વિદ્યાઓ અને ૭૨ કળાઓ શીખે છે; અસિ, મસિ, કૃષિ આદિ કર્મ કરે છે. ધનસંગ્રહ માટે તેઓ જીવનપર્યંત વ્યાપાર વાણિજ્ય, ખેતી, કારખાના આદિ સેંકડો ઉપાય કરતા રહે છે.

(૭) પરિગ્રહ માટે કેટલાક લોકો હિંસક કૃત્ય કરે છે, જૂઠ, અનૈતિક કૃત્યોનું સેવન કરે છે. તેઓ ક્રોધ, માન, માયા, લોભ, ક્લેશ, ઝગડા, વેર, વિરોધ વધારતા રહે છે; ઈચ્છા, તૃષ્ણા, આસક્તિ અને લોભમાં ગ્રસ્ત રહે છે.

(૮) આ પ્રકારે આ પરિગ્રહના પાશમાં સમસ્ત સંસારના પ્રાણી ફસાયેલા હોય છે.

**પરિગ્રહનું પ્રયોજન :–** જીવનો મૂર્ચ્છાભાવ અથવા આસક્તિનો ભાવ તેને બાહ્ય પદાર્થ તરફ આકર્ષણ જન્માવે છે. તેના પરિણામે તે પદાર્થનો સંગ્રહ કરે છે અને પોતાના જીવન માટે, પરિવાર માટે અને ઈન્દ્રિય સુખની ઈચ્છાપૂર્તિ માટે તથા યશ–કીર્તિ માટે પણ પ્રાણી પરિગ્રહનું ઉપાર્જન અને સંગ્રહ કરે છે. સંગ્રહિત પદાર્થનું રક્ષણ કરવામાં મૂર્ચ્છિત થાય છે. આ રીતે જીવનો મૂર્ચ્છાભાવ જ તેને પરિગ્રહમાં જકડી રાખે છે.

**પરિગ્રહ પાપનું કટુ પરિણામ :–** પરિગ્રહમાં આસક્ત બનેલા પ્રાણી તેના ઉપાર્જનમાં, ઉપભોગમાં અને સંરક્ષણમાં અનેક પ્રકારના પાપકર્મનું આચરણ કરી કર્મનો સંગ્રહ કરે છે. આ લોકમાં તેના સન્માર્ગ અને સુખશાંતિ નષ્ટ થાય છે. લોભને વશ બનેલી વ્યક્તિ ભૂખ, તૃષા, ગર્મી, શરદી આદિ કષ્ટોને સહન

કરી પરિગ્રહ ભેગો કરે છે. અંતે તે પરિગ્રહને પરવશપણે છોડી, આસક્તિથી બાંધેલા કર્મો સાથે લઈને નરકગતિ, તિર્યંચગતિ આદિમાં પરિભ્રમણ કરે છે અને મહાન દુઃખો ભોગવતા રહે છે.

વિવેકવાન વિજ્ઞજનોએ આ પરિગ્રહ, લોભ, તૃષ્ણાના પાશમાંથી મુક્ત રહી આત્માને દુર્દશાથી સુરક્ષિત રાખવો જોઈએ. જીવ અનાદિકાળથી ભવોભવમાં વિવિધ પરિગ્રહને અવશપણે છોડી–છોડીને મરતો રહે છે અને અહીંથી પણ પરિગ્રહ છોડીને જ જવાનું છે. જ્ઞાન અને વિવેક દ્વારા સંતોષ અને વૈરાગ્ય ભાવના ધારણ કરી આ પરિગ્રહનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ, તે જ આત્મા માટે શ્રેયસ્કર છે. સંપૂર્ણ ત્યાગ સંભવ ન હોય તોપણ આશા–તૃષ્ણાને રોકી, પરિગ્રહની મર્યાદા કરી અવશેષ પરિગ્રહથી નિવૃત્ત થવું જોઈએ.

સંસારમાં રહેવા છતાં પરિગ્રહની મર્યાદા કરવાથી, પરિગ્રહના કટુ પરિણામથી તે મુક્ત રહી શકે છે અને એક દિવસ સંપૂર્ણ પરિગ્રહના ત્યાગી બની સંસાર પરિભ્રમણથી મુક્ત થઈ શકે છે.

આ રીતે પ્રથમ શ્રુતસ્કંધના પાંચ અધ્યયનમાં ક્રમશઃ પાંચે આશ્રવનું વિસ્તૃત વર્ણન છે.

❖❖❖❖❖

# પાંચમું અધ્યયન

## પરિગ્રહ

### પરિગ્રહનું સ્વરૂપ :–

**१** **जंबू ! इत्तो परिग्गहो पंचमो उ णियमा णाणामणि–कणग–रयण–महरिहरिमल–सपुत्तदारपरिजण दासी दास भयग पेस हय–गय–गो– महिस–उट्ट–खर–अय–गवेलग–सीया–सगड–रह–जाण–जुग्ग–संदण– सयणासण–वाहण–कुविय धणधण्ण–पाण–भोयणाच्छायण–गंध–मल्ल–भायण–भवणविहिं चेव बहु–विहीयं भरहं णग–णगर–णिगम–जणवय– पुरवर– दोणमुह–खेड–कब्बड–मडंब संबाह पट्टण सहस्स परिमंडियं । थिमियमेइणीयं एगच्छत्तं ससागरं भुंजिऊण वसुहं ।**

**अपरिमियमणंत–तण्हमणुगय–महिच्छ–सारणिरयमूलो, लोहकलिकसाय महक्खंधो, चिंतासयणिचिय विउल सालो, गारवपविरल्लियग्ग विडवो, णियडि–तयापत्तपल्लवधरो पुप्फफलं जस्स कामभोगा, आयासविसूरणा कलह–पकंपियग्गसिहरो णरवईसंपूइओ बहुजणस्स हिययदइओ इमस्स मोक्खवरमुत्तिमगस्स फलिहभूओ । चरिमं अहम्मदारं ।**

**ભાવાર્થ :–** શ્રી સુધર્માસ્વામીએ પોતાના પ્રધાન શિષ્ય જંબૂસ્વામીને કહ્યું કે હે જંબૂ ! ચોથા અબ્રહ્મ નામના આશ્રવદ્વારની પછી આ પાંચમો પરિગ્રહ આશ્રવ છે. તેનું સ્વરૂપ આ પ્રકારે છે. અનેક મણિઓ, સુવર્ણો, કર્કેતન આદિ રત્નો, બહુમૂલ્ય સુગંધમય પદાર્થ; પુત્ર, પત્ની સહિત સર્વ પરિવાર; દાસી–દાસ, નોકર, ચાકર, પ્રેષ્ય અર્થાત્ કોઈ કાર્યને માટે મોકલવા યોગ્ય કર્મચારી; ઘોડા, હાથી, ગાય, ભેંસ, ઊંટ, ગધેડા, બકરા, ગવેલક(વિશિષ્ટ જાતિના બકરા), શિબિકા, પાલખી, શકટ–ગાડા, રથ, યાન, યુગ્ય અર્થાત્ બે હાથ લાંબી વિશેષ પ્રકારની સવારી; સ્યંદન, ક્રીડારથ, શયન, આસન, વાહન, કુપ્ય અર્થાત્ ઘરના ઉપયોગમાં આવતો વિવિધ પ્રકારનો સામાન; ધન, ધાન્ય(ઘઉં, ચોખા આદિ), પેય પદાર્થ, ભોજન; પહેરવા ઓઢવાના વસ્ત્ર; ગંધ–કપૂર, આદિ માળા–ફૂલોનીમાળા; વાસણ, ભવન આદિ અનેક પ્રકારની વસ્તુઓને (ભોગવી લેવા છતાં) અને હજારો પર્વતો, નગરો (કર રહિત વસ્તીઓ), નિગમો(વ્યાપાર પ્રધાન મંડળો) જનપદો, મહાનગરો, દ્રોણમુખો(જલમાર્ગ અને સ્થળમાર્ગથી જોડાયેલ માર્ગ) ખેટ(ચારે તરફ ધૂળના

કોટવાળી વસ્તીઓ), કર્બટો–નાના નગરો–કસ્બા, મડંબો–જેની આસપાસ અઢી કોશ સુધી વસ્તી ન હોય, સંબાહો, પતનો–જ્યાં નાના નાના પ્રદેશોમાંથી વસ્તુઓ ખરીદવા માટે લોકો આવે છે અથવા જ્યાં વિશેષ રૂપે રત્નો આદિનો વ્યાપાર થતો હોય એવા મોટા નગરોથી સુશોભિત ભરતક્ષેત્ર તેમજ સાગરપર્યંત પૃથ્વીના એકછત્ર અખંડ રાજ્યને ભોગવવા છતાં પરિગ્રહથી પ્રાણીને તૃપ્તિ થતી નથી.

ક્યારે ય અને ક્યાં ય જેનો અંત આવતો નથી એવી અપરિમિત અને અનંત તૃષ્ણારૂપ મોટી ઈચ્છાના સાર–પરિણામરૂપ દુર્ગતિ જ પરિગ્રહરૂપી વૃક્ષના મૂળ જેવી છે. લોભ, ક્રોધ, ક્લેશ, લડાઈ, ઝગડા, તેના મહાસ્કંધો છે. માનસિક સંતાપ આદિની અધિકતાથી અથવા નિરંતર ઉત્પન્ન થનારી સેંકડો ચિંતાઓ તેની શાખાઓ છે. ઋદ્ધિ, રસ અને શાતારૂપ ગૌરવ તેની શાખાનો વિસ્તીર્ણ અગ્રભાગ છે. નિકૃતિ અને બીજાને ઠગવાને માટે થતી વંચના, ઠગાઈ યા કપટ જ તે વૃક્ષની ત્વચા, છાલ, પત્ર, પુષ્પ છે. કામભોગ જ આ પરિગ્રહરૂપી વૃક્ષના પુષ્પ અને ફળ છે. તેનું અગ્રશિખર–ઉપરિભાગ શારીરિક શ્રમ, માનસિક ખેદ અને ક્લેશથી જ કંપાયમાન છે.

આ પરિગ્રહ(રૂપ, આશ્રવ, અધર્મ)રાજા–મહારાજાઓ દ્વારા સન્માનિત છે; ઘણાં લોકોના હૃદય–વલ્લભ છે અને મોક્ષના નિર્લોભતારૂપ માર્ગને માટે આગળિયા સમાન છે અર્થાત્ મુક્તિના ઉપાયરૂપ નિર્લોભતા, અકિંચનતા, મમત્વરહિતતારૂપ ગુણો માટે પરિગ્રહ બાધક છે. આ અંતિમ અધર્મદ્વાર–આશ્રવદ્વાર છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે પાંચમા આશ્રવ દ્વાર પરિગ્રહનું સ્વરૂપ અને તેના પરિણામનું નિરૂપણ કર્યું છે. શ્રી અભયદેવ સૂરિની ટીકામાં અબ્રહ્મનો સંબંધ પરિગ્રહ સાથે બતાવ્યો છે. જ્યાં અબ્રહ્મનું સેવન હોય ત્યાં પરિગ્રહ અવશ્ય હોય જ છે. બીજા તીર્થંકરથી ૨૩માં તીર્થંકરના શાસનમાં ચાર મહાવ્રત હતા તેમાં પણ સ્ત્રીનો સમાવેશ પરિગ્રહમાં કર્યો છે અર્થાત્ ચોથા મહાવ્રતનો સમાવેશ પાંચમા મહાવ્રતમાં કર્યો છે.

**પરિગ્રહનું સ્વરૂપ :– मुच्छा परिग्गहो वुत्तो ।** મૂર્ચ્છા આસક્તિનો ભાવ પરિગ્રહ છે. તે જ રીતે મૂર્ચ્છાની સ્થાનભૂત સાધન સામગ્રીને પણ પરિગ્રહ કહે છે. સૂત્રમાં તેના નામનો ઉલ્લેખ છે. જે સ્પષ્ટ છે. શાસ્ત્રકારે વૃક્ષની ઉપમાથી પરિગ્રહનું સ્વરૂપ અને તેના અનર્થોનું કથન કર્યું છે.

**પરિગ્રહનું પરિણામ :–** કષાયોની વૃદ્ધિ, માનસિક સંતાપ, સંઘર્ષ અને સંકલેશ તેનું પરિણામ છે. તેથી જ તે મોક્ષમાર્ગમાં બાધક છે.

### પરિગ્રહના ૩૦ નામ :–

**२ तस्स य णामाणि गोण्णाणि होंति तीसं, तं जहा– परिग्गहो, संचयो, चयो,**

**उवचयो, णिहाणं, संभारो, संकरो, आयरो, पिंडो, दव्वसारो, तहा महिच्छा, पडिबंधो, लोहप्पा, महद्दी, उवकरणं, संरक्खणा य, भारो, संपाउप्पायओ, कलिकरंडो, पवित्थरो, अणत्थो, संथवो, अगुत्ती, आयासो, अविओगो, अमुत्ती, तण्हा, अणत्थओ, आसत्ती, असंतोसो ति य । तस्स एयाणि एवमाईणि णामधिज्जाणि होंति तीसं ।**

**ભાવાર્થ :–** તે [પરિગ્રહના] ત્રીસ નામ છે, તે આ પ્રમાણે છે– (૧) પરિગ્રહ (૨) સંચય (૩) ચય (૪) ઉપચય (૫) નિધાન (૬) સંભાર (૭) સંકર (૮) આદર (૯) પિંડ (૧૦) દ્રવ્યસાર (૧૧) મહેચ્છા (૧૨) પ્રતિબંધ (૧૩) લોભાત્મા (૧૪) મહર્ધિકા (૧૫) ઉપકરણ (૧૬) સંરક્ષણા (૧૭) ભાર (૧૮) સંપાતોત્પાદક (૧૯) કલિકરંડ (૨૦) પ્રવિસ્તર (૨૧) અનર્થ (૨૨) સંસ્તવ (૨૩) અગુપ્તિ અથવા અકીર્તિ (૨૪) આયાસ (૨૫) અવિયોગ (૨૬) અમુક્તિ (૨૭) તૃષ્ણા (૨૮) અનર્થક (૨૯) આસક્તિ (૩૦) અસંતોષ ઈત્યાદિ. તે પરિગ્રહના આ ત્રીસ નામ છે.

**વિવેચન :–**

પરિગ્રહના પર્યાયવાચી ત્રીસ નામ તેના સ્વરૂપને પ્રગટ કરે છે.

૧) **परिग्गहो :–** શરીર, ધન, ધાન્ય આદિ બાહ્ય પદાર્થોને મમત્વ ભાવથી ગ્રહણ કરવા તેને પરિગ્રહ કહે છે.

૨) **संचयो :–** કોઈપણ વસ્તુનો અધિક માત્રામાં સંગ્રહ થાય છે તેથી તેને સંચય કહે છે.

૩) **चयो :–** વસ્તુઓ એકત્રિત થાય છે તેથી તેને ચય કહે છે.

૪) **उवचयो :–** મળેલા પદાર્થોની વૃદ્ધિ થતી હોવાથી તેને ઉપચય કહે છે.

૫) **णिहाणं :–** ધનને ભૂમિમાં દાટીને રાખવું, તિજોરીમાં રાખવું યા બેંકમાં જમા કરાવવું તેવી પ્રવૃત્તિઓ હોવાથી તેને નિધાન કહે છે.

૬) **संभारो :–** ધાન્ય આદિ વસ્તુને અથવા વસ્ત્ર આદિને ભરી રાખવા રૂપ પ્રવૃત્તિ હોવાથી તેને સંભાર કહે છે.

૭) **संकरो :–** સંકરનો સામાન્ય અર્થ છે ભેળસેળ કરવી. અહીં તેનો વિશેષ અભિપ્રાય છે, મૂલ્યવાન પદાર્થોમાં અલ્પમૂલ્ય વસ્તુ મેળવી રાખવી. જેનાથી મૂલ્યવાન પદાર્થો તુરંત પ્રગટ ન થાય અને તેને કોઈ ગ્રહણ કરી ન લે. આ પ્રકારની પ્રવૃત્તિ થતી હોવાથી તેને સંકર કહે છે.

૮) **आयरो :–** શરીર, ધન આદિને આદરભાવથી અત્યંત પ્રીતિભાવથી સુરક્ષિત રાખાતા હોવાથી તેને આદર કહે છે.

૯) **पिंडो :–** લાલચથી પ્રેરિત થઈ કોઈ પદાર્થનો યા વિભિન્ન પદાર્થોનો ઢગલો કરવો અર્થાત્ પદાર્થને એકત્ર કરવા તે પ્રકારની પ્રવૃત્તિ થતી હોવાથી તેને પિંડ કહે છે.

૧૦) **दव्वसारो :–** દ્રવ્ય અર્થાત્ ધનને જ સારભૂત સમજવું. ધનને પ્રાણથી અધિક માની, જાનના જોખમે પણ ધનને માટે પ્રયત્નશીલ રહેવાથી તેને દ્રવ્યસાર કહે છે.

૧૧) **महिच्छा** :– અસીમ ઈચ્છા યા અસીમ ઈચ્છાનું કારણ હોવાથી તેને મહેચ્છા કહે છે.

૧૨) **पडिबंधो** :– કોઈ પદાર્થની સાથે બંધાઈ જવું, જકડાઈ જવું. જેમ ભમરો સુગંધની લાલચમાં કમળ ને ભેદન કરવાની શક્તિ હોવા છતાં ભેદી શકતો નથી. તેની કળીમાં બંધ થઈ જાય છે(અને ક્યારેક મૃત્યુનો ગ્રાસ બની જાય છે) આ પ્રકારે સ્ત્રી, ધન આદિના મોહમાં જકડાઈ જાય છે, તેને છોડવાનું ઈચ્છે છતાં છોડી શકતા નથી. તેથી તેને પ્રતિબંધ કહે છે.

૧૩) **लोहप्पा** :– લોભનો સ્વભાવ, લોભરૂપ મનોવૃત્તિ હોવાથી તેને લોભાત્મા કહે છે.

૧૪) **महद्दी** :– મહતી આકાંક્ષા અથવા યાચના થતી હોવાથી તેને મહતી યાચના કહે છે.

૧૫) **उवकरणं** :– જીવન ઉપયોગી સાધન–સામગ્રી. આવશ્યકતાનો વિચાર કર્યા વિના ગમે ત્યાંથી સાધન સામગ્રી એકત્ર થતી હોવાથી તેને ઉપકરણ કહે છે.

૧૬) **संरक्खणा** :– મળેલા પદાર્થોનું આસક્તિપૂર્વક સંરક્ષણ થાય છે તેથી તેને સંરક્ષણા કહે છે.

૧૭) **भारो** :– પરિગ્રહ જીવનને માટે ભારભૂત છે માટે તેને ભાર કહે છે. પરિગ્રહના ત્યાગી મહાત્મા લઘુભૂત થઈને નિશ્ચિંત અને નિર્ભયપણે વિચરે છે.

૧૮) **संपाउप्पायओ** :– પરિગ્રહ અનેક પ્રકારના સંકલ્પો–વિકલ્પોનો ઉત્પાદક, અનેક અનર્થો તેમજ ઉપદ્રવોનો જનક છે. તેથી તેને સંપાતોત્પાદક કહે છે.

૧૯) **कलिकरंडो** :– પરિગ્રહ ક્લેશ, યુદ્ધ, વૈર, વિરોધ, સંઘર્ષ આદિનું પ્રમુખ કારણ છે, માટે તેને કલિકરંડ "ક્લેશનો પટારો" કહેવાય છે.

૨૦) **पवित्थरो** :– ધન, ધાન્ય આદિનો વિસ્તાર અથવા વ્યાપાર ધંધા આદિનો ફેલાવો, આ સર્વ પરિગ્રહનું જ રૂપ છે. તેથી તેને પ્રવિસ્તર કહે છે.

૨૧) **अणत्थो** :– પરિગ્રહ અનેકવિધ અનર્થોનું પ્રધાન કારણ છે. મમત્વ બુદ્ધિથી પ્રેરિત અને તૃષ્ણા અને લોભથી ગ્રસ્ત થઈ મનુષ્ય સર્વ અનર્થોનું પાત્ર બની જાય છે. તેને ભીષણ યાતનાઓ ભોગવવી પડે છે. તેથી તેને અનર્થ કહે છે.

૨૨) **संथवो** :– સંસ્તવનો અર્થ છે પરિચય– વારંવાર નિકટતાનો સંબંધ. તે મોહની આસક્તિને વધારે છે. માટે તેને સંસ્તવ કહે છે.

૨૩) **अगुत्ति** :– પોતાની ઈચ્છાઓ કે વાસનાઓનું ગોપન ન કરવું–તેના પર નિયંત્રણ રાખ્યા વિના સ્વછંદતા વધારવી તેને અગુપ્તિ કહે છે.

૨૪) **आयासो** :– આયાસનો અર્થ છે–ખેદ અથવા પ્રયાસ. પરિગ્રહ એકઠો કરવા માટે માનસિક અને શારીરિક ખેદ થાય છે–પ્રયાસ કરવો પડે છે માટે તેને આયાસ કહે છે.

૨૫) **अविओगो** :– વિભિન્ન પદાર્થોના રૂપમાં અથવા ધન–મકાન કે દુકાન આદિના રૂપમાં જે પરિગ્રહ એકત્રિત કર્યો છે તેને છોડી ન દેવો. ચમડી તૂટે પણ દમડી ન છૂટે એવી વૃત્તિ હોવાથી તેને અવિયોગ કહે છે.

૨૬) **अमुत्ती** :– મુક્તિ અર્થાત્ નિર્લોભતા–તેનું ન હોવું અર્થાત્ લોભની વૃત્તિ હોવી. આ પ્રકારનો માનસિક ભાવ હોવાથી તેને અમુક્તિ કહે છે.

૨૭) **तण्हा** :– અપ્રાપ્ત પદાર્થોની લાલસા અને પ્રાપ્ત વસ્તુઓની વૃદ્ધિની અભિલાષા હોવાથી તેને તૃષ્ણા કહે છે. તૃષ્ણા પરિગ્રહનું મૂળ છે.

૨૮) **अणत्थओ** :– પરિગ્રહનું એક નામ અનર્થ પૂર્વે કહ્યું છે. ત્યાં અનર્થોનો અર્થ ઉપદ્રવ–ઝંઝટ, ખરાબ પરિણામ, એ પ્રમાણે કર્યો હતો. અહીં અનર્થનો અર્થ નિરર્થક છે. પારમાર્થિક હિત અને સુખને માટે પરિગ્રહ નિરર્થક અને નિરુપયોગી છે. એટલું જ નહીં પરંતુ વાસ્તવિક હિત અને સુખમાં તે બાધક પણ છે. તેથી તેને અનર્થક કહે છે.

૨૯) **आसत्ती** :– મમતા, મૂર્ચ્છા, ગૃદ્ધિનો ભાવ હોવાથી તેને આસક્તિ કહે છે.

૩૦) **असंतोसो** :– અસંતોષ પણ પરિગ્રહનું એક રૂપ છે. મનમાં બાહ્ય પદાર્થોના પ્રતિ સંતોષ પ્રાપ્ત ન કરવો ભલે પદાર્થ ન હોય પરંતુ અંતરમાં જો અસંતોષ છે તો તે પણ પરિગ્રહ છે.

**मुच्छा परिग्गहो वुत्तो** આ આગમ ઉક્તિ અનુસાર જોકે મૂર્ચ્છા, મમતા, પરિગ્રહ છે. છતાં જિન આગમમાં સર્વ કથન સાપેક્ષ છે. માટે પરિગ્રહના સ્વરૂપનું પ્રતિપાદન કરનારું આ કથન ભાવની અપેક્ષાથી સમજવું જોઈએ. મમત્વભાવ પરિગ્રહ છે અને મમત્વ પૂર્વક ગ્રહણ કરેલાં ધન–ધાન્ય, મહેલ–મકાન, કુટુંબ–પરિવાર અને શરીર પણ પરિગ્રહ છે. આ દ્રવ્ય પરિગ્રહ છે.

આ રીતે પરિગ્રહના બે પ્રકાર છે– આભ્યંતર અને બાહ્ય. તેને જ દ્રવ્ય પરિગ્રહ અને ભાવ પરિગ્રહ કહે છે.

પ્રસ્તુત સૂત્રમાં પરિગ્રહના ત્રીસ નામ કહ્યા છે. તે નામોમાં બંને પ્રકારના પરિગ્રહનો સમાવેશ કર્યો છે. જેમાં પહેલું નામ સામાન્ય પરિગ્રહનું વાચક છે ત્યાર પછી સંચય, ચય, ઉપચય, નિધાન, સંભાર, સંકર આદિ કેટલાક નામ પ્રધાનતઃ દ્રવ્ય અથવા બાહ્ય પરિગ્રહને સૂચિત કરે છે. મહેચ્છા, પ્રતિબંધ, લોભાત્મા, અગુપ્તિ, તૃષ્ણા, આસક્તિ, અસંતોષ આદિ કેટલાક નામ આભ્યંતર ભાવ પરિગ્રહના વાચક છે. આ રીતે સૂત્રકારે દ્રવ્યપરિગ્રહ અને ભાવપરિગ્રહનો ઉલ્લેખ કર્યા વિના જ બંને પ્રકારના પરિગ્રહોનો આ ત્રીસ નામોમાં સમાવેશ કર્યો છે.

વાસ્તવિક રીતે ભાવપરિગ્રહ અર્થાત્ મમત્વબુદ્ધિ જ એકાંત પરિગ્રહ રૂપ છે. દ્રવ્યપરિગ્રહ–બાહ્ય પદાર્થ ત્યારે જ પરિગ્રહ બને છે જ્યારે એને મમત્વપૂર્વક ગ્રહણ કરવામાં આવે છે.

આ રીતે આ ત્રીસ નામ પરિગ્રહના વિરાટ સ્વરૂપને સૂચિત કરે છે. શાંતિ, સંતોષ, સમાધિ અને આનંદમય જીવન પસાર કરવા માટે પરિગ્રહના સ્વરૂપને યથાર્થ રીતે સમજી તેનો ત્યાગ કરવો જોઈએ.

**एयाणि एवमाईणि णामधेज्जाणि होंति तीसं** :– આ સૂત્રના પ્રારંભમાં અને અંતમાં બંને સ્થાને સૂત્રકારે પરિગ્રહના નામોની ત્રીસ સંખ્યાનું સ્પષ્ટ કથન કર્યું છે. તેથી આ સૂત્રના **एवमाईणि** શબ્દથી "અન્ય આ પ્રકારના અનેક નામ હોય છે" એવો અર્થ થતો નથી. તેના માટે શાસ્ત્રમાં **अण्णयराणि वा तहप्पगाराणि** એવો પાઠ હોય છે. માટે અહીં ત્રીસ નામનો જ અર્થ કરવામાં આવ્યો છે.

**પરિગ્રહી જીવો – દેવ, મનુષ્ય :–**

**३** तं च पुण परिग्गहं ममायंति लोहघत्था भवणवर–विमाण–वासिणो परिग्गहरुई परिग्गहे विविहकरणबुद्धी,

देवणिकाया य असुर–भुयग–गरुल–विज्जु–जलण–दीव–उदहि–दिसि–पवण थणिय–अणवण्णिय–पणवण्णिय–इसिवाइय–भूयवाइय–कंदिय–महाकंदिय– कुहंड–पयंगदेवा, पिसाय–भूय–जक्ख–रक्ख–सकिण्णर–किंपुरिस–महोरग– गंधव्वा य तिरियवासी । पंचविहा जोइसिया य देवा बहस्सई–चंद–सूर– सुक्क– सणिच्छरा राहु–धूमकेउ–बुहा य अंगारका य तत्ततवणिज्जकणयवण्णा जे य गहा जोइसिम्मि चारं चरंति, केऊ य गइरईया अट्ठावीसइविहा य णक्खत्तदेवगणा णाणासंठाण संठियाओ य तारगाओ ठियलेस्सा चारिणो य अविस्साममंडलगई उवरिचरा ।

उड्ढलोयवासी दुविहा वेमाणिया य देवा सोहम्मीसाण–सणंकुमार–माहिंद बंभलोय–लंतक–महासुक्क–सहस्सार–आणय–पाणय–आरण–अच्चुया कप्पवर विमाणवासिणो सुरगणा, गेविज्जा अणुत्तरा दुविहा कप्पाईया विमाणवासी महिड्ढिया उत्तमा सुरवरा, एवं च ते चउव्विहा सपरिसा वि देवा ममायंति भवण–वाहण–जाणविमाण–सयणासणाणि य णाणाविह वत्थभूसणाणि य पवरपहरणाणि य णाणामणिपंचवण्णदिव्वं य भायणविहिं णाणाविह कामरूव–वेउव्वियअच्छर गणसंघाए, दीव–समुद्दे, दिसाओ विदिसाओ चेइयाणि वणसंडे, पव्वए य गामणयराणि य आरामुज्जाणकाणणाणि य कूव–सर–तलाग वावि–दीहिय–देवकुल–सभप्पव–वसहिमाइयाइं बहुयाइं कित्तणाणि य परिगिण्हित्ता परिग्गहं विउल दव्वसारं देवावि सइंदगा ण तित्तिं ण तुट्ठिं उवलभंति । अच्चंत–विउल लोहाभिभूयसण्णा वासहर–इक्खुगार–वट्ट–पव्वय–कुंडल–रुयग–वरमाणुसोत्तर–कालोदहि–लवण–सलिल– दहपइ–रइकर–अंजणक–सेल–दहिमुह– ओवाउप्पाय–कंचणक–चित्त–विचित्त–जमगवर–सिहरिकूडवासी ।

वक्खार–सुविभत्तभागदेसासु अकम्मभूमिसु कम्मभूमिसु जे वि य णरा चाउरंतचक्कवट्टी वासुदेवा बलदेवा मंडलीया इस्सरा तलवरा सेणावई इब्भा सेट्ठी रट्ठिया पुरोहिया कुमारा दंडणायगा माडंबिया सत्थवाहा कोडुंबिया अमच्चा

**एए अण्णे य एवमाई परिग्गहं संचिणंति अणंतं असरणं दुरंतं अधुवमणिच्चं असासयं पावकम्मणेम्मं अवकिरियव्वं विणासमूलं वहबंधपरिकिलेसबहुलं अणंतसंकिलेस कारणं, ते तं धणकणगरयणणिचयं पिंडिया चेव लोहघत्था संसारं अइवयंति सव्वदुक्खसण्णिलयणं ।**

**ભાવાર્થ :–** પૂર્વ સૂત્રોક્ત પરિગ્રહના લોભથી ગ્રસ્ત; પરિગ્રહ પ્રત્યે રૂચિ રાખનાર; ઉત્તમ ભવનોમાં અને વિમાનોમાં નિવાસ કરનાર(ભવનવાસી અને વૈમાનિક) મમત્વ પૂર્વક પરિગ્રહને ગ્રહણ કરે છે. દેવનિકાય–સમૂહ પણ વિવિધ પ્રકારના પરિગ્રહને સંચિત કરવાની બુદ્ધિવાળા છે. તે દેવ નિકાય આ પ્રમાણે છે– અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર, પવનકુમાર, સ્તનિતકુમાર(દસ પ્રકારના ભવનવાસી દેવ)તથા આણપન્નિક, પાણપન્નિક, ઋષિવાદિક, ભૂતવાદિક, કન્દિત, મહાકંદિત, કુષ્માંડ, પતંગદેવ અને પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિમ્પુરુષ, મહોરગ, ગાંધર્વ, (આ સોળ વ્યંતરદેવો છે) તથા મધ્યલોકમાં નિવાસ–વિચરણ કરનાર પાંચ પ્રકારના જ્યોતિષ્કદેવોમાં–બૃહસ્પતિ, ચંદ્ર, સૂર્ય, શુક્ર, અને શનિ, રાહુ, ધૂમકેતુ, બુધ અને અંગારક, તપાવેલા સુવર્ણના વર્ણ જેવા મંગલ , બીજા પણ કેતુપર્યંત ગ્રહો જ્યોતિષચક્રમાં ફરે છે, તે ગતિમાં પ્રસન્નતાનો અનુભવ કરનાર છે. અઠ્ઠાવીસ પ્રકારના નક્ષત્ર દેવગણ, અનેક પ્રકારના સંસ્થાન–આકારવાળા તારાગણ, સ્થિર લેશ્યા–તેજવાળા અર્થાત્ સદા એકસરખા તેજવાળા; મનુષ્ય ક્ષેત્રની અંદર વિચરણ કરે છે(જે મધ્યલોકની ઉપરના ભાગમાં સમતલ ભૂમિથી ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન સુધીની ઊંચાઈમાં રહે છે)તથા અવિશ્રાંત નિરંતર–ગોળાકારે ગતિ કરનાર હોય છે. આ સર્વ દેવો પરિગ્રહને ગ્રહણ કરે છે.

(તે સિવાય) ઉર્ધ્વલોકમાં નિવાસ કરનાર વૈમાનિક દેવ બે પ્રકારના છે. કલ્પોપપન્ન અને કલ્પાતીત. સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આણત, પ્રાણત, આરણ, અચ્યુત, આ ઉત્તમ કલ્પ–વિમાનોમાં વાસ કરનાર કલ્પોપપન્ન છે.

તેની ઉપર નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનોમાં રહેનાર બન્ને પ્રકારના દેવ કલ્પાતીત છે. આ વિમાનવાસી(વૈમાનિક) દેવ મહાન ઋદ્ધિના ધારક શ્રેષ્ઠ દેવો છે.

(પૂર્વોક્ત) ચારે ય પ્રકારની જાતિના દેવો પોતપોતાની પરિષદ સહિત પરિગ્રહને ગ્રહણ કરે છે. તેમાં મૂર્ચ્છાભાવ રાખે છે. આ સર્વ દેવ ભવન, હાથી આદિ વાહન, રથ આદિ યાન, પુષ્પક આદિ વિમાન, શય્યા, ભદ્રાસન, સિંહાસન, પ્રભૃતિઆસન, વિવિધ પ્રકારના વસ્ત્ર તેમજ ઉત્તમ પ્રકરણ અર્થાત્ શસ્ત્રો– અસ્ત્રો; અનેક પ્રકારના મણિઓના પચરંગી દિવ્ય ભાજનો–પાત્રો; વૈક્રિય લબ્ધિથી–ઈચ્છા અનુસાર રૂપ બનાવનાર કામરૂપા અપ્સરાના સમૂહ; દ્વીપ, સમુદ્ર, પૂર્વ આદિ દિશાઓ; ઈશાન આદિ વિદિશાઓ; ચૈત્યો–માણવક આદિ અથવા ચૈત્યસ્તૂપો; વનખંડો અને પર્વતો ગ્રામો અને નગરો, આરામો, ઉદ્યાનો, બગીચાઓ, જંગલો, કૂવા, સરોવર, તળાવ, વાવડી, લાંબી વાવડી, દેવકુલ, દેવાલય, સભા, પ્રપા અર્થાત્ પરબ અને વસ્તી તેમજ ઘણા જ કીર્તન યોગ્ય, સ્તુતિયોગ્ય, ધર્મસ્થાનોને મમત્વપૂર્વક સ્વીકાર કરે છે. આ

પ્રકારે વિપુલ દ્રવ્ય યુક્ત પરિગ્રહને ગ્રહણ કરવા છતાં ઈન્દ્રો સહિત દેવોને પણ તૃપ્તિ તેમજ સંતોષ થતો નથી.

આ સર્વ દેવ અત્યંત તીવ્ર લોભથી અભિભૂત સંજ્ઞાવાળા છે. વર્ષધર પર્વતો—ભરત આદિ ક્ષેત્રોને વિભક્ત કરનાર હિમવંત, મહાહિમવંત આદિ, ઈષુકાર—ઘાતકી ખંડ અને પુષ્કરવર દ્વીપમાં પૂર્વાર્ધ—ઉત્તરાર્ધ ખંડને વિભક્ત કરનાર દક્ષિણ અને ઉત્તર દિશાઓમાં લાંબા પર્વત, વૃત્તપર્વત—શબ્દપાતી આદિ ગોળાકાર પર્વત, કુંડલપર્વત—જંબુદ્વીપથી અગિયારમાં કુંડલ નામના દ્વીપમાં મંડલાકાર પર્વત, રૂચકવર પર્વત—તેરમાં રૂચક નામના દ્વીપમાં મંડલાકાર રૂચકવર નામનો પર્વત, માનુષોતર—મનુષ્યક્ષેત્રની સીમા નિર્ધારિત કરનાર પર્વત; કાલોદધિસમુદ્ર, લવણસમુદ્ર, સલિલા(ગંગા આદિ મહાનદીઓ), હૃદપતિ—પદ્મ, મહાપદ્મ આદિ હૃદ—સરોવર; રતિકર પર્વત—આઠમાં નંદીશ્વર નામના દ્વીપના ખૂણામાં સ્થિત જાલરના આકારના ચાર પર્વત, અંજનક પર્વત—નંદીશ્વર દ્વીપના ચક્રવાલમાં રહેલા કાળાવર્ણનો પર્વત, દધિમુખ પર્વત—અંજનક પર્વતોની પાસેની ૧૬ પુષ્કરણીમાં સ્થિત સોળ પર્વત, અવપાત પર્વત—વૈમાનિક દેવ મનુષ્ય ક્ષેત્રમાં આવવાને માટે જેના ઉપર ઉતરે છે તે પર્વત—ઉત્પાત પર્વત, ભવનપતિ દેવ જે પર્વત પરથી મનુષ્યક્ષેત્રમાં આવે છે—તે તિગિચ્છ કૂટ આદિ, કાંચનક પર્વત—ઉત્તરકુરૂ અને દેવકુરૂ ક્ષેત્રોમાં સ્થિત સુવર્ણમય પર્વત, ચિત્ર—વિચિત્ર પર્વત—નિષધ નામના વર્ષધર પર્વતની પાસે શીતોદા નદીના કિનારે ચિત્રકૂટ અને વિચિત્રકૂટ નામનો પર્વત, યમકવર પર્વત—નીલવંત નામના વર્ષધર પર્વતની પાસે સીતા નદીના કિનારા પર રહેલ બે પર્વત, શિખરી પર્વત—સમુદ્રમાં સ્થિત ગોસ્તૂપ આદિ પર્વત, કૂટ(નંદનવનના કૂટ)આદિમાં રહેનાર દેવપણ પરિગ્રહથી સંતોષ પામતા નથી(તો પછી બીજા પ્રાણીઓ માટે તો કહેવું જ શું ?) તે પરિગ્રહથી કેવી રીતે તૃપ્ત થઈ શકે ?

વક્ષસ્કારોથી સુવિભક્ત દેવકુરુ, ઉત્તરકુરુ આદિ અકર્મભૂમિઓમાં અને કર્મભૂમિઓમાં (મહાવિદેહના બત્રીસ વિજયો અને ભરત આદિમાં)જે મનુષ્ય નિવાસ કરે છે; યથા—ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, માંડલિકરાજા, ઈશ્વર, યુવરાજ, મોટા મોટા ઐશ્વર્યશાળી લોકો, તલવર(મસ્તક ઉપર સોનાની પટ્ટી બાંધેલ રાજસ્થાનીય),સેનાપતિ, ઈભ્ય[અંબાડી સહિત હાથીને ઢાંકી શકાય તેટલી વિશાળ સંપત્તિના સ્વામી]શ્રેષ્ઠી(શ્રી દેવતા દ્વારા અલંકૃત ચિહ્નને મસ્તક ઉપર ધારણ કરનાર શેઠ), રાષ્ટ્રિક—(રાષ્ટ્રની ઉન્નતિ—અવનતિના વિચારને માટે નિયુક્ત કરેલા અધિકારી), પુરોહિત(શાંતિકર્મ કરાવનાર), કુમાર (રાજપુત્ર), દંડનાયક(કોટવાલ સ્થાનીય રાજ્યાધિકારી), માડંબિક(મડંબના અધિપતિ—નાના રાજા), સાર્થવાહ(ઘણા નાના વેપારીઓને સાથે લઈને ચાલનાર મોટા વ્યાપારી), કૌટુંબિક(મોટા કુટુંબના અથવા ગામના મુખ્ય માણસ)અને અમાત્ય(મંત્રી), આ સર્વ અને તેના સિવાય અન્ય મનુષ્ય પરિગ્રહનો સંચય કરે છે. તે પરિગ્રહ અનંત અથવા પરિણામ શૂન્ય છે; અશરણ—દુઃખથી રક્ષા કરવામાં અસમર્થ છે; તે પરિગ્રહ દુઃખમય અંતવાળો છે. તે અધ્રુવ છે, અનિત્ય છે અને પ્રતિક્ષણ વિનાશશીલ હોવાથી અશાશ્વત છે, પાપકર્મોનું મૂળ છે. તે જ્ઞાનીજનોને માટે ત્યાજ્ય છે, વિનાશનું મૂળ કારણ છે; અન્ય પ્રાણીઓના વધ અને બંધનનું કારણ છે અથવા પરિગ્રહ સ્વયં પરિગ્રહીને માટે વધ—બંધન આદિ અનેક પ્રકારના ઘોર કલેશનું કારણ બની જાય છે. આ પ્રકારે તે પૂર્વોક્ત દેવ આદિ ધન, સોનું, રત્નો, આદિનો સંચય કરતા લોભથી ગ્રસ્ત થાય છે અને સમસ્ત પ્રકારના દુઃખના સ્થાનરૂપ આ સંસારમાં પરિભ્રમણ કરતા રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પરિગ્રહની વ્યાપકતાનું દર્શન કરાવ્યું છે. દેવગતિમાં પરિગ્રહ સંજ્ઞા વિશેષ બલવત્તર હોય છે અને મનુષ્ય ગતિમાં પણ તેનું સામ્રાજ્ય જોઈ શકાય છે.

પરિગ્રહના સાધનભૂત પદાર્થો અનિત્ય, અધ્રુવ, અશરણરૂપ છે. તેમ છતાં તેના પ્રતિ જીવનો મૂર્ચ્છાભાવ તૂટતો નથી.

**પરિગ્રહ માટે થતી વિશેષ પ્રવૃત્તિ અને તેના દુષ્પરિણામો :–**

**૪** **परिग्गहस्स य अट्ठाए सिप्पसयं सिक्खए बहुजणो कलाओ य बावत्तरिं सुणिउणाओ लेहाइयाओ सउणरुयावसाणाओ गणियप्पहाणाओ, चउसट्ठिं च महिलागुणे रइजणणे, सिप्पसेवं, असि–मसि–किसि–वाणिज्जं, ववहारं अत्थसत्थई– सत्थच्छरुप्पगयं, विविहाओ य जोगजुंजणाओ अण्णेसु एवमाइएसु बहुसु कारण– सएसु जावज्जीवं णडिज्जए संचिणंति मंदबुद्धी ।**

**परिग्गहस्सेव य अट्ठाए करंति पाणाण वहकरणं, अलिय णियडिसाइसंपओगे– परदव्वाभिज्जा सपरदार अभिगमणासेवणाए आयासविसूरणं कलहभंडणवेराणि य अवमाणणविमाणणाओ इच्छमहिच्छप्पिवाससययंतिसिया तण्हगेहिलोहघत्था अत्ताणा अणिग्गहिया करेंति कोहमाणमायालोहे ।**

**अकित्तणिज्जे परिग्गहे चेव होंति णियमा सल्ला दंडा य गारवा य कसाया सण्णा य कामगुण–अण्हगा व इंदियलेस्साओ सयणसंपओगा सचित्ताचित्तमीसगाइं दव्वाइं अणंतगाइं इच्छंति परिघेत्तुं ।**

**सदेवमणुयासुरम्मि लोए लोहपरिग्गहो जिणवरेहिं भणिओ, णत्थि एरिसो पासो पडिबंधो अत्थि सव्वजीवाणं सव्वलोए ।**

**ભાવાર્થ :–** પરિગ્રહને માટે ઘણા લોકો સેંકડો શિલ્પ અથવા હુન્નર તથા ઉચ્ચ શ્રેણિની નિપુણતા ઉત્પન્ન કરનાર લેખનથી લઈ શકુનિરૂત–પક્ષીઓની બોલી સુધીની ગણિતની પ્રધાનતાવાળી બોતેર કળાઓ શીખે છે. સ્ત્રીઓ આનંદ ઉત્પન્ન કરાવનાર સ્ત્રીઓની ચોસઠ કળાઓને શીખે છે. કોઈ શિલ્પની સેવા કરે છે. કોઈ અસિ આદિ શસ્ત્રોને ચલાવવાનો અભ્યાસ કરે છે. કોઈ મસિકર્મ–લિપિ આદિ લખવાની શિક્ષા લે છે. કોઈ કૃષિ–ખેતી કરે છે. કોઈ વાણિજ્ય, વ્યાપાર શીખે છે. કોઈ વ્યવહાર અર્થાત્ વિવાદને દૂર કરવાની શિક્ષા લે છે. કોઈ અર્થશાસ્ત્ર, રાજનીતિ, આદિની કોઈ ધનુર્વેદ આદિ શસ્ત્ર અને છરી આદિ શસ્ત્રોને પકડવાના ઉપાયોની, કોઈ અનેક પ્રકારના વશીકરણ આદિ યોગોની શિક્ષા ગ્રહણ કરે છે. આ

પ્રકારના પરિગ્રહ મેળવવાના સેંકડો ઉપાયોમાં પ્રવૃત્તિ કરી રહેલા મનુષ્યો જીવનપર્યંત નાચતા રહે છે. જેની બુદ્ધિ મંદ છે, જે પારમાર્થિક હિતાહિતનો વિવેક કરનારી બુદ્ધિની મંદતાયુક્ત છે, તે પરિગ્રહનો સંચય કરે છે.

પરિગ્રહને માટે આવા કાર્યો અને પરિણામો થાય છે– લોકો પ્રાણીઓની હિંસામાં પ્રવૃત્ત થાય છે, ખોટું બોલે છે, બીજાને ઠગવાના ધંધા કરે છે, ખરાબ વસ્તુની ભેળસેળ કરીને બીજાને સારી વસ્તુ બતાવે છે અને બીજાને દ્રવ્યની લાલચ આપે છે. પોતાની સ્ત્રી સાથેના ગમનમાં શારીરિક અને માનસિક ખેદને પામે છે તથા બીજાની સ્ત્રીની પ્રાપ્તિ ન થવા પર માનસિક પીડાનો અનુભવ કરે છે. ક્લેશ, લડાઈ, વૈર વિરોધ કરે છે. અપમાન તથા યાતનાઓ સહન કરે છે. ઈચ્છાઓ અને મહેચ્છાઓ અને તૃષ્ણાથી નિરંતર તૃષ્ણાશીલ બની રહે છે. અપ્રાપ્ત દ્રવ્યની પ્રાપ્તિની લાલસા તથા પ્રાપ્ત પદાર્થો સંબંધી આસક્તિ તથા લોભમાં ગ્રસ્ત રહે છે. તે શરણરહિત અને ઈન્દ્રિયો તથા મનના નિગ્રહથી રહિત થઈ ક્રોધ, માન, માયા અને લોભનું સેવન કરે છે.

આ નિંદનીય પરિગ્રહમાં જ નિશ્ચિતરૂપે માયા, નિદાન, મિથ્યાત્વ રૂપ ત્રણ શલ્ય હોય છે. તેમાં જ મન, વચન, કાયરૂપ ત્રણ દંડ હોય છે. તેમાં ઋદ્ધિ, રસ તથા શાતારૂપ ત્રણ ગૌરવ હોય છે; ક્રોધાદિ કષાય હોય છે; આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞારૂપ ચાર સંજ્ઞાઓ હોય છે. તેમાં જ કામગુણ–શબ્દાદિ ઈન્દ્રિયોના પાંચ વિષય તથા હિંસાદિ પાંચ આશ્રવદ્વાર, ઈન્દ્રિય વિકાર તથા કૃષ્ણ, નીલ અને કાપોત નામની ત્રણ અશુભ લેશ્યાઓ હોય છે; સ્વજનોની સાથે સંયોગ પણ પરિગ્રહ પર આધારિત છે. પરિગ્રહી અસીમ અનંત સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યોને ગ્રહણ કરવાની ઈચ્છા કરે છે.

દેવો, મનુષ્યો અને અસુરો સહિત ત્રસ સ્થાવરરૂપ જગતમાં જિનેન્દ્ર ભગવંતો–તીર્થંકરોએ (પૂર્વોક્ત સ્વરૂપવાળા) પરિગ્રહનું પ્રતિપાદન કર્યું છે. વાસ્તવમાં પરિગ્રહ સમાન અન્ય બંધન નથી.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં પરિગ્રહ માટે કરવામાં આવતા વિવિધ પ્રકારના કાર્યોનો ઉલ્લેખ કર્યો છે. તે કાર્યોનું સૂત્રમાં તાદૃશ વર્ણન છે. તે સિવાય અન્ય પણ ઘણા કાર્ય છે, જેથી પરિગ્રહની પ્રાપ્તિ, વૃદ્ધિ તેમજ સંરક્ષણ થઈ શકે છે.

મૂળ પાઠમાં પુરુષોની બોતેર કળાઓ અને સ્ત્રીની ચોસઠ કળાઓનું નિદર્શન કરવામાં આવ્યું છે. પ્રાચીન કાળમાં આ કળાઓ પ્રચલિત હતી. તેનો સંક્ષિપ્ત પરિચય સમવાયાંગ સૂત્ર અને અંતગડ સૂત્રમાં છે.

**સ્ત્રીઓની ૬૪ કળા :–** (૧) નૃત્યકળા (૨) ઔચિત્યકળા (૩) ચિત્રકળા (૪) વાજિંત્ર (૫) મંત્ર (૬) તંત્ર (૭) જ્ઞાન (૮) વિજ્ઞાન (૯) દંડ (૧૦) જલસ્તંભન (૧૧)) ગીતગાન (૧૨) તાલમાન (૧૩) મેઘવૃષ્ટિ (૧૪) ફલવૃષ્ટિ (૧૫) આરામરોપણ (૧૬) આકારગોપન (૧૭) ધર્મવિચાર (૧૮) શકુનવિચાર (૧૯) ક્રિયાકલ્પન (૨૦) સંસ્કૃતભાષણ (૨૧) પ્રસાદનીતિ (૨૨) ધર્મનીતિ (૨૩) વાણીવૃદ્ધિ (૨૪) સુવર્ણસિદ્ધિ (૨૫) સુરભિતૈલ (૨૬) લીલાસંચરણ (૨૭) હાથી–ઘોડા પરીક્ષણ (૨૮) સ્ત્રી–પુરુષ લક્ષણ (૨૯)

સુવર્ણ–રત્નભેદ (૩૦) અષ્ટાદશ લિપિ જ્ઞાન (૩૧) તત્કાલ બુદ્ધિ (૩૨) વસ્તુસિદ્ધિ (૩૩) વૈદ્યકક્રિયા (૩૪) કામક્રિયા (૩૫) ઘટભ્રમ (૩૬) સારપરિશ્રમ (૩૭) અંજનયોગ (૩૮) ચૂર્ણયોગ (૩૯) હસ્તલાઘવ (૪૦) વચનપાટવ (૪૧) ભોજ્યવિધિ (૪૨) વાણિજ્યવિધિ (૪૩) મુખમંડન (૪૪) શાલિખંડન (૪૫) કથાકથન (૪૬) પુષ્પગ્રથન (૪૭) વક્રોક્તિ જલ્પન (૪૮) કાવ્યશક્તિ (૪૯) સ્ફારવેશ (૫૦) સકલ ભાષાવિશેષ (૫૧) અભિધાનજ્ઞાન (૫૨) આભરણપરિધાન (૫૩) નૃત્ય ઉપચાર (૫૪) ગૃહઆચાર, (૫૫) શાઠ્યકરણ (૫૬) પર નિરાકરણ (૫૭) ધાન્ય રંધન (૫૮) કેશબંધન (૫૯) વીણાદિનાદ (૬૦) વિતંડાવાદ (૬૧) અંકવિચાર (૬૨) લોકવ્યવહાર (૬૩) અંત્યક્ષરી (૬૪) પ્રશ્ન પહેલિકા.

ઉપરોક્ત કલા વિજ્ઞાનથી પ્રાચીન કાળની શિક્ષાપદ્ધતિ અને જીવન પદ્ધતિનું સુંદર ચિત્ર આપણી સમક્ષ ખડુ થઈ જાય છે. ટૂંકમાં પોતાની પરિગ્રહવૃત્તિનું પોષણ કરવા વ્યક્તિ ગમે તે પ્રવૃત્તિ કરે છે.

**પરિગ્રહનું દુષ્પરિણામ :–** જે ચારે બાજુથી જીવને પકડી રાખે–જકડી રાખે તે પરિગ્રહ છે. પરિગ્રહની પુષ્ટિ માટે તેને હિંસા, અસત્ય, ચોરી આદિ સર્વ પાપસ્થાનનું સેવન કરવું જ પડે છે. નીતિકારોએ પણ કહ્યું છે કે

अर्थानामर्जने दुक्खं, अर्जिताम् च रक्षणे ।
आये दुक्खं व्यये दुक्खं, धिक् ! अहो दुक्खभाजनम् ॥

**અર્થ–** ધનની પ્રાપ્તિમાં દુઃખ છે. પ્રાપ્ત થયા પછી તેના સંરક્ષણમાં દુઃખ છે. તેના આવવા પર દુઃખ અને જવા પર પણ દુઃખ છે. ધિક્કાર છે તે દુઃખના ભાજનરૂપ ધનને.

સામાન્ય જન સમાજ તેને સુખનું કારણ સમજે છે પરંતુ તે તેની ભ્રાંતિ અને મૂઢતા છે. વાસ્તવમાં તે વધ, બંધન આદિ અનેક પ્રકારના ક્લેશનું કારણ છે. શાસ્ત્રકારે પરિગ્રહને **'सव्वदुक्खसण्णिलयणं'** કહ્યો છે. પરિગ્રહ સર્વ દુઃખોનું ઘર છે.

### પરિગ્રહનું ભયાનક ફળ :–

**૫** **परलोगम्मि य णट्ठा तमं पविट्ठा महयामोहमोहियमई तिमिसंधयारे तसथावरसुहुम बायरेसु पज्जत्तमपज्जत्तग–साहारण–पत्तेयसरीरेसु य अण्डय–पोयय–जराउय–रसय–संसेइम–सम्मुच्छिम उब्भिय–उववाइसु य णरय– तिरिय–देव–मणुस्सेसु जरामरणरोगसोगबहुलेसु पलिओवमसागरोवमाइं अणाइयं अणवयग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं अणुपरियट्टंति जीवा लोहवस सण्णिविट्ठा ।**

**एसो सो परिग्गहस्स फलविवागो इहलोइओ परलोइओ अप्पसुहो बहुदुक्खो महब्भओ बहुरयप्पगाढो दारुणो कक्कसो असाओ वाससहस्सेहिं मुच्चइ ण य अवेयइत्ता अत्थि हु मोक्खोत्ति ।**

**एवमाहंसु णायकुलणंदणो महप्पा जिणो उ वीरवरणामधिज्जो कहेसी य**

**परिग्गहस्स फलविवागं ।**

**एसो सो परिग्गहो पंचमो उ णियमा णाणामणिकणगरयण-महरिह एवं** *जाव* **इमस्स मोक्खवरमुत्तिमग्गस्स फलिहभूओ । त्ति बेमि ॥**

**॥ चरिमं अहम्मदारं समत्तं ॥**

**ભાવાર્થ :-** પરિગ્રહમાં આસક્ત પ્રાણી પરલોકમાં અને આ લોકમાં(સારી ગતિથી, સન્માર્ગથી અને સુખ શાંતિથી)ભ્રષ્ટ થાય છે, અજ્ઞાન અંધકારમાં પ્રવિષ્ટ થાય છે. તીવ્ર મોહનીયકર્મના ઉદયથી; મોહિત બુદ્ધિવાળા; લોભને વશ થયેલા જીવ; ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર પર્યાયોમાં તથા પર્યાપ્ત અને અપર્યાપ્ત અવસ્થાઓમાં સાધારણ અને પ્રત્યેક શરીરી જીવોમાં; અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદિમ, ઉદ્‌ભિજ્જ અને ઔપપાતિક જીવોમાં; નરક, તિર્યંચ, દેવ અને મનુષ્યગતિના જીવોમાં; જરા, મરણ, રોગ, શોકની બહુલતાવાળા; મહામોહરૂપી અંધકારથી વ્યાપ્ત અને ઘોર દારુણ પરલોકમાં અનાદિ, અનંત, દીર્ઘ માર્ગવાળા, ચાર ગતિરૂપ સંસાર કાનનમાં વારંવાર અનેક પલ્યોપમ અને સાગરોપમો જેટલા સુદીર્ઘકાલ પર્યંત પરિભ્રમણ કરે છે.

આ પરિગ્રહનો આ ફલવિપાક છે, જે આ લોક અને પરલોકમાં ભોગવવો પડે છે. તે અલ્પસુખ અને મહા દુઃખ દાયક છે, ઘોર–ભયથી પરિપૂર્ણ છે, પ્રગાઢ કર્મરજથી યુક્ત છે, ગાઢ કર્મ બંધનું કારણ છે; દારુણ છે, કઠોર છે અને અશાતાનો હેતુ છે, હજારો વર્ષે અર્થાત્ દીર્ઘકાલે તેનાથી મુક્તિ મળે છે પરંતુ તેના ફળ ભોગવ્યા વિના મુક્તિ નથી.

જ્ઞાતકુલનંદન મહાન આત્મા શ્રેષ્ઠ મહાવીર નામથી વિખ્યાત જિનેશ્વર દેવે પરિગ્રહનું આ ફળ પ્રતિપાદિત કર્યું છે.

આ પાંચમું આશ્રવદ્વાર પરિગ્રહ અનેક પ્રકારના ચન્દ્રકાંત આદિ મણિઓ; સુવર્ણ, કર્કેતન આદિ રત્નો તથા બહુ મૂલ્ય અન્ય દ્રવ્યરૂપ છે ***યાવત્*** આ પરિગ્રહ મોક્ષના માર્ગ રૂપ નિર્લોભતાને માટે અર્ગલા સમાન છે.

**॥ પાંચમું (અંતિમ) અધર્મદ્વાર સમાપ્ત ॥**

**વિવેચન :-**

સૂત્રકારે ઉપસંહારમાં પરિગ્રહના દારુણ વિપાકને પ્રગટ કર્યો છે. ચાર ગતિ રૂપ સંસાર પરિભ્રમણ, તેમાં જન્મ, જરા, મરણ, રોગ, શોક આશાતા આદિ પરિગ્રહનું પરિણામ છે.

ઉપરોક્ત કથન વીતરાગી પ્રભુ વીરનું છે તેથી સંપૂર્ણપણે વિશ્વસનીય છે.

**॥ અધ્યયન-૫ સંપૂર્ણ ॥**

**આશ્રવદ્વારનો ઉપસંહાર :–**

**१** एएहिं पंचहिं आसवेहिं, रयमादिणित्तु अणुसमयं ।
चउविहगइपेरंतं, अणुपरियट्टंति संसारे ॥१॥

આ પૂર્વોક્ત પાંચ આશ્રવદ્વારોના નિમિત્તથી જીવ પ્રતિસમય કર્મરૂપી રજનો સંચય કરી ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરતા રહે છે.

**२** सव्वगइपक्खंदे, काहिंति अणंतए अकयपुण्णा ।
जे य ण सुणंति धम्मं, सोऊण य जे पमायंति ॥२॥

જે પુણ્યહીન પ્રાણી ધર્મનું શ્રવણ કરતા નથી અથવા શ્રવણ કરીને પણ તેનું આચરણ કરવામાં પ્રમાદ કરે છે; તે અનંતકાળ સુધી ચાર ગતિઓમાં ગમનાગમન(જન્મ–મરણ) કરતા રહે છે.

**३** अणुसिट्ठं वि बहुविहं, मिच्छदिट्ठिया जे णरा अहम्मा ।
बद्धणिकाइयकम्मा, सुणंति धम्मं ण य करेंति ॥३॥

જે પુરુષ મિથ્યાદષ્ટિ છે; અધાર્મિક છે; જેણે નિકાચિત(અત્યંતગાઢ) કર્મનો બંધ કર્યો છે; તે અનેક પ્રકારથી શિક્ષા મળવા પર ધર્મને સાંભળે છે પરંતુ તેનું આચરણ નથી કરતા.

**४** किं सक्का काउं जे, णेच्छइ ओसहं मुहा पाउं ।
जिणवयणं गुणमहुरं, विरेयणं सव्वदुक्खाणं ॥४॥

સમસ્ત દુઃખોનો નાશ કરવાને માટે શ્રી જિનેશ્વર ભગવાનના ગુણયુક્ત વચન મધુર વિરેચન–ઔષધ છે. પરંતુ નિઃસ્વાર્થ ભાવથી દેવામાં આવેલા આ ઔષધને જે પીવાને ઈચ્છતા નથી, તેના માટે શું કહી શકાય ?

**५** पंचेव य उज्झिऊणं, पंचेव य रक्खिऊण भावेणं ।
कम्मरय–विप्पमुक्कं, सिद्धिवर–मणुत्तरं जंति ॥५॥

જે પ્રાણી પાંચ(હિંસા આદિ આશ્રવો)નો ત્યાગ કરી પાંચ(અહિંસા આદિ સંવરો)ની ભાવપૂર્વક રક્ષા કરે છે. તે કર્મરજથી સર્વથા રહિત થઈ સર્વોત્તમ સિદ્ધિ(મુક્તિ)પ્રાપ્ત કરે છે.

**॥ પ્રથમ શ્રુતસ્કંધ સંપૂર્ણ ॥**

# બીજો શ્રુતસ્કંધ – સંવરદ્વાર

## પ્રથમ અધ્યયન

### પરિચય

દ્વિતીય શ્રુતસ્કંધનું આ પ્રથમ અધ્યયન છે. તેમાં પાંચ આશ્રવના પ્રતિપક્ષી પાંચ સંવર પૈકી પ્રથમ સંવર અહિંસાનું વર્ણન છે. તેથી આ અધ્યયનનું નામ 'અહિંસા' રાખવામાં આવેલ છે.

અહિંસા અધ્યયનમાં અહિંસાનું સ્વરૂપ, અહિંસાના ૬૦ પર્યાયવાચી નામ, અહિંસક સાધક, અહિંસક વ્યક્તિના આચાર વિચાર અને પ્રથમ મહાવ્રતની પાંચ ભાવનાનું નિરૂપણ છે.

**અહિંસાનું સ્વરૂપ :–** હિંસાનો અભાવ તે અહિંસા છે. તીર્થંકર ભગવંતોએ સંસારના સમસ્ત જીવોની દયા માટે (અનુકંપાને માટે)અને તેની રક્ષા માટે આ નિર્ગ્રંથ પ્રવચન કહ્યું છે. અહિંસાની પ્રમુખતાથી જ તીર્થંકર ઉપદેશ આપે છે. સર્વ મહાવ્રતોમાં મુખ્ય અહિંસા મહાવ્રત જ છે. તેની સુરક્ષાને માટે જ શેષ ચારે મહાવ્રત છે. શેષ ચારે મહાવ્રતોથી અહિંસા મહાવ્રતની પુષ્ટિ થાય છે.

અહિંસા પ્રધાન, સમસ્ત જીવોની અનુકંપા–રક્ષા પ્રધાન આ પ્રવચન, આત્માને માટે હિતકર છે; આ ભવ પરભવ બંનેમાં કલ્યાણ કરનાર છે; અન્ય પ્રવચનોમાં અને સિદ્ધાંતોમાં અનુત્તર, શ્રેષ્ઠત્તમ, સર્વોત્તમ છે અને સમસ્ત પાપો અથવા દુઃખોને ઉપશાંત કરનાર અર્થાત્ તેનો અંત કરનાર છે.

જે રીતે પક્ષીઓને આકાશ, ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, સમુદ્રમાં ડૂબતાને જહાજ, રોગોથી પીડિતોને ઔષધ, જંગલમાં સાર્થવાહોનો સંઘ પ્રાણીને સુખપ્રદ હોય છે; તેનાથી પણ અધિકતર આ અહિંસા ભગવતી ત્રસ–સ્થાવર પ્રાણીઓ માટે મહાન કુશળ, ક્ષેમ, મંગળકારી અને સુખાવહ છે.

**અહિંસા ભગવતીના પર્યાયવાચી ૬૦ નામ :–** અહિંસા એક આત્મગુણ છે. તે ગુણના ધારક વ્યક્તિમાં અન્ય અનેક ગુણો સહજ રીતે પ્રગટ થાય છે. તે તેના વિવિધ પર્યાયવાચી નામથી સ્પષ્ટ થાય છે. સૂત્રકારે તેના ૬૦ નામોનો ઉલ્લેખ કર્યો છે.

**અહિંસાના ધારક :–** તીર્થંકરપ્રભુએ આ અહિંસા ભગવતીનું સમ્યક્ રૂપથી કથન કર્યું છે. અનેક વિશિષ્ટ જ્ઞાની, લબ્ધિધારી, તપસ્વી, ધીરમતિ, અતિશય લોકોત્તર બુદ્ધિસંપન્ન, આહાર–વિહારમાં અતિશય નિયમ સંપન્ન, સ્વાધ્યાય ધ્યાનમાં લીન, મહાવ્રતધારી, સમિતિ ગુપ્તિવંત, છકાયના રક્ષક, નિત્ય અપ્રમત્ત રહેનાર, શ્રેષ્ઠ મુનિવરો તેમજ તીર્થંકર ભગવંતોએ આ અહિંસા ભગવતીનું સમ્યક્ પાલન કર્યું છે.

અન્ય અનંત જીવોએ અહિંસા મહાવ્રતનું આરાધન કર્યું છે; વર્તમાનમાં સંખ્યાતા જીવ કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ અનંતાનંત જીવ આ અહિંસા મહાવ્રતનું પરિપૂર્ણ પાલન કરી મુક્તિ પ્રાપ્ત કરશે.

**અહિંસકો, મહાવ્રતધારીઓની આહારચર્યા :–** શરીર અને આયુષ્યને ધારણ કરવા માટે મનુષ્ય માત્રને આહારની આવશ્યકતા હોય છે. આહાર વગર દીર્ઘ સમય પર્યંત સંયમચર્યાનું આરાધન થઈ શકતું નથી. તેથી જ જિનેશ્વર ભગવંતોએ આહારને માટે પૂર્ણ અસાવદ્ય–પાપ રહિત અહિંસક વૃત્તિ નિર્દિષ્ટ કરી છે.

અહિંસક મુનિએ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ આદિ સ્થાવર તેમજ સમસ્ત ત્રસ પ્રાણીઓની દયા અનુકંપાને માટે નિર્દોષ ભિક્ષાની ગવેષણા કરવી જોઈએ. તે આહાર નવ કોટિથી શુદ્ધ હોવો જોઈએ. (૧–૩) સાધુ સ્વયં આહારને માટે હિંસા ન કરે, ન કરાવે, ન અનુમોદે (૪–૬) સ્વયં આહાર ન બનાવે, અન્ય પાસે ન બનાવડાવે, બનાવતાને અનુમોદન ન કરે (૭–૯) સ્વયં ન ખરીદે, ન ખરીદાવે, ખરીદકરનારને અનુમોદન ન કરે. આ નવ કોટિ છે. મન, વચન, કાયા, આ ત્રણે ય યોગોથી તેનું શુદ્ધ પાલન કરે. ઉદ્‌ગમ, ઉત્પાદન અને એષણા આ ૪૨ દોષોથી રહિત શુદ્ધ આહાર સાધુ પ્રાપ્ત કરે અને પૂર્ણતયા જીવ રહિત, અચિત તેમજ નિઃશંક આહાર પાણીની ગવેષણા કરે.

સાધુ નિમ્નોક્ત આચરણ ન કરે. આહાર ગ્રહણ કરવા માટે ગૃહસ્થના ઘેર ધર્મકથા ન કરે. શુભાશુભ સૂચક લક્ષણ, સ્વપ્નફળ, જ્યોતિષ નિમિત આદિનું કથન ન કરે. જાદૂમંતર આદિ ચમત્કારોનો પ્રયોગ ન કરે. કોઈની વંદના, સત્કાર, સન્માન આદિ કરી ભિક્ષા પ્રાપ્ત ન કરે. કોઈની હીલના, નિંદા, તિરસ્કાર ન કરે. કોઈને ભયભીત ન કરે, તાડન–તર્જન આદિ ન કરે. અભિમાન, માયાચાર, ગુસ્સો, હીનતા ન કરે. મિત્રતા, પ્રાર્થના(ગુણગાન) યા સેવા કરી આહારની પ્રાપ્તિ ન કરે.

સાધુએ નિમ્નોક્ત કાળજી લેવી જોઈએ. અજ્ઞાત ઘરોમાંથી[જ્યાં સાધુના જવા પૂર્વે તેના આવવાની કોઈ જાણકારી યા તૈયારી ન હોય ત્યાંથી] ભિક્ષા પ્રાપ્ત કરે. ભિક્ષા ગ્રહણ કરવામાં કોઈ પ્રકારનો આસક્તિભાવ, દ્વેષભાવ ન હોય, દીનભાવ, ઉદાસીભાવ ન હોય; હતાશ યા હીનભાવ ન હોય; કોઈપણ પ્રકારના ખેદનો અનુભવ કરી ખેદખિન્ન ન બને. સંયમ નિર્વાહ, ચારિત્ર નિર્માણ, વિનય, ક્ષમા આદિ ગુણ વૃદ્ધિની પ્રવૃત્તિથી યુક્ત થઈ સાધુએ આહાર પાણીની ગવેષણા કરવી જોઈએ.

આ પ્રકારે સાધુની આહાર પ્રાપ્તિ પણ દ્રવ્ય તેમજ ભાવથી પૂર્ણ અહિંસક, અસાવદ્ય, પાપરહિત હોવી જોઈએ. તેનું યથાર્થ પાલન કરવાથી જ ભિક્ષુ પૂર્ણ અહિંસક બને છે.

**અહિંસા મહાવ્રતની પાંચ ભાવનાઓ :–** અહિંસા મહાવ્રતની રક્ષા માટે, સમ્યગ્ આરાધના માટે તેની પાંચ ભાવનાઓ કહી છે. તેનું સાવધાનીપૂર્વક પાલન કરવાથી જ સંયમની આરાધના અને સફળતા સંભવે છે. પ્રથમ મહાવ્રતની ભાવનાઓની વિશેષતા છે કે તેમાં સમિતિ ગુપ્તિ રૂપી અષ્ટ પ્રવચન માતાનો સમાવેશ થઈ જાય છે. તે પાંચ ભાવનાઓ આ પ્રમાણે છે– (૧) ઈર્યા ભાવના (૨) મન ભાવના (૩) વચન ભાવના (૪) એષણા ભાવના (૫) આદાન–નિક્ષેપણા ભાવના. આ પાંચે ભાવનાનું સ્વરૂપ મૂળપાઠમાં

સ્પષ્ટ કર્યું છે. તેનો સાર આ પ્રમાણે છે–

આ રીતે પ્રથમ મહાવ્રતની આ પાંચ ભાવનાઓમાં પાંચે સમિતિઓના સમ્યગ્ આરાધનનું સૂચન કર્યું છે. તેમજ મન–વચનની પવિત્રતા રાખવાની પ્રેરણા કરી છે. સાધકનો ભાવ પૂર્ણ અહિંસક હોય અને વૃત્તિ સમ્યક્ હોય તો જ અહિંસાની આરાધના થઈ શકે છે. તે જ આ પાંચ ભાવનાઓનો ઉદ્દેશ્ય છે.

પાંચ ભાવનાઓથી યુક્ત પ્રથમ સંવરદ્વાર પ્રથમ મહાવ્રત–અહિંસાનું આ સ્વરૂપ છે. તેનું યથાર્થ રીતે પાલન કરવું જોઈએ.

❖❖❖❖❖

# પ્રથમ અધ્યયન

## અહિંસા મહાવ્રત

**સંવરદ્વારનો પ્રારંભ :–**

**जंबू ! एत्तो संवरदाराइं, पंच वोच्छामि आणुपुव्वीए ।**
**जह भणियाणि भगवया, सव्वदुक्खविमोक्खणट्ठाए ॥१॥**

**ભાવાર્થ :–** શ્રી સુધર્મા સ્વામી કહે છે કે હે જંબૂ ! ભગવાને સર્વ દુઃખોથી મુક્તિના ઉપાયભૂત પાંચ સંવરદ્વારો કહ્યા છે. તેને હું અનુક્રમથી કહીશ.

**पढमं होइ अहिंसा, बिइयं सच्चवयणं ति पण्णत्तं ।**
**दत्तमणुण्णाय संवरो य, बंभचेर-मपरिग्गहत्तं च ॥२॥**

**ભાવાર્થ :–** (આ પાંચ સંવર દ્વારોમાં) પ્રથમ અહિંસા છે. બીજું સત્ય વચન છે. ત્રીજું સ્વામીની આજ્ઞાથી દત્તગ્રહણ(અદત્તાદાન વેરમણ) છે. ચોથું બ્રહ્મચર્ય અને પાંચમું અપરિગ્રહ છે.

**तत्थ पढमं अहिंसा, तस-थावर-सव्वभूय-खेमकरी ।**
**तीसे सभावणाओ, किंचि वोच्छं गुणुद्देसं ॥३॥**

**ભાવાર્થ :–** આ સંવર દ્વારોમાં પ્રથમ જે અહિંસા છે; તે ત્રસ અને સ્થાવર સર્વ જીવોનું ક્ષેમકુશળ કરનાર છે. હું પાંચ ભાવનાઓ સહિત અહિંસાના ગુણોનું થોડું કથન કરીશ.

**વિવેચન :–**

પાંચ આશ્રવદ્વારોનું વર્ણન કર્યા પછી શાસ્ત્રકારે અહીં પાંચ સંવરદ્વારોના વર્ણનની પ્રતિજ્ઞા કરી છે. સંવરના અનેક ભેદ પ્રભેદ અન્યત્ર ઉપલબ્ધ છે પરંતુ પ્રસ્તુત પ્રસંગમાં આશ્રવના પાંચ ભેદની જેમ તેના પ્રતિપક્ષી સંવરના પણ પાંચ ભેદનું જ નિરૂપણ છે.

**સંવર :– आश्रव निरोधः संवर :** । [તત્વાર્થ સૂત્ર ૬/૧] આશ્રવનો નિરોધ તે સંવર છે અથવા **संव्रियन्ते प्रतिरुध्यंते आगन्तुक कर्माणि येन सः संवरः** । જેના દ્વારા આવતા કર્મો રોકાય તે

સંવર. 'કર્મનું આવવું' તે આશ્રવ છે. તો આવતા કર્મને રોકવું તે સંવર છે. નૌકાના દષ્ટાંતથી આશ્રવ અને સંવરને સમજી શકાય છે. સમુદ્રમાં સ્થિત નૌકામાં કોઈ પણ કારણસર છિદ્ર પડી ગયું અને નૌકામાં પાણી ભરાવા લાગ્યું. ત્યાર પછી નાવિક તે છિદ્રોને પૂરી દે; આવતા પાણીને રોકી દે અને ભરાયેલું પાણી ઉલેચી નાંખે; તો તે નાવ સુરક્ષિતપણે કિનારે પહોંચી જાય છે. તે જ રીતે સંસાર સાગરમાં કર્મ વર્ગણારૂપી અથાગ જલ છે. શરીરરૂપી નૌકા અને જીવ રૂપી નાવિક સંસાર સાગરમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તેમાં હિંસા, અસત્ય આદિ છિદ્ર દ્વારા કર્મનો પ્રવાહ આવે છે, તે આશ્રવ છે. જીવરૂપી નાવિક અહિંસા આદિ દ્વારા તે છિદ્રને બંધ કરે તે સંવર છે. ભરાયેલા પાણીને ઉલેચવા સમાન પૂર્વકૃત કર્મોનો નાશ કરવો તે નિર્જરા છે. જો સંવર અને નિર્જરાની પ્રક્રિયા યથાર્થ રીતે થાય તો તે જીવ સંસાર સાગરને તરી જાય છે. અન્યથા કર્મનું પાણી ભરાય જવાથી જીવરૂપી નાવિક સંસાર સાગરમાં ડૂબી જાય છે.

**પ્રસ્તુત કથનનું પ્રયોજન :–** **"सव्व दुक्ख विमोक्खणट्ठाए"** સર્વ દુઃખનો ક્ષય કરવા માટે પ્રસ્તુત કથન છે. સમસ્ત દુઃખોથી છુટકારો મેળવવાનો આ અમોઘ ઉપાય છે, સમસ્ત કર્મોથી રહિત થઈ શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવું. તેના માટે સંવરની આરાધના કરવી અનિવાર્ય છે. જ્યાં સુધી નવા કર્મોનું આગમન રોકાય નહીં ત્યાં સુધી કર્મપ્રવાહ આત્મામાં આવતો જ રહે છે અને જ્યાં સુધી કર્મપ્રવાહ ચાલુ હોય ત્યાં સુધી પૂર્ણ શુદ્ધિ થતી નથી. આ તથ્યને સૂચિત કરવા માટે શાસ્ત્રકારે કહ્યું છે કે સંવરદ્વારોની પ્રરૂપણાનું પ્રયોજન સર્વ દુઃખોથી મુક્ત થવું, તે છે અને તેને યથાર્થ જાણ્યા વિના તેની સાધના થઈ શકતી નથી.

**સંવરના પ્રકાર :–** તેના પાંચ પ્રકાર છે. અહિંસા, સત્ય, અદત્તાદાન વિરમણ, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. અહીં આ પાંચે સંવરનું ક્રમશઃ પ્રતિપાદન કર્યું છે.

**અહિંસાનું પ્રાધાન્ય :–** પાંચ સંવરમાં અહિંસા પ્રથમ છે. તે મૂળ વ્રત છે. શેષ ચાર વ્રત તેની રક્ષા માટે છે. કહ્યું પણ છે કે

> **णिद्दिट्ठं एत्थ वयं इक्क चिय जिणवरेहिं सव्वेहिं ।**
> **पाणाइवायवेरमणमवसेसा तस्स रक्खट्ठा ॥**

સર્વ તીર્થંકર ભગવંતોએ એક પ્રાણાતિપાત વિરમણ વ્રતનું કથન કર્યું છે. શેષ ચાર વ્રત તેની રક્ષા માટે છે. અથવા પાંચે વ્રત અહિંસા સ્વરૂપ છે. સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય આદિ સ્વદયા અને પરદયાનું કારણ જ છે. તેમજ **'तस थावर सव्वभूय खेमकरी'** અહિંસા ત્રસ અને સ્થાવર જીવોને માટે કલ્યાણકારી છે. અહિંસાના પાયા પર જગતના વ્યવહારો ચાલી રહ્યા છે.પ્રથમ અધ્યયન – અહિંસા

### સંવરદ્વારનું મહાત્મ્ય :–

**૧ ताणि उ इमाणि सुव्वय ! महव्वयाइं लोयहियसव्वयाइं सुयसागर–देसियाइं तवसंजममहव्वयाइं सीलगुणवरव्वयाइं सच्चज्जवव्वयाइं णरय–तिरिय–मणुय–देवगइ**

**विवज्जगाइं सव्वजिणसासगाइं कम्मरयविदारगाइं भवसयविणासगाइं दुहसय वमोयणगाइं सुहसयपवत्तणगाइं कापुरिसदुरुत्तराइं सप्पुरिसणिसेवियाइं णिव्वाण गमण सग्गप्पयाणगाइं संवरदाराइं पंच कहियाणि उ भगवया ।**

**ભાવાર્થ :–** શ્રી સુધર્મા સ્વામીએ પોતાના અંતેવાસી શિષ્ય જંબૂસ્વામીને કહ્યું– હે સુવ્રત ! અર્થાત્ ઉત્તમ વ્રતોના ધારક અને પાલક જંબૂ ! આ મહાવ્રત સર્વ લોકોને માટે હિતકારી છે. શ્રુતરૂપી સાગરમાં તેનો ઉપદેશ કરવામાં આવ્યો છે. આ તપ અને સંયમરૂપ મહાવ્રત છે. આ મહાવ્રતોમાં શીલનો અને ઉત્તમ ગુણોનો સમૂહ છે. સત્ય અને દયા–કોમળતા, સરળતા, નિષ્કપટતા તેમાં પ્રધાન છે. આ મહાવ્રત નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્ય ગતિ અને દેવગતિથી મુક્તિ દેનાર છે. સર્વ જિન ભગવંત તીર્થંકરો દ્વારા ઉપદિષ્ટ છે. કર્મરૂપી રજનો નાશ કરનાર છે. સેંકડોભવો–જન્મ–મરણોનો અંત કરનાર છે. સેંકડો દુઃખોથી બચાવનાર છે અને સેંકડો સુખોમાં પ્રવૃત્ત કરનાર છે. આ મહાવ્રત કાયર પુરુષો માટે દુષ્કર છે. સત્ પુરુષોએ તેનું સેવન કર્યું છે. (સેવન કરે છે અને કરશે.) તે મોક્ષમાં જવાનો માર્ગ છે. તે સ્વર્ગમાં પહોંચાડનાર છે. આ પાંચ મહાવ્રતરૂપ પાંચ સંવરદ્વાર ભગવાન મહાવીરે કહ્યા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સંવરદ્વારોનું માહાત્મ્ય પ્રગટ કર્યું છે. તે મૂળપાઠથી જ સ્પષ્ટ છે. અહીં સંવર મહાવ્રતરૂપ છે. અણુવ્રતમાં આંશિક રૂપે આશ્રવની પ્રક્રિયા ચાલુ છે જ્યારે મહાવ્રતમાં ત્રણ કરણ અને ત્રણ યોગથી પાપના પ્રત્યાખ્યાન થાય છે. સર્વ પ્રકારે આશ્રવનો નિરોધ થાય છે. તેથી જ પાંચ મહાવ્રતને સંવર રૂપ કહ્યા છે. મહાવ્રત તપ–સંયમ રૂપ છે. તેનાથી સંવર અને નિર્જરા બંને થાય છે.

**અહિંસાના ૬૦ નામ :–**

**२ तत्थ पढमं अहिंसा जा सा सदेवमणुयासुरस्स लोयस्स भवइ दीवो ताणं सरणं गई पइट्ठा– णिव्वाणं, णिव्वुई, समाही, सत्ती, कित्ती, कंती, रई य, विरई य, सुयंग, तित्ती, दया, विमुत्ती, खंती, सम्मत्ताराहणा, महंती,**

**बोही, बुद्धी, धिई, समिद्धी, रिद्धी, विद्धी, ठिई, पुट्ठी, णंदा, भद्दा, विसुद्धी, लद्धी, विसिट्ठदिट्ठी, कल्लाणं, मंगलं,**

**पमोओ, विभूई, रक्खा, सिद्धावासो, अणासवो, केवलीण ठाणं, सिवं, समिई, सीलं, संजमो त्ति य, सीलपरिघरो, संवरो य, गुत्ती, ववसाओ, उस्सओ य, जण्णो, आययणं, जयणं, अप्पमाओ, अस्सासो, वीसासो, अभओ, सव्वस्स वि अमाघाओ, चोक्ख, पवित्ता, सूई, पूया, विमल, पभासा य, णिम्मलयर त्ति**

**एवमाईणि णिययगुणणिम्मियाइं पज्जवणामाणि होंति अहिंसाए भगवईए ।**

**ભાવાર્થ :–** તે પૂર્વોક્ત પાંચ સંવર દ્વારોમાં પ્રથમ અહિંસા છે. જે લોકમાં સર્વ દેવ, મનુષ્ય, અસુરને દ્વીપ સમાન, ત્રાણ–શરણરૂપ, ગતિ–પ્રતિષ્ઠારૂપ છે. તેના અનેક નામ છે. યથા (૧) નિર્વાણ (૨) નિવૃત્તિ (૩) સમાધિ (૪) શક્તિ (૫) કીર્તિ (૬) કાંતિ (૭) રતિ (૮) વિરતિ (૯) શ્રુતાંગ (૧૦) તૃપ્તિ (૧૧) દયા (૧૨) વિમુક્તિ (૧૩) ક્ષાન્તિ–ક્ષમા (૧૪) સમ્યક્ત્વારાધના (૧૫) મહતી (૧૬) બોધિ (૧૭) બુદ્ધિ (૧૮) ધૃતિ (૧૯) સમૃદ્ધિ (૨૦) ઋદ્ધિ (૨૧) વૃદ્ધિ (૨૨) સ્થિતિ (૨૩) પુષ્ટિ (૨૪) નંદા (૨૫) ભદ્રા (૨૬) વિશુદ્ધિ (૨૭) લબ્ધિ (૨૮) વિશિષ્ટ દષ્ટિ (૨૯) કલ્યાણ (૩૦) મંગલ

(૩૧) પ્રમોદ (૩૨) વિભૂતિ (૩૩) રક્ષા (૩૪) સિદ્ધાવાસ (૩૫) અનાશ્રવ (૩૬) કેવલીસ્થાનમ્ (૩૭) શિવ (૩૮) સમિતિ (૩૯) શીલ (૪૦) સંયમ (૪૧) શીલ પરિગ્રહ (૪૨) સંવર (૪૩) ગુપ્તિ (૪૪) વ્યવસાય (૪૫) ઉચ્છ્રય

(૪૬) યજ્ઞ (૪૭) આયતન (૪૮) જયણા–યત્ના (૪૯) અપ્રમાદ (૫૦) આશ્વાસ (૫૧) વિશ્વાસ (૫૨) અભય (૫૩) સર્વસ્વ અમાઘાત (૫૪) ચોક્ષ (૫૫) પવિત્રા (૫૬) શુચિ (૫૭) પૂતા (૫૮) વિમલા (૫૯) પ્રભાસા (૬૦) નિર્મલતરા, ઈત્યાદિ આ અહિંસા ભગવતીના નિજગુણ નિર્મિત–ગુણસંપન્ન પર્યાયનામ છે.

## વિવેચન :–

સૂત્રકારે આશ્રવદ્વારના કથનમાં હિંસાદિ આશ્રવોની વ્યાપક્તાને સમજાવવા તેના અનેક પર્યાયવાચી નામનું કથન કર્યું છે. તે જ રીતે અહિંસા આદિ સંવરનું સ્વરૂપ સમજાવવા તેના પર્યાયવાચી નામોનું કથન કર્યું છે. હિંસાની જેમ અહિંસાના પણ બે ભેદ છે. દ્રવ્ય અહિંસા અને ભાવ અહિંસા અથવા સ્વદયા અને પરદયા. પ્રસ્તુત પર્યાયવાચી નામના સ્પષ્ટીકરણથી બંને પ્રકારની અહિંસાનું સ્વરૂપ સમજી શકાય છે.

આ અહિંસા દેવો, મનુષ્યો અને અસુરો સહિત સમગ્ર લોકને માટે દ્વીપની સમાન, ત્રાણ–રક્ષણ કરનાર છે. તે વિવિધ પ્રકારના જગતના દુઃખોથી પીડિત જીવોની રક્ષા કરનાર છે. તે શરણદાત્રી–જીવોને શરણ દેનાર છે, કલ્યાણ ઈચ્છુક જીવો માટે ગતિગમ્ય છે, પ્રાપ્ત કરવા યોગ્ય છે તથા પ્રતિષ્ઠા–સમસ્ત ગુણો અને સુખોનો આધાર છે. તે અહિંસા ભગવતીના ૬૦ નામોનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**(૧) નિર્વાણ :–** મુક્તિનું કારણ, શાંતિ સ્વરૂપ છે. તેથી તેને નિર્વાણ કહે છે.
**(૨) નિર્વૃત્તિ :–** દુર્ધ્યાન રહિત હોવાથી તેને નિર્વૃત્તિ કહે છે. તે માનસિક સ્વસ્થતારૂપ છે.
**(૩) સમાધિ :–** સમતાનું કારણ છે. તેથી તેને સમાધિ કહે છે.
**(૪) શક્તિ :–** આધ્યાત્મિક શક્તિ અથવા શક્તિનું કારણ છે. ક્યાંક **''सत्ती''** ના સ્થાને **''संती''** પદ મળે છે. જેનો અર્થ છે શાંતિ, અહિંસામાં બીજાના દ્રોહની ભાવનાનો અભાવ હોય છે માટે તે શાંતિ પણ

કહેવાય છે.

**(૫) કીર્તિ :–** કીર્તિનું કારણ છે. તેથી તેને કીર્તિ કહે છે.

**(૬) કાન્તિ :–** અહિંસાના આરાધકમાં કાંતિ–તેજસ્વિતા ઉત્પન્ન થાય છે માટે તેને કાંતિ કહે છે.

**(૭) રતિ :–** પ્રાણીમાત્ર પ્રત્યે પ્રીતિ, મૈત્રી, અનુરક્તિ,આત્મીયતાને ઉત્પન્ન કરવાનું કારણ હોવાથી તે રતિ કહે છે.

**(૮) વિરતિ :–** પાપોથી વિરક્તિ રૂપ હોવાથી તેને વિરતિ કહે છે.

**(૯) શ્રુતાંગ :–**સત્‌શાસ્ત્રોના અધ્યયન મનનથી અહિંસાભાવ ઉત્પન્ન થતો હોવાથી તેને શ્રુતાંગ કહે છે.

**(૧૦) તૃપ્તિ :–** સંતોષવૃત્તિ પણ અહિંસાનું એક અંગ છે. તેથી તેને તૃપ્તિ કહે છે.

**(૧૧) દયા :–** કષ્ટ પામતાં, મરતાં યા દુઃખી પ્રાણીઓની કરુણા ભાવથી રક્ષા કરવી. યથાશક્તિ બીજાના દુઃખોને દૂર કરવાનો પ્રયત્ન કરવો તે દયા છે અને તે અહિંસાનું જ સ્વરૂપ છે.

**(૧૨) વિમુક્તિ :–** બંધનમાંથી સંપૂર્ણ રૂપે મુક્ત કરનાર હોવાથી તેને વિમુક્તિ કહે છે.

**(૧૩) ક્ષાંતિ :–** ક્ષમા આત્માનો ગુણ છે તેથી તે અહિંસા રૂપ છે.

**(૧૪) સમ્યક્‌ત્વારાધના :–** સમ્યક્‌ત્વની આરાધના અથવા સેવાનું કારણ હોવાથી તેને સમ્યક્‌ત્વ આરાધના કહે છે.

**(૧૫) મહતી :–** સર્વ વ્રતોમાં મહાન–પ્રધાન છે, તેમાં સર્વ વ્રતોનો સમાવેશ થઈ જાય છે. તેથી તેને મહતી કહે છે.

**(૧૬) બોધિ :–** ધર્મપ્રાપ્તિનું કારણ હોવાથી તેને બોધિ કહે છે. તત્ત્વનો બોધ કરાવનાર છે.

**(૧૭) બુદ્ધિ :–** બુદ્ધિની સાર્થકતા દેનાર હોવાથી તેને બુદ્ધિ કહે છે.

**(૧૮) ધૃતિ :–** ચિત્તની ધીરતા, દઢતારૂપ છે. તેથી તેને ધૃતિ કહે છે.

**(૧૯) સમૃદ્ધિ :–** સર્વ પ્રકારની સંપન્નતાથી યુક્ત, જીવનને આનંદિત કરાવનાર છે. તેથી તેને સમૃદ્ધિ કહે છે.

**(૨૦) ઋદ્ધિ :–** લક્ષ્મી પ્રાપ્તિનું કારણ હોવાથી તેને ઋદ્ધિ કહે છે.

**(૨૧) વૃદ્ધિ :–** પુણ્ય, ધર્મ વૃદ્ધિનું કારણ છે. તેથી તેને વૃદ્ધિ કહે છે.

**(૨૨) સ્થિતિ :–** મુક્તિમાં પ્રતિષ્ઠિત કરનારી છે. તેથી તેને સ્થિતિ કહે છે.

**(૨૩) પુષ્ટિ :–** પુણ્ય વૃદ્ધિથી જીવનને પુષ્ટ બનાવનાર અથવા પાપને ઘટાડી પુણ્યનો વધારો કરનારી છે. તેથી તેને પુષ્ટિ કહે છે.

**(૨૪) નંદા :–** પોતાને અને બીજાને આનંદ દેનારી છે. તેથી તેને નંદા કહે છે.

**(૨૫) ભદ્રા :–** પોતાનું અને પરનું ભદ્ર–કલ્યાણ કરનારી છે. તેથી તેને ભદ્રા કહે છે.

**(૨૬) વિશુદ્ધિ :–** આત્માને વિશિષ્ટ શુદ્ધ બનાવનારી છે. તેથી તેને વિશુદ્ધિ કહે છે.

**(૨૭) લબ્ધિ :–** અહિંસા કેવળજ્ઞાન આદિ લબ્ધિઓનું કારણ છે. તેથી તેને લબ્ધિ કહે છે.

**(૨૮) વિશિષ્ટ દષ્ટિ :–** વિચાર અને આચારમાં અનેકાંતપ્રધાન દર્શનવાળી છે. તેથી તેને વિશિષ્ટ દષ્ટિ કહે છે.

**(૨૯) કલ્યાણ :–** શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યનું કારણ છે. તેથી તેને કલ્યાણ કહે છે.

**(૩૦) મંગલ :–** અહિંસા પાપનો વિનાશ કરનાર, સુખને ઉત્પન્ન કરનાર અને ભવસાગરથી તારનાર છે. તેથી તેને મંગલ કહે છે.

**(૩૧) પ્રમોદ :–** પોતાને અને બીજાને હર્ષ ઉત્પન્ન કરાવનાર છે. તેથી તેને પ્રમોદ કહે છે.

**(૩૨) વિભૂતિ :–** આધ્યાત્મિક ઐશ્વર્યનું કારણ છે. તેથી તેને વિભૂતિ કહે છે.

**(૩૩) રક્ષા :–** પ્રાણીઓને દુઃખથી બચાવનાર અને આત્માને સુરક્ષિત રાખનાર છે. તેથી તેને રક્ષા કહે છે.

**(૩૪) સિદ્ધાવાસ :–** સિદ્ધોમાં નિવાસ કરાવનાર, મુક્તિધામમાં પહોંચાડનાર અને મોક્ષના હેતુરૂપ છે. તેથી તેને સિદ્ધાવાસ કહે છે.

**(૩૫) અનાશ્રવ :–** આવતાં કર્મોનો નિરોધ કરનાર છે. તેથી તેને અનાશ્રવ કહે છે.

**(૩૬) કેવલીસ્થાન :–** કેવલીઓના સ્થાનરૂપ છે. તેથી તેને કેવલીસ્થાન કહે છે.

**(૩૭) શિવ :–** સુખ સ્વરૂપ, ઉપદ્રવોનો નાશ કરનાર છે. તેથી તેને શિવ કહે છે.

**(૩૮) સમિતિ :–** સમ્યક્ પ્રવૃત્તિરૂપ છે. તેથી તેને સમિતિ કહે છે.

**(૩૯) શીલ :–** સદાચાર સ્વરૂપા(સમીચીન)આચારવાળી છે. તેથી તેને શીલ કહે છે.

**(૪૦) સંયમ :–** મન અને ઈન્દ્રિયોનો નિરોધ તથા જીવરક્ષારૂપ છે. તેથી તેને સંયમ કહે છે.

**(૪૧) શીલપરિગ્રહ :–** સદાચાર અથવા બ્રહ્મચર્યનું ઘર, ચારિત્રનું સ્થાન છે તેથી તેને શીલપરિગ્રહ કહે છે.

**(૪૨) સંવર :–** આશ્રવનો નિરોધ કરે છે. તેથી તેને સંવર કહે છે.

**(૪૩) ગુપ્તિ :–** મન, વચન, કાયાની દુષ્ટ પ્રવૃત્તિને રોકવારૂપ છે. તેથી તેને ગુપ્તિ કહે છે.

**(૪૪) વ્યવસાય :–** વિશિષ્ટ, ઉત્કૃષ્ટ નિશ્ચયરૂપ છે. તેથી તેને વ્યવસાય કહે છે.

**(૪૫) ઉચ્છ્રય :–** પ્રશસ્ત ભાવોની ઉન્નતિ, વૃદ્ધિ, સમુદાયરૂપ છે. તેથી તેને ઉચ્છ્રય કહે છે.

**(૪૬) યજ્ઞ :–** આત્મ દેવની પૂજા કરવા માટે યજ્ઞ સ્વરૂપ છે. તેથી તેને યજ્ઞ કહે છે.

**(૪૭) આયતન :–** સમસ્ત ગુણોનું સ્થાન છે. તેથી તેને આયતન કહે છે.

**(૪૮) જયણા :–** સર્વ જીવો પ્રત્યે યત્ના કરાવનારી, વિવેકપૂર્ણ વ્યવહાર કરાવનારી છે. તેથી તેને જયણા કહે છે.

**(૪૯) અપ્રમાદ :–** પ્રમાદ– બેદરકારીના ત્યાગ સ્વરૂપ છે. તેથી તેને અપ્રમાદ કહે છે.

**(૫૦) આશ્વાસ :–** પ્રાણીઓ માટે આશ્વાસનરૂપ છે. તેથી તેને આશ્વાસ કહે છે.
**(૫૧) વિશ્વાસ :–** સર્વ જીવોના વિશ્વાસનું કારણ છે. તેથી તેને વિશ્વાસ કહે છે.
**(૫૨) અભય :–** પ્રાણીઓને નિર્ભયતા દેનાર, સ્વયં આરાધકને પણ નિર્ભય બનાવનારી છે. તેથી તેને અભય કહે છે.
**(૫૩) સર્વનો અમાઘાત :–** પ્રાણીમાત્રની હિંસાના નિષેધરૂપ અથવા અમારી ઘોષણા સ્વરૂપ છે. તેથી તેને સર્વઅમાઘાત કહે છે.
**(૫૪) ચોક્ષ :–** ચોખી(સ્વચ્છ) શુદ્ધ, સારી રીતે પ્રતીત થનાર અહિંસા છે. તેથી તેને ચોક્ષ કહે છે.
**(૫૫) પવિત્રા :–** અત્યંત પવિત્ર વજસમાન ઘોર આઘાતથી પણ રક્ષણ કરનારી છે. તેથી તેને પવિત્રા કહે છે.
**(૫૬) શુચિ :–** ભાવની અપેક્ષાએ શુદ્ધ, હિંસા આદિ મલિન ભાવોથી રહિત અને નિષ્કલંક હોવાથી તેને શુદ્ધ કહે છે.
**(૫૭) પૂતા(જા) :–** ભાવથી આત્મદેવની પૂજા કરવારૂપ છે અથવા નિષ્કલંક છે. તેથી તેને પૂતા (પૂજા) કહે છે.
**(૫૮) વિમલા :–**સ્વયં નિર્મલ અને નિર્મલતાનું કારણ છે. તેથી તેને વિમલા કહે છે.
**(૫૯) પ્રભાસા :–** આત્માને તેજ દેનારી અર્થાત્ અહિંસા પ્રકાશમય છે. તેથી તેને પ્રભાસા કહે છે.
**(૬૦) નિર્મલતરા :–** અત્યંત નિર્મળ અથવા આત્માને નિર્મળ બનાવનાર છે. તેથી તેને નિર્મલતરા કહે છે.

સૂત્રોક્ત નામ પરથી અહિંસાના અત્યંત વ્યાપક તેમજ વિરાટ સ્વરૂપને સહજ રીતે સમજી શકાય છે. નિર્વાણ, નિર્વૃત્તિ, સમાધિ, તૃપ્તિ, ક્ષાન્તિ, બોધિ, ધૃતિ, વિશુદ્ધિ આદિ નામ સાધકની આંતરિક ભાવનાઓને પ્રગટ કરે છે અર્થાત્ માનવની આવા પ્રકારની સાત્વિક ભાવનાઓ પણ અહિંસામાં ગર્ભિત છે. રક્ષા, સમિતિ, દયા અમાઘાત આદિ નામ અહિંસક સાધકના વ્યવહારના દ્યોતક છે. દુઃખોથી પીડિત પ્રાણીને દુઃખથી બચાવવા તે પણ અહિંસા છે. બીજાને પીડા થાય તેવું કાર્ય ન કરતાં; યતના, સદાચાર કે સમિતિનું પાલન કરવું તે પણ અહિંસાનું અંગ છે. સર્વ જીવો પર દયા–કરુણા રાખવી તે પણ અહિંસા છે. કીર્તિ, કાન્તિ, રતિ, પવિત્ર, શુચિ, પૂતા–નિષ્કલંક આદિ નામ તેની પવિત્રતાના પ્રકાશક છે. નન્દા, ભદ્રા, કલ્યાણ, મંગલ, પ્રમોદ, આદિ નામ અહિંસાની આરાધનાના ફળને પ્રગટ કરે છે. તેની આરાધનાથી આરાધકની ચિત્તવૃત્તિ કલ્યાણમયી, મંગલમયી બની જાય છે.

આ પ્રકારે સૂત્રોક્ત અહિંસાના નામોથી તેના વિવિધ રૂપોનું, તેની આરાધનાથી આરાધકના જીવનમાં પ્રાદુર્ભૂત થનારી પ્રશસ્ત વૃત્તિઓનું અને તેના પરિણામનું ચિત્ર સ્પષ્ટ ઉપસી આવે છે.

અહિંસાનું અંતિમ ફળ નિર્વાણ છે, તે પ્રસ્તુત પાઠથી જાણી શકાય છે.

### અહિંસાનો મહિમા –

**૩ एसा सा भगवई अहिंसा जा सा भीयाण विव सरणं, पक्खीणं विव**

**गमणं, तिसियाणं विव सलिलं, खुहियाणं विव असणं, समुद्दमज्झे व पोयवहणं, चउप्पयाणं व आसमपयं, दुहट्ठियाणं व ओसहिबलं, अडवीमज्झे व सत्थगमणं।**

**एत्तो विसिट्ठतरिया अहिंसा जा सा पुढवी-जल-अगणि-मारुय वणस्सइ बीय-हरिय-जलयर-थलयर-खहयर-तस-थावर-सव्वभूय-खेमकरी ।**

**ભાવાર્થ :–** આ અહિંસા ભગવતી છે તે(સંસારના સમસ્ત) ભયભીત પ્રાણીઓને માટે શરણભૂત , પક્ષીઓને માટે આકાશમાં ગમન કરવા સમાન, તૃષાતુર પ્રાણીઓને માટે જલ સમાન, ભૂખ્યા માટે ભોજન સમાન, સમુદ્રની મધ્યમાં ડૂબી રહેલા જીવોને માટે જહાજ સમાન, ચોપગા પશુઓને માટે આશ્રય સ્થાન સમાન, દુ:ખોથી પીડિત રોગી મનુષ્યોને માટે ઔષધિના બળ સમાન, ભયાનક જંગલમાં સાર્થ–સંઘની સાથે ફરવા સમાન છે. [શું ! ભગવતી અહિંસા વાસ્તવમાં પાણી, અનાજ, ઔષધ, યાત્રામાં સાર્થ સમૂહ આદિ સમાન જ છે ?] નહીં ! ભગવતી અહિંસા આનાથી પણ અત્યંત વિશિષ્ટ છે. જે પૃથ્વીકાય, અપકાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, બીજ, હરિતકાય, જલચર, સ્થળચર, ખેચર ત્રસ અને સ્થાવર સર્વ જીવોનું ક્ષેમ–કુશળ મંગલ કરનારી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત પાઠમાં અહિંસાનો મહિમા તેમજ તેની ઉપયોગિતાનું સરળ તથા ભાવપૂર્ણ ચિત્ર વિવિધ ઉપમાઓ દ્વારા અભિવ્યકત કર્યું છે.

અહિંસાને આકાશ, પાણી, ભોજન, ઔષધ, જહાજ આદિ સમાન કહી છે પરંતુ આ ઉપમાઓ પૂર્ણ નથી. આ પદાર્થો એકાંતિક અને આત્યંતિક સુખના કારણ નથી. તે કયારેક, વિશેષ પરિસ્થિતિમાં દુ:ખનું કારણ બની શકે છે. જ્યારે અહિંસાના સેવનમાં કદાપિ અંશ માત્ર દુ:ખ નથી, લેશમાત્ર જોખમ નથી. અહિંસાથી જે આનંદ મળે છે તે એકાંતિક અને આત્યંતિક છે. અહિંસાની આરાધનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે અને નિર્વાણમાં પ્રાપ્ત થતો આનંદ સદા સ્થાયી રહે છે. આ આશયને સ્પષ્ટ કરવા માટે શાસ્ત્રકારે **एत्तो विसिट्ठतरिया अहिंसा** શબ્દપ્રયોગ કર્યો છે. પૂર્વોક્ત સર્વ ઉપમાભૂત વસ્તુથી અત્યંત વિશિષ્ટ છે.

મૂળ પાઠમાં વનસ્પતિનો ઉલ્લેખ કરવાની સાથે બીજ, હરિતકાય, પૃથ્વીકાય આદિ સ્થાવર એકેન્દ્રિયનો અને જલચર આદિની સાથે ત્રસનો અને અંતે સર્વભૂત શબ્દને ગ્રહણ કરીને ભગવતી અહિંસાના મહિમાને પ્રગટ કર્યો છે. અહિંસાથી પ્રાણીમાત્રનું ક્ષેમકુશળ જ થાય છે, કોઈનું અક્ષેમ થતું નથી.

**અહિંસાના આરાધક મહાપુરુષો :–**

**૪ एसा भगवई अहिंसा जा सा अपरिमिय-णाणदंसणधरेहिं सीलगुण विणय तवसंयमणायगेहिं तित्थयरेहिं सव्वजगजीववच्छलेहिं तिलोयमहिएहिं जिणवरेहिं**

**(जिणचंदेहिं) सुट्ठुदिट्ठा, ओहिजिणेहिं विण्णाया, उज्जुमईहिं विदिट्ठा, विउलमईहिं विदिआ, पुव्वधरेहिं अहीया, वेउव्वीहिं पइण्णा, आभिणिबोहियणाणीहिं सुयणाणीहिं, मणपज्जवणाणीहिं केवलणाणीहिं आमोसहि पत्तेहिं खेलोसहिपत्तेहिं जल्लोसहिपत्तेहिं विप्पोसहिपत्तेहिं सव्वोसहिपत्तेहिं बीयबुद्धीहिं कोट्ठबुद्धीहिं पयाणुसारीहिं संभिण्ण- सोएहिं सुयधरेहिं मणबलिएहिं वयबलिएहिं कायबलिए हिं णाणबलिएहिं दंसण-बलिएहिं चरित्तबलिएहिं खीरासवेहिं महुआसवेहिं सप्पियासवेहिं अक्खीण- महाणसिएहिं चारणेहिं विज्जाहरेहिं ।**

**चउत्थभत्तिएहिं एवं** *जाव* **छम्मासभत्तिएहिं उक्खित्तचरएहिं णिक्खित्तचरए हिं अंतचरएहिं पंतचरएहिं लूहचरएहिं समुयाणचरएहिं अण्णगिलाएहिं मोणचर- एहिं संसट्ठकप्पिएहिं तज्जायसंसट्ठकप्पिएहिं उवणिएहिं सुद्धेसणिएहिं संखादत्ति- एहिं दिट्ठलाभिएहिं पुट्ठलाभिएहिं आयंबिलिएहिं पुरिमड्ढिएहिं एक्कासणिएहिं णिव्विइएहिं भिण्णपिंडवाइएहिं परिमियपिंडवाइएहिं अंताहारेहिं पंताहारेहिं अरसाहारेहिं विरसाहारेहिं लूहाहारेहिं तुच्छाहारेहिं अंतजीवीहिं पंतजीवीहिं लूहजीवीहिं तुच्छजीवीहिं उवसंतजीवीहिं पसंतजीवीहिं विवित्तजीवीहिं अखीरमहु- सप्पिएहिं अमज्जमंसासिएहिं ठाणाइएहिं पडिमंठाईहिं ठाणुक्कडिएहिं वीरासणि- एहिं णेसज्जिएहिं डंडाइएहिं लगंडसाईहिं एगपासगेहिं आयावएहिं अप्पावुएहिं अणिट्ठीवएहिं अकंडूयएहिं धुयकेसमंसुलोमणहेहिं सव्व गायपडिकम्मविप्पमुक्केहिं समणुचिण्णा, सुयहरविइयत्थकायबुद्धीहिं । धीरमइबुद्धिणो य जे ते आसीविसउग्गतेय कप्पा णिच्छयववसायपज्जत्तकयमईया णिच्चं सज्झायज्झाण अणुबद्धधम्मज्झाणा पंचमहव्वय चरित्तजुत्ता समिया समिइसु, समियपावा छव्विह जगवच्छला णिच्चमप्प- मत्ता, एएहिं अण्णेहिं य जा सा अणुपालिया भगवई ।**

**ભાવાર્થ :–** આ ભગવતી અહિંસા અપરિમિત, અનંત કેવળજ્ઞાન દર્શનને ધારણ કરનાર, શીલરૂપ ગુણ, વિનય, તપ અને સંયમના નાયક–તેને ચરમસીમા સુધી પહોંચાડનાર, તીર્થની સ્થાપના કરનાર, જગતના સમસ્ત જીવો પ્રત્યે વાત્સલ્ય ધારણ કરનાર, ત્રિલોકમાં પૂજિત, જિનવરોના કેવળજ્ઞાન–દર્શન દ્વારા સમ્યક્‌રૂપે સ્વરૂપ, કારણ અને કાર્યના દૃષ્ટિકોણથી નિશ્ચિત કરાયેલી છે.

વિશિષ્ટ અવધિજ્ઞાનીઓ દ્વારા જણાવાયેલી છે. તે 'જ્ઞ'પરિજ્ઞાથી જાણે છે અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનું સેવન કરે છે. ઋજુમતિ મનઃ પર્યવજ્ઞાનીઓ દ્વારા જોયેલ અને જાણેલ છે. વિપુલમતિ

મનઃપર્યાવજ્ઞાનીઓ દ્વારા જ્ઞાત છે. ચૌદ પૂર્વધારી મુનિઓએ તેનું અધ્યયન કર્યું છે. વૈક્રિય લબ્ધિના ધારક દ્વારા તેનું આજીવન પાલન કરાય છે. આભિનિબોધિક–મતિજ્ઞાનીઓએ, શ્રુતજ્ઞાનીઓએ, અવધિ જ્ઞાનીઓએ, મનઃપર્યવજ્ઞાનીઓએ અને કેવળજ્ઞાનીઓએ, આમર્ષૌષધિ લબ્ધિના ધારક, શ્લેષ્મૌષધિ લબ્ધિના ધારક, જલૌષધિલબ્ધિ ધારક, વિપ્રુડૌષધિ લબ્ધિ ધારક, સર્વૌષધિ લબ્ધિ પ્રાપ્ત, બીજ બુદ્ધિ, કોષ્ઠ બુદ્ધિ, પદાનુસારિબુદ્ધિ આદિ લબ્ધિના ધારકોએ, સંભિન્નશ્રોત લબ્ધિના ધારકો, શ્રુતધરો, મનોબલી, વચનબલી અને કાયબલી મુનિઓએ, જ્ઞાનબલી, દર્શનબલી, તથા ચારિત્રબલી મહાપુરુષોએ, મધ્વાસ્રવ લબ્ધિધારી સર્પિરાશ્રવલબ્ધિધારી તથા અક્ષીણમહાનસ લબ્ધિના ધારકોએ, ચારણો અને વિદ્યાધરોએ,

ચતુર્થભક્તિકો **યાવત્** (એક–એક ઉપવાસથી લઈને બે, ત્રણ, ચાર, પાંચ દિવસ આ પ્રકારે એક માસ, બે માસ, ત્રણ માસ, ચાર માસ, પાંચ માસ,) છ માસ સુધીના ઉપવાસ કરનાર તપસ્વીઓએ, આ જ રીતે ઉત્ક્ષિપ્તચરક, નિક્ષિપ્તચરક, અંતચરક, પ્રાંતચરક, રૂક્ષચરક, સમુદાનચરક, અન્નગ્લાયક, મૌનચરક, સંસૃષ્ટકલ્પિક, તજ્જાત સંસૃષ્ટ કલ્પિક, ઉપનિધિક, શુદ્ધૈષણિક, સંખ્યાદત્તિક, દષ્ટલાભિક, અષ્ટલાભિક, પૃષ્ઠલાભિક, આચામ્લક, પુરિમાર્ધિક, એકાશનિક, નિર્વિકૃતિક, ભિન્નપિંડપાતિક, પરિમિતપિંડપાતિક, અંતાહારી, પ્રાંતાહારી, અરસાહારી, વિરસાહારી, રૂક્ષાહારી, તુચ્છાહારી, અંતજીવી, પ્રાંતજીવી, રૂક્ષજીવી, તુચ્છજીવી, ઉપશાંતજીવી, પ્રશાંતજીવી, વિવિક્તજીવી તથા દૂધ, મીષ્ટાન, ઘીનો જીવનભર ત્યાગ કરનારે, મદ્ય અને માંસથી રહિત આહાર કરનારે, કાર્યોત્સર્ગ કરી એક સ્થાન પર સ્થિર રહેવાનો અભિગ્રહ કરનારાઓએ, પ્રતિમાધારીઓએ, સ્થાનોત્કટિકોએ, વીરાસનિકોએ, નૈષધિકોએ, દંડાયતિકોએ, લગંડશાયિકોએ, એકપાર્શ્વકોએ, આતાપકોએ, અપ્રાવૃતોએ, અનિષ્ઠીવકોએ, અકંડૂયકોએ, ધૂતકેશ, શ્મશ્રુ, લોમ, નખ, અર્થાત્ માથાના વાળ, દાઢી, મૂંછ અને નખોના સંસ્કારનો ત્યાગ કરનારાઓએ, સંપૂર્ણ શરીરના પ્રક્ષાલન આદિ સંસ્કારના ત્યાગીઓએ, શ્રુતધરો દ્વારા તત્ત્વાર્થને અવગત કરનાર બુદ્ધિના ધારક મહાપુરુષોએ(અહિંસા ભગવતીનું) સમ્યક્ પ્રકારે આચરણ કર્યું છે.

(તે સિવાય)આશીવિષ સર્પ સમાન, ઉગ્ર તેજથી સંપન્ન મહાપુરુષોએ, વસ્તુ તત્ત્વનો નિશ્ચય અને પુરુષાર્થ બન્નેમાં પૂર્ણ કાર્ય કરનાર બુદ્ધિથી સંપન્ન પ્રજ્ઞ પુરુષોએ, નિત્ય સ્વાધ્યાય અને ચિત્તવૃત્તિ નિરોધરૂપ ધ્યાન કરનારાએ તથા ધર્મધ્યાનમાં નિરંતર ચિત્તને સ્થિર રાખનારા પુરુષોએ, પાંચમહાવ્રત રૂપ ચારિત્રથી યુક્ત તથા પાંચ સમિતિઓથી સંપન્ન, પાપોનું શમન કરનાર, છ જીવનિકાયરૂપ જગતના વત્સલ, નિરંતર અપ્રમાદી રહીને વિચરણ કરનાર મહાત્માઓએ તથા અન્ય વિવેક વિભૂષિત સત્યપુરુષોએ અહિંસા ભગવતીની આરાધના કરી છે.

## વિવેચન :–

કેટલાક લોકોની એવી ધારણા હોય છે કે અહિંસા એક આદર્શ સિદ્ધાંત માત્ર છે. જીવનમાં તેનો નિર્વાહ કરી શકાતો નથી. આ ધારણાને ભ્રમપૂર્ણ સિદ્ધ કરવા માટે સૂત્રકારે અત્યંત વિસ્તારપૂર્વક સમજાવ્યું છે કે અહિંસા માત્ર સિદ્ધાંત નથી તે વ્યવહાર પણ છે. અનેકાનેક મહાપુરુષોએ તેનું પૂર્ણરૂપે પરિપાલન કર્યું છે. તીર્થંકર ભગવંતોથી લઈ વિશિષ્ટ જ્ઞાનના ધારકો, અતિશય લોકોત્તર બુદ્ધિના ધારકો, વિવિધ

લબ્ધિઓથી સંપન્ન મહામુનિઓએ, આહાર–વિહારમાં અતિશય સંયમશીલ, તપસ્વીઓએ અહિંસાનું શરણ સ્વીકાર્યું છે.

આ વિસ્તૃત ઉલ્લેખથી સાધકોના ચિત્તનું સમાધાન પણ કર્યું છે. જે પથ પર અનેકાનેક પુરુષોએ ગમન કર્યું છે તે પથ પર લોકો નિઃશંક ભાવે ગમન કરી શકે છે. લોકોક્તિ છે–

**महाजनो येन गतः स पन्थाः**

અર્થાત્ જે માર્ગ પર મહાજન–વિશિષ્ટ પુરુષ ચાલેલા છે તે અમારા માટે લક્ષ્ય સુધી પહોંચવાનો સમ્યગ્ માર્ગ છે.

મૂળ પાઠમાં અનેક જૈન પારિભાષિક શબ્દ પ્રયોગ છે. જેની વ્યાખ્યા કરવી આવશ્યક છે, તે આ પ્રમાણે છે. વિશિષ્ટ પ્રકારની તપશ્ચર્યા કરવાથી તપસ્વીઓને આશ્ચર્યકારી–લબ્ધિઓ શક્તિઓ સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે. તેમાંથી કેટલાક લબ્ધિ ધારકોનો અહિંયા ઉલ્લેખ કર્યો છે.

**આમર્ષૌષધિલબ્ધિધારક :–** તેના શરીરનો સ્પર્શ કરતા જ સર્વ પ્રકારના રોગ નષ્ટ થઈ જાય.

**શ્લેષ્મૌષધિલબ્ધિધારક :–** જેનો કફ સુગંધિત અને રોગનાશક હોય.

**જલ્લૌષધિલબ્ધિધારક :–** જેના શરીરનો મેલ રોગ વિનાશક હોય.

**વિપ્રુડૌષધિલબ્ધિધારક–** જેના મળ–મૂત્ર રોગ વિનાશક હોય.

**સર્વૌષધિલબ્ધિધારક :–** જેના મળ–મૂત્ર, કફ, મેલ આદિ દરેક વ્યાધિનો નાશ કરનાર હોય.

**બીજબુદ્ધિધારક :–** જેમ નાના બીજથી વિશાળ વૃક્ષ ઉત્પન્ન થઈ જાય છે. તેમ એક સાધારણ પદના સહારે અનેક અર્થને વિશેષ રૂપે જાણી શકે તેવી વિશિષ્ટ બુદ્ધિના ધારક.

**કોષ્ઠબુદ્ધિધારી :–** જેમ કોઠારમાં ભરેલ ધાન્ય ક્ષીણ થતું નથી તેમ પ્રાપ્ત થયેલું જ્ઞાન દીર્ઘકાળ પર્યંત તેટલું જ રહે છે ઓછું ન થાય તેવી શક્તિથી સંપન્ન સાધક.

**પદાનુસારીબુદ્ધિધારક :–** એક પદને સાંભળીને જ અનેક પદોને જાણવાની શક્તિ સંપન્ન.

**સંભિન્નશ્રોતસ્લબ્ધિધારક :–** એકજ ઈન્દ્રિયથી દરેક ઈન્દ્રિયોના વિષયને ગ્રહણ કરી શકે તેવી લબ્ધિના ધારક.

**શ્રુતધર :–** આચારાંગ આદિ સૂત્રોના વિશિષ્ટ ધારક.

**મનોબલી :–** જેનું મનોબળ અત્યંત દઢ હોય.

**વચનબલી :–** જેના વચનોમાં કુતર્ક, ખરાબ હેતુને નાશ કરવાની વિશિષ્ટ શક્તિ હોય.

**કાયબલી :–** ભયાનક પરીષહ અને ઉપસર્ગ આવે ત્યારે અચળ રહી શકે તેવી શારીરિક શક્તિના ધારક

**જ્ઞાનબલી :–** મતિજ્ઞાન આદિ જ્ઞાનના બળયુક્ત.

**દર્શનબલી :–** સુદૃઢ તત્ત્વાર્થ શ્રદ્ધાના બળથી યુક્ત.

**ચારિત્રબલી :–** વિશુદ્ધ ચારિત્રની શક્તિથી યુક્ત.

**ક્ષીરાશ્રવી :–** જેના વચન દૂધની સમાન મધુર લાગે તેવા હોય.

**મધુરાશ્રવી :–** જેની વાણી મધથી પણ મીઠી હોય.

**સર્પિરાશ્રવી :–** જેના વચન ઘીની સમાન સ્નિગ્ધ અને સ્નેહ ભરેલ હોય.

**અક્ષીણમહાનસિક :–** સમાપ્ત ન થનારી ભોજનલબ્ધિ. આ લબ્ધિના ધારકમુનિ એકલા પોતાના માટે લાવેલ ભોજનમાંથી લાખોને સંતોષજનક ભોજન કરાવી શકે છે પરંતુ તે ભોજન ખલાસ થતું નથી. તે ભોજન ત્યારે જ ખલાસ થાય છે જ્યારે તે ભોજન જે લાવ્યા હોય તે સ્વયં ભોજન કરી લે.

**ચારણ :–** આકાશમાં વિશિષ્ટ ઉડ્ડયન કરવાની શક્તિના ધારક.

**વિદ્યાધર :–** વિદ્યાના બળથી આકાશમાં ચાલવાની શક્તિના ધારક.

**ઉત્ક્ષિપ્તચરક –** જે પાત્રમાં ભોજન બન્યું હોય તે પાત્રમાંથી થોડું ભોજન બહાર કાઢયું હોય તેમાંથી આહાર ગ્રહણ કરવો તેવા અભિગ્રહના ધારક.

**નિક્ષિપ્તચરક :–** બનાવેલ વાસણમાં રાખેલ ભોજનને જ ગ્રહણ કરનાર.

**અંતચરક :–** નીરસ અથવા ચણા આદિ હલકું ભોજન લેનાર.

**પ્રાંતચરક :–** જમ્યા પછી વધ્યો ઘટયો જ આહાર લેવો, તેવા પ્રકારનો અભિગ્રહ કરનાર.

**રુક્ષચરક :–** લુખો સૂકો આહાર ગ્રહણ કરનાર.

**સમુદાનચરક :–** ધનવાન, નિર્ધન અને મધ્યમ ઘરોમાંથી સમભાવપૂર્વક ભિક્ષા ગ્રહણ કરનાર.

**અન્નગ્લાયક :–** ઠંડી–વાસી, અમનોજ્ઞ ભિક્ષા સ્વીકારનાર.

**મૌનચરક :–** મૌન ધારણ કરી ભિક્ષાગ્રહણ કરનાર.

**સંસૃષ્ટકલ્પિક :–** આહારથી ખરડાયેલા હાથ અથવા વાસણમાંથી આહાર લેવાની મર્યાદાવાળા.

**તજ્જાતસંસૃષ્ટકલ્પિક :–** જે પદાર્થને ગ્રહણ કરવો છે તે આહારથી જ સંસૃષ્ટ હાથ અથવા વાસણમાંથી ભિક્ષા લેવાના અભિગ્રહવાળા.

**ઉપનિધિક :–** દાતાની નજીકમાં જ રહેલા પદાર્થને ગ્રહણ કરવાના અભિગ્રહવાળા.

**શુદ્ધૈષણિક :–** કોઈ પ્રકારના વિકલ્પ વિના નિર્દોષ આહારની ગવેષણા કરનાર.

**સંખ્યાદત્તિક :–** દત્તિઓની સંખ્યા નિશ્ચિત કરી આહાર લેનાર.

**દષ્ટલાભિક :–** દૃષ્ટ સ્થાનથી દેવામાં આવતા દષ્ટ પદાર્થને જ સ્વીકાર કરનાર.

**અદષ્ટિલાભિક :–** પહેલા ન જોયા હોય તેવા દાતા પાસેથી ભિક્ષા લેવી.

**પૃષ્ટલાભિક :–** મહારાજ આ વસ્તુ લેશો ! એવો પ્રશ્ન પૂછયા પછી ભિક્ષા લેનાર.

**આચામ્લિક :–** આયંબિલ તપ કરનાર.

**પુરિમાર્ધિક :–** દિવસના બે પ્રહર પછી આહાર લેનાર.

**એકાસનિક :–** એકાસણા કરનાર.

**નિર્વિકૃતિક :–** ઘી, દૂધ, દહીં આદિ વિગય રહિત ભિક્ષા લેનાર.

**ભિન્નપિંડપાતિક :–** વિખરાયેલા અપિંડીભૂત પદાર્થનો આહાર કરનાર.

**પરિમિતપિંડપાતિક :–** કેટલા ઘર લેવા અને કેટલી માત્રામાં આહાર લેવો તેનો નિશ્ચય કરીને પછી ગવેષણા કરી આહાર લેનાર.

**અરસાહારી :–** રસહીન– હિંગ આદિ વઘારથી રહિત આહાર ગ્રહણ કરનાર.

**વિરસાહારી :–** નીરસ આહાર ગ્રહણ કરનાર. અમનોજ્ઞ રસયુક્ત પદાર્થ ગ્રહણ કરનાર.

**ઉપશાંતજીવી :–** ભિક્ષાના લાભ અને અલાભની સ્થિતિમાં ઉદ્વિગ્ન ન થતા શાંતભાવે રહેનાર

**પ્રતિમાસ્થાયિક :–** એક માસની આદિ ભિક્ષુની પ્રતિમાઓને સ્વીકાર કરનાર.

**સ્થાનોત્કુટક :–** ઉકડુ આસનથી એક જગ્યાએ બેસનાર.

**વીરાસનિક :–** વીરાસનથી બેસનાર(પગ ધરતી ઉપર ટેકવી ખુરશીપર બેઠેલા મનુષ્યની નીચેથી ખુરશી હટાવી લીધા પછી જેવું આસન બની રહે છે તે વીરાસન છે.)

**નૈષધિક :–** દઢ આસનથી બેસનાર

**દંડાયતિક :–** દંડ સમાન લાંબા થઈને સૂનારા કે ઊભા રહેનારા.

**લગંડશાયિક :–** માથાને અને પગની એડીઓને ધરતીપર ટકાવીને અને બાકીનું શરીર અધર રાખીને સૂનારા.

**એકપાર્શ્વિક :–** એક પડખે સૂનારા.

**આતાપક :–** ઠંડી, ગરમીમાં આતાપના લેનાર.

**અપ્રાવૃત્તિક :–** વસ્ત્ર રહિત થઈ ઠંડી, ગરમી, ડાંસ, મચ્છર આદિ પરીષહ સહનાર.

**અનિષ્ઠીવક :–** કફ, થૂંક ન થૂંકનાર.

**અકંડુયક :–** શરીરમાં ખંજવાળ આવે છતાં ખંજવાળે નહિ તેવા.

સંક્ષેપમાં સર્વ મહાન પુરુષોએ અહિંસાની આરાધનાથી જ સમાધિ પ્રાપ્ત કરી છે. તેથી પ્રત્યેક કલ્યાણકામી જીવો માટે અહિંસા આચરણીય છે.

## અહિંસક આચારવિધિ :–

**૫ इमं च पुढवि–दग–अगणि–मारुय–तरुगण–तस–थावर–सव्वभूयसंजमदय–ट्ठयाए सुद्धं उंछं गवेसियव्वं अकयमकारियमणाहूयमणुद्दिट्ठं अकीयकडं णवहि य कोडीहिं सुपरिसुद्धं, दसहि य दोसेहिं विप्पमुक्कं, उग्गम–उप्पायणेसणासुद्धं ववगयचुय चावियचत्तदेहं च फासुयं च । ण णिसज्ज कहापओयणक्खासुओवणीयं**

**ति ण तिगिच्छा–मंत–मूल–भेसज्जकज्जहेउं, ण लक्खणुप्पाय सुमिण जोइस णिमित्त कहकुहकप्पउत्तं । ण वि डंभणाए ण वि रक्खणाए, ण वि सासणाए, ण वि डंभण रक्खण सासणाए भिक्खं गवेसियव्वं । ण वि वंदणाए, ण वि माणणाए, ण वि पूयणाए, ण वि वंदण–माणण–पूयणाए भिक्खं गवेसियव्वं ।**

**ભાવાર્થ :–** અહિંસાના પાલન માટે ઉદ્યત થયેલા સાધુએ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય આદિ સ્થાવર, બે ઈન્દ્રિય આદિ ત્રસ, આ દરેક પ્રાણીઓ પ્રત્યે સંયમરૂપ દયાને માટે શુદ્ધ નિર્દોષ ભિક્ષાની નિમ્નોક્ત કાળજીપૂર્વક ગવેષણા કરવી જોઈએ. જે આહાર સાધુને માટે બનાવેલો ન હોય, બીજા દ્વારા આદેશથી બનાવેલો ન હોય. જે અનાહૂત હોય અર્થાત્ ગૃહસ્થ દ્વારા નિમંત્રણ દઈ અથવા ફરીથી બોલાવીને દીધેલો ન હોય, જે અનુદિષ્ટ હોય– જે સાધુના નિમિત્તે તૈયાર કરાવેલ ન હોય, સાધુના ઉદેશ્યથી ખરીદેલ ન હોય, જે નવ કોટિથી વિશુદ્ધ હોય, શંકા આદિ દસ દોષોથી રહિત હોય, જે ઉદ્ગમનના ૧૬, ઉત્પાદનના ૧૬ અને એષણાના ૧૦ દોષોથી રહિત હોય, દેય વસ્તુમાંથી જીવ જંતુ સ્વતઃ અલગ થઈ ગયેલા હોય, વનસ્પતિકાયિક આદિ જીવ સ્વતઃ અથવા પરતઃ કોઈના દ્વારા ચ્યુત થયા હોય, દાતા દ્વારા દૂર કરવામાં આવેલો હોય અથવા દાતાએ સ્વયં દૂર કરી દીધેલો હોય. આ પ્રમાણે જે અચેત, શુદ્ધ એવી ભિક્ષાની ગવેષણા કરવી જોઈએ.

ભિક્ષાને માટે ગૃહસ્થને ઘેર ગયેલા સાધુએ આસન પર બેસીને ધર્મોપદેશ, કથાદિ સંભળાવીને; ચિકિત્સા, મંત્ર, મૂળ, જડીબુટ્ટી, ઔષધ આદિ બતાવીને; સ્ત્રી, પુરુષ આદિના શુભ લક્ષણ, ઉત્પાત, ભૂકંપ, અતિવૃષ્ટિ, દુષ્કાળ આદિ, સ્વપ્ન, જ્યોતિષ, નિમિત્તશાસ્ત્ર, ચમત્કારિક પ્રયોગો વગેરે બતાવીને; ઘરના માલિકની કે ઘરના પુત્ર આદિની રખેવાળી કરીને ભિક્ષાની ગવેષણા કરવી ન જોઈએ. આ રીતે પૂર્વોક્ત દંભ, રખેવાળી કે શિક્ષા આ ત્રણ નિમિત્તોથી ભિક્ષા ગ્રહણ કરવી ન જોઈએ. ગૃહસ્થને વંદન, સ્તવન કે તેની પ્રશંસા કરીને, સત્કાર, સન્માન કરીને અથવા પૂજા–સેવા કરીને અથવા વંદન, માનન અને પૂજન આ ત્રણે દ્વારા ભિક્ષાની ગવેષણા ન કરવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અહિંસાના આરાધકની આચાર વિધિ સમજાવી છે. સાધુ સંપૂર્ણ રીતે અહિંસાનું પાલન કરે છે. તે પોતાની જીવનોપયોગી નિર્દોષ વસ્તુને કઈ રીતે પ્રાપ્ત કરે છે, તે વિષયને સ્પષ્ટ કરવા માટે ભિક્ષા વિધિના નિયમોનું સ્પષ્ટીકરણ કર્યું છે.

સાધુ પોતાના જીવન વ્યવહાર માટે સ્વયં હિંસા કરતા નથી, કરાવતા નથી તેમજ હિંસક કાર્યની અનુમોદના પણ કરતા નથી. તેમ જ કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ દીનતા, લાચારી, મદ કે અન્ય કોઈ પણ કષાય પૂર્વક ન થાય તે માટે સતત જાગૃત રહે છે. તેના માટે સૂત્રોક્ત નિયમોનું અવશ્ય પાલન કરે છે. તે પૂર્ણ શુદ્ધ અને નિર્દોષ વસ્તુ પ્રાપ્ત કરીને તેનો ઉપયોગ કરે છે. સાધુ સાધુચર્યાના નિયમોનું યથાતથ્ય પાલન કરે તો જ અહિંસાની આરાધના થઈ શકે છે. સૂત્રોક્ત પ્રત્યેક નિયમપાલનનું લક્ષ્ય સ્વદયા અથવા

પરદયા જ છે. [ભિક્ષાચર્યાના નિયમોના વિશ્લેષણ માટે જુઓ–આચારાંગ સૂત્ર અને દશવૈકાલિક સૂત્ર]

**આહાર ગવેષણામાં ભાવવિશુદ્ધિ :–**

**६ ण वि हीलणाए, ण वि णिंदणाए, ण वि गरहणाए, ण वि हीलण णिंदण गरहणाए भिक्खं गवेसियव्वं । ण वि भेसणाए, ण वि तज्जणाए ण वि तालणा, ण वि भेसण तज्जण तालणाए भिक्खं गवेसियव्वं । ण वि गारवेणं, ण वि कुहणयाए, ण वि वणीमयाए, ण वि गारव–कुहण–वणीमयाए भिक्खं गवेसियव्वं। ण वि मित्तयाए, ण वि पत्थणाए, ण वि सेवणाए, ण वि मित्त–पत्थण–सेवणाए भिक्खं गवेसियव्वं । अण्णाए अगढिए अदुट्ठे अदीणे अविमणे अकलुणे अविसाई अपरितंतजोगी जयणघडणकरणचरियविणयगुणजोग संपउत्ते भिक्खू भिक्खेसणाए णिरए ।**

**ભાવાર્થ :–**[પૂર્વોક્ત વંદન, માનન અને પૂજાથી વિપરીત] ગૃહસ્થની જાતિ આદિના આધારે બદનામી કરવા રૂપ હીલના કરીને, આહાર કે દાતાના દોષ પ્રગટ કરવા રૂપ નિંદા કરીને, અન્ય સમક્ષ દાતાના દોષ પ્રગટ કરવા રૂપ ગર્હા કરીને અથવા એ હીલના; નિન્દા તેમજ ગર્હા ત્રણે ય કરીને ભિક્ષા ગ્રહણ કરવી ન જોઈએ. તે જ રીતે સાધુએ ભય દેખાડી, તિરસ્કાર કરીને, ખીજાઈને, ધમકી આપીને અને થપ્પડ, મુટ્ઠી મારીને પણ ભિક્ષા ગ્રહણ કરવી ન જોઈએ અથવા ભય, તર્જના, તાડના ત્રણે ય કરીને પણ ભિક્ષાની ગવેષણા કરવી ન જોઈએ. ઋદ્ધિ, રસ અને શાતાના ગૌરવથી; પોતાની દરિદ્રતા બતાવીને; માયાચાર કરીને; ક્રોધ કરીને; ભિખારીની જેમ દીનતા બતાવીને ભિક્ષાની ગવેષણા કરવી ન જોઈએ તેમજ અભિમાન, ક્રોધ, દીનતા બતાવી ભિક્ષાની ગવેષણા કરવી ન જોઈએ. મિત્રતા પ્રગટ કરીને, પ્રાર્થના કરીને અને સેવા કરીને અથવા આ ત્રણે કરીને ભિક્ષાની ગવેષણા કરવી ન જોઈએ પરંતુ અજ્ઞાતરૂપે પોતાના સ્વજન, કુળ, જાતિ આદિનો પરિચય આપ્યા વિના અગૃદ્ધ અર્થાત્ આસક્તિ રહિત, મૂર્ચ્છા રહિત થઈને આહાર અને આહારના દાતા પ્રતિ દ્વેષ ન કરીને અદીનપણે ભિક્ષા ગ્રહણ કરવી જોઈએ. ભોજન આદિ ન મળવા પર મનમાં ઉદાસીનતા લાવ્યા વિના પોતાના પ્રત્યે હીનતા, કરુણતા કે દયાનો ભાવ રાખ્યા વિના, ખેદરહિત વચન બોલીને, નિરંતર મન, વચન, કાયાને ધર્મ ધ્યાનમાં લગાવીને, પ્રાપ્ત થયેલા સંયમ યોગોમાં યત્નાશીલ, અપ્રાપ્ત સંયમ યોગોની પ્રાપ્તિ માટે ઉદ્યમવંત, વિનયનું આચરણ કરનાર અને ક્ષમાદિ ગુણોથી યુક્ત થઈ, સાધુએ ભિક્ષાની ગવેષણામાં નિરત–તત્પર થવું જોઈએ.

**વિવેચન :–**

આ સૂત્રમાં પણ શ્રમણોની ભિક્ષાવિધિનું જ પ્રતિપાદન કર્યું છે. શાસ્ત્રકારોએ ભિક્ષા વિધિ દ્વારા સંપૂર્ણ અહિંસકપણે પણ શરીરનો નિર્વાહ કરવાની એક અનોખી કલાનું દર્શન કરાવ્યું છે. સાધનાનો

આધાર શરીર છે અને શરીરનો આધાર આહાર છે, તેને નિર્દોષપણે પ્રાપ્ત કરીને, મૂર્ચ્છા રહિત ભોગવીને સંયમમાં પરાક્રમ કરવાથી અહિંસાની આરાધના થઈ શકે છે.

**પ્રવચનની પ્રકૃષ્ટતા :–**

**૭ इमं च णं सव्वजगजीव–रक्खण–दयट्ठयाए पावयणं भगवया सुकहियं, अत्तहियं पेच्चाभावियं आगमेसिभद्दं सुद्धं णेयाउयं अकुडिलं अणुत्तरं सव्वदुक्खपावाण विउसमणं ।**

**ભાવાર્થ :–** (અહિંસાની આરાધનાને માટે વિશુદ્ધ–નિર્દોષ ભિક્ષા આદિના ગ્રહણનું પ્રતિપાદક) આ પ્રવચન શ્રમણ ભગવાન મહાવીરે જગતના સર્વ જીવોની રક્ષા–દયાને માટે સમીચીન રૂપે કહ્યું છે. આ પ્રવચન આત્માને માટે હિતકર છે; પરલોકમાં શુદ્ધફળ રૂપે પરિણત થાય છે તથા ભવિષ્ય કાળમાં પણ કલ્યાણકારક છે; આ પ્રવચન શુદ્ધ, નિર્દોષ છે અને દોષોથી મુક્ત કરનાર છે; ન્યાયયુક્ત છે, તર્કસંગત છે; અકુટિલ છે અર્થાત્ મુક્તિ પ્રાપ્તિનો સરલ સીધો માર્ગ છે– અનુત્તર સર્વોત્તમ છે તથા સમસ્ત દુઃખો અને પાપોને ઉપશાંત કરનાર છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નિર્ગ્રંથ પ્રવચનની મહત્તાને પ્રગટ કરી છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી, જિન નામ કર્મના ઉદયે, સર્વ જીવો પર ભાવ કરુણા કરી જિનેશ્વરો ઉપદેશ આપે છે. વીતરાગદશા અર્થાત્ પૂર્ણ નિર્ગ્રંથદશા પ્રગટ થયા પછી જે ઉપદેશ આપે તેને પ્રવચન કહે છે.

(૧) **प्रकृष्टं वचनं यस्य असौ स प्रवचनः** :–જેનું વચન ઉત્કૃષ્ટ હોય તે પ્રવચન છે. આ વ્યુત્પત્તિ અનુસાર જિનેશ્વરના વચનને પ્રવચન કહે છે. (૨) **प्रकृष्टं वचनं प्रवचनम्**– શ્રેષ્ઠ વચન જ પ્રવચન છે. આ વ્યુત્પતિ અનુસાર શાસ્ત્રને પ્રવચન કહેવાય છે. (૩) **प्रकृष्टस्य वचनं प्रवचनम्**– શ્રેષ્ઠ પુરુષનું વચન પ્રવચન છે. આ વ્યુત્પતિથી ગુરુના વચનને પણ પ્રવચન કહેવામાં આવે છે.

આ રીતે પ્રવચન શબ્દ, જિનવચન, શાસ્ત્રવચન અને ગુરુવચન આ ત્રણેનો વાચક થઈ શકે છે. પ્રસ્તુતમાં **पायवणं**(પ્રવચન) શબ્દ આગમ વાચક છે.

તીર્થંકર ભગવાન વીતરાગ હોવાથી તેમના વચન સર્વ જીવો માટે હંમેશાં કલ્યાણકારી, નિર્દોષ અને ન્યાયપૂર્ણ છે; પ્રત્યક્ષાદિ પ્રમાણથી અબાધિત છે; સરળ અને અનુત્તર છે; સર્વ દુઃખનાશક હોય છે. આ રીતે પ્રવચનની મહત્તાને સમજાવીને શાસ્ત્રકારે ભવ્યજીવોની જિનમાર્ગ પ્રત્યેની શ્રદ્ધાને બલવત્તર બનાવી છે.

**અહિંસા મહાવ્રતની પાંચ ભાવના ૧. ઈર્યાસમિતિ :–**

**૮ तस्स इमा पंच भावणाओ पढमस्स वयस्स होंति पाणाइवायवेरमण**

**परिरक्खणट्टयाए ।**

**पढमं- ठाण–गमण–गुणजोग जुंजणजुगंतर णिवाइयाए दिट्ठीए ईरियव्वं, कीड–पयंग–तस–थावर–दयावरेण णिच्चं पुप्फ–फल–तय–पवाल–कंद–मूल–दग–मट्टिय–बीय–हरिय–परिवज्जिएण सम्मं । एवं खलु सव्वपाणा ण हीलियव्वा, ण णिंदियव्वा, ण गरहियव्वा, ण हिंसियव्वा, ण छिंदियव्वा, ण भिंदियव्वा, ण वहेयव्वा, ण भयं दुक्खं च किंचि लब्भा पावेउं, एवं ईरियासमिइजोगेण भाविओ भवइ अंतरप्पा असबलमसंकिलिट्ठ–णिव्वण चरित्त भावणाए अहिंसए संजए सुसाहू ।**

**ભાવાર્થ :–** પાંચ મહાવ્રતોમાં પ્રથમ મહાવ્રતની પાંચ ભાવનાઓ પ્રાણાતિપાત વિરમણ અર્થાત્ અહિંસા મહાવ્રતની રક્ષા માટે છે. જેમાં પ્રથમ ભાવના–

ઊભા થવામાં અને ગમન કરવામાં પોતાને અને બીજાને પીડા ન ઉપજાવે તેવી રીતે ગુણયોગને જોડનારી, ધુસર પ્રમાણ અર્થાત્ લગભગ સાડા ત્રણ હાથ આગળની જમીન ઉપર દષ્ટિ રાખી ગમન કરવું જોઈએ, નિરંતર કીડ, પતંગ, ત્રસ, સ્થાવર જીવોની દયામાં તત્પર થઈને; ફળ, છાલ, પ્રવાલ, પાંદડા, કૂંપળ, કંદ, મૂળ, જળ, માટી, બીજ અને હરિતકાય આદિનો ત્યાગ કર્યો છે જેણે તેવા મુનિઓએ જીવોની રક્ષા કરતાં સમ્યક્ પ્રકારે યતના પૂર્વક ચાલવું જોઈએ. આ રીતે ચાલનાર સાધુએ નિશ્ચય પૂર્વક સર્વ પ્રાણીની અવજ્ઞા કરવી ન જોઈએ; તેની નિંદા, ગર્હા, હિંસા કે તેનું છેદન–ભેદન કરવું ન જોઈએ, તેને વ્યથિત કરવા ન જોઈએ. પૂર્વોક્ત જીવોને લેશમાત્ર પણ ભય અથવા દુઃખ ન પહોંચાડવું જોઈએ.

આ રીતે ઈર્યાસમિતિમાં મન, વચન, કાયાની પ્રવૃત્તિથી જેનો અંતરાત્મા ભાવિત થાય છે તેમના ચારિત્ર અને પરિણતિ–સબળતા રહિત, મલિનતા રહિત, સંક્લેશ રહિત, અક્ષત–નિરતિચાર–અખંડિત હોય છે તે સંયમશીલ અને અહિંસક સુસાધુ હોય છે. તે મોક્ષ સાધક હોય છે.

### ૨. મનઃસમિતિ :–

**९ बिइयं च– मणेण पावएणं पावगं अहम्मियं दारुणं णिस्संसं वह बंध परिकिलेस बहुलं भय–मरण–परिकिलेससंकिलिट्ठं ण कयावि मणेण पावएणं पावगं किंचि वि झायव्वं । एवं मणसमिइजोगेण भाविओ भवइ अंतरप्पा असबलमसंकिलिट्ठ णिव्वणचरित्तभावणाए अहिंसए संजए सुसाहू ।**

**ભાવાર્થ :–** અહિંસા મહાવ્રતની બીજી ભાવના મન સમિતિ છે. પાપમય અધાર્મિક, ધર્મવિરોધી, દારુણ, ભયાનક, નૃશંસ અર્થાત્ નિર્દયતાપૂર્ણ, વધ, બન્ધ અને પરિક્લેશની બહુલતાવાળા; ભય, મૃત્યુ

તેમજ ક્લેશથી સંક્લિષ્ટ, મલિન એવા પાપયુક્ત વિચાર મનથી પણ કરવા ન જોઈએ. આ પ્રકારની મનઃસમિતિની પ્રવૃત્તિથી જેનો અંતરાત્મા ભાવિત થાય છે તેમના ચારિત્ર અને પરિણતિ–સબળતા રહિત, મલિનતા રહિત, સંક્લેશ રહિત, અક્ષત–નિરતિચાર–અખંડિત હોય છે તે સંયમશીલ અને અહિંસક સુસાધુ હોય છે. તે મોક્ષ સાધક હોય છે.

### ૩. વચન સમિતિ :–

**૧૦ तइयं च– वईए पावियाए पावगं ण किंचि वि भासियव्वं । एवं वइ समिइ–जोगेण भाविओ भवइ अंतरप्पा असबलमसंकिलिट्ठ–णिव्वण–चरित्तभावणाए अहिंसए संजए सुसाहू ।**

**ભાવાર્થ :–** અહિંસા મહાવ્રતની ત્રીજી ભાવના વચનસમિતિ છે. પાપમય વાણીથી અંશમાત્ર પણ સાવદ્ય વચનનો પ્રયોગ ન કરવો જોઈએ. આ પ્રકારની ભાષાસમિતિની પ્રવૃત્તિથી જેનો અંતરાત્મા ભાવિત થાય છે, તેમના ચારિત્ર અને પરિણતિ–સબળતા રહિત, મલિનતા રહિત, સંક્લેશ રહિત, અક્ષત–નિરતિચાર–અખંડિત હોય છે તે સંયમશીલ અને અહિંસક સુસાધુ હોય છે. તે મોક્ષ સાધક હોય છે.

### ૪. આહારૈષણા સમિતિ :–

**૧૧ चउत्थं– आहारएसणाए सुद्धं उंछं गवेसियव्वं अण्णाए अगढिए अदुट्ठे अदीणे–अकलुणेअविसाई अपरितंतजोगी जयण–घडण–करण–चरिय– विणय–गुण जोग संपओगजुत्ते भिक्खू भिक्खेसणाए जुत्ते समुदाणेऊण भिक्खचरियं उंछं घेत्तूण आगओ गुरुजणस्स पासं गमणागमणाइयारे पडिक्कमणपडिक्कंते आलोयणदायणं य दाऊण गुरुजणस्स गुरुसंदिट्ठस्स वा जहोवएसं णिरइयारं च अप्पमत्तो पुणरवि अणेसणाए पयओ पडिक्कमित्ता पसंते आसीणसुहणिसण्णे मुहुत्तमित्तं च झाणसुहजोग णाणसज्झायगोवियमणे धम्ममणे अविमणे सुहमणे अविग्गहमणे समाहियमणे सद्धासंवेगणिज्जरमणे पवयणवच्छलभावियमणे उट्ठिऊण य पहट्ठतुट्ठे जहारायणियं णिमंतइत्ता य साहवे भावओ य विइण्णे य गुरुजणेणं उपविट्ठे ।**

**संपमज्जिऊण ससीसं कायं तहा करयलं, अमुच्छिए अगिद्धे अगढिए अगरहिए अणज्झोववण्णे अणाइले अलुद्धे अणत्तट्ठिए असुरसुरं अचवचवं अदुयमविलंबियं अपरिसाडियं आलोयभायणे जयं पयत्तेण ववगय– संजोग–मणिंगालं च विगयधूमं अक्खोवंजणाणुलेवणभूयं संजमजायामायाणिमित्तं संजमभारवहणट्ठयाए भुंजेज्जा पाणधारणट्ठयाए संजएण समियं । एवं**

**आहारसमिइजोगेणं भाविओ भवइ अंतरप्पा असबलमसंकिलिट्ठणिव्वणचरित्तभावणाए अहिंसए संजए सुसाहू ।**

**ભાવાર્થ :–** અહિંસા મહાવ્રતની ચોથી ભાવના એષણા સમિતિ છે. આહારની એષણાથી શુદ્ધ અર્થાત્ એષણા સંબંધી સમસ્ત દોષોથી રહિત, મધુકરીવૃત્તિથી અનેક ઘરોમાંથી ગૌચરીની ગવેષણા કરવી જોઈએ. ભિક્ષા લેનારા સાધુ અજ્ઞાત સંબંધવાળા રહે; અગૃદ્ધ–આસક્તિથી રહિત હોય; અદુષ્ટ–દ્વેષથી રહિત હોય અર્થાત્ ભિક્ષા ન દેનારા દાતા પર દ્વેષ ન કરે; આહાર ન મળે તો દીન ન બને; મન, વચન કાયાની સમ્યક્ પ્રવૃત્તિઓમાં નિરંતર રત રહે. પ્રાપ્ત થયેલા સંયમ યોગોની રક્ષા માટે યત્નાશીલ અને અપ્રાપ્ત સંયમ યોગોની પ્રાપ્તિને માટે પ્રયત્નવાન; વિનયનું આચરણ કરનાર તથા ક્ષમા આદિ ગુણોની પ્રવૃત્તિથી યુક્ત એવી ભિક્ષાચર્યામાં તત્પર ભિક્ષુ અનેક ઘરોમાં ફરીને થોડી થોડી ભિક્ષા ગ્રહણ કરે; પોતાના સ્થાને ગુરુજનોની સમક્ષ જઈને; મુનિ ગમનાગમનના અતિચાર દોષોનું પ્રતિક્રમણ કરે; જે આહાર પાણી લીધેલા છે તેના દોષોની આલોચના કરે; આહાર પાણી બતાવી દે પછી ગુરુજનો અથવા ગુરુજનો દ્વારા નિયુક્ત કોઈ અગ્રગણ્ય સાધુના આદેશ અનુસાર જ્યાંથી જે રીતે ભિક્ષા ગ્રહણ કરી છે તે રીતે સર્વ અતિચારોની આલોચના કરીને, અપ્રમત થઈને, વિધિપૂર્વક અને એષણા દોષોની નિવૃત્તિને માટે ફરીથી પ્રતિક્રમણ, કાઉસ્સગ કરે. ત્યાર પછી શાંતભાવે સુખપૂર્વક આસને બેસી, મુહૂર્તભર ધર્મધ્યાન, ગુરુની સેવા આદિ શુભયોગ, તત્ત્વચિંતન અથવા સ્વાધ્યાય દ્વારા પોતાના મનનું ગોપન કરીને; ચિત્ત સ્થિર કરીને; શ્રુત ચારિત્રરૂપ ધર્મમાં સંલગ્ન મનયુક્ત થઈને; ચિત્ત શૂન્યતાથી રહિત થઈને; સંકલેશથી મુક્ત રહીને, ક્લેશ અથવા દૂરાગ્રહથી રહિત મનવાળા થઈને; સમાધિયુક્ત મનવાળા પોતાના ચિત્તને ઉપશમ ભાવમાં સ્થાપિત કરીને; શ્રદ્ધા, સંવેગ–મોક્ષની અભિલાષા અને કર્મનિર્જરામાં ચિત્તને સંલગ્ન કરીને; પ્રવચનમાં વત્સલતામય મનવાળા થઈને, સાધુ પોતાના આસનથી ઊઠીને, આનંદિત, સંતોષયુક્ત થઈને યથારાત્નિક અર્થાત્ દીક્ષા પર્યાયમાં નાના–મોટાના ક્રમાનુસાર અન્ય સાધુઓને આહાર માટે આમંત્રિત કરે. લાવેલા આહારનું ગુરુજનો દ્વારા વિતરણ કર્યા પછી ઉચિત આસન પર બેસે.

મસ્તક સહિત શરીરને તથા હથેળીને સારીરીતે જોઈ–પોંજી, આહારમાં અનાસક્ત થઈ, સ્વાદિષ્ટ ભોજનની લાલસાથી રહિત થઈ તથા રસોમાં અનુરાગ રહિત થઈ દાતા અથવા ભોજનની નિંદા કર્યા વિના, સારી વસ્તુઓમાં આસક્તિ રાખ્યા વિના, અકલુષિત ભાવે, લોલુપતાથી રહિત થઈને આહાર કરે. પરમાર્થ બુદ્ધિના ધારક સાધુ ભોજન કરવા સમયે સુડ્–સુડ્ અવાજ ન કરે, ચપ–ચપ અવાજ ન કરે અને ન અતિ ધીમે ભોજન કરે. ન અતિ ઉતાવળે ભોજન કરે; ભોજન જમીન ઉપર ન પડવા દે; મોટા પાત્રામાં, પ્રકાશયુક્ત સ્થાનમાં, યતના પૂર્વક, આદરપૂર્વક અને સંયોજન આદિ દોષોથી રહિત, અંગાર તથા ધૂમ દોષથી રહિત, ગાડીની ધુરીમાં તેલ પૂરવા અથવા ઘાવ પર મલમ લગાવવા સમાન, ફક્ત સંયમયાત્રાના નિર્વાહ માટે અને સંયમના ભારને વહન કરવા માટે પ્રાણોને ધારણ કરવાના ઉદેશ્યથી સમ્યક્ પ્રકારે યત્નાપૂર્વક ભોજન કરે.

આ પ્રકારે આહાર સમિતિ(એષણા સમિતિ)ની પ્રવૃત્તિથી જેનો અંતરાત્મા ભાવિત થાય છે,

તેમના ચારિત્ર અને પરિણતિ–સબળતા રહિત, મલિનતા રહિત, સંક્લેશ રહિત, અક્ષત–નિરતિચાર–અખંડિત હોય છે તે સંયમશીલ અને અહિંસક સુસાધુ હોય છે. તે મોક્ષ સાધક હોય છે.

### ૫. આદાનનિક્ષેપણ સમિતિ :–

**૧૨ पंचमं– आयाणणिक्खेवणसमिई– पीढ फलग–सिज्जा–संथारग वत्थ– पत्त कंबल–दंडग रयहरण–चोलपट्टग–मुहपोत्तिय–पायपुंछणाई, एयं पि संजमस्स उवबूहणट्ठयाए वायातव दंसमसग सीयपरिरक्खणट्ठायाए उवगरणं रागदोसरहियं परिहरियव्वं संजमेण णिच्चं पडिलेहण–पप्फोडण–पमज्जणयाए अहो य राओ य अप्पमत्तेण होइ सययं णिक्खियव्वं च गिण्हियव्वं च भायणभंडोवहिउवगरणं ।**

**एवं आयाणभंडणिक्खेवणासमिइजोगेण भाविओ भवइ अंतरप्पा असबलम संकिलिट्ठणिव्वणचरित्तभावणाए अहिंसए संजए सुसाहू ।**

**ભાવાર્થ :–** અહિંસા મહાવ્રતની પાંચમી ભાવના આદાન–નિક્ષેપણ સમિતિ છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે. સંયમના ઉપકરણ પાટ–પીઢ , ફલક, શય્યા સંસ્તારક ઘાસની પથારી, વસ્ત્ર, પાત્ર, કંબલ, દંડ, રજોહરણ, ચોલપટ્ટક, મુખવસ્ત્રિકા, પ્રાદપ્રોંછન–પગલૂંછણિયું, (વસ્ત્રખંડ) અથવા તે સિવાયના ઉપકરણ, સંયમની રક્ષા અથવા વૃદ્ધિના ઉદેશથી તથા પવન, આતાપ, ડાંસ, મચ્છર, શીત આદિથી શરીરની રક્ષા માટે ધારણ કરે અથવા ગ્રહણ કરે. (શોભાની વૃદ્ધિ આદિ અન્ય કોઈ પ્રયોજનથી નહીં) સાધુ હંમેશાં આ ઉપકરણોનું પ્રતિલેખન, પ્રસ્ફોટન એટલે ખંખેરીને જોવા અને પ્રમાર્જન કરવામાં, દિવસ અને રાત્રે સતત અપ્રમત રહે તથા ભાજન, પાત્ર, માટીના વાસણ, ઉપધિ, વસ્ત્ર તથા અન્ય ઉપકરણોને યતના પૂર્વક રાખે અથવા ગ્રહણ કરે.

આ પ્રકારે આદાન નિક્ષેપણ સમિતિની પ્રવૃત્તિથી જેનો અંતરાત્મા ભાવિત થાય છે, તેમના ચારિત્ર અને પરિણતિ–સબળતા રહિત, મલિનતા રહિત, સંક્લેશ રહિત, અક્ષત–નિરતિચાર–અખંડિત હોય છે તે સંયમશીલ અને અહિંસક સુસાધુ હોય છે. તે મોક્ષ સાધક હોય છે.

### વિવેચન :–

અહિંસક આચાર વિધિ માટે ભિક્ષા વિધિના નિરૂપણ પછી શાસ્ત્રકારે પ્રથમ મહાવ્રતની પુષ્ટિ માટે ક્રમશઃ પાંચ ભાવનાનું કથન કર્યું છે.

**(૧) ઈર્યા સમિતિ :–** આત્મશુદ્ધિ માટે પ્રયત્નશીલ સાધક યથા શક્ય કાયાને સ્થિર રાખે. પરંતુ અનિવાર્ય કારણે ગમનાગમન કરવું પડે તો અહિંસા મહાવ્રતને લક્ષ્યમાં રાખીને ગમન કરે. સાધકની ગમનાગમનની વિધિ તે ઈર્યા સમિતિ છે. સાધક ધૂસર પ્રમાણ–સાડાત્રણ હાથ ભૂમિને જોઈને ચાલે, છકાય જીવોની

વિરાધના ન થાય તે માટે સાવધાન રહી ગમનાગમન કરે. પરદયાના ભાવ સાથે સ્વદયાના લક્ષ્યે ઉપયોગ પૂર્વક સમાધિભાવે ગમન કરવું તે ઈર્યા સમિતિ છે.

**(૨) મન સમિતિ :–** સ્વ કે પરનું અહિત થાય તેવા પાપકારી વિચારો ન કરવા. મનને પ્રશસ્ત વિચારોમાં લીન બનાવવું તે મનસમિતિ છે.

**(૩) વચન સમિતિ :–** સંપૂર્ણ અહિંસક થવા માટે પ્રયત્નશીલ સાધક હિંસાકારી કે પરપીડાકારી વચનનો પ્રયોગ ન કરે. હિત–મિત–પરિમિત ભાષાનો પ્રયોગ કરવો તે વચન સમિતિ છે.

**(૪) એષણા સમિતિ :–** ભિક્ષાવિધિ પ્રમાણે શુદ્ધ નિર્દોષ આહાર પ્રાપ્ત કરીને અનાસક્ત ભાવે ભોગવવો તે એષણા સમિતિ છે.

**(૫) આદાન નિક્ષેપણ સમિતિ :–** સંયમી જીવનમાં ઉપયોગી ઉપકરણો યતના પૂર્વક ગ્રહણ કરવા, રાખવા અને તેને મૂર્ચ્છા રહિત ભોગવવા તે આદાન નિક્ષેપણ સમિતિ છે.

આ પાંચે ભાવનાનું યથાર્થ રીતે પાલન કરનાર સાધકનું અહિંસા વ્રત પુષ્ટ બને છે અને તે જ મોક્ષ સાધક છે.

### અહિંસા મહાવ્રત ઉપસંહાર :–

**१३ एवमिणं संवरस्स दारं सम्मं संवरियं होइ सुप्पणिहियं इमेहिं पंचहिं पि कारणेहिं मण–वयण कायपरिरक्खिएहिं णिच्चं आमरणंतं च एस जोगो णेयव्वो धिइमया मइमया अणासवो अकिलेसो अच्छिद्दो असंकिलिट्ठो सुद्धो सव्वजिण मणुण्णाओ ।**

**एवं पढमं संवरदारं फासियं पालियं सोहियं तीरियं किट्टियं आराहियं आणाए अणुपालियं भवइ । एवं णायमुणिणा भगवया पण्णवियं परूवियं सिद्धं पसिद्धं सिद्धवरसासणमिणं आघवियं सुदेसियं पसत्थं । त्ति बेमि ॥**

**॥ पढमं संवरदारं समत्तं ॥**

**ભાવાર્થ :–** આ પ્રકારે મન–વચન અને કાયાથી પૂર્ણરૂપે સુરક્ષિત, સુસેવિત આ પાંચ ભાવનાઓથી આ સંવરદ્વાર–અહિંસા મહાવ્રત સમ્યક્ પ્રકારે સંવૃત અને સુપ્રણિહિત–સ્થાપિત થઈ જાય છે. માટે ધૈર્યવાન તથા બુદ્ધિમાન મુનિએ અહિંસા મહાવ્રતનું જીવનપર્યંત સદૈવ પાલન કરવું જોઈએ. આ અહિંસા નવા કર્મના આગમનરૂપ ન હોવાથી અનાશ્રવ છે, અશુભ અધ્યવસાયથી રહિત હોવાથી અકલુષ છે, તેમાં પાપના શ્રોત પ્રવેશી શકતો નથી માટે તે અછિદ્ર છે, કર્મરૂપ પાણીનું ટીપું પણ પ્રવેશી શકતું ન હોવાથી અપરિશ્રાવી છે, અસંક્લિષ્ટ છે, શુદ્ધ છે, સર્વ તીર્થંકરો દ્વારા માન્ય છે.

પૂર્વોક્ત પ્રકારે સંવરદ્વાર સ્પર્શિત, પાલિત, શોધિત, પૂર્ણપાલિત, કીર્તિત, આરાધિત અને (જિનેન્દ્ર ભગવાનની) આજ્ઞા અનુસાર પાલિત થાય છે. આ રીતે જ્ઞાતમુનિ ભગવાન મહાવીર સ્વામીએ પ્રજ્ઞાપિત કર્યું છે અને પ્રરૂપિત કર્યું છે. લોકમાં આ શાસન શ્રેષ્ઠ સિદ્ધ છે, કથન કરેલું છે, સમ્યક્ પ્રકારે ઉપદેશેલું છે અને પ્રશસ્ત છે. ભગવાને કહ્યું હતું એમ હું કહું છું.

**॥ પ્રથમ સંવરદ્વાર સમાપ્ત ॥**

## વિવેચન :-

હિંસા આશ્રવનું કારણ છે. તો તેની વિરોધી અહિંસા આશ્રવને રોકનારી છે. તે સ્વાભાવિક જ જાણી શકાય છે.

અહિંસા પાલનમાં બે ગુણોની અપેક્ષા રહે છે. ધૈર્ય અને બુદ્ધિ અર્થાત્ વિવેક. વિવેકના અભાવમાં અહિંસાનું વાસ્તવિક સ્વરૂપ સમજી શકાતું નથી અને વાસ્તવિક આશયને સમજ્યા વિના તેનું આચરણ થઈ શકતું નથી. વિવેક હોવા છતાં પણ સાધકમાં જો ધૈર્ય ન હોય તોપણ તેનું પાલન કરવું મુશ્કેલ છે. અહિંસાના ઉપાસકોને વ્યવહારમાં અનેક મુશ્કેલીઓ આવે છે; સંકટ પણ સહન કરવા પડે છે. કસોટીના પ્રસંગે ધીરજ તેના વ્રતોમાં તેને અડગ રાખી શકે છે. તેથી જ મૂળ પાઠમાં **धिइमया मइमया** આ બે પદનો પ્રયોગ કર્યો છે.

પ્રસ્તુત સૂત્રમાં પ્રથમ અહિંસા સંવરદ્વારનો ઉપસંહાર કર્યો છે. આ સંવરદ્વારમાં જે જે કથન કર્યું છે તે પ્રકારે તેને સમગ્ર રૂપે પરિપાલન કરી શકાય છે. પાઠમાં આવેલ કેટલાક વિશિષ્ટ પદોનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે.

**फासियं** :– યથા સમયે વિધિપૂર્વક સ્વીકાર કર્યું હોય અર્થાત્ પ્રતિજ્ઞા–પચ્ચક્ખાણ કર્યા હોય.

**पालियं** :– નિરંતર ઉપયોગની સાથે આચરણ કર્યું હોય.

**सोहियं** :– આ પદના સંસ્કૃત રૂપ બે થાય છે શોભિત અને શોધિત. અન્ય સુયોગ્ય જીવોને તે વ્રત આપવું તે શોભિત કહેવાય છે અને અતિચાર રહિત પાલન કરવું તે શોધિત કહેવાય છે.

**तीरियं** :– કિનારા સુધી પહોંચાડવામાં આવ્યું હોય અર્થાત્ વ્રતને પરિપૂર્ણ કર્યું હોય.

**किट्टियं** :– બીજાને ઉપદિષ્ટ કરાયેલું હોય.

**आराहियं** :– પૂર્વોક્ત રૂપે સંપૂર્ણતાથી આરાધિત કર્યું હોય.

**॥ અધ્યયન–૧ સંપૂર્ણ ॥**

# બીજું અધ્યયન

## પરિચય

દ્વિતીય શ્રુતસ્કંધનું આ બીજું 'સત્ય' અધ્યયન છે. આ અધ્યયનમાં પાંચ સંવર પૈકી દ્વિતીય સંવર 'સત્ય'નું વર્ણન છે.

આ અધ્યયનમાં સૂત્રકારે સત્યમનો અદ્‌ભુત મહિમા, સત્ય વ્યવહાર માટે ભાષા વિવેક, સત્યના પ્રકાર, સત્યનું પરિણામ અને સત્ય મહાવ્રતની પાંચ ભાવનાનું પ્રતિપાદન કર્યું છે.

**સત્યનો મહિમા :–** મોક્ષમાર્ગમાં અહિંસાની આરાધના પ્રમુખ છે, તે અહિંસાની સમીચીન તેમજ સંપૂર્ણ આરાધનાને માટે સત્યની આરાધના પણ નિતાંત આવશ્યક છે. સત્ય અહિંસાને અલંકૃત કરે છે, સુશોભિત કરે છે. તેથી અસત્યનો ત્યાગ કરી સત્યનો પૂર્ણરૂપથી સ્વીકાર કરવો જોઈએ.

સત્યવચન સર્વ માટે હિતકર છે, મહાપુરુષો દ્વારા સ્વીકૃત છે. સત્યસેવી જ સાચા તપસ્વી અને નિયમનિષ્ઠ થઈ શકે છે. સત્યની ભાવપૂર્વક આરાધના કરનાર ભીષણ વિપત્તિમાં પણ ગમે તે રીતે માર્ગ મેળવી લે છે.

સત્યના પ્રભાવે વિદ્યાઓ તેમજ મંત્ર સિદ્ધ થાય છે. સત્ય સાગરથી પણ અધિક ગંભીર અને મેરુથી પણ અધિક સ્થિર હોય છે, સૂર્યથી પણ અધિક પ્રકાશમાન અને ચંદ્રથી પણ અધિક સૌમ્ય હોય છે.

**સત્ય હોય તોપણ વર્જનીય :–** (૧) જે સંયમનું વિઘાતક હોય (૨) જેમાં હિંસા અથવા પાપનું મિશ્રણ હોય (૩) ભેદ પાડનાર હોય (૪) અન્યાયનું પોષક હોય (૫) દોષારોપણવાળું હોય (૬) વિવાદપૂર્ણ હોય (૭) લોકમાં નિંદનીય હોય (૮) સારી રીતે જોયેલું કે સાંભળેલું ન હોય (૯) આત્મપ્રશંસા અને પર નિંદારૂપ હોય (૧૦) જેનાથી શિષ્ટાચારનું ઉલ્લંઘન થતું હોય (૧૧) દ્રોહયુક્ત હોય (૧૨) જેનાથી કોઈને પણ પીડા ઉત્પન્ન થાય. તેવું સત્ય આશ્રવયુક્ત છે અને તે સત્ય મહાવ્રતધારી માટે ત્યાજ્ય છે.

**સત્યના પ્રકાર :–** સત્યના અપેક્ષાએ દશ પ્રકાર છે. તેનું સ્પષ્ટીકરણ સૂત્રકારે દષ્ટાંત આપીને કર્યું છે.

**ભાષાજ્ઞાન :–** પ્રાચીન કાળથી પ્રસિદ્ધ છ ભાષા છે. (૧) પ્રાકૃત (૨) સંસ્કૃત (૩) માગધી (૪) શૌરસેની (૫) પૈશાચી (૬) અપભ્રંશ. ગદ્ય અને પદ્યના ભેદથી તેના બે બે પ્રકાર છે.

ભાષા શુદ્ધિ માટે ૧૬ પ્રકારનું વચન જ્ઞાન આવશ્યક છે. (૧–૩) એકવચન, દ્વિવચન, બહુવચન (૪–૬) સ્ત્રીલિંગ, પુરુષલિંગ અને નપુંસકલિંગ (૭–૯) ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ (૧૦) પ્રત્યક્ષવચન–આ સજ્જન છે. (૧૧) પરોક્ષવચન– તે ગુણવાન છે. (૧૨–૧૫) પ્રશંસાકારી તેમજ દોષ

પ્રગટ કરનાર વચનની ચૌભંગી (૧૬) અધ્યાત્મવચન–મનની વાત અચાનક પ્રગટ થઈ જવી, જલ્દીથી બોલી જવું. 'કોઠે સો હોઠે'ની ઉક્તિ ચરિતાર્થ થઈ જવી. આ પ્રકારની ભાષાઓનું જ્ઞાન રાખનાર અને વિવેક યુક્ત ભાષાનો પ્રયોગ કરનાર સાધક સત્ય મહાવ્રતના આરાધક હોય છે.

**સત્યનું સુપરિણામ :–** શાસ્ત્રકારે સત્યને ભગવાન તુલ્ય કહ્યું છે. તેની તુલના જ તેના સુપરિણામને સ્પષ્ટ કરે છે. સત્યભાષણ આ ભવમાં માનસિક શાંતિ સમાધિને અને પરભવમાં સદ્‌ગતિને પ્રાપ્ત કરાવે છે.

**સત્ય મહાવ્રતની પાંચ ભાવનાઓ :–** સત્યવ્રતની પુષ્ટિ માટે તેની પાંચ ભાવનાનું નિરૂપણ છે– (૧) ચિંત્યભાષણ (૨) અક્રોધ (૩) નિર્લોભતા (૪) નિર્ભયતા (૫) હાસ્યત્યાગ.

અસત્ય બોલવાના મુખ્ય પાંચ કારણ કહ્યા છે. સત્યવ્રતના આરાધકે તેનો ત્યાગ કરવો અને તેના ત્યાગમાં આત્માને ભાવિત કરતા રહેવું જોઈએ. (૧) હંમેશાં ઊંડો વિચાર કરી, નિરવદ્ય મૃદુ વચન બોલવું (૨–૩) ક્રોધ, લોભ આદિ કષાયોને વશીભૂત થઈ ન બોલવું (૪–૫) ભય તેમજ હાસ્યવૃત્તિનો સહારો ન લેવો પરંતુ વિચારકતા, શાંતિ, નિર્લોભતા, મૌન, ગંભીરતા ધારણ કરવી જોઈએ.

આ પાંચ ભાવનાઓથી પુષ્ટ થઈને સત્ય સંવર આત્માને આશ્રવ રહિત બનાવવામાં પૂર્ણ સફળ બને છે.

❖❖❖❖❖

# બીજું અધ્યયન

## સત્યમહાવ્રત

### સત્યનો મહિમા :–

**१** **जंबू ! बिइयं य सच्चवयणं सुद्धं सुइयं सिवं सुजायं सुभासियं सुव्वयं सुकहियं सुदिट्ठं सुपइट्ठियं सुपइट्ठियजसं सुसंजमिय–वयण–बुइयं सुरवर–णरवसभ– पवरबलवग–सुविहियजणबहुमयं, परमसाहुधम्मचरणं, तव–णियमपरिग्गहियं सुगइपहदेसगं य लोगुत्तमं वयमिणं । विज्जाहर गगण गमणविज्जाण साहकं सग्गमग्गं सिद्धिपहदेसगं अवितहं, तं सच्चं उज्जुयं अकुडिलं भूयत्थं अत्थओ विसुद्धं उज्जोयकरं पभासगं भवइ सव्वभावाण जीवलोए, अविसंवाइ जहत्थमहुरं। पच्चक्खं दयिवयं व जं तं अच्छेरकारगं अवत्थंतरेसु बहुएसु मणुसाणं।**

**ભાવાર્થ :–** શ્રી સુધર્માસ્વામીએ જંબૂ સ્વામીને કહ્યું, હે જંબૂ ! બીજું સંવરદ્વાર સત્યવચન છે. સત્ય શુદ્ધ–નિર્દોષ, પવિત્ર, શિવકારી–સર્વ ઉપદ્રવોથી રહિત, સુજાત–સુંદર વિચારોથી ઉત્પન્ન, સુભાષિત–સમ્યક્ પ્રકારે ભાષિત હોય છે. તે ઉત્તમ વ્રતરૂપ છે અને સમ્યક્ વિચાર પૂર્વક કહેવાયેલ છે. તેને જ્ઞાનીજનોએ સારી રીતે જોયેલ છે અર્થાત્ જ્ઞાનીઓની દષ્ટિમાં સત્ય કલ્યાણનું કારણ છે. તે સુપ્રતિષ્ઠિત છે, સુસ્થિર કીર્તિવાળુ છે. સમીચીન રૂપે સંયમયુક્ત વાણીથી જ્ઞાનીઓએ તેને કહ્યું છે. સત્ય સુરવરો–ઉત્તમ કોટિના દેવો, નર વૃષભો–શ્રેષ્ઠમાનવો, અતિશય બળના ધારક અને સુવિહિત માનવો દ્વારા બહુમત અર્થાત્ વિશેષ પ્રકારે માન્ય છે; નૈષ્ઠિક–મુનિઓનું ધાર્મિક અનુષ્ઠાન છે. તપ અને નિયમ પૂર્વક તેનો સ્વીકાર કરવામાં આવે છે. સદ્ગતિ પથનું પ્રદર્શક છે અને આ સત્યવ્રત લોકમાં ઉત્તમ છે.

સત્ય વિદ્યાધરોની આકાશગામિની વિદ્યાઓને સિદ્ધ કરનાર છે; સ્વર્ગના માર્ગનું તથા મુક્તિનું પથદર્શક છે; યથાતથ્ય છે અર્થાત્ મિથ્યાભાવથી રહિત છે; સરળ ભાષાથી યુક્ત છે; કુટિલતાથી રહિત છે; પ્રયોજનવશ યથાર્થ પદાર્થનું પ્રતિપાદક છે; સર્વ પ્રકારે શુદ્ધ છે; અસત્ય યા અર્ધસત્યની ભેળસેળથી રહિત છે અર્થાત્ અસત્યનું સંમિશ્રણ જેમાં થતું નથી તે વિશુદ્ધ સત્ય કહેવાય છે અથવા નિર્દોષ હોય છે. આ જીવલોકમાં સમસ્ત પદાર્થોનું વિસંવાદ રહિત–યથાર્થ પ્રરૂપક છે; તે યથાર્થ હોવાના કારણે મધુર છે અને મનુષ્યને વિભિન્ન અવસ્થાઓમાં આશ્ચર્યયુક્ત કાર્ય કરનાર દેવતાની સમાન છે અર્થાત્ મનુષ્યો ઉપર

આવી પડેલ ઘોર સંકટની સ્થિતિમાં તે સત્ય દેવતાની જેમ સહાયક બની સંકટમાંથી ઉગારનાર છે.

**२** **सच्चेण महासमुद्दमज्झे वि मूढाणिया वि पोया । सच्चेण य उदगसंभमम्मि वि ण वुज्झइ, ण य मरंति, थाहं ते लहंति ।**

**सच्चेण य अगणिसंभमम्मि वि ण डज्झंति उज्जुगा मणुस्सा सच्चेण य तत्ततेल्ल–तउलोहसीसगाइं छिवंति, धरेंति, ण य डज्झंति मणुस्सा ।**

**पव्वयकडकाहिं मुच्चंते ण य मरंति सच्चेण य परिग्गहिया, असिपंजरगया समराओ णिइंति अणहा य सच्चवाई ।**

**वहबंधभियोगवेर–घोरेहिं पमुच्चंति य अमित्तमज्झ हिं णिइंति अणहा य सच्चवाई । सादेव्वाणि य देवयाओ करेंति सच्चवयणे रयाणं ।**

**ભાવાર્થ :–** કોઈ મહાસમુદ્રમાં મૂઢ બનેલ નાવિકનું વહાણ પણ સત્યના પ્રભાવથી ડૂબતું નથી. સત્યના પ્રભાવે પાણીમાં થતા વમળમાં પણ મનુષ્ય તણાતો નથી, મરતો નથી, તેમાંથી ઉગરી જાય છે.

સત્ય પ્રભાવથી ભયંકર અગ્નિમાં માનવ બળતો નથી. સત્યનિષ્ઠ, સરળ હૃદયવાળા જીવો સત્યના પ્રભાવથી તપ્ત ઉકળતુ તેલ, તાંબુ, લોખંડ અને સીસાને હાથમાં લેવા છતાં પણ બળતા નથી.

મનુષ્યને પર્વતના શિખર ઉપરથી નીચે ગબડાવવામાં આવે, છતાં સત્યના પ્રભાવે મરતા નથી. સત્યરૂપી સુરક્ષા કવચને ધારણ કરનાર મનુષ્ય પર ચારે તરફથી તલવારોના ઘા પડવા છતાં, યુદ્ધ સમયે તલવારના પાંજરામાં જાણે પુરાઈ ગયા હોય તેવા યોદ્ધા સત્યના પ્રભાવે અંશમાત્ર ઈજા પામ્યા વિના અક્ષત રૂપે બહાર નીકળી જાય છે.

સત્યવાદી માનવ વધ, બંધન, સબળ પ્રહાર અને ઘોર વૈર વિરોધીઓની મધ્યમાંથી મુક્ત થઈ જાય છે. સત્યવાદી શત્રુઓના ઘેરામાંથી કોઈ પણ ક્ષતિ વિના બહાર નીકળી જાય છે. દેવતા પણ સત્યવચનના અનુરાગી એવા માનવોનો સંગ કરવા ઈચ્છે છે, તેની સેવા સહાયતા કરે છે.

**३** **तं सच्चं भगवं तित्थयरसुभासियं दसविहं, चोद्दसपुव्वीहिं पाहुडत्थविइयं, महरिसीण य समयप्पइण्णं, देविंद णरिंदभासियत्थं, वेमाणियसाहियं, महत्थं, मंतोसहिविज्जासाहणत्थं, चारणगणसमणसिद्धविज्जं, मणुयगणाणं वंदणिज्जं अमरगणाणं अच्चणिज्जं, असुरगणाण य पूयणिज्जं, अणेग पासंडिपरिग्गहियं, जं तं लोगम्मि सारभूयं, गंभीरयरं महासमुद्दाओ, थिरयरगं मेरुपव्वयाओ, सोमयरं चंदमंडलाओ, दित्तयरं सूरमंडलाओ, विमलयरं सरयणहतलाओ, सुरभियरं गंधमादणाओ, जे वि य लोगम्मि अपरिसेसा मंतजोगा जवा य**

**विज्जा य जंभगा य अत्थाणि य सत्थाणि य सिक्खाओ य आगमा य सव्वाइं पि ताइं सच्चे पइट्ठियाइं ।**

**ભાવાર્થ :–** તીર્થંકરો દ્વારા ભાષિત દસ પ્રકારના ભગવાન સ્વરૂપ સત્યને ચૌદપૂર્વના જ્ઞાતા મહામુનિઓએ પ્રાભૃતો(પૂર્વગત વિભાગો)થી જાણેલ છે. મહાન મહર્ષિઓએ તે સત્યને સિદ્ધાંત રૂપે આપેલ છે, સાધુઓના બીજા મહાવ્રતમાં સિદ્ધાંત દ્વારા સ્વીકૃત કરાયેલ છે. દેવેન્દ્રો અને નરેન્દ્રોએ તેના અર્થ કહ્યા છે અથવા દેવેન્દ્રો અને નરેન્દ્રોએ તેના અર્થ તત્ત્વરૂપથી કહ્યા છે. આ સત્ય વૈમાનિક દેવો દ્વારા સમર્પિત અને આસેવિત છે. તે મહાન પ્રયોજનવાળું છે. સત્યના પ્રભાવથી મંત્ર, ઔષધિ અને વિદ્યાઓની સિદ્ધિ થાય છે. તે ચારણ (વિદ્યાચારણ– જંઘાચારણ) આદિ મુનિગણોની વિદ્યાઓને સિદ્ધ કરનાર છે. માનવજનો દ્વારા વંદનીય છે, સ્તવનીય છે અર્થાત્ સ્વયં સત્ય તથા સત્યનિષ્ઠ પુરુષ મનુષ્યોની પ્રશંસા– સ્તુતિનું પાત્ર બને છે એટલું જ નહીં સત્યસેવી મનુષ્યો, અમરગણો–દેવસમૂહોને માટે પણ અર્ચનીય તથા અસુરકુમાર આદિ ભવનપતિ દેવો દ્વારા પણ પૂજનીય બને છે. અનેક પ્રકારના પાષંડી વ્રતધારી તેને ધારણ કરે છે.

આ પ્રકારના મહિમાથી મંડિત સત્ય લોકમાં સારભૂત છે, મહાસાગરથી પણ ગંભીર છે, સુમેરૂ પર્વતથી અધિક સ્થિર અને અટલ છે, ચંદ્રમંડલથી પણ અધિક સૌમ્ય–મનને ગમે તેવું આહ્લાદક છે, સૂર્યમંડલથી પણ અધિક દેદીપ્યમાન છે, શરદઋતુના આકાશતળથી પણ અધિક નિર્મળ છે, ગંધમાદન (ગજદંત–ગિરિવિશેષ)થી પણ અધિક સુરભિ સંપન્ન છે.

લોકમાં જે સર્વ મંત્રો છે, વશીકરણ આદિ યોગ છે, જપ છે, પ્રજ્ઞપ્તિ પ્રભૃતિ વિદ્યાઓ છે, દસ પ્રકારના જાંભૃક દેવ છે, ધનુષ આદિ શસ્ત્ર છે, તલવાર આદિ શસ્ત્ર છે અથવા શાસ્ત્ર છે, કળાઓ છે, આગમ છે, તે સર્વ સત્યમાં પ્રતિષ્ઠિત છે અર્થાત્ સત્યને જ આશ્રિત છે.

## વિવેચન :–

પ્રથમ સંવરદ્વાર અહિંસાના વિશાળ વિવેચન બાદ બીજા સંવરદ્વારમાં સત્યનું નિરૂપણ કર્યુ છે. અહિંસાની સમીચીન તેમજ પરિપૂર્ણ સાધના માટે અસત્યથી વિરક્ત થઈ સત્યની આરાધના આવશ્યક છે. સત્યની આરાધના વગર અહિંસાની આરાધના શક્ય નથી. વસ્તુતઃ સત્ય અહિંસાને પૂર્ણતા પ્રદાન કરે છે. તે અહિંસાના શણગાર રૂપ છે. માટે અહિંસા પછી સત્યનું નિરૂપણ કર્યુ છે.

બીજા સંવરદ્વારના પ્રારંભમાં જ સૂત્રકારે સત્યને ભગવાન તુલ્ય કહીને તેનો અચિંત્ય મહિમા પ્રગટ કર્યો છે. અસત્યની દારુણતાની સામે સત્યનો અનુપમ પ્રભાવ જોઈ, સમજી, વિચારીને કોઈ પણ હળુકર્મી જીવ સત્યની આરાધનામાં સંલગ્ન બને છે.

ઈહલૌકિક, પારલૌકિક, ભૌતિક કે આધ્યાત્મિક કોઈ પણ કાર્યની સિદ્ધિ સત્યથી જ થઈ શકે છે. શાસ્ત્રકારનું કથન સરળ અને સ્પષ્ટ છે.

**સદોષ સત્યનો ત્યાગ :–**

**૪** **सच्चं वि य संजमस्स उवरोहकारगं किंचि ण वत्तव्वं, हिंसासावज्जसंपउत्तं भेयविकहकारगं अणत्थवायकलहकारगं अणज्जं अववाय-विवायसंपउत्तं वेलंबं ओजधेज्जबहुलं णिल्लज्जं लोयगरहणिज्जं; दुद्दिट्ठं दुस्सुयं अमुणियं अप्पणो थवणा परेसु णिंदा- ण तंसि मेहावी, ण तंसि धण्णो, ण तंसि पियधम्मो, ण तंसि कुलीणो, ण तंसि दाणवई, ण तंसि सूरो, ण तंसि पडिरूवो, ण तंसि लट्ठो, ण पंडिओ, ण तंसि बहुस्सुओ, ण वि य तंसि तवस्सी, ण यावि परलोयणिच्छयमई असि, सव्वकालं जाइ-कुल- रूव-वाहि-रोगेण वावि जं होइ वज्जणिज्जं दुहओ उवयारमइक्कंतं, एवं विहं सच्चं वि ण वत्तव्वं ।**

**ભાવાર્થ :–** જે સત્ય સંયમમાં બાધક હોય, તેવું સત્ય અંશ માત્ર પણ બોલવું ન જોઈએ. જે વચન સત્ય હોવા છતાં પણ હિતકર નથી, પ્રશસ્ત નથી, હિંસાકારી છે, તેની ગણના સત્યમાં થતી નથી. જે વચન(સત્ય હોય તોપણ ) હિંસારૂપ પાપથી અથવા હિંસા તેમજ પાપથી યુક્ત હોય, જે ભેદભાવ–ફાટફૂટ ઉત્પન્ન કરાવનાર હોય, જે વિકથાકારક હોય, સ્ત્રી આદિથી સંબંધિત, ચારિત્રનાશક કે અન્ય પ્રકારે અનર્થનો હેતુ હોય, જે નિરર્થક ક્લેશકારક હોય અથવા જેનાથી ક્લેશ ઉત્પન્ન થાય, જે બીજાના દોષોને પ્રકાશિત કરનાર હોય, જે વચન અનાર્ય હોય, આર્ય પુરુષોને બોલવા યોગ્ય ન હોય અથવા અન્યાયયુક્ત હોય, વિવાદયુક્ત હોય, જે વિવેકશૂન્ય અને ધૃષ્ટતાથી પરિપૂર્ણ હોય, જે નિર્લજ્જતાથી ભરેલ હોય, જે જન સાધારણ અથવા સત્પુરુષો દ્વારા નિંદનીય હોય, એવું વચન બોલવું ન જોઈએ.

જે ઘટનાને પોતે સારી રીતે જોઈ ન હોય, જે વાત સમ્યક્ પ્રકારે સાંભળેલ ન હોય, જેને સારી રીતે યથાર્થ રૂપે જાણેલ ન હોય તે વિષયમાં બોલવું જોઈએ નહીં.

પોતાની પ્રશંસા અને બીજાની નિંદા પણ કરવી ન જોઈએ. જેમ કે તું બુદ્ધિમાન નથી, તું ધન્ય–ધનવાન નથી, તું ધર્મપ્રિય નથી, તું કુલીન નથી, તું દાનેશ્વરી નથી, તું શૂરવીર નથી, તું સુંદર નથી, તું ભાગ્યવાન નથી, તું પંડિત નથી, તું બહુશ્રુત–અનેક શાસ્ત્રોનો જાણકાર નથી, તું તપસ્વી નથી, તને પરલોક સબંધી નિશ્ચય કરવાની બુદ્ધિ પણ નથી, અથવા જે વચન હરહંમેશ જાતિ(માતૃપક્ષ), કુળ (પિતૃપક્ષ), રૂપ(સૌંદર્ય), વ્યાધિ(કોઢ આદિની બિમારી), રોગ(જ્વર આદિ)થી સબંધિત હોય, જે પીડાકારી યા નિંદનીય હોવાના કારણે ન બોલવા યોગ્ય હોય અથવા જે વચન રાગદ્વેષથી યુક્ત તેમજ ઉપચારથી રહિત હોય, શિષ્ટાચારને અનુકૂળ ન હોય અથવા ઉપકારનું ઉલ્લંઘન કરનાર હોય, આ પ્રકારનું સદ્ભૂતાર્થ સત્યવચન બોલવું ન જાઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શાસ્ત્રકારે સત્યની વ્યાખ્યાને વિશાળ બનાવી છે. કેવળ વસ્તુના યથાર્થ સ્વરૂપને

પ્રગટ કરે તેને જ સત્ય કહેવાતું નથી. સત્ય ભાષા પણ જો સ્વ–પરને માટે અનિષ્ટકારક હોય, બીજાને અપ્રિય, અમનોજ્ઞ હોય તેમાં કોઈ પણ જીવનું અહિત થતું હોય તો તે ભાષા વર્જ્ય છે. જ્ઞાનીઓએ તેની ગણના અસત્ય ભાષામાં કરી છે. તેથી જ સાધુઓને કર્કશ, કઠોર, છેદકારી, ભેદકારી, વેરકારી, વિરોધકારી ભાષા બોલવાનો નિષેધ છે. તે ઉપરાંત આ સૂત્રમાં વિકથાઓનો, નિરર્થક અને વિવાદકારક ભાષાનો પણ નિષેધ કર્યો છે.

**બોલવા યોગ્ય વચન :–**

**૫** **अह केरिसगं पुणाई सच्चं तु भासियव्वं ? जं तं दव्वेहिं पज्जवेहि य गुणेहिं कम्मेहिं बहुविहेहिं सिप्पेहिं आगमेहि य णामक्खायणिवाय–उवसग्ग–तद्धिय–समास–संधि–पद–हेउ–जोगिय–उणाइ किरिया–विहाणधाउ– सर–विभत्ति–वण्णजुयं तिकल्लं दसविहं पि सच्चं जह भणियं तह य कम्मुणा होइ ।**

**दुवालसविहा होइ भासा, वयणं वि य होइ सोलसविहं ।**
**एवं अरहंतमणुण्णायं, संजएण कालम्मि य वत्तव्वं ॥**

**ભાવાર્થ :–** જો પૂર્વોક્ત પ્રકારનું સત્ય વચન પણ બોલવા યોગ્ય નથી, તો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે કેવા પ્રકારનું સત્ય બોલવું જોઈએ ?

જે વચન દ્રવ્ય, ગુણ, પર્યાયનું પ્રતિપાદક હોય, કૃષિ વગેરે કર્મો, ચિત્રકલા વગેરે શિલ્પોથી યુક્ત હોય, આગમ સંમત અર્થથી યુક્ત હોય, દેવદત્ત વગેરે નામ સૂચક હોય, 'ભવતિ' વગેરે ત્રણે કાળનું આખ્યાન કરતું હોય અર્થાત્ ક્રિયાપદ રૂપ હોય કે અર્થ વગેરે અવ્યય સૂચક નિપાતમય હોય, પ્ર, પરા વગેરે ઉપસર્ગ સૂચક હોય, તદ્ધિતપદ–જેને અંતે તદ્ધિત પ્રત્યત હોય તેવા પદ, યથા– નાભેય, અનેક પદના મેળથી બનેલ સમાસ વચન હોય, સંધિ થવાથી બનેલું પદ હોય, અનુમાન માટે હેતુરૂપ વચન હોય, જે પદોના અવયવાર્થથી સમુદાયાર્થ જાણી શકાય તેવા યૌગિક વચન રૂપ હોય; જેમ ઉપકરોતિ, ઉણાદિ પ્રત્યય લાગવાથી નિર્મિત પદ હોય; ક્રિયાસૂચક 'ભૂ', 'હો' વગેરે ધાતુપદ હોય; અ, આ વગેરે સ્વરમય વચન હોય અથવા સાત સ્વરમય હોય; પ્રથમા વગેરે વિભક્તિ યુક્ત હોય; ક્, ખ વગેરે વ્યંજનમય વચન હોય તો તેવા વચન બોલવા યોગ્ય છે.

ત્રિકાળ વિષયક સત્ય દસ પ્રકારના હોય છે. જેમ શબ્દ દ્વારા કહેવામાં આવે છે, તેમ કર્મથી અર્થાત્ લેખન ક્રિયાથી; હાથ, પગ, આંખ આદિની ચેષ્ટાથી; મોઢું બતાવવું આદિ આકૃતિથી અથવા જેવું કહેવાય તેવી જ ક્રિયા કરી બતાવવાથી અર્થાત્ કથન અનુસાર અમલ કરવાથી સત્ય પ્રગટ થાય છે.

અરિહંત ભગવાન દ્વારા અનુજ્ઞાત બાર પ્રકારની ભાષા અને સોળ પ્રકારના સત્ય વચન યથા સમયે સંયમીએ બોલવા જોઈએ

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં બોલવા યોગ્ય ભાષાનું કથન કર્યું છે. **સત્યભાષાના દશ પ્રકાર** છે, યથા–

**जणवय सम्मय ठवणा, नामे रूवे पडुच्चसच्चे य ।**
**ववहार भाव जोगे, दसमे ओवम्म सच्चे य ॥**

**(૧) જનપદસત્ય :–** જે દેશ પ્રદેશમાં, જે વસ્તુ માટે જે શબ્દનો ઉપયોગ થાય છે; ત્યાં તે વસ્તુ માટે તે જ શબ્દનો પ્રયોગ કરવો, જેમ મહારાષ્ટ્રમાં માતાને " આઈ " કહેવું, રાજાને "નાઈ" કહેવા.

**(૨) સમ્મતસત્ય :–** ઘણા લોકોએ જે શબ્દને જે વસ્તુનો વાચક માની લીધેલ હોય, દા.ત. પટરાણી માટે 'દેવી' શબ્દ લોકોને માન્ય છે. માટે પટરાણીને દેવી કહેવું તે "સમ્મત સત્ય" છે.

**(૩) સ્થાપના સત્ય :–** જેની મૂર્તિ હોય, તેને તે જ નામથી કહેવું, જેમ કે શતરંજના પાસાને હાથી, ઘોડા, વગેરે કહેવું.

**(૪) નામસત્ય :–** જેનું જે નામ હોય તેનામાં તેવા ગુણ ન હોય, તો પણ તે શબ્દથી બોલાવવા, જેમ કે કુળની વૃદ્ધિ ન કરનારને પણ કુલવર્ધન કહેવું, ઈન્દ્રભૂતિને ઈન્દ્ર કહેવું.

**(૫) રૂપસત્ય :–** સાધુના ગુણ ન હોવા પણ વેષ માત્રથી સાધુ હોય તેને સાધુ કહેવા.

**(૬) પ્રતીત્યસત્ય :–** અપેક્ષા વિશેષથી કોઈ વચન બોલવા, જેમ કે બીજી આંગળીનીઅપેક્ષાએ કોઈ આંગળીને નાની–મોટી કહેવી; દ્રવ્યની અપેક્ષાએ બધા પદાર્થોને નિત્ય કહેવા અથવા પર્યાયની અપેક્ષાએ સર્વ પદાર્થને ક્ષણિક કહેવા.

**(૭) વ્યવહારસત્ય :–** જે વચન લોક વ્યવહારની દ્રષ્ટિથી સત્ય હોય, જેમ કે રસ્તો તો ક્યાંય જતો નથી, પરંતુ કહેવામાં આવે છે કે આ રસ્તો અમુક નગરમાં જાય છે, ગામ આવી ગયું આદિ.

**(૮) ભાવસત્ય :–** અનેક ગુણો હાજર હોય તોપણ કોઈ મુખ્ય ગુણની વિવક્ષા કરીને કહેવું. જેમ કે પોપટમાં લાલ વર્ણ છે તોપણ લીલા વર્ણની મુખ્યતાએ તેને લીલો કહેવો.

**(૯) યોગસત્ય :–** સંયોગાનુસાર વસ્તુનું કથન કરવું, જેમ કે દંડ ધારણ કરવાના કારણે કોઈને દંડી કહેવો.

**(૧૦) ઉપમાસત્ય :–** સમાનતાના આધારે કોઈ શબ્દનો પ્રયોગ કરવો, જેમ કે–મુખચંદ્ર આદિ.

ભાષાના બાર પ્રકાર આ પ્રમાણે છે. (૧)પ્રાકૃત (૨) સંસ્કૃત (૩) માગધી (૪) પૈશાચી (૫) શૌરસેની (૬) અપભ્રંશ. આ છ ગદ્યમય અને છ પદ્યમય હોવાથી ભાષા બાર પ્રકારની થાય છે.

**સોળ પ્રકારના વચન** આ પ્રમાણે છે–(૧–૩) **વચનત્રિક–** એકવચન, દ્વિવચન, બહુવચન. (૪–૬) **લિંગત્રિક–** સ્ત્રીલિંગ , પુરુષલિંગ , નપુંસકલિંગ. (૭–૯) **કાલત્રિક–** ભૂતકાળ , વર્તમાનકાળ, ભવિષ્યકાળ. (૧૦) **પ્રત્યક્ષવચન–** જેમ કે આ પુરુષ છે. (૧૧) **પરોક્ષવચન–** જેમ કે તે મુનિરાજ છે. (૧૨–૧૫) **ઉપનીતાદિ ચતુષ્ક–** (૧) **ઉપનીત વચન–**ગુણ પ્રતિપાદક વચન, જેમ કે આ રૂપવાન છે. (૨) **અપનીતવચન–**દોષ પ્રગટ કરનાર વચન, જેમ કે આ દુરાચારી છે. (૩) **ઉપનીતાપનીત વચન–** પ્રશંસાની સાથે નિંદાવાચક વચન, જેમ કે– આ રૂપવાન છે પરંતુ દુરચારી છે. (૪) **અપનીતોપનીત વચન–**નિંદાની સાથે પ્રશંસા પ્રગટ કરનાર વચન, જેમ કે આ દુરાચારી છે પણ રૂપવાન છે. (૧૬) **અધ્યાત્મવચન–** જે અભિપ્રાયને કોઈ છુપાવવા ઈચ્છે છે તેમ છતાં અકસ્માત તે અભિપ્રાયને પ્રગટ કરી દેનારું વચન.

આ રીતે સંયમી પુરુષે દસ પ્રકારના સત્યનો , બાર પ્રકારની ભાષાનો અને સોળ પ્રકારના વચનોનો તીર્થંકર ભગવાનની આજ્ઞા અનુસાર, અવસરને અનુકૂળ પ્રયોગ કરવો જોઈએ; જેનાથી કોઈને પીડા ઉત્પન્ન ન થાય, જે હિંસાનું કારણ ન બને.

### સત્ય મહાવ્રતનું સુપરિણામ :–

**૬ इमं च अलिय–पिसुण–फरुस–कडुय–चवलवयण–परिरक्खणट्ठयाए पावयणं भगवया सुकहियं अत्तहियं पेच्चाभावियं आगमेसिभद्दं सुद्धं णेयायउं अकुडिलं अणुत्तरं सव्वदुक्खपावाणं विउसमणं ।**

**ભાવાર્થ :–** અલીક–અસત્ય, પિશુન–ચુગલી; પરુષ–કઠોર, કટુ–કટુક અને ચપળ–ચંચળતા યુક્ત વચનોથી સાધુઓનું રક્ષણ કરવા માટે તીર્થંકર ભગવાને પ્રવચનનું સુંદર રીતે પ્રતિપાદન કર્યું છે. આ ભગવત્ પ્રવચન આત્મા માટે હિતકર છે, જન્મ–જન્માંતરમાં શુભ ફળ આપનાર છે, ભવિષ્યમાં શ્રેયસ્કર છે, શુદ્ધ–નિર્દોષ છે, ન્યાય સંગત છે, મુક્તિનો સીધો માર્ગ છે, સર્વથી ઉત્કૃષ્ટ છે તથા દુઃખો અને પાપોને સંપૂર્ણ રીતે ઉપશાંત–નષ્ટ કરનાર છે.

### સત્ય મહાવ્રતની પાંચ ભાવનાઓ : ૧. અનુવીચિભાષણ :–

**૭ तस्स इमा पंच भावणाओ बिइयस्स वयस्स अलियवयणस्स वेरमण परिरक्ख- णट्ठयाए ।**

**पढमं- सोऊण संवरट्ठं परमट्ठं सुट्ठु जाणिऊणं ण वेगियं ण तुरियं ण चवलं ण कडुयं ण फरुसं ण साहसं ण य परस्स पीडाकरं सावज्जं, सच्चं च हियं च मियं च गाहगं च सुद्धं संगयमकाहलं च समिक्खियं संजएण कालम्मि य वत्तव्वं ।**

**एवं अणुवीइसमिइजोगेण भाविओ भवइ अंतरप्पा संजय-कर-चरण-णयण-वयणो सूरो सच्चज्जवसंपण्णो ।**

**ભાવાર્થ :–** બીજું મહાવ્રત–સત્ય મહાવ્રતની પાંચ ભાવના છે. જે અસત્ય વિરમણવ્રતની રક્ષા માટે છે. આ પાંચ ભાવનાઓનું વિચારપૂર્વક પાલન કરવાથી અસત્ય–વિરમણરૂપ સત્યમહાવ્રતની સંપૂર્ણ રક્ષા થાય છે. આ પાંચ ભાવનાઓમાં પ્રથમ અનુવીચિ ભાષણ છે. સદ્‌ગુરુની પાસે સત્યવ્રતરૂપ સંવરના અર્થને સાંભળીને અને તેના શુદ્ધ પરમાર્થ–રહસ્યને સમ્યક્ પ્રકારે જાણીને; આવેગ પૂર્વક, શીઘ્રતા પૂર્વક, ચપળતા પૂર્વકના વચન કે કર્કશ, કઠોર વચન; સાહસિક–વિચાર્યા વિનાના એકાએક બોલાયેલા વચન; પરપીડાકારી કે સાવદ્યકારી વચન ન બોલવા જોઈએ. સત્ય, હિતકારી, પરિમિત, ગ્રાહ્ય– શ્રોતાને અર્થની પ્રતીતિ અને પ્રીતિ કરાવનાર હોવાથી ગ્રાહ્ય, શુદ્ધ–નિર્દોષ, યથાસંગત તેમજ પૂર્વાપર અવિરોધી, સ્પષ્ટ તથા સમીક્ષિત–પહેલા બુદ્ધિ દ્વારા સમ્યક્ પ્રકારના વિચારપૂર્વક સમયાનુસાર જ બોલવું જોઈએ.

આ પ્રકારે અનુવીચિ ભાષણ સમિતિના–યોગથી જેનો અંતરાત્મા ભાવિત હોય છે તે અને જે હાથ, પગ, આંખ અને મુખપર સંયમ રાખનાર શૂરવીર હોય છે તે સત્ય અને આર્જવ ધર્મ સંપન્ન હોય છે.

### ૨. ક્રોધ ત્યાગ :–

**૮ बिइयं- कोहो ण सेवियव्वो, कुद्धो चंडिक्किओ मणूसो अलियं भणेज्ज, पिसुणं भणेज्ज फरुसं भणेज्ज, अलियं पिसुणं फरुसं भणेज्ज, कलहं करिज्जा, वेरं करिज्जा, विकहं करिज्जा, कलहं वेरं विकहं करिज्जा, सच्चं हणेज्ज, सीलं हणेज्ज, विणयं हणेज्ज, सच्चं सीलं विणयं हणेज्ज, वेसो हवेज्ज, वत्थुं हवेज्ज, गम्मो हवेज्ज, वेसो वत्थुं गम्मो हवेज्ज, एयं अण्णं च एवमाइयं भणेज्ज कोहग्गिसंपलित्तो तम्हा कोहो ण सेवियव्वो ।**

**एवं खंतीइ भाविओ भवइ अंतरप्पा संजयकर-चरण-णयण-वयणो सूरो सच्चज्जवसंपण्णो ।**

**ભાવાર્થ :–** બીજી ભાવના ક્રોધ નિગ્રહ–ક્ષમાશીલતાની છે. સત્યના આરાધકે ક્રોધનું સેવન ન કરવું જોઈએ. ક્રોધી મનુષ્ય રૌદ્રભાવવાળો થઈ જાય છે. આવી અવસ્થામાં અસત્ય ભાષણ થઈ શકે છે તે પૈશૂન્ય–બીજાની ચુગલીના વચનો પણ બોલે છે; કઠોર વચન બોલે છે; મિથ્યા, પિશૂન, અને કઠોર ત્રણે પ્રકારનાં વચન બોલે છે; ક્લેશ કરે છે; વૈર–વિરોધ કરે છે; વિકથા કરે છે તથા ક્લેશ–વૈર–વિકથા આ ત્રણે કરે છે. તે સત્યનો ઘાત કરે છે. શીલ સદાચારનો ઘાત કરે છે; વિનયનો ઘાત કરે છે; સત્ય, શીલ, તથા વિનય આ ત્રણેનો ઘાત કરે છે. અસત્યવાદી લોકમાં દ્વેષનું પાત્ર બને છે, દોષોનું ઘર બને છે અને અનાદરનું પાત્ર બને છે; તે દ્વેષ, દોષ અને અનાદર આ ત્રણેનું પાત્ર બને છે. ક્રોધાગ્નિથી પ્રજ્વલિત હૃદયવાળા મનુષ્યો આ

પ્રકારના અને અન્ય પ્રકારનાં સાવદ્ય વચન બોલે છે. સત્યવાદી બનવા સાધકે ક્રોધનું સેવન કરવું ન જોઈએ.

આ પ્રકારે ક્ષમાથી જેનો અંતરાત્મા ભાવિત હોય છે તે અને હાથ, પગ, આંખ અને મુખ પર સંયમ રાખનાર, શૂરવીર હોય છે તે સાધકો સત્ય અને આર્જવ ધર્મથી સંપન્ન હોય છે.

### ૩. નિર્લોભતા :–

**૯ तइयं– लोभो ण सेवियव्वो, लुद्धो लोलो भणेज्ज अलियं खेत्तस्स व वत्थुस्स व कएण । लुद्धो लोलो भणेज्ज अलियं, कित्तीए लोभस्स व कएण । लुद्धो लोलो भणेज्ज अलियं, इड्ढीए व सोक्खस्स व कएण । लुद्धो लोलो भणेज्ज अलियं भत्तस्स व पाणस्स व कएण । लुद्धो लोलो भणेज्ज अलियं, पीढस्स व फलगस्स व कएण । लुद्धो लोलो भणेज्ज अलियं सेज्जाए व संथारगस्स व कएण । लुद्धो लोलो भणेज्ज अलियं, वत्थस्स व पत्तस्स व कएण । लुद्धो लोलो भणेज्ज अलियं, कंबलस्स व पायपुंछणस्स व कएण । लुद्धो लोलो भणेज्ज अलियं, सीसस्स व सिस्सिणीए व कएण । अण्णेसु य एवमाइसु बहुसु कारणसएसु लुद्धो लोलो भणेज्ज अलियं, तम्हा लोभो ण सेवियव्वो ।**

**एवं मुत्तीए भाविओ भवइ अंतरप्पा संजय कर–चरण–णयण वयणो सूरो सच्चज्जवसंपण्णो ।**

**ભાવાર્થ :–** ત્રીજી ભાવના લોભ નિગ્રહ છે. સત્ય મહાવ્રતીએ લોભનું સેવન કરવું ન જોઈએ.

(૧) લોભી અને લાલચુ મનુષ્ય આસક્ત બની ક્ષેત્ર–ખુલ્લી ભૂમિ અને વાસ્તુ–મકાન આદિને માટે અસત્ય ભાષણ કરે છે.
(૨) લોભી–લાલચુ મનુષ્ય કીર્તિ અને લોભ–ધન પ્રાપ્તિને માટે અસત્ય ભાષણ કરે છે.
(૩) લોભી લાલચુ મનુષ્ય ઋદ્ધિ–વૈભવ અને સુખને માટે અસત્ય ભાષણ કરે છે.
(૪) લોભી લાલચુ ભોજનને માટે, પાણી ને માટે અસત્ય ભાષણ કરે છે.
(૫) લોભી લાલચુ મનુષ્ય બાજોઠ, પાટિયા અને પાટ પ્રાપ્ત કરવાને માટે અસત્ય ભાષણ કરે છે.
(૬) લોભી લાલચુ મનુષ્ય શય્યા–સંસ્તારક માટે અસત્ય ભાષણ કરે છે.
(૭) લોભી લાલચુ મનુષ્ય વસ્ત્ર, પાત્રને માટે અસત્ય ભાષણ કરે છે.
(૮) લોભી લાલચુ મનુષ્ય કમ્બલ અને પાદપ્રોંછન માટે અસત્ય ભાષણ કરે છે.
(૯) લોભી લાલચુ મનુષ્ય શિષ્ય અને શિષ્યાને માટે અસત્ય ભાષણ કરે છે.

(૧૦) લોભી લાલચુ મનુષ્ય આ પ્રકારનાં સેંકડો કારણો પ્રયોજનથી અસત્ય ભાષણ કરે છે.

લોભી વ્યક્તિ મિથ્યા ભાષણ કરે છે. લોભ પણ અસત્ય ભાષણનું એક કારણ છે. માટે સત્યના આરાધકે લોભનું સેવન ન કરવું જોઈએ.

આ પ્રકારે મુક્તિ–નિર્લોભતાથી જેનો અંતરાત્મા ભાવિત છે અને જે હાથ, પગ, આંખ અને મુખ પર સંયમ રાખનાર, શૂરવીર હોય છે તે સત્ય તથા આર્જવ ધર્મથી સંપન્ન હોય છે.

## ૪. નિર્ભયતા :–

**૧૦ चउत्थं– ण भीइयव्वं, भीयं खु भया अइंति लहुयं भीओ अबिइज्जओ मणूसो, भीओ भूएहिं घेप्पेज्जा, भीओ अण्णं वि हु भेसेज्जा, भीओ तवसजमं वि हु मुएज्जा, भीओ य भरं ण णित्थरेज्जा, सप्पुरिसणिसेवियं च मग्गं भीओ ण समत्थो अणुचरिउं, तम्हा ण भाइयव्वं । भयस्स वा वाहिस्स वा रोगस्स वा जराए वा मच्चुस्स वा अण्णस्स वा एवमाइयस्स ।**

**एवं धेज्जेण भाविओ भवइ अंतरप्पा संजय कर–चरण–णयण–वयणो सूरो सच्चज्जवसंपण्णो ।**

**ભાવાર્થ :–** ચોથી ભાવના નિર્ભયતા–ભયનો અભાવ. સાધકે ભયભીત ન થવું જોઈએ. ભયભીત મનુષ્ય અનેક પ્રકારના ભયને જલ્દીથી પકડી લે છે અને અન્યને ભયગ્રસ્ત બનાવે છે. ભયભીત વ્યક્તિ સદાને માટે અસહાય જ હોય છે. ભયભીત વ્યક્તિ ભૂત પ્રેત આદિ દ્વારા ઘેરાય જાય છે. ભયભીત વ્યક્તિ સ્વયં ભયભીત બને છે, બીજાને ભયભીત બનાવે છે. ભયભીત વ્યક્તિ ખરેખર તપ અને સંયમને પણ છોડી દે છે. ભયભીત વ્યક્તિ કોઈ પણ પ્રકારના ભાર વહન કરી શકતા નથી. ભયભીત વ્યક્તિ સત્યપુરુષો દ્વારા સેવિત માર્ગનું અનુસરણ કરવામાં સમર્થ નથી. માટે કોઈપણ પ્રકારના વ્યાધિ–કુષ્ટ આદિથી, જ્વર આદિ રોગોથી, વૃદ્ધાવસ્થાથી, મૃત્યુથી અથવા એવા પ્રકારના અન્ય ઈષ્ટ વિયોગ આદિના ભયથી ડરવું ન જોઈએ.

આ પ્રકારે વિચાર કરીને ધૈર્યથી–નિર્ભયતાથી જેનો અંતરાત્મા ભાવિત છે તે અને જે સાધુ હાથ, પગ, આંખ અને મુખ પર સંયમ રાખનાર શૂરવીર હોય છે તે સત્ય તથા આર્જવ ધર્મથી સંપન્ન હોય છે.

## ૫. હાસ્યત્યાગ :–

**૧૧ पंचमगं– हासं ण सेवियव्वं, अलियाइं असंतगाइं जंपंति हासइत्ता । परपरिभवकारणं च हासं, परपरिवायप्पियं च हासं, परपीलाकारगं च हासं,**

**भेयविमुत्तिकारगं च हासं, अण्णोण्णजणियं च होज्ज हासं, अण्णोण्णगमणं च होज्ज मम्मं, अण्णोण्णगमणं च होज्ज कम्मं, कंदप्पाभियोगगमणं च होज्ज हासं, आसुरियं किव्विसत्तणं च जणेज्ज हासं, तम्हा हासं ण सेवियव्वं ।**

**एवं मोणेण भाविओ भवइ अंतरप्पा संजयकर-चरण-णयण-वयणो सूरो सच्चज्जवसंपण्णो ।**

**ભાવાર્થ :–** પાંચમી ભાવના પરિહાસ પરિવર્જન છે અર્થાત્ હાસ્યનો ત્યાગ કરવો અને તેના સેવનથી બચવું. હસનાર વ્યક્તિ અલિક–બીજામાં રહેલા ગુણોને છુપાવવા રૂપ અને અસત–અવિદ્યમાન હોય તેને પ્રકાશિત કરનાર અશોભનીય અને અશાંતિજનક વચનોનો પ્રયોગ કરે છે. હાસ્ય બીજાના પરાભવ–અપમાન તિરસ્કારનું કારણ બને છે. હાંસી–મજાકમાં બીજાની નિંદા–તિરસ્કાર જ પ્રિય લાગે છે. હાસ્ય પરપીડાકારક હોય છે. હાસ્ય ચારિત્રનો નાશ કરનાર અને મોક્ષ માર્ગનું ભેદન કરનાર હોય છે. હાસ્ય અન્યોન્ય હોય છે; પછી એક બીજામાં પરસ્ત્રીગમન આદિ કુચેષ્ટાનું પણ કારણ હોય છે.

એક બીજાના મર્મ–ગુપ્ત ચેષ્ટાઓને પ્રકાશિત કરી દેનાર બની જાય છે. હાંસી–મજાકમાં લોકો એક બીજાની ગુપ્ત ચેષ્ટાઓને પ્રગટ કરી નાંખે છે. હાસ્ય કાંદર્પિક અથવા આભિયોગિક–આજ્ઞાકારી સેવક જેવા દેવોમાં જન્મ લેવાનું કારણ બને છે. હાસ્ય અસુરતા અને કિલ્વીષીતા અર્થાત્ એક પ્રકારનું હલકાપણું ઉત્પન્ન કરે છે. [સાધુ સંયમ અને તપના પ્રભાવથી કદાચિત્ દેવગતિમાં ઉત્પન્ન થાય તોપણ પોતાની હાસ્યજનક પ્રવૃતિના કારણે હલકી કોટિના દેવોમાં જન્મ લે છે.] તેથી હાસ્યનું સેવન ન કરવું જોઈએ.

આ પ્રકારે મૌનથી જેનો અંતરાત્મા ભાવિત હોય છે અને જે હાથ, પગ આંખ અને મુખથી સંયત તથા શૂરવીર હોય છે તે સાધુ સત્ય અને આર્જવથી સંપન્ન હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સત્ય મહાવ્રતની રક્ષા માટે તેની પાંચ ભાવનાનું નિરૂપણ છે.

આત્મ શુદ્ધિમાં ઉદ્યમવંત સાધક માટે મૌન ઉત્સર્ગમાર્ગ છે. તેમ છતાં યાવજ્જીવન મૌન શક્ય નથી. તેથી સાધુ આવશ્યક્તાનુસાર જ ભાષાનો પ્રયોગ કરે. તેમાં શાસ્ત્રોક્ત નિયમોનું પાલન કરે. સત્ય મહાવ્રતની પુષ્ટિ માટે અસત્યનો અને અસત્ય ભાષણના કારણનો ત્યાગ અનિવાર્ય બની જાય છે. અસત્ય ભાષણના પાંચ કારણ છે. તેનો ત્યાગ જ તેની ભાવનારૂપ છે. તે પાંચ ભાવનાઓનું સ્વરૂપ આ પમાણે છે–

**(૧) અનુવીચિ ભાષણ :– अनुवीचिभाषणम्, निरवद्यानुभाषणम्** નિરવદ્ય ભાષાનો પ્રયોગ "અનુવીચિભાષણ" કહેવાય છે. તત્ત્વાર્થ અને તત્ત્વાર્થ ભાષ્યમાં પણ સત્યવ્રતની પ્રથમ ભાવનાને માટે

"અનુવીચિભાષણ" શબ્દનો જ પ્રયોગ કરવામાં આવ્યો છે, માટે સારી રીતે વિચાર કરીને બોલવાની સાથે–સાથે ભાષા સંબંધી અન્ય દોષોથી બચવું તે પણ આ ભાવનાની અંતર્ગત છે.

**(૨) ક્રોધ ત્યાગ :–** ક્રોધ એવી વૃત્તિ છે કે જે માનવીના વિવેકનો નાશ કરે છે. ક્રોધ સમયે સત્–અસત્નું ભાન રહેતું નથી અને અસત્ય બોલાઈ જાય છે. ક્રોધના આવેશમાં બોલાયેલું વચન અસત્ય જ હોય છે. સત્ય મહાવ્રતની સુરક્ષા માટે ક્રોધના પ્રત્યાખ્યાન અથવા ક્ષમાવૃતિ આવશ્યક છે.

**(૩) લોભ ત્યાગ :–** શાસ્ત્રમાં લોભને સમસ્ત સદ્ગુણોનો વિનાશક કહેલ છે. લોભમાં લુબ્ધ વ્યક્તિ માટે કોઈપણ દુષ્કર્મ કરવું મુશ્કેલ નથી, માટે સત્યવ્રતની સુરક્ષા ઈચ્છનારે નિર્લોભવૃત્તિ ધારણ કરવી જોઈએ. કોઈ પણ વસ્તુ પ્રત્યે લાલચ ઉત્પન્ન થવા દેવી ન જોઈએ.

**(૪) ભય ત્યાગ :–** ભય મનુષ્યની મોટામાં મોટી દુર્બળતા છે. ભયની ભાવના આત્મિક શક્તિના પ્રગટીકરણમાં બાધક બને છે, માણસની સાહસિકવૃત્તિને નષ્ટ કરે છે, સમાધિભાવને માટે વિનાશક બને છે, સંક્લેશને ઉત્પન્ન કરનાર છે. ભયવૃતિ સાધકને સત્યમાં સ્થિર રહેવા દેતી નથી માટે સત્ય ભગવાનના આરાધકે નિર્ભય બનવું જોઈએ.

**(૫) હાસ્ય ત્યાગ :–** સંપૂર્ણ યા અધિકાંશ સત્યને છુપાવી અસત્યનો આશ્રય લીધા વિના બીજાની હાંસી–મજાક થઈ શકતી નથી. તેનાથી સત્યવ્રતનો વિઘાત થાય છે અને બીજાને પીડા ઉત્પન્ન થાય છે. માટે સત્ય વ્રતના સંરક્ષણ માટે હાસ્યવૃત્તિનો ત્યાગ કરવો આવશ્યક છે. આ રીતે પાંચ ભાવનાનું પાલન કરી, આગમોક્ત આદર્શોને ધ્યાનમાં રાખી, ભાષા સમિતિપૂર્વક વચનપ્રયોગ કરવો જોઈએ. જેથી સત્ય મહાવ્રત અખંડ રહે છે.

**સત્ય મહાવ્રત ઉપસંહાર :–**

**१२ एवमिणं संवरस्स दारं सम्मं संवरियं होइ सुप्पणिहियं, इमेहिं पंचहिं वि कारणेहिं मण-वयण-काय-परिरक्खिएहिं णिच्चं आमरणंतं च एस जोगो णेयव्वो धिइमया मइमया अणासवो अकलुसो अच्छिद्दो अपरिस्सावी असंकिलिट्ठो सव्वजिणमणुण्णाओ ।**

**एवं बिइयं संवरदारं फासियं पालियं सोहियं तीरियं किट्टियं अणुपालियं आणाए आराहियं भवइ । एवं णायमुणिणा भगवया पण्णवियं परूवियं पसिद्धं सिद्धं सिद्धवरसासणमिणं आघवियं सुदेसियं पसत्थं । त्ति बेमि ॥**

**॥ बिइयं संवरदारं समत्तं ॥**

**ભાવાર્થ :–** આ પ્રકારે મન–વચન અને કાયાથી પૂર્ણરૂપે સુરક્ષિત, સુસેવિત આ પાંચ ભાવનાઓથી

આ સંવરદ્વાર–સત્ય મહાવ્રત સમ્યક્ પ્રકારે સંવૃત અને સુપ્રણિહિત–સ્થાપિત થઈ જાય છે. ધૈર્યવાન તથા બુદ્ધિમાન મુનિએ સત્યવ્રતનું જીવનપર્યંત સદૈવ પાલન કરવું જોઈએ. આ સત્ય નવા કર્મના આગમનરૂપ ન હોવાથી અનાશ્રવ છે, અશુભ અધ્યવસાયથી રહિત હોવાથી અકલુષ છે, પાપનો શ્રોત પ્રવેશી શકતો નથી માટે તે અચ્છિદ્ર છે, કર્મરૂપ પાણીનું ટીપું પણ પ્રવેશી શકતું ન હોવાથી અપરિશ્રાવી છે, અસંક્લિષ્ટ છે, શુદ્ધ છે, સર્વ તીર્થંકરો દ્વારા માન્ય છે.

આ પ્રકારે (પૂર્વોક્ત કથનાનુસાર)સત્ય નામનું સંવરદ્વાર યથાસમય અંગીકૃત, પાલિત, શોધિત–નિરતિચાર આચરિત, તીરિત, અંત સુધી પાર પહોંચાડનાર, કીર્તિત–અન્ય સમક્ષ આદર પૂર્વક કથિત, અનુપાલિત–નિરંતર સેવિત અને ભગવાનની આજ્ઞા અનુસાર આરાધિત હોય છે. આ પ્રકારે ભગવાન જ્ઞાતમુની, મહાવીર સ્વામીએ પ્રજ્ઞાપિત કર્યું છે, પ્રરૂપિત કર્યું છે, પ્રસિદ્ધ છે, સિદ્ધ છે. લોકમાં આ શાસન શ્રેષ્ઠ સિદ્ધ છે, સમ્યક્ પ્રકારે કહેલ છે, ઉપદિષ્ટ છે અને પ્રશસ્ત છે.

**॥ દ્વિતીય સંવરદ્વાર સમાપ્ત ॥**

## વિવેચન :–

સત્ય મહાવ્રતનો મહિમા અપાર છે તેમજ તેનું પાલન પણ દુષ્કર છે. તેમ છતાં સંયમમાં સમર્પિત મહાત્માઓને આ મહાવ્રતનું પાલન સહજ થઈ શકે છે માટે મોક્ષાર્થી સાધકોએ લક્ષ્યપૂર્વક વચન અને મનનું નિયંત્રણ કરી આ મહાવ્રતની શુદ્ધ આરાધના કરવી જોઈએ.

**॥ અધ્યયન–૨ સંપૂર્ણ ॥**

# ત્રીજું અધ્યયન

## પરિચય

દ્વિતીય શ્રુતસ્કંધનું આ ત્રીજું 'અચૌર્ય' અધ્યયન છે. તેને 'દત્તાનુજ્ઞાત' પણ કહેવાય છે. તેમાં પાંચ સંવર પૈકી તૃતીય અચૌર્ય સંવરનું વર્ણન છે.

આ અધ્યયનમાં સૂત્રકારે અચૌર્યનું સ્વરૂપ, અચૌર્ય મહાવ્રતના આરાધક અને તેની પાંચ ભાવનાનું કથન કર્યું છે.

**અચૌર્યનું સ્વરૂપ :–** નગરમાં કે જંગલમાં કોઈ નાની, મોટી, સચિત્ત કે અચિત્ત વસ્તુને સ્વામીની આજ્ઞા વિના ગ્રહણ ન કરવી તે અચૌર્ય વ્રત છે. અદત્તના ચાર પ્રકાર છે. સ્વામી અદત્ત, ગુરુ અદત્ત, રાજા અદત્ત અને તીર્થંકર અદત્ત. મહાવ્રતધારી સાધક આ ચારે પ્રકારના અદત્તનો ત્યાગ કરે છે.

આ પ્રકારનું જિનેશ્વર કથિત આ ત્રીજું મહાવ્રત આત્માને માટે હિતકારી છે. તેના લાભ આ પ્રમાણે છે. આગામી ભવમાં શુભ ફળ આપનાર છે. ભવિષ્યમાં કલ્યાણ કરનાર છે. પરદ્રવ્યની તૃષ્ણાનો અંત લાવનાર, પાપોને અને પાપના ફળોને શાંત કરનાર છે. આ મહાવ્રતની સુરક્ષા તેમજ સફળ આરાધના માટે પાંચ ભાવનાનું નિરૂપણ છે.

**અચૌર્ય મહાવ્રતની પાંચ ભાવના :–** (૧) નિર્દોષ સ્થાન (૨) નિર્દોષ સંસ્તારક (૩) શય્યા પરિકર્મ વર્જન (૪) અનુજ્ઞાત આહારાદિ (૫) સાધર્મિક વિનય.

આ ત્રીજા મહાવ્રતની આ પાંચ ભાવના અદત્ત મહાવ્રતની સૂક્ષ્મતા અને ભાવાત્મકતાથી પરિપૂર્ણ છે. વિનય, સેવા, ભક્તિ ન કરવી, સામુહિક આહાર આદિનો અવિવેકથી ઉપયોગ કરવો તે અસ્તેય મહાવ્રતની વિરાધના છે. યોગ્યાયોગ્ય મકાન, સંસ્તારકના વિષયમાં કોઈપણ સંકલ્પ યા પ્રવૃત્તિ કરવી, આધાકર્મ યા પરિકર્મ દોષયુક્ત મકાનનો ઉપયોગ કરવો, સમૂહમાં રહેતા અન્ય પ્રત્યે સેવા ભાવ ન રાખવો કે સેવાની પ્રવૃત્તિ ન કરવી, શક્તિ અનુસાર તપ, વ્રતપાલન, સમાચારી પાલન આદિમાં ઉણપ રાખવી, કજીયા, કદાગ્રહ, વિવાદ, વિકથા, કષાય કરવો, માયા–પ્રપંચ, પરનિંદા, તિરસ્કાર વગેરે ભાવો પણ અદત્ત છે. સાધુ ધર્મના આચારનું પાલન ન કરવું તે તીર્થંકર અદત્ત–ભગવાનની આજ્ઞાના ચોર કહેવાય છે.

આ વિષયની પૂર્ણ સૂક્ષ્મતા અને વિશાળતાને સમજીને પરિપૂર્ણ સાવધાની સાથે આ ત્રીજા અસ્તેય મહાવ્રતરૂપ સંવરદ્વારનું મન, વચન, કાયાથી પાલન કરવું જોઈએ.

❖❖❖❖❖

# ત્રીજું અધ્યયન

## અચૌર્ય મહાવ્રત (દત્તાનુજ્ઞાત)

### અસ્તેયનું સ્વરૂપ :-

**૧** **जंबू ! दत्तमणुण्णाय संवरो णाम होइ तइयं सुव्वयं ! महव्वयं गुणव्वयं परदव्व हरणपडिविरइकरणजुत्तं अपरिमियमणंत–तण्हाणुगय–महिच्छ–मणवयण कलुस–आयाण–सुणिग्गहियं सुसंजमिय–मण–हत्थ–पायणिहुयं णिग्गंथं णिट्ठियं णिरुत्तं णिरासवं णिब्भयं विमुत्तं उत्तमणर–वसभ–पवरबलवग–सुविहिय–जणसम्मतं परमसाहु–धम्मचरणं ।**

**ભાવાર્થ :–** હે સુવ્રત ધારક જંબૂ ! ત્રીજુ સંવરદ્વાર 'દત્તાનુજ્ઞાત' નામનું છે. આ ત્રીજું મહાવ્રત છે. ગુણવૃદ્ધિના કારણરૂપ ગુણવ્રત છે. આ પરકીય દ્રવ્ય–પદાર્થોના હરણથી નિવૃત્તિરૂપ છે અર્થાત્ આ વ્રતમાં બીજાની વસ્તુઓના અપહરણનો ત્યાગ કરવામાં આવે છે. આ વ્રત અપરિમિત, અનંત તૃષ્ણાથી અનુગત, મહાભિલાષાથી યુક્ત મન તેમજ વચન દ્વારા પાપમય પરદ્રવ્ય હરણનો સારી રીતે નિગ્રહ કરે છે. આ વ્રતના પ્રભાવથી મન એટલું સંયમશીલ બની જાય છે કે હાથ અને પગ પરધન ગ્રહણ કરવાથી વિરક્ત થઈ જાય છે. આ [વ્રત ધારણ કરનાર] બાહ્ય અને આભ્યંતર ગ્રંથીઓથી રહિત છે. સર્વ ધર્મોના પુરુષાર્થના પર્યંતવર્તી છે. સર્વજ્ઞ ભગવંતોએ તેને ઉપાદેય કહ્યું છે. તે આશ્રવનો નિરોધ કરનાર છે, નિર્ભય છે. તેનું પાલન કરનારાને રાજાનો કે શાશનનો ભય રહેતો નથી અને લોભ પણ તેને સ્પર્શ કરતો નથી. આ વ્રત પ્રધાન, નરવૃષભપ્રવર, બળવાન તથા સુવિહિત સાધુજનો દ્વારા સમ્મત છે. શ્રેષ્ઠ સાધુઓનું ધર્માચરણ છે. અથવા પરમ ઉત્તમ ધર્માચરણ છે.

### વિવેચન :-

દ્વિતીય સંવરદ્વારના નિરૂપણ પછી સૂત્રક્રમાનુસાર અચૌર્ય નામનું તૃતીય સંવરદ્વારનું નિરૂપણ છે. અસત્યના ત્યાગી તે જ થઈ શકે છે જે અદત્તાદાનના ત્યાગી હોય. અદત્તાદાન કરનારા સત્યનો નિર્વાહ કરી શકતા નથી માટે સત્યસંવર પછી અસ્તેય સંવરનું નિરૂપણ કર્યું છે. શાસ્ત્રકારે પ્રસ્તુત સૂત્રમાં ત્રીજું સંવરદ્વાર અચૌર્ય મહાવ્રતનું સ્વરૂપ અને તેના પ્રભાવને પ્રગટ કર્યો છે. પ્રારંભમાં શ્રી સુધર્મા સ્વામીએ પોતાના પ્રધાન અંતેવાસી શિષ્ય જંબૂને 'સુવ્રત' સંબોધન કર્યું છે. આ પ્રકારનું સંબોધન શિષ્યનો ઉત્સાહ

વધારવા માટે છે.

**અચૌર્ય મહાવ્રત :–** તેને અદત્તાદાન વિરમણ વ્રત પણ કહે છે. કોઈના દ્વારા દત્ત–દીધેલું હોય તેને આદાન–ગ્રહણ કરવું તે દત્તાદાન અને કોઈના દ્વારા ન દીધેલું હોય તેને ગ્રહણ કરવું તેને અદત્તાદાન–ચોરી કહેવાય છે. તેનો ત્યાગ તે અચૌર્ય મહાવ્રત છે. તેમાં જીવનપર્યંત તૃણ જેવી તુચ્છ વસ્તુ પણ અદત્ત ગ્રહણ થતી નથી.

**અચૌર્ય વ્રતનો પ્રભાવ :–** તૃષ્ણા[પ્રાપ્ત વસ્તુનો વ્યય ન થાય તેવી ઈચ્છા]અને લાલસા[અપ્રાપ્ત વસ્તુની ઈચ્છા]યુક્ત દુષ્ટ મનનો નિગ્રહ થાય છે. મન સંયમશીલ બની જાય છે. આ લોક અને પરલોકમાં ઉપકારનું કારણ બને છે.

**सुसंजमिय–मण–हत्थ–पाय निहुयं :–** આ વિશેષણ દ્વારા શાસ્ત્રકારે એમ સૂચિત કર્યુ છે કે મન સમ્યક્ પ્રકારે નિયંત્રિત થઈ જાય તો હાથ અને પગની પ્રવૃત્તિ સ્વતઃ રોકાઈ જાય છે. જે તરફ મન જતુ નથી તે તરફ હાથ પગની પણ ગતિ થતી નથી. આ સૂચના સાધકોને માટે ઘણી મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી છે. સાધકોએ સર્વપ્રથમ પોતાના મનને સંયત બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. મન સંયત થઈ ગયા પછી વચન અને કાયા અનાયાસે જ સંયત થઈ જાય છે. શેષ પદોનો અર્થ સુગમ છે.

## દત્ત અનુજ્ઞાન મહાવ્રતની આરાધનાની વિધિ :–

**२** **जत्थ य गामागर–णगर–णिगम–खेड–कब्बड–मडंब–दोणमुह–संबाह–पट्टणा–समगयं च किंचि दव्वं मणि–मुत्त–सिलप्पवाल–कंस–दूस–रयय– वरकणग–रयणमाइं पडियं पम्हुट्ठं विपणट्ठं, ण कप्पइ कस्सइ कहेउं वा गिण्हिउं वा अहिरण्णसुवण्णियेण समलेट्ठुकंचणेणं अपरिग्गहसंवुडेणं लोगम्मि विहरियव्वं ।**

**ભાવાર્થ :–** આ અદત્તાદાન વિરમણ વ્રતમાં ગ્રામ, આકર,નગર, નિગમ, ખેટ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, સંબાહ, પટ્ટન, આશ્રમ આદિમાં ઉત્તમ મણિ, મોતી, શિલા, પ્રવાલ, કાંસુ, વસ્ત્ર, ચાંદી, સોનું, રત્ન આદિ કોઈપણ વસ્તુ પડી હોય, કોઈ તેને ભૂલી ગયું હોય તો તે લઈ લેવા કોઈ વ્યક્તિને કહેવું અથવા સ્વયં લઈ લેવું કલ્પતું નથી. સાધુએ ચાંદી–સુવર્ણના ત્યાગી થઈ, પાષાણ અને સુવર્ણમાં સમભાવ રાખી, પરિગ્રહથી સર્વથા રહિત અને સર્વ ઈન્દ્રિયોથી સંવૃત્ત–સંયત થઈને જ લોકમાં વિચરવું જોઈએ.

**३** **जं वि य हुज्जाहि दव्वजायं खलगयं खेत्तगयं रण्णमंतरगयं वा किंचि पुप्फ–फल–तयप्पवाल–कंद–मूल–तण–कट्ठ–सक्कराइ अप्पं च बहुं च अणुं च थूलगं वा ण कप्पइ उग्गहम्मि अदिण्णम्मि गिण्हिउं जे, हणि हणि उग्गहं अणुण्णविय गिण्हियव्वं, वज्जेयव्वो सव्वकालं अचियत्त घरप्पवेसो अचियत्तभत्तपाणं अचियत्तपीढफलग–सिज्जा–संथारग–वत्थ–पत्त–कंबल–दंडग–रयहरण–**

**णिसिज्ज–चोलपट्टग–मुहपोत्तिय–पायपुंछणाइ भायण–भंडोवहि–उवगरणं परपरिवाओ परस्स दोसो परववएसेणं जं च गिण्हइ परस्स णासेइ जं च सुकयं, दाणस्स य अंतराइयं दाणविप्पणासो पेसुण्णं चेव मच्छरियं च ।**

**जे वि य पीढ–फलग–सिज्जा–संथारग–वत्थ–पाय–कंबल–मुहपोत्तिय–पाय–पुंछणाइ भायण–भंडोवहिउवगरणं असंविभागी, असंगहरुई, तवतेणे य वइतेणे य रूवतेणे य आयारे चेव भावतेणे य, सद्दकरे झंझकरे कलहकरे वेरकरे विकहकरे असमाहिकरे सया अप्पमाणभोई सययं अणुबद्धवेरे य णिच्चरोसी से तारिसए णाराहए वयमिणं ।**

**ભાવાર્થ :–** કોઈ પણ વસ્તુ જે ખળામાં પડી હોય અથવા ખેતરમાં પડી હોય, જંગલમાં પડી હોય; જેમ કે ફૂલ, ફળ, છાલ, પ્રવાલ, કંદ, મૂલ, ઘાસ, લાકડા અથવા પથ્થર આદિ હોય તે અલ્પ હોય કે વધુ, નાની હોય કે મોટી પણ તેના માલિકના દીધા વિના, તેની આજ્ઞા પ્રાપ્ત કર્યા વિના ગ્રહણ કરવી કલ્પતી નથી. આજ્ઞા પ્રાપ્ત કર્યા વિના ઘર અને સ્થંડિલ ભૂમિ પણ ગ્રહણ કરવા ઉચિત નથી.

અવગ્રહની આજ્ઞા લઈને જ તે સ્થાન ગ્રહણ કરવું જોઈએ તથા જ્યાં પ્રેમ ન હોય તેવા ઘરમાં પ્રવેશ કરવો ન જોઈએ. જે ઘરના લોકોમાં સાધુ પ્રત્યે અપ્રીતિ હોય તેવા ઘરોમાં કોઈપણ વસ્તુને માટે પ્રવેશ ન કરવો જોઈએ. અપ્રીતિકારક ઘરેથી આહાર–પાણી તથા પીઠ–ફલક, શય્યા–સંસ્તારક, વસ્ત્ર, પાત્ર, કંબલ, દંડ, વિશિષ્ટ કારણથી લેવા યોગ્ય લાકડી, પાદપ્રોંછન, વસ્ત્રખંડ તેમજ ભાજન, માટીના પાત્ર તથા વસ્ત્ર આદિ ઉપકરણ પણ ગ્રહણ ન કરવા જોઈએ. સાધુએ બીજાની નિંદા કરવી ન જોઈએ, તેમજ બીજાને દોષ પણ દેવો ન જોઈએ કે કોઈ ઉપર દ્વેષ કરવો ન જોઈએ.

જે (આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, રોગી અથવા શૈક્ષ આદિ) બીજાના નામથી જે કોઈ પણ વસ્તુ ગ્રહણ કરે છે તથા જે ઉપકારને અથવા કોઈના સારા કરેલા કાર્યને છુપાવે છે; નષ્ટ કરે છે; જે દાનમાં અંતરાય કરે છે; જે દાનનો વિપ્રણાશ કરે છે; દાતાના નામ છુપાવે છે, જે પૈશુન્ય અર્થાત્ બીજાની ચુગલી કરે છે અને માત્સર્ય ઈર્ષ્યા–દ્વેષ કરે છે; તે સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ છે માટે તેનાથી બચવું જોઈએ.

જે પીઠ, બાજોઠ, પાટ, પથારી, સંસ્તારક, વસ્ત્ર, પાત્ર, કંબલ, દંડ, રજોહરણ, આસન, ચોલપટ્ટક, મુહપત્તિ અને પાદપ્રોંછન આદિ, પાત્ર, માટીના પાત્ર, અન્ય ઉપકરણોનો જે આચાર્ય આદિ સાધર્મિકોમાં સંવિભાગ(ઉચિતરૂપથી વિભાગ)કરતા નથી તે અસ્તેય વ્રતના આરાધક થતા નથી. જે અસંગ્રહરૂચિ અર્થાત્ એષણીય પીઠ, ફલક આદિ ગચ્છને માટે આવશ્યક અથવા ઉપયોગી ઉપકરણોને જે સ્વાર્થી (આત્મંભરી)હોવાના કારણે સંગ્રહ કરતા નથી; જે તપના ચોર છે(તપસ્વી ન હોવા છતાં તપસ્વીના રૂપમાં પોતાનો પરિચય આપે છે); જે વચનસ્તેન–વચનના ચોર છે; જે રૂપના ચોર છે(સુવિહિત સાધુ ન હોવા છતાં સારા સાધુનો વેશ ધારણ કરે છે); જે આચારના ચોર છે(આચારથી બીજાનો વિશ્વાસઘાત કરે

છે); જે ભાવચોર છે(બીજાના જ્ઞાનાદિ ગુણોના આધારે પોતે પોતાની જાતને જ્ઞાનીના રૂપમાં પ્રગટ કરે છે); જે શબ્દકર છે–રાત્રે ઉચ્ચ સ્વરથી સ્વાધ્યાય કરે છે અથવા ગૃહસ્થો જેવી ભાષા બોલે છે; જે ગચ્છમાં ભેદ ઉત્પન્ન થાય તેવું કાર્ય કરે છે; જે ક્લેશકારી, વેરકારી અને અસમાધિકારી છે; જે શાસ્ત્રોક્ત પ્રમાણથી હંમેશાં અધિક ભોજન કરે છે; જે હંમેશાં બીજાની સાથે વૈર રાખે છે; સદા ક્રોધ કરતા રહે છે; એવા પુરુષ આ અસ્તેય વ્રતના આરાધક બનતા નથી.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં અસ્તેય વ્રતની આરાધનાની વિધિ વિસ્તાર પૂર્વક સમજાવી છે. અસ્તેય વ્રતના આરાધકે કોઈપણ વસ્તુ તે મૂલ્યવાન હોય કે મૂલ્યહીન હોય, થોડી હોય કે વધારે હોય, ધૂળ કે પથ્થર જેવી તુચ્છ વસ્તુ હોય, તેમ છતાં જેમાં આદાન પ્રદાનનો વ્યવહાર થતો હોય તે વસ્તુ આપ્યા વગરની ગ્રહણ કરવી ન જોઈએ.

શાસ્ત્રમાં અનુજ્ઞા દેનાર પાંચ કહ્યા છે– (૧) દેવેન્દ્ર (૨) રાજા (૩ ) ગૃહપતિ–ગૃહસ્થ (૪) શય્યાદાતા (૫) સાધર્મિક સાધુ.

જે વસ્તુના જે માલિક હોય તેની આજ્ઞા ગ્રહણ કરીને વસ્તુ ગ્રહણ થઈ શકે છે. જે વસ્તુના માલિક કોઈ ન હોય તેવી ઘાસ, કાંકરા આદિ તુચ્છ વસ્તુની આવશ્યક્તા હોય તો શક્રેન્દ્રની આજ્ઞા લઈ ગ્રહણ કરી શકાય છે. આપણા આ દક્ષિણ ભારત ક્ષેત્રના અધિપતિ શક્રેન્દ્ર છે. મૂળ પાઠમાં આ વ્રત યા સંવર માટે **'दत्तमणुण्णाय संवरो'**(दत्त–અનુજ્ઞાત સંવર) શબ્દનો પ્રયોગ છે. 'दत्तસંવર' કહેલ નથી તેનું તાત્પર્ય એ જ છે કે પીઠ, ફલક, આદિ વસ્તુ કોઈ ગૃહસ્થના સ્વામિત્વમાં હોય તેને સ્વામી આપે તો જ ગ્રહણ કરવું જોઈએ અને જે ધૂળ યા તણખલા જેવી તુચ્છ વસ્તુઓના કોઈ સ્વામી હોતા નથી, જે સર્વ સાધારણ માટે મુક્ત છે તેને દેવેન્દ્રની અનુજ્ઞાથી ગ્રહણ કરવામાં આવે છે. તેને શક્રેન્દ્રની આજ્ઞા લઈને ગ્રહણ કરવાથી વ્રતનો ભંગ થતો નથી. તેમજ કર્મ–નોકર્મરૂપ પુદ્‌ગલને ગ્રહણ કરવામાં કે જાહેર રસ્તા પર ચાલવામાં વ્રતભંગ થતો નથી. કારણ કે તેમાં આદાન પ્રદાનનો વ્યવહાર નથી. સાધુ દત્ત અથવા અનુજ્ઞાત વસ્તુનો જ ઉપયોગ કરી શકે છે.

પ્રસ્તુત પાઠમાં તપનો ચોર આદિ પદોનો પ્રયોગ કર્યો છે. તેનો ઉલ્લેખ દશવૈકાલિક સૂત્રમાં પણ આવ્યો છે. સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે.

**તપઃસ્તેન :–** સ્વભાવથી જ કૃશકાય સાધુને કોઈ પૂછે કે શું આપ તપસ્વી છો ? ત્યારે તે સાધુ પોતે તપસ્વી ન હોવા છતાં તપસ્વી તરીકે ઓળખાવે અથવા લુચ્ચાઈપૂર્વક જવાબ આપે કે સાધુનું જીવન તપોમય જ હોય છે. આ રીતના અસ્પષ્ટ ઉત્તરથી સમાજમાં તપસ્વી તરીકેની ધારણા ઉત્પન્ન કરાવી દે છે. આવા સાધુને તપઃસ્તેન કહે છે અથવા છતી શક્તિએ તપસ્યા કરે નહીં તે તપચોર કહેવાય છે. તાત્પર્ય એ છે કે તપની ભાવના, અભ્યાસ કે પરાક્રમ કરવા જોઈએ.

**વચઃસ્તેન :–** આ જ રીતે કુશળ વ્યાખ્યાતા સાધુનો યશ કપટ દ્વારા સ્વયં સ્વીકારી લે છે. લુચ્ચાઈથી પોતાને વાગ્મી પ્રગટ કરનાર સાધુ વચન ચોર છે અથવા મહાવ્રતોનું બરાબર પાલન ન કરે તે વ્રતચોર કહેવાય છે.

**રૂપઃસ્તેન :–** સાધુ વેષને અનુરૂપ વ્યવહાર ન કરે અથવા સાધુવેષથી વિપરીત વેશભૂષા રાખે, આવશ્યક ઉપકરણ ન રાખે તે રૂપસ્તેન કહેવાય છે. કોઈ સુંદર રૂપવાન સાધુનું નામ કોઈએ સાંભળ્યું હોય તે કોઈ બીજા રૂપવાન સાધુને જોઈને પૂછે છે શું અમુક રૂપવાન સાધુ તમે જ છો ? તે સાધુ ન હોવા છતાં પણ તે સાધુ જો હા કહે અથવા કપટ પૂર્વક ગોળગોળ ઉત્તર દે કે જેનાથી પ્રશંસા કરનારની ધારણા બની જાય કે આ તે જ પ્રસિદ્ધ રૂપવાન સાધુ છે. આવું કહેનાર સાધુ રૂપનો ચોર છે.

**આચારસ્તેન, ભાવસ્તેન :–** પ્રતિલેખન, પ્રતિક્રમણ, ભિક્ષાચરી આદિ આચારની ઉપેક્ષા કરે તે આચારસ્તેન અને પવિત્ર વિચાર આદિ ભાવશુદ્ધિ ન રાખે તે આચાર ભાવસ્તેન કહેવાય.

તાત્પર્ય એ છે કે તપમાં, વ્રતમાં, મહાવ્રતમાં, સાધુ વેશ મર્યાદામાં, સાધ્વાચારમાં અને ભાવશુદ્ધિમાં ઉપેક્ષા કરતો હોય તો તે તેનો ચોર કહેવાય છે.

## અસ્તેય આરાધક કોણ ?

**૪ अह केरिसए पुणाइं आराहए वयमिणं ? जे से उवहि–भत्त–पाण–संगहण–दाण–कुसले अच्चंतबाल–दुब्बल–गिलाण–वुड्ढ–खवग–पवत्ति–आयरिय–उवज्झाए सेहे साहम्मिए तवस्सी कुल–गण–संघ–चेइयट्ठे य णिज्जरट्ठी वेयावच्चं अणिस्सियं दसविहं बहुविहं करेइ ।**

**ण य अचियत्तस्स गिहं पविसइ, ण य अचियत्तस्स गिण्हइ भत्तपाणं, ण य अचियत्तस्स सेवइ पीढ फलग–सिज्जा–संथारग–वत्थ–पाय–कंबल–दंडग–रयहरण–णिसिज्ज–चोलपट्टय–मुहपोत्तियं पायपुं छणाइ–भायण– भंडोवहिउवगरणं ण य परिवायं परस्स जंपइ, ण यावि दोसे परस्स गिण्हइ, परववएसेण वि ण किंचि गिण्हइ, ण य विपरिणामेइ किंचि जणं, ण यावि णासेइ दिण्णसुकयं, दाऊणं य ण होइ पच्छाताविए, संभागसीले संग्गहोवग्गहकुसले से तारिसए आराहए वयमिणं ।**

**भावार्थ :–** કેવા પ્રકારના મનુષ્ય આ વ્રતના આરાધક થઈ શકે છે ?

(આ વ્રતના આરાધકનું વર્ણન આ પ્રમાણે છે.) જે વસ્ત્ર, પાત્ર આદિ ધર્મોઉપકરણ અને આહાર–પાણી ગ્રહણ કરવામાં તથા સંવિભાગ કરવામાં કુશળ હોય. જે અત્યંત બાલ, દુર્બલ, બિમાર,

વૃદ્ધ અને માસખમણના તપસ્વી સાધુની, પ્રવર્તક, આચાર્ય, ઉપાધ્યાયની, નવદિક્ષિત સાધુની તથા સાધર્મિક–લિંગ અને પ્રવચનથી સમાનધર્મી સાધુની, તપસ્વી, કુલ, ગણ, સંઘની ચિત્તની પ્રસન્નતા માટે અને નિર્જરાને માટે સેવા કરનાર હોય. જે અનિશ્રિત અર્થાત્ યશકીર્તિ આદિની કામના વિના દસ પ્રકારની વૈયાવચ્ચ, અન્ન–પાણી આદિ અનેક પ્રકારથી કરે છે.

જે અપ્રીતિકારક ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતા નથી અને તે અપ્રીતિકારક ગૃહસ્થના ઘરના આહાર–પાણી ગ્રહણ કરતા નથી. જે અપ્રીતિકારકને ત્યાંથી પીઠ, ફલક, શય્યા, સંસ્તારક, વસ્ત્ર, પાત્ર, કંબલ, દંડ, રજોહરણ, આસન, ચોલપટ્ટક, મુહપતિ અને પાદપ્રોંછન પણ લેતા નથી. તે બીજાની નિંદા(પર પરિવાદ) કરતા નથી અને બીજાના દોષને ગ્રહણ કરતા નથી. જે બીજાના નામે(પોતાના માટે) કાંઈપણ ગ્રહણ કરતા નથી અને કોઈને દાનાદિ ધર્મથી વિમુખ કરતા નથી. તે બીજાના દાન આદિ સારા કૃત્યનો અથવા ધર્માચરણનો અપલાપ કરતા નથી. જે દાનાદિ દઈને અને વૈયાવચ્ચ આદિ કરીને પશ્ચાત્તાપ કરતા નથી એવા આચાર્ય ઉપાધ્યાય આદિને માટે સંવિભાગ કરનાર, સારીરીતે ગ્રહણ કરવામાં અને અન્યનો ઉપકાર કરવામાં કુશળ સાધક જ અસ્તેય વ્રતના આરાધક થઈ શકે છે.

## વિવેચન :–

અસ્તેયવ્રતના આરાધકમાં કઈ–કઈ યોગ્યતા હોય તેનું કથન સૂત્રકારે કર્યું છે, જે મૂળપાઠથી સ્પષ્ટ છે. તેમાં વૈયાવચ્ચ(સેવા)ના દસ ભેદ કહ્યા છે. તે આ પ્રકારે છે.

**वेयावच्चं वावडभावो इह धम्मसाहणनिमित्तं ।**
**अन्नाइयाण विहिणा, संपायणमेस भावत्थो ॥**

**आयरिय–उवज्झाए थेर–तपस्वी–गिलाण–सेहाणं ।**
**साहम्मिय–कुल–गण–संघ–संगयं तमिह कायव्वं ॥**

**અર્થ :–** ધર્મની સાધનાને લક્ષે આચાર્ય આદિને માટે વિધિપૂર્વક અન્નાદિ ઉપયોગી વસ્તુઓ સંપાદન કરવી તે વૈયાવચ્ચ કહેવાય છે.

વૈયાવચ્ચ કરવા યોગ્ય પાત્ર દસ છે (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) સ્થવિર (૪) તપસ્વી (૫) ગ્લાન (૬) શૈક્ષ (૭) સાધર્મિક (૮) કુલ (૯) ગણ (૧૦) સંઘ સાધુએ આ દસની સેવા કરવી જોઈએ. માટે વૈયાવચ્ચના પણ દસ પ્રકાર છે.

(૧) **આચાર્ય–** સંઘના નાયક, પાંચ આચારનું પાલન કરનાર, કરાવનાર. (૨) **ઉપાધ્યાય–** વિશિષ્ટ શ્રુત સંપન્ન, જ્ઞાનના ધારક અને સાધુઓને સૂત્ર ભણાવનાર. (૩) **સ્થવિર–** શ્રુત, વય અથવા દીક્ષાની અપેક્ષાએ વૃદ્ધ સાધુ. શ્રુતસ્થવિર–ઠાણાંગ, સમવાયાંગ આદિ આગમોના વિશેષ જાણકાર, વયસ્થવિર–૬૦ વર્ષથી અધિક ઉંમરવાળા અને દીક્ષાસ્થવિર–ઓછામાં ઓછી ૨૦ વર્ષની દીક્ષાપર્યાયવાળા. (૪) **તપસ્વી–**

માસખમણ આદિ વિશિષ્ટ તપસ્યા કરનાર. (૫) **ગ્લાન–** બીમાર સાધુ. (૬) **શૈક્ષ–** નવદીક્ષિત સાધુ. ગ્રહણ અને આસેવન શિક્ષા પ્રાપ્ત કરવાની ક્રિયામાં સંલગ્ન સાધુ. (૭) **સાધર્મિક–** સમાન સમાચારી–વાળા સાધુ. (૮) **કુલ–** એક ગુરુના શિષ્યોનો સમુદાય અથવા એક વાચનાચાર્ય પાસે જ્ઞાન–અધ્યયન કરનાર. (૯) **ગણ**–અનેક કુલનો સમૂહ. (૧૦) **સંઘ–** અનેક ગણોનો સમૂહ, સાધુ–સાધ્વી– શ્રાવક–શ્રાવિકાઓનો સમૂહ.

આ સર્વની વૈયાવચ્ચ કર્મનિર્જરાના હેતુથી કરવી જોઈએ; યશ, કીર્તિ, આદિ માટે નહીં. ભગવાને વૈયાવચ્ચને આભ્યંતર તપ કહ્યું છે. તેનું સેવન કરવાથી સાધકને બમણો લાભ થાય છે. વૈયાવચ્ચ કરનાર કર્મનિર્જરાનો લાભ લે છે અને જેની વૈયાવચ્ચ કરવામાં આવે છે તેના ચિત્તમાં સમાધિ, સુખ–શાંતિ ઉત્પન્ન થાય છે.

## આરાધનાનું ફળ :–

**૫ इमं च परदव्वहरणवेरमण–परिरक्खणट्ठयाए पावयणं भगवया सुकहियं अत्तहियं पेच्चाभावियं आगमेसिभद्दं सुद्धं णेयाउयं अकुडिलं अणुत्तरं सव्वदुक्खपावाणं विउवसमणं ।**

**ભાવાર્થ :–** પરદ્રવ્યના અપહરણથી વિરમણ(નિવૃત્તિ) રૂપ આ અસ્તેય વ્રતની રક્ષા માટે ભગવાન તીર્થંકર દેવે આ પ્રવચન સમીચીન રૂપે કહ્યું છે. આ પ્રવચન આત્મા માટે હિતકારી, આગામી ભવમાં શુભ ફળ દેનાર અને ભવિષ્યમાં કલ્યાણકારી છે. આ પ્રવચન શુદ્ધ છે; ન્યાયયુક્ત–તર્કથી સંગત છે; અકુટિલ–મુક્તિનો સરળ માર્ગ છે; સર્વોત્તમ છે તથા સમસ્ત દુઃખો અને પાપોને સંપૂર્ણરૂપે શાંત કરનાર છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અસ્તેય વ્રત સંબંધી જિન પ્રવચનનો મહિમા અને વ્રતના પાલનકર્તાને પ્રાપ્ત થનાર ફળનો પણ નિર્દેશ કર્યો છે.

## અચૌર્ય મહાવ્રતની પાંચ : ૧. નિર્દોષ ઉપાશ્રય :–

**૬ तस्स इमा पंच भावणाओ होंति परदव्व–हरण–वेरमण–परिरक्खणट्ठयाए । पढमं–देवकुल–सभाप्पवावसह–रुक्खमूल–आराम–कंदरागर–गिरि– गुहा–कम्मंत उज्जाण जाणसाला–कुवियसाला–मंडव–सुण्णघर–सुसाण–लेण–आवणे अण्णम्मि य एवमाइयम्मि दग–मट्टिय–बीय–हरिय–तसपाण–असंसत्ते अहाकडे**

**फासुए विवित्ते पसत्थे उवस्सए होइ विहरियव्वं ।**

**आहाकम्मबहुले य जे से आसित्त-सम्मज्जिय-उवलित्त-सोहिय-छायण- दूमण-लिंपण अणुलिंपण-जलण-भंडचालणं अंतो बहिं च असंजमो जत्थ वड्ढइ संजयाण अट्ठा वज्जियव्वो हु उवस्सओ से तारिसए सुत्तपडिकुट्ठे ।**

**एवं विवित्तवासवसहिसमिइजोगेण भाविओ भवइ अंतरप्पा णिच्चं-अहिगरणकरणकारावण पावकम्मविरओ दत्तमणुण्णाय उग्गहरुई ।**

**ભાવાર્થ :–** પરદ્રવ્ય હરણ વિરમણ(અદત્તાદાન ત્યાગ) વ્રતની રક્ષા કરવા માટે પાંચ ભાવનાઓ છે. પાંચ ભાવનાઓમાંથી પ્રથમ ભાવના છે– વિવક્ત એવં નિર્દોષ વસતિનું સેવન કરવું. તે આ પ્રમાણે છે– દેવકુલ–દેવાલય, સભા–વિચાર વિમર્શનું સ્થાન અથવા વ્યાખ્યાન સ્થાન, પરબ, આવસથ–પરિવ્રાજકોને રહેવાનું સ્થાન, વૃક્ષમૂળ, આરામ–લતામંડપ આદિથી યુક્ત. બગીચા, કંદરા, ગુફા, આકર–ખાણ, પર્વતગુફા, કર્મ–જેની અંદર ચુનો આદિ તૈયાર કરવામાં આવે છે, કર્માન્ત–લુહાર આદિની શાળા, ઉદ્યાન–ફૂલવાળા વૃક્ષોથી યુક્ત બગીચો, યાનશાલા–રથ આદિ રાખવાની જગ્યા. કુપ્યશાળા–ઘરનો સામાન રાખવાનું સ્થાન, મંડપ–વિહાર આદિને માટે અથવા યજ્ઞ આદિને માટે બનાવવામાં આવેલ મંડપ, શૂન્યઘર, સ્મશાન, લયન, પહાડમાં બનેલ ઘર તથા દુકાનમાં અને આવા પ્રકારના અન્ય સ્થાનોમાં જ્યાં સચેત પાણી, માટી, બીજ લીલોતરી ન હોય, કીડી, મકોડા આદિ ત્રસ જીવોથી રહિત હોય, જેને ગૃહસ્થે પોતાના માટે બનાવ્યું હોય, પ્રાસુક, નિર્જીવ હોય. સ્ત્રી પુરુષ અને નપુંસકના સંસર્ગથી રહિત હોય અને આ કારણે જે પ્રશસ્ત હોય. એવા ઉપાશ્રયમાં સાધુએ રહેવું જોઈએ.

કેવા પ્રકારના ઉપાશ્રય–સ્થાનમાં ન રહેવું જોઈએ ? સાધુઓના નિમિત્તે હિંસા થાય તેવા આધાકર્મની બહુલતાવાળા, જલનો છંટકાવ કર્યો હોય તેવા, સંમાર્જિત–સાવરણીથી સાફ કરેલા, ઉત્સિક્ત–પાણીથી સીંચેલા, શોભિત– સજાવેલા, છાદન–ડાભ આદિ પાથરેલા, દૂમન–કલી નામનાં ઘાસ પાથરેલા, લિમ્પન–છાણથી લીંપેલા, અનુલિંપન–લીંપેલાને ફરી લીંપેલા, જ્વલન–અગ્નિ પ્રગટાવી ગરમ કરેલા અથવા પ્રકાશિત કરેલા, ભંડ ચાલન–સાધુને માટે સામાનને ફેરવ્યો હોય તેવા આ સર્વ સ્થાન–ઉપાશ્રય સાધુઓ માટે વર્જનીય છે. આ પ્રકારના સ્થાનમાં રહેવાનો સાધુ માટે શાસ્ત્રમાં નિષેધ છે.

આ પ્રકારે વિવિક્ત–નિર્દોષ સ્થાન–વસતિરૂપ સમિતિના યોગથી ભાવિત અંતઃકરણવાળા સાધુ હંમેશાં દુર્ગતિના કારણભૂત પાપકર્મ કરવા, કરાવવાથી વિરત હોય છે, દત્ત અને અનુજ્ઞાત અવગ્રહની રુચિયુક્ત હોય છે.

**૨. નિર્દોષ સંસ્તારક :–**

**૭ बिइयं-आराम-उज्जाण-काणण-वणप्पदेसभागे जं किंचि इक्कडं च**

**कढिणगं च जंतुगं च परामेरकुच्च–कुस–डब्भ–पलाल–मूयग–वल्लय(वच्चय) पुप्फ– फल–तयप्पवाल–कंद–मूल–तण कट्ठ–सक्कराइ गिण्हइ सेज्जोवहिस्स अट्ठा, ण कप्पए उग्गहे अदिण्णम्मि गिण्हिउं जे हणि हणि उग्गहं अणुण्णवियं गिण्हियव्वं।**

**एवं उग्गहसमिइजोगेण भाविओ भवइ अंतरप्पा णिच्चं अहिगरण–करण–कारावण–पावकम्म–विरए दत्तमणुण्णाय उग्गहरुई ।**

**ભાવાર્થ :–** બીજી ભાવના નિર્દોષ સંસ્તારકગ્રહણની છે. તે આ પ્રમાણે છે– આરામ,ઉદ્યાન કાનન–નગરસમીપવર્તી વન–નગરથી દૂરનો વનપ્રદેશ આદિ સ્થાનોમાં જે કોઈપણ(અચિત્ત) ઈક્કડ જાતિનું ઘાસ તથા કઠિન ઘાસની એક જાતિ, જંતુક–પાણીમાં ઉત્પન્ન થનારા ઘાસ, પરાનામનું ઘાસ, મેરા–મૂંજના તંતુ, કૂર્ચ–કૂંચી બનાવવા યોગ્ય ઘાસ, કુશ, દર્ભ, પલાલ, મૂયક નામનું ઘાસ, વલ્લજ(વચ્ચક) ઘાસ, પુષ્પ, ફળ, ત્વચા, પ્રવાલ, કંદમૂળ, તૃણ, કાષ્ઠ અને શર્કરા આદિ દ્રવ્ય સંસ્તારક ઉપધિને માટે ગ્રહણ કરે છે. આ ઉપાશ્રયની અંદરની વસ્તુ પણ દાતા દ્વારા દીધેલી ન હોય તો તે ગ્રહણ કરવી કલ્પતી નથી. તાત્પર્ય એ છે કે ઉપાશ્રયની અનુજ્ઞા લઈ લેવા છતાં ઉપાશ્રયની અંદરથી ઘાસ આદિ લેવું હોય તો તેને માટે પૃથક આજ્ઞા પ્રાપ્ત કરવી જોઈએ.

આ પ્રકારે અવગ્રહ સમિતિના યોગથી ભાવિત અંતઃકરણવાળા સાધુ હંમેશાં દુર્ગતિના કારણભૂત પાપકર્મ કરવા, કરાવવાથી વિરત હોય છે, દત્ત અને અનુજ્ઞાત અવગ્રહની રુચિયુક્ત હોય છે.

### ૩. શય્યા પરિકર્મ વર્જન :–

**૮ तइयं– पीढफलगसिज्जासंथारगट्ठयाए रुक्खा ण छिंदियव्वा, ण छेयणेण भेयणेण सेज्जाकारियव्वा, जस्सेव उवस्सए वसेज्ज सेज्जं तत्थेव गवेसिज्जा, ण य विसमं समं करेज्जा, ण णिवाय पवायउस्सुगत्तं, ण डंसमसगेसु खुभियव्वं, अग्गी धूमो ण कायव्वो, एवं संजमबहुले संवरबहुले संवुडबहुले समाहिबहुले धीरे काएण फासयंतो सययं अज्झप्पज्झाणजुत्ते समिए एगे चरिज्ज धम्मं ।**

**एवं सेज्जासमिइजोगेण भाविओ भवइ अंतरप्पा णिच्चं अहिगरण–करण कारावण–पावकम्म–विरए दत्तमणुण्णाय उग्गहरुई ।**

**ભાવાર્થ :–** ત્રીજી ભાવના શય્યા પરિકર્મ વર્જન છે, તે આ પ્રમાણે છે– પીઠ, ફલક, શય્યા અને સંસ્તારકને માટે વૃક્ષોનું છેદન ન કરે. વૃક્ષોનું છેદન, ભેદન કરીને શય્યા તૈયાર ન કરાવે. સાધુ જે ઉપાશ્રયમાં નિવાસ કરે છે, ત્યાં જ શય્યાની ગવેષણા કરે. ત્યાંની ભૂમિ જો વિષમ(ઊંચી–નીચી) હોય તો તેને સમ ન કરે. પવન વગરના સ્થાનને અધિક પવનવાળું અથવા અધિક પવનવાળા સ્થાનને પવનરહિત– ઓછા

પવનવાળું બનાવવા માટે ઉત્સુક ન થાય, આ પ્રમાણે કરવાની અભિલાષા પણ ન કરે. ડાંસ–મચ્છર આદિના વિષયમાં ક્ષુબ્ધ ન થાય અને તેને દૂર કરવા માટે ધુમાડો આદિ ન કરે. આ પ્રકારે સંયમની બહુલતા, સંવરની બહુલતા, કષાય તેમજ ઈન્દ્રિયોના નિગ્રહની બહુલતા, સમાધિની બહુલતાવાળા ધૈર્યવાન મુનિ કાયાથી આ વ્રતનું પાલન કરતા નિરંતર આત્મધ્યાનમાં નિરત રહીને, સમિતિ યુક્ત રહીને અને એકાકી રાગદ્વેષથી રહિત થઈ ધર્મનું પાલન કરે.

આ રીતે શય્યા સમિતિના યોગથી ભાવિત અંતઃકરણવાળા સાધુ હંમેશાં દુર્ગતિના કારણભૂત પાપકર્મ કરવા કરાવવાથી વિરત હોય છે, દત્ત અને અનુજ્ઞાત અવગ્રહની રુચિયુક્ત હોય છે.

### ૪. અનુજ્ઞાત ભક્ત :–

**९ चउत्थं– साहारण पिंडपायलाभे सति भोत्तव्वं संजएणं समियं ण । सायसूपाहियं, ण खद्धं, ण वेगियं, ण तुरियं, ण चवलं, ण साहसं, ण य परस्स पीलाकरसावज्जं तह भोत्तव्वं जह से तइयवयं ण सीयइ । साहारणपिंडपायलाभे सुहुमं अदिण्णादाणवयणियमविरमणं ।**

**एवं साहारणपिंडपायलाभे समिइजोगेण भाविओ भवइ अंतरप्पा णिच्चं अहिगरण–करण–कारावण–पावकम्मविरए दत्तमणुण्णाय उग्गहरुई ।**

**ભાવાર્થ :–** ચોથી ભાવના અનુજ્ઞાત ભક્ત આદિ છે. સર્વ સાધુઓને માટે સાધારણ સપ્રમાણિત આહાર–પાણી આદિ મળવા પર સાધુ સમ્યક્ પ્રકારે, યતના પૂર્વક શાક અને સૂપની અધિકતાવાળું ભોજન–સરસ–સ્વાદિષ્ટ ભોજન અધિક(કે શીઘ્રતા પૂર્વક) ન વાપરે. તેથી અન્ય સાધુઓને અપ્રીતિ ઉત્પન્ન થાય અને તે ભોજન અદત્ત થઈ જાય છે. વેગપૂર્વક કવલ–કોળિયા ગળે ન ઉતારે, જલ્દી જલ્દી ત્વરાપૂર્વક, ચંચળતા પૂર્વક ન વાપરે અને વિચાર્યા વગર પણ ન વાપરે.

જે બીજાને દુઃખકારક હોય તે રીતે અને દોષયુક્ત આહાર ન વાપરે. સાધુએ ત્રીજા વ્રતમાં બાધા ન આવે એ રીતે ભોજન કરવું જોઈએ, સાધારણ–સમ્મિલિત આહાર પાણી સમ્યક્ પ્રકારે વાપરે તે અદત્તાદાન વિરમણવ્રતની સૂક્ષ્મ રક્ષા કરવા માટેનો નિયમ છે.

આ પ્રકારે સમ્મિલત ભોજનના લાભમાં સમિતિના યોગથી ભાવિત અંતઃકરણવાળા સાધુ હંમેશાં દુર્ગતિના કારણભૂત પાપકર્મ કરવા, કરાવવાથી વિરત હોય છે, દત્ત અને અનુજ્ઞાત અવગ્રહની રુચિયુક્ત હોય છે.

### ૫. સાધર્મિક વિનય :–

**१० पंचमगं– साहम्मिए विणओ पउंजियव्वो, उवगरणपारणासु विणओ**

**पउंजियव्वो, वायणपरियट्टणासु विणओ पउंजियव्वो, दाणगहणपुच्छणासु विणओ पउंजियव्वो, णिक्खमणपवेसणासु विणओ पउंजियव्वो, अण्णेसु य एवमाइसु बहुसु कारण सएसु विणओ पउंजियव्वो । विणओ वि तवो, तवो वि धम्मो, तम्हा विणओ पउंजियव्वो गुरुसु साहुसु तवस्सीसु य ।**

**एवं विणएण भाविओ भवइ अंतरप्पा णिच्चं अहिगरण करणकारावण- पावकम्मविरए दत्तमणुण्णाय उग्गहरुई ।**

**ભાવાર્થ :–** પાંચમી ભાવના સાધર્મિક વિનય છે. સાધર્મિક પ્રત્યે વિનયનો પ્રયોગ (વ્યવહાર) કરવો જોઈએ. રુગ્ણતા આદિ સ્થિતિમાં ઉપકારની ભાવનાથી અને તપસ્યાની પારણા પૂર્તિમાં સાધુ વિનયનો પ્રયોગ કરે. સાધુ વાચના–સૂત્રગ્રહણમાં અને પરિવર્તના–ગૃહીતસૂત્રની પુનરાવૃત્તિમાં વિનયનો પ્રયોગ કરે. ભિક્ષામાં પ્રાપ્ત અન્ન આદિ બીજા સાધુઓને દેવામાં તથા તેની પાસેથી લેવામાં અને વિસ્મૃત અથવા શંકિત સૂત્ર–અર્થ સંબંધી પૃચ્છા કરવામાં મુનિ વિનયનો પ્રયોગ કરે. સાધુ ઉપાશ્રયથી બહાર નીકળતાં અને પ્રવેશ કરતા સમયે વિનયનો પ્રયોગ કરે. તે સિવાય આ પ્રકારના અન્ય સેંકડો કારણોમાં વિનયનો પ્રયોગ કરે કારણ કે વિનય પણ તપ છે અને તપ પણ ધર્મ છે. માટે સાધુ વિનયનું આચરણ કરે. (કાર્યોના પ્રસંગમાં)ગુરુજનોનો, સાધુઓનો અને તપ કરનાર તપસ્વીઓનો વિનય કરે.

આ પ્રકારે વિનયથી યુક્ત અંતઃકરણવાળા સાધુ હંમેશાં દુર્ગતિના કારણભૂત પાપકર્મ કરવા કરાવવાથી વિરત હોય છે, દત્ત અને અનુજ્ઞાત અવગ્રહની રુચિયુક્ત હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ત્રીજા મહાવ્રતની પરિપૂર્ણતા માટે પાંચ ભાવનાનું કથન કર્યું છે. તે ભાવનાઓ આ પ્રમાણે છે.

**(૧) નિર્દોષ યાચિત સ્થાનક :–** સાધુ નિર્દોષ સ્થાનમાં તેના માલિકની આજ્ઞા લઈને નિવાસ કરે. સાધુ જે સ્થાનમાં રહે તેને ઉપાશ્રય કહે છે. સૂત્રપાઠ પરથી પ્રતીત થાય છે કે પ્રાચીન સમયમાં સાધુ દેવાલય, વૃક્ષના મૂળ, બગીચા, ઉદ્યાન આદિ કોઈ પણ સ્થાન જે નિર્દોષ હોય અને સ્ત્રી, પુરુષ આદિ રહિત હોય તેમાં નિવાસ કરતા હતા.

**(૨) નિર્દોષ યાચિત સંસ્તારક :–** જે સ્થાનમાં નિવાસ કરે તેમાં જે શય્યા, સંસ્તારકની આવશ્યક્તા હોય તે નિર્દોષ અને યાચિત હોય તેનો જ ઉપયોગ કરે. આ કથનથી સ્પષ્ટ થાય છે કે સાધુને નિર્દોષ સ્થાન અને સંસ્તારકની યાચના પૃથક્ પૃથક્ કરવાની હોય છે.

**(૩) શય્યા પરિકર્મવર્જન :–** સાધુ જે સ્થાનમાં નિવાસ કરે છે, તેમાં પોતાની અનુકૂળતા માટે કોઈ પણ પ્રકારનો ફેરફાર ન કરે. પાટ–પાટલા આદિને નાના–મોટા, ઊંચા કે નીચા કરાવવા, બારી બારણામાં

ફેરફાર કરાવવો, ડાંસ મચ્છરાદિ માટે જાળી નંખાવવી વગેરે પ્રવૃત્તિ શય્યાપરિકર્મ કહેવાય છે. સાધુ તેનો ત્યાગ કરે.

**(૪) સાધર્મિક સંવિભાગ :–** ભિક્ષા વિધિથી પ્રાપ્ત થયેલો નિર્દોષ આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર આદિ કોઈ પણ ઉપધિમાં સાધુ સાધર્મિકનો સંવિભાગ કરીને ભોગવે. સાધુ કપટપૂર્વક શ્રેષ્ઠ વસ્તુને ભોગવી લેવાની વૃત્તિ ન રાખે, કારણ કે આ પ્રકારની વૃત્તિ એક પ્રકારની ચોરી છે.

**(૫) સાધર્મિક વિનય :–** સાધર્મિક સાધુઓમાં કોઈ ગ્લાન, વૃદ્ધ, તપસ્વી આદિ હોય તો આવશ્યક્તાનુસાર વિનયપૂર્વક તેની સેવા કરે. તે ઉપરાંત સમાચારીનું પાલન, આહારાદિનું કે જ્ઞાનનું આદાન પ્રદાન વિનયપૂર્વક કરે. આ પાંચે ભાવનાનું પાલન કરનાર સાધકનું ત્રીજું મહાવ્રત પુષ્ટ થાય છે.

## અચૌર્ય મહાવ્રત ઉપસંહાર :–

**११ एवमिणं संवरस्स दारं सम्मं संवरियं होइ, सुप्पणिहियं, एवं *जाव* पंचहिं वि कारणेहिं मण-वयण-काय-परिरक्खिएहिं णिच्चं आमरणंतं च एस जोगो णेयव्वो धिइमया मइमया अणासवो अकलुसो अछिद्दो अपरिस्सावी असंकिलिट्ठो सुद्धो सव्वजिणमणुण्णाओ ।**

**एवं तइयं संवरदारं फासियं पालियं सोहियं तीरियं किट्टियं आराहियं आणाए अणुपालियं भवइ ।**

**एवं णायमुणिणा भगवया पण्णवियं परूवियं पसिद्धं सिद्धं सिद्धवर-सासणमिणं आघवियं सुदेसियं पसत्थं । त्ति बेमि ॥**

**॥ तइयं संवरदारं समत्तं ॥**

**ભાવાર્થ :–** આ પ્રકારે મન, વચન અને કાયાથી પૂર્ણરૂપે સુરક્ષિત, સુસેવિત આ પાંચ ભાવનાઓથી આ સંવરદ્વાર–અચૌર્ય મહાવ્રત સમ્યક્ પ્રકારે સંવૃત અને સુપ્રણિહિત–સ્થાપિત થઈ જાય છે. ધૈર્યવાન તથા બુદ્ધિમાન મુનિએ અચૌર્ય મહાવ્રતનું જીવનપર્યંત સદૈવ પાલન કરવું જોઈએ. આ અચૌર્ય મહાવ્રત નવા કર્મના આગમનરૂપ ન હોવાથી અનાશ્રવ છે, અશુભ અધ્યવસાયથી રહિત હોવાથી અકલુષ છે, પાપનો શ્રોત પ્રવેશી શકતો નથી માટે તે અછિદ્ર છે, કર્મરૂપ પાણીનું ટીપું પણ પ્રવેશી શકતું ન હોવાથી અપરિશ્રાવી છે, અસંક્લિષ્ટ છે, શુદ્ધ છે, સર્વ તીર્થંકરો દ્વારા માન્ય છે.

આ પ્રકારે (પૂર્વોક્ત કથનાનુસાર)અચૌર્ય નામનું સંવરદ્વાર યથાસમય અંગીકૃત, પાલિત, શોધિત–નિરતિચાર આચરિત, તીરિત, અંત સુધી પાર પહોંચાડનાર, કીર્તિત–અન્ય સમક્ષ આદર પૂર્વક કથિત, અનુપાલિત–નિરંતર સેવિત અને ભગવાનની આજ્ઞા અનુસાર આરાધિત હોય છે. આ પ્રકારે

ભગવાન જ્ઞાતમુની, મહાવીર સ્વામીએ પ્રજ્ઞાપિત કર્યું છે, પ્રરૂપિત કર્યું છે, પ્રસિદ્ધ છે, સિદ્ધ છે. લોકમાં આ શાસન શ્રેષ્ઠ સિદ્ધ છે. આ સમ્યક્ પ્રકારે કહ્યું છે, ઉપદિષ્ટ છે અને પ્રશસ્ત છે.

**॥ ત્રીજું સંવરદ્વાર સમાપ્ત ॥**

**વિવેચન :-**

આ સૂત્ર પ્રત્યેક સંવરદ્વારમાં એક સમાન છે. આ ઉપસંહાર સૂત્રથી અધ્યયનની સમાપ્તિ થાય છે. આ અધ્યયનમાં સાધુને માટે દત્ત અનુજ્ઞાત અથવા અચૌર્ય મહાવ્રત સંબંધી ઝીણવટથી વર્ણન છે. અંતે ત્રીજા આ સંવર રૂપ મહાવ્રતને પુષ્ટ કરવા પાંચ ભાવનાઓનું પ્રરૂપણ છે. પાંચે ભાવનાનું સ્વરૂપ જોતાં સ્પષ્ટ થાય છે કે સૂત્રકારની અપેક્ષાએ 'અદત્તાદાન'–'ચોરી'નો અર્થ વ્યાપક છે. કેવળ કોઈ અદત્ત વસ્તુને ગ્રહણ કરવી તે જ ચોરી નથી પરંતુ તેના સ્થાનમાં પૂછ્યા વિના રહેવું, અન્યના પ્રાણ હરણ કરવા, સાધર્મિકો સાથેના કોઈ પણ વ્યવહારમાં કપટવૃત્તિ રાખવી, વગેરે પ્રવૃત્તિ પણ એક પ્રકારની ચોરી છે. તેથી સાધકે સાવધાની અને સરળતા પૂર્વકના વ્યવહારથી ત્રીજા મહાવ્રતનું પાલન કરવું જોઈએ.

**॥ અધ્યયન–૩ સંપૂર્ણ ॥**

# ચોથું અધ્યયન

## પરિચય

દ્વિતીય શ્રુતસ્કંધનું આ ચોથું 'બ્રહ્મચર્ય' અધ્યયન છે. તેમાં પાંચ સંવર પૈકી ચતુર્થ સંવર બ્રહ્મચર્યનું વર્ણન છે.

તેમાં સૂત્રકારે બ્રહ્મચર્યનું સ્વરૂપ, બ્રહ્મચર્યનો અદ્‌ભુત મહિમા, બ્રહ્મચર્યની વિવિધ ઉપમા, બ્રહ્મચર્ય પોષક આચાર, બ્રહ્મચર્ય વ્રતની પુષ્ટિ માટે પાંચ ભાવનાનું નિરૂપણ કર્યું છે.

**બ્રહ્મચર્યનું સ્વરૂપ :–** બ્રહ્મ–આત્મસ્વરૂપમાં રમણતા કરવી. પાંચે ય ઈન્દ્રિયોના વિષયભોગની આસક્તિનો ત્યાગ કરવો તેને બ્રહ્મચર્ય કહે છે.

**બ્રહ્મચર્યનો મહિમા :–** પાંચ મહાવ્રતોમાં આ મહાવ્રત વિશેષ સ્થાન ધરાવે છે. અનેકવિધ તપોમાં બ્રહ્મચર્યને ઉત્તમ–શ્રેષ્ઠ તપ કહેલ છે. પ્રસ્તુત અધ્યયનમાં બ્રહ્મચર્યને 'ભગવાન' શબ્દથી ઉપમિત કરેલ છે.

બ્રહ્મચર્ય જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, સમ્યક્ત્વ આદિ ગુણોનું મૂળ છે. તેની હાજરીમાં મનુષ્યનું અંતઃકરણ સ્થિર થઈ જાય છે અર્થાત્ બ્રહ્મચર્યની સમ્યગ્ આરાધનાથી ચિત્તવૃત્તિ અસ્થિર રહેતી નથી; ગંભીરતાની વૃદ્ધિ થાય છે. તે સાધુજનો દ્વારા સેવિત, સૌમ્ય, શુભ અને કલ્યાણકર છે, મોક્ષનો પરમમાર્ગ અને સિદ્ધગતિના ઘરરૂપ છે. તે શૂરવીર, ધીર પુરુષો દ્વારા વિશુદ્ધપણે આરાધિત છે. તે ચિત્ત શાંતિનું સ્થાન છે, દુર્ગતિને રોકનાર સદ્‌ગતિનું પથદર્શક છે. લોકમાં ઉત્તમ મહાવ્રત છે.

બ્રહ્મચર્ય મહાવ્રત તીર્થંકરો દ્વારા ઉપદિષ્ટ છે. આ મહાવ્રત વેરભાવ, કષાયભાવથી મુક્ત કરાવે છે, સિદ્ધ ગતિના દરવાજાને ખોલે છે, બધા પવિત્ર અનુષ્ઠાનોને સાર યુક્ત બનાવે છે. બ્રહ્મચર્યના અભાવમાં સદનુષ્ઠાન સારહીન થઈ જાય છે. બ્રહ્મચર્યના પ્રતાપથી સાધક નરેન્દ્ર અને દેવેન્દ્રોના પણ નમસ્કરણીય, સન્માનનીય, પૂજનીય બની જાય છે. જે બ્રહ્મચર્યનું પૂર્ણ શુદ્ધ પાલન કરે છે તે યથાર્થ શ્રમણ છે, બ્રાહ્મણ છે, સાચા તપસ્વી, સુસાધુ, ઋષિ, મુનિ, સંયતિ અને ભિક્ષુ છે.

**બ્રહ્મચર્યની વિવિધ ઉપમા :–** તે પદ્મસરોવરની પાળ–ભિતિની સમાન, ગાડીના આરા સમાન અથવા ધુરી સમાન, વૃક્ષના સ્કંધસમાન, મહાનગરના કોટ, દરવાજા તેમજ તેના આગળિયા સમાન, ધ્વજાની દોરી સમાન છે. આ વ્રત વિશુદ્ધ અનેક ગુણોથી સુસંપન્ન છે. ઉક્ત સરોવર આદિ જેમ પાળ આદિથી જ સુરક્ષિત રહે છે, તેમ બ્રહ્મચર્ય મહાવ્રતના આધારથી જ સર્વ મહાવ્રત સુરક્ષિત છે. તેની અખંડતામાં જ સર્વ મહાવ્રતોની અખંડતા ટકી શકે છે. બ્રહ્મચર્યના વિનાશમાં વિનય, શીલ, તપ, નિયમ સર્વ ગુણ સમૂહનો

વિનાશ થઈ જાય છે. આવી રીતે આ બ્રહ્મચર્ય ભગવાન જ સર્વ વ્રતોના પ્રાણ સ્વરૂપ છે.

**બ્રહ્મચર્યના પોષક આચાર :–** સ્નાન ત્યાગ, મંજન ત્યાગ, મેલધારણ, અધિકતમ મૌનવ્રતનું પાલન બ્રહ્મચર્યની સાધનાના આવશ્યક અંગ છે. કેશલોચ, ક્ષમા, ઈન્દ્રિય દમન, ઈચ્છાનિરોધ, ભૂખ તરસ સહન કરવા, નમ્ર રહેવું, ઠંડી, ગરમી સહન કરવા, લાકડા પર અથવા ભૂમિ પર શયન, ગોચરી અર્થે ફરવું, લાભ–અલાભ, માન–અપમાન, ડાંસ, મચ્છરને સહન કરવા, અનેક નિયમ, અભિગ્રહ, તપસ્યાઓ વગેરે અનેક નિયમોથી આત્માને ભાવિત કરવારૂપ આચરણથી બ્રહ્મચર્યવ્રત સ્થિર, દઢ, સુદઢ થાય છે અને તે પૂર્ણ શુદ્ધ રહે છે. આવી રીતે આ બ્રહ્મચર્યનું રક્ષણ જિનોપદિષ્ટ છે. તેનું શુદ્ધ પાલન આત્માને માટે આ ભવમાં કલ્યાણકારી છે. આ બ્રહ્મચર્ય મહાવ્રતની સુરક્ષાના હેતુરૂપ પાંચ ભાવનાઓ છે.

**બ્રહ્મચર્ય મહાવ્રતની પાંચ ભાવનાઓ :–** (૧) વિવિક્ત શયનાસન (૨) સ્ત્રીકથા વર્જન (૩) રૂપદર્શન ત્યાગ (૪) ભોગવેલા ભોગના સ્મરણનો ત્યાગ (૫) સ્વાદિષ્ટ આહારનો ત્યાગ.

આ પાંચ ભાવનાના માધ્યમથી સાધકને સંયમિત અને નિયમિત બનવાનું સૂચન છે. અનાદિ–કાળના પૌદ્ગલિક પદાર્થના આકર્ષણનો ત્યાગ કરી સુસાધુ અંતર્મુખ બને અને આત્મભાવમાં તલ્લીન રહે, તે જ મહાવ્રતની સાધનામાં સફળ થઈ શકે છે.

❖❖❖❖❖

# ચોથું અધ્યયન

## બ્રહ્મચર્ય મહાવ્રત

**બ્રહ્મચર્યનો મહિમા :–**

**१** जंबू ! इत्तो य बंभचेरं उत्तम–तव–णियम–णाण–दंसण–चरित्त–सम्मत्त–विणयमूलं, यम–नियम–गुणप्पहाणजुत्तं, हिमवंतमहंततेयमंतं, पसत्थगंभीर–थिमियमज्झं, अज्जवसाहुजणा चरियं, मोक्खमग्गं, विसुद्धसिद्धिगइणिलयं, सासयमव्वाबाहमपुणब्भवं, पसत्थं, सोमं, सुभं, सिवमयलमक्खयकरं जइवर सारक्खियं, सुचरियं, सुभासियं, णवरि मुणिवरेहिं महापुरिसधीरसूरधम्मिय–धिइमंताण य सया विसुद्धं, सव्वं भव्वजणाणुचिण्णं, णिस्संकिय णिब्भयं णित्तुसं, णिरायासं णिरुवलेवं णिव्वुइधरं णियमणिप्पकंपं तवसंजममूलदलियणेम्मं पंच महव्वयसुरक्खियं समिइगुत्तिगुत्तं ।

झाणवरकवाडसुकयं अज्झप्प–दिण्णफलिहं सण्णद्धोच्छइयदुग्गइपहं सुगइ पहदेसगं च लोगुत्तमं च ।

वयमिणं पउमसर–तलागपालिभूयं महासगडअरगतुंबभूयं, महाविडिमरुक्ख– खंधभूयं महाणगरपागारकवाडफलिहभूयं रज्जुपिणिद्धो व इंदकेऊ विसुद्धणेगगुणसं– पिणद्धं, जम्मि य भग्गम्मि होइ सहसा सव्वं संभग्गमथियचुण्णिय–कुसल्लियं पल्लट्ट–पडिय–खंडिय–परिसडिय–विणासियं विणयसीलतवणियमगुणसमूहं । तं बंभं भगवंतं ।

**ભાવાર્થ :–** હે જંબૂ ! અદત્તાદાન વિરમણવ્રત પછી બ્રહ્મચર્યવ્રત છે. તે બ્રહ્મચર્ય અનશન આદિ તપનું, નિયમોનું, જ્ઞાનનું, દર્શનનું, ચારિત્રનું, સમ્યક્ત્વનું અને વિનયનું મૂળ છે. તે અહિંસા આદિ યમો અને ગુણોમાં પ્રધાન નિયમોથી યુક્ત છે. તે હિમવાન પર્વતથી પણ મહાન અને તેજોવાન છે, પ્રશસ્ત છે, ગંભીર છે. તેની હાજરીમાં મનુષ્યનું અંતઃકરણ સ્થિર થઈ જાય છે. તે સરલાત્મા–સાધુજનો દ્વારા આસેવિત છે અને તે મોક્ષનો માર્ગ છે. વિશુદ્ધ–રાગ આદિથી રહિત–નિર્મલ, સિદ્ધિના ઘર સમાન છે. બ્રહ્મચર્ય શાશ્વત

અને અવ્યાબાધ સુખ દેનાર તથા પુનર્ભવથી રહિત બનાવનાર છે. તે પ્રશસ્ત–ઉત્તમગુણો યુક્ત, સૌમ્ય–શુભ અથવા સુખરૂપ છે. તે શિવ–સર્વપ્રકારના ઉપદ્રવોથી રહિત, અચળ અને અક્ષય પદને દેનાર છે. તે ઉત્તમ મુનિઓ દ્વારા સુરક્ષિત છે, સમ્યક્પ્રકારે આચરિત છે અને ઉપદિષ્ટ છે. શ્રેષ્ઠ મુનીઓ–મહાપુરુષો તેમજ જે શૂરવીર, ધાર્મિક અને ધૈર્યશાળી છે, તે હંમેશાં અર્થાત્ કુમાર આદિ અવસ્થાઓમાં પણ વિશુદ્ધરૂપે તેનું પાલન કરે છે, તે કલ્યાણનું કારણ છે. ભવ્યજનો દ્વારા તેનું આરાધન–પાલન કરવામાં આવેલ છે. તે શંકા રહિત છે અર્થાત્ બ્રહ્મચારી પુરુષ વિષયો પ્રતિ નિઃસ્પૃહ હોવાથી, લોકો તેના માટે શંકાશીલ રહેતા નથી. અશંકનીય હોવાથી બ્રહ્મચારી નિર્ભય રહે છે. તેને કોઈનો ભય હોતો નથી. આ વ્રત નિસ્સારતાથી રહિત શુદ્ધ ચોખાની સમાન છે. તે ખેદથી રહિત અને રાગ આદિના લેપથી રહિત છે, ચિત્તની શાંતિનું સ્થળ છે અને નિશ્ચિતરૂપે અવિચળ છે. તે તપ અને સંયમનો મૂળાધાર–પાયો છે. પાંચ મહાવ્રતોમાં વિશેષરૂપે સુરક્ષિત, પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત(રક્ષિત)છે. તેની રક્ષાને માટે ઉત્તમ ધ્યાનરૂપ સુનિર્મિત કપાટ તથા અધ્યાત્મ–સદ્ભાવનામય ચિત્ત જ (ધ્યાન–કપાટને દઢ કરવાને માટે) લાગેલી અર્ગલા–આગળિયા છે. આ વ્રત દુર્ગતિના માર્ગને રોકનાર અને સદ્ગતિના માર્ગને પ્રદર્શિત કરનાર છે. તે બ્રહ્મચર્ય લોકમાં ઉત્તમ છે.

આ વ્રત કમળોથી સુશોભિત તળાવ (કુદરતી બનેલું તળાવ)અને તડાગ (પુરુષો દ્વારા બનાવેલ)ની સમાન(મનોહર) છે, ધર્મની પાળી સમાન છે અર્થાત્ ધર્મની રક્ષા કરનાર છે, પૈડાની નાભિ સમાન છે. બ્રહ્મચર્યના સહારે જ ક્ષમા આદિ ધર્મ ટકી રહે છે. તે વિશાળ વૃક્ષના થડની સમાન છે. જેમ વિશાળ વૃક્ષની શાખા, પ્રશાખાઓ, કૂંપળો, પાંદડા, પુષ્પ, ફળ આદિનો આધાર થડ હોય છે તેમ સમસ્ત પ્રકારના ધર્મનો આધાર બ્રહ્મચર્ય છે. તે મહાનગરના પ્રાકારના–પરકોટાના કપાટના આગળિયા સમાન છે. તે દોરીથી બાંધેલ ઈન્દ્રધ્વજની સમાન છે, અનેક નિર્મળ ગુણોથી વ્યાપ્ત છે. તેના ભંગથી તરત જ સર્વ વિનય, શીલ, તપ અને ગુણોનો સમૂહ ફૂટેલા ઘડાની જેમ સંભગ્ન થઈ જાય છે; દહીંની જેમ મથિત થઈ જાય છે; લોટની જેમ ચૂર્ણ થઈ જાય છે; કાંટા લાગેલ શરીરની જેમ શલ્ય યુક્ત થઈ જાય છે; પર્વતથી પડેલી શિલાની જેમ ખંડિત અથવા ચીરેલી કે તોડેલી લાકડીની જેમ ખંડિત થઈ જાય છે તથા વિખરાયેલા લાકડાની સમાન વિનષ્ટ થઈ જાય છે, તે બ્રહ્મચર્ય ભગવાન છે.

## વિવેચન

બ્રહ્મચર્ય વ્રતને ધારણ અને પાલન કરવાથી જ અદત્તાદાન વેરમણ વ્રતનું સમ્યક્પ્રકારે પરિપાલન થઈ શકે છે. માટે અદત્તાદાન વિરમણ પછી બ્રહ્મચર્ય વ્રતનું નિરૂપણ કર્યું છે. ચોથા સંવર દ્વાર–બ્રહ્મચર્યના પ્રારંભમાં જ શાસ્ત્રકારે બ્રહ્મચર્યનો અચિંત્ય મહિમા પ્રગટ કરીને સર્વ સાધકોને બ્રહ્મચર્યના પાલન માટે પ્રેરિત કર્યા છે.

**બ્રહ્મચર્યનો મહિમા :–** બ્રહ્મચર્ય એટલે બ્રહ્મસ્વરૂપ આત્મામાં જ રમણતા કરવી. આત્મસ્વરૂપમાં રમણતા થતાં જ સર્વ આશ્રવ દ્વારોનો(કર્મબંધનો) નિરોધ થઈ જાય તે સહજ છે. તેથી જ બહ્મચર્યને સાધનાના પ્રત્યેક અંગ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, નિયમ, સંયમ આદિનું મૂળ કહ્યું છે. બ્રહ્મચર્યના પાલન વિના

અર્થાત્ પાંચે ઈન્દ્રિયોમાં આસક્ત થઈને કોઈ પણ અનુષ્ઠાન કે આરાધના શક્ય નથી. એક અપેક્ષાએ વિષયોની વિરક્તિથી જ સાધનાનો પ્રારંભ થાય છે અને તે જ સાધના ક્રમશઃ આગળ વધતા અજર, અમર, અવિનાશી પદની પ્રાપ્તિ કરાવે છે. સૂત્રકારે અનેક ઉપમાથી બ્રહ્મચર્યનું મહાત્મ્ય પ્રગટ કર્યું છે. તળાવની પાળ, ચક્રની નાભિ, વૃક્ષનું થડ, પ્રાકારની અર્ગલા, ઈન્દ્રધ્વજ આદિ ઉપમા મૂળપાઠથી જ સ્પષ્ટ છે. મૂળના નાશથી વૃક્ષનો નાશ, પાયાના નાશથી સમસ્ત ઈમારતનો નાશ થાય, તે જ રીતે બ્રહ્મચર્યના નાશથી તે સાધકના ઘોર, વ્રત, તપ, જપ આદિ સમસ્ત નિષ્ફળ જાય છે.

મૂળ પાઠમાં બ્રહ્મચર્યને માટે **'सया विसुद्ध'** વિશેષણનો પ્રયોગ કરવામાં આવેલ છે. ટીકાકારે તેનો અર્થ સદા અર્થાત્ 'કુમાર આદિ સર્વ અવસ્થાઓમાં' કર્યો છે.

બ્રહ્મચર્ય ઉત્તમોત્તમ ધર્મ છે અને તે પ્રત્યેક અવસ્થામાં આચરણીય છે. આર્હત પરંપરામાં તથા પ્રત્યેક પરંપરાઓમાં પણ બ્રહ્મચર્યનો અસાધારણ મહિમા ગવાયો છે અને અવિવાહિત મહાપુરુષોએ પ્રવ્રજ્યા અર્થાત્ સંન્યાસ ગ્રહણ કર્યાના અગણિત ઉદાહરણ ઉપલબ્ધ છે.

### બત્રીસ ઉપમાઓથી મંડિત બ્રહ્મચર્ય :-

**२** **तं बंभं भगवंतं– गहगणणक्खत्ततारगाणं वा जहा उडुवई । मणिमुत्त– सिलप्पवालरत्तरयणागराणं च जहा समुद्दो । वेरुलिओ चेव जहा मणीणं । जहा मउडो चेव भूसणाणं । वत्थाणं चेव खोमजुयलं । अरविंदं चेव पुप्फजेट्ठं । गोसीसं चेव चंदणाणं । हिमवंतो चेव ओसहीणं । सीतोदा चेव णिण्णगाणं । उदहीसु जहा सयंभूरमणो ।**

**रुगयवरे चेव मंडलियपव्वयाणं पवरे । एरावण इव कुंजराणं । सीहोव्व जहा मियाणं पवरे । सुवण्णगाणं चेव वेणुदेवे । धरणो जहा णागिंदराया । कप्पाणं चेव बंभलोए । सभासु य जहा भवे सुहम्मा । ठिइसु लवसत्तमव्व पवरा । दाणाणं चेव अभयदाणं । किमिराउ चेव कंबलाणं ।**

**संघयणे चेव वज्जरिसहे । संठाणे चेव समचउरंसे । झाणेसु य परम सुक्कज्झाणं । णाणेसु य परमकेवलं तु पसिद्धं । लेसासु य परमसुक्कलेस्सा । तित्थयरे चेव जहा मुणीणं । वासेसु जहा महाविदेहे । गिरिराया चेव मंदरवरे । वणेसु जहा णंदणवणं पवरं । दुमेसु जहा जंबू सुदंसणा विस्सुयजसा जीए णामेण य अयं दीवो । तुरगवई गयवई रहवई णरवई जह वीसुए चेव राया । रहिए चेव जहा महारहगए ।**

**एवमणेगा गुणा अहीणा भवंति एगम्मि बंभचेरे । जम्मि य आराहियम्मि आराहियं वयमिणं सव्वं सीलं तवो य विणओ य संजमो य खंती गुत्ती मुत्ती तहेव इहलोइय-परलोइयजसे य कित्ती य पच्चओ य, तम्हा णिहुएण बंभचेरं चरियव्वं सव्वओ विसुद्धं जावज्जीवाए जाव सेयट्ठिसंजओ त्ति । एवं भणियं वयं भगवया।**

**ભાવાર્થ :–** બ્રહ્મચર્યની બત્રીસ ઉપમાઓ આ પ્રકારે છે– (૧) ગ્રહગણ, નક્ષત્રો અને તારાગણમાં ચંદ્રમા પ્રધાન હોય છે. તે પ્રકારે સમસ્ત વ્રતોમાં બ્રહ્મચર્ય પ્રધાન છે. (૨) મણિ, મુક્તા, શિલા, પ્રવાલ અને લાલ(રત્ન)ની ઉત્પત્તિના સ્થાનોમાં સમુદ્ર પ્રધાન છે. (૩) મણિઓમાં વૈડુર્યમણિ ઉત્તમ છે. (૪) આભૂષણોમાં મુગટ શ્રેષ્ઠ છે. (૫) સમસ્ત પ્રકારના વસ્ત્રોમાં (ક્ષૌમયુગલ) કપાસના વસ્ત્ર શ્રેષ્ઠ છે. (૬) પુષ્પોમાં કમળપુષ્પ શ્રેષ્ઠ છે. (૭) ચંદનોમાં ગોશીર્ષ ચંદન શ્રેષ્ઠ છે. (૮) ઔષધિઓ–ચમત્કારિક વનસ્પતિઓના ઉત્પત્તિ સ્થાનમાં હિમવાન પર્વત ઉત્તમ છે. (૯) નદીઓમાં શીતોદા નદી પ્રધાન છે. (૧૦) સમસ્ત સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર મહાન છે.

(૧૧) માંડલિક અર્થાત્ ગોળાકાર પર્વતોમાં રૂચકવર (તેરમા દ્વીપમાં સ્થિત) પર્વત પ્રધાન છે. (૧૨) હાથીઓમાં ઈન્દ્રનો ઐરાવત હાથી શ્રેષ્ઠ છે. (૧૩) વન્ય પ્રાણીઓમાં સિંહ પ્રધાન છે. (૧૪) સુવર્ણકુમાર દેવોમાં વેણુદેવ શ્રેષ્ઠ છે. (૧૫) નાગકુમાર જાતિના દેવોમાં ધરણેન્દ્ર પ્રધાન છે. (૧૬) કલ્પોમાં બ્રહ્મલોક કલ્પ ઉત્તમ છે. (૧૭) ઉપપાત સભા, અભિષેક સભા, અલંકાર સભા, વ્યવસાય સભા અને સુધર્મા સભા આ પાંચેય સભાઓમાં સુધર્મા સભા શ્રેષ્ઠ છે. (૧૮) સ્થિતિઓમાં લવસપ્તમ, અનુત્તરવિમાનવાસી દેવોની સ્થિતિ પ્રધાન છે. (૧૯) સર્વ દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે. (૨૦) સર્વ પ્રકારના કંબલોમાં કૃમિરાગ કંબલ ઉત્તમ છે.

(૨૧) સંઘયણોમાં વજ્રઋષભનારાચ સંઘયણ શ્રેષ્ઠ છે. (૨૨) સંસ્થાનોમાં સમચતુરસ્ર સંસ્થાન ઉત્તમ છે. (૨૩) ધ્યાનોમાં શુક્લ ધ્યાન પ્રધાન છે. (૨૪) સમસ્ત જ્ઞાનોમાં કેવળજ્ઞાન પ્રધાન છે. (૨૫) લેશ્યાઓમાં પરમશુક્લ લેશ્યા સર્વોત્તમ છે. (૨૬) સર્વમુનિઓમાં તીર્થંકર ઉત્તમ છે. (૨૭) સર્વ ક્ષેત્રમાં મહાવિદેહ ક્ષેત્ર વિશાળ છે. (૨૮) પર્વતોમાં ગિરિરાજ સુમેરૂ સર્વોત્તમ છે. (૨૯) સમસ્ત વનોમાં નંદનવન પ્રધાન છે. (૩૦) સમસ્ત વૃક્ષોમાં સુદર્શન વૃક્ષ વિખ્યાત છે. (૩૧) રાજાઓમાં અશ્વાધિપતિ, ગજાધિપતિ અને રથાધિપતિ વિખ્યાત છે. (૩૨) રથિકોમાં મહારથી રાજા શ્રેષ્ઠ હોય છે. તે જ રીતે સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત સર્વશ્રેષ્ઠ છે.

આ રીતે એક બ્રહ્મચર્યની આરાધના કરવાથી અનેકગુણ સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે. બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવાથી નિર્ગ્રંથ પ્રવ્રજ્યા સંબંધી સર્વ વ્રતનું અખંડરૂપે પાલન થઈ જાય છે. તેમજ શીલ, તપ, વિનય અને સંયમ, ક્ષમા, ગુપ્તિ, મુક્તિ, નિર્લોભતાનું પાલન થઈ જાય છે. બ્રહ્મચર્ય વ્રતના પ્રભાવથી આ લોક અને પરલોક સંબંધી યશ અને કીર્તિ પ્રાપ્ત થાય છે. તે વિશ્વાસનું કારણ છે અર્થાત્ બ્રહ્મચારી ઉપર સર્વને વિશ્વાસ હોય છે. માટે એકાગ્ર સ્થિર ચિત્તથી ત્રણ કરણ અને ત્રણ યોગથી વિશુદ્ધ સર્વથા નિર્દોષ

બ્રહ્મચર્યનું જીવનપર્યંત મૃત્યુના આગમન સુધી પાલન કરવું જોઈએ. આ પ્રકારે ભગવાન મહાવીરે બ્રહ્મચર્ય વ્રતનું કથન કર્યું છે.

**વિવેચન :–**

સૂત્રકારે આ બત્રીસ ઉપમાઓ દ્વારા બ્રહ્મચર્યની શ્રેષ્ઠતા સિદ્ધ કરી છે. તેનો આશય સુગમ છે.

## મહાવ્રતોનું મૂળ બ્રહ્મચર્ય :–

**૩** तं च इमं–

पंच महव्वयसुव्वयमूलं, समणमणाइलसाहुसुचिण्णं ।
वेरविरामणपज्जवसाणं, सव्वसमुद्दमहोदहितित्थं ॥१॥

तित्थयरेहि सुदेसियमग्गं, णरयतिरिच्छविवज्जियमग्गं ।
सव्वपवित्तिसुणिम्मियसारं, सिद्धिविमाणअवंगुयदारं ॥२॥

देव–णरिंद–णमंसियपूयं, सव्वजगुत्तममंगलमग्गं ।
दुद्धरिसं गुणणायगमेक्कं, मोक्खपहस्स वडिंसगभूयं ॥३॥

**ભાવાર્થ :–** ભગવાનનું તે કથન આ પ્રમાણે છે– આ બ્રહ્મચર્યવ્રત પાંચ મહાવ્રતરૂપ શોભનીય વ્રતોનું મૂળ છે. શુદ્ધ આચાર યા સ્વભાવવાળા મુનિઓ દ્વારા ભાવપૂર્વક સમ્યક્ પ્રકારે સેવિત છે. તે વૈરભાવની નિવૃત્તિ અને તેનો અંત કરનાર છે તથા સમસ્ત સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્રની સમાન તરવામાં મુશ્કેલ તેવા સંસાર સાગરને તરવાના ઉપાયરૂપ હોવાથી તીર્થ સ્વરૂપ છે.

તીર્થંકર ભગવંતોએ બ્રહ્મચર્ય વ્રતના પાલન રૂપમાર્ગ ગુપ્તિ આદિનું સમ્યક્ પ્રકારે કથન કર્યું છે. તે નરકગતિ અને તિર્યંચગતિના માર્ગને રોકનાર છે. સર્વ પવિત્ર અનુષ્ઠાનોને સારયુક્ત બનાવનાર તથા મુક્તિ અને વૈમાનિક દેવગતિનું દ્વાર ખોલનાર બ્રહ્મચર્ય છે.

દેવેન્દ્રો અને નરેન્દ્રો દ્વારા પણ જેને નમન કરાય છે, તે મહાપુરુષોને માટે પણ બ્રહ્મચર્ય પૂજનીય છે. સર્વ જગતમાં ઉત્તમ મંગલમાર્ગ છે. તે દુર્દ્ધર્ષ છે અર્થાત્ કોઈ તેનો પરાભવ કરી શકતા નથી અથવા દુષ્કર છે. તે સર્વ ગુણોનો અદ્વિતીય નાયક છે. બ્રહ્મચર્ય જ એવું સાધન છે. જે અન્ય સર્વ સદ્‌ગુણોને અને આરાધકને પ્રેરિત કરે છે. તેથી તે મોક્ષમાર્ગનો મુગટ સમાન છે.

**વિવેચન :–**

આ ત્રણ ગાથામાં બ્રહ્મચર્યના પ્રભાવનું પ્રતિપાદન છે, જે ગાથાથી જ સ્પષ્ટ છે.

## બ્રહ્મચર્ય વિઘાતક નિમિત્ત અને રક્ષાના અમોઘ ઉપાયો :-

**૪** **जेण सुद्धचरिएण भवइ सुबंभणो सुसमणो सुसाहू । स इसी, स मुणी, स संजए, स एव भिक्खु, जो सुद्धं चरइ बंभचेरं । इमं च रइ–राग–दोस– मोह–पवड्ढणकरं, किं मज्झ–पमायदोसपासत्थ–सील करणं अब्भंगणाणि य तेल्लमज्जणाणि य अभिक्खणंकक्ख–सीस–कर–चरण वयण–धोवण– संबाहण–गायकम्म–परि मद्दणा णुलेवण–चुण्णवास–धुवण–सरीर–परिमंडण–बाउसिय–हसिय–भणिय–णट्ट–गीय– वाइय–णडणट्टग–जल्ल–मल्ल पेच्छण–वेलंबगं जाणि य सिंगारागाराणि य अण्णाणि य एवमाइयाणि तव–संजम–बंभचेर–घाओवघाइयाइं अणुचरमाणेणं बंभचेरं वज्जियव्वाइं सव्वकालं ।**

**ભાવાર્થ :–** બ્રહ્મચર્ય મહાવ્રતનું નિર્દોષ રીતે પાલન કરનાર સુબ્રાહ્મણ, સુશ્રમણ અને સુસાધુ કહેવાય છે. જે શુદ્ધ બ્રહ્મચર્યનું આચરણ કરે છે તે ઋષિ અર્થાત્ તત્વદષ્ટા છે. તે મુનિ–તત્વનું વાસ્તવિક મનન કરનાર છે. તે સંયત અને સાચા ભિક્ષુ છે. બ્રહ્મચર્યના પાલન કરનારા પુરુષોએ નિમ્નોક્ત વ્યવહારોનો ત્યાગ કરવો જોઈએ. રતિ–ઈન્દ્રિયોના વિષયો પ્રતિ રાગ; પારિવારિકજનો પ્રત્યે સ્નેહ, દ્વેષ અને મોહ અજ્ઞાનની વૃદ્ધિ કરનાર, પ્રમાદ દોષ તથા પાર્શ્વસ્થ–શિથિલાચારી સાધુઓના શીલ–આચાર, ઘી આદિનું માલિશ; તેલ લગાવીને સ્નાન કરવું; વારંવાર બગલ, મસ્તક, હાથ, પગ, અને મુખ વગેરે ધોવા; માલિશ કરવું; પગ આદિ દબાવવા, પગચંપી કરાવવી; પરિમર્દન કરવું; સમગ્ર શરીર મસળવું; સાબુ લગાવવો, લેપ કરવો; સુગંધિત ચૂર્ણ–પાવડરથી શરીરને સુગંધિત બનાવવું, અગર વગેરે સુગંધી દ્રવ્યોનો ધૂપ દેવો; શરીરને મંડિત કરવું; શોભાયુક્ત બનાવવું; બાકુશિક કર્મો કરવા; નખ, વાળ, અને વસ્ત્રોને શોભાયુક્ત બનાવવા; હાંસી, ઠઠ્ઠા–મશ્કરી કરવી, વિકારયુક્ત ભાષણ કરવું; નાટ્ય, ગીત, વાજીંત્ર, નટો, નૃત્યકારો અને જલ્લો–દોરી પર રમત દેખાડનારાઓ, મલ્લો– કુસ્તીબાજોના તમાસા જોવા તથા એવા પ્રકારની અન્ય પ્રવૃત્તિ જે શ્રૃંગારના સ્થાન છે; જેનાથી તપશ્ચર્યા, સંયમ અને બ્રહ્મચર્યનો ઉપઘાત–આંશિક વિનાશ અથવા ઘાત–પૂર્ણતઃ વિનાશ થાય છે. બ્રહ્મચર્યનું આચરણ કરનારાઓએ સદાને માટે આવા કાર્યોનો ત્યાગ કરવો જોઈએ.

**૫** **भावियव्वो भवइ य अंतरप्पा इमेहिं तव णियम सील जोगेहिं णिच्चकालं । किं ते ? अण्हाणग–अदंतधावण–सेय–मल–जल्लधारणं मूणवय–केसलोय–खम–दम–अचेलग–खुप्पिवासलाघव–सीउसिण– कट्ठसिज्जा–भूमिणिसिज्जा–परघरपवेस–लद्धावलद्ध–माणावमाण– णिंदण– दंसमसग–फास–णियम–तव–गुण–विणय–माइएहिं जहा से थिरतरगं होइ बंभचेरं ।**

**इमं च अबंभचेर–विरमण–परिरक्खणट्ठयाए पावयणं भगवया सुकहियं**

**अत्तहियं पेच्चाभावियं आगमेसिभद्दं सुद्धं णेयाउयं अकुडिलं अणुत्तरं सव्वदुक्ख- पावाणं विउसमणं ।**

**ભાવાર્થ :–** આ ત્યાજ્ય વ્યવહારોના ત્યાગની સાથે સૂત્રોક્ત તપ, નિયમ, શીલ યુક્ત વ્યાપારોથી અંતરાત્માને ભાવિત કરવો જોઈએ. તે વ્યાપાર ક્યા છે ? સ્નાન ન કરવું, દાંત ન ધોવા, સ્વેદ(પસીનો) ધારણ કરવો. શરીર પર જામેલા મેલ તથા તેનાથી ભિન્ન થયેલ મેલને ધારણ કરવો. મૌનવ્રત ધારણ કરવું. કેશનું લુંચન કરવું, ક્ષમા, ઈન્દ્રિય નિગ્રહ, અચેલકત્વ–વસ્ત્ર રહિત થવું અથવા અલ્પ વસ્ત્ર ધારણ કરવા. ભૂખ તરસ સહન કરવી, લાઘવતા–અલ્પ ઉપધિ રાખવી, ઠંડી ગરમી સહન કરવી, કાષ્ટ શય્યા, ભૂમિ નિષદ્યા અર્થાત્ જમીન પર આસન, અન્યના ઘરમાં પ્રવેશ–શય્યા, ભિક્ષા આદિ માટે ગૃહસ્થના ઘરમાં જવું અને મળે અથવા ન મળે તેમાં સમભાવ રાખવો. માન, અપમાન, નિંદા, ડાંસ, મચ્છરનો પરીષહ સહન કરવો. નિયમ અથવા દ્રવ્યાદિ સંબંધી અભિગ્રહ ધારણ કરવો, તપ તથા મૂલગુણ અને વિનયાદિથી અંતઃકરણને ભાવિત કરવું જોઈએ. જેનાથી બ્રહ્મચર્યવ્રત અત્યંત સ્થિર અથવા દઢ થાય છે.

અબ્રહ્મ નિવૃત્તિ(બ્રહ્મચર્ય)વ્રતની રક્ષા માટે ભગવાન મહાવીરે આ પ્રવચન કહ્યું છે. આ પ્રવચન આત્માના હિતને માટે છે, પરલોકમાં સુફળ પ્રદાયક છે, ભવિષ્યમાં કલ્યાણનું કારણ છે, શુદ્ધ છે, ન્યાય યુક્ત છે, કુટિલતાથી રહિત છે, અનુત્તર સર્વોત્તમ છે, સર્વ દુઃખ અને પાપનું ઉપશામક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રમાં ક્રમશઃ બ્રહ્મચર્યના બાધક અને સાધક નિયમોનું કથન છે. અનાદિ કાલના મોહનીય કર્મના દઢતમ સંસ્કારના કારણે કામવાસના એટલી પ્રબળ છે કે સાધક આંશિક પણ અસાવધાન બની જાય તો તેનો ઉદય થઈ જાય છે અને વર્ષોની પ્રયત્ન પૂર્વકની સાધના નિષ્પ્રાણ બની જાય છે. તેથી સાધકે પાંચે ઈન્દ્રિયમાંથી કોઈ પણ ઈન્દ્રિયના વિષયને પોષણ મળે, જે પ્રવૃત્તિથી કામરાગનું બીજ અંકુરિત થવાની શક્યતા હોય તેવી પ્રવૃત્તિ મનથી પણ ન કરવી જોઈએ. સૂત્રમાં તે પ્રવૃત્તિઓનો વિસ્તૃત ઉલ્લેખ છે. સાધકે શારીરિક વાસનાજન્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરી પોતાના અંતિમ લક્ષ્ય પર જ મનને કેન્દ્રિત કરવું જોઈએ.

તેથી બ્રહ્મચર્યના પૂર્ણ આરાધકોએ શાસ્ત્રોક્ત સર્વ વિધિનિષેધોનું અંતઃકરણથી, આત્મ શોધનના ઉદ્દેશ્યથી પાલન કરવું જોઈએ. આ પ્રકારના આચરણથી જ તેના મહાવ્રત સુરક્ષિત રહે છે. સુરક્ષિત બ્રહ્મચર્યના અલૌકિક તેજથી સાધકની સમગ્ર સાધના તેજોમય બની જાય છે; તેની અદ્ભુત આંતરિક શક્તિઓ પ્રગટ થાય છે; આત્મા તેજનો પુંજ બની જાય છે અને બ્રહ્મચારી સાધકના ચરણોમાં મસ્તક સુરેન્દ્ર–અસુરેન્દ્ર અને નાગેન્દ્ર નમાવે છે.

**બ્રહ્મચર્ય મહાવ્રતની પાંચ ભાવના : ૧. વિવિક્ત શયનાસન :–**

**६ तस्स इमा पंच भावणाओ चउत्थवयस्स होंति अबंभचेरविरमण–**

परिरक्ख–णट्ठयाए ।

पढमं–सयणासण–घर–दुवार–अंगण–आगास–गवक्ख–साल–अभिलोयण–पच्छवत्थुग–पसाहणग–ण्हाणिगावगासा, अवगासा जे य वेसियाणं, अच्छंति य जत्थ इत्थियाओ अभिक्खणं मोहदोस– रइराग–वड्ढणीओ, कहिंति य कहाओ बहुविहाओ, ते वि हु वज्जणिज्जा । इत्थि–संसत्त संकिलिट्ठा, अण्णे वि य एवमाई अवगासा ते हु वज्जणिज्जा ।

जत्थ मणोविब्भमो वा भंगो वा भंसणा [भसंगो] वा अट्टं रुद्दं च हुज्ज झाणं तं तं वज्जेज्जऽवज्जभीरू अणाययणं अंतपंतवासी ।

एवमसंसत्तवासवसही समिइ–जोगेण भाविओ भवइ अंतरप्पा, आरयमण– विरयगामधम्मे जिइंदिए बंभचेरगुत्ते ।

**ભાવાર્થ :–** ચોથા બ્રહ્મચર્ય વિરમણ વ્રતની રક્ષા માટે આ પાંચ ભાવનાઓ છે.

પ્રથમ ભાવના આ પ્રકારે છે– શય્યા, આસન, ગૃહદ્વાર(ઘરનો દરવાજો), આંગણું, ગવાક્ષ–ઝરૂખા, શાળા–સામાન રાખવાનો રૂમ, અભિલોકન–બેસીને જોવાનું ઊંચું સ્થાન, પશ્ચાતગૃહ–પછવાડું, પ્રસાધનક અથવા શૃંગાર સ્થાન, સ્નાનગૃહ ઈત્યાદિ સર્વ સ્થાન–સ્ત્રી સંસક્ત–નારીના સંસર્ગયુક્ત હોવાથી વર્જનીય છે. તે સિવાય વેશ્યાઓનું સ્થાન તેમજ જ્યાં સ્ત્રીઓ ઊઠતી–બેસતી હોય; વારંવાર મોહ, દ્વેષ, કામરાગ અને સ્નેહરાગ વર્ધક કથા વાર્તા થતી હોય; તે સ્થાનનો ત્યાગ કરે. તે ઉપરાંત સ્ત્રીના સંસર્ગના કારણે સંક્લિષ્ટ–સંક્લેશ યુક્ત જે સ્થાન હોય તેનો ત્યાગ કરે.

જ્યાં રહેવાથી મનમાં વિભ્રમ–ચંચળતા ઉત્પન્ન થાય, બ્રહ્મચર્યનો ભંગ થાય અથવા આંશિક રૂપે ખંડન થાય, આર્ત કે રૌદ્ર ધ્યાન થાય, તે તે અનાયતનો–અયોગ્ય સ્થાનનો પાપભીરુ–બ્રહ્મચારી ત્યાગ કરે.

આ રીતે અસંસક્તવાસ–સ્ત્રીઓના સંસર્ગ યુક્ત સ્થાનના ત્યાગરૂપ સમિતિના યોગથી યુક્ત અંતઃકરણવાળા સાધક બ્રહ્મચર્યની મર્યાદાવાળા તથા ઈન્દ્રિયના વિષયોથી વિરક્ત, જિતેન્દ્રિય અને બ્રહ્મચર્યથી ગુપ્ત–સુરક્ષિત હોય છે.

**૨. સ્ત્રીકથા વર્જન :–**

**૭** बिइयं– णारीजणस्स मज्झे ण कहियव्वा कहा–विचित्ता विब्बोय–विलास– संपउत्ता हाससिंगार–लोइयकहव्व मोहजणणी, ण आवाह–विवाह–

**वर–कहा, इत्थीणं वा सुभग–दुब्भगकहा, चउसट्ठिं च महिलागुणा, ण वण्ण–देस–जाइ–कुल–रूव– णाम–णेवत्थ–परिजण–कहा इत्थियाणं, अण्णा वि य एवमाइयाओ कहाओ सिंगार– कलुणाओ, तवसंजमबंभचेरघाओवघाइयाओ अणुचरमाणेणं बंभचेरं ण कहियव्वा, ण सुणियव्वा, ण चिंतियव्वा ।**

**एवं इत्थीकहाविरइसमिइजोगेणं भाविओ भवइ अंतरप्पा आरयमण–विरयगामधम्मे जिइंदिए बंभचेरगुत्ते ।**

**ભાવાર્થ :–** બીજી ભાવનાનું સ્વરૂપ આ પ્રમાણે છે. સ્ત્રીઓની વચ્ચે અનેક પ્રકારની વાર્તા–વાતો કરે નહીં. જે વાતો સ્ત્રીઓની કામુક ચેષ્ટાઓથી અને વિલાસ–સ્મિત–કટાક્ષ આદિના વર્ણનથી યુક્ત હોય, જેમાં હાસ્યરસ અને શ્રૃંગારરસની પ્રધાનતા હોય; સાધારણ લોકોની કથા જેવી હોય; જે મોહ ઉત્પન્ન કરાવનાર હોય; દ્વિરાગમન–લગ્ન સંબંધી વાતો; સ્ત્રીઓના સૌભાગ્ય–દુર્ભાગ્યની વાતો; તેવી કોઈ પણ પ્રકારની વાતો કરે નહિ. સ્ત્રીઓના ચોસઠ ગુણો(કલાઓ) સ્ત્રીઓના રંગ–રૂપ–દેશ–જાતિ– કુળ –સૌંદર્ય–ભેદ–પ્રભેદ–પદ્મિની, ચિત્રિની, હસ્તિની, શંખિની વગેરે પ્રકાર તથા તેના પોશાક તથા આપ્તજનો સંબંધી કથાઓ તથા આ પ્રકારની અન્ય કથાઓ શ્રૃંગારરસ કે કરુણતા ઉત્પન્ન કરાવનાર હોય, તપ–સંયમ તથા બ્રહ્મચર્યનો ઘાત–ઉપઘાત કરનાર હોય. આવી કથાઓ બ્રહ્મચર્યનું પાલન કરનારા સાધુજનો કરે નહીં, સાંભળે નહીં અને તેનું મનમાં ચિંતન પણ કરે નહીં.

આ પ્રકારે સ્ત્રીકથા વિરતિ–સમિતિના યોગથી ભાવિત અંતઃકરણવાળા સાધક બ્રહ્મચર્યની મર્યાદાવાળા તથા ઈન્દ્રિયના વિષયોથી વિરક્ત, જિતેન્દ્રિય અને બ્રહ્મચર્યથી ગુપ્ત–સુરક્ષિત હોય છે.

### ૩. સ્ત્રીઓના રૂપ દર્શનનો ત્યાગ :–

**૮** **तइयं–णारीणं हसिय–भणिय–चेट्ठिय–विप्पेक्खिय–गइ–विलास–कीलियं, विब्बोइय–णट्ट–गीय–वाइय–सरीर–संठाण–वण्ण–कर–चरण–णयण–लावण्ण–रूव–जोव्वण–पयोहराधर वत्थालंकार–भूसणाणि य, गुज्झोगासियाइं, अण्णाणि य एवमाइयाइं तव–संजम–बंभचेर–घाओवघाइयाइं अणुचरमाणेणं बंभचेरं ण चक्खुसा, ण मणसा, ण वयसा पत्थेयव्वाइं पावकम्माइं ।**

**एवं इत्थीरूवविरइ–समिइजोगेण भाविओ भवइ अंतरप्पा आरयमण–विरयगामधम्मे जिइंदिए बंभचेरगुत्ते ।**

**ભાવાર્થ :–** ત્રીજી ભાવના આ પ્રકારે છે. જેનાથી તપ, સંયમ તથા બ્રહ્મચર્યનો ઘાત–ઉપઘાત થાય તેવા સ્ત્રીઓના હાસ્યને, વિકારયુક્ત ભાષણને, હાથ વગેરેની ચેષ્ટાઓને, વિપ્રેક્ષણ અર્થાત્ કટાક્ષયુક્ત

નિરીક્ષણને, ગતિને, ચાલને, વિલાસ અને ક્રીડાને; વક્રોક્તિ અર્થાત્ અનુકૂળ ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ થવા પર અભિમાનપૂર્વક કરેલ તિરસ્કારને, નાટક, નૃત્ય, ગીત, વાજીંત્ર, વીણા આદિ વાદ્યોના વાદનને, શરીરની આકૃતિ, સફેદ, કાળો, આદિ વર્ણ; હાથ, પગ તેમજ નેત્રોની સુંદરતા, રૂપ, યૌવન, સ્તન, ઓષ્ઠ, વસ્ત્ર, અલંકાર અને આભૂષણ; કપાળનો ચાંદલો આદિને તથા તેના ગોપનીય અંગોને અને સ્ત્રીઓના અન્ય અંગોપાંગ અથવા ચેષ્ટાઓને; બ્રહ્મચર્યનું પાલન કરનાર મુનિ આંખોથી જુએ નહીં, મનથી વિચારે નહીં અને વચનથી તેના સંબંધમાં કાંઈ બોલે નહીં અને પાપમય કાર્યોની અભિલાષા કરે નહીં.

આ પ્રકારે સ્ત્રી રૂપદર્શન વિરતિરૂપ–સમિતિના યોગથી ભાવિત અંતઃકરણવાળા સાધક બ્રહ્મચર્યની મર્યાદાવાળા તથા ઈન્દ્રિયના વિષયોથી વિરક્ત, જિતેન્દ્રિય અને બ્રહ્મચર્યથી ગુપ્ત–સુરક્ષિત હોય છે.

## ૪. પૂર્વભોગ ચિંતન ત્યાગ :-

**૯ चउत्थं- पुव्वरय-पुव्वकीलिय-पुव्वसंगंथगंथ-संथुया जे ते- आवाह-विवाह-चोल्लगेसु य तिहिसु जण्णेसु उस्सवेसु य सिंगारागारचारुवेसाहिं हावभाव पललिय-विक्खेव-विलास- सालिणीहिं अणुकूल-पेम्मिगाहिं सद्धिं अणुभूया सयणसंपओगा, उउसुहवरकुसुम-सुरभि चंदण-सुगंधिवर-वाम-धूव- सुहफरिस-वत्थ-भूसण-गुणोववेया, रमणिज्जाओज्जगेय-पउर-णड-णट्टग- जल्ल- मल्ल-मुट्ठिग-वेलंबग-कहग-पवग-लासग-आइक्खग-लंख-मंख-तूणइल्ल तुंबवीणिय तालायर-पकरणाणि य बहूणि महुरसरगीय-सुस्सराइं, अण्णाणि य एवमाइयाणि तव-संजम-बंभचेर-घाओवघाइयाइं अणुचरमाणेणं बंभचेरं ण ताइं समणेण लब्भा दट्ठुं, ण कहेउं, ण वि सुमरिउं जे ।**

**एवं पुव्वरय-पुव्वकीलिय-विरइ-समिइ-जोगेण भाविओ भवइ अंतरप्पा आरयमण-विरयगामधम्मे जिइंदिए बंभचेरगुत्ते ।**

**ભાવાર્થ :-** ચોથી ભાવના આ પ્રકારે છે– ગૃહસ્થાવસ્થામાં પૂર્વે કરેલ રમણ અર્થાત્ વિષયયોગ, પૂર્વે કરેલી જુગાર આદિ ક્રીડા, પૂર્વના સગ્રંથ–શ્વસુરકુળ–શ્વસુરપક્ષ સંબંધી, સાળા આદિ સંબંધી, તથા સંશ્રુત–પૂર્વજોના પરિચિત માણસો સંબંધી સ્મરણ કરવું ન જોઈએ. તે સિવાય લગ્નસંબંધી, ચુડાકર્મ, શિશુમુંડન તથા પર્વતિથિઓમાં યજ્ઞો, નાગપૂજા આદિના ઉત્સવો પર શ્રૃંગારના ઘર સમાન સજેલા હાવ–ભાવ(મુખની ચેષ્ટા, ચિત્તનો અભિપ્રાય), પ્રલલિત–લાલિત્ય યુક્ત કટાક્ષ, વિક્ષેપ, ચોટલા, પત્રલેખા, આંખોમાં આંજણ આદિ શ્રૃંગાર, વિલાસ, હાથ, નેણ અને આંખોની વિશેષ પ્રકારની ચેષ્ટા આ સર્વથી સુશોભિત, અનુકૂળ પ્રેમી સ્ત્રીઓની સાથે અનુભવ કરેલ અનેક જાતના શયન પ્રયોગ, ઋતુના ઉત્તમ

વાસદ્રવ્ય, ધૂપ, સુખદ સ્પર્શવાળા વસ્ત્રો, આભૂષણો, તેના ગુણોથી યુક્ત, રમણીય આતોદ્ય–વાજીંત્રોના ધ્વનિ, ગીત, પ્રચુર નટ,નર્તક–નાચનારા, જલ્લ–દોરડા પર ખેલ દેખાડનાર, મલ્લ– કુસ્તીબાજ, મૌષ્ટિક–મુક્કાબાજી કરનાર, વેલંબક–વિદુષક, કથા વાર્તા સંભળાવનારા, પ્લવક–કૂદનાર, રાસગાનાર અથવા રાસલીલા કરનાર, શુભ–અશુભ બતાવનાર, લંખ–ઊંચા વાંસ પર ખેલ કરનારા, મંખ–ચિત્રો લઈને ભીખ માંગનાર, તૂણ નામનું વાજીંત્ર વગાડનાર, વીણા વગાડનાર, તાલાચર–એક જાતનો તમાસો બતાવનાર, આ બધાની રમતો, ગાનારના વિવિધ પ્રકારના મધુર અવાજ વાળા ગીત તથા સુંદર સ્વર અને આ પ્રકારના બીજા વિષયો જે તપ, સંયમ અને બ્રહ્મચર્યના ઘાત–ઉપઘાત કરનારા છે. તેને બ્રહ્મચર્યના પાલક શ્રમણો જુએ નહીં તથા તે સંબંધી વાતચીત કરે નહીં તથા પૂર્વકાળમાં જોયેલ કે સાંભળેલ હોય તેનું સ્મરણ પણ કરે નહીં.

આ પ્રકારે પૂર્વરત–પૂર્વક્રીડા વિરતિ–સમિતિના યોગથી ભાવિત અંતઃકરણવાળા સાધક બ્રહ્મચર્યની મર્યાદાવાળા તથા ઈન્દ્રિયના વિષયોથી વિરક્ત, જિતેન્દ્રિય અને બ્રહ્મચર્યથી ગુપ્ત–સુરક્ષિત હોય છે.

### ૫. સ્નિગ્ધ, સરસ ભોજન ત્યાગ :–

**૧૦ पंचमगं–आहार–पणीय–णिद्ध–भोयण–विवज्जए संजए सुसाहू । ववगय–खीर–दहि–सप्पि–णवणीय–तेल्ल–गुल–खंड–मच्छंडिग–महु– खज्जग–विगइ–परिचत्तकयाहारे ण दप्पणं ण बहुसो ण णिइगं ण सायसूपाहियं ण खद्धं, तहा भोत्तव्वं जहा से जाया–माया य भवइ, ण य भवइ विब्भमो ण भंसणा य धम्मस्स ।**

**एवं पणीयाहार–विरइ–समिइ–जोगेण भाविओ भवइ अंतरप्पा आरयमण–विरयगामधम्मे जिइंदिए बंभचेरगुत्ते ।**

**ભાવાર્થ :–** પાંચમી ભાવના આ પ્રમાણે છે. પ્રણીત અને સ્નિગ્ધ(ઘી યુક્ત) ભોજનના ત્યાગી, સંયમી સાધુ, દૂધ, દહીં, ઘી, માખણ, તેલ, ગોળ, ખાંડ, સાકર, મધ, ખાદ્યક–પકવાન અને વિગય વિનાનો આહાર કરે, તે દર્પકારક–ઈંદ્રિયોને ઉત્તેજિત કરે તેવો આહાર ન કરે. તે દિવસમાં બહુ વાર ન ખાય અને દરરોજ–નિરંતર ન ખાય, દાળ અને શાકની અધિકતાવાળા અને પ્રભૂત–પ્રચુર ભોજન ન કરે. તેની સંયમયાત્રાના નિર્વાહ માટે જરૂરી હોય તેટલો જ હિત અને મિત આહાર કરે. જેનાથી મનમાં વિભ્રમ–ચંચળતા ઉત્પન્ન ન થાય અને ધર્મ(બ્રહ્મચર્ય)થી ચલિત ન થાય.

આ રીતે પ્રણીત–આહારની વિરતિરૂપ સમિતિના યોગથી ભાવિત અંતઃકરણવાળા સાધક બ્રહ્મચર્યની મર્યાદાવાળા તથા ઈન્દ્રિયના વિષયોથી વિરક્ત, જિતેન્દ્રિય અને બ્રહ્મચર્યથી ગુપ્ત–સુરક્ષિત હોય છે.

## વિવેચન :-

બ્રહ્મચર્ય મહાવ્રતની સુરક્ષા માટે પાંચ ભાવનાનું નિરૂપણ છે. તે પાંચે ભાવનામાં વાસનાના સંસ્કારને ઉદ્દીપિત કરનાર પ્રવૃત્તિનો ત્યાગ છે. બ્રહ્મચર્ય વ્રત મહાન છે, તેનો પ્રભાવ અલૌકિક છે પરંતુ તેનું પાલન અત્યંત કઠિન છે. તેથી સાધકે તેના માટે અત્યંત સાવધાન રહેવું જોઈએ. શ્રી ઉત્તરાધ્યન સૂત્રમાં બ્રહ્મચર્યની રક્ષા માટે નવ વાડનું પ્રતિપાદન કર્યું છે. પ્રસ્તુત પ્રસંગમાં કથિત પાંચ ભાવનાનો તેમાં સમાવેશ થઈ જાય છે.

**(૧) વિવિક્ત શયનાસન :–** સાધક જે સ્થાનમાં નિવાસ કરે તે સાધનાને અનુકૂળ હોવું જોઈએ. સ્ત્રી આદિથી સંસક્ત સ્થાન સાધનામાં બાધક બને છે. તેથી સ્ત્રી આદિથી રહિત સ્થાનમાં સાધુ નિવાસ કરે.

**(૨) સ્ત્રીકથા ત્યાગ :–** બ્રહ્મચારી સાધક સ્ત્રીઓ સંબંધી કામુક ચેષ્ટાઓના વિલાસ, હાસ્ય આદિ; સ્ત્રીઓની વેશભૂષા આદિ; તેના રૂપ, સૌંદર્ય, જાતિ, કુળ, ભેદ–પ્રભેદ તથા વિવાહ આદિ સંબંધિત વાતો ન કરે. આ પ્રકારની વાત પણ મોહજનક હોય છે, સંયમમાં બાધક છે.

**(૩) સ્ત્રી રૂપદર્શન ત્યાગ :–** ત્રીજી ભાવનાનો સંબંધ મુખ્યતઃ ચક્ષુઈન્દ્રિયની સાથે છે. જે દશ્ય કામ–રાગને વધારનાર હોય, મોહજનક હોય, આસક્તિ જગાડનાર હોય તેવા દશ્યનું બ્રહ્મચારી પુરુષ દર્શન ન કરે. સ્ત્રીઓનું હાસ્ય, વાતચીત, વિલાસ, ક્રીડા, નાચ, શરીર, આકૃતિ, રૂપ, રંગ, હાથ–પગ,આંખ, લાવણ્ય, યૌવન આદિ ઉપર બ્રહ્મચારી પુરુષ નજર ન કરે. સૂર્યની સન્મુખ દષ્ટિ પડતાં જ તુરત તેને દૂર કરી લેવાય છે, તે જ રીતે ઉપરોક્ત દશ્ય પર દષ્ટિ પડી જાય તોપણ તુરત તેને દૂર કરી લે.

**(૪) પૂર્વના ભોગ સ્મરણનો ત્યાગ :–** પૂર્વના ભોગનું સ્મરણ પણ ચિત્તને ચંચળ કે સંભ્રાન્ત બનાવે છે, સાધક પોતાની વર્તમાનની સાધકાવસ્થાને ભૂલી જાય છે. આ પ્રકારની સ્થિતિ સંયમ ઘાતક છે, તેથી તેનો ત્યાગ કરે.

**(૫) સ્નિગ્ધ–સુંદર ભોજન ત્યાગ :–** આહાર અને વાસનાને ગાઢ સંબંધ છે તેથી અત્યંત ગરિષ્ટ આહાર, ઈન્દ્રિયોને અનિયંત્રિત બનાવે તેવો આહાર કે પ્રચુર માત્રાનો આહાર બ્રહ્મચારી માટે સર્વથા વર્જ્ય છે. સાધકે નિરસ, લુખો–સૂકો અને સાત્વિક આહાર કરે.

આ રીતે બ્રહ્મચારીએ હિતકારી ભોજન સાથે પરિમિત ભોજન જ કરવું જોઈએ અને તે પણ નિરંતર નહીં, પ્રતિદિન નહીં અર્થાત્ વચ્ચે–વચ્ચે અનશન, ઉણોદરી આદિ તપની આરાધના કરવી જોઈએ.

જે સાધક આ ભાવનાઓનું સમ્યક્ પ્રકારે પાલન કરે છે, તેનું બ્રહ્મચર્યવ્રત અક્ષુણ્ણ રહી શકે છે.

અહીં એક સ્પષ્ટતા જરૂરી છે. આગમ રચના પુરુષની પ્રધાનતાને લક્ષમાં રાખીને થઈ છે. આ

કારણથી અહીં બ્રહ્મચારી પુરુષને સ્ત્રીસંગ, સ્ત્રીકથા, સ્ત્રીના અંગોપાંગોનું નિરીક્ષણ વગેરે વર્જનનું વિધાન કર્યું છે, તે જ રીતે નારી સાધિકા–બ્રહ્મચારીણીને માટે પુરુષનો સંગ, પુરુષકથા વગેરેનું વર્જન સમજી લેવું જોઈએ. નપુંસકોની રીતભાતનું અવલોકન બ્રહ્મચારી અને બ્રહ્મચારીણી બન્નેને માટે સમાન ભાવે વર્જિત છે.

*[અહીં સૂત્ર ૧૦માં કંઈક વિચારણીય શબ્દો પ્રત્રોમાં મળે છે. તે સંબંધી સ્પષ્ટીકરણ પાંચમા સંવરદ્વારના અંતે '**વિશેષ નોંધ**'માં જુઓ.]*

**બ્રહ્મચર્ય મહાવ્રત ઉપસંહાર :–**

**૧૧** एवमिणं संवरस्स दारं सम्मं संवरियं होइ सुप्पणिहियं इमेहिं पंचहि वि कारणेहिं मण–वयण–काय–परिरक्खिएहिं । णिच्चं आमरणंतं च एसो जोगो णेयव्वो धिइमया मइमया अणासवो अकलुसो अच्छिद्दो अपरिस्सावी असंकिलिट्ठी सव्वजिणमणुण्णाओ ।

एवं चउत्थ संवरदारं फासियं पालियं सोहियं तीरियं किट्टियं आराहियं आणाए अणुपालियं भवइ । एवं णायमुणिणा भगवया पण्णवियं परूवियं पसिद्धं सिद्धं सिद्धवरसासणमिणं आघवियं सुदेसियं पसत्थं । त्ति बेमि ॥

॥ चउत्थं संवरदारं समत्तं ॥

**ભાવાર્થ :–** આ પ્રકારે મન–વચન અને કાયાથી પૂર્ણરૂપે સુરક્ષિત, સુસેવિત આ પાંચ ભાવનાઓથી આ સંવરદ્વાર–બ્રહ્મચર્ય મહાવ્રત સમ્યક્ પ્રકારે સંવૃત અને સુપ્રણિહિત–સ્થાપિત થઈ જાય છે. ધૈર્યવાન તથા બુદ્ધિમાન મુનિએ બ્રહ્મચર્ય યોગનું જીવનપર્યંત સદૈવ પાલન કરવું જોઈએ. આ બ્રહ્મચર્ય નવા કર્મના આગમનરૂપ ન હોવાથી અનાશ્રવ છે, અશુભ અધ્યવસાયથી રહિત હોવાથી અકલુષ છે, પાપનો શ્રોત પ્રવેશી શકતો નથી માટે તે અછિદ્ર છે, કર્મરૂપ પાણીનું ટીપું પણ પ્રવેશી શકતું ન હોવાથી અપરિશ્રાવી છે, અસંક્લિષ્ટ છે, શુદ્ધ છે, સર્વ તીર્થંકરો દ્વારા માન્ય છે.

આ પ્રકારે (પૂર્વોક્ત કથનાનુસાર)બ્રહ્મચર્ય નામનું સંવરદ્વાર યથાસમય અંગીકૃત, પાલિત, શોધિત–નિરતિચાર આચરિત, તીરિત–અંત સુધી પાર પહોંચાડનાર, કીર્તિત–અન્ય સમક્ષ આદર પૂર્વક કથિત, અનુપાલિત–નિરંતર સેવિત અને ભગવાનની આજ્ઞા અનુસાર આરાધિત હોય છે. આ પ્રકારે ભગવાન જ્ઞાતમુની, મહાવીર સ્વામીએ પ્રજ્ઞાપિત કર્યું છે, પ્રરૂપિત કર્યું છે, પ્રસિદ્ધ છે, સિદ્ધ છે. લોકમાં આ શાસન શ્રેષ્ઠ સિદ્ધ છે. સમ્યક્ પ્રકારે કહેલ છે, ઉપદિષ્ટ છે અને પ્રશસ્ત છે.

**॥ ચતુર્થ સંવરદ્વાર સમાપ્ત ॥**

## વિવેચન :-

આ બ્રહ્મચર્ય મહાવ્રતનું વિસ્તૃત વર્ણન ૩૨ ઉપમા અને પાંચ ભાવના સાથે પૂર્ણ થાય છે. પાંચ ભાવનાઓનો વિસ્તાર જ્ઞાનચક્ષુને ઉઘાડનાર છે. આ ભાવનાઓનું ચિંતન અને અનુચિંતન કરી તેનું સમ્યગ્ આચરણ કરનાર સાધક બ્રહ્મચર્યનો આરાધક થઈ શકે છે. આ પાંચ ભાવનાઓ બ્રહ્મચર્યની વાડરૂપ છે. અન્યત્ર નવ વાડ અને દસ બ્રહ્મચર્ય સમાધિનું વર્ણન પણ શાસ્ત્રમાં આવે છે. તે સર્વ બ્રહ્મચર્યની સુરક્ષા માટે કહેવાય છે. સાધકે સાધનાની સફળતા માટે સર્વ પ્રકારના પ્રયત્નથી બ્રહ્મચર્ય મહાવ્રતનું પાલન કરવું જોઈએ.

**॥ અધ્યયન–૪ સંપૂર્ણ ॥**

# પાંચમું અધ્યયન

## પરિચય

દ્વિતીય શ્રુતસ્કંધનું આ પાંચમું 'અપરિગ્રહ' અધ્યયન છે. તેમાં પાંચ સંવર પૈકી પાંચમાં સંવર અપરિગ્રહનું વર્ણન છે. તેમાં અપરિગ્રહનો મહિમા, અપરિગ્રહની મહત્તાદર્શક અનેક ઉપમા, અપરિગ્રહ મહાવ્રતના પાલન માટે નિર્દોષ ગોચરી વિધિનું વિસ્તૃત વર્ણન છે અને અંતે અપરિગ્રહ ભાવનાની પુષ્ટિ માટે પાંચ ભાવનાનું નિદર્શન છે.

**અપરિગ્રહનું સ્વરૂપ :–** અમૂર્ચ્છાભાવ, અનાસક્તભાવ તે જ અપરિગ્રહ છે.

**અપરિગ્રહનો મહિમા :–** આસકિતભાવ ભવભ્રમણાનું કારણ છે. તેથી વિપરીત અપરિગ્રહભાવ સિદ્ધિનું કારણ છે. જે મમત્વભાવનો ત્યાગ કરી, ઈન્દ્રિય અને મનને નિયંત્રિત કરી, વિવેકપૂર્વક સંયમનું પાલન કરે છે, તે જ શ્રમણ–ભિક્ષુ છે. મંદર મેરુના શિખરની સમાન આ મહાવ્રત મોક્ષમાર્ગના શિખરભૂત છે. તે શ્રેષ્ઠ વૃક્ષની ઉપમાથી યુક્ત છે. જેમાં સમ્યક્ત્વ મૂલ છે. અનાશ્રવ અને મોક્ષ તેનો સાર છે.

**ભિક્ષા વિધિ :–** અનેક પ્રકારના એષણા દોષો, સાવદ્ય(પાપકારી) કર્મોથી યુક્ત આહાર ગ્રહણ કરવો અપરિગ્રહી શ્રમણને કલ્પતો નથી. ૧૬ ઉદ્‌ગમના, ૧૬ ઉત્પાદનના, ૧૦ એષણાના, આ ૪૨ દોષો ઉપરાંત નીચેના દોષોનો પણ ત્યાગ કરવો જોઈએ. (૧) રચિત (૨) પર્યવજાત (૩) દાનાર્થ (૪) પુણ્યાર્થ (૫) વનીપકાર્થ (૬) શ્રમણાર્થ (૭) પશ્ચાતકર્મ (૮) પૂર્વકર્મ (૯) નિત્યકર્મ (૧૦) અતિરિક્ત (૧૧) મૌખર્ય (૧૨) સ્વયંગ્રહણ.

૪૨ દોષોથી રહિત તેમજ, નવકોટિ પરિશુદ્ધ આહાર ગ્રહણ કરવો. ભોજન વિધિથી અર્થાત્ પરિભોગૈષણાના પાંચ દોષોના પૂર્ણતયા પરિત્યાગ પૂર્વક આહાર ગ્રહણ કરવો જોઈએ. વિના કારણ આહાર ન કરવો અને આહાર ત્યાગના છ કારણ ઉપસ્થિત હોય ત્યારે આહારનો ત્યાગ કરવો.

**આભ્યંતર પરિગ્રહ ત્યાગ :–** સાધુ આભ્યંતર પરિગ્રહરૂપ કષાય, કલુષતા, સ્નેહ, મમત્વ, મોહભાવ,આસક્તિભાવ, આકાંક્ષા, લાલસાથી રહિત બને; ચંદનની સમાન સમપરિણામી; હર્ષ શોકથી રહિત બને; દીર્ઘકષાય, રંજભાવ, નારાજી આદિ ગાંઠોથી રહિત બને. સાધુ સર્વ પ્રત્યે વાત્સલ્યભાવ રાખે; સરળ બને; સુખ દુઃખમાં નિર્વિષયી બને અર્થાત્ પૌદ્‌ગલિક સુખ યા દુઃખને ચિંતનનો વિષય ન બનાવે; તેની ઉપેક્ષા કરી સ્વાધ્યાય, ધ્યાન, સેવા આદિમાં સંલગ્ન રહે.

### અપરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવનાઓ :–

આ અપરિગ્રહ મહાવ્રતની સુરક્ષાને માટે ભાવની અપેક્ષાથી પાંચ ભાવનાઓ કહેવામાં આવી

છે. શ્રોતેન્દ્રિય આદિ પાંચે ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો તે આ મહાવ્રતની પાંચ ભાવના છે.

સાધુને શબ્દ આદિ પાંચે ઈન્દ્રિય વિષયો તો પ્રાપ્ત થતા જ રહે પરંતુ તેમાં આસક્ત ન થવું, તેની ઈચ્છા પણ ન કરવી. તેણે રાગ અને દ્વેષ જેવા વિકૃતભાવોને ઉત્પન્ન થવા ન દેવા, ઉપેક્ષાભાવ તટસ્થ ભાવમાં લીન થઈ, ઈન્દ્રિયાતીત બની, સંયમનો સાચો આનંદ પ્રાપ્ત કરવો જોઈએ. જે પાંચે ઈન્દ્રિયોના વિષયથી વિરક્ત બની શકે છે તે જ અપરિગ્રહ મહાવ્રતની આરાધના કરી શકે છે.

❖❖❖❖❖

# પાંચમું અધ્યયન

## અપરિગ્રહ મહાવ્રત

**જિન પ્રજ્ઞપ્ત તેત્રીસ બોલ :–**

**१** जंबू ! अपरिग्गहसंवुडे य समणे आरंभ परिग्गहाओ विरए, विरए कोह माणमायालोहा । एगे असंजमे । दो चेव रागदोसा । तिण्णि य दंडा, गारवा य, गुत्तीओ तिण्णि, तिण्णि य विराहणाओ । चत्तारि कसाया झाण– सण्णा–विकहा तहा य हुंति चउरो । पंच य किरियाओ समिइ–इंदिय–महव्वयाइं च । छज्जीवणि–काया, छच्च लेसाओ । सत्त भया । अट्ठ य मया । णव चेव य बंभचेरवयगुत्ती। दसप्पगारे य समणधम्मे । एगारस य उवासगाणं पडिमा । बारस य भिक्खुपडिमा तेरस किरियाठाणा य । चउद्दस भूयगामा । पण्णरस परमाहम्मिया । गाहा सोल– सया । सत्तरस असंजमे । अट्ठारस अबंभे । एगुणवीसइ णायज्झयणा । वीसं असमाहिट्ठाणा ।

एगवीसा य सबला य । बावीसं परिसहा य । तेवीसए सूयगडज्झयणा । चउवीसविहा देवा । पण्णवीसाए भावणा । छव्वीसा दसाकप्पववहाराणं उद्देसण–काला । सत्तावीसा अणगारगुणा । अट्ठावीसा आयारपकप्पा । एगुणतीसा पाव–सुया । तीसं मोहणीयट्ठाणा । एगतीसाए सिद्धाइगुणा । बत्तीसा य जोगसंग्गहे। तित्तीसा आसायणा ।

एक्काइयं करित्ता एगुत्तरियाए वुड्ढीए तीसाओ जाव उ भवे तिगाहिया विरइपणिहीसु य एवमाइसु बहुसु ठाणेसु जिणपसत्थेसु अवितहेसु सासयभावेसु अवट्ठिएसु संकं कंखं णिराकरित्ता सद्दहए सासणं भगवओ अणियाणे अगारवे अलुद्धे अमूढमणवयणकायगुत्ते ।

**ભાવાર્થ :–** શ્રી સુધર્માસ્વામીએ પોતાના પ્રધાન અંતેવાસી શિષ્ય જંબૂને સંબોધન કરતાં કહ્યું, હે

જંબૂ ! જે આરંભ પરિગ્રહ અને ક્રોધ, માન, માયા તથા લોભથી વિરત છે, તે અપરિગ્રહ સંવરથી સંવૃત શ્રમણ કહેવાય છે.

એક પ્રકારનો અસંયમ(ભેદ વિવિક્ષા વિના), રાગદ્વેષ રૂપ બે પ્રકારના બંધ, ત્રણ પ્રકારના દંડ, ગર્વ, ગુપ્તિ અને વિરાધના; ચાર પ્રકારના કષાય, ધ્યાન, સંજ્ઞા, વિકથા; પાંચ–પાંચ પ્રકારની ક્રિયા, સમિતિ, ઈન્દ્રિય અને મહાવ્રત; છ પ્રકારની લેશ્યા અને છકાયના જીવ; સાત ભય, આઠ મદ, બ્રહ્મચર્ય વ્રતની નવ ગુપ્તિ(વાડ–સુરક્ષા), દસ શ્રમણધર્મ, અગિયાર શ્રાવક પ્રતિમા, બાર શ્રમણ પ્રતિમા, તેર ક્રિયા સ્થાન; ચૌદ ભૂતગ્રામ(જીવના ભેદ), પંદર પરમાધામી દેવ, સોળ સૂત્રકૃતાંગ સૂત્રના અધ્યયન; સત્તર અસંયમ; અઢાર અબ્રહ્મચર્ય; ઓગણીસ જ્ઞાતા સૂત્રના અધ્યયન; વીસ અસમાધિસ્થાન;

એકવીસ સબલદોષ; બાવીસ પરીષહ; ત્રેવીસ સૂયગડાંગ સૂત્રના અધ્યયન; ચોવીસ પ્રકારના દેવ; પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓ; દશા–કલ્પ–વ્યવહાર, આ ત્રણ સૂત્રના છવ્વીસ ઉદ્દેશક; અણગારના સત્યાવીસ ગુણ; અઠ્યાવીસ આચારકલ્પ; ઓગણત્રીસ પાપસૂત્ર; મહામોહનીય કર્મબંધના ત્રીસ સ્થાન; સિદ્ધોના એકત્રીસ ગુણ; બત્રીસ યોગ સંગ્રહ; તેત્રીસ આશાતના. આ પ્રકારે એકથી તેત્રીસ સુધીના, એક એકની વૃદ્ધિ કરતાં આ બોલોમાં અને વિરતિમૂલક એવા અનેક સ્થાનોમાં શ્રદ્ધાન અને હેયોપાદેયના વિવેકથી યુક્ત થઈને મુનિ ત્યાગવા લાયક સ્થાનોનો ત્યાગ કરે અને આરાધના કરવા લાયકની આરાધના કરે. આ પ્રકારે જિનેશ્વર દેવો દ્વારા પ્રરૂપિત સત્ય અને શાશ્વત ભાવવાળા આ અનેક અવસ્થિત સ્થાનોમાં સંદેહ અને આકાંક્ષાને દૂર કરી નિદાન, ગારવ અને લુબ્ધતાથી રહિત થઈ, જ્ઞાન યુક્ત મન વચન કાયાથી ગુપ્ત(સંયમી)બને તથા જિનેશ્વર ભગવંતના શાસનમાં દઢ શ્રદ્ધા કરે.

## વિવેચન :–

પરિગ્રહ ત્યાગરૂપ અપરિગ્રહ મહાવ્રતનું સ્વરૂપ આ અધ્યયનમાં વર્ણિત છે. દ્રવ્યથી આરંભ પરિગ્રહના ત્યાગી અને ભાવથી ચારે કષાયના ત્યાગી શ્રમણ પરિગ્રહ ત્યાગી કહેવાય છે. તે શ્રમણોની વિશિષ્ટતા માટે સૂત્રમાં તે તેત્રીસ બોલનું વર્ણન કર્યું છે. તેમાંથી શ્રમણો અસંયમ, બંધ, કષાય, દંડ વગેરેનો ત્યાગ કરે; ધ્યાન, સમિતિ, મહાવ્રત આદિનું સેવન કરે, છકાય, પરમાધામી આદિ જીવો પર અનુકંપા રાખે તથા જ્ઞાતાસૂત્રના અધ્યયન વગેરેનું જ્ઞાન કરી અનુપ્રેક્ષા કરે. તે તેત્રીસ બોલનો સ્વરૂપ વિસ્તાર આ પ્રમાણે છે–

**(૧) અસંયમ એક છે–** અવિરતિરૂપ એક સ્વભાવના કારણે અથવા ભેદની વિવક્ષા ન કરતાં, સંગ્રહનયની અપેક્ષાએ અસંયમ સામાન્ય રૂપે એક છે. મુનિ તેનો ત્યાગ કરે.

**(૨) બંધન બે પ્રકારના છે–** રાગબંધન અને દ્વેષબંધન. મુનિ બંને પ્રકારના બંધનથી દૂર રહે.

**(૩) દંડ ત્રણ છે–** મનદંડ, વચનદંડ, કાયદંડ. **ગારવ ત્રણ પ્રકારના છે–** ૠદ્ધિગારવ, રસગારવ, સાતા ગારવ. **ગુપ્તિ ત્રણ પ્રકારની છે–** મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ. **વિરાધના ત્રણ પ્રકારની છે–**

જ્ઞાન વિરાધના, દર્શનવિરાધના અને ચારિત્રવિરાધના. મુનિ દંડ, ગર્વનો ત્યાગ કરે; વિરાધનાથી દૂર રહે અને ગુપ્તિથી ગુપ્ત અને યુક્ત રહે.

**(૪) કષાય ચાર છે–** ક્રોધ, માન, માયા, લોભ. **ધ્યાન ચાર છે–** આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન. **સંજ્ઞા ચાર પ્રકારની છે–** આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા. વિકથા ચાર પ્રકારની છે– સ્ત્રીકથા, ભોજનકથા, રાજકથા, દેશકથા. મુનિ કષાય, સંજ્ઞા અને વિકથાનો ત્યાગ કરે, બેધ્યાનનો ત્યાગ કરે અને બે ધ્યાનનું સેવન કરે.

**(૫) ક્રિયાઓ પાંચ છે–** કાયિકી, અધિકરણકી, પ્રાદ્વેષિકી, પરિતાપનિકી અને પ્રાણાતિપાતિકી. **સમિતિ પાંચ છે–** ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન નિક્ષેપણ સમિતિ અને પરિષ્ઠાકા સમિતિ. **ઈન્દ્રિય પાંચ છે–** સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય. **મહાવ્રત પાંચ છે–** અહિંસામહાવ્રત, સત્યમહાવ્રત, અસ્તેયમહાવ્રત, બ્રહ્મચર્યમહાવ્રત અને અપરિગ્રહમહાવ્રત. મુનિ સમિતિ, મહાવ્રતનું સેવન–પાલન કરે. ક્રિયાઓથી દૂર રહે અને ઈન્દ્રિયોનો નિગ્રહ કરે, તેને વશમાં રાખે.

**(૬) છ જીવનિકાય અર્થાત્ સંસારી જીવોના છ વર્ગ છે–** (૧) પૃથ્વીકાય (૨) અપ્કાય (૩) તેઉકાય (૪) વાયુકાય (૫) વનસ્પતિકાય (૬) ત્રસકાય. આ સર્વ જીવોનું જ્ઞાન કરી વિવેક સાથે મુનિ તેની દયા પાળે, રક્ષા કરે.

**લેશ્યાઓ છ છે–** (૧) કૃષ્ણલેશ્યા (૨) નીલલેશ્યા (૩) કાપોતલેશ્યા (૪) તેજોલેશ્યા (૫) પદ્મલેશ્યા(૬) શુક્લલેશ્યા. મુનિ કૃષ્ણાદિ ત્રણ અશુભ લેશ્યાનો ત્યાગ કરે અને તેજો આદિ ત્રણ લેશ્યાના પરિણામ રાખે.

**(૭) ભય સાત છે–** (૧) આલોકભય (૨) પરલોકભય (૩) આદાનભય (૪) અકસ્માતભય (૫) આજીવિકાભય (૬) અપયશભય (૭) મૃત્યુભય. મુનિ આ સાતે ભયનો ત્યાગ કરે.

**(૮) મદ આઠ છે–** (૧) જાતિમદ (૨) કુલમદ (૩) બળમદ (૪) રૂપમદ (૫) તપમદ (૬) લાભમદ (૭) સૂત્રમદ (૮) ઐશ્વર્યમદ. મુનિ આઠ મદનો ત્યાગ કરે.

**(૯) બ્રહ્મચર્ય ગુપ્તિ નવ છે–** (૧) વિવિક્ત શયનાસન સેવન (૨) સ્ત્રીકથા ત્યાગ (૩) સ્ત્રીયુક્ત આસનનો પરિત્યાગ (૪) સ્ત્રીના રૂપાદિ દર્શનનો ત્યાગ (૫) સ્ત્રીઓના શૃંગાર, કરુણા તથા હાસ્યાદિ સંબધી શબ્દ–શ્રવણનો ત્યાગ (૬) પૂર્વકાળમાં ભોગવેલ ભોગોના સ્મરણનો ત્યાગ. (૭) પ્રણીત આહારનો ત્યાગ (૮) પ્રભૂત–અતિ આહારનો ત્યાગ (૯) શારીરિક વિભૂષાનો ત્યાગ. મુનિ આ બ્રહ્મચર્ય રક્ષક નિયમોનું પાલન કરે.

**(૧૦) શ્રમણધર્મ દસ છે–** (૧) ક્ષમા (૨) નિર્લોભતા (૩) આર્જવ (૪) માર્દવ (૫) લાઘવ (૬) સત્ય (૭) સંયમ (૮) તપ (૯) ત્યાગ (૧૦) બ્રહ્મચર્ય. મુનિ આ શ્રમણ ધર્મનું સેવન કરે.

**(૧૧) શ્રમણોપાસકની પ્રતિમા અગિયાર છે–** (૧) દર્શન પ્રતિમા (૨) વ્રત પ્રતિમા (૩) સામાયિક પ્રતિમા (૪) પૌષધ પ્રતિમા (૫) કાયોત્સર્ગ પ્રતિમા (૬) બ્રહ્મચર્ય પ્રતિમા (૭) સચિત્તત્યાગ પ્રતિમા (૮) આરમ્ભત્યાગપ્રતિમા (૯) પ્રેષ્યપ્રયોગત્યાગ પ્રતિમા (૧૦) ઉદિષ્ટત્યાગ પ્રતિમા (૧૧) શ્રમણભૂત પ્રતિમા. વિશેષ વિવરણ દશા શ્રુતસ્કંધ સૂત્રથી જાણવું જોઈએ. મુનિ આ પ્રતિમાઓનું શુદ્ધ પ્રરૂપણ કરે.

**(૧૨) ભિક્ષુની પ્રતિમા બાર છે–** પ્રથમ પ્રતિમા યાવત્ સાતમી પ્રતિમા. તે દરેક એક એક માસની છે. આઠમી, નવમી અને દસમી પ્રતિમા એક એક અઠવાડિયાની(સાત દિવસની), અગિયારમી એક અહોરાત્રિની અને બારમી એક રાત્રિની છે. તેનું વિશેષ વિવરણ દશાશ્રતસ્કંધ સૂત્રથી જાણવું જોઈએ. મુનિ આ પ્રતિમાઓની યથાર્થ પ્રરૂપણા કરે અને પાલન કરવાની ભાવના–મનોરથ કરે.

**(૧૩) ક્રિયાસ્થાન ૧૩ છે–** (૧) અર્થદંડ (૨) અનર્થદંડ (૩) હિંસાદંડ (૪) અકસ્માતદંડ (૫)દષ્ટિવિપર્યાસદંડ (૬) મૃષાવાદદંડ (૭) અદત્તાદાનદંડ (૮) અધ્યાત્મદંડ (૯) માનદંડ (૧૦) મિત્રદ્વેષદંડ. (૧૧) માયાદંડ (૧૨) લોભ દંડ (૧૩) ઈર્યાપથિક દંડ. વિશેષ વિવેચન સૂયગડાંગ આદિ સૂત્રોથી જાણી લેવું જોઈએ. મુનિ આ ક્રિયાઓનું વર્જન(ત્યાગ) કરે.

**(૧૪) ભૂત અર્થાત્ જીવોનો સમૂહ ૧૪ પ્રકારનો છે–** (૧) સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત (૨) સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્ત (૩) બાદર એકેન્દ્રિય પર્યાપ્ત (૪) બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત (૫) બેઈન્દ્રિય પર્યાપ્ત (૬) બેઈન્દ્રિય અપર્યાપ્ત (૭–૮) તેઈન્દ્રિય પર્યાપ્ત–અપર્યાપ્ત (૯–૧૦) ચૌરેન્દ્રિય પર્યાપ્ત–અપર્યાપ્ત (૧૧–૧૨) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત–અપર્યાપ્ત (૧૩–૧૪) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત.આ સર્વ જીવના ભેદોને જાણે અને તેની હિંસા ન કરે.

**(૧૫) પરમાધામી દેવના પંદર પ્રકાર છે–** નારક જીવોને ત્રીજી નરક સુધી જઈ અનેક પ્રકારની પીડા દેનાર અસુરકુમાર દેવ પરમાધાર્મિક કહેવાય છે, તે પંદર પ્રકારે છે– (૧) અંબ (૨) અંબરીષ (૩) શ્યામ (૪) શબળ (૫) રૌદ્ર (૬) મહારૌદ્ર (૭) કાળ (૮) મહાકાળ (૯) અસિપત્ર (૧૦) ધનુ (૧૧) કુંભ (૧૨) વાલુક (૧૩) વૈતરણિક (૧૪) ખરસ્વર (૧૫) મહાઘોષ. મુનિ આ દેવોને જાણે અને તેઓ પર સમ પરિણામ રાખે.

**(૧૬) ગાથાષોડશક–** સૂયગડાંગ સૂત્રના ૧૬ અધ્યયન, જેમાં 'ગાથા' નામનું અધ્યયન ૧૬ મું છે, તે અધ્યયનોના નામ આ પ્રમાણે છે– (૧) સમય (૨) વૈતાલીય (૩) ઉપસર્ગપરિજ્ઞા (૪) સ્ત્રીપરિજ્ઞા (૫) નરકવિભક્તિ (૬) વીરસ્તુતિ (૭) કુશીલપરિભાષા (૮) વીર્ય (૯) ધર્મ (૧૦) સમાધિ (૧૧) માર્ગ (૧૨) સમવસરણ (૧૩) યથાતથ્ય (૧૪) ગ્રંથ (૧૫) યમકીય (૧૬) ગાથા. આ અધ્યયનોનો સ્વાધ્યાય કરે અને તેમાં વર્ણિત ભાવોની સમ્યક્ શ્રદ્ધા, આરાધના કરે.

**(૧૭) અસંયમના સત્તર પ્રકાર છે–** (૧) પૃથ્વીકાય અસંયમ (૨) અપકાય અસંયમ(૩) તેઉકાય અસંયમ (૪) વાયુકાય અસંયમ (૫) વનસ્પતિકાય અસંયમ (૬) બેઈન્દ્રિય અસંયમ (૭) તેઈન્દ્રિય અસંયમ (૮) ચૌરેન્દ્રિય અસંયમ (૯) પંચેન્દ્રિય અસંયમ (૧૦) અજીવ અસંયમ (૧૧) પ્રેક્ષા અસંયમ

(૧૨) ઉપેક્ષા અસંયમ (૧૩) પ્રતિષ્ઠાપન અસંયમ (૧૪) અપ્રમાર્જન અસંયમ (૧૫) મન અસંયમ (૧૬) વચન અસંયમ (૧૭) કાય અસંયમ. આ અસંયમના પ્રકારોને સમજે અને તેનાથી દૂર રહે.

પૃથ્વીકાય આદિ નવ પ્રકારનાં જીવોની યતના ન કરવી, તેનો આરંભ કરવો તે પૃથ્વીકાય આદિ અસંયમ છે. વસ્ત્ર, પાત્ર, પુસ્તક આદિ અજીવ વસ્તુઓ અયતના પૂર્વક ગ્રહણ કરવી, તે અજીવ અસંયમ છે. ધર્મોપકરણોની યથાસમય, યથાવિધિ પ્રતિલેખના ન કરવી, પ્રેક્ષા અસંયમ છે. સંયમ કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી અને અસંયમ કાર્યમાં પ્રવૃતિ કરવી ઉપેક્ષા અસંયમ છે. મળ–મૂત્ર આદિનું શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પ્રતિષ્ઠાપન ન કરવું તે અપહત્ય અસંયમ છે. વસ્ત્ર–પાત્ર આદિ ઉપધિનું વિધિ પૂર્વક પ્રમાર્જન ન કરવું તે અપ્રમાર્જન અસંયમ છે. મનને પ્રશસ્ત ચિંતનમાં ન જોડવું તે મન અસંયમ છે. અપ્રશસ્ત, મિથ્યા, અથવા મિશ્ર ભાષાનો પ્રયોગ કરવો વચન અસંયમ છે અને કાયાથી સાવદ્ય વ્યાપાર કરવો તે કાય અસંયમ છે.

**(૧૮) અબ્રહ્મચર્યના ૧૮ પ્રકાર છે–** ઔદારિક શરીરદ્વારા મન–વાણી –કાયાથી અબ્રહ્મચર્યનું સેવન કરવું, કરાવવું અને અનુમોદવું. તે જ રીતે વૈક્રિય શરીરદ્વારા મન, વચન, કાયાથી અબ્રહ્મનું સેવન કરવું, કરાવવું, અનુમોદવું. બંને મળી અઢાર ભેદ છે. આ સર્વનો મુનિ ત્યાગ કરે.

**(૧૯) જ્ઞાત અધ્યયન–** જ્ઞાતાધર્મકથા અંગસૂત્રના ૧૯ અધ્યયન આ પ્રકારે છે– (૧) ઉત્ક્ષિપ્ત (૨) સંઘાટ (૩) અંડ (૪) કૂર્મ (૫) શૈલકઋષિ (૬) તુંબ (૭) રોહિણી (૮) મલ્લી (૯) માકંદી (૧૦) ચંદ્રિકા (૧૧) દવદવ (૧૨) ઉદક (૧૩) મંડૂક (૧૪) તેતલિ (૧૫) નંદીફળ (૧૬) અમરકંકા (૧૭) આકીર્ણ (૧૮) સુષમા (૧૯) પુંડરિક. મુનિ આ અધ્યયનોમાં વર્ણિત શિક્ષાઓને જીવનમાં ઉતારે.

**(૨૦) અસમાધિસ્થાન ૨૦ છે–** (૧) દ્રુત ચારિત્વ–સંયમની ઉપેક્ષા કરીને જલ્દી જલ્દી ચાલવું (૨) અપ્રમાર્જિતચારિત્વ– ભૂમિનું પ્રમાર્જન કર્યા વિના ઊઠવું, બેસવું, ચાલવું વગેરે (૩) દુષ્પ્રમાર્જિત ચારિત્વ–વિધિપૂર્વક ભૂમિ વગેરેનું પ્રમાર્જન ન કરવું. (૪) અતિરિક્ત શય્યાસનિકત્વ–મર્યાદાથી અધિક આસન અથવા શય્યા–ઉપાશ્રય સ્થાન ગ્રહણ કરવા.(૫) રાત્નિકપરિભાષિત્વ–પોતાનાથી વડિલ આચાર્યનો વિનય ન કરવો, અવિનય કરવો. (૬) સ્થવિરોપઘાતિત્વ–દીક્ષા, વય અને શ્રુતથી સ્થવિર મુનિઓના ચિત્તને કોઈપણ વ્યવહારથી દુઃખ પહોંચાડવું. (૭) ભૂતોપઘાતિત્વ–જીવોનો ઘાત કરવો. (૮) સંજ્વલનતા–વાત વાતમાં ક્રોધ કરવો અથવા ઈર્ષ્યાગ્નિથી બળવું (૯) ક્રોધનતા–કોપશીલ થવું. (૧૦) પૃષ્ઠિમાંસકતા–પીઠ પાછળ કોઈની નિંદા કરવી. (૧૧) અભીક્ષ્ણમવધારકતા–વારંવાર નિશ્ચયકારી ભાષાનો પ્રયોગ કરવો (૧૨) નવા નવા ક્લેશ ઉત્પન્ન કરવા (૧૩) શાંત થયેલા જૂના ક્લેશને નવેસરથી જાગૃત કરવા (૧૪) સચિત્ત રજયુક્ત હાથ–પગવાળા દાતા પાસેથી આહાર ગ્રહણ કરવો. (૧૫) નિષિદ્ધકાળમાં સ્વાધ્યાય કરવો. (૧૬) ક્લેશ ઉત્પન્ન થાય તેવું કાર્ય કરવું, વાતો કરવી અથવા તેમાં ભાગ લેવો. (૧૭) રાત્રિના સમયે મોટા અવાજથી બોલવું, શાસ્ત્રપાઠ કરવો (૧૮) ઝંઝાંકરત્વ–ગણ, સંઘ અથવા ગચ્છમાં ભેદ ઉત્પન્ન કરાવવો અથવા માનસિક પીડા ઉત્પન્ન કરનારા વચન બોલવા. (૧૯) સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ભોજન કર્યા કરવું. (૨૦) એષણાસમિતિ અનુસાર ગવેષણા આદિ ન કરવી.

મુનિ આ સર્વ દોષોનો ત્યાગ કરે. અસમાધિના વીસ બોલોનું વર્ણન સમવાયાંગ સૂત્રઅને દશાશ્રુતસ્કંધ સૂત્રમાં પણ છે.

**(૨૧) સબળદોષ–** ચારિત્રને કલુષિત કરનાર દોષ સબળદોષ કહેવાય છે, તે ૨૧ છે– (૧) હસ્તકર્મકરવું (૨) મૈથુનસેવન કરવું. (૩) અતિક્રમાદિરૂપથી રાત્રિ ભોજન કરવું. (૪) આધાકર્મથી દુષિત આહાર કરવો. (૫) શય્યાતરના આહારનું સેવન કરવું. (૬) ઉદ્દિષ્ટ આદિ દોષયુક્ત આહાર કરવો. (૭) ત્યાગેલા અશનાદિનો ઉપયોગ કરવો.(૮) છ માસમાં એક ગણનો ત્યાગ કરી બીજા ગણમાં જવું. (૯) એક માસમાં ત્રણવાર નાભિપ્રમાણ પાણીમાં અવગાહન કરવું. (૧૦) એક માસમાં ત્રણવાર માયાચારનું સેવન કરવું. (૧૧) રાજપિંડનું સેવન કરવું. (૧૨) સંકલ્પ પૂર્વક પ્રાણીઓની હિંસા કરવી. (૧૩) સંકલ્પ પૂર્વક મૃષાવાદ કરવો. (૧૪) સંકલ્પ પૂર્વક ચોરી કરવી (૧૫) જાણી જોઈને સચિત્ત ભૂમિ ઉપર કાયોત્સર્ગ કરવો (૧૬) જાણી જોઈને, ભીની સચેતરજ યુક્ત ભૂમિ પર, સચેત શિલા પર અથવા ધૂળયુક્ત લાકડાં પર સુવું, બેસવું. (૧૭) બીજ તથા જીવથી યુક્ત અન્ય કોઈ સ્થાન પર બેસવું (૧૮) જાણી જોઈને કંદમૂળ ખાવું. (૧૯) એક વર્ષમાં ૧૦ વાર નાભિપ્રમાણ જળમાં અગવાહન કરવું. (૨૦) એક વર્ષમાં દસવાર માયાનું સેવન કરવું. (૨૧) વારંવાર સચિત્ત જળથી લિપ્ત હાથ આદિથી આહારાદિ ગ્રહણ કરવા. આ સર્વનો મુનિ ત્યાગ કરે.

**(૨૨) પરીષહ :–** સંયમી જીવનમાં થનારા કષ્ટ, જેને સમભાવપૂર્વક સહન કરીને સાધુ કર્મોની વિશિષ્ટ નિર્જરા કરે છે તેને પરીષહ કહે છે. પરીષહ ૨૨ છે– (૧) ક્ષુધા (૨) પિપાસા (૩) શીત (૪) ઉષ્ણ (૫) દંશ–મશક (૬) અચેલ [નિર્વસ્ત્રતા અથવા અલ્પ અને જીર્ણ વસ્ત્રોને ધારણ કરવા] (૭) અરતિ–સંયમમાં અરુચિ (૮) સ્ત્રી (૯) ચર્યા (૧૦) નિષદ્યા (૧૧) શય્યા–ઉપાશ્રય (૧૨) આક્રોશ (૧૩) વધ (૧૪) યાચના (૧૫) અલાભ [લેવાની ઈચ્છા હોવા છતાં પણ આવશ્યક વસ્તુની પ્રાપ્તિ ન થવી] (૧૬) રોગ (૧૭) તૃણ સ્પર્શ (૧૮) જલ્લ– મેલને સહન કરવો (૧૯) સત્કાર–પુરસ્કાર–આદર સત્કારમાં અભિમાન કે અનાદરમાં વિષાદ થવો (૨૦) પ્રજ્ઞા– વિશિષ્ટ બુદ્ધિના અભાવમાં ખેદનો અનુભવ (૨૧) અજ્ઞાન– વિશિષ્ટ જ્ઞાનના અભાવમાં ખેદનો અનુભવ (૨૨) દર્શન પરીષહ. આ બાવીસ પરીષહો પર વિજય પ્રાપ્ત કરનાર સંયમી વિશિષ્ટ નિર્જરાનો ભાગી બને છે.

**(૨૩) સૂયગંડાગ સૂત્રના ૨૩ અધ્યયન છે.** પ્રથમ શ્રુતસ્કંધના પૂર્વોક્ત ૧૬ અધ્યયન અને દ્વિતીય શ્રુતસ્કંધના સાત અધ્યયન મળી ૨૩ થાય છે. દ્વિતીય શ્રુતસ્કંધના સાત અધ્યયન– (૧) પુંડરિક (૨) ક્રિયાસ્થાન (૩) આહારપરિજ્ઞા (૪) પ્રત્યાખ્યાનક્રિયા (૫) અણગારશ્રુત (૬) આર્દ્રકુમાર (૭) નાલંદા. મુનિ આ અધ્યયનોનું સમ્યક્ જ્ઞાન અને શ્રદ્ધાન કરે.

**(૨૪) ચાર નિકાયના દેવોના અવાંતર ભેદ–૨૪ છે.** ૧૦–ભવનવાસી, ૮–વાણવ્યંતર, ૫–જ્યોતિષ્ક અને ૧–વૈમાનિક. મુનિ આ દેવોની શુદ્ધ સમજણ રાખે. [મતાંતરથી મૂળપાઠમાં આવેલ " દેવ" શબ્દથી દેવાધિદેવ અર્થાત્ તીર્થંકર સમજવું જોઈએ. જેની સંખ્યા ૨૪ પ્રસિદ્ધ છે. મુનિ આ દેવાધિ દેવોની શુદ્ધ શ્રદ્ધા રાખે.]

**(૨૫) પચ્ચીસ ભાવના–** એક–એક મહાવ્રતની પાંચ–પાંચ ભાવનાઓ હોવાથી પાંચ મહાવ્રતની ૨૫ ભાવના થાય છે. આ ભાવનાઓ મહાવ્રતને પુષ્ટ કરનારી છે માટે તેની યથાવત્ આરાધના કરે.

**(૨૬) છવ્વીસ ઉદ્દેશક–** દશાશ્રુતસ્કંધના–૧૦, બૃહતકલ્પના–૬ અને વ્યવહારસૂત્રના–૧૦ કુલ મળીને છવ્વીસ ઉદ્દેશક થાય છે. મુનિ આ ઉદ્દેશકોમાં વર્ણિત સામાન્ય અને વિશેષ પરિસ્થિતિના આચારનું જ્ઞાન કરી યોગ્ય વર્તન કરે.

**(૨૭) સાધુના મૂળ ગુણ ૨૭ છે–** પાંચ મહાવ્રત, પાંચ ઈન્દ્રિય નિગ્રહ, ચાર ક્રોધાદિ કષાયોનો પરિહાર, ભાવસત્ય કરણસત્ય, યોગસત્ય, ક્ષમા, વીરાગતા , મન, વચન, કાયાનો નિરોધ, જ્ઞાનસંપન્નતા, દર્શન સંપન્નતા, ચારિત્ર સંપન્નતા, વેદનાદિ સહન, મારણાંતિક ઉપસર્ગસહન. અન્ય વિવક્ષાથી ૨૭ ગુણ આ પ્રમાણે છે. વ્રતષટ્ક પાંચ મહાવ્રત અને રાત્રિભોજન ત્યાગ, પાંચ ઈન્દ્રિય નિગ્રહ, ભાવસત્ય, કરણસત્ય, ક્ષમા, વીતરાગતા, મનનિરોધ, વચનનિરોધ, કાયાનિરોધ, છ કાયની રક્ષા, યોગયુક્તતા, વેદનાધ્યાસ, (પરીષહસહન) અને મારણાંતિક સંલેખના. આ પ્રકારે અણગારના ૨૭ ગુણ હોય છે. મુનિ તેને સદા ધારણ કરે તથા તે ગુણોનો વિકાસ કરે.

**(૨૮) પ્રકલ્પ–** આચાર પ્રકલ્પ ૨૮ છે. આચાર શબ્દથી આચારાંગ સૂત્રના બંને શ્રુતસ્કંધોના ૨૫ અધ્યયન અને પ્રકલ્પ શબ્દથી નિશીથ સૂત્રના ઉદ્‌ઘાતિક, અનુદ્‌ઘાતિક અને આરોપણા ત્રણ અધ્યયન, સર્વ મળી ૨૮ અધ્યયન ગ્રહણ કરાય છે. આ પ્રકલ્પ અધ્યયનોનું જ્ઞાન કરી મુનિ સંયમાચારમાં સાવધાન રહે અને ક્યારેક લાગતા દોષોનું યોગ્ય પ્રાયશ્ચિત્ત કરે.

**(૨૯) પાપશ્રુતપ્રસંગ–** તેના ૨૯ ભેદ આ પ્રમાણે છે. (૧) ભૌમ (૨) ઉત્પાત (૩) સ્વપ્ન (૪) અંતરિક્ષ (૫) અંગ (૬) સ્વર (૭) લક્ષણ (૮) વ્યંજન. આ આઠ પ્રકારના નિમિત્ત શાસ્ત્રોના સૂત્ર, વૃત્તિ અને વાર્તિકના ભેદથી ૨૪ ભેદ થઈ જાય છે. તેમાં વિકથાનુયોગ, વિદ્યાનુયોગ, મંત્રાનુયોગ, યોગાનુયોગ અને અન્યતીર્થિક પ્રવૃત્તાનુયોગ, આ પાંચને સમ્મિલિત કરવાથી પાપશ્રુતના ૨૯ ભેદ થાય છે. મતાંતરથી અંતિમ પાંચ પાપશ્રુતોના સ્થાને ગંધર્વ, નાટ્ય, વાસ્તુ, ચિકિત્સા અને ધનુર્વેદ નો ઉલ્લેખ મળે છે. આ પાપ શાસ્ત્રની ગણતરીમાં આવતા જ્ઞાન અને તેના ઉપયોગથી મુનિ દૂર રહે.

**(૩૦) મોહનીયસ્થાન–** મોહનીય કર્મ બંધના ૩૦ સ્થાન છે. તે આ પ્રમાણે છે–

(૧) જે વ્યક્તિ ત્રસ પ્રાણીઓને પાણીની અંદર નાખીને, પાણી દ્વારા તેને આક્રાંત કરીને મારે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

(૨) જે વ્યક્તિ મનુષ્ય વગેરેના માથાને ભીના ચામડાથી બાંધી(વીંટાળી)ને મારે છે અને હંમેશાં એવા અશુભ પાપમય કાર્ય કરતા રહે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

(૩) જે વ્યક્તિ પ્રાણીના મોઢાને હાથથી બંધ કરીને તેમજ કોઈ મકાનમાં બંધ કરીને ત્યાં વિલાપ કરતાં તેને મારે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

(૪) જે વ્યક્તિ અગ્નિને જલાવી અત્યંત ધુમાડાયુક્ત અગ્નિ સ્થાનમાં કોઈ મનુષ્ય, પશુ વગેરે પ્રાણીઓને તેમાં પ્રવેશ કરાવીને ધુમાડાથી તેનો શ્વાસ રુંધન કરી મારે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

(૫) જે વ્યક્તિ કોઈ પ્રાણીના ઉત્તમ અંગ, માથા ઉપર મુદ્ગર(હથોડા) આદિનો પ્રહાર કરે છે અથવા અતિ સંક્લેશ યુક્ત ચિત્તથી તેના માથાને ફરસી વગેરેથી કાપીને મારી નાખે છે, તે મહામોહનીય કર્મને બાંધે છે.

(૬) જે વ્યક્તિ વેશ બદલીને કોઈ મનુષ્યને પાટીયાથી અથવા ડંડાથી મારીને, તેનો ઘાત કરે છે અને પોતે આનંદથી હસે છે, તે મહામોહનીય કર્મને બાંધે છે.

(૭) જે વ્યક્તિ ગૂઢ(ગુપ્ત) પાપાચરણ કરી માયાચારથી પોતાની માયાને છૂપાવે છે, અસત્ય બોલે છે અને સૂત્રાર્થનો અપલાપ કરે છે, તે મહામોહનીય કર્મને બાંધે છે.

(૮) જે વ્યક્તિ અકૃત દુષ્ટકર્મનો અથવા પોતાનાં કરેલાં ઘોર દુષ્કર્મનો આરોપ બીજા ઉપર નાખે છે, અથવા અન્ય વ્યક્તિઓ દ્વારા કરેલ દુષ્કર્મનો કોઈ બીજા ઉપર આરોપ મૂકી કહે કે તમે આ દુષ્કાર્ય કર્યું છે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

(૯) જે વ્યક્તિ જાણવા છતાં પણ સભામાં સત્યામૃષા (જેમાં સત્ય ઓછું અને અસત્ય વધારે એવી) ભાષા બોલે છે અને લોકોની સાથે હંમેશાં કલહ કરતો રહે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

(૧૦) રાજાનો અમાત્ય(પ્રધાન) પોતાના રાજાની જ પત્નીઓને અથવા ધન મેળવવાનાં દ્વારોનો નાશ કરીને અનેક સામંત વગેરેને વિક્ષુબ્ધ કરીને રાજાને અધિકાર વગરનો કરી, કાઢી મૂકે છે ; રાજ્ય પર રાણીઓ પર અને રાજ્યના ધન પર સ્વયંનો અધિકાર જમાવી લે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

(૧૧) જે વ્યક્તિ પોતે પરણેલ હોવા છતાં કહે કે "હું કુંવારો છું" અને સ્ત્રીઓમાં આસક્ત થઈને અને તેને આધીન થઈ જાય છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

(૧૨) જે પોતે સ્વયં અબ્રહ્મચારી છે છતાં "હું બ્રહ્મચારી છું" એમ કહે છે, તે બળદોની વચ્ચે ગધેડાની સમાન બેસૂરો અવાજ કરતો ફરે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

જે અજ્ઞાની પુરુષ પોતાનું જ અહિત કરનાર, માયાચાર યુક્ત અસત્ય વચન બોલે છે અને સ્ત્રીઓના વિષયમાં આસક્ત રહે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

(૧૩) જે રાજા વગેરેનો આશ્રિત થઈને તેની ખ્યાતિથી, પ્રસિદ્ધિથી પોતાનો નિર્વાહ કરે છે. જે રાજાને પોતે સમર્પિત થાય છે, સેવા કરે છે અને પછી તે જ રાજાના ધનમાં લુબ્ધ થાય છે તે પુરુષ મહામોહનીય કર્મનો બંધ કરે છે.

(૧૪) કોઈ ઐશ્વર્યશાળી પુરુષે અથવા જનસમૂહે કોઈ નિર્ધન પુરુષને ઐશ્વર્યવાળો બનાવી દીધો હોય

ત્યાર પછી ઈર્ષા દ્વેષથી પ્રેરિત થઈને, કલુષતાયુક્ત ચિત્તથી ઉપકારી પુરુષના અથવા જનસમૂહના ભોગ–ઉપભોગ સંપદામાં અંતરાય પાડે તો, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

(૧૫) જેમ નાગણી પોતાના જ ઈંડાંને ખાય જાય છે, એવી રીતે જે પુરુષ પોતાનું ભલું કરનાર સ્વામીનો, સેનાપતિનો અથવા ધર્મપાઠકનો વિનાશ કરે છે, તે મહામોહનીય કર્મને બાંધે છે.

(૧૬) જે વ્યક્તિ રાષ્ટ્રના નાયકનો અથવા નગરના નેતા મહાયશસ્વી શેઠનો ઘાત કરે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

(૧૭) જે વ્યક્તિ ઘણા માણસોના નેતાનો તથા પ્રાણીઓને માટે દ્વીપ સમાન ત્રાણરૂપ (રક્ષણહાર) એવા અનેક લોકોના ઉપકારી પુરુષનો ઘાત કરે છે, તે મહામોહનીયકર્મને બાંધે છે.

(૧૮) જે વ્યક્તિ દીક્ષા લેવાને માટે ઉપસ્થિત છે અથવા જે પ્રવ્રજિત થઈને સંયમમાં ઉપસ્થિત છે અને પરમ તપસ્વી છે, તેને અનેક પ્રકારે ડરાવીને, ભ્રમિત કરીને ધર્મથી ભ્રષ્ટ કરે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

(૧૯) જે અજ્ઞાની પુરુષ અનંતજ્ઞાની, અનંત દર્શની એવા જિનેશ્વરના અવર્ણવાદ બોલે અથવા કરે તો, તે મહામોહનીય કર્મને બાંધે છે.

(૨૦) જે વ્યક્તિ દ્વેષવશ ન્યાયયુક્ત મોક્ષ માર્ગનો અપકાર કરે છે અર્થાત્ અનેક પ્રતિકૂળ આચરણો કરે છે અને મોક્ષ માર્ગની નિંદા કરતો ઘણા લોકોને મોક્ષમાર્ગથી ચ્યુત કરે છે, તેનાથી ભાવિત કરે છે અર્થાત્ તે દુષ્ટ વિચારોથી લિપ્ત કરે છે, તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

(૨૧) જે અજ્ઞાની પુરુષે, જે જે આચાર્યો પાસેથી અથવા ઉપાધ્યાયો પાસેથી શ્રુત જ્ઞાન લીધું છે, વિનય ધર્મને પ્રાપ્ત કર્યો છે, તેની જ નિંદા કરે અર્થાત્ "તે કંઈ જાણતા નથી, સ્વયં તે ચારિત્રથી ભ્રષ્ટ છે", ઈત્યાદિ કથનથી તેની બદનામી કરે, તો તે મહામોહનીય કર્મનો બંધ કરે છે.

(૨૨) જે આચાર્ય, ઉપાધ્યાય અને પોતાના ઉપકારીજનોની સેવા, વિનય, ભક્તિ કરી સમ્યક્ પ્રકારે તેને સંતોષ આપતો નથી અને સન્માન કરતો નથી પરંતુ બહુ અભિમાન કરે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

(૨૩) જે વ્યક્તિ વિદ્વાન, બહુશ્રુત ન હોવા છતાં પોતાને 'મહાશ્રુતનો ધારક છું' તેમ કહે અને પોતાને વિશાળ સ્વાધ્યાયવાદી અને શાસ્ત્ર પાઠક કહે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

(૨૪) જે પોતે તપશ્ચર્યા કરતો ન હોય છતાં પોતાને મહાતપસ્વી કહેવડાવે, તે લોકમાં સહુથી મોટો ચોર છે. એવા ભાવચોર હોવાના કારણે, તે મહામોહનીય કર્મને બાંધે છે.

(૨૫) સેવા–સુશ્રૂષાને માટે કોઈ રોગી આદિનો સંયોગ પ્રાપ્ત થવા પર સમર્થ હોવા છતાં "મારું આ કંઈ

પણ કાર્ય કરતો નથી" આવા નિષ્ઠુર, દયા રહિત અભિપ્રાયથી તેની સેવા વગેરે કરતો નથી, કર્તવ્યનું પાલન કરતો નથી.

તે આ માયાચારમાં પટુ, ધૂર્ત, કલુષિત ચિત્ત થઈને ભવાંતરમાં પોતાની અબોધિ (રત્નત્રય ધર્મની અપ્રાપ્તિ)નું કારણ બનતાં, મહામોહનીય કર્મ બાંધે છે.

(૨૬) જે વ્યક્તિ સર્વતીર્થોનું, સંઘોનું ભેદન કરવાને માટે ક્લેશ ઉપજાવનાર કથાઓ કરે અર્થાત્ એવા વચનોનો વારંવાર પ્રયોગ કરે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

(૨૭) જે પોતાની પ્રશંસાને માટે કે સ્ત્રી પુરુષોને પોતાનાં કરવા માટે મંત્રોના અધાર્મિક પ્રયોગોનો વારંવાર ઉપયોગ કરે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

(૨૮) જે મનુષ્ય સંબંધી અથવા પારલૌકિક દેવભવ સંબંધી ભોગોમાં તૃપ્ત ન થતાં વારંવાર તેની ઈચ્છા કરતો રહે છે, આસક્તિ પૂર્વક સેવન કરતો રહે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

(૨૯) જે અજ્ઞાની, દેવોની ઋદ્ધિ(વિમાન આદિ સંપત્તિ), દ્યુતિ(શરીર અને આભૂષણોની ક્રાંતિ), યશ અને વર્ણ(શોભા)નો તથા તેનાં બળ, વીર્યનો અવર્ણવાદ કરે છે, તેનો અસ્વીકારયુક્ત તિરસ્કાર, નિંદા કરે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે.

(૩૦) જે દેવો, યક્ષો અને વ્યંતરોને ન જોવા છતાં "હું તેને દેખું છું" અથવા "મારી પાસે દેવો આવે છે" એવું કહે છે, તે દેવોના નામથી પોતાની પૂજાની ઈચ્છાવાળો અજ્ઞાની પુરુષ, મહામોહનીય કર્મ બાંધે છે. આવા મહાકર્મ બંધના સ્થાનકોનું મુનિ ક્યારે ય સેવન ન કરે.

**(૩૧) સિદ્ધાદિગુણ :–** સિદ્ધ ભગવાનમાં આદિથી અર્થાત્ સિદ્ધાવસ્થાના પ્રથમ સમયથી જ વિદ્યમાન ગુણ સિદ્ધિદિગુણ કહેવાય છે. **"सिद्धाइगुण"** પદનો અર્થ **"सिद्धातिगुण"** સિદ્ધોના આત્યંતિક ગુણ તે ૩૧ છે.(૧–૫) મતિજ્ઞાનાવરણીય આદિ પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય. (૬–૧૪) નવ પ્રકારના દર્શનાવરણીય કર્મોનો ક્ષય (૧૫–૧૬) સાતા–અસાતા વેદનીયનોક્ષય (૧૭) દર્શનમોહનીય નો ક્ષય (૧૮) ચારિત્રમોહનીયનો ક્ષય (૧૯–૨૨) ચાર પ્રકારના આયુષ્ય કર્મનો ક્ષય (૨૩–૨૪)બે પ્રકારના ગોત્રકર્મનો ક્ષય (૨૫–૨૬) શુભનામકર્મ– અશુભનામકર્મનો ક્ષય (૨૭–૩૫) પાંચ પ્રકારનાં અંતરાય કર્મનો ક્ષય. આ સિદ્ધોના ગુણોને પ્રાપ્ત કરવા મુનિ પુરુષાર્થ કરે અને આ ગુણોથી સંપન્ન સિદ્ધ પરમાત્મા પ્રત્યે પ્રમોદભાવ રાખે.

પ્રકારાંતરથી ૩૧ ગુણ આ પ્રકારે છે. પાંચ સંસ્થાન, પાંચ વર્ણ, પાંચ રસ, બે ગન્ધ, આઠ સ્પર્શ અને ૩ વેદ (સ્ત્રી–પુરુષ–નપુંસક વેદ) થી રહિત હોવાથી ૨૮ ગુણ તથા અકાયતા, અસંગતા અને અરૂપિત્વ સર્વ મળી ૩૧ ગુણ થાય છે.

**(૩૨) યોગસંગ્રહ–** બત્રીસ યોગસંગ્રહ અર્થાત્ મોક્ષ સાધક મન, વચન, કાયાના પ્રશસ્ત વ્યાપાર કહેલ

છે. તેના દ્વારા મોક્ષની સાધના સુંદર રીતે સંપન્ન થાય છે. તે આ પ્રમાણે છે–

૧. **આલોચના** : વ્રત–શુદ્ધિને માટે શિષ્ય પોતાને લાગેલા દોષોની ગુરુ પાસે આલોચના કરે.
૨. **નિરપલાપ** : શિષ્યે કહેલા દોષો આચાર્ય કોઈને ન કહે.
૩. **આપત્સુ દઢધર્મ** : આપત્તિઓ આવે ત્યારે સાધક પોતાના ધર્મમાં દઢ રહે.
૪. **અનિશ્રિતોપધાન** : આશ્રય વિના, અપેક્ષા વિના તપશ્ચરણ કરે.
૫. **શિક્ષા** : સૂત્ર અને અર્થનું પઠન–પાઠન તેમજ અભ્યાસ કરે.
૬. **નિસ્પ્રતિ કર્મ** : શરીરની સજાવટ, શૃંગાર વગેરે ન કરે.
૭. **અજ્ઞાતતા** : યશ, ખ્યાતિ, પૂજાદિ વગેરે માટે પોતાનું તપ પ્રગટ ન કરે – અજ્ઞાત રાખે.
૮. **અલોભતા** : ભકત, પાન અને વસ્ત્ર, પાત્ર વગેરેમાં નિર્લોભ પ્રવૃત્તિ કરે.
૯. **તિતિક્ષા** : ભૂખ, તરસ વગેરે પરીષહોને સહન કરે.
૧૦. **આર્જવ** : પોતાનો વ્યવહાર નિશ્છલ તથા સરળ રાખે.
૧૧. **શુચિ** : સત્ય બોલે અને સંયમ પાળવામાં શુદ્ધિ રાખે. ભાવોની, હૃદયની પવિત્રતા રાખે.
૧૨. **સમ્યક્દષ્ટિ** : શંકા વગેરે દોષો દૂર કરીને સમ્યક્દર્શનને શુદ્ધ રાખે.
૧૩. **સમાધિ** : ચિત્તને સંકલ્પ–વિકલ્પથી રહિત, શાંત રાખે.
૧૪. **આચારોપગત** : પોતાના આચરણને માયાચારથી રહિત રાખે. આચારનિષ્ઠ રહે.
૧૫. **વિનયોપગત** : વિનય યુક્ત રહે, અભિમાન ન કરે.
૧૬. **ધૃતિમતિ** : પોતાની બુદ્ધિમાં ધૈર્ય રાખે, દીનતા ન કરે.
૧૭. **સંવેગ** : સંસારથી ભયભીત રહે અને નિરંતર મોક્ષની અભિલાષા કરે.
૧૮. **પ્રણિધિ** : હૃદયમાં માયા શલ્ય ન રાખે. એકાગ્ર ચિત્ત રહે.
૧૯. **સુવિધિ** : પોતાના ચારિત્રનું વિધિપૂર્વક સમ્યક્ પાલન કરે.
૨૦. **સંવર** : કર્મનાં આવવાનાં દ્વારનો–આશ્રવનો નિરોધ કરે.
૨૧. **આત્મદોષોપસંહાર** : પોતાના દોષોને રોકે અર્થાત્ દોષ ન લાગવા દે.
૨૨. **સર્વકામ વિરક્તતા** : સર્વ વિષયોથી વિરક્ત રહે.
૨૩. **મૂલગુણ પ્રત્યાખ્યાન** : અહિંસાદિ મૂળ ગુણ વિષયક પ્રત્યાખ્યાન કરે અથવા તેના દોષોનો ત્યાગ કરે, તેનાથી દૂર રહે.
૨૪. **ઉત્તરગુણ પ્રત્યાખ્યાન** : ઈન્દ્રિય નિરોધ આદિ ઉત્તરગુણ વિષયક પ્રત્યાખ્યાન કરે અથવા તેના દોષોનો ત્યાગ કરે.
૨૫. **વ્યુત્સર્ગ** : વસ્ત્રપાત્ર આદિ બહારની ઉપધિ અને મૂર્ચ્છા આદિ આભ્યન્તર ઉપધિનો પરિત્યાગ

કરે.

**૨૬. અપ્રમાદ** : પોતાના દેવસિક અને રાત્રિક આવશ્યક કર્તવ્યમાં અથવા આલોચનામાં પ્રમાદ ન કરે.

**૨૭. લવાલવ** : પ્રતિક્ષણ પોતાની સમાચારીના પાલનમાં સાવધ રહે.

**૨૮. ધ્યાન સંવરયોગ** : ધ્યાન–યોગ દ્વારા આત્માને સંવરિત કરે અર્થાત્ ધ્યાનના માધ્યમથી સંવરની વૃદ્ધિ કરે.

**૨૯. મારણાન્તિક** : મારણાન્તિક ઉપસર્ગો આવે છતાં ક્ષોભ ન કરે, મનમાં શાંતિ રાખે.

**૩૦. સંગ પરિજ્ઞા** : સંગ–પરિગ્રહની પરિજ્ઞા કરે અર્થાત્ તેના સ્વરૂપને જાણીને ત્યાગ કરે.

**૩૧. પ્રાયશ્ચિત્તકરણ** : પોતાના દોષોની શુદ્ધિ માટે નિત્ય પ્રાયશ્ચિત્ત કરે.

**૩૨. મારણાન્તિક આરાધના** : મરણ સમયે સંલેખનાપૂર્વક જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની વિશિષ્ટ આરાધના કરે. આ બત્રીસ ગુણો આત્મામાં સંગ્રહ કરવા લાયક છે. મુનિ એ ગુણોથી સંપન્ન થવા માટે સદા પ્રયત્નશીલ રહે.

**(૩૩)** ગુરુ રત્નાધિકની ૩૩ આશાતના આ પ્રમાણે છે–

(૧) શૈક્ષ (નવ દીક્ષિત અથવા અલ્પ દીક્ષા પર્યાયવાળા) સાધુ રત્નાધિક(વધારે દીક્ષા પર્યાયવાળા) સાધુની અતિ નજીક ચાલે.

(૨) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુથી આગળ ચાલે.

(૩) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુની પાસે બરાબરીથી ચાલે.

(૪)શૈક્ષ સાધુ રત્નાધિક સાધુને અડી અડીને ઊભો રહે.

(૫) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુની આગળ ઊભો રહે.

(૬) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુની પાસે બરાબરીથી ઊભો રહે.

(૭) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુને અડી અડીને બેસે.

(૮) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુની આગળ બેસે.

(૯) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુની પાસે બરાબરીથી બેસે.

(૧૦) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુની સાથે બહાર વિચાર ભૂમિમાં(વડીનીત માટે) ગયા હોય અને શૈક્ષ આજ્ઞા વિના રત્નાધિક સાધુથી પહેલાં ઉપાશ્રયમાં આવી જાય.

(૧૧) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુની સાથે બહાર ઉચ્ચાર ભૂમિમાં(વડીનીત માટે) જાય અને સાથે ઉપાશ્રયમાં આવી ઈરિયાવહિ પહેલાં કરે.

(૧૨) રત્નાધિક સાધુ રાત્રિમાં અથવા વિકાલમાં શૈક્ષને પૂછે કે હે આર્ય ! કોણ સૂતા છે અને કોણ જાગે છે ? તે સમયે શૈક્ષ સાધુ સાંભળવા છતાં ન સાંભળ્યું કરી જવાબ ન આપે.

(૧૩) રત્નાધિક સાથે વાત કરવા યોગ્ય કોઈ વિશિષ્ટ વ્યક્તિ આવે ત્યારે શૈક્ષસાધુ તેની સાથે પહેલાં વાત

કરી લે.

(૧૪) શૈક્ષ સાધુ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ લઈ આવીને પહેલાં કોઈ શૈક્ષની સામે આલોચના કરે (વર્ણન કરે)પછી રત્નાધિક સામે આલોચના કરે.

(૧૫) શૈક્ષ સાધુ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ લાવીને પહેલાં કોઈ શૈક્ષને બતાવે પછી રત્નાધિકને બતાવે.

(૧૬) શૈક્ષ સાધુ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર લાવીને પહેલાં કોઈ અન્ય શૈક્ષને આમંત્રણ આપે અને પછી રત્નાધિકને આમંત્રણ આપે.

(૧૭) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુની સાથે અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહારને લાવીને રત્નાધિક સાધુને પૂછ્યા વિના બીજા કોઈને આપે.

(૧૮) શૈક્ષ સાધુ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આહાર લાવીને રત્નાધિક સાધુની સાથે ભોજન કરતાં જો ઉત્તમ ભોજન પદાર્થને જલ્દી જલ્દી મોટા કોળિયાથી ખાય.

(૧૯) રત્નાધિક સાધુના કંઈક કહે ત્યારે શૈક્ષ સાધુ સાંભળ્યું ન સાંભળ્યું કરી નાખે.

(૨૦) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુને અસભ્યતા ભરેલા વચન કહે.

(૨૧) રત્નાધિક સાધુના કંઈક કહે ત્યારે ' શું છે ? ' એમ શૈક્ષ સાધુ રૂક્ષતાથી બોલે.

(૨૨) શૈક્ષ રત્નાધિક સાધુને 'તું કારો' કરી બોલે અથવા બોલાવે.

(૨૩) જેમ રત્નાધિક સાધુ શૈક્ષને કહે તેમ જ સામો બોલે, જેમ કે– આર્ય ! તમે વંદન,પ્રતિલેખન સારી રીતે કરતા નથી. તો કહે 'તમેજ સારી રીતે કરતા નથી.'

(૨૪) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુ ધર્મકથા કરતાં હોય ત્યારે 'જી હા ' એમ શબ્દોથી અનુમોદન ન કરે.

(૨૫) રત્નાધિક સાધુ કથા કરતા હોય ત્યારે શૈક્ષ એમ કહે કે, 'તમને યાદ નથી'.

(૨૬) રત્નાધિક સાધુ ધર્મકથા કરતા હોય ત્યારે શૈક્ષ સાધુ એમ કહે કે "હવે બસ કરો" એમ તે કથાને કાપી નાખે.

(૨૭) રત્નાધિક સાધુ ધર્મકથા કરતા હોય ત્યારે શૈક્ષ પરિષદનું ભેદન કરે અર્થાત્ વિખેરી નાંખે.

(૨૮)રત્નાધિક સાધુ ધર્મકથા કરે તે સમયે પરિષદ ઊભી ન થઈ હોય, ભંગ ન થઈ હોય, વ્યુચ્છિન્ન ન થઈ હોય અને વિભક્ત ન થઈ હોય અર્થાત્ તેમજ વ્યવસ્થિત બેઠેલી હોય, તે સમયે શૈક્ષ તે પરિષદને બીજી વખત તે જ કથા કરે.

(૨૯) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુની પથારી કે આસનને ઠોકર લગાવે અર્થાત્ પગ લગાડીને એમ ને એમ જ ચાલ્યો જાય; તેને હાથ લગાડી પોતાની ભૂલ સ્વીકારે નહીં, મિથ્યા દુષ્કૃત કરે નહીં.

(૩૦) શૈક્ષ રત્નાધિક સાધુના આસન અથવા પથારીમાં બેસે અથવા ઊભો રહે અથવા સૂવે.

(૩૧) (૩૨) શૈક્ષ સાધુ રત્નાધિક સાધુથી ઊંચા સ્થાને બેસે અથવા સમાન આસન પર બેસે.

(૩૩) રત્નાધિક સાધુ કંઈક કહે અને તેનો ઉત્તર શૈક્ષ ત્યાં બેઠાં બેઠાં આપે.

આ આશાતનાઓથી મોક્ષમાર્ગની વિરાધના થાય છે. તેથી દરેક સાધુ સાધ્વી માટે તે વર્જનીય છે.

મૂળ પાઠમાં તેત્રીસ આશાતના પછી 'સુરિંદા' શબ્દ, કેટલીક પ્રતોમાં છે અને કેટલીક પ્રતોમાં બત્રીસ યોગસંગ્રહ પછી આ શબ્દ છે પરંતુ બત્રીસમાં કે તેત્રીસમાં બોલમાં આ શબ્દ સંગત થતો નથી. સુરેન્દ્ર ચોસઠ છે. બત્રીસ કે તેત્રીસ થઈ શકતા નથી. વ્યાખ્યાઓમાં વાણવ્યંતરને છોડી બત્રીસ સુરેન્દ્ર અને એક નરેન્દ્ર ભેળવી તેત્રીસ સુરેન્દ્રો બતાવ્યા છે. આવશ્યક સૂત્રમાં આ તેત્રીસ બોલમાં સુરેન્દ્રનો પાઠ નથી તેથી પ્રસ્તુતમાં સુરેન્દ્રનો પાઠ રાખ્યો નથી. આ સૂત્રમાં સાતમા બોલ પછી સર્વ બોલોમાં એક એક બોલ જ છે. માટે બત્રીસ તેત્રીસમાં પણ એક જ બોલ ઉચિત છે.

પ્રસ્તુત સૂત્રમાં અપરિગ્રહ મહાવ્રતરૂપ સંવરનું નિરૂપણ કરવા માટે સૂત્રકારે શ્રમણ નિર્ગ્રંથોના આચાર–વિચારનું કથન કર્યું છે. શ્રમણો જ અપરિગ્રહ મહાવ્રતોનું પૂર્ણતયા પાલન કરી શકે છે. શ્રમણો સર્વ પ્રકારના આરંભ પરિગ્રહના ત્યાગી, મમત્વરહિત, કષાય સંવર અને ઈન્દ્રિય સંવરથી યુક્ત હોય છે.

**પરિગ્રહ– परि–समन्तात् ग्राह्यते जीवः अनेन परिग्रहः ।** જેના વડે જીવ ચારે બાજુથી ગ્રાહ્ય–જકડાઈ જાય તેને પરિગ્રહ કહે છે અને અપરિગ્રહ એટલે પરિગ્રહનો ત્યાગ કરવો. તેના બે ભેદ છે. બાહ્ય પરિગ્રહ ત્યાગ અને આભ્યંતર પરિગ્રહ ત્યાગ.

જે અપરિગ્રહ મહાવ્રતનું પાલન કરે છે, તે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે છે. સૂત્રકારે ૩૩ બોલના માધ્યમથી શ્રમણોને માટે હેય, જ્ઞેય અને ઉપાદેય બોલનું કથન કર્યું છે. યથા– અપરિગ્રહ મહાવ્રતના આરાધક અસંયમ, રાગ–દ્વેષરૂપ બંધન, ત્રણ દંડ, ચાર કષાય, પાંચ ક્રિયા, આઠ મદ, તેર ક્રિયાસ્થાન, સત્તર અસંયમ વગેરે આભ્યંતર પરિગ્રહરૂપ વૈભાવિક ભાવોનો ત્યાગ કરે છે. તેમાંથી કેટલાક બોલ જ્ઞેય છે, યથા–આચાર પ્રકલ્પ, સિદ્ધાદિ ગુણ વગેરેને જાણે. સાધનાને પરિપક્વ બનાવવા માટે ઉપાદેય બોલની આરાધના કરે, યથા શ્રમણધર્મ, ભિક્ષુ પ્રતિમા વગેરે. આ રીતે વિવેકપૂર્વક હેય–જ્ઞેય–ઉપાદેયનો ભેદ જાણી વિભાવનો ત્યાગ કરી અપરિગ્રહ મહાવ્રતરૂપ સંવરની આરાધના કરે. અહીં વિશેષતયા આભ્યંતર પરિગ્રહ–મૂર્ચ્છાભાવ, કષાયભાવ કે વિભાવના ત્યાગની મુખ્યતા છે.

## ધર્મવૃક્ષનું રૂપક :–

**२ जो सो वीरवर–वयण–विरइ पवित्थरबहुविहिप्पयारो सम्मत्त– विसुद्धमूलो धिइकंदो विणयवेइओ णिग्गय–तेल्लोक्क– विउलजस– णिविड– पीण–पवर सु जायखंधो पंचमहव्वय–विसालसालो भावणतयंतज्झाण– सुहजोग–णाणपल्लव वरंकुरधरो बहुगुणकुसुमसमिद्धो सील–सुगंधो अणण्हवफलो पुणो य मोक्खवर बीजसारो मंदरगिरि–सिहर–चूलिआ इव इमस्स मोक्खवर–मुत्तिमग्गस सिहरभूओ संवरवर–पायवो चरिमं संवरदारं ।**

**ભાવાર્થ :–** શ્રી વીરવર ભગવાન મહાવીરના વચન–આદેશથી કરેલી પરિગૃહનિવૃતિના વિસ્તારથી આ સંવરવર–પાદપ એટલેકે અપરિગ્રહ નામનું અંતિમ સંવરદ્વાર અનેક પ્રકારનું છે. સમ્યકદર્શન તેનું વિશુદ્ધ મૂળ છે. ધૃતિ–ચિત્તની સ્થિરતા તેનું કેન્દ્ર છે. વિનય રૂપ વેદિકા–ચારેબાજુનું પરિકર છે. ત્રણે લોકમાં ફેલાયેલ વિપુલયશ તેનું સઘન, મહાન અને સુનિર્મિત સ્કંધ છે. પાંચ મહાવ્રત તેની વિશાળ શાખાઓ છે. અનિત્યતા, અશરણતા વિગેરે ભાવનાઓ તેની ત્વચા છે. તે ધર્મધ્યાન, શુભયોગ તથા જ્ઞાનરૂપી પલ્લવોના અંકુરોને ધારણ કરનાર છે. અનેક ઉત્તર ગુણરૂપી ફૂલોથી એ સમૃદ્ધ છે. તે શીલની સૌરભથી ભરપૂર છે અને તે સૌરભ ઐહિક ફળની વાંછનાથી રહિત સાત્વિક વૃત્તિરૂપ છે. આ સંવરવૃક્ષ અનાશ્રવ– કર્માશ્રવના નિરોધરૂપ ફળ યુક્ત છે. મોક્ષ જ તેનો ઉત્તમ બીજસાર છે. મેરુ પર્વતના શિખર ઉપરની ચૂલિકાની સમાન નિર્લોભતા મોક્ષ માર્ગનું શિખર છે. આ રીતે અપરિગ્રહરૂપ ઉત્તમસંવરદ્વાર રૂપી જે વૃક્ષ છે તે અંતિમ સંવરદ્વાર છે.

## વિવેચન :–

અપરિગ્રહ–પાંચ સંવરદ્વારમાં અંતિમ સંવરદ્વાર છે. સૂત્રકારે આ સંવરદ્વારને વૃક્ષનું રૂપક આપી અલંકારિક ભાષામાં પ્રસ્તુત કર્યું છે. સૂત્રકારનો આશય મૂળ પાઠના ભાવાર્થથી જ સમજી શકાય છે.

## અપરિગ્રહ મહાવ્રતના આરાધક :–

**३ जत्थ ण कप्पइ गामागर–णगर–खेड–कब्बड–मडंब–दोणमुह–पट्टणा–समगयं च किंचि अप्पं वा बहुं वा अणुं वा थूलं वा तसथावरकायदव्वजायं मणसा वि परिघेत्तुं, ण हिरण्णसुवण्णखेत्तवत्थुं, ण दासी–दास–भयग–पेस– हय–गय–गवेलगं च, ण जाण–जुग्ग–सयणासणाइ, ण छत्तगं, ण कुंडिया, ण उवाणहा, ण पेहुण–वीयण–तालियंटगा, ण यावि अय–तउय–तंब– सीसग– कंस–रयय–जायरूव–मणिमुत्ताहारपुडग–संख–दंत–मणि–सिंग–सेल–काय–वरचेल–चम्मपत्ताइं महरिहाइं परस्स अज्झोववाय–लोहजणणाइं परियड्ढेउं गुणवओ, ण यावि पुप्फ–फल– कंद–मूलाइयाइं सणसत्तरसाइं सव्वधण्णाइं तिहिं वि जोगेहिं परिघेत्तुं ओसह– भेसज्जभोयणट्ठयाए संजएणं । किं कारणं ?**

**अपरिमिय णाणदंसणधरेहिं सीलगुणविणयतवसंजमणायगेहिंतित्थयरेहिं सव्वजगज्जीववच्छलेहिं तिलोयमहिएहिं जिणवरिंदेहिं एस जोणी जंगमाणं दिट्ठा। ण कप्पइ जोणिसमुच्छेओ त्ति तेण वज्जंति समणसीहा ।**

**ભાવાર્થ :–** ગ્રામ, આકર, નગર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પત્તન અથવા આશ્રમમાં રહેલ કોઈ

પણ પદાર્થ હોય, તે અલ્પ મૂલ્યવાન હોય કે બહુમૂલ્યવાન હોય, પ્રમાણમાં નાના હોય કે મોટા હોય, તે ત્રસકાય–શંખ આદિ હોય કે સ્થાવરકાય–રત્ન આદિ હોય, તે દ્રવ્ય સમૂહને મનથી પણ ગ્રહણ કરવા કલ્પનીય નથી. મનથી ગ્રહણ કરવાની ઈચ્છા કરવી પણ યોગ્ય નથી. ચાંદી, સુવર્ણ, ક્ષેત્ર(ખુલ્લી જગ્યા), વાસ્તુ(મકાન, દુકાન આદિ)ગ્રહણ કરવા કલ્પનીય નથી. દાસી, દાસ, ભૃત્ય, નિયતવૃત્તિ પ્રાપ્ત કરનારા સેવક–પગારદાર નોકર, પ્રેષ્ય(સંદેશ લઈ જનાર સેવક), ઘોડા, હાથી, બળદ વિગેરે ગ્રહણ કરવા કલ્પનીય નથી. યાન–રથ, ગાડી આદિ, યુગ્ય–ડોલી, શયન, આસન, છત્ર, છત્રી વિગેરે ગ્રહણ કરવા કલ્પનીય નથી. કમંડલ, પગરખા, મોરપીંછ, વીંજણો, તાલવૃંત–તાડનો પંખો, ગ્રહણ કરવા કલ્પનીય નથી.લોઢુ, તાંબુ, સીસુ, કાંસુ, ચાંદી, સોના, મણિ અને મોતીના આધારરૂપ સમ સમ્પુટ, શંખ, ઉત્તમ દાંત, શિંગડા, શૈલ, પથ્થર, પાઠાંતર અનુસાર શ્લેષ દ્રવ્ય, ઉત્તમ વસ્ત્ર અને ચર્મપાત્ર, આ દરેક વસ્તુ ગ્રહણ કરવી કલ્પતી નથી. આ સર્વ પદાર્થ બીજાના મનમાં ગ્રહણ કરવાની તીવ્ર આકાંક્ષા ઉત્પન્ન કરે છે, આસક્તિજનક છે. તેના રક્ષણ અને વૃદ્ધિની ઈચ્છા ઉત્પન્ન થાય છે અર્થાત્ કોઈ પણ સ્થાને પૂર્વોક્ત વસ્તુ પડી હોય તો અન્ય લોકોને તે લઈ લેવાની ઈચ્છા થાય છે, તેથી તેની રક્ષા કરવા ઈચ્છે છે. તેથી તે પદાર્થને ગ્રહણ કરવા સાધુને કલ્પનીય નથી. આ પ્રકારે પુષ્પ, ફળ, કંદ, મૂળ વગેરે તથા સણ જેમાં સત્તરમું છે એવા સર્વ ધાન્યો, ઔષધ, ભેષજ અથવા ભોજન સામગ્રી, મન, વચન, કાયાથી પરિગ્રહત્યાગી સાધુ માટે ગ્રહણ કરવા કલ્પનીય નથી. તેનું કારણ શું છે ?

અપરિમિત–અનંતજ્ઞાન અને અનંત દર્શનના ધારક, શીલ–ચિત્તની શાંતિ, ગુણ–અહિંસા વગેરે, વિનય, તપ અને સંયમના નાયક, જગતના સમસ્ત પ્રાણીઓ ઉપર વાત્સલ્ય ધારણ કરનાર, ત્રિલોકમાં પૂજનીય તીર્થંકર જિનેન્દ્ર દેવોએ પોતાના કેવળજ્ઞાનથી જોયું છે કે આ પુષ્પ, ફળ વગેરે ત્રસજીવોની યોનિ–ઉત્પત્તિ સ્થાન છે. તે યોનિનો ઉચ્છેદ–વિનાશ કરવો યોગ્ય નથી. તેથી શ્રમણોમાં સિંહ સમાન ઉત્તમ મુનિ પુષ્પ, ફળ વગેરેનું પરિવર્જન કરે છે.

### વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં અપરિગ્રહ મહાવ્રતના આરાધકના ત્યાગનું પ્રતિપાદન કર્યું છે. સૂક્ષ્મ, સ્થૂલ, સચિત્ત, અચિત્ત કોઈ પણ પદાર્થ હોય પરંતુ સાધુ તે પદાર્થનો અને તેની મૂર્ચ્છાનો ત્યાગ કરે. પદાર્થની મૂર્ચ્છા અનેક અનર્થનું સર્જન કરે છે, અનંત કર્મોનું બંધન કરે છે. તેથી આત્મ સ્વરૂપમાં જ સ્થિર થવા ઈચ્છતા પ્રત્યેક સાધકે પ્રત્યેક પર પદાર્થની આસક્તિનો અને પદાર્થનો ત્યાગ કરવો જોઈએ.

### સન્નિધિ–ત્યાગ :-

**૪ जं पि य ओयणकुम्मास–गंज–तप्पण–मंथु–भुज्जिय–पलल–सूव–सक्कुलि–वेढिम–वरसरक–चुण्णकोसग–पिंड–सिहरिणि–वट्ट–मोयग–खीर–दहि–सप्पि– णवणीय–तेल्ल–गुड–खंड–मच्छंडिय–महु खज्जग–विहिमाइयं पणीयं**

**उवस्सए परघरे व रण्णे ण कप्पइ तं वि सण्णिहिं काउं सुविहियाणं ।**

**ભાવાર્થ :–** જે કોઈ ઓદન, કુલ્માષ–અડદ અથવા થોડા ઉકાળેલ મગ, ભુંજેલા ધાન્ય વગેરે, ગંજ–એક પ્રકારનો ખાદ્ય પદાર્થ, તર્પણ–સત્તુ, બોર વિગેરેનું ચૂર્ણ, લોટ, ફોડેલી ધાણી, પલવ, ખાંડેલા તલ, સૂપ–દાળ શષ્કુલી–લાપસી, તલપાપડી, જલેબી અથવા ઈમરતી–એક જાતની મીઠાઈ આદિ, વેઢિમ–પુરણ–પોળી, વરસરક નામના ખાદ્ય પદાર્થ, ચૂર્ણકોશ–ખાદ્ય વિશેષ, ગોળ આદિનો પિંડ, શ્રીખંડ, વડા, મોદક, દૂધ, દહીં, ઘી, માખણ, તેલ, ગોળ, ખાંડ, ખડીસાકર, મધ, મીઠી ફરસી પુરી અને અનેક પ્રકારનાં વ્યંજન–શાક, છાસ, વિગેરે વસ્તુઓ સુવિહિત–પરિગ્રહત્યાગી, શોભન–આચારયુક્ત સાધુઓને ઉપાશ્રયમાં, અન્ય કોઈના ઘરમાં કે અટવીમાં સંચય કરવો કલ્પનીય નથી.

## વિવેચન :–

પૂર્વોક્ત પાઠમાં અનેક પ્રકારના ખાદ્ય પદાર્થોનો ઉલ્લેખ છે. સાધુ કોઈ પણ ક્ષેત્રમાં કે કોઈ પણ પરિસ્થિતિમાં હોય પરંતુ તેનો સંચય કરવો કલ્પનીય નથી. સંચય કરવો તે પરિગ્રહ છે. અપરિગ્રહ મહાવ્રતના આરાધક ભવિષ્યની આંશિક પણ ચિંતા કે વિકલ્પ કરતા નથી. જ્યારે જે પ્રાપ્ત થાય તે અમૂર્છિત ભાવે ભોગવે છે. તેથી કોઈ પણ ખાદ્ય પદાર્થનો સંગ્રહ કરતા નથી.

*[આ સૂત્રમાં કંઈક વિચારણીય શબ્દો પ્રત્રોમાં મળે છે. તે સંબંધી સ્પષ્ટીકરણ પાંચમા સંવરદ્વારના અંતે '**વિશેષ નોંધ**'માં જુઓ.]*

## અકલ્પનીય આહાર :–

**૫ जं पि य उद्दिट्ठ–ठविय–रइयग–पज्जवजायं पकिण्णं पाउकरण–पामिच्चं मीसगजायं कीयगडं पाहुडं च दाणट्ठपुण्णपगडं समणवणीमगट्ठयाए वा कयं पच्छाकम्मं पुरेकम्मं, णिइकम्मं मक्खियं अइरित्तं मोहरं चेव सयंगाहमाहडं मट्टिओवलित्तं, अच्छेज्जं चेव अणीसट्ठं जं तं तिहिसु जण्णेसु उस्सवेसु य अंतो वा बहिं वा होज्ज समणट्ठयाए ठवियं हिंसासावज्जसंपउत्तं ण कप्पइ तं पि य परिघेत्तुं ।**

**ભાવાર્થ :–** તે સિવાય જે આહાર ઔદેશિક, સ્થાપિત, રચિત, પર્યવજાત, પ્રકીર્ણ, પ્રાદુષ્કરણ, પ્રામિત્ય, મિશ્રજાત, ક્રીતકૃત, પ્રાભૃત દોષયુક્ત હોય, જે[આહાર]દાન માટે અથવા તો પુણ્ય માટે બનાવેલ હોય જે પાંચ પ્રકારના શ્રમણો અથવા ભિખારીઓને દેવા માટે તૈયાર કર્યો હોય, પ્રશ્ચાતકર્મ અથવા પુરઃકર્મ દોષથી દૂષિત હોય, નિત્યકર્મ દોષતી દૂષિત, મ્રક્ષિત, અતિશય મૌખર, સ્વયંગ્રાહ્ય અથવા આહૃત હોય, મૃતિકોપલિપ્ત, આચ્છેદ્ય, અનિસૃષ્ટ હોય અથવા જે આહાર મદનત્રયોદશી વગેરે તિથિમાં યજ્ઞ અથવા મહોત્સવોમાં, ઉપાશ્રયની અંદર અથવા બહાર સાધુઓને આપવા માટે રાખ્યો હોય જે હિંસા, સાવદ્ય

દોષથી યુક્ત હોય તેવો આહાર સાધુઓને લેવો કલ્પતો નથી.

## વિવેચન :–

પૂર્વોક્ત સૂત્રમાં અપરિગ્રહ મહાવ્રતના પાલન માટે આહારના સંચયનો નિષેધ કર્યો છે. કારણ કે સંચય કરવો તે પરિગ્રહ છે. પ્રસ્તુત સૂત્રમાં વિશેષ પ્રકારના ત્યાગનું સૂચન છે. સાધુ સંચય ન કરે એટલું જ નહીં પરંતુ તાત્કાલિક ગ્રહણ થતો આહાર પણ નિર્દોષ અને શુદ્ધ હોવો જરૂરી છે. કારણ કે સાધુ આભ્યંતર પરિગ્રહરૂપ મમત્વભાવના સર્વથા ત્યાગી હોય છે. દોષિત આહારનો સ્વીકાર તે દેહ પરનો મમત્વભાવ જ છે. તેથી નિષ્પરિગ્રહી સાધક તેનો પણ ત્યાગ કરે છે. આહાર ગ્રહણ સંબંધી દોષોનું વિસ્તૃત વર્ણન શ્રી દશવૈકાલિક સૂત્ર, આચારાંગ સૂત્રમાં કર્યું છે. મુખ્યતયા સાધુના માટે બનાવેલો, ખરીદેલો, સામે લાવેલો, અન્ય ભિક્ષુ માટે રાખેલો વગેરે આહાર સાધુ ગ્રહણ ન કરે. તેમજ આહાર નિષ્પાદનમાં કે ગ્રહણમાં કોઈ પણ સૂક્ષ્મ કે સ્થૂલ જીવની હિંસાની સંભાવના હોય, દાતાને અપ્રીતિ થાય, અન્યને આહારની અંતરાય પડે તેમ હોય, કે શાસનની હીલના થાય તેવા પ્રકારનો આહાર ગ્રહણ ન કરે.

સૂત્રમાં પ્રયુક્ત કેટલાક વિશિષ્ટ શબ્દોના અર્થ આ પ્રમાણે છે,

**રચિત**– સાધુના નિમિત્તે મોદક વગેરેને ગરમ કરીને ફરી મોદક રૂપે તૈયાર કરેલો આહાર.

**પર્યવજાત**– સાધુના નિમિત્તે આહારની એક અવસ્થા બદલીને બીજી અવસ્થામાં રૂપાંતરિત કરેલો આહાર.

**પ્રકીર્ણક**– જમીન પર વેર વિખેર પડેલો અથવા ઢોળાતો આહાર.

**પ્રાદુષ્કરણ**– અંધકારમાં રાખેલો આહાર પ્રકાશમાં લાવીને આપવો અથવા પ્રકાશ કરીને આપવો.

**પામિત્ય**– સાધુના નિમિત્તે ઉધાર લાવેલો આહાર.

**મૌખર્ય**– વાચાળતા–બહુ બોલીને પ્રાપ્ત કરેલો આહાર.

**સ્વયંગ્રાહ્ય**– સ્વયં પોતાને હાથે લીધેલો આહાર.

**આચ્છેદ્ય**– નિર્બળ પાસેથી છીનવીને લીધેલો આહાર.

**અનિસૃષ્ટ**– ગૃહસ્થ–માલિક દ્વારા અનુજ્ઞાત ન હોય અથવા તીર્થંકરો દ્વારા અનુજ્ઞાત ન હોય તેવો આહાર.

**મિશ્રજાત**– સાધુ અને ગૃહસ્થ બંને માટે તૈયાર કરેલો ખાદ્ય પદાર્થ.

**ક્રીત**– સાધુ માટે ખરીદેલો આહાર.

**પ્રાભૃત**– સાધુ નિમિત્તે જમણવારનો દિવસ બદલીને તૈયાર કરેલો આહાર.

**નિત્યકર્મ**– સાધુ નિમિત્તે દરરોજ થતો આહાર અથવા દરરોજ દાન માટે થતો આહાર.

**મ્રક્ષિત**– સચિત પાણી આદિથી ખરડાયેલા હાથ કે વાસણથી ભિક્ષા આપે તે.

**આહૃત**– સામે લાવીને વહોરાવે તે આહારાદિ.

**મૃત્તિકોપલિપ્ત–** માટી આદિથી વાસણનું મોઢું બંધ કરેલ પદાર્થ.

## કલ્પનીય ભિક્ષા :-

**६ अह केरिसयं पुणाइ कप्पइ ? जं तं एक्कारस–पिंडवायसुद्धं किणण–हणण–पयण–कय–कारियाणुमोयण–णवकोडीहिं सुपरिसुद्धं, दसहि य दोसेहिं विप्पमुक्कं उग्गम–उप्पायणेसणाए सुद्धं, ववगय–चुयचावियचत्त–देहं च फासुयं ववगय–संजोग–मणिंगालं विगयधूमं छट्ठाण णिमित्तं छक्कायपरिरक्खणट्ठा हणिं हणिं फासुएण भिक्खेणं वट्टियव्वं ।**

**ભાવાર્થ :–** કેવા પ્રકારનો આહાર સાધુ માટે ગ્રહણ કરવા યોગ્ય છે ?

જે આહાર એકાદશ (અગિયાર)પિંડપાતથી શુદ્ધ હોય, અર્થાત્ આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના પિંડૈષણા નામના પ્રથમ અધ્યયનના અગિયાર ઉદ્દેશકમાં પ્રરૂપિત દોષોથી રહિત હોય; ખરીદવું, હિંસા કરવી અને પકાવવું આ ત્રણ ક્રિયાઓથી કૃત, કારિત અને અનુમોદન, આ નવ કોટિથી પૂર્ણરૂપે શુદ્ધ હોય, જે એષણાના દશ દોષોથી રહિત હોય; જે ઉદ્‌ગમ, ઉત્પાદન અને એષણા અર્થાત્ ગવેષણા અને ગ્રહણૈષણારૂપ એષણાદોષથી રહિત હોય; જે સામાન્ય રૂપથી નિર્જીવ બનેલ, જીવથી ચ્યુત થયેલ હોય, તેથી જે પ્રાસુક–અચેતન બની ગયો હોય; જે આહાર સંયોગ અને અંગાર–પ્રશંસા રૂપ માંડલાના દોષથી રહિત હોય અને નિંદારૂપ ધૂમદોષથી રહિત હોય, જે છ કારણોમાંથી કોઈ કારણથી ગ્રહણ કરાયેલ હોય અને છ કાયોની રક્ષા માટે સ્વીકૃત કરાયેલ હોય એવા પ્રાસુક આહારાદિથી હંમેશાં નિર્વાહ કરવો જોઈએ.

## વિવેચન :-

દેહાસક્તિના ત્યાગી સાધક શરીરનો નિર્વાહ અનાસક્તભાવે કઈ રીતે કરે છે ? તે માટે સૂત્રકાર વિધિ અને નિષેધરૂપે નિયમોનું ક્રમશઃ પ્રતિપાદન કરે છે. આ સૂત્રમાં પણ ભિક્ષાચર્યાના નિયમોનું જ કથન છે. સાધુ અનાહારક પદની પ્રાપ્તિ માટેની સાધના કરી રહ્યા હોય તોપણ સાધનાના આધારભૂત શરીરના નિર્વાહ માટે આહાર કરવો પડે છે. શાસ્ત્રમાં આહાર ગ્રહણના છ કારણનો ઉલ્લેખ છે.

યથા (૧) ક્ષુધા વેદનીયની ઉપશાંતિ માટે (૨) વૈયાવચ્ચ(આચાર્ય વિગેરે ગુરુજનોની સેવા શુશ્રૂષા કરવા)નું સામર્થ્ય રહે તે માટે (૩) ઈર્યાસમિતિનું સમ્યક્ પ્રકારે પાલન કરવા માટે (૪) સંયમનું પાલન કરવા માટે (૫) પ્રાણરક્ષા–જીવનનિર્વાહને માટે (૬) ધર્મચિંતનને માટે. આ છ કારણમાંથી એક કે અનેક કારણે સાધુ આહાર ગ્રહણ કરે. આહાર ગ્રહણ કરે ત્યારે પ્રાસુક(જીવ રહિત–અચેત) અને એષણીય–ગૌચરી સંબંધી પ્રત્યેક દોષ રહિત–નિર્દોષ આહાર ગ્રહણ કરે. તેની આહાર ગવેષણામાં, ગ્રહણ કરવામાં કે પરિભોગમાં રસેન્દ્રિયનું પોષણ ન થાય અને અન્ય જીવોની હિંસા ન થાય, તેના માટે સાવધાન રહે. મૂર્ચ્છાભાવનો ત્યાગ કરીને શરીર નિર્વાહ કરે છે.

## રોગાતંકમાં પણ ઔષધ સંગ્રહનો નિષેધ :-

**૭ जं पि य समणस्स सुविहियस्स उ रोगायंके बहुप्पकारंमि समुप्पण्णे वायाहिग- पित्तसिंभ(घ)-अइरित्तकुविय-तहसण्णिवायजाए व उदयपत्ते उज्जल-बल-विउल कक्खडपगाढदुक्खेअसुभकडुयफरुसे चंडफलविवागे महब्भये जीवियंतकरणे सव्वसरीरपरितावणकरे ण कप्पइ तारिसे वि अप्पणो [तह] परस्स वा ओसहभेसज्जं भत्तपाणं च तं पि सण्णिहिकयं ।**

**ભાવાર્થ :-** સુવિહિત–આગમાનુકૂલ ચારિત્રનું પાલન કરનાર સાધુને જો અનેક પ્રકારના જ્વર આદિ રોગ અને આતંક–જીવનને સંકટમાં નાંખનારી વ્યાધિ ઉત્પન્ન થાય; વાત, પિત્ત અથવા કફનો અતિશય પ્રકોપ થાય; સન્નિપાત–ઉક્ત બે અથવા ત્રણ દોષોનો એક સાથે પ્રકોપ થઈ જાય; ઉજ્જવળ–સુખના લેશમાત્રથી રહિત; વિપુલ–દીર્ઘકાળ પર્યંત ભોગવવા યોગ્ય અથવા કર્કશ–અનિષ્ટ અને પ્રગાઢ–અત્યંત દુઃખ ઉત્પન્ન થાય; તે દુઃખ અશુભ, અનિષ્ટ, કઠોર, દારુણ ફળ દેનાર હોય; ભયંકર અથવા જીવનનો અંત કરનાર હોય; સમગ્ર શરીરમાં પરિતાપ જનક દુઃખ ઉત્પન્ન થાય તોપણ સ્વયં પોતાના માટે અથવા અન્ય સાધુને માટે ઔષધ, ભેષજ કે આહાર, પાણીનો સંચય કરવો કલ્પનીય નથી.

### વિવેચન :-

કસોટીના પ્રસંગે પણ અપરિગ્રહ મહાવ્રતના આરાધકની ધૈર્યતા કેવી હોવી જોઈએ ? તે વિષયને સૂત્રકારે સ્પષ્ટ કર્યો છે.

પૂર્વકથિત કોઈ સામાન્ય પરિસ્થિતિમાં કોઈ સ્વસ્થ સાધુ આહાર પાણી કે ઔષધાદિનો સંચય ન કરે પરંતુ મારણાંતિક કષ્ટદાયક પરિસ્થિતિમાં પણ આહાર પાણી તો નહીં પરંતુ ઔષધ–ભેષજનો પણ સંચય સાધુ કરતા નથી. પરિગ્રહ ત્યાગની આ ઉચ્ચતમ અવસ્થા છે.

## સાધુના ઉપકરણ :-

**૮ जं पि य समणस्स सुविहियस्स उ पडिग्गहधारिस्स भवइ भायण- भंडोवहि- उवगरणं पडिग्गहो पायबंधणं पायकेसरिया पायठवणं च पडलाइं तिण्णेव, रयत्ताणं च गोच्छओ, तिण्णेव य पच्छागा, रयहरण- चोलपट्टग- मुहणंतगमाईयं । एयं पि य संजमस्स उववूहणट्ठयाए वायायव- दंस- मसग- सीय-परिरक्खणट्ठयाए उवगरणं रागदोसरहियं परिहरियव्वं, संजएण णिच्चं पडिलेहण पप्फोडण- पमज्जणाए अहो य राओ य अप्पमत्तेण होइ सययं णिक्खिवियव्वं च गिण्हियव्वं च भायण भंडोवहि-उवगरणं ।**

**ભાવાર્થ :–** પાત્રધારી સુવિહિત સાધુની પાસે જે પાત્ર, માટીના ભાજન, ઉપધિ અને ઉપકરણ હોય છે; યથા–પાત્ર, પાત્રબંધન, પાત્રકેસરિકા, પાત્ર સ્થાપનિકા–પાત્ર રાખવાનું વસ્ત્ર, ત્રણ પટલ, રજસ્ત્રાણ, ગોચ્છક, ત્રણ પછેડી, રજોહરણ, ચોલપટ્ટક, મુખાન્તક–મુખવસ્ત્રિકા; આ સર્વ ઉપકરણ સંયમની વૃદ્ધિ માટે હોય છે. વાત–પ્રતિકૂળ વાયુ, તાપ–ગરમી, ડાંસ, મચ્છર અને ઠંડીથી રક્ષણ માટે આ સર્વ ઉપકરણોને રાગદ્વેષથી રહિત થઈને સાધુએ ધારણ કરવા જોઈએ અથવા રાખવા જોઈએ. હંમેશાં તેનું પ્રતિલેખન કરવું જોઈએ, પ્રસ્ફોટન–યતના પૂર્વક ઝાટકવાની ક્રિયા સહિત પ્રમાર્જન કરવું જોઈએ. દિવસ તથા રાત્રિમાં સતત અપ્રમત રહીને પાત્ર, ઉપધિ અને ઉપકરણોને મૂકવા અને લેવા જોઈએ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં **पडिग्गह धारिस्स** આ વિશેષણ પદથી સ્પષ્ટ કર્યું છે કે વિશિષ્ટ જિનકલ્પી સાધુઓ માટે નહીં પરંતુ પાત્રધારી સ્થવિરકલ્પી સાધુઓ માટે સંયમોપયોગી ઉપકરણો જરૂરી છે. તે ઉપકરણનો નામોલ્લેખ છે. આ ઉપકરણો સંયમભાવની વૃદ્ધિ માટે જ હોય છે, કોઈ પણ પ્રકારના મમત્વ ભાવથી રાખવા કલ્પતા નથી. સૂત્રોક્ત ઉપકરણોની સ્પષ્ટતા આ પ્રમાણે છે–

**પાત્ર**–આહાર આદિ માટે લાકડાના, માટીના અથવા તુંબડીના પાત્ર. **પાત્રબંધન**–પાત્રાને બાંધવાનું વસ્ત્ર–ઝોળી. **પાત્રકેસરિકા**–પાત્રાને લૂંછવાનું વસ્ત્ર. **પાત્રસ્થાપન**–જેના ઉપર પાત્રા રાખવામાં આવે. **પટલ**–પાત્રા વીંટવાનાં ત્રણ વસ્ત્ર. **રજસ્ત્રાણ**– પાત્રા ઢાંકવા માટેનું વસ્ત્ર. **ગોચ્છક**– પાત્રા આદિને પોંજવા માટેની પોંજણી. **પ્રચ્છાદ**–ઓઢવાના વસ્ત્રો–પછેડી(ત્રણ). **રજોહરણ**–ઓઘો, **ચોલપટ્ટક**–કમ્મર ઉપર પહેરવાનું વસ્ત્ર. **મુખાનન્તક**–મુહપતિ.

આ ઉપકરણોનો ઉપયોગ જો મૂર્ચ્છાભાવથી થાય તો સાધુનું અપરિગ્રહ મહાવ્રત દૂષિત થાય છે. કહ્યું છે કે–

**जंपि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।**
**तंपि संजम–लज्जट्ठा, धारंति परिहरंति य ।**

**ण सो परिग्गहो वुत्तो, णायपुत्तेण ताइणा ।**
**मुच्छा परिग्गहो वुत्तो, इअ वुत्तं महेसिणा ॥**

**અર્થ :–** મુનિ જે કોઈ વસ્ત્ર,પાત્ર, કંબલ, પાદપ્રોંચ્છન વગેરે ઉપકરણ રાખે છે, તે માત્ર સંયમ ભાવની વૃદ્ધિ માટે કે લજ્જાના નિવારણ માટે જ રાખે છે. ભગવાન મહાવીરે આ ઉપકરણોને પરિગ્રહ કહ્યા નથી. કારણ કે મૂર્ચ્છા–મમતાભાવ પરિગ્રહ છે, મહર્ષિ પ્રભુ મહાવીરનું આ કથન છે.

આ આગમ કથનથી સ્પષ્ટ થાય છે કે પ્રાપ્ત થયેલ ઉપકરણો પ્રત્યે જો મમત્વભાવ ઉત્પન્ન થાય

તો એ ઉપકરણ પરિગ્રહ બની જાય છે. આ ભાવને પ્રગટ કરવા માટે પ્રસ્તુત પાઠમાં પણ **रागदोस रहियं परिहरियव्वं** એટલે કે રાગદ્વેષથી દૂર રહીને તેનો ઉપયોગ કરવો જોઈએ. આ પ્રમાણે ઉલ્લેખ છે.

## નિર્ગ્રંથોનું આંતરિક સ્વરૂપ :-

**૧ एवं से संजए विमुत्ते णिस्संगे णिप्परिग्गहरुई णिम्ममे णिण्णेहबंधणे सव्व-पावविरए वासीचंदणसमाणकप्पे सम-तिण-मणिमुत्तालेट्ठुकंचणे समे य माणावमाणणाए समियरए समिय रागदोसे समिए समिइसु सम्मदिट्ठी समे य जे सव्वपाणभूएसु से हु समणे, सुयधारए उज्जुए संजए सुसाहू, सरणं सव्वभूयाणं सव्वजगवच्छले सच्चभासए य संसारंतट्ठिए य संसारसमुच्छिण्णे सययं मरणाणुपारएपारगे य सव्वेसिं संसयाणं, पवयणमायाहिं अट्ठहिं अट्ठकम्म-गंठी-विमोयगे, अट्ठमय-महणे ससमयकुसले य भवइ, सुहदुहणिव्विसेसे, अब्भिंतरबाहिरम्मि सया तवोवहाणम्मि सुट्ठुज्जुए, खंते दंते य हियणिरये, ईरियासमिए, भासासमिए, एसणासमिए, आयाण-भंड-मत्त णिक्खेवणा-समिए, उच्चार-पासवण-खेल- सिंघाण-जल्ल-परिट्ठावणिया समिए, मणगुत्ते वयगुत्ते कायगुत्ते गुत्तिंदिए गुत्तबंभयारी, चाई लज्जू धण्णे तवस्सी खंतिखमे जिइंदिए सोहिए अणियाणे अबहिल्लेस्से अममे अकिंचणे छिण्णगंथे णिरुवलेवे ।**

**भावार्थ :-** આ પ્રકારના આચારનું પરિપાલન કરવાના કારણે તે સાધુ સંયમવાન, વિમુક્ત–ધન દોલત વગેરેના ત્યાગી, નિઃસંગ–આસક્તિ રહિત, નિષ્પરિગ્રહરુચિ–અપરિગ્રહની રુચિવાળા, નિર્મમ–મમતાથી રહિત, નિઃસ્નેહબંધન–પ્રેમના બંધનથી મુક્ત, સર્વપાપ વિરત, વાસીચંદનકલ્પ–ઉપકારી અને અપકારી પ્રત્યે સમાન ભાવવાળા હોય છે. તે તૃણ, મણિ, મુક્તા અને માટીના ઢગલાને સમાન માનનારા, માન–અપમાનમાં સમતા ધારણ કરનારા, શમિતરજ–પાપરૂપી રજને ઉપશાંત કરનારા, રાગદ્વેષને શાંત કરનારા, ઈર્યા આદિ પાંચ પ્રકારની સમિતિઓથી યુક્ત, સમ્યક્દષ્ટિ, બેઈન્દ્રિય આદિ સર્વ ત્રસ પ્રાણીઓ અને ભૂત–એકેન્દ્રિય(સ્થાવરો) ઉપર સમભાવ ધારણ કરનારા હોય છે. તે જ ખરેખર સાધુ છે.

તે સાધુ શ્રુતના ધારક, ઋજુ–નિષ્કપટ–સરલ, ઉદ્યત–પ્રમાદ રહિત તથા સંયમી છે. તે સાધુ સર્વ પ્રાણીઓ માટે શરણભૂત હોય છે, જગવત્સલ–જગતના સર્વ જીવોના હિતચિંતક હોય છે. તે સત્યવાદી, સંસાર–જન્મમરણના અંતમાં સ્થિત, સંસારનો ઉચ્છેદ–અંત કરનારા, સદાને માટે(બાલ)મૃત્યુ વગેરેના પારગામી, સર્વ શંકાના પારગામી હોય છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ આઠ પ્રવચન માતાઓ વડે આઠ કર્મોની ગ્રંથીને ભેદનારા, આઠ કર્મોનો નાશ કરનારા, જાતિમદ, કુલમદ, વગેરે આઠ મદોનું મંથન કરનારા અને સ્વસમય–સ્વસિદ્ધાંતમાં નિષ્ણાત હોય છે. તેઓ સુખ દુઃખમાં વિશેષતા રહિત અર્થાત્ સુખમાં

હર્ષ અને દુઃખમાં શોકથી દૂર રહે છે. બંન્ને પરિસ્થિતિમાં સમાન રહે છે. તે આભ્યંતર તથા બાહ્ય તપરૂપી ઉપધાનમાં સમ્યક્ પ્રકારે ઉદ્યત રહે છે; ક્ષમાવાન, ઈન્દ્રિયોના વિજેતા; સ્વકીય અને પરકીય હિતમાં નિરત; ઈર્યાસમિતિ, ભાષા સમિતિ, એષણાસમિતિ, આદાનભાંડમાત્રનિક્ષેપણ સમિતિ અને મળ, મૂત્ર, શ્લેષ્મ, સિંઘાણ, નાસિકામલ, જલ્લ, શરીરમળ વગેરેના પ્રતિષ્ઠાપનની સમિતિથી સંપન્ન; મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિથી યુક્ત; વિષયોથી વિમુખ, ઈન્દ્રિયોનું ગોપન કરનારા, બ્રહ્મચર્યની ગુપ્તિથી યુક્ત; સર્વ સંગના ત્યાગી; રજ્જુની જેમ સરલ; તપસ્વી, ક્ષમાગુણના કારણે સહનશીલ; જિતેન્દ્રિય, સદ્‌ગુણથી શોભિત અથવા શોધિત; નિદાનથી રહિત, ચિત્તવૃત્તિને સંયમની પરિધિની બહાર ન જવા દેનારા; મમત્વથી વિમુખ; અકિંચન–સંપૂર્ણ રૂપે નિષ્પરિગ્રહી; સ્નેહના બંધનને તોડનારા અને કર્મના લેપથી દૂર રહેનારા હોય છે.

## વિવેચન :–

પ્રસ્તુત પાઠમાં સાધુના આંતરિક જીવનનું અને બાહ્યાચારનું અત્યંત સુંદર અને ભવ્ય ચિત્ર અંકિત કર્યુ છે. સાધુના સમગ્ર આચરણનો સાર સમભાવ અને સ્વરૂપ રમણતા છે. સાધુએ ક્રોધાદિ કષાયોથી, મમત્વભાવ કે આસક્તિના બંધનથી મુક્ત થઈ સંપૂર્ણ અકિંચનવૃત્તિને ધારણ કરવી. બાહ્ય પદાર્થોનો સર્વથા ત્યાગ કરી ક્રમશઃ આગળ વધતા કર્મ અને નોકર્મરૂપ શરીરનો પણ ત્યાગ કરીને શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિર થવું તે જ તેનો પુરુષાર્થ હોય છે. સૂત્ર કથિત સાધ્વાચાર ભાવાર્થથી સ્પષ્ટ થઈ જાય છે.

## નિર્ગ્રંથોની ૩૧ ઉપમાઓ :–

**१० सुविमलवरकंसभायणं व मुक्कतोए । संखे विव णिरंजणे, विगयरागदोस मोहे । कुम्मो विव इंदिएसु गुत्ते । जच्चकंचणगं व जायरूवे । पोक्खरपत्तं व णिरुवलेवे । चंदो विव सोमभावयाए सूरोव्व दित्ततेए । अचले जह मंदरे गिरिवरे अक्खोभे सागरो व्व थिमिए । पुढवी व्व सव्वफाससहे । तवसा च्चिय भास– रासिछण्णिव्व जायतेए ।जलिय–हुयासणे विव तेयसा जलंते । गोसीसचंदणं विव सीयले सुगंधे य । हरयो विव समियभावे । उग्घसियसुणिम्मलं व आयंसमंडलतलं पागडभावेण सुद्धभावे ।**

**सोंडीरे कुंजरोव्व । वसभेव्व जायथामे । सीहेव्व जहा मियाहिवे होइ दुप्पधरिसे । सारयसलिलं व सुद्धहियए । भारंडे चेव अप्पमत्ते । खग्गिविसाणं व एगजाए । खाणुं चेव उड्ढकाए । सुण्णागारेव्व अपडिकम्मे । सुण्णागारावणस्संतो णिवायसरणप्पदीवज्झाणमिव णिप्पकंपे । जहा खुरो चेव एगधारे । जहा अही चेव**

**एगदिट्ठी । आगासं चेव णिरालंबे । विहगे विव सव्वओ विप्पमुक्के । कयपरणिलए जहा चेव उरए । अप्पडिबद्धे अणिलोव्व । जीवोव्व अपडिहयगई ।**

**ભાવાર્થ :–** શ્રમણ નિર્ગ્રંથોની વિશેષતાને સમજાવવા શાસ્ત્રકારે તેમને ૩૧ ઉપમાઓથી ઉપમિત કર્યા છે.

(૧) નિર્મળ કાંસ્ય પાત્ર જલના લેપથી મુક્ત રહે છે તેમ સાધુ રાગ આદિના લેપથી મુક્ત, (૨) શંખની જેમ નિરંજન અર્થાત્ રાગ આદિના કાલુષ્યથી રહિત, (૩) કૂર્મ–(કચ્છપ) કાચબાની જેમ ઈન્દ્રિયોનું ગોપન કરનારા–ગુપ્તેન્દ્રિય, (૪) ઉત્તમ શુદ્ધ સુવર્ણની જેમ શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત, (૫) કમલપત્રની જેમ નિર્લેપ, (૬) ચન્દ્રની જેમ સૌમ્ય, (૭) સૂર્યની જેમ તપ તેજથી દેદીપ્યમાન, (૮) મેરુ પર્વતની જેમ અચલ–પરીષહ આદિમાં અડગ, (૯) સાગરની જેમ ક્ષોભરહિત અને સ્થિર, (૧૦) પૃથ્વીની જેમ સમસ્ત અનુકૂળ અને પ્રતિકૂળ સ્પર્શોને સહન કરનારા–ક્ષમાશીલ, (૧૧) ભસ્મરાશિથી આચ્છાદિત અગ્નિની જેમ તપના તેજથી દીપ્ત, (૧૨) પ્રજ્વલિત અગ્નિની જેમ દેદીપ્યમાન, (૧૩) ગોશીર્ષ ચંદનની જેમ શીતલ [ઉપશાંત કષાયી]અને શીલની સૌરભથી યુક્ત, (૧૪) (પવન રહિત) સરોવરની જેમ પ્રશાંત, (૧૫) માંજીને અથવા ઘસીને ચમકાવેલ નિર્મળ દર્પણ તલની જેમ સ્વચ્છ, પ્રગટરૂપે માયા રહિત હોવાથી નિર્મલ.

(૧૬) ગજરાજની જેમ કર્મશત્રુને પરાજિત કરવામાં શૌર્યવાન, (૧૭) વૃષભની જેમ સ્વીકૃત ભારનો નિર્વાહ કરનાર, (૧૮) મૃગાધિપતિ સિંહની જેમ પરીષહ આદિથી અપરાજિત, (૧૯) શરત્કાલીન પાણીની જેમ સ્વચ્છ હૃદયવાળા, (૨૦) ભારંડ પક્ષીની જેમ અપ્રમત–હંમેશાં સજાગ, (૨૧) ગેંડાના શીંગડાની જેમ એકાકી–અન્યની સહાયતાની અપેક્ષા ન રાખનારા, (૨૨) સ્થાણુની જેમ ઊર્ધ્વકાય–કાર્યોત્સર્ગમાં સ્થિત, (૨૩) શૂન્યગ્રહની જેમ અપ્રતિકર્મ, જેમ શૂન્યઘર–અત્યંત જીર્ણ–શીર્ણ–પ્રાચીન પડેલા મકાનને સાફ કરી સજાવતા નથી, તે જ રીતે શરીરની સાજ–સજાવટથી રહિત, (૨૪) વાયુરહિત ઘરમાં, પ્રગટેલા દિપકની જેમ વિવિધ ઉપસર્ગ પરીષહના પ્રસંગે પણ શુભ ધ્યાનમાં અચળ રહેનારા, (૨૫) ક્ષુર–અસ્ત્રાની જેમ એક ધારવાળા, એક ઉત્સર્ગ માર્ગમાં જ પ્રવૃત્તિ કરનાર, (૨૬) સર્પની જેમ એક દષ્ટિવાળા–પોતાના લક્ષ્ય પર એક માત્ર દષ્ટિ રાખનારા, (૨૭) આકાશની જેમ નિરાવલંબી–સ્વાવલંબી, (૨૮) પક્ષીની જેમ વિપ્રમુક્ત–પૂર્ણ રીતે અપરિગ્રહી, (૨૯) સર્પની જેમ અન્ય માટે નિર્મિત સ્થાન પર રહેનાર, (૩૦) પવનની જેમ અપ્રતિબદ્ધપણે વિચરનાર, (૩૧) દેહ રહિત જીવની જેમ અપ્રતિહત ગતિવાળા–સ્વેચ્છાપૂર્વક યત્ર–તત્ર વિચરનારા.

## વિવેચન :–

સૂત્રોક્ત ઉપમા દ્વારા સાધુ જીવનની વિશિષ્ટતા, ઉજ્જવલતા, સંયમ પ્રતિ અડગતા, સ્વાવલંબીપણું, અપ્રમતપણું, સ્થિરતા, લક્ષ પ્રત્યેની સજાગતા, આંતરિક શુચિતા, દેહપ્રત્યે અનાસક્તિ, સંયમનિર્વાહ સંબંધી ક્ષમતા આદિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ ઉપમા દ્વારા

ફલિત આશય સ્પષ્ટ છે.

**શ્રમણોની વિહારચર્યા અને નિર્ગ્રંથ પ્રવચન :-**

**૧૧ गामे गामे एगरायं णयरे णयरे य पंचरायं दूइज्जंते य जिइंदिए जियपरीसहे णिब्भओ विऊ सच्चित्ताचित्तमीसगेहिं दव्वेहिं विरायं गए, संचयाओ विरए, मुत्ते, लहुए, णिरवकंखे जीवियमरणासविप्पमुक्के णिस्संधि णिव्वणं चरित्तं धीरे काएण फासयंते सययं अज्झप्पज्झाण जुत्ते, णिहुए, एगे चरेज्ज धम्मं ।**

**इमं च परिग्गहवेरमण परिरक्खणट्ठयाए पावयणं भगवया सुकहियं अत्तहियं पेच्चाभावियं आगमेसिभद्दं सुद्धं णेयाउयं अकुडिलं अणुत्तरं सव्वदुक्खपावाणं विउवसमणं ।**

**ભાવાર્થ :-** મુનિ દરેક ગામમાં એક અહોરાત્રિ અને દરેક નગરમાં પાંચ અહોરાત્રિ સુધી વિચરતા રહેછે, કારણ કે તે જિતેન્દ્રિય, પરીષહ વિજેતા, નિર્ભય, વિદ્વાન, ગીતાર્થ, સચેત(જીવાદિ), અચેત(જીવાદિ) અને મિશ્ર– આભૂષણ યુક્ત દાસ વગેરે મિશ્રિત દ્રવ્યોમાં વૈરાગ્યભાવ યુક્ત હોય છે. વસ્તુઓનો સંગ્રહ કરવાથી વિરત, મુક્તિ–નિર્લોભ વૃત્તિવાળા, લઘુ–ત્રણ પ્રકારના ગૌરવથી રહિત અને પરિગ્રહના ભારથી પણ રહિત, જીવન અને મરણની આશા–આકાંક્ષાથી હંમેશાં મુક્ત, ચારિત્ર પરિણામના વિચ્છેદથી રહિત–તેના ચારિત્ર–પરિણામ હંમેશાં વિદ્યમાન રહે છે; ક્યારેય ભગ્ન થતા નથી. તેઓ નિરતિચાર–નિર્દોષ ચારિત્રનું ધૈર્યપૂર્વક શારીરિક ક્રિયાઓ વડે પાલન કરે છે. હંમેશાં તેઓ અધ્યાત્મ ધ્યાનમાં નિરત, ઉપશાંતભાવ યુક્ત તથા એકાકી બનીને ધર્મનું આચરણ કરે છે.

પરિગ્રહ વિરમણવ્રતના પરિરક્ષણના હેતુથી ભગવાને આ પ્રવચન–ઉપદેશ કહ્યો છે. આ પ્રવચન આત્મા માટે હિતકારી છે. આગામી ભવોમાં ઉચ્ચ પ્રકારનું ફળ આપનાર છે અને ભવિષ્યમાં કલ્યાણકારી છે. તે શુદ્ધ, ન્યાય યુક્ત, અકુટિલ, અનુત્તર– સર્વમાં શ્રેષ્ઠ અને સર્વ દુઃખો તથા પાપોને શાંત કરનાર છે.

**વિવેચન :-**

**गामे गामे य एगरायं :-** આ સૂત્રમાં મુનિને નાના ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ સુધી સ્થિરતા કરવાનું કહ્યું છે. આ બાબતમાં ટીકાકારે કહ્યું છે કે– **एतच्च भिक्षुप्रतिमाप्रतिपन्नसाध्वपेक्षया सूत्रमवगन्तव्यम् । – प्र. व्या. आगमोदय. पृ. १५८**

આ કથન ભિક્ષુ પ્રતિમા પ્રતિપન્ન અણગાર માટે છે. સર્વ સામાન્ય સાધુઓ માટે આ વિધાન નથી. અહીં ભિક્ષુની બાર પ્રતિમા પ્રતિપન્ન અણગારને ન સમજાતા જિનકલ્પી અથવા યથાલંદિક–વિશિષ્ટ અભિગ્રહધારી શ્રમણ સમજવા.

## અપરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવના : ૧. શ્રોતેન્દ્રિય સંયમ :–

**१२** तस्स इमा पंच भावणाओ चरिमस्स वयस्स होंति परिग्गहवेरमण परिरक्ख– णट्ठयाए । पढमं– सोइंदिएणं सोच्चा सद्दाइं मणुण्णभद्दगाइं । किं ते ? वरमुरय– मुइंग–पणव–दद्दुर–कच्छभि–वीणा–विपंची–वल्लयि–वद्धीसग–सुघोस–णंदि– सूसरपरिवाइणी वंस–तूणग–पव्वग–तंती तल ताल तुडिय णिग्घोस–गीय वाइयाइं। णड–णट्टग–जल्लमल्लमुट्ठिगवेलंबग–कहगपवगलासग– आइक्खग–लंखमंख– तूणइल्ल–तुंबवीणिय– तालायर–पकरणाणि य, बहूणि महुर–सरगीयसुस्सराइं, कंची–मेहलाकलाव–पत्तरग–पहेरग–पायजालगघंटिय–खिंखिणि–रयणोरुजालिय–छुद्दिय–णेउर–चलण–मालिय–कणगणियलजालग भूसण सद्दाणि, लील चंकम्ममाणा–णुदीरियाइं तरुणीजणहसिय–भणिय–कलरिभिय–मंजुलाइं गुण वयणाणि व बहूणि महुरजणभासियाइं अण्णेसु य एवमाइएसु सद्देसु मणुण्ण भद्दएसु ण तेसु समणेण सज्जियव्वं, ण रज्जियव्वं, ण गिज्झियव्वं, ण मुज्झियव्वं, ण विणिग्घायं आवज्जियव्वं, ण लुभियव्वं, ण तुसियव्वं, ण हसियव्वं, ण सइं च मइं च तत्थ कुज्जा ।

पुणरवि सोइंदिएण सोच्चा सद्दाइं अमणुण्णपावगाइं । किं ते ? अक्कोस–फरुस–खिंसण–अवमाणण–तज्जण–णिब्भंछण– दित्तवयण–तासण–उक्कूजिय– रण्ण–रडिय–कंदिय–णिग्घुट्ठरसिय–कलुण–विलवियाइं अण्णेसु य एवमाइएसु सद्देसु अमणुण्ण–पावएसु ण तेसु समणेण रूसियव्वं, ण हीलियव्वं, ण णिंदियव्वं, ण खिंसियव्वं, ण छिंदियव्वं, ण भिंदियव्वं, ण वहेयव्वं, ण दुगुंछावत्तियाए लब्भा उप्पाएउं, एवं सोइंदिय भावणा भाविओ भवइ अंतरप्पा मणुण्णाऽमणुण्ण– सुब्भिदुब्भि–राग–दोसप्पणिहियप्पा साहू मणवयणकायगुत्ते संवुडे पणिहितिंदिए चरेज्ज धम्मं ।

**ભાવાર્થ :–** પરિગ્રહ વિરમણવ્રત અથવા અપરિગ્રહ સંવરની રક્ષા માટે અંતિમવ્રત અપરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવનાઓ છે. તેમાંથી પહેલી ભાવના–શ્રોતેન્દ્રિય–સંયમ આ પ્રમાણે છે. મનને અનુકૂળ ભદ્ર–શબ્દોને સાંભળીને સાધુ રાગ કરે નહીં.

તે શબ્દો ક્યા અને કેવા પ્રકારના છે ?

ઉત્તમ મુરજ–મહામર્દલ, મૃદંગ, પણવ–નાનોપટહ, દૂર્દર–એક પ્રકારનું વાદ્ય જેનું મુખ ચામડાથી મઢેલું અને કળશ જેવા આકારનું હોય છે. કચ્છભી–વાદ્યવિશેષ, વીણા, વિપંચી અને વલ્લકી(વિશેષ પ્રકારની વીણાઓ) વદ્ધીસક–વાદ્યવિશેષ, સુઘોષા નામનો એક પ્રકારનો ઘંટ, નંદી–બાર પ્રકારના વાજાના નિર્ઘોષ, સસૂરપરિવાદિની–એક પ્રકારની વીણા, વંશ–વાંસળી, તૂણક અને પર્વક નામનું વાદ્ય, તંત્રી–એક વિશેષ પ્રકારની વીણા, તલ–હસ્તતલ–તાલ–કાંસ્ય તાલ, આ બધા વાજીંત્રોના અવાજ સાંભળીને તથા નટ–નર્તક, જલ્લ–વાંસ કે દોરડા ઉપર ખેલનાર, મલ્લ–મુષ્ટિમલ, વિડમ્બક– વિદૂષક, કથક–કથા કહેનાર, પ્લવક–કૂદનારા, રાસ ગાનારા વગેરે દ્વારા કરવામાં આવતા વિવિધ પ્રકારના મધુર અવાજથી યુક્ત સુસ્વર ગીતોને(સાંભળીને) તથા કરધની–કંદોરા, મેખલા(વિશિષ્ટ પ્રકારનો કંદોરો)કલાપક–ગળાનું એક આભૂષણ, પ્રતરક અને પ્રહરેક નામનું આભૂષણ. ઘૂંઘરૂ–ઝાંઝરી, નાની નાની ઘૂઘરીવાળાં આભૂષણ, રત્નોરુજાલક–રત્નોનું જાંઘનું આભૂષણ, ક્ષુદ્રિકા નામનું આભૂષણ, નૂપુર, ચરણમાલિકા તથા કનકનિગડ નામનું પગનું આભૂષણ અને જાલક નામનું આભૂષણ. આ સર્વ ધ્વનિ–અવાજને (સાંભળીને)તથા લટકમટક ચાલતી સ્ત્રીઓની ચાલથી ઉત્પન્ન ધ્વનિ તથા તરુણવયની રમણીઓના હાસ્ય, વાતો તથા સ્વરઘોલન યુક્ત, મધુર, સુંદર શબ્દ સાંભળી સાધુએ તેમાં આસક્ત થવું નહીં, રાગ કરવો નહીં, ગૃદ્ધિ–અપ્રાપ્તિની અવસ્થામાં તેની પ્રાપ્તિની અપેક્ષા કરવી નહીં, મુગ્ધ બનવું નહીં, તે નિમિત્તે પોતાના ચારિત્રનો ઘાત કરવો નહીં, લુબ્ધ બનવું નહીં, પ્રાપ્ત થવા પર પ્રસન્ન થવું નહીં. હસવું નહીં. આવા શબ્દોને યાદ કરવા નહીં અને વિચાર પણ કરવો નહીં.

તે સિવાય શ્રોત્રેન્દ્રિયને માટે અમનોજ્ઞ–મનમાં અપ્રીતિજનક અભદ્ર શબ્દોને સાંભળીને રોષ(દ્વેષ) કરે નહીં.

તે શબ્દ કયા છે, કેવા પ્રકારના છે ?

'તું મરી જા' વગેરે આક્રોશ વચન; પરુષ–અરે મૂર્ખ ઈત્યાદિ કઠોર વચન; ખિંસના–નિંદા, અપમાન; તર્જના–ભયજનક વચન; નિર્ભત્સના–'સામેથી દૂર થા' વગેરે વચન; દીપ્ત–ક્રોધ યુક્ત વચન; ત્રાસજનક વચન; ઉત્કૂજિત–અસ્પષ્ટ ઉચ્ચ ધ્વનિ; રુદન ધ્વનિ, રટિત–રાડો પાડીને રોવું; ક્રન્દન–વિયોગજનિત વિલાપ; નિર્ઘૃષ્ટ–નિર્ઘોષરૂપ ધ્વનિ; રસિત–જાનવરો જેવો અવાજ; કરુણા ભરેલ શબ્દ તથા વિલાપજનિત શબ્દ, આ બધા શબ્દોમાં તથા આવા પ્રકારના અન્ય અમનોજ્ઞ અને અભદ્ર શબ્દોમાં સાધુએ રોષ કરવો નહીં; તેની હિલના, નિંદા, કરવી નહીં. માનવ–મેદની સમક્ષ તેને ખરાબ કહેવા નહીં, અમનોજ્ઞ શબ્દ ઉત્પન્ન કરનાર વસ્તુનું છેદન ભેદન કરવું નહીં કે તેનો નાશ કરવો નહીં. પોતાના અથવા બીજાના હૃદયમાં જુગુપ્સા ઉત્પન્ન કરવી નહીં.

આ પ્રકારે શ્રોતેન્દ્રિય(સંયમ)ની ભાવનાથી ભાવિત અંતઃકરણવાળા સાધુ મનોજ્ઞ અને અમનોજ્ઞ રૂપ શુભ–અશુભ શબ્દોમાં, રાગ–દ્વેષના સંવરવાળા, મન, વચન અને કાયાનું ગોપન કરનારા, સંવરયુક્ત અને ગુપ્તેન્દ્રિય–ઈન્દ્રિયોનું ગોપનકરીને ધર્મનું આચરણ કરે.

**૨. ચક્ષુરિન્દ્રિય સંયમ :–**

**१३ बिइयं– चक्खुइंदिएण पासिय रूवाणि मणुण्णाइं भद्दगाइं, सचित्ताचित्तमीसगाइं कट्ठे पोत्थे य चित्तकम्मे लेपकम्मे सेले य दंतकम्मे य पंचहिं वण्णेहिं अणेग संठाण संठियाइं गंठिमवेढिम–पूरिम–संघाइमाणि य मल्लाइं बहुविहाणि य अहियं णयणमणसुहयराइं, वणसंडे पव्वए य गामागरणयराणि य खुद्दिय–पुक्खरिणि– वावी–दीहिय–गुंजालिय–सरसरपंतिय–सायर– बिलपंतिय–खाइय–णई–सर–तलाग–वप्पिणी–फुल्लुप्पल–पउमपरिमंडियाभिरामे अणेगसउणगण–मिहुण–वियरिए वरमंडव–विविह–भवण–तोरण–चेइय–देवकुल–सभाप्पवावसह–सुकयसयणासण–सीय–रह–सगड– जाण–जुग्ग–संदण–णरणारिगणे य सोमपडिरूव–दरिसणिज्जे, अलंकिय–विभूसिए पुव्वकयतवप्पभाव–सोहग्गसंपउत्ते णडणट्टग–जल्लमल्ल– मुट्ठियवेलंबग–कहगपवगलासगआइक्खग–लंखमंखतूणइल्लतुंब–वीणिय–तालायर– पकरणाणि य बहुणि सुकरणाणि अण्णेसु य एवमाइएसु रूवेसु मणुण्णभद्दएसु ण तेसु समणेण सज्जियव्वं, ण रजियव्वं *जाव* ण सइं च मइं च तत्थ कुज्जा ।**

**पुणरवि चक्खिंदिएण पासिय रूवाइं अमणुण्णपावगाइं । किं ते ? गंडि–कोढि क–कुणि–उयरि–कच्छुल्ल–पइल्ल–कुज्ज–पंगुल–वामण अंधिल्लग–एगचक्खु विणिहयसप्पिसल्लग–वाहिरोगपीलियं विगयाणि, मयगकलेवराणि सकिमिणकुहियं च दव्वरासिं अण्णेसु य एवमाइएसु अमणुण्ण–पावगेसु ण तेसु समणेणं रूसियव्वं *जाव* ण दुगुंछा वत्तिया वि लब्भा उप्पाएउं, एवं चक्खिंदियभावणा भाविओ भवइ अंतरप्पा *जाव* चरेज्ज धम्मं ।**

**ભાવાર્થ :–** બીજી ભાવના ચક્ષુરિન્દ્રિયનો સંવર છે. તે આ પ્રકારે છે–

ચક્ષુરિન્દ્રિયથી મનોજ્ઞ–મનને અનુકૂળ ભદ્ર–સુંદર, સચેતદ્રવ્ય, અચેતદ્રવ્ય અને મિશ્ર (સચેત–અચેત) દ્રવ્યના રૂપોને જોઈને રાગ કરવો નહીં. લાકડા પર, વસ્ત્ર પર, ચિત્રિત કે લેખિત, માટી આદિના લેપથી બનાવેલ, પથ્થરપર કંડારેલ, હાથીદાંત આદિ પર અંકિત, પાંચ વર્ણના અને વિવિધ પ્રકારના આકારવાળા, ગૂંથીને માળા આદિની જેમ બનાવેલ, વેષ્ટિત, પૂરિત, સંઘાતિમ–ફૂલ આદિની રાશિ જેમ ભેગા કરેલ જે રૂપ આંખને અને મનને અતિ આનંદ ઉત્પન્ન કરનારું હોય તોપણ તેને જોઈને રાગ ભાવ કરે નહીં.

આ જ રીતે વનખંડ, પર્વત, ગ્રામ, આકર, નગર તથા વિકસિત નીલ– કમળો અને(શ્વેત આદિ)

કમળોથી સુશોભિત અને મનોહર તથા જેમાં અનેક હંસ, સારસ, આદિ પક્ષીઓના યુગલ વિચરતા હોય તેવા નાના જળાશયો, ગોળ વાવડી, ચોરસ વાવડી, દીર્ઘિકા–લાંબીવાવડી, નહેર, સરોવરોની લાઈન, સાગર, બિલ પંક્તિ, લોઢા આદિની ખાણોમાં ખોદેલ ખાડાની લાઈન, ખાઈ, નદી, સર–ખોદ્યા વિનાના કુદરતી રીતે બનેલ જલાશય, તડાગ–તળાવ, પાણીની ક્યારી અથવા ઉત્તમ મંડપ, જુદી જુદી જાતના ભવન, તોરણ, ચૈત્ય–સ્મારક, મંદિરો, સભા–માણસોને બેસવા માટેના સ્થાન, પરબ, આવસથ–પરિવ્રાજકોના આશ્રમ, સુનિર્મિત શયન–પલંગ આદિ, સિંહાસન આદિ આસન, શિવિકા–રથ અથવા સાંગ્રામિક રથ અને નર–નારીઓનો સમૂહ, આ સર્વ વસ્તુઓ જો સુંદર હોય, આકર્ષક રૂપવાળી હોય, આભૂષણો દ્વારા અલંકૃત અને સુંદર વસ્ત્રોથી સજાવેલ હોય, પૂર્વે કરેલી તપસ્યાના પ્રભાવથી સૌભાગ્ય પ્રાપ્ત હોય તો(તેને જોઈને) તથા નટ, નર્તક, જલ્લ, મલ્લ, મુક્કાબાજ, વિદૂષક, કથાકાર, પ્લવક, રાસ રમનાર, વાર્તાકાર, ચિત્રપટ લઈને ભીખ માગનારા, વાંસ ઉપર ખેલ કરનાર, તૂણઈલ્લ–તૂણા વગાડનાર, તુંબડાની વીણા વગાડનાર તથા તાલાચરોના વિવિધ પ્રયોગ જોઈને તથા કૌતુક જોઈને(આસક્ત બને નહીં) આ પ્રકારના અન્ય મનોજ્ઞ તથા દર્શનીય રૂપોમાં સાધુ આસક્ત થાય નહીં, અનુરક્ત બને નહીં તથા તેનું સ્મરણ કે વિચાર પણ કરે નહીં.

તે સિવાય ચક્ષુરિન્દ્રિયથી અમનોજ્ઞ અને પાપકારી રૂપોને જોઈને (રોષ કરે નહીં.) તે (અમનોજ્ઞ રૂપ) કયા છે ?

વાત, પિત, કફ, અને સન્નિપાતથી ઉત્પન્ન થતા ગંડરોગવાળાઓને; અઢાર પ્રકારના કુષ્ઠરોગીને; જલોદરના રોગીને; ખંજવાળવાળાને; શ્લીપદ રોગના રોગીને; લંગડાને, વામન–ઠીંગુજીને; જન્માંધને; એક આંખવાળાને; વિનિહત ચક્ષુવાળાને અર્થાત્ જન્મપછી જેની એક અથવા બન્ને આંખો ચાલી ગઈ હોય તેવાને; પિશાચગ્રસ્તને અથવા પીઠથી ચાલનારાને; વિશિષ્ટ ચિત્ત પીડારૂપ વ્યાધિ અથવા રોગથી પીડિતને (તેમાંથી કોઈને પણ જોઈને)તથા વિકૃત મૃતક કલેવરોને અથવા કણસતા કીડાથીયુક્ત સડેલ–ગળેલ દ્રવ્યરાશિને જોઈને અથવા તે સિવાય આ પ્રકારના અન્ય અમનોજ્ઞ અને પાપકારી રૂપોને જોઈને શ્રમણો તેના પ્રતિ રૂષ્ટ થાય નહીં ***યાવત્*** મનમાં જુગુપ્સા, ઘૃણા પણ ઉત્પન્ન કરે નહીં.

આ પ્રકારે ચક્ષુરિન્દ્રિય સંવરરૂપ ભાવનાથી ભાવિત અંતઃકરણવાળા બનીને મુનિ ***યાવત્*** ધર્મનું આચરણ કરે.

### ૩. ઘ્રાણેન્દ્રિય સંયમ :–

**१४ तइयं– घाणिंदियएण अग्घाइय गंधाइं मणुण्णभद्दगाइं–किं ते ? जलय–थलय–सरस–पुप्फ–फल–पाणभोयण–कुट्ठ–तगर–पत्त–चोय–दमणग–मरुय–एलारस पिक्कमंसि–गोसीस–सरस–चंदण–कप्पूर–लवंग–अगर–कुंकुम–कक्कोल–उसीर– सेयचंदण–सुगंधसारंग– जुत्तिवरधूववासे उउय– पिंडिम–णिहारिमगंधिए**

**सु अण्णेसु य एवमाइएसु गंधेसु मण्णुण्णभद्दएसु ण तेसु समणेण सज्जियव्वं** *जाव* **ण सइं च मइं च तत्थ कुज्जा ।**

**पुणरवि घाणिंदिएण अग्घाइय गंधाइं अमणुण्णपावगाइं । किं ते ? अहिमड–अस्समड–हत्थिमड–गोमड–विग–सुणग–सियाल–मणुय–मज्जार– सीह–दीविय–मयकुहिय–विणट्ठकिमिण–बहुदुरभिगंधेसु अण्णेसु य एवमाइएसु गंधेसु अमणुण्ण–पावगेसु ण तेसु समणेण रूसियव्वं** *जाव* **पणिहितिंदिए चरेज्ज धम्मं ।**

**ભાવાર્થ :–** ઘ્રાણેન્દ્રિયથી મનોજ્ઞ અને સુંદર ગંધ સૂંઘીને રાગ આદિ કરે નહીં. તે સુગંધ કઈ અને કેવી છે ? પાણી અને પૃથ્વીમાં ઉત્પન્ન થનાર સરસ પુષ્પ, ફળ, પાન, ભોજન, ઉત્પલકુષ્ઠ, તગર, તમાલપત્ર; ચોય–સુગંધિત ત્વચા, દમનક(એક વિશેષ પ્રકારનું ફૂલ), મરુઆ–ડમરો, એલારસ–ઈલાયચીનો રસ, પાકેલ માંસી નામનું સુગંધિત દ્રવ્ય, સરસ ગોશીર્ષ ચંદન, કપૂર, લવીંગ, અગર, કુમકુમ; કક્કોલ–ગોળાકાર સુગંધિત ફૂલ વિશેષ; ઉશીર–ખસ, શ્વેત ચંદન, શ્રીખંડ અનેક દ્રવ્યોના સંયોગથી બનેલ ઉત્તમ ધૂપની સુગંધને સૂંઘીને(રાગભાવ કરે નહીં) તથા જુદી જુદી ઋતુઓમાં ઉત્પન્ન થતાં કાલોચિત સુગંધ–વાળા અને દૂર દૂર સુધી ફેલાતી સુગંધથી યુક્ત દ્રવ્યોમાં અને આ પ્રકારની મનોહર નાકને પ્રિય લાગે તેવી સુગંધના વિષયમાં મુનિએ આસક્ત થવું નહીં ***યાવત્*** તેનું સ્મરણ અને વિચાર પણ કરવો નહીં.

આ ઉપરાંત ઘ્રાણેન્દ્રિયથી અમનોજ્ઞ સુગંધને સુંઘીને મુનિ(રોષ કરે નહીં) તે દુર્ગંધ કઈ છે ?

મૃત સર્પ, મૃત ઘોડો, મૃત હાથી, મૃત ગાય, તથા બકરી, કૂતરો, શિયાળ, મનુષ્ય, બિલાડી, સિંહ, ચિત્તો, વગેરેના મરેલ, સડેલ મૃતદેહો, જેમાં કીડા ખદબદતાં હોય, દૂર દૂર સુધી દુર્ગંધ ફેલાવનારી ગંધમાં તથા આ પ્રકારની બીજી અમનોજ્ઞ દુર્ગંધોના વિષયમાં સાધુ રોષ કરે નહીં ***યાવત્*** ઈન્દ્રિયોને વશમાં રાખીને ધર્મનું આચરણ કરે.

### ૪. રસનેન્દ્રિય સંયમ :–

**૧૫** **चउत्थं– जिभिंदिएण साइय रसाणि मणुण्णभद्दगाइं । किं ते ? उग्गाहिम विविहपाण–भोयण–गुलकय–खंडकय–तेल्ल–घयकय–भक्खेसु–बहुविहेसु लवणरस संजुत्तेसु, णिट्ठाणग–दालियंब–सेहंब–दुद्ध–दहि सायट्ठारस बहुप्पगारेसु भोयणेसु य मणुण्ण वण्णगंधरसफास बहुदव्वसंभिएसु अण्णेसु य एवमाइएसु रसेसु मणुण्ण–भद्दए सु ण तेसु समणेण सज्जियव्वं** *जाव* **ण सइं च मइं च तत्थ कुज्जा ।**

**पुणरवि जिब्भिदिएण साइय रसाइं अमुण्णपावगाइं किं ते ? अरस–विरस–सीय–लुक्ख–णिज्जप्प–पाण–भोयणाइं दोसीण–वावण्ण–**

**कुहिय-पूइय-अमणुण्ण-विणट्ठप्पसूय-बहुदुब्भिगंधियाइं तित्त-कडुय-कसाय-अंबिल-रस-लिंडणीरसाइं, अण्णेसु य एवमाइएसु रसेसु अमणुण्ण-पावगेसु ण तेसु समणेण रूसियव्वं** *जाव* **चरेज्ज धम्मं ।**

**ભાવાર્થ :–** રસના–ઈન્દ્રિયથી મનોજ્ઞ અને સુંદર રસોનો સ્વાદ લઈને (તેમાં આસક્ત બને નહીં). એ રસ કયા અને કેવા છે ? ઘી, તેલ, આદિમાં તળીને પકાવેલ ખાજા, આદિ પકવાન; વિવિધ પ્રકારના પાનક–દ્રાક્ષાપાન આદિ, ગોળ અથવા સાકરના બનાવેલ, તેલ અથવા ઘીથી બનેલા માલપૂવા આદિ; અનેક પ્રકારના ખારા–ખાટા આદિ રસયુક્ત પદાર્થ; નિષ્ઠાનક–બહુમૂલ્ય પદાર્થો દ્વારા તૈયાર કરેલું દ્રવ્ય, દાલિકામ્લ–ખાટીદાળ, ઓસામણ–રાયતા આદિ, દૂધ, દહીં, અઢાર પ્રકારના શાક યુક્ત પદાર્થ; આવા અનેક પ્રકારના મનોજ્ઞવર્ણ, ગંધ, રસ, અને સ્પર્શથી યુક્ત અનેક દ્રવ્યોથી બનેલ ભોજનમાં તથા આવા પ્રકારના અન્ય મનોજ્ઞ–લોભાવનાર રસોમાં સાધુ આસક્ત બને નહીં અથવા તેનું સ્મરણ તથા વિચાર પણ કરે નહીં.

તે ઉપરાંત રસેન્દ્રિયથી અમનોજ્ઞ રસોનો આસ્વાદ કરીને (રોષ કરે નહીં.) તે અમનોજ્ઞ રસ કયા છે ? અરસ–હિંગ આદિના સંસ્કારથી રહિત હોવાના કારણે રસહીન; વિરસ–જૂના હોવાના કારણે વિગત રસ; ઠંડા,સૂકા, સ્નિગ્ધતા રહિત; નિર્વાહ માટે અયોગ્ય ભોજન–પાણી તથા રાત–વાસી; વ્યાપન્ન–રંગ બદલાઈ ગયેલ; બગડી ગયેલ, સડી ગયેલ–અપવિત્ર બની ગયેલા અમનોજ્ઞ અથવા અત્યંત વિકૃત બની જવાના કારણે જેમાંથી દુર્ગંધ નીકળવા લાગે એવા, તિકત, કડવા, કસાયેલા, ખાટા, સ્વાદ રહિત જૂના નીરસ પદાર્થોમાં તથા આવા પ્રકારના બીજા અમનોજ્ઞ તથા અશુભ રસોમાં સાધુ રોષ ધારણ કરે નહીં ***યાવત્*** જિતેન્દ્રિય બનીને ધર્મનું આચરણ કરે.

### ૫. : સ્પર્શેન્દ્રિય સંયમ :–

**१६ पंचमगं- फासिंदिएण फासिय फासाइं मणुण्णभद्दगाइं । किं ते ? दग-मंडव-हार-सेयचंदण-सीयल-विमल-जल-विविहकुसुम-सत्थर-ओसीर-मुत्तिय-मुणाल दोसिणा-पेहुणउक्खेवग-तालियंट-वीयणग जणियसुहसीयले य पवणे गिम्हकाले सुहफासाणि य बहूणि सयणाणि आसणाणि य पाउरणगुणे य सिसिरकाले अंगारपयावणा य आयवणिद्धमउयसीय उसिण-लहुआ य जे उउसुहफासा अंगसुह-णिव्वुइगराए अण्णेसु य एवमाइएसु फासेसु मणुण्णभद्दगेसु ण तेसु समणेण सज्जियव्वं, ण रज्जियव्वं, ण गिज्झियव्वं, ण मुज्झियव्वं, ण विणिग्घायं आवज्जियव्वं, ण लुब्भियव्वं, ण अज्झोववजियव्वं, ण तुसियव्वं, ण हसियव्वं, ण सइं च मइं च तत्थ कुज्जा ।**

पुणरवि फासिंदिएण फासिय फासाइं अमणुण्णपावगाइं । किं ते ? अणेगवह–बंध–तालणंकण–अइभारारोवणए, अंगभंजण–सूई–णखप्पवेस–गायपच्छणण लक्खारस–खार–तेल्ल–कलकलंत–तउय–सीसग–काल लोहसिंचण–हडिबंधण–रज्जुणिगल–संकल–हत्थंडुय–कुंभिपागदहण–सीहपुच्छण–उब्बंधण– सूलभेय गयचलणमलण–करचरण–कण्ण–णासोट्ठ–सीसच्छेयण जिब्भच्छेयण–वसण णयण–हियय–दंतभंजण–जोत्तलय– कसप्पहार–पाय–पण्हि–जाणु–पत्थर–णिवाय–पीलण–कविकच्छु–अगणि– विच्छुयडक्क–वायातव–दंसमसग–णिवाए दुट्ठणिसज्ज–दुण्णि सीहिय– दुब्भि–कक्खड– गुरु–सीय–उसिण लुक्खेसु बहुविहेसु अण्णेसु य एवमाइएसु फासेसु अमणुण्णपावगेसु ण तेसु समणेण रूसियव्वं, ण हीलियव्वं, ण णिंदियव्वं, ण गरहियव्वं, ण खिंसियव्वं, ण छिंदियव्वं, ण भिंदियव्वं, ण वहेयव्वं, ण दुगंछा वत्तियव्वं च लब्भा उप्पाएउं ।

एवं फासिंदियभावणाभाविओ भवइ अंतरप्पा, मणुण्णामणुण्ण–सुब्भि–दुब्भिरागदोसपणिहियप्पा साहू मणवयणकायगुत्ते संवुडेणं पणिहिर्तिदिए चरिज्ज धम्मं ।

**ભાવાર્થ :–** સ્પર્શેન્દ્રિયથી મનોજ્ઞ અને સુંવાળા સ્પર્શને સ્પર્શી રાગભાવ ધારણ કરે નહીં. તે મનોજ્ઞ સ્પર્શ કયા છે ? જલમંડપ–ઝરણાવાળા મંડપ; હાર, શ્વેત ચંદન, શીતલ, નિર્મલપાણી, વિવિધ પુષ્પોની શય્યા, ખસખસ, મોતી, પદ્મનાલ, ચંદ્રની ચાંદની, મોરપીંછ, તાડનો પંખો; વિંજણાથી કરાયેલ શીતલ પવન; ઉનાળામાં સુખદ સ્પર્શયુક્ત અનેક પ્રકારના શયનો અને આસનો; શીતકાલમાં આવરણ ગુણયુક્ત અર્થાત્ ઠંડીથી રક્ષણ આપનાર વસ્ત્રાદિ, અંગારાથી શરીરને તપાવનાર તાપ; સ્નિગ્ધ તેલ વિગેરે પદાર્થ; કોમલ અને શીતલ, ગરમ અને હલકા, જે ઋતુને અનુકૂળ, સુખદાઈ–સ્પર્શ; શરીરને સુખ અને મનને આનંદ દેનાર હોય એવા સર્વ સ્પર્શોમાં તથા આવા પ્રકારના અન્ય મનોજ્ઞ અને સુંદર સ્પર્શોમાં શ્રમણ આસક્ત બને નહીં; અનુરક્ત બને નહીં; ગૃદ્ધ બને નહીં; તેને પ્રાપ્ત કરવાની અભિલાષા પણ કરે નહીં. તેમાં મુગ્ધ બને નહીં, પોતાના અને પારકાના હિતનો વિઘાત કરે નહીં, લુબ્ધ બને નહીં, ચિત્ત તલ્લીન કરે નહીં. તેમાં સંતોષની અનુભૂતિ કરે નહીં, હસે નહીં કે તેનું સ્મરણ અથવા વિચાર પણ કરે નહીં.

તેમજ સ્પર્શેન્દ્રિયથી અમનોજ્ઞ અને અસુંદર સ્પર્શોને સ્પર્શીને દ્વેષ કરે નહીં.

તે સ્પર્શ કયા છે ? વધ, બંધન, તાડન, થપ્પડ, આદિનો પ્રહાર; અંકન–તપાવેલા લોઢાના સળીયા વડે શરીર પર ડામ દેવારૂપ નિશાન; શરીરના અંગનું છેદન; સોયને નખમાં ભોંકી દેવી; વાંસલા આદિથી શરીરના અવયવોને છોલવા; ગરમ લાખના રસથી, ક્ષાર યુક્ત પદાર્થથી તપાવેલા તેલથી,

અત્યંત ગરમ કથીરથી, સીસાથી, કાળા લોઢાથી શરીરનું સિંચન કરવું, રેડવું; હડી બંધન–શરીરને (પગને) લાકડાના ખોડામાં નાંખવું, દોરડા અને બેડી વડે બાંધવું, હાથકડી પહેરાવવી, કુંભીમાં પકાવવું, અગ્નિથી બાળવું, લિંગ છેદન કરવું, બાંધીને ઉપરથી લટકાવવું, શૂળી પર ચઢાવવું, હાથીના પગ નીચે કચડાવવું, હાથ–પગ, કાન, નાક, હોઠ અથવા મસ્તકનો છેદ કરવો; જીભને બહાર ખેંચવી; અંડકોશ, આંખ, હૃદય, દાંત તોડવા અથવા ચાબુક દ્વારા પ્રહાર કરવો; એડી, ઘૂંટણ પર પથ્થરનો આઘાત પહોંચાડવો; મશીનમાં પીલવા, કરેંચની ફળી, અગ્નિ અને વિંછીના ડંખ, શિયાળામાં ઠંડો પવન અને ઉનાળામાં તડકો લાગવો, ડાંસ–મચ્છરોનો સ્પર્શ થવો, કુષ્ટ–દોષયુક્ત કષ્ટદાયક આસન; સ્વાધ્યાયભૂમિમાં તથા દુર્ગંધમય, કર્કશ, ભારે, ઠંડો, ગરમ અને રુક્ષ આદિ અનેક પ્રકારના સ્પર્શોમાં અને આ પ્રકારના અન્ય અમનોજ્ઞ સ્પર્શોમાં સાધુ રૂષ્ટ બને નહીં. તેની અવહેલના, નિંદા, ગર્હા, ખિંસના કરે નહીં, અશુભ સ્પર્શવાળા દ્રવ્યની કાપકુપ કરે નહી, નાશ કરે નહીં, પોતાના કે પારકા પર ઘૃણાવૃત્તિ ઉત્પન્ન કરે નહીં.

આ પ્રકારે સ્પર્શેન્દ્રિય સંવરની ભાવનાથી ભાવિત અંતઃકરણવાળા મનોજ્ઞ અને અમનોજ્ઞ, અનુકૂળ અને પ્રતિકૂળ સ્પર્શોની પ્રાપ્તિ થવા પર રાગદ્વેષ યુક્ત વૃત્તિનું સંવરણ કરનારા સાધુ મન, વચન અને કાયાથી ગુપ્ત હોય છે. આ પ્રકારે સાધુ સંયતેન્દ્રિય બનીને ધર્મનું આચરણ કરે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં અપરિગ્રહ મહાવ્રતની સુરક્ષા માટે પાંચ ભાવનાનું પ્રતિપાદન કર્યું છે. પરિગ્રહ એટલે મૂર્ચ્છાભાવ. મૂર્ચ્છા કે આસક્તિના સ્થાન છે પાંચે ઈન્દ્રિયના વિષયો. તેથી પાંચ ભાવનાના રૂપમાં સૂત્રકારે પાંચે ઈન્દ્રિયનો સંયમ કે નિગ્રહ કરવાનું સૂચન કર્યું છે. ઈન્દ્રિયોના વિષયો શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શમાં જ્યારે સંયમ ભાવ જાગૃત થઈ જાય, તેમાં પ્રિય–અપ્રિય, ઈષ્ટ–અનિષ્ટનો ભાવ વિલય પામી જાય, ત્યાર પછી સાધકની પદાર્થો પ્રત્યેની આસક્તિ સહેજે છૂટી જાય છે. આસક્તિ દૂર થતાં તે પદાર્થોની સંગ્રહવૃત્તિ પણ પરિવર્તિત થાય છે.

આ રીતે શાસ્ત્રકારે બાહ્ય પરિગ્રહ વિરક્તિ માટે આભ્યંતર પરિગ્રહ–મૂર્ચ્છા કે આસક્તિના ત્યાગની આવશ્યક્તા જણાવી છે તે પાંચ ભાવના આ પ્રમાણે છે.

(૧) શ્રોતેન્દ્રિય સંવર (૨) ચક્ષુરિન્દ્રિય સંવર (૩) ઘ્રાણેન્દ્રિય સંવર (૪) રસેન્દ્રિય સંવર (૫) સ્પર્શેન્દ્રિય સંવર.

પ્રત્યેક ઈન્દ્રિયના વિષય અનુભૂતિની દષ્ટિએ બે પ્રકાર છે– મનોજ્ઞ અને અમનોજ્ઞ. ઈન્દ્રિય પોતાના વિષયને ગ્રહણ કરે છે. વિષય સામાન્યરૂપે એક જ છે, પરંતુ તેનું ગ્રહણ થતાં જ આત્માના પૂર્વ સંસ્કારો અને સંજ્ઞા તેમાં પ્રિય–અપ્રિયનો રંગ ભરી દે છે, જે વિષય જેને પ્રિય લાગે તેના માટે મનોજ્ઞ અને જે વિષય જેને અપ્રિય લાગે તેના માટે તે અમનોજ્ઞ બને છે. તેમજ એક જ વિષય પ્રત્યેક પરિસ્થિતિમાં પણ સમાન રૂપે પ્રતીત થતો નથી. જેમ કે ઉનાળામાં શીત સ્પર્શ મનોજ્ઞ લાગે અને તે જ શીત સ્પર્શ શિયાળામાં અમનોજ્ઞ લાગે છે. આ રીતે દરેક વિષયમાં સમજી લેવું જોઈએ. સામાન્ય જીવોને મનોજ્ઞ

વિષયમાં રાગ અને અમનોજ્ઞ વિષયમાં દ્વેષભાવ ઉત્પન્ન થાય છે.

**શ્રોતેન્દ્રિય સંવર :–** સાધક ઈન્દ્રિયનો સંવર કઈ રીતે કરે ? કહ્યું છે કે–

**न सक्का ण सोउं सद्दा, सोयविसयमागया ।**

**राग–दोसा उ जे तत्थ, ते भिक्खू परिवज्जए ॥**

શ્રોતેન્દ્રિયના વિષયભૂત બનેલા શબ્દોને સાંભળ્યા વિના રહી શકાતું નથી પરંતુ ભિક્ષુ તેને સાંભળ્યા પછી ઉત્પન્ન થતાં રાગ–દ્વેષને છોડી દે. વિષયોના ગ્રહણ પછી પોતાની વૃત્તિના આધારે પ્રિય–અપ્રિયનો રંગ ચઢાવી જે રાગ–દ્વેષનો ભાવ ઉત્પન્ન થાય છે, તે ન કરવો તેને શ્રોતેન્દ્રિય સંવર અથવા નિગ્રહ કહે છે. આ રીતે પાંચે ઈન્દ્રિયનો સંવર સમજી લેવો જોઈએ.

આ રીતે પાંચે ઈન્દ્રિયનો નિગ્રહ કરનાર સાધકનું અપરિગ્રહ મહાવ્રત પરિપક્વ બને છે.

**जे सद्द रुव–रस–गंध मागए, फासे य संपण्ण मणुण्ण पावए ।**

**गेही पओसं ण करेज्ज पंडिए, स होइ दंते विरए अकिंचणे ॥**

મનોજ્ઞ–અમનોજ્ઞ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ પ્રાપ્ત થવા પર જે પંડિત પુરુષ રાગ–દ્વેષ કરતા નથી તે જ ઈન્દ્રિયના દમનકર્તા, વિરત અને અપરિગ્રહી કહેવાય છે.

*[અહીં સૂત્ર ૧૫માં કંઈક વિચારણીય શબ્દો પ્રત્રોમાં મળે છે. તે સંબંધી સ્પષ્ટીકરણ પાંચમા સંવરદ્વારના અંતે '**વિશેષ નોંધ**'માં જુઓ.]*

## અપરિગ્રહ મહાવ્રત ઉપસંહાર :–

**૧૭ एवमिणं संवरस्स दारं सम्मं संवरियं होइ सुप्पणिहियं इमेहिं पि कारणेहिं मणवयकाय परिरक्खएहिं । णिच्चं आमरणंतं च एस जोगो णेयव्वो धिइमया मइमया, अणासवो अकलुसो अच्छिद्दो अपरिस्सावी असंकिलिट्ठो सुद्धो सव्वजिण- मणुण्णाओ ।**

**एवं पंचमं संवरदारं फासियं पालियं सोहियं तीरियं किट्टियं अणुपालियं आणाए आराहियं भवइ । एवं णायमुणिणा भगवया पण्णवियं परूवियं पसिद्धं सिद्धं सिद्धवरसासणमिणं आघवियं सुदेसियं पसत्थं । त्ति बेमि ॥**

**ભાવાર્થ :–** આ રીતે આ અપરિગ્રહ નામના સંવરદ્વારનું સમ્યક્ પ્રકારે સેવન થતાં તે સુરક્ષિત થાય છે. તેથી મન, વચન કાયાના યોગથી પરિરક્ષિત થયેલ ધૈર્યવાન અને બુદ્ધિમાન સાધુએ આ પાંચે ભાવનાઓનું,

સદા જીવન પર્યંત પાલન કરવું જોઈએ.

આ યોગ આશ્રવને રોકનાર, નિર્મલ,મિથ્યાત્વ આદિ છિદ્રોથી રહિત, અપરિશ્રાવી, સંકલેશહીન, શુદ્ધ અને સમસ્ત તીર્થંકરોથી અનુજ્ઞાત છે. આ પ્રકારે પાંચમુ સંવરદ્વાર શરીર દ્વારા સ્પર્શિત, પાલિત, શોધિત–પરિપૂર્ણરૂપે સેવિત, વચનદ્વારા કીર્તિત, અનુપાલિત તથા તીર્થંકરોની આજ્ઞા અનુસાર આરાધિત છે.

જ્ઞાતમુનિ ભગવાને આ પ્રકારે પ્રતિપાદન કર્યું છે, યુક્તિપૂર્વક સમજાવ્યું છે. આ પ્રસિદ્ધ, સિદ્ધ અને લોકમાં આ શાસન શ્રેષ્ઠ સિદ્ધ છે, સમીચીન રૂપથી કહેલ છે, ઉપદિષ્ટ છે. આ પ્રશસ્ત સંવરદ્વાર પૂર્ણ થયું આ પ્રમાણે હું(સુધર્મા) કહું છું.

**સંવરદ્વારનો ઉપસંહાર :–**

**१८ एयाइं वयाइं पंच वि सुव्वय–महव्वयाइं हेउसय–विबित्त–पुक्कलाइं कहियाइं अरिहंत सासणे पंच समासेण संवरा, वित्थरेण उ पणवीसतिं । समियसहिय–संवुडे सया जयण–घडण–सुविसुद्धदंसणे एए अणुचरिय संजए चरमसरीरधरे भविस्सइ।**

**पण्हावागरणे णं एगो सुयक्खंधो, दस अज्झयणा एक्कसरगा दससु चेव दिवसेसु उद्दिसिज्जंति एगंतरेसु आयंबिलेसु णिरुद्धेसु आउत्त–भत्तपाणएणं ।**

**ભાવાર્થ :–** હે સુવ્રત ! આ પાંચ મહાવ્રત સેંકડો નિર્દોષ, પુષ્ટ હેતુઓથી અત્યંત વિસ્તૃત કહેલ છે. અરિહંત શાસનમાં આ સંવરદ્વાર સંક્ષેપમાં કહ્યું છે પરંતુ દરેકની પાંચ પાંચ ભાવના હોવાથી વિસ્તારથી તેના પચ્ચીસ પ્રકાર થાય છે. જે સાધુ ઈર્યાસમિતિ આદિ પચ્ચીસ ભાવનાઓથી યુક્ત હોય છે અથવા જ્ઞાનદર્શનથી યુક્ત હોય છે તથા કષાય સંવર અને ઈન્દ્રિય સંવરથી સંવૃત્ત હોય છે; જે પ્રાપ્ત સંયમ યોગોનું યત્ના પૂર્વક પાલન કરે છે અને અપ્રાપ્ત સંયમ યોગની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહે છે; હંમેશાં વિશુદ્ધ શ્રદ્ધાવાન હોય છે તે આ સંવરોની આરાધના કરીને સંયત ચરમશરીર ધારણ કરનાર થશે.

પ્રશ્નવ્યાકરણમાં એક શ્રુતસ્કંધ છે, એક સદશ દશ અધ્યયન છે. ઉપયોગ સહિત આહાર–પાણી ગ્રહણ કરનાર સાધુ દ્વારા જે રીતે આચારાંગનું વાંચન કરાય છે તે જ રીતે એકાંતર આયંબિલયુક્ત તપશ્ચર્યા પૂર્વક દશ દિવસમાં તેનું (૧૦ અધ્યયનનું) વાંચન કરાય છે.

**॥ પાંચમું સંવરદ્વાર સમાપ્ત ॥**

**વિવેચન :–**

આ સૂત્રમાં પાંચે ય સંવરદ્વારનું સમાપન કરતા સૂત્રકારે કહ્યું છે કે જિનશાસનમાં મૂળ રૂપે પાંચ

મહાવ્રતો છે જેનું સેંકડો નિર્દોષ અને પુષ્ટ હેતુઓ વડે વિસ્તૃત વિવેચન છે. અહીં તેનું સંક્ષિપ્ત વર્ણન છે. એક એક મહાવ્રતની પાંચ ભાવના, આ રીતે પંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓ છે. જે મહાવ્રતના મર્મને સ્પષ્ટ કરે છે. આ સર્વ સ્વરૂપને સમજી આચરણ કરી આરાધના કરનાર મુનિ મુક્તિને પ્રાપ્ત કરે છે.

**एसो सुयक्खंधो :–** આ સૂત્રના પ્રારંભમાં બે શ્રુતસ્કંધનું કથન ઉપલબ્ધ છે અને અંતે એક શ્રુતસ્કંધ હોવાનું કથન છે. આ બંને કથન સાપેક્ષ છે. પ્રારંભનું કથન આ વર્તમાન આશ્રવદ્વાર અને સંવરદ્વાર યુક્ત સૂત્રની અપેક્ષાએ છે અને અંતિમ કથન નંદીસૂત્ર કથિત પ્રાચીન પ્રશ્નવ્યાકરણની અપેક્ષાએ છે.

આ પ્રતોમાં **अंगं जहा आयारस्स** આ પ્રકારનો સૂત્રપાઠ અંતે પ્રાપ્ત થાય છે, પરંતુ આ શબ્દોનું અહીં કોઈ પ્રયોજન નથી. તેથી પ્રસ્તુતમાં તે પાઠ રાખેલ નથી. વિશેષ માટે જુઓ ઉપાસક દશા સૂત્રનું અંતિમ સૂત્ર.

## ॥ પાંચમું (દસમું) અધ્યયન સંપૂર્ણ ॥

## વિશેષ નોંધ :–

પ્રશ્નવ્યાકરણ સૂત્રની કેટલીક પ્રતોમાં ચોથા અને પાંચમા સંવરદ્વારમાં કુલ ત્રણ સ્થલે આહાર વિષયક શબ્દોની વચ્ચે દારૂમાંસ સૂચક શબ્દો જોવા મળે છે, જે પાઠમાં અપ્રાસંગિક જણાય છે.

બત્રીસ સૂત્રોની ગુજરાતી, હિંદી, સંસ્કૃત વ્યાખ્યા કરનાર આચાર્યશ્રી ઘાસીલાલજી મહારાજ સાહેબના આ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં દારૂમાંસ સૂચક શબ્દો મૂળપાઠમાં અને હિંદી, ગુજરાતી, સંસ્કૃત વ્યાખ્યાઓમાં પણ નથી અર્થાત્ તે શબ્દોની ત્યાં કોઈપણ ચર્ચા નથી. બત્રીસ સૂત્રના મૂળપાઠની સુત્તાગમે નામની પુસ્તકમાં પણ પ્રશ્નવ્યાકરણ સૂત્રના આ ત્રણે ય સ્થળે દારૂમાંસ સૂચક શબ્દો નથી.

આગમ અનુભવને લક્ષ્યમાં રાખી સૂક્ષ્મ દ્રષ્ટિએ વિચારતાં પણ આ સહજ બુદ્ધિગમ્ય જેવું છે કે દારૂમાંસ જૈન શ્રમણ શ્રમણોપાસકને ગ્રહણ કરવા કે ખાવાનો સંકલ્પ પણ થઈ શકે નહીં અર્થાત્ જૈન શ્રમણ શ્રમણોપાસક દારૂમાંસના મન, વચન, કાયાથી ત્યાગી હોય છે. સત્ય એ છે કે જૈન શ્રમણ શ્રમણોપાસક દારૂમાંસની નજીકમાં ઊભા પણ રહી શકતા નથી. આવા મદ્યમાંસથી એકાંત દૂર રહેનાર જૈન શ્રમણોના પરિગ્રહ મહાવ્રતના પ્રસંગે ખાવા–પીવાની સામગ્રીના સંગ્રહ કરવાના નિષેધ સૂત્રમાં "સાધુ દારૂમાંસનો સંગ્રહ ઉપાશ્રયમાં કે અન્યત્ર કોઈ પણ સ્થળે કરે નહીં." આવા ભાવનો આદેશ વાક્ય શાસ્ત્રમાં હોય એ કોઈપણ રીતે ઉપયુક્ત થઈ શકે નહીં. આ કારણે એમ સમજાય છે કે આવા મદ્યમાંસ સૂચક શબ્દો ક્યારે કોઈ શાસ્ત્રની પ્રતોમાં અશુદ્ધિથી કે અશુદ્ધ રીતથી લિપિબદ્ધ થઈ ગયા હોય અને પછી તેની નકલો પરંપરામાં ચાલતી રહી હોય.

અમારી સમક્ષ ઉપરોક્ત આચાર્ય ઘાસીલાલજી મ.સા.ની અને અન્ય પ્રતો પણ આવી, જેમાં દારૂમાંસ સૂચક શબ્દો નથી અને વિચાર વિમર્શ કરવાથી પણ તે દારૂમાંસ રહિત પાઠ ઉપયુક્ત લાગતાં આ પ્રસ્તુત સંસ્કરણમાં દારૂમાંસ સૂચક શબ્દો ન રાખવાનું નક્કી કર્યું.

આખા આ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં આ નિર્ણયનો ઉપયોગ ત્રણ જગ્યાએ કરવામાં આવ્યો છે– (૧) ચોથા સંવરદ્વારના બ્રહ્મચર્ય મહાવ્રતની પાંચમી ભાવનાના પ્રકરણમાં સૂત્ર–૧૦ માં, (૨) શ્રમણ માટે ખાદ્યસામગ્રીનો સંચય કરવાના અપરિગ્રહ મહાવ્રતમાં આદેશ સૂત્ર–૪ માં, (૩) અપરિગ્રહ મહાવ્રતની ચોથી ભાવના–રસનેન્દ્રિય સંયમના પ્રકરણમાં સૂત્ર–૧૫ માં.

પ્રસ્તુત સંસ્કરણના આ ત્રણે સ્થળે મૂળપાઠના શબ્દોમાં પૂર્વાપર સંબંધમાં પણ પૂર્ણ સંગતિ જોવાય છે. જ્યારે દારૂમાંસના શબ્દોથી યુક્ત પાઠમાં એમ જણાય કે સાધુની ખાદ્ય સામગ્રીના વચ્ચે વચ્ચે આ શબ્દો કેમ આવી ગયા હશે ? જરૂર કોઈક ભૂલ થઈ લાગે છે. કારણ કે રચનાદષ્ટિથી અને વિષય પ્રસંગની દષ્ટિથી પણ આ શબ્દો ત્યાં કોઈ રીતે ઉપયુક્ત થતા નથી.

ભવિષ્યમાં આવનાર પ્રકાશકો, સંપાદકો પાસેથી પણ એવી અપેક્ષા રાખીએ છીએ કે તેઓ પણ આ સંસ્કરણનું અનુકરણ કરી આદર્શ ઉપસ્થિત કરશે અને કોઈ પણ કારણથી મૂળપાઠમાં આવેલ વિકૃતિનું યોગ્ય સંશોધન કરી સંપાદન પ્રકાશન કરશે તેથી જૈનાગમોની અવહેલના ન થાય.

॥ અધ્યયન–૫ સંપૂર્ણ ॥

# ॥ પ્રશ્નવ્યાકરણ સૂત્ર સંપૂર્ણ ॥

## પરિશિષ્ટ–૧

# અકારાદિના ક્રમથી કેટલાક શબ્દોના અર્થ

**अकारको** = અકર્તા, ક્રિયા ન કરનાર
**अकिच्चं** = અકૃત્ય, હિંસાનું એક નામ
**अकिरिया** = અક્રિયા, ક્રિયારહિત
**अंकुस** = અંકુશ
**अगम्मगामी** = બહેન–દિકરી સાથે ગમન કરનારા
**अगर** = સુગંધિત દ્રવ્યવિશેષ
**अगार** = ઘર
**अगुत्ती** = અગુપ્તિ, પરિગ્રહનું ત્રેવીસમું નામ
**अचक्खुसे** = અચાક્ષુષ, આંખથી ન દેખાય તે
**अच्छभल्ल** = રીંછ,
**अच्छरा** = અપ્સરા, દેવાંગના
**अज्झप्पझाण** = અધ્યાત્મધ્યાન
**अंजणकसेल** = અંજનક પર્વત
**अट्टालग** = અટ્ટાલિકા, અટારી
**अट्टं** = આર્ત
**अट्ठकम्म** = જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારના કર્મ
**अट्ठमयमहणे** = આઠ મદનું મંથન કરનાર
**अट्ठावय** = અષ્ટાપદ, પશુવિશેષ
**अट्ठि** = અસ્થિ, હાડકાં
**अडवी** = જંગલ
**अंडग** = ઈંડુ
**अंडज** = ઈંડાથી ઉત્પન્ન થનાર
**अणंकर** = હિંસાનું એક નામ
**अणक्क (क्ख)** = દેશ વિશેષ
**अणज्ज** = અનાર્ય
**अणत्थको** = અનર્થકારી, પરિગ્રહનું એક નામ
**अणवदग्गं** = અનંત
**अण्हय** = આશ્રવ
**अणासवो** = અનાશ્રવ, અહિંસાનું એક નામ
**अणाह** = અનાથ
**अणिल** = વાયુ
**अणिहुय** = અસ્થિર
**अत्ताणे** = અત્રાણ, શરણથી રહિત
**अत्थसत्थ** = અર્થશાસ્ત્ર, રાજનીતિ
**अत्थालियं** = અર્થાલીક, ધનસંબંધી અસત્ય
**अंत** = આંત
**अंद्द** = આંધ્ર, આંધ્રપ્રદેશ
**अद्धचंद** = અર્ધચંદ્રના આકારની બારી
**अप्पसुह** = અલ્પસુખ, સુખથી શૂન્ય
**अबितिज्जओ** =અદ્વિતીય, અસહાય
**अभिज्जा** = આસક્તિ
**अयगर** = અજગર
**अरविंद** = કમળ
**अरास** = માનવજાતિ વિશેષ
**अलियं** = અલીક, મિથ્યા
**अवकोडक बंधन** = પીઠ પાછળ હાથ બાંધવા
**अवज्ज** = અવદ્ય, પાપ
**अवद्दिका** = ઉધઈ,
**अविभाव** = અજ્ઞાતબંધુ
**अविसंभे** = અવિશ્રંભ, હિંસાનું એક નામ
**अस्समड** = મરેલા ઘોડાનું કલેવર
**असि** = તલવાર

**असिवाग** = તલવારની ધાર સમાન પાંદડા વાળા વૃક્ષોનું વન
**असंजओ** = સંયમરહિત, હિંસાનું નામ
**असंजम** = અસંયમ
**असंतोस** = અસંતોષ, પરિગ્રહનું નામ
**अहरगइ** = અધોગતિ, કુગતિ
**अहिमड** = સાપનું મૃત શરીર
**अहिसंधि** = અભિપ્રાય
**आगमेसिभद्दं**= આગામી કાળમાં કલ્યાણકારી
**आगर** = ખાણ
**आडा** = આડપક્ષી
**आतोज्ज** = આતોદ્ય, વાજું
**आदियणा** = ચોરી
**आभासिय** = આભાષિક દેશ
**अभिओग** = વશીકરણ આદિ પ્રયોગ
**आमेलग** = કલગી
**आमोसहि** = એક પ્રકારની લબ્ધિ
**आयरो** = વસ્તુમાં આદર બુદ્ધિ રાખવી, પરિગ્રહનું ૨૧ મું નામ
**आयतण** = સ્થાન વિશેષ
**आयतणं** = આયતન, અહિંસાનું ૪૭ મું નામ
**आयासी** = ખેદનું કારણ, પરિગ્રહનું ૨૪ મું નામ
**आयाणभंड** = આદાન ભંડ માત્ર
**णिक्खेवणसमित** = નિક્ષેપના સમિતિવાળા
**आउयकम्मस्सुवदवो** = આયુષ્યકર્મનો ઉપદ્રવ, હિંસાનું ૧૨ મું નામ
**आरवं** = આરબ દેશ
**आराम** = બગીચો
**आरिय** = આર્ય
**आपण** = દુકાન
**आवसह** = પરિવ્રાજકોનો આશ્રમ
**आविंघण** = મંત્રપ્રયોગ
**आसम** = આશ્રમ
**आसत्ति** = આસક્તિ, પરિગ્રહનું એક નામ
**आसालिया** = જીવ વિશેષ
**आहाकम्म** = આધાકર્મ–સાધુના નિમિત્તે નિર્મિત
**आहेवण** = મંત્ર વિશેષ
**इक्कडं** = એક જાતનું ઘાસ
**इक्खुगार** = ઈષુકાર પર્વત
**इब्भ** = મોટો શ્રેષ્ઠી
**इंगाल** = અંગાર, આહારનો એક દોષ
**इंदकेतु** = ઈન્દ્રકેતુ
**ईसत्थ** = શસ્ત્ર પકડવાની કળા
**ईरियासमित** = ઈર્યાસમિતિવંત, ગમન સંબંધી સાવધાની યુક્ત
**उक्कोस** = એક જાતનું પક્ષી
**अक्खल** = ખરલ
**उज्जुमई** = ઋજુમતિ નામના મનઃપર્યવ જ્ઞાની
**उंच्छ** = ભિક્ષા
**उट्ट(उद्द)** = ઊંટ, જલચર જીવ
**उडुपति** = ચંદ્રમા
**उप्पाय** = ઉત્પાત પર્વત
**उद्द** = ઉદ્દેશ
**उदरि** = જલોદરવાળા
**उदवणा** = ઉપદ્રવણ, હિંસાનું ૯ મું નામ
**उब्भिय** = ઉદ્ભિજ–ભૂમિને ફાડીને ઉત્પન્ન થતો જીવ
**उम्मी** = ઉર્મિ, લહેર

**उम्मूलणा** = ઉન્મૂલના, હિંસાનું બીજું નામ
**उरग** = પેટના બળથી ચાલવાવાળો સાપ વિશેષ
**उरब्भ** = ઘેટાં
**उवहिया** = ઠગાઈ કરનાર ઠગ
**उवकरण** = પરિગ્રહનું એક નામ
**उवचयो** = ઉપચય, પરિગ્રહનું ચોથું નામ
**उवाणाहा** = ઉપાનહ–જૂત્તા
**उस्सओ** = ઉચ્છ્ય, ભાવની ઉન્નતિ, અહિંસાનું ૪૫ મું નામ
**उसीर** = ઉશીર, સુગંધિત દ્રવ્ય
**एगचक्खु** = કાણો, એક આંખવાળો
**एगेंदिए** = એકેન્દ્રિયવાળા જીવ
**एणीयारा** = હરણ પકડવા માટે હરણીને લઈને ફરનાર
**एरावण** = ઐરાવત, ઈન્દ્રનો હાથી
**एलारस** = એલચીનો રસ
**ओदण** = ઓદન, ભાત
**ओवाय** = અવપાત, પર્વત વિશેષ
**ओसह** = ઔષધ
**कक्क** = કપટ
**कक्कणा** = અસત્યનું એક નામ
**कच्छभ** = કાચબો
**कच्छभी** = વાદ્ય, વાજિંત્ર વિશેષ
**कच्छुल्ल** = ખૂજલીના રોગી
**कडगमद्दणं** = હિંસાનું એક નામ, કટકમર્દન
**कडुय** = કડવા
**कढिण्णे** = કઠિન તૃણ વિશેષ
**कणग** = સોના
**कणगणियल** = સોનાના બનેલા ઘરેણાં વિશેષ
**कणवीर** = કરેણ
**कण्ण** = કાન
**कंदु** = લોઢી, શેકવાનું એક પાત્ર
**कण्णालियं** = કન્યા સંબંધી જૂઠ
**कप्पणि** = કાતર
**कप्पड** = કોડી
**कपिंजलक** = કપિંજલ પક્ષી
**कब्बड** = નાનું નગર, કસબો
**कमंडलू** = કમંડળ
**कम्मंत** = કારખાના
**कम्मकर** = નોકર
**कयली** = કેળા
**करक** = કરક પક્ષી
**करभ** = ઊંટ
**करवत** = કરવત
**करिसण** = કૃષિ
**कलस** = કળશ, ઘટ
**कलाय** = સોની
**कल्लाण** = કલ્યાણકારી, અહિંસાનું એક નામ
**कलिकरंडो** = ક્લેશની પેટી, પરિગ્રહનું ૧૯ મું નામ
**कवड** = કપટ
**कविल** = કપિલ પક્ષી
**कवोय** = કબૂતર
**कवोल** = ગાલ
**कस** = ચામડાનો ચાબુક
**कहक** = કથા કરનાર, કથાકાર
**काउदर** = એક પ્રકારનો સાપ
**काणा** = કાણો
**कादंबक** = હંસ વિશેષ

**कापुरिस** = કાયર પુરુષ
**कारंडक** = કારંડક પક્ષી
**कारुइज्जा** = છીંપા, શિલૂરી
**काहावण** = કાર્ષાપણ–એક પ્રકારનો સિક્કો
**कित्ती** = અહિંસાનું પાંચમું નામ
**किण्णर** = કિન્નર દેવ, વાદ્ય વિશેષ
**किण्णरी** = કિન્નરી, દેવી
**किमिय** = કૃમિ, કીડા
**किरिया** = પ્રશસ્ત યા અપ્રશસ્ત કાર્ય
**किरियागण** = ક્રિયાસ્થાન
**कीड** = કીડા
**कीर** = પોપટ
**कुक्कुड** = મરઘા
**कुकूलाणल** = કોલસાની આગ
**कुच्च** = કૂંચી, પીંછો બનાવવા યોગ્ય ઘાસ
**कुडिल** = કુટિલ, વાંકો
**कुड्ड** = દિવાલ
**कुणी** = કરથી મુક્ત
**कुद्दाल** = કોદાળી
**कुद्ध** = ક્રોધી
**कुम्म** = કાચબો
**कुमास** = અડદ
**कुरंग** = હરણ
**कुलकोडी** = કુલકોટિ
**कुलल** = કુલલ પક્ષી
**कुलक्ख** = પક્ષીની એક જાતિ
**कुलिंगी** = કુતીર્થી
**कुलिय** = વિશેષ પ્રકારનું હળ
**कुलीकोस** = કુટીક્રોશ પક્ષી
**कुवियसाला** = ઘાસ આદિ રાખવાનું ઘર
**कुस** = તૃણ, ઘાસ
**कुसंघयण** = દુર્બળ હાડકાની રચનાવાળા
**कुसंठिया** = ખરાબ આકૃતિવાળા
**कुहण** = કુહણ દેશ
**कुहंड** = દેવવિશેષ, કૂષ્માંડ
**कूडतुल** = ખોટુ તોળનાર
**कूडमाणी** = ખોટુ માપનાર
**कूरकम्मा** = ક્રૂર કર્મ કરનાર
**कूरिकडं** = ચોરીનું એક નામ
**कूव** = કુવા
**केकय** = કૈકય દેશ
**केवलीठाणं** = કેવળીનું સ્થાન,અહિંસાનું ૩૯મું નામ
**केसरिमुह विप्फारगा** = સિંહનું મોઢું ફાડનાર
**कोइल** = કોકીલ
**कोकंतिय** = શિયાળ
**कोट्टबलिकरण** = બલિદાનનો એક પ્રકાર
**कोढिक** = કુષ્ઠ રોગી
**कोणालग** = કોણાલક પક્ષી
**कोरंग** = કોરંગ પક્ષી
**कोल** = ઉંદર સમાન જીવ
**कोल–सुणक** = મોટો સૂઅર
**कोसिकार** = રેશમનો કીડો
**कंक** = કંક પક્ષી
**कंचणक** = કાંચનક પર્વત
**कंचणा** = કંચના, એક સ્ત્રી
**कंची** = કંદોરા
**कंडिया** = કુંડી–કમંડલ
**कंती** = ચમક, અહિંસાનું છઠ્ઠું નામ

**कंदमूलाई** = કંદમૂળ
**कंस** = કાંસાનું પાત્ર
**कुंकुम** = કુંકુમ
**कुंच** = ક્રૌંચપક્ષી
**कुंजर** = હાથી
**कुंट** = ખરાબ હાથવાળા, ટોંટા
**कुंडल** = કુંડલાકાર પર્વત
**कुंत** = ભાલા, અસ્ત્ર
**कुंथु** = જીવવિશેષ
**कोंकणग** = કોંકણદેશ
**कोंत** = ભાલા
**कोंच** = ક્રૌંચ દેશ
**खग** = પક્ષી
**खग्ग** = ગેંડા
**खद्धं** = જલ્દી, શીઘ્ર
**खर** = ગધેડો
**खस** = ખસ દેશ
**खाडहिल** = ગરોળી
**खाइय** = ખાઈ
**खासिय** = ખાસિક દેશ
**खुज्ज** = કુબડો
**खुद्दिय** = તળાઈ
**खुर** = છરા
**खुहिय** = ભૂખ્યા
**खेड** = ગામડું
**खेलोसही** = એક પ્રકારની લબ્ધિ, શ્લેષ્મની લબ્ધિ
**खेव** = ચોરી
**रक्ख** = કોટવાલ
**खंड** = ખાંડ
**खंती** = ક્ષાંતિ, અહિંસાનું તેરમું નામ
**खंध** = સ્કંધ
**खिंखिणी** = પાયલ, આભૂષણ વિશેષ
**गंडी** = ગંડમાળા
**गय** = હાથી
**गयकुल** = હાથીઓનો સમૂહ
**गया** = ગદા, અસ્ત્રવિશેષ
**गरल** = અન્ય વસ્તુઓમાં ભળેલું ઝેર
**गरुल** = ગરુડ પક્ષી
**गरुलवूह** = ગરુડ વ્યૂહ
**गवय** = રોઝ, નીલગાય
**गहियगहणा** = ગિરવે રાખેલો, ગિરવે રાખેલો માલ હજમ કરનારા
**गवालिय** = ગાય સંબંધી ખોટુ
**गागर** = ઘડો
**गालणा** = હિંસાનું એક નામ
**गिद्द** =ગીધ
**गाह** = ગ્રાહ, જલવસ્તુ
**कुब्भ** = અબ્રહ્મનું એક નામ
**गुरुतप्पोओ** = ગુરુપત્નીગામી
**गुल** = ગુડ
**गेउर** = ગોપુર, નગરનો મુખ્ય દરવાજો
**गोकण्ण** = બે પગવાળું જાનવર
**गोच्छओ** = પૂંજણી
**गदड** = ગૌડ દેશ
**गोणस** = ફેણ વિનાનો સાપ
**गोध** = ગોધા
**गोमड** = ગાયનું ક્લેવર
**गोमिय** = અધિકારી વિશેષ

**गोहा** = ગોધા
**गोसीस** = ગોશીર્ષ નામનું શીતલ સરસચંદન,
**गंडूलय** = ગિંગોડા, જંતુવિશેષ
**गंथिभेदग** = ગાંઠ કાપનારા
**गंधमादण** = ગંધમાદન–પર્વતવિશેષ
**गंधहारग** = ગંધહારક દેશ
**घत्थ** = ગ્રસ્ત, જકડાયેલો
**घय** = ઘી
**घीरोली** = ગરોળી
**घूय–घूक** = ઘૂવડ
**घंटिय** = ઘંટિકા, ઘુંઘરુ
**चउरंग** = ચકોર પક્ષી
**चक्कवाग** = ચકવાક, ચકવા
**चक्खुसे** = ચાક્ષુષ, આંખથી જોવાય તે
**चच्चर** = ચારથી વધારે માર્ગોનો સંગમ
**चडग** = ચકલી
**चडगर** = સમૂહ
**चमर** = ચમરી ગાય
**चम्मट्टिल** = ચમગાદર
**चम्मेट्ठ** = ચામડાથી મઢેલો પથ્થર
**चय** = સંગ્રહ થવો, પરિગ્રહનો ત્રીજો ભેદ
**चरंत** = અબ્રહ્મચર્યનું એક નામ
**चरिया** = નગર અને કિલાની વચ્ચેનો માર્ગ
**चलण** = ચરણ, પગ
**चलणमालिय** = આભૂષણ વિશેષ
**चाडेयार** = ખુશામતી
**चाणूर** = ચાણુર મલ્લ
**चारक** = કેદખાનુ
**चार** = ગુપ્ત દૂત
**चाव** = ધનુષ
**चास** = ચાસ પક્ષી
**चिइका** = ચિત્તો
**चिल्लल** = ચિત્તો અથવા બે ખુરવાળા પશુ
**चीन** = ચીન દેશ
**चिलाय** = ચિલાત દેશવાસી
**चीरल्ल** = ચીલ
**चोरिक्क** = ચોરી
**चंगेरी** = ફૂલોની ડાળી, વાદ્યવિશેષ, ફૂલોની છાબ
**चंडो** = ઉદ્ધત, પ્રાણવધનું વિશેષણ
**चंदणक** = કૌડી
**चंदसालिय** = અટારી
**चुंचुया** = ચુંચુક
**छगल** = બકરાની એક જાતિ
**छरुप्पगय** = એક કળા
**छविच्छेओ** = હિંસાનું ૨૧ મું નામ
**छीरल** = હાથ દ્વારા ચાલનારા જીવો
**छुद्दिय** = આભરણ વિશેષ
**जग यकृत** = પેટની જમણી તરફ રહેવાવાળી માંસગ્રંથિ
**जच्च** = ઉત્તમ જાતિ
**जत(य)णं** = યત્ના, અભયદાન, અહિંસાનું ૪૮મું નામ
**जदिच्छाए** = જેવી ઈચ્છા
**जओ** = ભાવયજ્ઞ, અહિંસાનું ૪૯મું નામ
**जमपुरिस** = યમપુરુષ, પરમાધામી દેવ
**जमकवर** = યમકવર પર્વત
**जराउय** = જરાયુ
**जरासंध–माणमहणा** = જરાસંધ રાજાના માનનું મંથન કરનારા

**जलगए** = જળમાં રહેનારા જીવો વગેરે
**जलमए** = જળકાયના જીવો
**जल्ल** = જલદેશ અથવા દોરી પર નાચનારા, ખેલ કરનારા
**जल्लोसहि** = એક પ્રકારની લબ્ધિ
**जलूय** = જળો, જલો
**जव** = જૌ, જવ
**जवण** = યવન લોકો
**जहण** = જઘન, જંઘા
**जारिसओ** = જેવું
**जाल** = જ્વાળા
**जलिक** = જાળિયો
**जाहक** = કાંટાઓથી ઢાંકેલાં હોય તેવા જંતુ
**जीवंजीवक** = ચકોર પક્ષી
**जुय** = યુગ, જુવા
**जूयकरा** = જુગારી
**जूव** = યૂપ
**जोग्ग** = બે હાથનું વાહનવિશેષ–યુગ્ય
**जंत** = યંત્ર
**जंतुगं** = પાણીમાં જન્મ ધારણ કરનારા, તૃણ વિશેષ
**जंबुय** = શૃગાલ, શિયાળ
**झय** = ધ્વજ
**झस** = જળજંતુ
**डब्भ** = ડાભ, તૃણવિશેષ
**डमर** = સંગ્રામ
**डाइणी** = ડાકણ
**डोव** = ડોંવ જાતિ
**डोविलग** = ડોવિલક દેશ
**ढेणियालग** = ઢેણિકાલગ, એક પ્રકારનું પક્ષી, મોરની સ્ત્રીજાતિ
**ढिंक** = ઢંક પક્ષી
**णकुल** = નકુલ
**णक्क** = નાક
**णग** = પર્વત
**णत्थिगवाइणो** = નાસ્તિકવાદી, નાસ્તિક
**णिक्खेव** = થાપણ
**णित्तुसं** = સારયુક્ત, અસારતા રહિત
**णियडि** = માયા
**णिवाय** = પવન રહિત
**णिव्वुइघर** = મોક્ષ
**ण्हणं** = સૌભાગ્ય સ્નાન
**ण्हारुणि** = સ્નાયુ
**णिघिणो** = ઘૃણા રહિત
**णिस्सेणि** = નિસરણી
**णिस्संद** = સાર
**णिस्संसो** = નૃશંસ, ક્રૂર
**णोकर** = નૂપૂર
**णंदमाणक** = નંદીમુખ
**णंगल** = હળ
**तउय** = ત્રપુ
**तक्कर** = ચોર
**तत** = વીણા વગેરે
**ततिय** = સંતાપ
**तप्पण** = સતૂ (સત્તૂ)
**तय** = ત્વચા (ચામડી)
**तरच्छ** = જંગલી પશુ
**तलताल** = વાજિંત્ર વિશેષ
**तलवर** = માથા પર સ્વર્ણપટ્ટ ધારક રાજપુરુષ

**तलाग** = તળાવ
**तालयंट** = તાલપત્રના પંખા
**त्तित्त** = તિક્ત રસ, તીખો રસ
**तित्ती** = તૃપ્તિ, અહિંસાનું ૧૦મું નામ
**तित्तिय** = તિતિક દેશ
**तित्तिर** = તીતર પક્ષી
**तिमिर** = મોટી માછલી
**तिमिसंधयार** = ઘોર અંધકાર
**तिमिंगिल** = બહુ જ મોટી માછલી
**तिरिय** = તિર્યંચ
**तिवायणा** = અતિપાત, હિંસાનું નામ
**तिसिय** = તરસ્યા
**तिहि** = તિથિ
**तुरय** = ઘોડા
**तूणइल्ल** = વાદ્ય વગાડનાર
**तेणिक्क** = ચોરી
**तेल्ल** = તેલ
**तोमर** = વાણ
**तोरण** = તોરણ
**तंती** = તંત્રી, વીણા
**तंब** = તામ્ર
**तुंड** = મોઢું
**थण** = સ્તન
**थलयर** = સ્થલચર
**थावर** = સ્થાવર, એકેન્દ્રિય જીવ
**थूभ** = સ્તૂપ
**थोवगं** = થોડા
**दइओ** = પ્રિય, દયાળુ, ગુણવાન
**दइवतप्पभावओ** = વિધિ–ભાગ્યના પ્રભાવથી
**दगतुंड** = દગતુંડ પક્ષી
**दच्छ** = દક્ષ–ચતુર
**दद्दूर** = વાજિંત્ર વિશેષ
**दब्भपुव्व** = એક પ્રકારનો સાપ
**दया** = દયા, અહિંસાનું ૧૧ મું નામ
**दरयड्ढ** = કંઈક બળેલું
**दवग्गि** = દાવાનળ
**दव्वसारो** = દ્રવ્ય સારવાળો, પરિગ્રહનું ૧૦ મું નામ
**दविल** = દ્રવિડ
**दहपति** = ખેડૂતની એક જાતિ
**दाढि** = દાઢ
**दामिणी** = માલા
**दार** = દરવાજો
**दालियंब** = ખાટી દાળ
**दिलिवेढय** = જીવ જંતુ વિશેષ
**दीविय** = ચિત્તો
**दीविय** = એક પ્રકારની ચકલી
**दीहिया** = વાવ
**दुकयं** = ખરાબકાર્ય
**दुग्गइप्पवाओ** = દુર્ગતિમાં લઈજનાર, હિંસાનું એક નામ
**दुद्ध** = દુગ્ધ
**दुहण** = વૃક્ષોને પછાડવાનું મુદ્ગર
**देवकुल** = દેવમંદિર
**दोणमुह** = જલમાર્ગ અને સ્થળમાર્ગ બંનેમાંથી જવા યોગ્ય નગર
**दोणि** = નાની હોડી, નાની નૌકા
**दहिग्ग** = દુર્ભાગ્ય
**दंतट्ठा** = દાંત માટે

**दंसण** = સામાન્ય બોધ, શ્રદ્ધાગુણ
**दंसमसग** = ડાંસ, મચ્છર
**(घ)धणित** = સઘન
**धतिरिट्ठग** = ધૃર્તરાષ્ટ્ર
**धमण** = હવા ભરવાની ધમણ
**धमणि** = નાડી
**धिती** = ધૃતિ, અહિંસાનું ૨૮ મું નામ
**धूम** = ધૂમ, આહારસંબંધી એક દોષ
**णक्क** = જીવજંતુ વિશેષ
**णगरगोत्तिय** = નગર રક્ષક
**णट्टक** = નર્તક
**णड** = નટ
**णाराय** = લોઢાનું બાણ
**णिक्किओ** = નિષ્ક્રિય
**णिगड** = લોઢાની બેડી
**णिगम** = વણિકોનું નિવાસસ્થાન
**णिग्गुणो** = નિર્ગુણ
**णिच्च** = નિત્ય
**णत्थिग–वाइणो** = નાસ્તિકવાદી
**णिम्मलतर** = નિર્મલતર, અહિંસાનું ૬૦મું નામ
**णियडि** = કપટ, માયાચાર
**णिव्वाणं** = નિર્વાણ, મોક્ષ, અહિંસાનું એક નામ
**णिव्वुई** = નિવૃત્તિ, શાંતિ
**णिहाणं** = નિધાન, પરિગ્રહનું ૮ મું નામ
**णूमं** = નૂમ, ઢાકણું
**णेकर** = નૂપુર
**णेहुर** = નેહુર દેશ
**णंदा** = સમૃદ્ધિદાયક, અહિંસાનું ૨૪ મું નામ
**णंदि** = વાદ્ય વિશેષ
**पइभय** = પ્રતિભય
**पउम** = પદ્મ, કમળ,
**पएणीयारा** = વિશેષ રૂપથી હરણીઓને મારવા માટે જ ફરનારો
**पक्कणिंद** = પક્કણિક દેશ
**पच्छाय** = ઢાંકવાનું વસ્ત્ર
**पज्जत्त** = પર્યાપ્ત, પર્યાપ્તિની પૂર્ણતાવાળા જીવ
**पट्टिस** = પ્રહરણ વિશેષ
**पडगार** = જૂલો
**पडिबंधो** = પ્રતિબંધ, બાહ્ય પદાર્થોમાં સ્નેહબંધ હોવો
**पडिसीसग** = કૃત્રિમ શિર, મસ્તક
**पडिसुआ** = પ્રતિધ્વનિ
**पणव** = વાદ્ય વિશેષ
**पण्हव** = પન્હવ દેશ
**पतरक** = ભૂષણ વિશેષ
**पत्तेयसरीर** = પ્રત્યેક શરીર, એક શરીરમાં એક જીવ હોય તેવા જીવ
**पभासा** = અતિશય દીપ્તીવાળી
**पमया** = પ્રમદા, સ્ત્રી
**पमोओ** = પ્રમોદ
**पयावई** = પ્રજાપતિ
**परदार** = પરસ્ત્રી
**परसु** = ધનુષ્ય બાણ
**परहड** = ચોરીનું બીજુ નામ
**परा** = વાદ્ય વિશેષ
**परिदारगा** = વ્યભિચારમાં સહાયક
**परिजण** = પરિજન
**परिट्ठावणिया समित** = મળમૂત્ર આદિ પરઠવાની વિધિ સહિત

**परितावणअण्हओ** = પરિતાપન આશ્રવ– હિંસાનું ૨૬ મું નામ
**पहियार** = તલવારની મ્યાન
**पल्लल** = પલ્વલ, નાનું તળાવ
**पलाल** = પલાલ, પોઆલ
**पलिओवम** = પલ્યોપમ–ઉપમાકાળ વિશેષ
**पलित** = પ્રદીપ્ત
**पलिय** = સફેદવાળ
**पवक** = પ્રવચન
**पव्वक** = કુદનારા, ઉછળનારા
**पवा** = પરબ
**पवित्ता** = પવિત્રા, અહિંસાનું ૫૫ મું નામ
**पवित्थरो** = ધનનો વિસ્તાર, પરિગ્રહનું ૨૦ મું નામ
**पव्वीसग** = વાદ્ય વિશેષ
**पसय** = બે પગવાળું જાનવર
**पहरण** = શસ્ત્ર
**पहाण** = પ્રધાન
**पहेरक** = ભૂષણ વિશેષ
**पाइक्क** = પગથી
**पागार** = કોટ
**पाठीण** = એક જાતની માછલી
**पाणवहो** = પ્રાણવધ, હિંસાનું પહેલું નામ
**पाणियं** = પાણી, જલ
**पादकेसरिया** =પોંજવાનું વસ્ત્ર
**पादजालक** = ખિસ્સુ
**पाद(य)बंधन** = પાત્રબંધન–પાત્ર જેનાથી બંધાય તે
**पारणा** = પૂર્તિ, વ્રતની પૂર્ણાહૂતિ
**पारस** = ફારસ દેશ
**पारदारी** =પરસ્ત્રીગામી
**पारिप्पव** = પારિપ્લવ જંતુ
**परिवय(ग)** = કબૂતર
**पावकीवो** = પાપકોપ, હિંસાનું ૧૯ મું નામ
**पापलोभ** = પાપલોભ, હિંસાનું એક નામ
**पसो** = પાસ, જાળ
**पिक्कमंसी** = પકાવેલુ માંસી નામનું દ્રવ્ય– જટામાસી
**पिच्छ** = પૂંછડી
**पिट्टण** = પીટવું
**पित्त** = શરીર સંબંધી એક દોષ
**पिवीलिया** = કીડી
**पियरो** = પિતા વગેરે પૂર્વજ
**पिसुण** = ચુગલીખોર
**पिंडपाय** = આહારપાણી
**पिंगलक्खग** = પિંગલાક્ષ પક્ષી
**पिंगुल** = પિંગુલ પક્ષી, લાલ રંગનો પોપટ
**पिंडो** = પિંડ, પરિગ્રહનું ૯મું નામ
**पीवर** = પુષ્ટ
**पुट्ठिं** = પુષ્ટિ, અહિંસાનું એક નામ
**पुढविमए** = પૃથ્વીકાય જીવ
**पुढविसंसिए** = પૃથ્વીને આશ્રિત રહેનારા
**पुरिसकारो** = પુરુષાર્થ
**पुरोहिय** = પુરોહિત, શાંતિકર્મ કર્તા
**पुलिंद** = પુલિંગ નામનો દેશ વિશેષ
**पेच्चाभवियं** = પરલોકમાં કલ્યાણકર
**पेहुण** = મોરપિચ્છ
**पोक्कण** = જાતિ વિશેષ, પોક્કણ દેશ
**पोक्खरणी** = પુષ્કરણી, ચોરવાવડી

**पयिसत्था** = હોડીના વેપારીઓ
**पयिधाया** = પક્ષીઓના બચ્ચા
**पोयय–पतिज** = એક જીવ વિશેષ
**पोस** = પૌષધ, એક વિશિષ્ટ વ્રત
**पंगुला** = પંગુ
**फलक** = પાટ, પથારી, ખુરશી વગેરે
**फलिहा** = પરિધ, આગળો
**फासुय** = પ્રાસુક, નિર્જીવ
**फोकस** = ફુસ્ફુસ, ફેફસા–શરીરનો એક ભાગ
**बउस** = એક દેશ વિશેષ
**बक** = બગલો
**बप्प** = બાપ, પિતા
**बब्बर** = એક અનાર્ય જાતિ
**बरहिण** = મોર
**बलावग** = બગલો
**बहलिय** = બહલીક દેશવાસી
**बहिर** = બધિર–બેહરો
**बादर** = બાદર નામ કર્મવાળા
**विल्लल** = વિલ્વલ દેશ
**बीहणगं** = ભયાનક
**वेलंबक** = વિડમ્બણા
**बंजुल** = બંજુલ પક્ષી
**भग** = યોનિ
**भट्ठभुज्जणाणि** = ચણાની જેમ ભટ્ઠીમાં શેકે છે
**भडग** = ભડગ જાતિ
**भडा** = સૈનિક
**भद्दा** = ભદ્રા, કલ્યાણકારી, અહિંસાનું ૨૫ મું નામ
**भयग** = નોકર
**भाइल्लगा** = સેવક
**भास** = ભાષ પક્ષી
**भिंगारग** = ભિંગારક પક્ષી
**भुज्जिय** = ફોડેલી ધાણી
**भुयगीसर** = શેષનાગ
**भूयगामा** = જીવોનો સમૂહ
**भेयाणिट्ठवग** = ભેદનિષ્ઠાપન, હિંસાનું નામ
**भोमालियं** = ભૂમિ સંબંધી ખોટું
**भंडोवगरण** = ભંડોપકરણ અથવા માટીના વાસણ
**भिंडिमाल** = ભિંડિમાલ
**महय** = ખેતર ખેડ્યા પછી પત્થર ફોડવાનું મોટું લાકડું
**मउलि** = ફેણવાળા સાપ
**मच्छबंधा** = માછલી પકડનારા
**मच्छी** = માખી
**मच्छंडी** = મિશ્રી
**मज्ज** = દારૂ
**मज्जण** = માલિસ
**मज्जार** = બિલાડી
**मंडब** = જેની નજીક કોઈ વસ્તી ન હોય એવી વસ્તી
**मत्थुलुंग** = મસ્તક
**मगणासाल** = મેના
**मधु** = મધ
**मम्मण** = અસ્પષ્ટ ઉચ્ચાર કરનારા
**मय** = મદ
**मरहट्ठ** = મહારાષ્ટ્ર દેશ
**मरुय** = મરુઆ, સુગંધી ફૂલ
**मरुया** = મરુક દેશ
**मलय** = મલય દેશ
**मल्ल** = પહેલવાન

**मसग** = મશક, મચ્છર
**महप्पा** = મહાત્મા
**महव्वय** = મહાવ્રત
**महाकुंभी** = મોટી કુંભી
**महापह** = રાજમાર્ગ
**महासउणि पूतणारिपु** = મહાશકુનિ અને પૂતના વિદ્યાધરીઓના શત્રુ
**महाद्दिका** = અપરિમિત માંગનાર, પરિગ્રહનું ૧૪ મું નામ
**महुकरी** = મધમાખી
**महुकसिए** = મધ
**महुधाय** = મધ લેનારા
**महुर** = મહુર દેશ
**महोरग** = મોટો સર્પ
**माढि** = ઢાલ
**मानुसोत्तर** = મનુષોત્તર પર્વત
**मारणा** = હિંસાનું ૭ મું નામ
**मारुय** = વનવાયુ
**मालव** = માલવ દેશ
**मास** = માષ દેશ
**मित्तकलत्त** = મિત્રની પત્ની
**मिलक्खुजाई** = મ્લેચ્છ જાતિ
**मिय** = મૃગ
**मुइंग** = મૃદંગ
**मुगुंस** = મંગૂસ, શરીર(છાતી) દ્વારા ચાલતો સર્પ, જંતુ વિશેષ
**मुट्ठिअ** = મૌષ્ટિક દેશ
**मुट्ठिय** = મૌષ્ટિક મલ્લ
**मुत** = મોતી
**मुद्ध** = મૂર્ધા, મસ્તક
**मुम्मुर** = અગ્નિના કણો
**मुरय** = મહેલ
**मुरुंड** = મુરુંડ દેશ
**मुसल** = મૂસળ
**मुसंढि** = પ્રહરણ વિશેષ
**मुहणंतक** = મુહપતિ
**महंती** = મહતી, મહિમાસંપન્ન, અહિંસાનું ૧૫ મું નામ
**मूक** = મુંગા
**मूयक** = એક પ્રકારનું ધાન્ય
**मूलकम्मं** = ગર્ભપાત આદિ મૂળ કર્મ
**मूसल** = ખાંડવાનું ઉપકરણ
**मेयणी** = પૃથ્વી
**मेय** = મેદ, ધાતુ
**मेत** = મેદ દેશ
**मेर** = મુંજના તંતુ
**मेहला** = મેખલા
**मोक्ख** = મોક્ષ
**मोग्गर** = મુદ્‌ગર
**मोट्ठिय** = મુષ્ટિપ્રમાણ, પથ્થર
**मोयग** = મોદક, લાડૂ
**मंडक** = મંડપ, રાવટી
**मंडुक्क** = મેઢક, દેડકો
**मंदुय** = મંદુક, પાણી
**मम्मणा** = તોતડું બોલનારા
**मिंज** = મજ્જા
**यम** = મૂળવ્રત, આજીવન વ્રત
**रक्खस** = રાક્ષસ

**रक्खा** = રક્ષા, અહિંસાનું ૩૩મું નામ
**रत्तसुभद्दा** = રક્તસુભદ્રા
**रतिकर** = રતિકર પર્વત
**रती(ई)** = રતિ, પ્રેમ
**रय** = રજ, કર્મરજ
**रयणागर** = રત્નાકર, સમુદ્ર
**रयणोरुजालिय** = જાંઘનું ભૂષણ
**रयय** = ચાંદી
**रयत्ताणं** = રજથી રક્ષણ કરનાર વસ્ત્ર
**रयहरण** = રજોહરણ
**रवि** = સૂર્ય
**रसय** = રસજ, રસોમાં ઉત્પન્ન થનારા જીવો
**रह** = હાથ
**रायदुट्ठ** = રાજ્ય વિરૂદ્ધ
**रिट्ठवसभ** = અરિષ્ટ નામનો બળદ
**रिसओ** = ઋષિ
**रुरु** = હરણ વિશેષ
**रुरु** = રુરુ દેશ
**रोम** = રોમ દેશ
**रोहिय** = રોહિત, પશુવિશેષ
**विडव** = શાખાગ્ર
**विडंग** = કબૂતરોના ઘર
**विणासो** = વિનાશ, હિંસાનું ૨૭ મું નામ
**विण्हुमय** = વિષ્ણુમય
**वितत** = ઢોલ વગેરે વાજિંત્રો
**वियय पक्खि** = વિતત પક્ષી
**विद्धि** = વૃદ્ધિ, અહિંસાનું ૨૧ મું નામ
**विप्पोसहिपत्त** = એક વિશિષ્ટ લબ્ધિના ધારક
**विपंची** = વીણા
**विभूती** = વિભૂતિ, અહિંસાનું ૩૨ મું નામ
**विभंग** = વિમુક્તિ, અહિંસાનું ૧૨ મું નામ
**वियग्घ** = વ્યાઘ્ર
**विसाण** = હાથીના દાંત
**विहार** = મઠ
**वीसत्थछिद्द घाई** = વિશ્વાસીનો અવસર જોઈને ઘાત કરનાર
**विसासो** = વિશ્વાસ, અહિંસાનું ૫૧ મું નામ
**वीसुय** = વિશ્રુત, પ્રસિદ્ધ
**वेजयंती** = વિજય પતાકા
**वेढिम** = વેષ્ટિમ, જલેબી
**वेतिय** = વેદિકા, ચબુતરો
**वेयत्था** = વેદવિહિત, અનુષ્ઠાનના અર્થી
**वेरुलिओ** = વૈડુર્યમણિ
**वेसर** = પક્ષી વિશેષ
**वेरमणं** = હિંસાનું ૧૬ મું નામ
**वंजुल** = એક પ્રકારનું પક્ષી
**वंस** = વાંસળી
**सउण** = શકુન પક્ષી, તીતર
**सक** = શકદેશ અથવા જાતિ
**सक्करा** = શર્કરા–રેતી
**सक्कुलि** = તલપાપડી
**सक्खी** = સાક્ષી
**सगडवूह** = શકટવ્યૂહ
**सणप्फय** = નખ સહિતના પગ વાળા
**सयग्घि** = સેંકડોનો સંહાર કરનાર શસ્ત્ર, શતઘ્ની
**सत्ति** = શક્તિ, ત્રિશૂલ
**सत्ती** = અહિંસાનું ૪થુ નામ
**सद्दूल** = શાર્દુલ સિંહ

**सद्धल** = ભાલા
**सप्पि** = ઘી
**सबर** = શબર, ભિલ્લ જાતિ
**शब्बल** = શસ્ત્ર વિશેષ
**समय** = સિદ્ધાંત
**सम्मत-विसुद्धमूलो** = સમ્યક્ત્વરૂપ વિશુદ્ધ મૂળ વાળા
**सरड** = કાંચિડો
**सरंब** = જંતુ વિશેષ
**सल्लय** = જીવ વિશેષ
**ससय** = શશક, સસલુ
**सउणिया** = પક્ષીમાર, શિકારી
**साल** = શાખા, વૃક્ષની ડાળી
**साहसिय** = સાહસી—વગર વિચાર્યું કરનાર
**सिप्प** = શિલ્પકળા
**सियाल** = શિયાળ
**सिरिचंदलग** = શ્રીકંદલક
**सिलप्पवाल** = શિલાપ્રવાલ
**सिवं** = ઉપદ્રવ રહિત, અહિંસાનું ૩૭ મું નામ
**सिहरी** = શિખરી નામનો પર્વત
**सिहरिणि** = દહીં અને સાકરથી બનેલ શ્રીખંડ
**लउड-लकुड** = નાનો ડંડો
**लट्ठी** = લાઠી, લાકડી
**लद्धी** = લબ્ધિ, અહિંસાનું ૨૭ મું નામ
**लयज** = પર્વત ખોદીને બનાવેલું સ્થાન વિશેષ
**लवंग** = લવિંગ
**लावक** = લવા પક્ષી, લાવક નામનું પક્ષી
**लासग** = રાસ ગાનારા
**ल्हासिय** = લ્હાસિક દેશ
**लुद्धगा** = વ્યાધ, શિકારી
**लुद्धा** = લોભગ્રસ્ત
**लुंपणा** = હિંસાનું એક નામ
**लेट्टु** = પથ્થર, ઢેફું
**लेण** = પહાડમાં બનેલું ઘર
**लोलिक्क** = ચોરીનું એક નામ
**लोहसंकल** = લોઢાની બેડી
**लोहपंजर** = લોઢાનું પિંજરું
**लहिप्पा** = લોભાત્મા, પરિગ્રહનું ૧૩ મું નામ
**लंगण** = શસ્ત્ર વિશેષ
**लुंपजा** = હિંસાનું ૨૯ મું નામ
**वइर** = વજ્ર
**वउस** = બકુલ દેશ
**वक्खार** = વક્ષકાર પર્વત—વિજયોને વિભક્ત કરનારા પર્વતો
**वग्गुली** = વાગુલ
**वज्जो** = વર્જ્ય, હિંસાનું ૨૫ મું નામ
**वट्टग** = બતક
**वट्टपव्वय** = ગોળાકાર પર્વત
**वडभा** = વક્ર શરીરી
**वणचरगा** = જંગલમાં ફરનારા
**वद्धीसक** = વાદ્યવિશેષ
**वप्पाणि** = ખેતરની ક્યારી
**वप्पिणि** = વાવડી
**वम्म** = કવચ
**वय** = વ્રત
**वरत्त** = ચામડાની ડોડી
**वरहिण** = મોર
**वराय** = વરાક, બિચારા

**वराहि** = દષ્ટિવિષ સાપ
**वल्लकी** = વીણા
**वल्लय** = વલ્લજ
**वल्लर** = ખેતર વિશેષ
**ववसाओ** = વ્યવસાય, અહિંસાનું ૪૪મું નામ
**वव्वर** = બર્વર દેશ
**वसा** = ચરબી
**वहण** = નૌકા, હોડી
**वहणा** = હિંસાનું ૮ મું નામ
**वाउप्पिय** = ભૂજપરિસર્પ વિશેષ
**वाउरिय** = જાળ લઈને ફરનારા
**वामण** = નાના શરીરવાળા
**वामलोकवादी** = લોકવિરુદ્ધ
**बायर** = બાદર, સ્થૂળ
**वायस** = કાગડા
**वाल** = વાળ
**वालरज्जुय** = વાળની દોરી
**वावि** = કમળ રહિત અથવા ગોળ વાવડી
**वासहर** = વર્ષધર હિમવાન્ આદિ પર્વત
**वासि** = વાંસલો
**वाहा** = વ્યાધ
**विकप्प** = એક પ્રકારનો મહેલ
**विग** = વરુ
**विगला** = અંગહીન, વિકલેન્દ્રિય
**विच्छुय** = વીંછી
**सीमागार** = એક પ્રકારનો ગ્રાહ
**सीया** = શિબિકા, મોટી પાલખી
**सीलपरिधरो** = શીલ પરિગ્રહ, અહિંસાનું ૪૧ મું નામ
**सीसक** = સીસા
**सीहल** = સિંહલ દેશ
**सूई** = વ્યૂહ વિશેષ
**सुईमुह** = સૂચીમુખ, તીક્ષ્ણ ચાંચવાળા
**सुक** = પોપટ
**सुकयं** = સુકૃત
**सुघोस** = ઘંટનું નામ
**सुणग** = કૂતરો
**सुय** = પોપટ
**सुयणाणी** = શ્રુતજ્ઞાની
**सुयंग** = શ્રુતજ્ઞાન, અહિંસાનું ૯ મું નામ
**सुरूवविज्जुमतीए** = સુરૂપ વિદ્યુન્મતી
**सुवण्णगुलिया** = સુવર્ણગુટિકા
**सुसाण** = શ્મશાન
**सुहुम** = સૂક્ષ્મ
**सूई** = સૂચિ, સોઈ
**सूकरे** = સૂવર
**सूती** = શુચિ, અહિંસાનું ૫૬ મું નામ
**सूय** = દાળ
**सूयग** = ચાડીખોર
**सूल** = શૂળી
**सूसरपरिवादिणी** = વીણા વિશેષ
**सेण** = શ્યેન, બાજપક્ષી
**सेतु** = પુલ
**सेय** = સ્વેદ, પરસેવો
**सेल** = પથ્થર
**सेल्लक** = શલ્યક જંતુ
**सेह** = શરીરપર કાંટાવાળા જંતુ–શેળો
**सेहंब** = રાયતા આદિ

**सोणिय** = રક્ત, લોહી
**सोणि** = કટિ, કમર
**सोत्थिय** = સ્વસ્તિક
**सोम्म** = સૌમ્ય
**सोय** = શોક
**सोयरिया** = સુવરોનો શિકાર કરનાર
**संकड** = વ્યાપ્ત
**संकम** = ઉતરવાનો માર્ગ
**संकरो** = વસ્તુઓનું પરસ્પર મેળવવું, પરિગ્રહનું બીજું નામ
**संकुल** = વ્યાપ્ત
**संघयण** = હાડકાની શારીરિક રચના
**संचयो** = ચય, વસ્તુઓની અધિકતા, પરિગ્રહનું બીજું નામ
**संठाण** = શારીરિક આકૃતિ
**संडास तोंड** = સંડાસની આકૃતિની સમાન મોઢાવાળા
**संथवो** = બાહ્ય પદાર્થનો અધિક પરિચય, પરિગ્રહનું ૨૨ મું નામ
**संधिच्छेय** = ખાતર ખોદનારા
**संपाउप्पायको** = અસત્ય આદિ પાપ કરનારા, પરિગ્રહનું ૧૮ મું નામ
**संदण** = યુદ્ધરથ તથા દેવરથ
**संबाह** = વસ્તી વિશેષ
**संबर** = સાંભર
**संभारो** = સંભાર, જે સારીરીતે ધારણ કરવામાં આવે, પરિગ્રહનું છઠ્ઠું નામ
**संमुच्छिम** = સંમૂર્ચ્છિમ, ગર્ભ વિના ઉત્પન્ન થનારા જીવ
**संवट्टगसंखेवो** = સંવર્તક સંક્ષેપ, અહિંસાનું એક નામ
**संसग्गि** = મૈથુનનું એક નામ
**संसेइम** = પરસેવામાં ઉત્પન્ન થનારા જીવ
**संरक्खेणा** = સંરક્ષણા, મોહવશ શરીર આદિની રક્ષા કરવી, પરિગ્રહનું ૧૬મું નામ
**सिंग** = સીંગ
**सुंसुमार** = જળચર, જંતુ વિશેષ
**हडि** = લાકડાનો ઘોડો
**हत्थिमड** = હાથીનું કલેવર
**हणि–हणि** = પ્રતિદિન
**हत्थंदुय** = હસ્તાંદુક, એક પ્રકારનું બંધન, બેડી
**हय** = ઘોડા
**हयपुंडरिय** = હૃદપુંડરિક પક્ષી
**हरिएसा** = ચાંડાલ
**हल** = હળ
**हस्स** = હાસ્ય
**हिययंत** = હૃદય અને આંતરડા
**हिमवंत** = પર્વતનું નામ
**हिरण्ण** = ચાંદી
**हीणसत्ता** = સત્વથી રહિત
**हुलियं** = શીઘ્ર
**हूण** = હૂણ નામની જાતિ
**हेसिय** = ઘોડાનો હણહણાટ
**हुंड** = બેડોળ શરીર

**પરિશિષ્ટ–૨**

# પ્રશ્નવ્યાકરણ – વાર્તાઓ

ચોથા અબ્રહ્મ નામના આશ્રવદ્વારના સૂત્ર ૧૪ના મૂળપાઠમાં જેઓ માટે મહાયુદ્ધ થયા છે તેવી ૧૩ કન્યાઓનો નામોલ્લેખ છે. તેના ચરિત્રો સંક્ષેપમાં અહીં આપ્યા છે.

## સીતા :–

મિથિલા નામની નગરી હતી. ત્યાં જનક નામના રાજા હતા. તેની રાણીનું નામ વિદેહા હતું. તેને ભામંડલ નામનો એક પુત્ર અને જાનકી(સીતા) નામની એક પુત્રી હતાં. સીતા અત્યંત રૂપવતી અને સર્વ કલાઓમાં પારંગત હતી. જ્યારે તે વિવાહ યોગ્ય થઈ ત્યારે રાજા જનકે સ્વયંવર મંડપ બનાવ્યો અને દેશ–વિદેશના રાજાઓ, રાજકુમારો અને વિદ્યાધરોને સ્વયંવરને માટે આમંત્રિત કર્યા. રાજા જનકે પ્રતિજ્ઞા કરી હતી કે જે રાજકુમાર સ્વયંવર મંડપમાં સ્થાપિત દેવાધિષ્ઠિત ધનુષની પ્રત્યંચા ચઢાવશે તેના ગળામાં સીતા વરમાળા પહેરાવશે.

યોગ્ય સમયે રાજાઓ, રાજકુમારો અને વિદ્યાધરો આવી પહોંચ્યા, અયોધ્યાપતિ રાજા દશરથના પુત્ર રામચંદ્ર પણ પોતાના નાના ભાઈ લક્ષ્મણની સાથે તે સ્વયંવરમાં આવ્યા અને વારાફરતી સહુ જનક રાજાની શરતો અનુસાર ધનુષ્યની પ્રત્યંચા ચઢાવવા આવવા લાગ્યા. પૂરી તાકાતથી ધનુષ્ય ઊપાડવા છતાં ધનુષ્ય કોઈથી ટસથી મસ ન થયું. અંતે રામચંદ્રજી ધનુષ્યની પ્રત્યંચા ચઢાવવા માટે ઊઠયા. સર્વ રાજાઓ આશ્ચર્યચકિત થયા, રામચંદ્રજીએ ધનુષની પાસે પહોંચીને પંચપરમેષ્ઠિનું ધ્યાન કર્યું, ધનુષના અધિષ્ઠાયક દેવ તેનાથી પ્રભાવિત થયા અને શ્રી રામચંદ્રજીએ જોતજોતામાં ધનુષ્યને ઉપાડયું અને તેના પર બાણ ચઢાવ્યું. સહુએ જયનાદ કર્યો, સીતાએ શ્રી રામચંદ્રજીના ગળામાં વરમાળા પહેરાવી, વિધિ પૂર્વક બન્નેનું પાણિગ્રહણ થયું. વિવાહ પછી શ્રી રામચંદ્રજી સીતાને લઈને અયોધ્યા આવ્યા. સહુએ અયોધ્યામાં આનંદ ઉજવ્યો. આ રીતે થોડો સમય આનંદોલ્લાસમાં વ્યતીત થયો.

એક દિવસ રાજા દશરથના મનમાં ઈચ્છા થઈ કે, રામચંદ્રનો રાજ્યાભિષેક કરીને, સંસારનો ત્યાગ કરીને હું મુનિ બનું પરંતુ કર્મની ગતિ ન્યારી છે. જ્યારે રામચંદ્રજીની વિમાતા કૈકેયીએ આ કથન સાંભળ્યું ત્યારે તેણે વિચાર્યું કે રાજા જો દીક્ષા લેશે તો મારો પુત્ર ભરત પણ સાથે જ દીક્ષા લેશે. જેથી ભરતને દીક્ષા દેતા રોકવા માટે તેણે ઉપાય શોધ્યો. તેણે રાજા દશરથ પાસે વરદાન માંગ્યું કે મારા પુત્ર ભરતને રાજ્યગાદી પ્રાપ્ત થાય. રાજા દશરથને પોતાની પ્રતિજ્ઞા અનુસાર આ વરદાન સ્વીકારવું પડયું. પરિણામે શ્રી રામચંદ્રજીએ પોતાના પિતાની આજ્ઞાનું પાલન કરવા અને ભરતને રાજ્યનો અધિકારી બનાવવા માટે સીતા અને લક્ષ્મણની સાથે વનગમન કર્યું. વનમાં ભ્રમણ કરતાં કરતાં તેઓ દંડકારણ્યમાં પહોંચ્યા અને ત્યાં પર્ણકુટી બનાવી અને રહેવા લાગ્યા.

એક દિવસ લક્ષ્મણજી ફરતાં–ફરતાં તે વનપ્રદેશમાં પહોંચ્યાં કે જ્યાં ખરદૂષણનો પુત્ર શંબૂક વાંસના જંગલોમાં એક વૃક્ષ સાથે પગબાંધીને ઊંધો લટકી ચંદ્રહાસખડગ મેળવવાની વિદ્યા સિદ્ધ કરી રહ્યો હતો. વિદ્યાસિદ્ધિનો સમય નજીક આવતાં ખડગ આકાશમાંથી ઊતરી રહ્યું હતું. વનમાં ફરવા નીકળેલા લક્ષ્મણે આકાશમાં લટકતા ચમકતા ચંદ્રહાસખડગને જોયું અને કુતૂહલવશ હાથમાં લીધું અને તેનો ચમત્કાર જોવાની ઈચ્છાથી તેને વાંસના જંગલ પર ચલાવ્યું. સંજોગોવશ ખરદૂષણ અને ચંદ્રનખાના પુત્ર તથા રાવણનો ભાણેજ શંબુકકુમારને આ ખડગ વાગ્યું. વાંસની સાથે–સાથે તેનું પણ માથુ કપાઈ ગયું. જ્યારે લક્ષ્મણજીને આ ખબર પડી ત્યારે તેમને ખૂબ પશ્ચાત્તાપ થયો. તેમણે રામચંદ્રજી પાસે જઈને આખો વૃતાંત સંભળાવ્યો. તેમને પણ દુઃખ થયું. તેઓ સમજી ગયા કે લક્ષ્મણે એક ખૂબ મોટી વિપત્તિને ઊભી કરી છે. જ્યારે શંબુકકુમારના મૃત્યુના સમાચાર તેની માતા ચંદ્રનખાએ જાણ્યા ત્યારે તે પણ અતિ ક્રોધાયમાન થઈ અને પુત્રઘાતક સાથે બદલો લેવા માટે તે પર્ણકુટીમાં આવી પહોંચી. જ્યાં રામ–લક્ષ્મણ બેઠા હતા. તે આવી તો હતી બદલો લેવા પરંતુ ત્યાં તે રામ–લક્ષ્મણના દિવ્ય રૂપને જોઈને તેમના પર મોહિત થઈ ગઈ. તેણે વિદ્યાના પ્રભાવથી સુંદર યુવતીનું રૂપ બનાવી લીધું અને કામજ્વરથી પીડિત થઈને એકવાર રામ પાસે તો બીજીવાર લક્ષ્મણ પાસે કામાગ્નિ શાંત કરવાની પ્રાર્થના કરી પરંતુ સ્વદારસંતોષી, પરસ્ત્રીત્યાગી રામ–લક્ષ્મણે તેની આ તુચ્છ પ્રાર્થના સ્વીકારી નહીં. પુત્રના વધથી અને પોતાની ઈચ્છાપૂર્તિના અભાવથી ચંદ્રનખાનો રોષ ભભૂકવા લાગ્યો. તે સીધી પોતાના પતિ ખરદૂષણની પાસે આવી અને પુત્રવધની આખી વાત કહી સંભળાવી. તે વાત સાંભળીને ખરદૂષણ કોપજ્વાલાથી દગ્ધ થઈને વૈરનો બદલો લેવા માટે દંડકારણ્યમાં પહોંચ્યો. લક્ષ્મણ અને ખરદૂષણ વચ્ચે યુદ્ધ થયું. લંકાધીશ રાવણને જ્યારે પોતાના ભાણેજના વધના સમાચાર મળ્યાં ત્યારે તે પણ લંકાપુરીથી આકાશમાર્ગ દ્વારા દંડકવનમાં પહોંચી ગયો. ત્યાં સીતાનું રૂપ જોઈને તે મોહિત થયો. તેની વિવેકબુદ્ધિ નષ્ટ થઈ, પોતાના ઉજ્જવળ કુળને કલંકિત થવાની પરવાહ કર્યા વિના તેણે સીતાહરણનો કુવિચાર કર્યો. સન્નિપાતના રોગીની જેમ કામોન્મત રાવણ સીતાને પ્રાપ્ત કરવાના ઉપાય વિચારવા લાગ્યો. તેને એક ઉપાય સૂઝ્યો. તેણે પોતાની વિદ્યાના પ્રભાવથી જ્યાં લક્ષ્મણ સંગ્રામ કરી રહ્યા હતા, તે તરફ મોટેથી સિંહનાદનો ધ્વનિ કર્યો. રામ આ સાંભળી ચિંતામાં પડી ગયા કે લક્ષ્મણ મોટી વિપત્તિમાં ફસાયો છે. અતઃ તેણે મને બોલાવવા માટે પૂર્વસંકેતિત સિંહનાદ કર્યો છે. તેથી તેઓ સીતાને એકલી મૂકીને તરત લક્ષ્મણની મદદને માટે નીકળી પડયા. રાવણ આ અવસરની જ પ્રતીક્ષામાં હતો. એકલી સીતાની પાસે પહોંચ્યો અને સીતાને ઊપાડીને પોતાના વિમાનમાં બેસાડી, આકાશ માર્ગથી લંકાની તરફ ભાગવા લાગ્યો. સીતાનો વિલાપ અને રુદન સાંભળી રસ્તામાં જટાયુ પક્ષીએ વિમાનને રોકવાનો ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ તેની પાંખ કાપીને તેને રાવણે નીચે પાડી દીધો અને સીતાને લઈને ઝડપથી લંકા પહોંચ્યો. ત્યાં તેને અશોકવાટિકામાં રાખી. રાવણે સીતાને અનેક પ્રલોભન આપી તથા ભય બતાવીને પોતાને અનુકૂળ બનાવવાની ખૂબ ચેષ્ટા કરી. પરંતુ સીતા સદાચારના માર્ગથી ચલિત થઈ નહીં. અંતે તેણે વિદ્યા પ્રભાવથી શ્રીરામનું કપાયેલું માથું પણ બતાવ્યું અને કહ્યું કે હવે રામચંદ્ર આ સંસારમાં નથી, તું મને સ્વીકારી લે. સીતા એકની બે ન થઈ, તેણે રામ સિવાય અન્ય પુરુષને પોતાના મનમાં સ્થાન ન આપ્યું. રાવણને પણ તેણે અનુકૂળ–પ્રતિકૂળ અનેક વચનોથી અધમકૃત્ય ન કરવા સમજાવ્યો પરંતુ તે પણ પોતાની હઠ પર અડગ રહ્યો.

આ બાજુ શ્રીરામ લક્ષ્મણની પાસે પહોંચ્યા તો લક્ષ્મણે પૂછ્યું– ભાઈ ! આપ માતા સીતાને પર્ણકુટીમાં એકલી મૂકીને અહીં કેમ આવ્યા ? રામ સિંહનાદને માયાજાળ સમજી અને તત્કાળ પોતાની પર્ણકુટીમાં પાછા આવ્યા. ત્યાં સીતાને ન જોઈને તેના વિયોગથી વ્યાકુળ થઈ મૂર્ચ્છિત થઈ ગયા. લક્ષ્મણ પણ યુદ્ધમાં વિજય મેળવી પાછા આવ્યા. પોતાના મોટાભાઈની આ દશા અને સીતાનું અપહરણ જાણીને તે અત્યંત દુઃખી થયા. લક્ષ્મણ દ્વારા શીતોપચારથી રામ સભાન બન્યા અને બંને ભાઈ ત્યાંથી સીતાની શોધમાં ચાલી નીકળ્યા. માર્ગમાં તેમને ઋષ્યમૂક પર્વત પર વાનરવંશી રાજા સુગ્રીવ અને હનુમાન આદિ વિદ્યાધર મળ્યાં. ત્યાંથી સમાચાર મળ્યા કે રાવણ અહીંથી જ અકાશમાર્ગે સીતાને લઈ ગયો છે. તેથી બંને ભાઈઓ, સુગ્રીવ, હનુમાન આદિ વાનરવંશી સેના તથા સીતાના ભાઈ ભામંડળ આદિ વિદ્યાધરો સાથે લંકામાં પહોંચ્યા. શ્રી રામે સીતાને પાછી સોંપવાનું નમ્રભાવે રાવણને નિવેદન કર્યું પરંતુ રાવણનો અંતકાલ નજીક હોવાથી હિતકારી સૂચન તેને સમજાયું નહીં. અંતે યુદ્ધની દુદુંભી વાગી, બંને પક્ષે અગણિત મનુષ્યોનો સંહાર થયો. છેવટે રાવણ રણસંગ્રામમાં આવ્યો, રાવણને પરાજિત કરવાની તાકાત વાસુદેવ લક્ષ્મણ સિવાય અન્યમાં ન હતી. તેથી જ જે જે યોદ્ધાઓ સામે આવ્યા તે સર્વનો રાવણે સંહાર કર્યો. શ્રીરામના પક્ષમાં હાહાકાર મચી ગયો. અંતે રામના આદેશથી લક્ષ્મણ યુદ્ધમાં આવ્યા. બંને તરફથી શસ્ત્રપ્રહાર થવા લાગ્યો. લક્ષ્મણે રાવણ દ્વારા પ્રયુક્ત સર્વ શસ્ત્રોને નિષ્ફળ બનાવ્યા. અંતે ક્રોધાવેશમાં આવી રાવણે અંતિમ શસ્ત્ર રૂપે પોતાનું ચક્ર લક્ષ્મણ પર ચલાવ્યું. પરંતુ તે લક્ષ્મણની ત્રણ પ્રદક્ષિણા કરીને લક્ષ્મણના જ જમણા હાથમાં જઈને અટકી ગયું. રાવણ હતાશ થઈ ગયો.

બસ ! લક્ષ્મણજીએ તે ચક્ર ઘુમાવીને રાવણ પર છોડ્યું, ચક્ર દ્વારા રાવણનું માથું કપાઈને ભૂમિ પર પડી ગયું. રાવણ યમલોકનો અતિથિ બની ગયો.

## દ્રોપદી :–

કાંપિલ્યપુરમાં દ્રુપદ નામે રાજા હતા, તેમની રાણીનું નામ ચુલણી હતું. તેમને એક પુત્ર અને એક પુત્રી હતા. પુત્રનું નામ ધૃષ્ટદ્યુમ્ન અને પુત્રીનું નામ દ્રૌપદી હતું. તે વિવાહ યોગ્ય થઈ ત્યારે રાજા દ્રુપદે સ્વયંવર મંડપની રચના કરાવી તથા બધા દેશના રાજા–મહારાજાને સ્વયંવરને માટે આમંત્રિત કર્યા. હસ્તિનાપુરનાં રાજા પાંડુના પાંચેય પુત્ર–યુધિષ્ઠિર, અર્જુન, ભીમ, નકુલ અને સહદેવ પણ આ સ્વયંવર મંડપમાં પહોંચ્યા. મંડપમાં ઉપસ્થિત બધા રાજાઓ અને રાજપુત્રોને સંબોધિત કરતા દ્રુપદ રાજાએ પ્રતિજ્ઞાની ઘોષણા કરી કે આ વેધયંત્ર છે, તેના દ્વારા ઉપર ફરતી યંત્રસ્થ માછલીનું પ્રતિબિંબ નીચે રાખેલ કડાઈના તેલમાં પણ ફરી રહ્યું છે. જે વીર પુરુષ નીચે પ્રતિબિંબને જોઈ, તે માછલીનો ધનુષથી વેધ કરશે, તેને દ્રોપદી વરમાળા પહેરાવશે.

ઉપસ્થિત સર્વ રાજાઓએ પોતપોતાનું હસ્તકૌશલ્ય બતાવ્યું પરંતુ કોઈ મત્સ્યવેધ કરવામાં સફળ થઈ શકયા નહીં. અંતે પાંડવોનો વારો આવ્યો. પોતાના મોટાભાઈ યુધિષ્ઠિરની આજ્ઞા મળતા ધનુર્વિદ્યાવિશારદ અર્જુને પોતાનું ગાંડીવ ધનુષ ઉપાડયું અને તત્કાલ લક્ષ્યવેધ કર્યો. લક્ષ્યવેધના કાર્યમાં સફળ થતાં જ અર્જુનના જયનાદથી સભામંડપ ગુંજી ઊઠયો. રાજા દ્રુપદે પણ અત્યંત હર્ષિત થઈને દ્રૌપદીને

અર્જુનના ગળામાં વરમાળા પહેરાવવાની આજ્ઞા આપી. દ્રૌપદી પોતાની દાસીની સાથે મંડપમાં ઉપસ્થિત હતી. તે અર્જુનના ગળામાં જ વરમાળા પહેરાવવા જઈ રહી હતી પરંતુ પૂર્વકૃત નિદાનના પ્રભાવથી દેવયોગે તે માળા પાંચેય ભાઈઓના ગળામાં ગઈ. આ રીતે પૂર્વકૃત કર્માનુસાર યુધિષ્ઠિર આદિ પાંચે ભાઈઓ દ્રૌપદીના પતિ બન્યા.

એક વખત પાંડુ રાજા રાજસભાના સિંહાસન પર બેઠા હતા. તેમની પાસે જ કુંતી મહારાણી અને યુધિષ્ઠિર આદિ પાંચ ભાઈ પણ બેઠા હતા. દ્રૌપદી પણ ત્યાં જ હતી. ત્યારે આકાશમાંથી ઉતરીને દેવર્ષિ નારદ સભામાં આવ્યા. રાજા વગેરેએ ઊભા થઈને નારદ ઋષિનું આદર–સન્માન કર્યું. પરંતુ દ્રોપદી કોઈ કારણસર તેમનું ઉચિત સન્માન કરી શકી નહીં. તેથી નારદજીએ આ અપમાનનો બદલો લેવાનું નક્કી કર્યું.

ત્યાર પછી નારદજી પરિભ્રમણ કરતા ઘાતકી ખંડના દક્ષિણાર્ધ ભરતક્ષેત્રની રાજધાની અમરકંકા નગરીમાં પહોંચ્યા. ત્યાંના રાજા પદ્મનાભે નારદજીને પોતાની રાજસભામાં આવેલા જોઈને તેમનો આદર–સત્કાર કર્યો. ક્ષેમકુશળ પૂછયા પછી રાજાએ નારદજીને પૂછયું– ઋષિવર ! આપની ગતિ સર્વત્ર અબાધિત છે. તેથી કહો કે મારા અંતઃપુર જેવું રમણીય નારીઓથી સુશોભિત અંતઃપુર અન્યત્ર આપે જોયું છે ?

આ સાંભળી નારદજી હસી પડયા અને બોલ્યા– રાજન્ ! તું પોતાની નારીઓના સૌંદર્યનો ગર્વ કરે છે. તારા અંતઃપુરમાં દ્રૌપદી જેવી કોઈ સુંદરી નથી, ખરેખર તો દ્રૌપદીના પગના અંગૂઠાની તુલના કરી શકે એવી એક પણ સુંદરી નથી.

આ સાંભળીને વિષયવિલાસાનુરાગી રાજા પદ્મનાભના મનમાં દ્રૌપદીના પ્રતિ અનુરાગનો અંકુર અંકુરિત થઈ ગયો. તેણે તત્ક્ષણ પૂર્વ–સંગતિક દેવની આરાધના કરી. સ્મરણ કરતા જ દેવ પ્રગટ થયા. રાજાએ પોતાના મનોરથ પૂર્ણ કરવાની વાત તેમને કરી.

મહેલમાં સૂતેલી દ્રોપદીનું દેવે શય્યા સહિત અપહરણ કરી તેણીને પદ્મનાભના મહેલના ક્રીડોદ્યાનમાં લાવી મૂકી. ત્યાં રાજા પદ્મનાભે તેની પાસે પ્રેમ યાચના કરી, વૈભવ અને સુખ–સુવિધા વગેરેનું પ્રલોભન આપ્યું. નીતિકુશળ દ્રૌપદીએ વિચાર્યું–'આ સમયે આ પાપાત્મા કામાંધ થઈ રહ્યો છે. જો હું સાફ ઈન્કાર કરીશ તો વિવેકશૂન્ય હોવાથી કદાચ આ મારું શીલભંગ કરવા માટે ઉદ્ધત થઈ જશે. ' આમ, વિચારીને દ્રૌપદીએ પદ્મનાભને કહ્યું – 'રાજન ! આપ મને વિચારવા માટે છ મહિનાનો સમય આપો. એ પછી આપની જેવી ઈચ્છા હોય તેમ કરજો. તેણે વાત મંજુર રાખી. એ પછી દ્રૌપદી અનશન આદિ તપશ્ચર્યા કરતી સદા પંચપરમેષ્ઠીના ધ્યાનમાં લીન રહેવા લાગી.

પાંડવોની માતા કુંતી દ્રૌપદી હરણના સમાચાર લઈને હસ્તિનાપુરથી દ્વારિકા પહોંચી અને શ્રીકૃષ્ણને દ્રૌપદીની શોધ કરવા વિનંતી કરી. આ સમયે કલહપ્રિય નારદઋષિ પણ ત્યાં પહોંચી ગયા. શ્રીકૃષ્ણે તેમને પૂછ્યું– 'મુનિ ! આપની ગતિ સર્વત્ર અબાધિત છે. અઢીદ્વીપમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં આપનું ગમન ન થતું હોય. અતઃ આપે ક્યાંય દ્રૌપદીને જોઈ હોય તો કૃપા કરીને કહો.

નારદજી બોલ્યા–" જનાર્દન ! ઘાતકીખંડમાં અમરકંકા નામે રાજધાની છે. ત્યાંના રાજા પદ્મનાભના ક્રીડોદ્યાનના મહેલમાં મેં દ્રૌપદી જેવી એક સ્ત્રીને જોઈ હતી."

નારદજી દ્વારા દ્રૌપદીના ખબર મળતાં જ શ્રીકૃષ્ણજી પાંચેય પાંડવોને સાથે લઈને અમરકંકા તરફ રવાના થયા. રસ્તામાં લવણસમુદ્ર હતો. જેને પસાર કરવો તેમને માટે શક્ય ન હતો. ત્યારે શ્રીકૃષ્ણે ત્રણ ઉપવાસ કરીને લવણસમુદ્રના અધિષ્ઠાદાયક દેવની આરાધના કરી. દેવ પ્રસન્ન થઈ શ્રીકૃષ્ણની સામે ઉપસ્થિત થયા. શ્રીકૃષ્ણજીના કથનાનુસાર સમુદ્રમાં તેણે રસ્તો બનાવી દીધો. ફળ સ્વરૂપે શ્રીકૃષ્ણ અને પાંચે પાંડવો અમરકંકા નગરીમાં પહોંચ્યા અને એક ઉદ્યાનમાં રોકાઈને પોતાના સારથી દ્વારા પદ્મનાભને સૂચિત કર્યો.

પદ્મનાભ પોતાની સેના લઈને યુદ્ધ માટે આવી પહોંચ્યો. બંને વચ્ચેના તુમુલ યુદ્ધમાં પદ્મનાભે પાંડવોને પરાસ્ત કર્યા ત્યારે શ્રીકૃષ્ણ સ્વયં યુદ્ધના મેદાનમાં આવ્યા અને તેમણે પોતાનો પંચજન્ય શંખ વગાડયો. પંચજન્યનો ભીષણ નાદ સાંભળીને પદ્મનાભની ત્રીજા ભાગની સેના તો ભાગી ગઈ, એક તૃતીયાંશ સેનાને તેમણે સારંગ–ગાંડીવ ધનુષની પ્રત્યંચાની ટંકારથી મૂર્ચ્છિત કરી દીધી અને બાકીની સેના અને પદ્મનાભ પોતાના પ્રાણ બચાવવાને માટે દુર્ગમાં ઘુસી ગયા. શ્રીકૃષ્ણે નરસિંહનું રૂપ લીધું અને નગરીનું દ્વાર, કોટ અને અટારીઓને પોતાના પંજાના મારથી ભૂમિસાત કરી દીધાં, મોટા–મોટા વિશાળ ભવનો અને મહેલોના શિખર પાડી નાખ્યા. આખી નગરીમાં હાહાકાર થઈ ગયો, પદ્મનાભ રાજા ભયથી કાંપવા લાગ્યા અને શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારી આદર પૂર્વક દ્રૌપદી તેમને સોંપી. શ્રીકૃષ્ણે તેને ક્ષમા આપી અને અભયદાન આપ્યું.

ત્યાર પછી શ્રીકૃષ્ણ, દ્રૌપદી અને પાંચે ય પાંડવોને લઈને જયધ્વનિ તેમજ આનંદોલ્લાસની સાથે દ્વારકા પહોંચ્યા.

આ રીતે રાજા પદ્મનાભની કામવાસના–મૈથુન સંજ્ઞાને કારણે મહાભારતના સમયમાં દ્રોપદીને કારણે ભયંકર સંગ્રામ થયો.

## રુક્મણી :–

કુંડિનપુર નગરીના રાજા ભીષ્મના બે સંતાન હતા. એક પુત્ર અને એક પુત્રી. પુત્રનું નામ રુકમી હતું અને પુત્રીનું નામ રુક્મણી હતું.

એક દિવસ ફરતાં ફરતાં નારદજી દ્વારકા પહોંચ્યા અને શ્રીકૃષ્ણની રાજસભામાં પ્રવિષ્ટ થયા. શ્રીકૃષ્ણે તેમને પ્રણામ કરીને વિનય પૂર્વક આસન પર બેસાડ્યા. નારદજીએ કુશળ મંગળ પૂછીને શ્રીકૃષ્ણના અંતઃપુરમાં ગમન કર્યું. ત્યાં સત્યભામા પોતાના ગૃહકાર્યમાં વ્યસ્ત હતી. અતઃ તે નારદજીનું સ્વાગત કરી શકી નહીં. નારદજીને અપમાન લાગ્યું અને ગુસ્સામાં તેમણે પ્રતિજ્ઞા કરી કે– આ સત્યભામાની શોક લાવીને હું મારા અપમાનનો બદલો લઈશ.

તત્કાળ તે ત્યાંથી રવાના થયા અને કુંડિનપુરના રાજા ભીષ્મની સભામાં પહોંચ્યા. રાજા ભીષ્મ અને તેમના પુત્ર રુક્મીએ તેમનું સન્માન કર્યું. સભામાં થોડી વાત કરી નારદજી અંતઃપુરમાં પહોંચ્યા. રાણીઓએ તેમનો સવિનય સત્કાર કર્યો. રુક્મણીએ પણ તેમના ચરણોમાં પ્રણામ કર્યા. નારદજીએ તેને આશીર્વાદ આપ્યા– 'કૃષ્ણની પટરાણી થજો ! આ સાંભળી રુક્મણીના ફૈબાએ આશ્ચર્યથી પૂછયું– મુનિવર! આપે આને આ આશીર્વાદ કેવી રીતે આપ્યા ? અને કૃષ્ણ કોણ છે ? તેનામાં કયા–કયા ગુણ છે ? આ રીતે પૂછતા નારદજીએ શ્રીકૃષ્ણના વૈભવ અને ગુણોનું વર્ણન કરીને રુક્મણીના મનમાં કૃષ્ણ પ્રતિ અનુરાગ પેદા કર્યો. ત્યાર પછી નારદજીએ એક પટ ઉપર રુક્મણીનું સુંદર ચિત્ર બનાવ્યું અને શ્રીકૃષ્ણને બતાવ્યું. ચિત્ર એટલું જીવંત હતું કે શ્રીકૃષ્ણ તેને જોઈને જ ભાવવિભોર થઈ ગયા અને રુક્મણી પ્રતિ તેમને આકર્ષણ થયું. તેઓ પૂછવા લાગ્યા– નારદજી ! આ કોઈ દેવી છે, કિન્નરી છે કે માનુષી છે ? જો આ માનુષી છે તો જેને તેના કરસ્પર્શનો અધિકાર પ્રાપ્ત થશે તે પુરુષ ધન્ય છે.

નારદજી હસીને બોલ્યા– " કૃષ્ણ ! તે ધન્ય પુરુષ તો તમે જ છો." નારદજીએ રાજા ભીષ્મને સર્વ વૃતાંત કહ્યો. તદન્તર શ્રી કૃષ્ણે રાજા ભીષ્મ પાસે રુક્મણી માટે યાચના કરી રાજા ભીષ્મ તો સંમત થયા પરંતુ રુક્મીકુમાર સંમત ન થયો. તેણે ઈન્કાર કરી દીધો કે હું તો શિશુપાલને માટે મારી બહેનને દેવાનો સંકલ્પ કરી ચૂક્યો છું. રુક્મીએ શ્રીકૃષ્ણના નિવેદન ઉપર કોઈ ધ્યાન આપ્યું નહિ અને માતા–પિતાની અનુમતિની પણ પરવાહ કરી નહીં. તેણે સ્વચ્છંદ બુદ્ધિથી રાજકુમાર શિશુપાલની સાથે પોતાની બહેન રુક્મણીના વિવાહનો નિશ્ચય કરી લીધો. શિશુપાલ પણ મોટી જાન લઈને વિવાહને માટે કુંડિનપુર આવવા નીકળ્યો. કુંડિનપુર પહોંચી નગરની બહાર તે એક ઉદ્યાનમાં રોકાયો. રુક્મણી તો શ્રીકૃષ્ણને મનથી વરી ચૂકી હતી. તેથી પોતાના મનોભાવ શ્રીકૃષ્ણને જણાવ્યા કે રુક્મણીને માટે આ સમયે તમારા સિવાય કોઈ શરણ નથી. તે તમારા પ્રત્યે અનુરક્ત છે અને હંમેશાં તમારું જ ધ્યાન કરે છે. તેણે સંકલ્પ કરી લીધો છે કે કૃષ્ણ સિવાય સંસારના સર્વ પુરુષ મારા માટે પિતા અથવા તો ભાઈ સમાન છે. અતઃ તમે જ એકમાત્ર પ્રાણનાથ છો. જો તમે સમયસર આવવાની કૃપા નહીં કરો તો રુક્મણીને આ સંસારમાં જોશો નહીં અને એક નિરપરાધ અબળાની હત્યાનો અપરાધ આપના નિમિત્તે થશે. અતઃ આ સમાચાર મળતા જ પ્રસ્થાન કરીને નિશ્ચિત સમય પહેલા જ રુક્મણીને દર્શન આપો. આ રીતે પવનવેગી દૂત દ્વારા આ સમાચાર મળતાં જ શ્રીકૃષ્ણને હર્ષથી રોમાંચ થયો અને ક્રોધથી તેમની ભૂજાઓ ફરકી ઊઠી. તેઓ બલદેવને લઈને તરત જ કુંડિનપુર પહોંચ્યા. ત્યાં નગરની બહાર ગુપ્ત રૂપમાં તેઓ એક બગીચામાં રોકાયા. તેમણે પોતાના આવ્યાની અને સ્થાનની સૂચના ગુપ્તચર દ્વારા રુક્મણી અને તેની ફૈબાને આપી. તે બંને આ સૂચના મેળવી અતિ હર્ષિત થયા.

રુક્મણીના વિવાહમાં કોઈ વિઘ્ન પેદા ન થાય તે માટે રુકમી અને શિશુપાલે નગરના ચારે બાજુના દરવાજા ઉપર કડક પહેરો રાખ્યો હતો પરંતુ થવાનું કાંઈ બીજું જ હતું.

રુક્મણીના ફૈબા દ્વારા પૂર્વાયોજિત યોજનાનુસાર યોગ્ય સમયે પૂજાની સામગ્રીથી સુસજ્જિત થાળી લઈને મંગલગીત ગાતી રુક્મણી પોતાની સખીઓની સાથે મહેલમાંથી નીકળી. નગરના દ્વાર પર રાજા શિશુપાલના પહેરેદારોએ તેમને રોક્યા અને કહ્યું કે ઊભા રહો ! રાજાની આજ્ઞા છે કે કોઈને બહાર

જવા દેવાના નથી. રુક્મણીની સખીઓએ તેમને કહ્યું– અમારી સખી શિશુપાલની શુભકામનાને માટે કામદેવની પૂજા કરવા જઈ રહી છે. તમે આ મંગલકાર્યમાં શા માટે વિઘ્ન નાખો છો ? દ્વારરક્ષકોએ આ સાંભળીને ખુશીથી તેમને બહાર જવાની સંમતિ આપી અને તેઓ કામદેવના મંદિરમાં પહોંચ્યા.

પૂર્વ યોજનાનુસાર શ્રીકૃષ્ણ અને બલદેવ મંદિરમાં આવી ગયા હતા અને તેમણે રુક્મણીનો હાથ પકડીને તેને સુસજ્જિત રથમાં બેસાડી. રથ કુંડિનપુરની બહાર પહોંચતાં જ તેમણે પંચજન્ય શંખનો નાદ કર્યો, જેનાથી નાગરિક તેમજ સૈનિકો કાંપી ઊઠ્યા. શ્રીકૃષ્ણે જોરથી લલકારતા કહ્યું– " એ શિશુપાલ ! હું દ્વારકાધિપતિ કૃષ્ણ તારા આનંદનું કેન્દ્ર રુક્મણીને લઈ જઈ રહ્યો છું. જો તારામાં થોડુંય સામર્થ્ય હોયતો છોડાવી લે." આ લલકારને સાંભળી શિશુપાલ અને રુક્મીના કાન ઊભા થઈ ગયા. તે બંને ક્રોધાવેશમાં પોત–પોતાની સેના લઈને સંગ્રામ કરવાને માટે રણસંગ્રામમાં ઉપસ્થિત થયા. પરંતુ શ્રીકૃષ્ણ અને બળ દેવ બંને ભાઈઓએ આખી સેનાને થોડી જ વારમાં પરાસ્ત કરી દીધી. શિશુપાલને તેમણે જીવનદાન આપ્યું. શિશુપાલ હારીને શરમથી મોઢું નીચું કરીને પાછો ચાલ્યો ગયો. રુક્મીની સેના વેરવિખેર થઈ ગઈ. રુક્મણીની પ્રાર્થનાથી બંદીવાન બનાવેલ તેમના ભાઈ રુક્મીને મુક્ત કરી રુક્મણી સાથે તેઓ દ્વારકા પહોંચ્યા અને વિધિવત્ લગ્ન કર્યા.

## પદ્માવતી :–

ભારત વર્ષમાં અરિષ્ટ નામે નગર હતું. ત્યાં બળદેવના મામા હિરણ્યનાભ રાજા રાજ્ય કરતા હતા. તેના મોટા ભાઈનું નામ રૈવત હતુ. હિરણ્યનાભ રાજાને પદ્માવતી નામની એક કન્યા હતી અને તેના ભાઈને રૈવતી, રામા, સીમા અને બંધુમતિ નામની ચાર કન્યા હતી. ભાઈ રૈવત સંસારના પ્રપંચોથી મુક્ત થઈને પોતાના પિતાની સાથે પ્રભુ નેમનાથ પાસે દીક્ષિત થઈ ગયા હતા. સંયમ સ્વીકાર કરતાં પહેલા જ પોતાની ચારે પુત્રીઓના લગ્ન બલરામ સાથે કરવા તેવું તેમણે નિશ્ચિત કર્યું હતું.

આ બાજુ હિરણ્યનાભ રાજાએ પદ્માવતી માટે સ્વયંવર ગોઠવ્યો. તેમાં બલરામ, શ્રીકૃષ્ણ વગેરે દેશ–વિદેશના રાજાઓને આમંત્રિત કર્યા. સર્વ રાજાઓ અનેક આશા અને અરમાન સાથે આવી ગયા. દરેક રાજાઓ શૂરવીર અને યુદ્ધકુશળ હતા. પદ્માવતીએ સર્વનો પરિચય મેળવ્યો અને અંતે શ્રીકૃષ્ણના ગળામાં વરમાળા પહેરાવી. સર્વત્ર આનંદ સહ જય જયકાર વ્યાપી ગયો. કેટલાક સજ્જન રાજાઓ પદ્માવતીની પસંદગીની પ્રશંસા કરવા લાગ્યા પરંતુ સત્તાના મદમાં અંધ બનેલા કેટલાક રાજાઓ શ્રીકૃષ્ણની પુણ્યવાનીની ઈર્ષ્યા કરતા ઉશ્કેરાઈ ગયા અને શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કર્યું. થોડીવારમાં તો રણભૂમિમાં કોલાહલ અને હાહાકાર વ્યાપી ગયો. આ યુદ્ધમાં અનેક માનવો મૃત્યુના મુખમાં પહોંચી ગયા. શ્રીકૃષ્ણનો વિજય થયો. પદ્માવતીના લગ્ન શ્રીકૃષ્ણ સાથે અને રૈવતી આદિ ચારે બહેનોના લગ્ન બલરામ સાથે આનંદ પૂર્વક સંપન્ન થયા.

## તારા :–

કિષ્કિંધા નગરમાં વાનરવંશી વિદ્યાધર આદિત્ય રાજા રાજ્ય કરતા હતા. તેને બે પુત્રો હતા વાલી

અને સુગ્રીવ. સુગ્રીવની પત્નીનું નામ તારા હતું. તે અત્યંત રૂપવતી અને પતિવ્રતા હતી. એક દિવસ ખેચરાધિપતિ સાહસગતિ નામનો વિદ્યાધર તારાનું રૂપ–લાવણ્ય જોઈ તેના પર આસક્ત થઈ ગયો. તે તારાને મેળવવા માટે વિદ્યાના બળથી સુગ્રીવનું રૂપ બનાવીને તારાના મહેલમાં પહોંચ્યો. તારાએ અમુક ચિહ્નોથી જાણી લીધું કે મારા પતિનું બનાવટી રૂપ ધારણ કરીને આ કોઈ વિદ્યાધર આવ્યો છે. અતઃ આ વાત તેણે પોતાના પુત્રોને તથા જામ્બવાન આદિ મંત્રીઓને કરી. તે પણ બંન્ને સુગ્રીવને જોઈને આશ્ચર્યમાં પડી ગયા. તેમને અસલી અને નકલી સુગ્રીવની ઓળખ ન પડી તેથી તેમણે બંને સુગ્રીવને નગરીની બહાર કાઢી મૂકયા. બંને વચ્ચે ઘોર યુદ્ધ થયું, પરંતુ હારજીત કોઈની ન થઈ. નકલી સુગ્રીવ કોઈપણ રીતે હારતો નહોતો, દૂર જતો નહોતો. અસલી સુગ્રીવ વિદ્યાધરોના રાજા મહાબલી હનુમાનજી પાસે આવ્યો અને તેણે તેમને બધી વાત કરી. હનુમાનજી ત્યાં આવ્યા પરંતુ બંને સુગ્રીવમાં કોઈ જ ફેર ન જાણી શકતા કાંઈ પણ સમાધાન ન કરી શક્યા અને પોતાના નગરમાં પાછા આવ્યા.

અસલી સુગ્રીવ નિરાશ થઈને શ્રી રામચંદ્રજીના શરણમાં પહોંચ્યો. તેણે પોતાની દુઃખકથા સંભળાવી. શ્રીરામ અને લક્ષ્મણ તેની સાથે પ્રસ્થાન કરી કિષ્કિંધા આવ્યા.

તેમણે અસલી સુગ્રીવને પૂછ્યું– તે નકલી સુગ્રીવ ક્યાં છે ? તું તેને લલકાર અને તેની સાથે યુદ્ધ કર. અસલી સુગ્રીવ દ્વારા લલકારતા જ યુદ્ધરસિક નકલી સુગ્રીવ પણ રથ પર આરૂઢ થઈને લડાઈને માટે યુદ્ધના મેદાનમાં આવી પહોંચ્યો. બંને વચ્ચે ખૂંખાર યુદ્ધ થયું. રામ પણ અસલી કે નકલીનો નિર્ણય કરી શક્યા નહીં. નકલી સુગ્રીવથી અસલી સુગ્રીવ ખૂબ પરેશાન થઈ ગયો. તે નિરાશ થઈને પુનઃ શ્રીરામની પાસે આવીને કહેવા લાગ્યો– દેવ ! આપના હોવા છતાં મારી આવી દુર્દશા થઈ. આપ સ્વયં મને સહાયતા કરો. રામે તેને કહ્યું– "તું ભેદસૂચક એવું કોઈ ચિહ્ન ધારણ કરી લે અને તેનાથી પુનઃ યુદ્ધ કર. હું અવશ્ય તેને તેના કાર્યનું ફળ ચખાડીશ. "

અસલી સુગ્રીવે તેમ જ કર્યું. જ્યારે બન્ને વચ્ચે યુદ્ધ થઈ રહયું હતું ત્યારે શ્રીરામે નકલી સુગ્રીવને ઓળખીને બાણથી તેને વિંધીને તેનું કામ પૂર્ણ કર્યું. તેથી સુગ્રીવ પ્રસન્ન થઈને શ્રીરામ અને લક્ષ્મણને સ્વાગત પૂર્વક કિષ્કિંધા લઈ ગયો. ત્યાં તેમનો સત્કાર અને સન્માન કર્યું. સુગ્રીવ હવે પોતાની પત્ની તારાની સાથે આનંદથી રહેવા લાગ્યો.

આ રીતે રામ અને લક્ષ્મણની સહાયતાથી સુગ્રીવે તારાને પ્રાપ્ત કરી અને જીવનભર તેમનો ઉપકાર માનતો રહ્યો.

### કાંચના :–

કાંચનાને માટે પણ સંગ્રામ થયો હતો. પરંતુ તેની કથા અપ્રસિદ્ધ હોવાથી અહી તે આપવામાં આવી નથી. કોઈ ટીકાકાર મગધસમ્રાટ શ્રેણિકની ચેલણા રાણીને જ 'કાંચના' કહે છે. જે હોય તે, કાંચના પણ યુદ્ધની નિમિત્ત બની છે.

## રક્તસુભદ્રા :–

સુભદ્રા શ્રીકૃષ્ણની બહેન હતી. તે પાંડુપુત્ર અર્જુન પ્રતિ રક્ત–આસક્ત હતી. તેથી તેનું નામ "રક્તસુભદ્રા" પડી ગયું. એક દિવસ તે અત્યંત મુગ્ધ થઈને અર્જુનની પાસે ચાલી આવી. શ્રીકૃષ્ણને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેમણે સુભદ્રાને પાછી લાવવા માટે સેના મોકલી. સેનાને યુદ્ધ માટે આવતી જોઈને અર્જુન વિવેકમૂઢ થઈને વિચારવા લાગ્યો– શ્રીકૃષ્ણની સાથે યુદ્ધ કેમ કરું ? તેઓ મારા આત્મીયજન છે અને યુદ્ધ ન કરું તો સુભદ્રાની સાથે થયેલ પ્રેમબંધન તૂટી જશે. આ રીતે દ્વિધામાં પડેલ અર્જુનને સુભદ્રાએ ક્ષત્રિયોચિત કર્તવ્યના માટે પ્રોત્સાહિત કર્યો. અર્જુને પોતાનું ગાંડીવ ધનુષ ઉઠાવ્યું અને શ્રીકૃષ્ણની સેના સાથે યુદ્ધ માટે તૈયાર થઈ ગયો. અર્જુનના અમોઘ બાણોથી શ્રીકૃષ્ણની સેનામાં હાહાકાર મચી ગયો. અંતે અર્જુનનો વિજય થયો અને સુભદ્રાએ અર્જુનના ગળામાં વરમાળા પહેરાવી દીધી. બંને આનંદથી ગૃહસ્થજીવન વ્યતીત કરવા લાગ્યા. રક્તસુભદ્રાને પ્રાપ્ત કરવાને માટે અર્જુને શ્રીકૃષ્ણ જેવા આત્મીયજનના વિરુદ્ધમાં પણ યુદ્ધ કર્યું.

## અહિન્નિકા :–

અહિન્નિકાની કથા અપ્રસિદ્ધ હોવાથી તેના પર પ્રકાશ પાડવો અશક્ય છે. ઘણા લોકો અહિન્નિકાએ પદના બદલે "અહિલ્લિયાએ " માને છે. તેનો અર્થ થાય છે– અહિલ્યાને માટે થયેલો સંગ્રામ. જો આ અર્થ હોય તો વૈષ્ણવ રામાયણમાં ઉક્ત 'અહિલ્યા' ની કથા આ પ્રમાણે છે. અહિલ્યા ગૌતમઋષિની પત્ની હતી. તે સુંદર અને ધર્મપરાયણ સ્ત્રી હતી. ઈન્દ્ર તેનું રૂપ જોઈને મોહિત થઈ ગયા. એક દિવસ ગૌતમઋષિ બહાર ગયા હતા. ઈન્દ્રે તક ઓળખીને ગૌતમઋષિનું રૂપ બનાવ્યું અને છલપૂર્વક અહિલ્યાની પાસે પહોંચીને સંયોગની ઈચ્છા પ્રગટ કરી. નિર્દોષ અહિલ્યાએ પોતાનો પતિ જાણીને કોઈ આનાકાની ન કરી. ઈન્દ્ર અનાચાર સેવન કરી ચાલ્યો ગયો. જ્યારે ગૌતમઋષિ આવ્યા ત્યારે તેમને આ વૃતાંતની ખબર પડી. તેણે ઈન્દ્રને શ્રાપ આપ્યો કે– 'તારા શરીરમાં એક હજાર છિદ્ર થાય.' તેવું જ થયું. ત્યાર પછી ઈન્દ્રે ઋષિની વારંવાર સ્તુતિ કરી, તેના પ્રભાવે ઋષિએ તે ભાગોના સ્થાને એકહજાર નેત્ર બનાવ્યા. પરંતુ અહિલ્યા પત્થરની જેમ નિશ્ચેષ્ટ થઈને તપસ્યામા લીન થઈ ગઈ. તે એકજ જગ્યાએ ગુમસુમ થઈને પડી રહેતી. એકવાર શ્રી રામ વિચરણ કરતાં કરતાં આશ્રમની પાસેથી પસાર થયા તો તેમના ચરણોનો સ્પર્શ થતા જ તે જાગ્રત થઈ ઊભી થઈ. ઋષિએ પણ પ્રસન્ન થઈ તેને પુનઃ અપનાવી લીધી.

## સુવર્ણ ગુટિકા :–

સિન્ધુ–સૌવીર દેશમાં વિતભય નામે એક નગર હતું. ત્યાં ઉદયન રાજા રાજ્ય કરતા હતા. તેની મહારાણીનું નામ પદ્માવતી હતું. તેને દેવદત્તા નામે એક દાસી હતી. એકવાર દેશ દેશાંતરમાં ભ્રમણ કરતા એક પરદેશી યાત્રી તે નગરમાં આવી પહોંચ્યો. રાજાએ તેને મંદિરની પાસે ધર્મસ્થાનમાં ઉતાર્યો. કર્મના ઉદયે તે ત્યાં રોગગ્રસ્ત થઈ ગયો. રૂગ્ણાવસ્થામાં આ દાસીએ તેની ખૂબ સેવા કરી. તેના ફળ સ્વરૂપે યાત્રિકે પ્રસન્ન થઈને આ દાસીને સર્વ કામના પૂર્ણ કરવા માટે ૧૦૦ ગોળીઓ આપી અને તેની મહત્તા

સમજાવી તેમજ પ્રયોગ કરવાની વિધિ પણ બતાવી. પરંતુ સ્ત્રી જાતિ અને તેમાં પણ દાસી તેથી ગોળીના સદુપયોગની વાત ક્યાંથી સૂઝે ? દાસીએ વિચાર્યું કે એક ગોળી ખાઉં અને હું સ્વરૂપવાન બની જાઉં, ત્યારથી તે સુવર્ણગુટિકા તરીકે પ્રસિદ્ધ થઈ. એક દિવસ તેને વિચાર આવ્યો કે હું સ્વરૂપવાન તો બની પરંતુ પતિ વિનાનું સ્ત્રીનું રૂપ શું કામનું ? કોને પતિ બનાવું ? રાજાને તો પતિ બનાવાય નહીં કારણ કે તે વૃદ્ધ છે અને મારા માટે પિતાતુલ્ય છે. કોઈ નવયુવકને શોધવો જોઈએ. વિચારતાં વિચારતાં તેની દષ્ટિમાં ઉજ્જયિનીના રાજા ચંદ્રપ્રદ્યોત આવ્યા. તેણે મનમાં ચંદ્રપ્રદ્યોતનું ચિંતન કરીને બીજી ગોળી ગળી. ગોળીના અધિષ્ઠાતા દેવના પ્રભાવથી ઉજ્જયિની–નૃપ ચંદ્રપ્રદ્યોતને સ્વપ્નમાં દાસીના દર્શન થયા. ફળ સ્વરૂપે સુવર્ણગુટિકાને મળવા માટે તે આતુર થઈ ગયા. તે શીઘ્ર ગંધગજ નામના ઉત્તમ હાથી પર સવાર થઈને વીતભય નગરમાં પહોંચ્યા. સુવર્ણગુટિકા તો તેને મળવાને માટે પહેલેથી જ તૈયાર બેઠી હતી. ચંદ્રપ્રદ્યોતના કહેવાથી તે તેની સાથે નીકળી ગઈ.

પ્રાતઃકાળે રાજા ઉદાયન ઊઠયા અને નિત્ય–નિયમાનુસાર અશ્વશાળા આદિનું નિરીક્ષણ કરતા કરતા હસ્તિશાળામાં આવી પહોંચ્યા. ત્યાં બધા હાથીઓનો મદ સુકાયેલો જોઈને તે આશ્ચર્યમાં પડી ગયા. તપાસ કરતાં કરતાં રાજાને ગજરત્નના મૂત્રની ગંધ આવી ગઈ. રાજાએ તરત જ જાણી લીધું કે અહીં ગંધહસ્તી આવ્યો છે. તે ગંધથી જ હાથીઓનો મદ સુકાઈ ગયો છે. આવો ગંધહસ્તિ ચંદ્રપ્રદ્યોત સિવાય બીજા કોઈ પાસે નથી. તેમજ રાજાએ તે પણ સાંભળ્યું કે સુવર્ણગુટિકા દાસી પણ ગાયબ છે. અતઃ રાજાને ખાતરી થઈ ગઈ કે ચંદ્રપ્રદ્યોત રાજા જ દાસીને ભગાવી લઈ ગયો છે. રાજા ઉદાયને ક્રોધિત થઈને ઉજ્જયિનિ પર ચઢાઈ કરવાનો વિચાર કરી લીધો. પરંતુ મંત્રીઓએ સમજાવ્યું – "મહારાજ ! ચંદ્રપ્રદ્યોત કોઈ સાધારણ રાજા નથી. તે ઘણો બહાદુર અને તેજસ્વી છે. એક દાસીને માટે તેની શત્રુતા કરવી બુદ્ધિમત્તા નથી ! પરંતુ રાજા તેઓની વાતોમાં સંમત ન થયા અને ચઢાઈ કરવા માટે તૈયાર થઈ ગયા. રાજાએ કહ્યું–"અન્યાયી, અત્યાચારી અને ઉદંડને દંડ દેવો મારું કર્તવ્ય છે. અંતે નિશ્ચય થયો કે ' દસ મિત્ર રાજાઓને સૈન્ય સાથે લઈને ઉજ્જયિની પર ચઢાઈ કરવી. એમ જ થયું. પોત પોતાની સેના લઈને દસ રાજા ઉદાયન નૃપના દળમાં શામિલ થયા. અંતે મહારાજ ઉદાયને ઉજ્જયિની પર આક્રમણ કર્યું. ચંદ્રપ્રદ્યોત આ સમાચાર સાંભળીને વિશાળ સેના લઈને યુદ્ધ કરવા માટે મેદાનમાં આવી ગયા. બંને વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું. રાજા ચંદ્રપ્રદ્યોતનો ગંધહસ્તી તીવ્ર ગતિથી મંડલાકારે ફરતો હતો. તેના પ્રભાવે શત્રુસેનાના હાથીઓમાં દોડાદોડ થઈ ગઈ. ચારે બાજુ કોલાહલ અને કારમો કલ્પાંત હતો. ત્યાં ઉદાયને ગંધહસ્તીના પગમાં બાણ માર્યું, તે ઘાયલ થયો. હાથી ત્યાં જ ધરાશાયી થયો. તેની સાથે ચંદ્રપ્રદ્યોત પણ નીચે પડ્યો. શત્રુસેનાએ તેને જીવતો પકડી લીધો. રાજા ઉદાયને તેના લલાટ પર "દાસીપતિ" શબ્દ અંકિત કરી તેને છોડી દીધો. આ રીતે સુવર્ણગુટિકાને માટે પણ ઘોર સંગ્રામ થયો.

## રોહિણી :–

આરિષ્ટપુરમાં રૂધિર નામક રાજા રાજ્ય કરતા હતા, તેની રાણીનું નામ સુમિત્રા હતું. તેની એક પુત્રી હતી. તેનું નામ હતું  રોહિણી. રોહિણી અત્યંત રૂપવતી હતી.તેના સૌંદર્યની વાત સર્વત્ર ફેલાઈ ગઈ

હતી. તેથી અનેક રાજા–મહારાજાઓએ રૂધિર રાજા પાસે તેની યાચના કરી હતી. રાજા ખૂબ વિચારમાં પડી ગયા કે કન્યાના વિવાહ કોની સાથે કરવા ? અંતે તેણે રોહિણીના માટે યોગ્ય વરને શોધવા માટે સ્વયંવર રચવાનો નિર્ણય કર્યો. રોહિણી તો પહેલેથી જ વસુદેવજીના ગુણો પર મુગ્ધ હતી. વસુદેવજી પણ રોહિણીને ચાહતા હતા. વસુદેવજી તે દિવસોમાં ગુપ્તરૂપે દેશાટન કરી રહ્યા હતા. રાજા રૂધિર તરફથી જરાસંધ આદિ બધા રાજાઓને સ્વયંવરની આમંત્રણ પત્રિકા પહોંચી ગઈ હતી. જરાસંધ આદિ અનેક રાજા સ્વયંવરમાં ઉપસ્થિત થયા. વસુદેવજી પણ સ્વયંવરના સમાચાર મળતાં ત્યાં આવ્યા. વસુદેવજીએ જોયું કે આ મોટા–મોટા રાજાઓની પાસે બેસવાથી મારા મનોરથમાં વિઘ્ન પડશે. તેઓ મૃદંગ વગાડનારાની વચ્ચે તેવો જ વેશ બનાવીને બેઠા. વસુદેવજી મૃદંગ વગાડવામાં ઘણા નિપુણ હતા. તેઓ મૃદંગ વગાડવા લાગ્યા. નિયત સમયે સ્વયંવરનું કાર્ય પ્રારંભ થયું. જ્યોતિષી દ્વારા શુભ મુહૂર્તની સૂચના મળતા જ રૂધિરે રોહિણીનો સ્વયંવર મંડપમાં પ્રવેશ કરાવ્યો. રૂપ રૂપના અંબાર સમી રોહિણીએ પોતાની હંસગામિની ગતિ તેમજ નૂપુરના ઝંકારથી તમામ રાજાઓને આકર્ષિત કરી લીધા. સહુ એક નજરે તેને જોતા હતા. રોહિણી ધીરે, ધીરે પોતાની દાસીની પાછળ પાછળ ચાલી રહી હતી. બધા રાજાઓના ગુણો અને તેની વિશેષતાઓથી પરિચિત દાસી ક્રમશઃ પ્રત્યેક રાજાની પાસે જઈને તેમના નામ, દેશ, ઐશ્વર્ય, ગુણ અને વિશેષતાઓનું સ્પષ્ટ વર્ણન કરતી જતી હતી. આ રીતે દાસી દ્વારા સમુદ્રવિજય, જરાસંધ આદિ તમામ રાજાઓનો પરિચય મેળવ્યો. રોહીણીએ કોઈનો સ્વીકાર ન કર્યો. તે ક્રમશઃ આગળ વધતી હતી.તેને આગળ વધતી જોઈ વસુદેવજીએ હર્ષિત થઈ મૃદંગના સૂરમાં જ પોતાના મનોભાવ વ્યક્ત કર્યા.

રોહિણી મૃદંગવાદકના વેશમાં રહેલા વસુદેવના આશયને સમજીને અત્યંત પ્રસન્ન થઈ ગઈ. તુરત જ વસુદેવજી પાસે જઈને તેના ગળામાં વરમાળા પહેરાવી દીધી.

એક સાધારણ મૃદંગ વાદકના ગળામાં વરમાળા નાખતી જોઈને બધા રાજા, રાજકુમાર વિક્ષુબ્ધ થઈ ગયા. આખા સ્વયંવર મંડપમાં કોલાહલ થઈ ગયો. સહુ બૂમો પાડવા લાગ્યા. "અરેરે...! અનર્થ થઈ ગયો ! આ કન્યાએ કુળની રીતિ–નીતિ પર પાણી ફેરવી દીધું. તેણે આવા તેજસ્વી, સુંદર અને પરાક્રમી રાજકુમારોને છોડીને અને ન્યાય મર્યાદાને તોડીને એક નીચ વાદકના ગળામાં વરમાળા નાખી ! જો તેનો વાદકની સાથે અનુચિત સંબંધ અથવા ગુપ્ત પ્રેમ હતો તો રાજા રૂધિરે સ્વયંવર રચાવી ક્ષત્રિયકુમારોને આમંત્રિત કરવાનું નાટક કેમ કર્યું ? આ તો અમારું હળહળતું અપમાન છે." આ પ્રકારના અનેક આક્ષેપ –વિક્ષેપોથી તેઓએ રાજાને પરેશાન કરી દીધા. રાજા રૂધિર વિમૂઢ અને આશ્ચર્યચકિત થઈને વિચારવા લાગ્યા કે વિચારશીલ, નીતિનિપુણ અને પવિત્ર વિચારોવાળી હોવા છતાં પણ રોહિણીએ આ બધા રાજાઓને છોડીને એક નીચ વ્યક્તિનું વરણ કેમ કર્યું ? રોહિણી આવું અજ્ઞાન પૂર્ણ કૃત્ય ન કરી શકે. આ અનર્થ કેમ થયો ? પોતાના પિતાને ચિંતિત અવસ્થામાં જોઈને રોહિણીએ વિચાર્યું કે "હું લજ્જા છોડીને પિતાજીને તેમનો(પોતાના પતિનો) પરિચય કેવી રીતે આપું ?" વસુદેવજીએ પોતાની પ્રિયાના મનોભાવ જાણી લીધા. આ બાજુ જ્યારે બધા રાજા ક્રોધિત થઈને પોતાની સેના સહિત વસુદેવજી સાથે યુદ્ધ કરવાને માટે તૈયાર થઈ ગયા, ત્યારે વસુદેવજીએ બધાને યુદ્ધ માટે આહ્‌વાન આપ્યું.

" ક્ષત્રિયવીરો ! શું આપની વીરતા તેમાં છે કે આપ સ્વયંવર મર્યાદાનો ભંગ કરી અનીતિપથનું

અનુકરણ કરો ? સ્વયંવરના નિયમાનુસાર જ્યારે કન્યાએ પોતાના ઈચ્છિત વરનો સ્વીકાર કરી લીધો છે, ત્યારે આપ લોકો શા માટે બાધક બનો છો ? રાજા ન્યાય–નીતિના રક્ષક હોય છે, નાશક નહિ. આપ સહુ સુજ્ઞ અને શાણા છો, થોડામાં વધુ સમજો.

આ ન્યાયસંગત વાતને સાંભળી નીતિપરાયણ સજ્જન રાજાઓ તો તરત જ સમજી ગયા અને તેઓએ યુદ્ધમાંથી પોતાનો હાથ ખેંચી લીધો. તેઓ વિચારવા લાગ્યા કે આ વાતમાં અવશ્ય કોઈ રહસ્ય છે. આ પ્રકારની નિર્ભીક અને ગંભીર વાણી કોઈ સાધારણ વ્યક્તિની ન હોઈ શકે. પરંતુ દુર્જન અને દુરાગ્રહી રાજા પોતાના દુરાગ્રહ પર અટલ રહ્યા. જ્યારે વસુદેવજીએ જોયું કે હવે સામનીતિથી કામ સફળ થશે નહિ, આવા દુર્જન તો દંડનીતિ–દમનનીતિથી જ સમજશે, ત્યારે તેમણે કહ્યું, "જેમને વીરતાનું અભિમાન હોય તે આવી જાવ મેદાનમાં ! હમણાં બધાને મજા ચખાડી દઉં."

વસુદેવજીના વચનોથી દુર્જન રાજાઓ ઉશ્કેરાયા, ઉત્તેજિત થઈને શસ્ત્રપ્રહાર ચાલુ થઈ ગયા પરંતુ શૂરવીર, યુદ્ધવીર વસુદેવજીએ શત્રુ પક્ષના સમસ્ત શસ્ત્રોનો નાશ કરીને વિજય પ્રાપ્ત કર્યો.

રાજા રૂધિર પણ વસુદેવજીના પરાક્રમથી તથા તેમના વંશનો પરિચય મેળવી મુગ્ધ થઈ ગયા. હર્ષિત થઈને તેમણે વસુદેવજી સાથે રોહિણીના લગ્ન કરી દીધા. રોહિણીને સાથે લઈને વસુદેવજી પોતાના નગરમાં પાછા આવ્યા. તે વસુદેવ–રોહિણીનો પુત્ર બલરામ જ શ્રીકૃષ્ણના મોટાભાઈ હતા.

આ રીતે કિન્નરી, સુરૂપા અને વિદ્યુન્મતીને માટે પણ યુદ્ધ થયું. આ ત્રણે ય અપ્રસિદ્ધ છે. કેટલાય લોકો વિદ્યુન્મતીને એક દાસી કહે છે, જે કોણિક રાજા સાથે સંબંધિત હતી અને તેના માટે યુદ્ધ થયું હતું. આ રીતે કિન્નરી પણ ચિત્રસેન રાજા સાથે સંબંધિત મનાય છે, જેના માટે રાજા ચિત્રસેનની સાથે યુદ્ધ થયું હતું. જે હોય તે, સંસારમાં જ્ઞાત–અજ્ઞાત, પ્રસિદ્ધ–અપ્રસિદ્ધ, અગણિત મહિલાઓના નિમિતથી ભયંકર યુદ્ધ થયા છે.

❖❖❖❖❖

પરિશિષ્ટ–૩

# સૂત્રમાં આવેલી ગાથાઓ

१ इणमो अण्हय–संवर विणिच्छयं पवयणस्स णिस्संदं ।
वोच्छामि णिच्छयत्थं, सुभासियत्थं महेसीहिं ॥

२ पंचविहो पण्णत्तो, जिणेहिं इह अण्हओ अणाईओ ।
हिंसामोसमदत्तं, अब्बंभ परिग्गहं चेव ॥

३ जारिसमो जं णामा, जह य कओ जारिसं फलं देइ ।
जे वि य करेंति पावा पाणवहं तं णिसामेह ॥

४ एएहिं पंचहिं असंवरेहिं, रयमादिणित्तु अणुसमयं ।
चउविहगइ पेरंतं, अणुपरियट्टंति संसारे ॥

५ सव्वगइपक्खदे, काहिंति अणंतए अकयपुण्णा ।
जे य ण सुणंति धम्मं, सोऊण य जे पमायंति ॥

६ अणुसिट्ठं वि बहुविहं, मिच्छदिट्ठिया जे णरा अहम्मा ।
बद्धणिकाइय कम्मा, सुणंति धम्मं ण य करेंति ॥

७ किं सक्का काउं जे, णेच्छइ ओसहं मुहा पाउं ।
जिणवयणं गुणमहुरं, विरेयणं सव्वदुक्खाणं ॥

८ पंचेव य उज्झिऊणं, पंचेव य रक्खिऊणं भावेणं ।
कम्मरय–विप्पमुक्कं, सिद्धिवर–मणुत्तरं जंति ॥

९ जंबू एत्तो संवरदाराइं, पंच वोच्छामि आणुपुव्वीए ।
जह भणियाणि भगवया, सव्वदुक्ख विमोक्खणट्ठाए ॥

१० पढमं होइ अहिंसा बिइयं सच्चवयणं णि पण्णतं ।
दत्तमणुण्णाय संवरो य बंभचेर–मपरिग्गहत्तं च ॥

११ तत्थ पढमं अहिंसा, तस-थावर-सव्वभूय-खेमकरी ॥
तीसे सभावणाओ, किंचि वोच्छं गुणुद्देसं ॥

१२ पंच महव्वय सुव्वय मूलं, समणमणाइल साहु सुचिण्णं ।
वेर विरामण पज्जवसाणं, सव्वसमुद्द महोदहितित्थं ॥

१३ तित्थयरेहिं सुदेसियमग्गं, णरयतिरिच्छ विवज्जिय मग्गं ।
सव्वपवित्ति सुणिम्मिय सारं, सिद्धि विमाणं अवंगुयदारं ॥

१४ देव-णरिंद-णमंसियपूयं, सव्वजगुत्तम मंगल मग्गं ।
दुद्धरिसं गुणणायगमेक्कं, मोक्खपहस्स वडिंसग भूयं ॥

❖❖❖❖❖

## પરિશિષ્ટ–૪

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા


| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| અ | अइभओ | ૮ | | આહૃત | ૨૩૩ |
| | અકર્તૃવાદ–સાંખ્યમત | ૫૫ | ઈ | ઈશ્વરસૃષ્ટિ | ૫૩ |
| | અંકડુયક | ૧૫૯ | ઉ | ઉત્ક્ષિપ્ત ચરક | ૧૫૮ |
| | अणज्जओ | ૮ | | ઉપનિધિક | ૧૫૮ |
| | અદત્તાદાનના પ્રકાર | ૭૨ | | ઉપાધ્યાય | ૧૯૦ |
| | અદષ્ટલાભિક | ૧૫૮ | | ઉપશાંત જીવી | ૧૫૯ |
| | અન્નગ્લાયક | ૧૫૮ | | उव्वेयणओ | ૮ |
| | અનાત્મવાદ | ૫૦ | એ | એકાત્મવાદ | ૫૪ |
| | અનિસૃષ્ટ | ૨૨૩ | | એકાસનિક | ૧૫૯ |
| | અનિષ્ઠીવક | ૧૫૯ | | એક પાર્શ્વિક | ૧૫૯ |
| | અપ્રાવૃત્તિક | ૧૫૯ | ક | કબ્બડ–કર્બટ | ૮૩ |
| | અરસાહારી | ૧૫૯ | | કાયબલી | ૧૫૭ |
| | અસમાધિસ્થાન | ૨૨૦ | | કાલવાદ | ૫૭ |
| | અસંયમના ૧૭ પ્રકાર | ૨૧૯ | | ક્રિયા પાંચ | ૨૧૮ |
| | અક્ષીણમહાનસિક | ૧૫૮ | | ક્રિયા સ્થાન તેર | ૨૧૯ |
| | અંતચરક | ૧૫૮ | | કુલ | ૧૯૧ |
| | આ | આકર | | કોષ્ઠબુદ્ધિધારી | ૧૫૭ |
| ૮૩ | આચામ્લિક | ૧૫૮ | | कंकग्गहणी | ૧૨૦ |
| | આચાર્ય | ૧૯૦ | ખ | खुद्दो | ૭ |
| | આચારસ્તેન | ૧૮૯ | | ખેટ–ખેડ | ૮૩ |
| | આચ્છેદ્ય | ૨૩૩ | | खंडरक्ख | ૭૬ |
| | अणारिओ | ૭ | ગ | ગણ | ૧૯૧ |
| | આતાપક | ૧૫૯ | | ગ્રામ | ૮૩ |
| | આમર્ષોષધિ લબ્ધિધારક | ૧૫૭ | ચ | ચક્રવર્તીની ઋદ્ધિ | ૧૧૦ |
| | આશ્રમ | ૮૩ | | ચારણ | ૧૫૮ |
| | આશ્રવ | ૫ | | ચારિત્રબલી | ૧૫૮ |
| | આશાતના | ૨૨૭ | | ચોરીના પ્રકાર | ૯૦ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | चंडो | ૭ | | પર્યવજાત | ૨૩૩ |
| જ | જનપદ | ૮૩ | | પર્યાપ્ત | ૨૫ |
| | જલ્લૌષધિ લબ્ધિ ધારક | ૧૫૭ | | પામિત્ય | ૨૩૩ |
| ણ | णिक्कलुणो | ૮ | | पावो | ૭ |
| | णिग्घिणो | ૭ | | પુરિમાર્ધિક | ૧૫૮ |
| | णिद्धम्मो | ૮ | | પુરુષાર્થવાદ | ૫૭ |
| | णिप्पिवासो | ૮ | | પૃષ્ટલાભિક | ૧૫૮ |
| | णिरयवासगमणणिघणो | ૮ | | પ્રકલ્પ | ૨૨૫ |
| | णिरवयक्खो | ૮ | | પ્રકીર્ણક | ૨૩૩ |
| | णिस्संसो | ૭ | | પ્રજાપતિસૃષ્ટિ | ૫૩ |
| ત | તજ્જાતસંસૃષ્ટકલ્પિક | ૧૫૮ | | પ્રતિમાસ્થાયિક | ૧૫૯ |
| | તપસ્વી | ૧૯૦ | | પ્રવચન | ૧૬૨ |
| | તપઃસ્તેન | ૧૮૮ | | પ્રાદુષ્કરણ | ૨૩૩ |
| | તિર્યંચગતિ | ૨૫ | | પ્રાભૃત | ૨૩૩ |
| દ | દ્રોણમુખ | ૮૩ | | પ્રાંતચરક | ૧૫૮ |
| ન | નગર | ૮૩ | ફ | ફાસિયં પાલિયં આદિ | ૧૬૮ |
| | નરકગતિ | ૨૫ | બ | બર્બર | ૨૪ |
| | નરકભૂમિ – ક્ષેત્રવેદના | ૨૭ | | બીજબુદ્ધિધારક | ૧૫૩ |
| | નિગમ | ૮૩ | | बीहणओ | ૮ |
| | નિત્યકર્મ | ૨૩૩ | | બૌદ્ધવાદ–સ્કંધવાદ | ૫૧ |
| | નિયતિવાદ | ૫૭ | | બ્રહ્મચર્યની ગુપ્તિ નવ | ૨૧૮ |
| | નિર્વિકૃતિક | ૧૫૯ | ભ | ભોગભૂમિ | ૧૨૦ |
| | નિક્ષિપ્તચરક | ૧૫૮ | મ | મદ આઠ | ૨૧૮ |
| પ | **पइभओ** | ૮ | | મધુરાશ્રવી | ૧૫૮ |
| | પત્તન | ૮૩ | | મનોબલી | ૧૫૭ |
| | પદાનુસારી બુદ્ધિ ધારક | ૧૫૭ | | **मरण वेमणस्स** | ૮ |
| | પરમાધામી દેવો | ૨૧૯ | | **महब्भओ** | ૮ |
| | પરિમિતપિંડપાતિક | ૧૫૯ | | મિશ્ર જાત | ૨૩૩ |
| | પરિગ્રહ | ૨૨૯ | | **मोहमहब्भयपयट्टओ** | ૮ |
| | પરીષહ | ૨૨૧ | | મોહનીય સ્થાન | ૨૨૨ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | મૌખર્ય | ૨૩૩ | | શ્લેષ્મૌષધિલબ્ધિધારક | ૧૫૭ |
| | મૌન ચરક | ૧૫૮ | | શૈક્ષ | ૧૯૧ |
| | મ્રક્ષિત | ૨૩૩ | | શ્રમણ ધર્મ | ૨૧૮ |
| | મંડબ | ૮૩ | સ | સત્ય ભાષાના ૧૦ પ્રકાર | ૧૭૬ |
| ય | યદચ્છાવાદ | ૫૬ | | સ્થવિર | ૧૯૦ |
| | યમપુરુષ (પરમાધામી દેવો) | ૨૭ | | સનખ પદ | ૨૪ |
| | યવન | ૨૪ | | સબલ દોષ | ૨૨૧ |
| | યોગસંગ્રહ | ૨૨૫ | | સમુદાનચરક | ૧૫૮ |
| ર | રુપ:સ્તેન | ૧૮૯ | | સપિરાશ્રવી | ૧૫૮ |
| | રુક્ષ ચરક | ૧૫૮ | | સર્વૌષધિ લબ્ધિધારક | ૧૫૭ |
| લ | લગંડ શાયિક | ૧૫૯ | | સ્વભાવવાદ | ૫૭ |
| વ | વચનબલી | ૧૫૭ | | સ્થાનોત્કુટક | ૧૫૯ |
| | વચનના સોળ પ્રકાર | ૧૭૭ | | સાધર્મિક | ૧૭૧ |
| | વચ:સ્તેન | ૧૮૭ | | સાધુના ૨૭ ગુણ | ૨૨૨ |
| | વાસુદેવ–બલદેવની ઋદ્ધિ | ૧૧૫ | | साहसिओ | ૭ |
| | વિધિવાદ | ૫૭ | | સિદ્ધાદિ ગુણ | ૨૨૫ |
| | વિદ્યાઘર | ૧૫૮ | | સ્ત્રીઓની ૬૪ કળા | ૧૪૦ |
| | વિપ્રુડૌષધિલબ્ધિારક | ૧૫૭ | | સંખ્યાદત્તિક | ૧૫૮ |
| | વિરસાહારી | ૧૫૯ | | સંઘ | ૧૯૧ |
| | વીરાસનિક | ૧૫૯ | | સંભિન્ન શ્રોત લબ્ધિ ધારક | ૧૫૭ |
| શ | શક | ૨૪ | | સંવર | ૧૪૭ |
| | શબર | ૨૪ | | સંસૃષ્ટ કલ્પિક | ૧૫૮ |
| | શાકાહારી નિર્જીવ ઈંડા | ૧૭ | | સાંખ્યમત | ૫૫ |
| | શુદ્ધૈષણિક | ૧૫૮ | ક્ષ | ક્ષીરાશ્રવી | ૧૫૮ |
| | શૂન્યવાદ | ૫૦ | જ્ઞ | જ્ઞાનબલી | ૧૫૭ |

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

**માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા**
**માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે**
**સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી**
**શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી**
**શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી**

## શ્રુતાધાર

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org